વર્ષ ૧ લું. સસ્તી વાર્તામાળા. પુસ્તક ૪-૫.

રાજપૂત કથાકુંજ.

(ન્હાની ઐતિહાસિક વાર્તાઓ.)

પ્રથમ આવૃત્તિ આશ્વિન

પ્રત ૨૬૦૦. કાર્તિક.

સન ૧૯૧૩. સંવત ૧૯૭૦.

લેખક અને પ્રકાશક,

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

વ્યવસ્થાપક—ભારતરત્ન અને સસ્તી વાર્તામાળા.

મુંબઈ નં. ૧૩.

કાચું પૂઠું. ૦-૬-૦ પાકું પૂઠું. ૦-૯-૦

વર્ષ ૧ લું. સસ્તી વાર્તામાળા. પુસ્તક ૪-૫.

રાજપૂત કથાકુંજ.

(ન્હાની ઐતિહાસિક વાર્તાઓ.)

પ્રથમ આવૃત્તિ
પ્રત ૨૧૦૦.
સને ૧૯૧૩.

આશ્વિન
કાર્તિક.
સંવત ૧૯૭૦.

લેખક અને પ્રકાશક,
ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.
વ્યવસ્થાપક-ભારતજીવન અને સસ્તી વાર્તામાળા.
મુંબાઈ નં. ૧૩.

કાચું પૂઠું. ૦-૬-૦ પાકું પૂઠું. ૦-૯-૦

जन्मभूमि पूजन.

(षट् पद.)

हे विश्वेश्वरि देवि सेवि-जन-सुख संचारिणि !
हे सर्वेश्वरि स्वर्ग जननि भय ताप निवारिणि !
हे मातः ! हे **जन्मभूमि** ! हे श्रम भय नाशिनि !
हे बहु विध-कल्याण दायिनि ! प्रीति विकाशिनि !
हे **जननि** ! स्वर्ग अपवर्गदे ! हे करुणा वरुणालये !
हे सर्व लोकवन्द्ये ! शुभे ! हे जगधात्रि ! निरामये ॥१॥

हे **भगवति** ! श्रम-भीति-हरणि भव्यता प्रदायिनि !
हे शरणागत-दया-परे हे मां अनपायिनि !
हे सर्वज्ञे शान्ति-युते हे दुष्ट-विदारिणि !
हे सज्जन-हित रते ! प्रचुर-पाखण्ड निवारिणि !
हे सुभगे सुखदे शक्ति दे जयप्रदे ! सर्वकाले !
द्रय करावलम्बन **अम्ब** जाड्य-जटिल दुःख जाले ! **ल. सिंह.**

અમદાવાદ.
ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં પરિખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

પ્રકાશકની પ્રસ્તાવના.

"There is not a petty state in Rajasthan, that has not had its Thermopyloe, and scarcely a city that has not produce its Leonidas." *Tod's Rajasthan.*

"રાજસ્થાનમાં એવું એક પણ ન્હાનું રાજ્ય નથી કે જેમાં "થરમોપીલી" ન હોય અને ભાગ્યેજ કોઈ શહેર એવું હશે કે જેમાં "લીઓનિડાસ" જેવો (દેશભક્ત વીર) પુરૂષ પાક્યો (નિવડ્યો) નહિ હોય." (ટૉડરાજસ્થાન.)

ભારતવર્ષ, એ વીરપ્રસૂ પ્રદેશ છે. જે સમયે મુનિવ્રત ધારણ કરનારા ઋષિયો, પંચનદ પ્રદેશમાં સામગાન કરતા હતા તે સમયથીજ આર્યોની વીરતા જગપ્રસિદ્ધ છે. પરંતુ વર્તમાન કાળમાં, રાજસ્થાનમાં થઇ ગયેલા અનેક વીર પુરૂષોનાં શુરત્વ, વીરત્વ, મહત્વ અને સ્વદેશ પ્રેમનાં અને વીર નારીઓનાં સતીત્વ, વીરત્વ, દેશ પ્રેમ અને ધર્મભાવનાં કથાનક અતિ પ્રશંસનીય ગણવામાં આવે છે. મહાત્મા કર્નલ ટૉડે આ દેશમાં આવી રાજસ્થાનમાં ત્રીશ વર્ષ નોકરી કરવા સાથે તેણે ભારતવર્ષ ઉપર જે મહદ્ ઉપકાર કર્યો છે તે એજ છે કે તે મહાપુરૂષે શોધખોળ કરીને પણ રાજસ્થાનનો ઇતિહાસ લખ્યો છે. મહામતિ અંગ્રેજો કેટલા ખંતિ અને બુદ્ધિમાન છે તે આ ઉપરથી જણાશે. એ ઇતિહાસ માટે ટૉડ સાહેબને જેટલો ધન્યવાદ આપીએ અને તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે. તેમને પ્રતાપેજ આજે આપણે રાજસ્થાનના વીર, ઉદાર અને ધર્મપ્રાણ નર નારીઓનાં જીવનવ્રત વાંચી ભારતવર્ષનું ભૂતકાળનું ગૌરવ જાણવા સાથે અનેક શિક્ષા મેળવીએ છીએ. આપણા માન અકરામના ભૂખ્યા પદવિધરો જે કરી શકયા નથી (અને ભવિષ્યમાં પણ કરશે કે નહિ તે માટે શંકાજ છે!) તેવી પ્રચંડ સાહિત્ય-સેવા દેશબંધુ ટૉડ સાહેબે કરી છે! અમે એમને અમારા સાચા ભારત-

હિતૈષી માનીએ છીએ. મુસલમાન અને હિંદુ જાતિમાં વૈમનસ્ય ઉત્પન્ન થવાને પરિણામે આપણે-વિધાતાના શુભ સંકેતથી-એક ત્રીજી મહાન જાતિ, અંગ્રેજ બહાદુરોના સંસર્ગમાં આવ્યા છીએ ત્યારથી આપણને જે કેટલાક લાભ થયા છે તેમાં કેળવણી મેળવવાનો અને અનેક નવીન વિષયો જાણવાનો મહદ્ લાભ થયો છે, તે સાથેજ આપણે તેમના કેટલાક મહાન ગુણો પણ શિખ્યા છીએ. અંગ્રેજો વીર-પૂજા (Hero worship) કરી જાણે છે. તેઓ જાતિ કરતાં કર્મનેજ ચ્હાય છે અને તેઓ કર્મવીર વ્યક્તિનેજ પૂજા કરે છે પછી તે ગમે તે હોય! પાછલાં કેટલાંક વર્ષથી આપણામાં અનેક સદ્‌ગુણ દબાઇ ગયા છે ને તેમાંનો એ મહાન ગુણ તેમનેજ પ્રતાપે આપણામાં પુનઃ પ્રફુલ્લિત થયો છે. આપણે વીર-પૂજા કરતાં શિખ્યા છીએ એ પણ તેમનોજ ઉપકાર! રાજસ્થાનના ઇતિહાસમાં એવાં અનેક પૂજનીય વીર નર-નારીનાં ચરિત્રો જોવામાં આવે છે. તેમાં સ્વાર્થ ત્યાગ, આત્મ ત્યાગ અને દેશપ્રેમનાં અનુપમ દ્રષ્ટાંતો વાંચતાં વાંચતાં આપણું હૃદય હર્ષમાં લીન થઇ જાય છે! એમાંનાંજ કેટલાંક મૂળ કથાનકો ઉપરથી પ્રસ્તુત પુસ્તક **"રાજપૂત કથા કુંજ"** નો જન્મ થયો છે. એ કુંજમાં વિહાર કરતાં વાચકવૃંદને જે કંઇ આનંદ પ્રાપ્ત થાય તેને માટે તેમણે મહાત્મા ટૉડની અને તેના પરથી લખનાર જૂદા જૂદા લેખકોનીજ પ્રશંસા કરવી જોઇએ.

"સસ્તી વાર્તામાળા" ના ગ્રાહક બંધુઓના કર કમળમાં, ચાલુ વર્ષના દ્વિતીય પુસ્તક તરીકે "રાજપૂત કથા કુંજ" સમર્પણ કરતાં આનંદ થાય છે. પ્રસ્તુત પુસ્તકમાં રાજપૂતોને લગતી દશ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. એમાંની વાર્તાઓ અંગ્રેજી, બંગાલી, હિંદી અને મરાઠી લેખોને આધારે વધારા સુધારા સાથે લખી છે. આવી ઐતિહાસિક વાર્તાઓનું પુસ્તક **"સસ્તી વાર્તામાળા"** નાં ગ્રાહકોને દર વર્ષે આપવાની ઇચ્છા છે. એ ઇચ્છા પરિપૂર્ણ કરવાનું કાર્ય તે મહાન પ્રભુના હાથમાં છે. આ પુસ્તક વાંચવાથી વાચકોને જો કંઇ આનંદ જણાશે તો ભવિષ્યમાં એવી વાર્તાઓનાં છૂટાં પુસ્તકો બહાર પાડવાની પણ યોજના થશે.

જે જે પત્રોએ "સસ્તી વાર્તામાળા" સંબંધી અભિપ્રાય પ્રકટ કર્યા

છે તેમનો પણ અત્ર આભારજ માનવામાં આવે છે. પણ તેમ કરતાં સસ્તા સાહિત્ય વર્ધક કાર્યાલયે એક બે બાબતો સંબંધી જે ઉદ્‌ગારો કહાડયા છે તે માટે અમે તો તેનો આભારજ માનીશું. ગુણાન્વેષી મનુષ્યો ભ્રમર પેઠે સર્વત્ર મધુનેજ ઇચ્છનારા હોય છે. પ્રભુ અમને મિથ્યાભિમાન, ક્રોધ, ઈર્ષા અને લોભ જેવા દુર્ગુણોથી મુક્ત રાખે. આ સંબંધી વિશેષ વિવેચન હાલ તો ભવિષ્યના હાથમાં સોંપતાં કહેવું પડે છે કેઃ कुग्राम वासो कुलहिन सेवा !

"સસ્તી વાર્તામાળા" પ્રકટ થયા પછી અમારા જૂદા જૂદા સ્નેહી, સંબંધીજનો ઉપરાંત કેટલાક નિઃસ્વાર્થ સાહિત્ય–સેવક બંધુઓએ ગ્રાહકો વધારવામાં અમને સારી મદદ કરી છે તેમનો આ સ્થળે અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. હવે પછીના પુસ્તકમાં તે સર્વ બંધુઓનાં નામ પ્રકટ કરવામાં આવશે. અમે પ્રત્યેક ગ્રાહક બંધુને પુનઃ વિનતિ કરીએ છીએ કે તેઓએ ગ્રાહકો વધારવામાં અમને બનતી મદદ કરવી.

દિવાળીના દિવસોમાં છાપખાનામાં વિશેષ કામ હોવાથી પ્રસ્તુત પુસ્તક પ્રસિદ્ધ કરવામાં સહજ ઢીલ થઇ છે, જે માટે ગ્રાહક બંધુઓ ક્ષમા કરશે. હવે પછીનું પુસ્તક વખતસર મળે એવો બંદોબસ્તક થાય છે. ચાલુ વર્ષમાં આપવા નક્કી કરેલાં પુસ્તકો ચાલુ વર્ષમાં અવશ્ય આપવામાં આવશે.

વાર્તામાળાની શરૂવાત અસાડ સુદ પૂર્ણિમાથી ગણતાં આસો સુદ પૂર્ણિમાએ ત્રણ મહિના થાય છે, અને માગસર સુદ પૂર્ણિમાએ પાંચ માસ થાય છે એ ગણત્રિ પણ ગ્રાહકબંધુઓએ લક્ષમાં રાખવી જોઇએ.

પુસ્તકો આપવાના ક્રમમાં સકારણ ફેરફાર કરવાની જરૂર પડી છે તે ગ્રાહક બંધુઓ દરગુજર કરશે. ચાલુ વર્ષમાં હજુ **એકાદ નવીન પુસ્તક** આપવાની અમારી ઇચ્છા છે, પણ તેનો આધાર ગ્રાહક બંધુઓ તરફથી મળતા ઉત્તેજન પર છે. આશા છે કે ગ્રાહક બંધુઓ અમારી પ્રાર્થના ઉપર લક્ષ આપશે.

અમદાવાદ.
દેવદિવાળી. વિક્રમાર્ક
૧૯૭૦.

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

ગ્રાહકોને સૂચના.

૧. "સસ્તી વાર્તામાળા" નાં ગ્રાહકોને કાચા પૂઠાંનું વાર્ષિક લવાજમ રૂ. બે અને પાકા પૂઠાંનું રૂ. ત્રણ (પોસ્ટેજ સુદ્ધાં) વી. પી. ખર્ચ ૦-૧-૦ વધુ. હિંદુસ્થાનનાં ગ્રાહકોએ મનીઑર્ડર મોકલવો નહિ પણ વી. પી. થી પુસ્તકો મંગાવવાં.

૨. **આફ્રિકાના ગ્રાહકોએ** કાચા પૂઠાના રૂ. ૩-૦-૦ તથા પાકા પૂઠાના રૂ. ૪-૦-૦ (પુસ્તકો રજીષ્ટર્ડ કરીને મોકલવાના ૦-૪-૦ વધુ લેવામાં આવે છે જેથી પુસ્તકો ગેરવલ્લે જાય નહિ.) અત્યાર અગાઉ થયેલાં ગ્રાહકોએ રજીષ્ટર્ડ ચાર્જની ૦-૪-૦ ની ટીકીટો મોકલવી. દરેક ગ્રાહકે પત્રમાં નામ, ઠામ, ઠેકાણું, પોષ્ટ, જીલ્લો વગેરે સ્પષ્ટ અક્ષરે લખવું.

૩. **વાર્તામાળાના** બીજા પુસ્તક તરીકે **રાજપૂત કથા કુંજ** આપવામાં આવ્યું છે. હવે પછીનું પુસ્તક **બાપારાવ** માહા સુદમાં પોષ્ટ થશે. પુસ્તકો આપવાના અનુક્રમમાં યોગ્ય જણાયેથી ફેરફાર થશે. પરંતુ નક્કી કરેલાં પુસ્તકો ચાલુ વર્ષમાંજ મળશે.

૪. હવે પછીનાં પુસ્તકો વખતસર મળે એવી યોજના રાખી છે. અમારા આ નવા કાર્યમાં જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ તેમ દરેક સગવડ કરી શકાશે.

૫. સસ્તી વાર્તામાળાનાં મુંબઈનાં ગ્રાહક થવા માટે અને છૂટક પુસ્તકો મેળવવા માટે ઇચ્છા હોય તેમણે **મેસર્સ એન. એમ. ત્રિપાઠી અને કું.** બુકસેલર્સ-કાલબાદેવીરોડ મુંબઇ. એ ઠેકાણેથી પણ મંગાવવાં. પ્રમાદધનની પ્રભૂતાની કાચા પૂઠા માટે કિંમ્મત ૦-૮-૦ અને પાકા પૂઠા માટે ૦-૧૨-૦ છે.

૬. ઠેકાણું બદલાતાં તરતજ ગ્રાહકોએ અમને ખબર આપવી. પત્ર વ્યવહાર કરતી વખતે રિપ્લાઈ કાર્ડ અથવા અર્ધા આનાની ટીકીટ બીડવા ભૂલવું નહિ. સર્વ પત્ર વ્યવહાર મેનેજરને સરનામે ચલાવવો.

મેનેજર.

સસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણાં.

૧. મુંબાઇ—મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કું. બુકસેલર્સ કાલબા-
દેવીરોડ-પ્રિન્સેસ સ્ટ્રીટ.

૨. „ શા. મેઘજી હીરજીની કું. જૈન બુકસેલર્સ-પાયધુની. ટ્રામ
જંકસન પાસે નં. ૫૬૬.

૩. „ રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઇ. પરેલ.

૪. સુરત—શા. રંગીલદાસ કાસીદાસ જનરલ મરચંટ-બરાનપુરી
ભાગોળ.

૫. ભરૂચ—રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઈ વિમા કંપનીના
એજન્ટ-હાજીખાનું બજાર.

૬. અમદાવાદ—ડી. રૉય અને કું. ગુજરાતના એજંટ-ઠે. ખાડીયા
નાના સુતારવાડાની પોળ.

„ મેસર્સ અનુભાઈ ભૂરાભાઇ ઠાકોરની કું. રીડ રોડ.

૭. નડીઆદ—રા. રા. મણીલાલ લલ્લુભાઇ દેસાઈ.

પ્રત્યેક શહેરમાં "સસ્તી વાર્તામાળા"નો પ્રસાર કરવા માટે એ-
જંટોની જરૂર છે. જેઓની ઈચ્છા હોય તેમણે કમિશન વગેરે માટે વ્યવ-
સ્થાપક સાથે પત્ર વ્યવહાર ચલાવવો.

બદલામાં આવતાં વર્તમાનપત્રો, માસિક પત્રો તથા અભિપ્રાય માટેનાં
પુસ્તકો અને બીજો સર્વ પત્ર વ્યવહાર, મનીઑર્ડર તથા પોષ્ટલ ચૅકો વગેરે
સર્વ મેનેજરને સરનામેજ મોકલવું.

ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા.

મેનેજર-ભારતજીવન અને સસ્તી વાર્તામાળા-મુંબાઇ. નં. ૧૩.

અનુક્રમણિકા.

ઉપકાર.

"સસ્તી વાર્તામાળા" ની શરૂઆત કરવામાં આવી ત્યારથી ઘણા સજ્જન બંધુઓએ તેનાં ગ્રાહક વધારી અમને મદદ કરી છે જેઓનો આ તકે અંતઃકરણપૂર્વક ઉપકાર માનવામાં આવે છે. સ્થળ સંકોચને લીધે તેમનાં નામ હવે પછીના પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. એ સજ્જન ગૃહસ્થોનું અનુકરણ કરી, સાહિત્યનો પ્રસાર કરવાના અમારા પવિત્ર કાર્યમાં અન્ય વાચક બંધુઓને પણ અમારી પ્રાર્થના છે કે તેઓએ પોતાથી બનતી મદદ કરવી. તેઓ જો પોતાના મિત્ર અને બંધુ વર્ગને સસ્તી વાર્તામાળાની યોજના સમજાવશે તો અમારી ખાત્રી છે કે તેઓ સહેલાઇથી ૨૫–૫૦ ગ્રાહકો કરી તેઓને ઉત્તમ વાંચન મેળવી આપવાનું પુણ્ય પ્રાપ્ત કરશે. પ્રત્યેક ગ્રાહક બંધુએ થોડો પરિશ્રમ લઇ પોતાના અન્ય બંધુઓને વાર્તામાળાના ગ્રાહક કરવા ચૂકવું નહિ.

राजपूत कथा कुंज.

आत्मदान १.

દિલ્હીના કિલ્લામાં, એક વિશાળ સમચતુષ્કોણુ ચૉકમાં, નાના પ્રકારની રમત ગમત કરનારાં પશુ એકઠાં કરવામાં આવ્યાં છે. એક ઠેકાણે કેટલાક હાથી, અહંકારપૂર્વક પોતાની સુંઢ હલાવી રહ્યા છે. બીજે ઠેકાણે મ્હોટા વાઘ અને ચિત્તાઓ પિંજરામાં ઉભા ઉભા મ્હોં ફાડી જોનારા તરફ ક્રૂર દ્રષ્ટિ નાંખી રહ્યા છે. કોઇક ઠેકાણે કાબરચિત્રાં હરણુ પોતાની પ્હોળી આંખો આમ તેમ ફેરવી રહ્યાં છે. જોનાર મનુષ્યો, ઉત્સુક ચિત્તે, આ સર્વ પ્રકારનાં વિચિત્ર પશુઓને જોઈ રહ્યાં છે. કોઇ હાથીનો સુંદર શણગાર જોઇને આનંદ પામે છે. કોઇ એકી નજરે વાઘનાં પ્હોળ મ્હોડાંને અને રાતાં વિકાળ નેત્રોને જોઈ ભય પામે છે. કોઇ હરણોની સુંદરતા જોઇને મોહ પામે છે. તેઓ આ બધાં પશુઓ જુવે છે ખરાં છતાં તેમને સંતોષ વળતો નથી. હજુ પણ જાણે તેઓ કાંઇક વિશેષ આકાંક્ષા રાખે છે. કેટલી વાર પછી તે આકાંક્ષા પુરી થશે તેને માટે ઉત્કંઠિત થઈ રહ્યાં હતાં. તેઓ હમેશાં આ બધાં પશુઓની રમતગમત જોતાં હતાં પરંતુ આજે કોણ જાણે એક તમાશો જોવાને ઘણાં આતુર થઇ રહ્યાં છે. આજે જે રમત થવાની છે તેને વિલંબ થવાથી, સર્વ જોનારાંઓ, પશુઓ તરફ નજર નાંખે છે અને વખત ગાળવાને માટેજ તેમનું વૈચિત્ર્ય જોઇ આનંદ પામે છે.

એક પ્રહર વીતી ગયો. ધીમે ધીમે તાપ વધવા લાગ્યો, પરંતુ સઘળાં

ત્યાં ચુપચુપ બેસી રહ્યાં હતાં. જો કે તેઓ કંઇક ચંચળ થઈ ઉઠ્યાં હતાં, છતાં તે ચાંચલ્ય પ્રકટ કરી શકતાં નહોતાં. થોડી વાર પછી નકીબ પોકારનારે દુનિયાના બાદશાહ ઔરંગઝેબના આવવાની નકીબ પોકારી. એટલે સઘળાં પુતળાંની પેઠે ઉભાં થઇ ગયાં. વિશાળ ચૉકની સ્હામેના ઓટલા ઉપર એક સુંદર બેઠક બનાવી હતી. બાદશાહ ઔરંગઝેબ આવી તેના ઉપર બેઠા. તેની પાસે જ શાહજાદાઓ બેઠા. પાછળ બે શરીર રક્ષક સિપાહીઓ અને મુખ્ય મુખ્ય અમીરોને ઉભા રહેવાની આજ્ઞા મળી. જોનારાં માણસો બાદશાહના હુકમની રાહ જોવા લાગ્યાં. બાદશાહે ચૉકમાં નજર ફેરવીને કહ્યું: મહારાજ યશવંતસિંહ અને મુકુન્દદાસ આવ્યા છે કે?

તેજ ક્ષણે એક ભીમ જેવા શરીરવાળો હૃષ્ટપુષ્ટ રાજપૂત આગળ નિકળી આવ્યો અને નીચો નમી બાદશાહને સલામ કરતાં બોલ્યો: જહાંપના, સેવક હાજર છે.

આ ઉત્તર આપનાર પોતે જ મુકુન્દદાસ હતો. મુકુન્દદાસ તરફ તીક્ષ્ણ નજર કરતાં બાદશાહે કહ્યું: બાદશાહે તમને શું આજ્ઞા કરી છે તેની ખબર છે કે?

મુકુન્દદાસ: જહાંપનાની આજ્ઞા, સેવકે માથે ચ્હડાવી છે.

બાદશાહ: ત્યારે તેને માટે તૈયાર થાઓ. વ્યાઘ્રરક્ષક! સૌથી મ્હોટા વાઘનું પિંજરૂ મેદાનમાં લઇ આવ."

બાદશાહની આજ્ઞા મળતાંજ વાઘના રક્ષકે એક મ્હોટા વાઘનું પિંજરૂ ચૉકના મધ્ય ભાગમાં લાવી મૂક્યું. પિંજરામાંનો વાઘ એક વખત મ્હોટી ગર્જના કરી ઉઠ્યો. તમાશો જોવા ઉભેલાં મનુષ્યો ભય પામી પાછાં હઠવા લાગ્યાં અને પાછળ ઉભેલાં મનુષ્યોને ધક્કા મારવા લાગ્યાં! કોઇ કોઇ તો એક બીજાના શરીર ઉપર પડી ગયાં. થોડી વારમાં સઘળાં શાંત થયાં. સિપાહીનો હુકમ થતાં સઘળાં પાછાં જેમ ને તેમ ઉભાં રહ્યાં. મુકુન્દદાસે પોતાની તલવાર જમીન ઉપર મૂકી દીધી અને માથાનો શિરપેચ તથા શરીરનાં લુગડાં કાઢવા લાગ્યો. અમે પણ એટલા વખતમાં આજના બનાવનું કંઇક વર્ણન કરી દઇએ છીએ. સાંભળો.

મારવાડનો રાજા યશવંતસિંહ, દિલ્લીના બાદશાહ શાહજહાંનો સેનાપતિ હતો. બાદશાહ ઔરંગજેબે પણ તેને એજ પદવી ઉપર કાયમ રાખ્યો હતો. રાઠોડ વીર બહાદુર મુકુન્દદાસ, એ રાજા યશવન્તસિંહના જમણા હાથ જેવો હતો. વીર મુકુન્દદાસને લીધે રાજા યશવન્તસિંહને જ્યાં ત્યાં જય-લાભ થતો હતો. અદેખા ઔરંગજેબથી તે સહન થતું નહિ. આટલાબધા મુસલમાન વીર પુરૂષોમાં કોઈ મુકુન્દદાસ જેવો નહિ હોવાથી મુસલમાન સેનાપતિઓનું ગૌરવ નહતું. સર્વ માન અને ગૌરવ રાજા યશવન્તસિંહને મળતું. રાજા યશવન્તસિંહનું ગૌરવ નષ્ટ કરવા માટે-કહો કે મારવાડનું ગૌરવ નષ્ટ કરવા માટે-બાદશાહે, વીર મુકુન્દદાસનો અહંકાર ઉતારવાની ઇચ્છાથી જૂદા જૂદા ઉપાયો કર્યા હતા, પરંતુ કોઇમાં તેમને સફળતા મળી નહતી. એક દિવસ મુકુન્દદાસે બાદશાહ પાસે પોતાની ઉદ્ધતાઇ બતાવી હતી. બાદશાહે પોતાની ધારેલી ધારણામાં સિદ્ધિ મેળવવા માટે મુકુન્દદાસને દણ્ડ આપવાની ઇચ્છા બતાવી અને તેના પરિણામમાં મુકુન્દદાસને નગ્ન શરીરે, હથીઆર વગર કોઈ પ્રચણ્ડ સિંહના પિંજરામાં પેસવાની આજ્ઞા કરી. બાદશાહે જાણ્યું હતું કે મુકુન્દદાસને તે પ્રચણ્ડ સિંહના પેટમાં હમેશને માટે રહેવું પડશે! વીર મુકુન્દદાસે બાદશાહની આજ્ઞા માથે ચ્હડાવી. રાજા યશવંતસિંહ, મુકુન્દદાસને સાથે લઇ વખતસર હાજર થયા અને બાદશાહે આજ્ઞા કરી. બાદશાહ હમેશાં કિલ્લાના મેદાનમાં બેસી સ્હવારે હાથી, વાઘ, સિંહ, ઘોડા વગેરે પશુઓની રમતગમત જોતા હતા. બાદશાહે આજે મુકુન્દદાસને લાવવા માટે રાજા યશવન્તસિંહને કહાવ્યું હતું. આજે વીર મુકુન્દદાસનું શું પરિણામ આવે છે તે જોવાને અનેક માણસોની ભીડ થઈ હતી અને ઉત્કંઠિત ચિત્તે વાટ જોયા કરતા હતા. જે સમયે બાદશાહ આવી પહોંચ્યા તે જ સમયે તેમણે મુકુન્દદાસને હુકમ બજાવવાનું કહ્યું.

વીર મુકુન્દદાસે શરીર પરનાં વસ્ત્રો કહાડી નાખ્યાં. હથિયાર વગરનો થઇ મુકુન્દદાસ વાઘના પિંજરા આગળ જઇ ઉભો. તેણે સિંહના સ્હામુ જોયું. બન્નેની ચાર આંખો ભેગી થઇ ત્યાર પછી તેણે પિંજરાનું બારણું ઉઘાડી ઝટ અંદર પ્રવેશ કર્યો. સર્વ જોનાર માણસો એકી ટસે તેના સ્હામુ જોવા

લાગ્યા, પરંતુ જરા પણ બ્હીક વગરનો મુકુન્દદાસ, કોઇના પણ સ્હામુ જોયા વગર સિંહની સ્હામુ જઇ ઉભો. સિંહ અહંકારમાં ને અહંકારમાં પિંજરામાં આમતેમ ફરતો હતો. મુકુન્દદાસને જોતાંજ સિંહે તેના સ્હામુ જોયું. તેની બન્ને લાલ પીળી આંખો જાણે અગ્નિના અંગારા જેવી તેજસ્વી જણાતી હતી. મુકુન્દદાસે સિંહને કહ્યું: એઇ મીયાંના સિંહ ! આવ, એક વખત યશવન્તસિંહના સિંહની સ્હામું આવી જા."

આ શબ્દો કહીને મુકુન્દદાસે સિંહના સ્હામુ સ્થિર નજરે જોયાં કર્યું. વીર મુકુન્દનાં નેત્રોમાંથી પણ અગ્નિની જયોતિ નિકળતી હતી. સિંહરાજે પણ પોતાની લાંબી પુછડી હલાવતાં અને ભયંકર ગર્જના કરતાં, પોતાના શત્રુની સ્હામુ ચળકતી આંખોએ જોયા કર્યું, ચારે ચળકતી આંખો એક થઈ એટલે સિંહ મ્હોડું ફેરવીને મુકુન્દદાસની સ્હામેથી વેગળો ખસી ગયો અને પિંજરામાં પાછો ફરવા લાગ્યો. સિંહને નમ્ર થયેલો જોઈ મુકુન્દદાસે કહ્યું કે: સિંહ સાહસ કરીને મ્હારી સાથે યુદ્ધ કરવા માંગતો નથી. રણથી વિમુખ થયલા શત્રુ ઉપર હુમલો કરવો એ રાજપૂતોના ધર્મથી વિરૂદ્ધ છે.

આવા શબ્દો બોલીને મુકુન્દદાસ પિંજરામાંથી બહાર નિકળી પડયો અને બારણું પાછું બંધ કરી દીધું. સઘળાં જોનારાં મનુષ્યો સ્તબ્ધ થઈ તેના તરફજ જોવા લાગ્યાં. બાદશાહ પણ આશ્ચર્ય પામ્યા અને તખ્ત ઉપરથી બોલી ઉઠયા કે:

"ધન્ય છે મુકુન્દદાસ ! ત્હારા સાહસને ધન્ય છે. આજથી હું તને "*નાહુરખાં"નો ખેતાબ આપું છું. સિપાહી, તોષાખાનામાં જઈ મુકુન્દદાસને લાયક કિમતી પોષાક મોકલવાનો હુકમ આપી આવ."

પળવારમાં એક સિપાહી તોષાખાના તરફ ગયો અને મુકુન્દદાસને લાયક મૂલ્યવાન પોષાક આવી પહોંચ્યો. મુકુન્દદાસે તે માનપૂર્વક સ્વિકાર્યો. બાદશાહે ફરીથી મુકુન્દદાસને કહ્યું:

"રાઠોડ વીર ! ત્હારા સાહસથી હું અતિશય ખુશી થયો છું. વારૂ, ત્હને

---

* નાહુર એટલે વાઘ; નાહુરખાં એટલે વાઘનો અધિપતિ. (આપણા તરફ વાઘને ન્હાર પણ કહે છે.)

એક વાત પુછવી છે. ત્હારા આવા અસીમ બાહુબળના અધિકારી થવા માટે કેટલા પુત્રોએ જન્મ ગ્રહણ કર્યો છે ?

મુકુન્દદાસે સહજ હસીને ઉત્તર આપ્યો કેઃ જહાંપના ! આપની આજ્ઞાથી જ્યારે અમે સ્ત્રી કુટુંબથી વિખુટા થઇને અટકથી પણ વેગળે પશ્ચિમમાં રહીએ છીએ ત્યારે પછી પુત્રનું મુખ જોવાનું સૌભાગ્ય ક્યાંથી હોય ?

બાદશાહની સ્હામુ તેજસ્વી મુકુન્દદાસનો આવો બ્હીક વગરનો ઉત્તર સાંભળી સઘળાં મનુષ્યો વિસ્મય પામ્યાં. બાદશાહના અંતઃકરણમાં જે ગુસ્સો ઉત્પન્ન થયો હતો તેનો પાર નહોતો. કોઈ મુસલમાન સિપાહી કે અમલદારોની મકદૂર નહોતી કે તે મુકુન્દદાસની પેઠે સિંહ-વાઘના પાંજરામાં જઇને જીવતો પાછો આવે ! એ વીરતા રાઠોડ રાજપૂતો સિવાય ભાગ્યેજ બીજામાં હોય છે ! બાદશાહને તેથીજ એક પ્રકારે નીચું જોવાનું પણ હતું. તે મનમાં ને મનમાંજ બોલ્યાઃ-રાઠોડ ! ત્હારો અહંકાર સત્વર ઉતરશે, યાદ રાખજે. બાદશાહે કહ્યું: " બસ, હવે આજે કોઇ પ્રકારની રમત કરાવવી નથી." બાદશાહ ત્યાંથી ચાલ્યા ગયા. જોનાર મનુષ્યો પણ પોતપોતાને સ્થાને ચાલ્યાં ગયાં. પશુઓના રખવાળ, પોતપોતાનાં પશુ લઇને પશુશાળા તરફ ગયા. રાજા યશવંતસિંહે વિદાય થવી વખતે મુકુન્દદાસને કહ્યું: ધન્ય વીર મુકુન્દ ! આજે તમે સમસ્ત રાજપુતાનાનું ગૌરવ વધાર્યું છે. આજે તમે સમસ્ત હિંદુઓની કીર્તિ ઉજ્વલ કરી છે. આજે તમે રાઠોડ કુળનું માન વધાર્યું છે. આજે તમે મારવાડની ભૂમિને દેદિપ્યમાન કરી છે. આજથી અમે તમને " નાહુરખાં " કહીને બોલાવીશું.

મુકુન્દે મહારાજાને પ્રણામ કરતાં કહ્યું: જેવી મહારાજાની ઇચ્છા. મારવાડ રાજના ગૌરવનું રક્ષણ કરવા માટે પ્રત્યેક રાઠોડોએ પ્રાણદાન કરવા તૈયાર થવું જોઇએ, એજ ત્હેમની ફરજ છે.

રાજાઃ તેથીજ રાઠોડ-ગૌરવ દિલ્લીશ્વરની નજરમાં અસહ્ય થઇ ઉઠ્યું છે મુકુન્દ !

મુકુન્દઃ "ચિન્તા નહિ. દિલ્લીશ્વરની તે ઇર્ષા જ્વાળા સત્વર શાંત થઇ જશે." આ પ્રમાણે અનેક વાતચિત કરતા કરતા બન્ને જણ પોત પોતાને સ્થાનકે જઇ પહોંચ્યા.

૨

નાહુરખાં ઉર્ફે મુકુન્દદાસના અસીમ વીરત્વની વાત ચારે દિશામાં ફેલાઇ ગઇ. દિલ્લીથી તે રાજસ્થાન સુધીનાં સઘળાં મનુષ્યો ત્હેની ભારે પ્રશંસા કરવા લાગ્યાં. રસ્તામાં, ખેતરોમાં, ગામોમાં, શહેરોમાં અને નદી સરોવરના કિનારાઓ ઉપર પણ નાહુરખાંનીજ પ્રશંસા ! જે તે તેને ધન્ય ધન્યજ કહેતું. તેના વાઘના પિંજરામાં પેસવાની વાત રસ અલંકાર સાથે વધતી એકથી બીજે મ્હોડે જવા લાગી. કોઇ કહેતું કેઃ નાહુરખાંએ પોતાના નખવડે વાઘની છાતી ચીરી નાંખી ! કોઇ કહેતું કેઃ અરે ! તેણે વાઘનો એક પગ ઝાલીને એવો તો પછાડયો કે વાઘના રામ રમી ગયા ! કોઇ કહેતું કેઃ તેણે વાઘની આંખોમાં આંગળીઓ ઘોંચી દઇને તેને આંધળોજ બનાવી દીધો ! કોઇ કહેતું કેઃ ભાઇ, મારા બાપના મિત્રે નજરે નજર જોયું કેઃ તેણે વાઘના બે કાન પકડી તેને એક બકરાની માફક બધે ફેરવ્યો !" આ પ્રમાણે અનેક પ્રકારની ઠંડા પ્હોરની ગપો ચાલવા લાગી !

માત્ર મુકુન્દદાસની વાઘના પિંજરામાં પેસવાની વાતજ નહિં પણ તેના અસીમ બાહુબળની વાત પણ સઘળે ઠેકાણે પ્રસિદ્ધ થઈ પડી. રાજા યશવંતસિંહના જમણા હાથ પેઠે તેમણે બાદશાહના શત્રુઓ સ્હામુ રણક્ષેત્રમાં જે રીતે યુદ્ધ કર્યું હતું અને વીરતા બતાવી હતી તેનાં પણ સર્વત્ર વખાણ થવા લાગ્યાં. તેના એ અલૌકિક વીરત્વથી બાદશાહને ખુશાલી થઇ હતી તે સંબંધી આગળ લખવામાં આવ્યું છે. માત્ર બાદશાહજ નહિ પણ શાહજાદાઓથી તે બાદશાહી કુટુંબનાં સઘળાંજ માણસો, એ પરાક્રમી રાઠોડ વીરના બળ વિક્રમ જોઇ મુગ્ધ થયાં હતાં. તેઓ નાહુરખાંને અમાનુષિક કામોને લાયક જાણતાં હતાં, અને વચમાં વચમાં તેઓ નાહુરખાંની પરાક્રમી લીલા જોઇને આનંદ પામતાં.

એક દિવસ પાટવી શાહજાદા મોઆજીમે નાહુરખાંને પોતાની મજલિસમાં આમંત્રણ કર્યું. તે સ્થળે તેના કેટલાક સભાસદો પણ આવ્યા હતા. સભાસદોએ શાહજાદાને આગ્રહ કર્યો કેઃ આજે નાહુરખાંની કોઈ નવી રમત બતાવો. શાહજાદાએ કહ્યુંઃ તમે નાહુરખાંની કઇ રમત જોવા માગો છો?

પહેલો સભાસદ: ફરીથી એક વખત એની વાઘ સાથે લડાઇ થાય તે જોવામાં અનુચિત નહિ થાય.

બીજો: નારે ના, તે તો એક વખત જોઇ છે. એનામાં નક્કી કોઇ જાદુ મંત્ર હોવો જોઇએ.

શાહજાદા: ત્યારે તમારી શી ઇચ્છા છે?

બીજો: હવે તો હાથીની સાથે એ લડાઇ કરે ત્યારે મઝા પડે. જવા દો નહિંતો એ વાત વખતે એમાં પણ કંઈ જાદુમંત્ર હોય!

ત્રીજો: ત્યારે જવા દો એવી ખાનાખરાબ લડાઇની વાત! આપણે ફક્ત ખાંસાહેબનો ચ્હેરો જોઇનેજ આનંદ પામીશું.

શાહજાદાએ કહ્યું: ઠીક, ત્યારે હું પોતે જ એક ફરમાઇશ કરૂં છું.

બધા સભાસદો બોલી ઉઠયા: એજ ઠીક થઇ પડશે જહાંપનાહ!

શાહજાદા: નાહુરખાંએ અનેક બાબતોમાં પોતાનું બળ બતાવ્યું છે. ઘણા દિવસ થયા તેણે પોતાની એક રમત બતાવી નથી.

નાહુરખાંએ હસતે ચ્હેરે કહ્યું: શાહજાદાની જે મરજી હોય તે પ્રકટ કરો.

શાહજાદા: જૂદી જૂદી રમતોમાં તમારૂં બળ જોવામાં આવ્યું છે, પરંતુ જે રમતમાં હાથની ત્વરિત ગતિ અને બળ એ બન્ને જોવામાં આવે તેવી કોઇ રમત બતાવો તો આનંદ થાય.

નાહુરખાં: આપની જે ઇચ્છા હોય તે ખુશીથી કહો. મારાથી બનશે તો હું હમણાંજ કરી બતાવીશ.

શાહજાદા: સાંભળ્યું છે કે તમારા રાજપૂતોમાંના ઘણા એક પ્રકારની રમત રમે છે. તેમાં હાથની અતિશય ત્વરિત ગતિ અને બળ જણાઇ આવે છે.

નાહુરખાં: આપ જો જાણતા હો તો તે કહી બતાવો નામદાર!

શાહજાદા: તમે ઘોડો દોડાવતાં દોડાવતાં તેની પીઠ ઉપરથી ઝાડની ડાળીઓ પકડીને હિંચકા ખાઇ શકો છો?

શાહજાદાની વાત સાંભળીને નાહુરખાંને જરાક ગુસ્સો ચ્હડયો. તેણે પોતાના સ્વતંત્ર સ્વભાવ પ્રમાણે તેજસ્વી શબ્દે જવાબ આપ્યો: નામદાર શાહજાદા! હું વાંદરો નથી. હું રાજપૂત છું. રાજપૂતોની બધી રમતો તલ-

વાર વડેજ થાય છે. જો યોગ્ય રમનાર સ્હામું આવે તો હું તેની જોડે તલવાર વડે રમવા તૈયાર છું.

નાહુરખાંના અહંકાર ભરેલા શબ્દો સાંભળીને શાહજાદાને જરા શરમાવું પડયું અને તે સાથે ગુસ્સો પણ આવ્યો. ગુસ્સાને છુપાવી નાહુરખાંને કહ્યું: ઠીક, તમને રજા છે. હમણાં તમારી કોઈ રમત જોવાની ઇચ્છા નથી.

"શાહજાદાની જેવી મરજી." કહીને અને શાહજાદાને કુર્નિસ્ કરીને નાહુરખાં ચાલ્યો ગયો. સભાસદો બોલી ઉઠયા: "માણસ તો ઘણો દામ્ભિક જણાય છે જા!"

"એ દંભ ઉતારવાનો સત્વર ઉપાય કરૂં છું." કહીને શાહજાદાએ પણ ત્યાંથી પ્રયાણ કર્યું. સભાસદો પણ તેની પાછળ પાછળ ચાલ્યા ગયા.

તે દિવસે રાજા યશવન્તસિંહે આવી નાહુરખાંને પૂછ્યું કે: શું તમે બાદશાહને નાખુશ કર્યા છે?

"બાદશાહ સાથે મારે કાંઈ પણ વાતચિત થઇ નથી. વખતે શાહજાદો કંઇક ગુસ્સે થયો હશે." નાહુરખાંએ યશવન્તસિંહને સર્વ બીના કહી સંભળાવી. યશવન્તસિંહે કહ્યું: તેટલા માટેજ બાદશાહે તમારા તરફ એક કઠોર હુકમ કર્યો છે.

નાહુરખાંએ જરાક હસીને કહ્યું: વળી પાછું સિંહની ગુફામાં પેસવું પડશે ખરૂં કે?

"ખરેખર, આ વખતે સિંહનીજ ગુફામાં પેસવું પડશે. તે પશું સિંહ નથી પણ મનુષ્યસિંહ છે! શિરોહીના રાજાને કેદી બનાવી લાવવાનો તમને હુકમ થયો છે." યશવન્તસિંહે ચિન્તાતુર ચ્હેરે હુકમ સંભળાવ્યો.

રાજપૂતાનાના શિરોહીનો રાજા શૂરતાનસિંહ બાદશાહની તાબેદારી કબુલ કરતો નહોતો. તેથી બાદશાહે તેનો પરાજય કરવાને માટે અનેક દિવસથી યત્ન કર્યો હતો.

"તેને માટે ચિંતા શી છે? રાઠોડ સરદારો જમથી પણ બ્હીતા નથી." નાહુરખાંએ છાતી કહાડી જવાબ આપ્યો.

યશવન્તસિંહ: "હુકમ મ્હને મળ્યો છે પણ તે તમારેજ બજાવવો પડશે."

નાહુરખાંએ ઉત્તેજિત સ્વરે ઉત્તર આપ્યો: "મારવાડના રાજાનું ગૌરવ વધારવા માટે રાઠોડ લોકો પ્રાણ અર્પણ કરવામાં જરા પણ પાછું જોશે નહિ! આપ નિશ્ચિંત રહો. હું શિરોહીના રાજાને કેદી બનાવી આપના ચરણ આગળ હાજર કરીશ. આપ સમસ્ત રાઠોડ લશ્કરને તૈયાર થવાની આજ્ઞા કરો." નાહુરખાંની મદદને માટે સમસ્ત રાઠોડ સિપાહીનું લશ્કર તૈયાર થયું.

વીર રાઠોડ બહાદુરોનું લશ્કર લઇને, મહા પરાક્રમી ભીમ સમાન બળવાન અજેય મુકુન્દદાસ, શિરોહીરાજ સુરતાનસિંહ ઉપર હુમલો કરવા ચાલ્યો.

૩

ગંભીર રાત! ચારે દિશા શાંત છે. સમસ્ત વિશ્વ નિદ્રામાં પડી આરામ લે છે. રાતની શાંતિનો ભંગ કરીને વચમાં વચમાં પવન સર્ સર્ શબ્દ કરતો વૃક્ષનાં પાંદડાં કમ્પાવી મુકે છે. થોડે વેગળે બે ચાર તમરાં, પોતાની કોમળ વાંસળી વગાડી રહ્યાં છે. થોડી થોડી વારે બે ચાર શિયાળ બોલી ઉઠે છે અને એક દિશામાંથી બીજી દિશામાં દોડી જતાં સંભળાય છે. હિંસક પશુઓ પણ શિકારની શોધમાં નિકળી પડેલાં જણાય છે. એ સમયે શિરોહી રાજ્યના વિકટ પર્વત ઉપરના કિલ્લાની દિવાલ ઉપર ઉભેલો એક પહેરેગીર–વચમાં વચમાં–સાવચેતીની બુમ પાડતો હતો! તેનો માલિક મહારાજા સુરતાનસિંહ, કિલ્લામાં નિશ્ચિંત ચિત્તે નિદ્રા લેતો હતો. રાઠોડ લશ્કરની રણ તૈયારી સાંભળીને શિરોહીનો રાજા પોતાના પ્રસિદ્ધ અચળગઢ–કિલ્લામાંથી પોતાના દેવર–સિપાહીઓના–લશ્કરને લઇ આ વિકટ સ્થળે આવ્યો હતો. તેણે મનમાં ધાર્યું હતું કે: "નાહુરખાં એકાએક આ ગંભીર ભયાનક અરણ્યવાળા પર્વત ઉપરના કિલ્લામાં આવવાની હિમ્મત કરશે નહિ."

પહેરેગીર દિવાલ ઉપર પહેરો ભરતો હતો અને વચમાં વચમાં સાવચેતીના પોકારો કરતો હતો, એકાએક તલવારનો ઘા વાગતાં તેનું માથુ ધડથી છુટું પડી ગયું. તેનું ધડ જમીન ઉપર પડયું. જેની તલવારના ઘાથી તે જમીન ઉપર પડયો તે બીજો કોઈ નહિ પણ નાહુરખાં પોતેજ હતો.

નાહુરખાં અચળગઢ ગયો હતો. ત્યાં શૂરતાનના કાંઈ સમાચાર મળ્યા નહિ તેથી આ કિલ્લા ઉપર આવી પહોંચ્યો અને શિરોહીરાજની વ્યવસ્થા જાણી લઇને રાતને વખતે કિલ્લાની દિવાલ ઉપર ચઢી પ્રથમજ તેણે પહેરેગીરને મારી નાંખ્યો. ત્યાર પછી તેના લશ્કરી સિપાહીઓ એક પછી એક દિવાલ ઉપર ચઢયા અને કિલ્લાનાં બારણાં ઉઘાડી દીધાં. જે ઓરડામાં શૂરતાન નિદ્રા લેતો હતો ત્યાં ધીમે ધીમે નાહુરખાંએ પ્રવેશ કર્યો. માથા ઉપર કિમતિ મુકુટ ધારણ કરીને દેવરરાજ નિર્ભય ચિત્તે ઉંઘતો હતો. તેના વિશાળ કપાળ ઉપર કોઈ જાતની ચિન્તાનું ચિહ્ન જણાતું નહોતું. નિદ્રા દેવીએ પોતાની કલ્યાણકારી છાયા વડે શિરોહીરાજને આચ્છાદિત કરી રાખ્યો હતો. અસાધારણ વીર સાહસી નાહુરખાંએ ધીમે ધીમે શૂરતાનનો મુકુટ કાઢી લઇને તેને પલંગ ઉપરજ બાંધી દીધો! શૂરતાન જાગી ઉઠયો અને બોલ્યો: મ્હને બાંધવા ચ્હાનાર તું કોણ છે રે!

"બાંધવા ચ્હાનાર નહિ પણ ત્હને બાંધનાર હું છું." નાહુરખાંએ જવાબ દીધો.

"તું કોણ નાહુરખાં?"

"દેવર રાજનું અનુમાન સત્ય છે."

શૂરતાન વિશેષ બોલી શકયો નહિ પણ તેણે લજ્જાપૂર્વક માથું નમાવ્યું. તેના શરીરમાં વિજળિક પ્રવાહ વેહેવા લાગ્યો. લજ્જા અને ગુસ્સા વડે તેનું માથું ફરવા લાગ્યું! તેની સાથેજ નાહુરખાંનું અસાધારણ સાહસ જોઈ આશ્ચર્ય પામ્યો. નાહુરખાંએ તેને પોતાના રાઠોડ સિપાહીઓના હાથમાં સોંપી દીધો.

શૂરતાનને સિપાહીઓના હાથમાં આપ્યા પછી નાહુરખાંએ દરબારી ડંકો વગાડયો. ડંકાનો મેઘ જેવી ગંભીર ગર્જના ગજાવતો પ્રતિધ્વનિ પર્વતના શિખરો ઉપર અથડાયો. તેણે સમસ્ત પર્વતના વિભાગને ગજાવી મુકયો. તે સાંભળતાંજ દેવર સિપાહીઓ પોતાના રાજાને કાંઇ વિપત્તિ આવી પડી છે જાણી જાગૃત થયા અને તેમને છોડાવવાનો યત્ન કરવા દોડયા. નિડર, પરાક્રમી, વીર મુકુન્દદાસે તેમને ગંભીર સાદે કહ્યું:

"દેવર સિપાહીઓ ! તમે એક પગલું પણ આગળ વધશો નહિ; જો વધ્યા તો તમારા માલિકનું નક્કી મરણ થશે. તમે જાણી શક્યા છો કે તેનું જીવન મરણ મ્હારા હાથમાં આવી ચુક્યું છે. તમે જો મ્હારી વાત સાંભળો તો ખાત્રી રાખજો કે તેનો જરા પણ વાંકો વાળ થશે નહિ. જો તમે જરા પણ વિરૂદ્ધ પગલાં ભરશો તો આ પળેજ તમારા રાજાનું મરણ થશે. હું તેમને ફક્ત એક વખત મ્હારા માલિકની પાસે લઇ જઇશ. હું તેને કેવી રીતે નિર્વિઘ્ન કેદી કરીને લઇ જાઉં છું તે તમને બતાવવાને માટેજ મેં ડંકો વગાડયો છે અને તમને જાગૃત કર્યા છે."

નિડર સાહસી વીર મુકુન્દદાસની આ ભીમ ગર્જના જેવા તેજોમય શબ્દો સાંભળતાંજ દેવર લશ્કરી સિપાહીઓ સ્તબ્ધ થઇ ગયા. તેઓ એક પગલું પણ આગળ વધી શક્યા નહિ. તેમ છતાં એક ઘરડા લશ્કરી દેવર સિપાહીએ નાહુરખાંને માથુ નમાવીને કહ્યું:

"વીર પુરૂષ ! ધન્ય છે આપના સાહસને ! આપના પરાક્રમ વડે સમસ્ત રાજપૂતાનાનું અને સમસ્ત હિંદુઓનું ગૌરવ વધ્યું છે. આપે અમારા માલિકને કેદી બનાવવામાં ખરેખર ચતુરાઈ વાપરી છે—વીરત્વ બતાવ્યું છે. છતાં મ્હારે આપને બે શબ્દો કહેવા છે. આપ આટલા બધા વીર પુરૂષ થઇને પરધર્મી મુસલમાન બાદશાહની ગુલામગીરી કરો છો તેનું કારણ શું? શું રાઠોડો પોતાના બાહુબળ ઉપરથી કીર્તિની વિજયમાળ પહેરી શકતા નથી? વળી એક રાજપૂત વીરપુરૂષ, પોતાના જાતિ ભાઇને મુસલમાનો પાસે કેદી બનાવી જાય એ કોને માટે લજ્જાસ્પદ છે? એ લાજ અને માન કોનું જાય છે? વીર! જાતિભાઇ ઉપર હાથ ઉપાડવો અને તેનું માન ભંગ કરવું એ તમારા જેવા વીર રાઠોડોને શોભતું નથી! બસ! મ્હારે વિશેષ કાંઇ કહેવું નથી."

વૃદ્ધ સરદાર સિપાહીના શબ્દો સાંભળી નાહુરખાંના હૃદયમાં ઘણું લાગી આવ્યું. જે ડંખ તેના હૃદયમાં ઘણા દિવસ થયાં દુઃખ દેતો હતો તે આજે તાજો થઇ આવ્યો. જે કામ કરવાથી તે અનંત રૈરવ નરકમાં પડવાની ધાસ્તિ રાખતો હતો તે કામ ઉપર તેને અતિશય તિરસ્કાર

છુટયો. જાતિદ્રોહના તિક્ષ્ણ કાંટા તેના વીર હૃદયમાં ખુંચવા લાગ્યા. જાતિ-ગૌરવની હાનિ થતી જોઈ તેના શરીરમાં અસહ્ય વેદના થવા લાગી. પરંતુ મહારાજા યશવંતસિંહના ગુપ્ત વિચારો અને બાદશાહની નોકરી કરવાનું ગુપ્ત રહસ્ય અત્યારે તે પ્રકટ કરી શકયો નહિ. તેથીજ હેને વિશેષ દુઃખ જણાયું. એક દિવસ કે એક પળ પણ જાતિદ્રોહ કરવાથી તેને એક યુગ જેટલું જણાયું પણ શું કરવું ? ગુપ્ત સંકલ્પોની સિદ્ધિ થાય નહિ ત્યાં સુધી પરતંત્ર જીવન ગાળ્યા વિના છુટકો નહતો. હૃદયમાં થતી વેદનાને દાબી દેતાં તેણે ઉત્તર આપ્યોઃ "વૃદ્ધ સરદાર ! આપ સાચા પ્રભુ ભક્ત છો ! જાત્યાભિમાની છો. આપના શબ્દો સાંભળી મને બેહદ લજ્જા આવે છે. રાઠોડોનાં એક એક હાડકાં એક એક તોપ બંદુક જેવાં ભયંકર છે છતાં તેનો ઉપયોગ વખત આવવે થઇ રહેશે. પરતંત્ર જીવન ગાળવાનો કોઇ એક ગુપ્ત ઉદ્દેશ છે. આપના શબ્દોથી લજ્જા પામ્યા શિવાય બીજું કાંઈ થઇ શકે તેમ નથી. જેનું નિમક ખાવું તેનું હલાલ કરવું એજ અત્યારે તો ફરજ થઇ પડી છે."

નાહુરખાંએ તે વૃદ્ધના કાનમાં કહ્યું કેઃ "ગભરાઓ છો શા માટે કાકા ! એ તો અમારી એક ગુપ્ત પૅાલિસી છે. અમે મોગલવંશનો ધ્વંશ કરવાનીજ સાધનામાં છીએ. ઘરના ભોમિયા થયા શિવાય તે ઘર લૂટાતું નથી. રાઠોડોના બાહુમાં એટલું બળ છે કે એક એક રાઠોડ એક એક મોગલ લશ્કરની ટુકડીને છિન્ન ભિન્ન કરી શકે છે. વખત આવવે સો જણાશે."

તેણે સૌના સાંભળતાં કહ્યુંઃ બહાદુરો ! તમારા રાજાનો વાંકો વાળ થશે નહિ. મ્હારા શબ્દો ઉપર ભરોંસો રાખજો. તે પાછા સહિ સલામત અહિં આવી પહોંચશે.

સઘળા સિપાહીઓએ નાહુરખાંને માન આપ્યું. નાહુરખાં નિશ્ચિંત મન વડે શરતાનને લઇ રાજા યશવન્તસિંહ પાસે આવી પહોંચ્યો. આ વખતે તેના શરીરે બંધન નહતું.

શરતાનને આવેલો જોઇ યશવન્તસિંહને એક તરફથી આનંદ થયો હતો ત્યારે બીજી તરફથી બેહદ દિલગીરી થઈ. બાદશાહની આજ્ઞા પાલન થઇ

હતી પણ એક રાજપૂત રાજાને બાદશાહ પાસે કેદી કરી લેઇ જવો અને તેનું અપમાન કરવું યોગ્ય લાગ્યું નહિ તેથીજ દિલગીરી થઇ. મ છતાં શું કરવું ? જાત્યાભિમાનની લાગણી બતાવવાને અત્યારે વખત નહતો. તેણે શ્રુરતાનને માન આપ્યું. શ્રુરતાન પણ તેમના વ્યવહારથી ખુશી થયા. યશવન્તસિંહે શ્રુરતાનને કહ્યું: " શ્રુરતાનસિંહજી ! એક વખત બાદશાહની મુલાકાતે આવવું પડશે."

શ્રુરતાને નમ્રતાથી કહ્યું: મ્હને તેમ કરવામાં અડચણુજ નથી. પરંતુ દેવરરાજનું માન જાળવવાને ભાર રાઠોડ રાજાઓના હાથમાં છે.

યશવન્તસિંહ: તે બાબતમાં આપ નિશ્ચિંત રહો. રાજપૂતો પ્રથમજ રાજપૂતોનું સન્માન જાળવવાની કાળજી રાખે છે.

રાજા યશવંતસિંહે, શ્રુરતાનસિંહને દરબારમાં લઇ જવાનું કામ પોતાના અમલદારોને સોંપ્યું. તેઓ શિરોહી રાજને દરબારમાં લઈ જતી વખત બોલ્યા કે:

" જો જો મહારાજ ! બાદશાહને નમન કરવાનું ભૂલતા નાહ ! તેમને નમન કર્યા શિવાય કોઇ તેમની પાસે જઇ શકતું નથી."

આ વાત સાંભળતાંજ તેજસ્વી શિરોહીરાજ શ્રુરતાનસિંહના હૃદયમાં આઘાત લાગ્યો. તેણે સાહસપૂર્વક કહ્યું:

"મ્હારૂં જીવન બાદશાહના હાથમાં છે ખરૂં પણ મ્હારૂં માન મ્હારાજના હાથમાં છે હું મૃત્યુલોકનાં કોઇ મનુષ્યને કદી પણ માથુ નમાવી નમન કરતો નથી. જીંદગીમાં કદી પણ તેમ કરીશ નહિ."

દેવરરાજ શ્રુરતાનસિંહના આવા તેજપૂર્ણ શબ્દો સાંભળી અમલદારોને ચિન્તા થઇ. એક તરફ તેઓ યશવંતસિંહની ભલામણથી શ્રુરતાનનું માન જાળવવા ચ્હાતા હતા, પરંતુ બીજી તરફ બાદશાહને માથું નમાવ્યા વગર કોઇને પણ છુટકો નથી તે વિચારતાં દિલગીર થયા. છેવટે તે કામ તેઓ યુક્તિપૂર્વક કાઢી લેશે એવો નિશ્ચય કર્યો. અને શ્રુરતાનને લઇ દરબાર ગૃહ તરફ ચાલ્યા.

૪

રૂપ અને ઐશ્વર્યનો અપૂર્વ સમાવેશ થયો છે. હીરા, મણિ, માણિક્યથી જડેલા મયુરાસન ઉપર શહેનશાહ ઔરંગજેબ બાદશાહ બિરાજ્યા છે. આસન ઉપર મિનાકારીના કામ વડે ભરેલું અને કિમતિ મણિ માણિક્ય વડે મઢાયલું રાજછત્ર શોભી રહ્યું છે. બાદશાહના માથાના મુકુટની વચમાંના એક કિમતિ હીરામાંથી, સૂર્યનાં કિરણોની પેઠે વિજળીના જેવી શોભા આપતાં ચળકતાં કિરણો દરબારના મકાનને પ્રકાશિત કરી રહ્યાં છે. તેના તેજ વડે બાદશાહનો જરી ટપકીનો તથા હીરા મોતીનો ભરેલો પોષાક પણ ચળકાટ મારી રહ્યો છે. સ્હામુની બેઠકો ઉપર અમીર ઉમરાવો પોતપોતાની બેઠકો ઉપર બેસી ગયા છે. તેઓના ઉજળા ચળકતા પોષાક વડે દરબાર ગૃહની* ઉજ્વળતામાં વધારો થયો છે. રાજના સિપાહીઓ, રાજના પ્રતિનિધિઓ, સેનાપતિઓ, સામન્તો, અને મુખ્ય મુખ્ય અમલદારો વડે પરિપૂર્ણ થવાથી દરબાર ગૃહની શોભા અપૂર્વ થઈ રહી છે. આ દરબાર ગૃહના મયુર-આસન ઉપર, મોગલ સામ્રાજ્યના અધિપતિ, મોગલ ગૌરવની દિવાલ સ્વરૂપ બેઠેલા દુનિયાના બાદશાહ ઔરંગજેબ પરાક્રમ બતાવી રહ્યા છે.

સ્હવારમાં બે પ્રહર વિતતાં પહેલાંજ બાદશાહ દરબારમાં આવતા અને મયુરાસન ઉપર બેસતાં પહેલાં "ચેહેલસેતુન" ગૃહમાં આવતા. આ ઠેકાણે અમીર ઉમરાવો અને બીજા અમલદારો સાથે તેઓ મળતા અને યોગ્ય માણસોને ઈનામ આપતા. આજે પણ ત્યાં કેટલાંક ઈનામો અપાઈ ગયાં છે. થોડાંક જ બાકી છે. આજના દરબારમાં શિરોહીના રાજા શૂરતાનસિંહ આવવાની વાત બહાર પડી હતી. તેથી સઘળા તેમને જોવાને થોભ્યા હતા. જે રસ્તે થઇને હમેશાં રાજકુમારો આવતા જતા હતા તે તરફ સૌની દ્રષ્ટિ ખેંચાઇ રહી હતી, તે દિશામાં કોઇ પણ જોવામાં આવ્યું નહિ. પરંતુ એક સાંકડી હવા આવવાની જગ્યામાં એક તેજસ્વી રાજપૂતનું મુખ જોવામાં આવ્યું. એ સાહસિક પુરૂષજ

---

* આ દરબારગૃહ ચાળીસ થાંભલાવાળું હોવાથી તેને "ચહેલસેતુન" કહેવામાં આવતું હતું.

શિરોહીરાજ શૂરરતાનસિંહજી હતા. આ સાંકડો રસ્તો જમીનથી ગુંટણ સુધી ઉંચો હતો. તેમાં પ્રવેશ કરતી વખતે આગળ પગ લંબાવીને માથુ નીચું નમાવ્યા વગર આગળ જવાય તેમ નહોતું. શિરોહીરાજને તે પ્રમાણે કરવું પડયું. સાંકડા માર્ગમાંથી આવતી વખત તે ઉંચુ માથું નીચું નમાવવુંજ પડયું. કયા કારણને લીધે શિરોહી રાજને આ પ્રમાણે સાંકડે રસ્તે થઇને લાવવામાં આવ્યા તેનું કારણ અમે કહીએ છીએ.

પ્રથમજ કહેવામાં આવ્યું છે કેઃ શિરોહીરાજ શૂરતાનસિંહે બાદશાહને માથુ નમાવવાની સાફ ના પાડી હતી. બાદશાહની દરબારમાં એવો નિયમ હતો કે બાદશાહની પાસે મળવા આવનાર નવા માણસે, મયુરાસનથી ચાળીસ હાથ વગેળે ઉભું રહેવું પડતું અને તેને નીચે માથે હાથ વડે ત્રણ વખત ભૂમિ સ્પર્શ કરવાનો તથા તે હાથ કપાળે લગાડવાનો હુકમ ચોપદાર આપતો હતો. દરેક વખતે અમુક માણસ, દુનિયાના બાદશાહને સલામ કરે છે એવી ચોપદાર બુમ પાડતો. મયુરાસનની પાસે પણ એ પ્રમાણે વિધિ કરવી પડતી હતી. શૂરતાનસિંહે તેમ કરવા ના પાડયું હતું તેથી અમલદારોએ તે વિધિપૂર્વક કરાવવાની ગોઠવણ કરી હતી. તેટલા માટેજ હમેશાં જે રસ્તે થઇ રાજકુમારો દરબારમાં પ્રવેશ કરતા હતા તે રસ્તેથી નહિ લઇ જતાં એક સાંકડા માર્ગમાં થઇને દરબારમાં લઇ ગયા. શિરોહીના રાજાને એ યુક્તિની ખબરે પડી નહિ. તેણે પ્રથમ સંકડાસને લીધેજ માથુ નીચું નમાવ્યું હતું, પરંતુ બાદશાહે તેનેજ નમન માની લીધું. શિરોહી રાજ દરબારમાં આવી ઉભા રહેતાં તેનો તેજસ્વી, ભવ્ય ચ્હેરો અને બળવાન શરીર જોતાંજ બાદશાહ ખુશી થઇ ગયા. અને તેમને પુછયુંઃ

"શિરોહીરાજ! આપના આવવાથી હું ઘણો ખુશી થયો છું."

શૂરતાનસિંહે નમ્ર ભાવે ઉત્તર દીધોઃ બાદશાહના શબ્દોથી મ્હને પણ ઘણો આનંદ થયો.

બાદશાહઃ આપનો વીર પુરૂષને ઉચિત એવો વ્યવહાર તથા સ્વતંત્રતાની રક્ષાને માટે કઠોર પરિશ્રમ એ હમેશાં પ્રશંસા પાત્ર છે.

શૂરતાનઃ બાદશાહ, રાજપૂતોનો એજ એક ધર્મ છે.

બાદશાહ: દિલ્લીના બાદશાહ તે સારી પેઠે જાણે છે.

શ્રુરતાન: રાજપૂતોની કઈ વાત દિલ્લીના બાદશાહથી અજાણી છે?

બાદશાહ: તે ગમે તેમ હોય, બાદશાહની દરબારમાં હાજર થવા માટે હું તમને કંઇક ઇનામ આપવા ઇચ્છું છું.

સુરતાન: ઇનામ! દિલ્લીશ્વરની ઇચ્છામાં શું ઇનામ લાયક જણાય છે?

બાદશાહ: હું તમને કંઇક જાગીર આપવા ચ્હાઉં છું.

શ્રુરતાનસિંહે જાણી લીધું કે બાદશાહ તેને પોતાના તાબાના ખંડિયા રાજાઓમાં ગણવા ચ્હાય છે. તેથી તેણે પોતાની સ્વાભાવિક તેજસ્વી વાણી વડેજ ઉત્તર આપ્યો કે:–બાદશાહ! આપ, મ્હારા અચળગઢના જેવી બીજી કઈ ભૂમિ અથવા રત્નનું ઇનામ આપશો? હું બીજું કાંઇ ચ્હાતો નથી. માત્ર મ્હને નિર્વિઘ્ને મ્હારા રાજ્યમાં પાછો જવા દેવાની કૃપા કરશો?"

નિડર શિરોહીરાજનાં તેજસ્વી વાક્યો સાંભળી બાદશાહને સંતોષ થયો અને તેને અત્યંત સરળ પ્રકૃતિનો સમજી તેનીજ માંગણી કબૂલ કરી. બાદશાહે કહ્યું:

"શિરોહીરાજ! તમારી પ્રાર્થના પરિપૂર્ણ કરવામાં આવશે. તમે નિર્વિઘ્ને અચળગઢ પાછા જઇ શકશો. કોઇ તમારો વાંકો વાળ કરી શકશે નહિ."

શ્રુરતાન: બાદશાહની એવી ઉદારતાથી બેહદ સંતોષ થયો છે. ભગવાન્ આપનું કલ્યાણ કરો.

બાદશાહ: શિરોહીરાજ! તમે બાદશાહની માંગણી કબુલ કરશો?

શ્રુરતાન: બનવા જોગ હશે તો નક્કી કબુલ કરીશ શેહેનશાહ.

બાદશાહ: દિલ્લીના બાદશાહને અંતઃકરણમાં "બંધુ" તરીકે ગણવાનું ભૂલશો નહિ એમ હું ધારૂં છું.

શ્રુરતાન: રાજપૂતો પાસે બાદશાહની આ માંગણી અતિશયોક્તિ ભરેલી કહેવાય. રાજપૂતો બાદશાહને "બંધુ" સમાનજ ગણે છે.

બાદશાહે દરબાર ભંગ કર્યો. અમીર, ઉમરાવો અને બીજા સર્વે પોત પોતાને સ્થળે ચાલ્યા ગયા. શિરોહીરાજ શ્રુરતાનસિંહ રાજા યશવન્તસિંહને

મળ્યો. બન્નેના બંધુભાવમાં વધારો થયો. શૂરતાનસિંહ આનંદપૂર્વક અચલગઢ ચાલ્યો ગયો. તે દિવસે બાદશાહના દરબારમાં શિરોહીરાજને જેવું માન મળ્યું હતું તેવુંજ માન તેના વંશના રાજાઓને હજુ સુધી મળ્યા કરે છે. શિરોહીરાજને દરબારમાં લાવી હાજર કરવાથી નાહુરખાંનું ગૌરવ પણુ દેશમાં સર્વત્ર વિશેષ વધી ગયું.

૫

મારવાડના મેહેસુલી દિવાનના મેહેલના એક ન્હાના ઓરડામાં એક યુવતિ બેઠી બેઠી એક ચિત્તે કાંઇક ચિન્તા કરી રહી છે. યૌવનની મનોહર પ્રફુલ્લતાને લીધે તેનું સૌંદર્ય તરતના વિકસેલાં કમળફુલ પેઠે મધુરતા ફેલાવતું હતું. પહોળા સફેદ કપાળ ઉપર થઇને ગુલાબી–રાતા ગાલ ઉપર આવી પડેલા કાળા ચીકણા વાળ તેના મુખની શોભામાં વધારો કરતા હતા; જાણે કાળાં વાદળાંની વચમાં પૂર્ણિમાનો ચંદ્ર! ચળકતી બે આંખો જાણે નક્ષત્ર! બે ભ્રમરો જાણે મેઘ ધનુષ્ય! તે સર્વ સુંદર અવયવોવાળી, યૌવનના બહારમાં મદમસ્ત બનેલી યુવતિ, શરીરના ભારને નહિ ધારણ કરી શકવાથી ભૂમિ ઉપર સૂતી છે. તેના કપાળ ઉપર ચિન્તાની રેખા જણાય છે. તેજ સ્થાનમાં એકાએક બીજી રમણી આવી ઉભી છે. તેણે પુછ્યું:—

"આ શું? જમીન ઉપર કેમ સૂતાં છો?"

યુવતિઃ માતા વસુન્ધરાના ખોળામાં તો આપણું આશ્રય સ્થાન છે.

રમણીઃ છટ્! એ શબ્દો તમારા મુખમાં શોભે છે કે?

યુવતિઃ કેમ? મ્હારા મ્હોડામાં નહિ શોભવાનું કારણ

રમણીઃ રાજરાણીના જેવું રૂપ લઇને જન્મી છે. માતા વસુન્ધરા ત્હને ખોળામાં આશ્રય કેમ આપશે!

યુવતિઃ જે ગમે તેટલી, ધણી રૂપવંતી હશે તોપણુ તેને એક દિવસ એજ ધૂળવાળી વસુન્ધરા માતાના ખોળામાં આશ્રય લેવો પડશે. મ્હારૂં વળી એટલું બધું શું રૂપ છે કે તેને માટે આટલાં બધાં વખાણ!

રમણીઃ એવા શબ્દો બોલશો નાહ! આવું સુંદર રૂપ, એજ રાજરાણીને લાયક છે.

યુવતિઃ તું વારંવાર રાજરાણીની વાત શા માટે કહે છે? ત્હારી વાત સ્પષ્ટ રીતે સમજાતી નથી.

તે આવેલી રમણી જરાક હાસ્ય કરતાં બોલીઃ–શું રાજરાણી કહું છું તે ત્હને સારૂં લાગતું નથી?

યુવતિઃ સારૂં તો લાગે છે પણ ત્હારે મ્હોડેથી એવા શબ્દો વારંવાર કેમ બોલાય છે તે કહે જોઉં?

રમણીઃ ઠીક, કહું છું. મનમાં ધાર કે જો ત્હને કોઇ રાજરાણી બનાવવા ચ્હાય તો શું ત્હારી ઇચ્છા નહિ થાય?

યુવતિઃ અસમ્ભવિત છે. રાજપૂતાનામાં રાજપૂતની કન્યા સિવાય બીજી કોઇ રાજરાણી થઇ શકે છે કે? અમે તો રાજપૂત નથી.

રમણીઃ રાજપૂતો શું બીજી જાતિની કન્યાઓને રાણી બનાવી શકતા નથી?

યુવતિઃ કદી પણ નહિ.

રમણીઃ હવે વધારે શું કહું? કદાચ કોઇ ખરેખર બનાવે તો?

યુવતિઃ હવે તું આડી અવળી વાત જવા દઇને સત્ય વાત કહે. ત્હારી ખરી મતલબ હું સમજી શકતી નથી.

રમણીઃ શાંત થા. બધું જ કહું છું. ઉતાવળી થઇશ નહિ. પહેલાં જોઇ આવું કે બહાર કોઈ છે કે નહિ?" એટલું કહીને તે રમણી ઓરડામાંથી બહાર ગઇ અને નજીકમાં કોઇ છે કે નહિ તેની તપાસ કરવા લાગી. અમે આ સ્થળે તેની થોડીક ઓળખાણ આપીએ છીએ.

પહેલી યુવતિ તે મારવાડના મેહેસુલી દિવાનની કન્યા છે. મેહેસુલી દિવાન એ જાતિનો રાજપૂત નથી પણ ક્ષત્રિય જાતિનો છે. તેઓમાં કન્યાનાં લગ્ન મ્હોટી ઉમ્મરે કરવામાં આવે છે. જો કે માતાપિતા વર નક્કી કરે છે પરંતુ અનેક વખતે કન્યાની મરજી પ્રમાણે લગ્ન થઇ શકે છે. દિવાનની કન્યા યુવતિ થવા છતાં પણ હજુ તેનાં લગ્ન થયાં નથી. બીજી રમણી તે તેની પાડોસણ હતી. તે લગ્નને માટે વર કન્યા નક્કી કરતી ફરે છે. અને કેટલીક વખત પ્રેમી યુવક યુવતિના સંદેશા લાવ લઇજા કરવાનું કામ પણ

કરે છે. વરકન્યાનાં ચોકઠાં ગોઠવતી ફરે છે! એ પ્રેમાનાં અંતઃકરણ ઠંડા પાડવાનું પરમાર્થી કામ કરે છે! કેટલીક વખત તો બન્ને પ્રેમીઓને એકાંતમાં મળી વાતચિતનો આનંદ ભોગવવાની પણ સગવડ કરી આપે છે! તે પરગજુ છે! તેને હાથે કેટલાંક પ્રેમી વરકન્યાનાં ચોકઠાં બેસી ગયાં છે. કેટલાક વખત તે વરના અને કન્યાઓના સમાચાર લાવી પોતાના હૃદયરૂપી રજીષ્ટર ઉપર નોંધી રાખે છે, અને વખત આવતાં તેનું નામ ઉમેદવારમાં ગોઠવી દે છે! વર કે કન્યામાં જે ગુણ હોય કે ન હોય તોપણ જરૂર પડતાં રસ અલંકાર સાથે તે તેમનાં વર્ણન કરે છે! તેની બુદ્ધિની હદ નથી! આજે તેણે જે સમાચાર આણ્યા છે તે સંબંધી અત્રે કંઇક જણાવવું ઉચિત છે. સાંભળો.

દિલ્હીશ્વર બાદશાહ ઔરંગઝેબના સામ્રાજ્યનો વિસ્તાર ફેલાવવાને માટે ઘણા દેશોમાં યુદ્ધ કર્યા પછી મહારાજ યશવન્તસિંહ, થોડાક દિવસ વિશ્રામ લેવાની આશાથી જોધપુર આવ્યા છે. તેઓ નાના પ્રકારના આનંદ વિલાસ અને રમત ગમતમાં દિવસો વિતાડતા હતા. કોઇ ચોક્કસ કામ નિયમિત કરવાનું નહિ હોવાથી મનુષ્યનું મન ઉદ્ધત થઇ ઉઠે છે. યશવન્તસિંહના ચિત્તની પણ તેવીજ સ્થિતિ થઇ હતી. રાઠોડ રાજાઓ બાલ્યાવસ્થાથી બ્રહ્મચર્ય પાલન કરીને પોતાનું ચરિત્ર બાંધતા. યશવન્તસિંહ પણ બ્રહ્મચારી રહીને ચરિત્રવાન પુરૂષ થયા હતા, પરંતુ હમણાં તેમનું ચિત્ત ચંચળ થઇ ઉઠયું છે. એક દિવસ તેમણે રાજમેહેલમાં મેહેસુલી દિવાનની યુવતિ કન્યાને દીઠી ત્યારથી તેઓ તેના ઉપર મોહ પામ્યા અને તેને મેળવવાને માટે વ્યાકુળ થઇ ઉઠયા હતા. જો કે તેઓ જાણતા હતા કે તેની સાથે લગ્ન થઇ શકશે નહિ તેમ છતાં પણ તે સુંદરી યુવતિ સાથે એક વખત ગુપ્ત રીતે મળીને વાતચિત કરવાની પ્રબળ ઉત્કંઠા થઇ હતી! યશવન્તસિંહે દિવાનની એક પાડોસણને હાથમાં લઇ દિવાનની કન્યાને મળવાની ગોઠવણ કરી હતી. આ ગોઠવણ પ્રમાણે સર્વેને "દેવી બાવડી" ની જગ્યામાં મળવાનું નક્કી થયું હતું. રાજાની ભલામણ લઇને પાડોસણ આજે આવી હતી. દિવાનની કન્યા સાથે પાડોસણને જે જે વાત થઇ તે ઉપર જણાવવામાં આવી છે.

પાડોશણ રમણી ઓરડાની બહાર જઇ બરોબર જોઇ આવી. ત્યાં કોઇ નહોતુ તેથી ઓરડામાં પાછી આવી દિવાનની કન્યાને કહેવા લાગીઃ

"તું કોઇ દહાડો રાજમેહેલમાં ગઇ હતી વારૂ ?"

કન્યાઃ હા, કેટલાક દિવસ ઉપર રાણીઓને મળવા એક વખત ગઇ હતી.

રમણીઃ રાજાની સાથે મેળાપ થયો હતો કે ?

કન્યાઃ રાજાને એક વખત જોયા હતા.

રમણીઃ રાજાએ પણ ત્હને જોઇ હતી કે ?

કન્યાઃ વખતે તેમ બન્યું હશે.

રમણીઃ તેથી તો ઉથલ પાથલ થઇ ગઇ છે !

કન્યાઃ શું થયું છે તે ખુલ્લી રીતે કહોને.

રમણીઃ રાજાએ જે દિવસથી ત્હને જોઇ છે તે દિવસથી ગાંડા જેવા બની ગયા છે.

કન્યાઃ ત્યાર પછી ?

રમણીઃ ત્યાર પછી શું ? હું પણ કંઇ અનુમાન કરી શકતી નથી.

કન્યાઃ ત્યારે તો અહિંજ પડદો પાડી દેવાથી સારૂં થશે.

રમણીઃ પડદો નાંખવાની હજુ વાર છે.

કન્યાઃ શા માટે વાર છે ?

રમણીઃ ખરેખર, તમારાં લગ્ન થઇ શકે નહિ ?

કન્યાઃ હા, તેમ બનેજ નહિ ?

રમણીઃ વારૂ, કદાચ રાજા ત્હારી સાથે, પહેલાંના વખતની પેઠે ગાંધર્વ લગ્ન કરે તો ?

કન્યાઃ તે પણ કેમ બને ?

રમણીઃ કેમ, તેમાં વિઘ્ન કેમ આવે ?

કન્યાઃ તેવાં લગ્ન માટે પિતાજી રજા કેમ આપે ? તમે આટલુ બધું પુછોછો તેનું કારણ શું ?

રમણીઃ તું હજુ પણ સમજી નહિ ? રાજાએ મ્હને ત્હારી પાસે મોક-

લીને આ બધું કહાવ્યું છે. એ બધી બાબત નક્કી કરવા માટે રાજાજી એક વખત ત્હને મળવા માંગે છે.

કન્યા: સત્યાનાશની વાત! તેમ શી રીતે બનશે?

રમણી: ડરવાનું કારણ નથી. હું ત્હને મ્હારી સાથે લઇ જઇશ. "દેવી બાવડી" ની પાસે એકાંત જગ્યામાં તમારો મેળાપ થશે. ખુલાસાથી વાતચિત થશે. તેમાં ત્હને અડચણ શી છે?

કન્યા: મ્હને તો ઘણી બ્હીક લાગે છે!

રમણી: રાજરાણી થવા જતાં એટલી બ્હીક રાખવાથી ચાલશે નહિ. મનમાં હિમ્મત રાખ. ચિત્તને સ્થિર કર. હું એક દિવસ નક્કી કરી ત્હને મ્હારી સાથે લઇ જઇશ. ત્હારે જરા પણ ગભરાવાનું કારણ નથી. હું ત્હારી સાથેજ રહીશ."

આટલું કહીને પાડોસણ રમણી ચાલી ગઇ. દિવાનની કન્યા મનમાં ને મનમાં વિચારવા લાગી: "ખરેખર, મારવાડના રાજા જો મ્હને રાણી બનાવવા ચ્હાતા હોય તો તેમાં અડચણ શી છે? અને ખોટુંએ શું છે? હું રાણી થઇ શકું કે નહિ તે તો રાજાજ નક્કી કરશે. રાણી બનાવી શકે તો સારી વાત છે. નાહ બનાવે તો મ્હારા નશીબમાં જે લખ્યું છે તેજ થશે. તેઓ એક વખત મ્હારી સાથે વાતચિત કરવા ચ્હાય છે તો ઘણી ખુશી સાથે હું તેમને મળીશ. વાતચિત કરીશ. આશાનો પ્રકાશ ઓલવીને ભવિષ્યમાં અંધારૂં શા માટે કરવું?" આવા વિચારો કરતી દિવાન કન્યા ઓરડામાંથી બહાર આવી. બારીમાં ઉભી ઉભી સ્વચ્છ હવા ખાવા લાગી.

૬.

અંધારી રાત છે. અંધારા વડે ચારે દિશાઓ કાળી થઇ રહી છે. "દેવી બાવડી" ના પાણીમાં પણ અંધારાની કાળાશ જણાય છે. ફક્ત તારાઓનો ઝાંખો પ્રકાશ, અંધારાની પાછળ પાછળ સ્હેજ અજવાળી રેખા નાંખે છે. આ સમયે "દેવી બાવડી" ને કિનારે એક બળવાન પુરૂષ ઉંચાં સુંદર વસ્ત્રો પહેરીને આમ તેમ ફરતો હતો. તેનાથી થોડેક વેગળે કેટલાંક માણસો ગુપચુપ ઉભાં હતાં. એ પુરૂષ બીજો કોઇ નહિ પણ મારવાડના

રાજા યશવંતસિંહ અને માણસો તે તેમના નોકરો હતા. યશવન્તસિંહ, દિવાનની કન્યાને મળવા માટે આવી અંધારી રાત્રે આવા જંગલ જેવા સ્થાનમાં આવ્યા છે. અને તેનીજ વાટ જોતા આમ તેમ ફરે છે. ફરતાં ફરતાં યશવન્તસિંહે મનમાંજ વિચાર કર્યો કેઃ "તેમને આવતાં વાર થતી જણાય છે. વારૂં, દિવાનની કન્યાને શું ખરેખર રાણી નહિ બનાવી શકીશ? તે રાજપૂતાણી નથી તેથી શું હેને રાણી નહિ બનાવી શકાય? તેમાં શું? તે ક્ષત્રાણી તો છે. જેને આટલું બધું સુંદર રૂપ છે તે રાજપુતાણી નહિ હોય તો પણ તે રાણી થવાને યોગ્ય છે. હું તેને રાણી બનાવીશ. પરંતુ જો બધા વાંધો કહાડશે તો ઉપાય શું? વારૂં, રાણી ના બનાવી શકાય તો તેને પ્રણયિની બનાવવામાં અડચણ શી? દિવાનની કન્યા શું તેમાં વાંધો લેશે? મારવાડના રાજાનો પ્રેમ મેળવવા કોણ ના કહેશે? ગમે તેમ થાય તો પણ હું તેને મ્હારા હૃદયની રાણી બનાવીશજ." આવા વિચારો કરતો કરતો રાજા બે ચાર પગલાં આગળ વધ્યો. અને એકાએક કમ્પાયમાન થઇને ઉંચે અવાજે બોલી ઉઠયોઃ—

"ઓહ! આ શું? આ છાંયા છે કે મૂર્તિ? આજ "દેવી બાવડી" છે! આ સ્થળેજ ભિલાડનો દેવી ઉપાસક બટુકજી બ્રાહ્મણનો પ્રેતાત્મા ફરતો ફરે છે. એવું સાંભળ્યું છે. તેના શ્રાપથી મ્હારા દાદા ઉદયસિંહ મરણ પામ્યા હતા. સમસ્ત રાઠોડ વંશને તેણે એવોજ શ્રાપ આપ્યો છે. ઓહ! આ શું? આ કોણ? મૂર્તિ ધીમે ધીમે ભયંકર શરીર ધારણ કરે છે! ઓહ! બાપ રે! અસહ્ય!"

એટલું બોલ્યા પછી થોડીવારે તેણે મ્હોટે અવાજે કહ્યુંઃ-કોણ છે રે! મ્હારૂં રક્ષણ કરો! દોડો!" એવા શબ્દો બોલતો રાજા મૂર્છા ખાઇને જમીન ઉપર પડી ગયો! રાજાના નોકરો સત્વર ત્યાં દોડી આવ્યા. અને રાજાને મૂર્છા પામેલો જોઇ "દેવી બાવડી"માંથી જળ લાવી તેના મ્હો ઉપર છાંટયું, પરંતુ મૂર્છા ભંગ થઇ નહિ, તેથી તેવીજ સ્થિતિમાં તેને જોધપુર લઇ ગયા.

જોધપુરમાં લાવ્યા પછી સઘળાંએ રાજાની મૂર્છા ભંગ કરવા માટે આખી રાત યત્ન કર્યો પણ કાંઇ ફળ મળ્યું નહિ. બધાંએ નિશ્ચય કર્યો

કેઃ—ભીલાડના આર્યાપંથી બ્રાહ્મણ બટુકજીનો પ્રેતાત્મા રાજાના શરીરમાં ભરાયો છે. રાજા દિવાનની કન્યાને મળવા માટેજ દેવી બાવડી તરફ ગયા હતા; એ વાત પણ સઘળાના જાણવામાં આવી. બીજે દિવસે રાજ્યના અમલદારોએ તથા રાજકુટુંબી જનોએ સલાહ મસલત કરી અને એક ભૂત-પ્રેત ઉતારનાર ભૂવાને બોલાવ્યો. મહેલમાં રાજ્યના મ્હોટા મ્હોટા અમલદારો ભેગા થયા હતા તેમાં નાહુરખાં પણ હાજર હતો. ભૂવાએ રાજાના રોગની પરિક્ષા કરી અને કહ્યું કેઃ રાજાના શરીરમાં કોઇ પ્રેતાત્માજ ભરાયો છે. સઘળાંએ તે ભૂત કહાડવા કહ્યું. ભૂવાએ રાજા જે ઠેકાણે સૂતા હતા તે ઠેકાણે સરસવ મંત્રીને છાંટયા એટલે રાજા ઉઠીને બેઠા થયા. ત્યાર પછી કેટલીક વસ્તુઓ લઇને ભૂવાએ એક આસન બનાવ્યું, અને તેમાં રોગીને બોલાવવાની ક્રિયા કરી. રોગી (રાજા)ની ધણીએ ઇચ્છા નહોતી છતાં ભૂવાના મંત્ર બળવડે તેને તે આસનમાં આવવુંજ પડયું. ભૂવાએ તેને પ્રશ્નો પૂછવા માંડયા અને રાજા—રોગી—એ જવાબ દેવા માંડયા.

ભૂવોઃ તારૂં નામ શું ?

રાજાઃ બટુકજી.

ભૂવોઃ ઘર કયાં ?

રાજાઃ ભિલાડ.

ભૂવોઃ કયાં રહે છે ?

રાજાઃ દેવી બાવડીમાં.

ભૂવોઃ શા માટે રાજાના શરીરમાં ભરાયો ?

રાજાઃ રાજાએ દિવાનની કન્યા સાથે પ્રેમ બાંધવાની ઇચ્છા રાખી હતી.

ભૂવોઃ તેમાં ત્હને શું અડચણ ?

રાજાઃ મેં શ્રાપ આપ્યો છે કે રાઠોડ વંશનો જે રાજા વ્યભિચારી થશે તેના શરીરમાં હું ભરાઇશ. ઉદયસિંહનું સત્યાનાશ કહાડયું છે. જે રાજા તેના જેવો કામાંધ થશે તેની પણ એવીજ દશા થશે.

ભૂવોઃ હવે રાજાના શરીરમાંથી નિકળવું છે કે નહિં ?

રાજાઃ હા.

ભૂવોઃ ત્હારે શું જોઇએ છે ?

રાજાઃ રાજાના જેવોજ કોઈ સરદાર પોતાના દેહનું બલિદાન આપે તો હું રાજાને છોડી દઇશ.

આટલો વખત સુધી ત્યાં બેઠેલાં માણુસો શાંત રીતે સાંભળ્યા કરતાં હતાં. શાંતિનો ભંગ કરતાં નાહુરખાંએ કહ્યું:--

"રાજાને માટે હું મ્હારૂં શરીર આપવા તૈયાર છું. આવ, પ્રેતાત્મા! મ્હારો પ્રાણુ લે, અને રાજાને છોડી દે."

નાહુરખાંના આવા શબ્દો સાંભળતાંજ ભૂવાએ મંત્રના બળવડે પ્રેતાત્મા (ભૂત)ને એક પાણીના લોટામાં ઉતારી મોઢું બંધ કર્યું; અને મંત્ર ભણુતાં ભણુતાં તે લોટો રાજાના માથા ઉપર ત્રણુ વખત ઉતારીને નાહુરખાંને આપ્યો. નાહુરખાંએ આનંદ ભરેલે ચ્હેરે તે લોટામાંનું પાણી પીધું; એટલે તરત રાજાની મૂર્છા મટી ગઇ, અને તેનું ચિત્તભ્રમ પણુ દૂર થયું ! રાજાને આ પ્રમાણે સાજા થયલા જોઇ સર્વને આનંદ થયો; અને સૌ કરતાં નાહુરખાંને ઘણોજ આનંદ થયો હતો પણુ તેજ વખતથી નાહુરખાંના શરીરમાં રોગ વિકાર જણાવા લાગ્યો. બધાંએ જાણ્યું કેઃ બટુકજીના પ્રેતાત્માએ રાજાનો ત્યાગ કરી નાહુરખાંના શરીરમાં ભરાયો છે. નાહુરખાંના આવા આત્મદાનથી સૌ ચમકી ગયાં. રાજા યશવન્તસિંહના સાજા થવાથી જેમ સઘળાને આનંદ વાપ્યો તેજ પ્રમાણે નાહુરખાંનું આત્મદાન જોઇ સઘળાં વિસ્મય પામ્યાં.

૭.

તેજ દિવસથી નાહુરખાંનું ચિત્ત ભ્રમિષ્ઠ થવા લાગ્યું. ક્ષણે ક્ષણે હૃદયમાં છટ્ફટ્ છટ્ફટ્ થયા કરતું. આ રોગ ધીમે ધીમે વધતો ગયો. તેણે મનમાં દ્રઢ નિશ્ચય કરી લીધો હતો કે ખરેખર બટુકજીના પ્રેતાત્માએ તેના શરીરમાં પ્રવેશ કર્યો છે. પ્રબળ રીતે માની લીધેલી માનસિક ધારણાને ક્ષણે ક્ષણે પુષ્ટિ મળતી ગઇ તેમ તેમ તેનો રોગ ભયંકર સ્થિતિએ પહોંચતો ગયો. આ જગત્માં વ્હેમનું ઓસડ નથી. ધીમે ધીમે તેનું શરીર સુકાઇ ગયું; અને છેવટે તેની જીંદગીની છેલ્લી પળો આવી પહોંચી રાજ્યના

સઘળાં માણુસો નાહુરખાંની છેલ્લી પળો માટે અત્યંત ખેદ બતાવવા લાગ્યાં. સર્વ કરતાં રાજા યશવંતસિંહને અત્યંત દુઃખ થયું. જેની મદદ વડે રાજાએ અનેક ભયંકર યુદ્ધમાં વિજય મેળવ્યો હતો તેજ જમણા હાથ સ્વરૂપ નાહુરખાં આજે મરણની પથારીએ હોવાથી રાજાના હૃદયમાં તીવ્ર વેદના થવા લાગી. નાહુરખાંનું આત્મદાન જોઇ રાજા વિહ્વળ થઈ ગયો. તેને માટે નાહુરખાંએ સિંહના પિંજરામાં પ્રવેશ કર્યો હતો, તેને માટે તેણે શિરોહી રાજના વિકટ કિલ્લામાં પ્રવેશ કરી દેવરરાજ શૂરતાનને પકડી આણ્યો હતો, દક્ષિણથી અટક સુધીના પ્રદેશમાં જેટલાં ઘોર યુદ્ધ થયાં તેમાં નાહુરખાંએ રાજાની છાયા પેઠે રહી તેનું રક્ષણ કર્યું હતું, અને વિજય-લક્ષ્મિના હાથમાંથી કમળ ફૂલની માળા લઈને રાજા યશવંતસિંહના ગળામાં પહેરાવી હતી; અને આજે પણ રાજાના પ્રાણ બચાવવા તેજ પોતાનું આત્મદાન કરવા બેઠો છે! આવો સ્વામી ભક્ત, આવો વીર, સાહસી અને આવો નિઃસ્વાર્થી પરાક્રમી રાઠોડ કુલદીપક નાહુરખાં મરણની પથારીએ!! રાજા યશવંતસિંહ નાહુરખાંની વીરતાની વાતો સંભારી સંભારીને અશ્રુપાત કરવા લાગ્યા. ન્હાના બાળક પેઠે બે હાથે આંખો ઢાંકી દઇને ડચકાં ખાવા લાગ્યા. તેના હૃદયમાં અતિશય વેદના થવા લાગી. રાજાએ નાહુરખાંને સારો કરવા માટે અનેક ઉપાયો કર્યા પરંતુ તેનું સારૂં પરિણામ આવ્યું નહિ. નાહુરખાંને દ્રઢ વિશ્વાસ થયો હતો કે પોતાના પ્રાણને બદલે રાજાના પ્રાણ બચ્યા છે તેથી તેનો પ્રાણ પરલોકમાં ગયા સિવાય રાજાના પ્રાણની ચિંતા મટશે નહિ. એ દ્રઢ વિશ્વાસને લીધેજ તેણે પોતાના મ્હોતને આકર્ષણ કરી વહેલું બોલાવી લીધું હતું.

જે વખતે ત્હેની છેલ્લી ઘડી આવી પહોંચી તે વખતે તેનો રોગ મટી ગયો હતો. પરંતુ તેના મનનો દ્રઢ નિશ્ચય, સમાન ભાવે ક્રિયા કરી રહ્યો હતો. મનનો નિશ્ચય એજ મ્હોટા મ્હોટા યોદ્ધાઓને મૃત્યુને શરણ કરે છે. આત્મવિશ્વાસથીજ નેપોલિયન આલ્પસ પર્વત ઉપર ચ્હડયો હતો અને તેણે મૃત્યુ ઉપર વિજય મેળવ્યો હતો—બ્હીકને પગ તળે કચડી નાંખી હતી. આત્માવિશ્વાસ વડે મ્હોટાં મ્હોટાં વિકટ કામો સરલતાથી સંપૂર્ણ થાય

છે. આત્મવિશ્વાસથીજ ન્હાનાં કામો વિકટ ભયંકર જણાય છે. એ બધું મનના નિશ્ચયનું કારણ છે. નાહુરખાંએ જે ભયંકર વિચાર મનમાં દૃઢ રીતે સ્થાપ્યો હતો તેણેજ તેના મૃત્યુનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. નાહુરખાં મરણની પથારીએ પડયો હતો. તેના કુટુંબ પરિવારનાં મનુષ્યો આસપાસ વિંટલાઇ વળીને ચોધાર આંસુએ રડતાં હતાં. નાહુરખાંના આવા આત્મદાનથી સઘળાં તેના ઉપર અતિશય શ્રદ્ધા રાખતા હતા. પ્રથમથીજ તેની અટલ રાજભક્તિ સમસ્ત રાજસ્થાનમાં પ્રસિદ્ધિ પામી હતી. આ વખતે તેના આત્મદાને તે ભક્તિને વધારે ઉજ્વળ કરી મુકી. રાજા યશવંતને ખબર મળતાંજ તેઓ ત્યાં આવી પહોંચ્યા. અને નાહુરખાંની અવસ્થા જોઇને તેમના નેત્રોમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં. સઘળાં નાહુરખાંને માટે અતિશય શોક કરવા લાગ્યાં. મુખ્ય કરીને તેના કુટુંબની અવસ્થાનું વર્ણન થઇ શકે તેમ નથી. તેમની સ્થિતિ જોઇને સઘળાંનાં નેત્રમાં આંસુ છલકાઇ આવ્યાં.

રાજાને જોઇને નાહુરખાંએ કહ્યું: મહારાજ! હું જાઉં છું. મારવાડનું ગૌરવ અખણ્ડિત રાખજો.

રાજા: મારવાડના ગૌરવનું હવે બીજો કોણ રક્ષણ કરશે?

નાહુરખાં: રાઠોડો હજુ પણ શક્તિહીણ થયા નથી.

રાજા: પરંતુ એટલી શક્તિ કોનામાં છે? મ્હારે માટે કોણ સિંહના પિંજરામાં પેસશે? ભયંકર પર્વતો ઓળંગી કોણ શિરોહીરાજને પકડી લાવશે? તલવાર હાથમાં લઇને દક્ષિણથી અટક સુધીના પ્રદેશમાં, મ્હારી બાજુએ કોણ ઉભો રહેશે? અને છેવટે પોતાનું આત્મદાન આપી મ્હારા પ્રાણની કોણ રક્ષા કરશે?

નાહુરખાં: મહારાજ! નિશ્ચિંત રહો. ભગવાન, રાઠોડોના ગૌરવનું રક્ષણ કરશે. આપ સાવચેતીથી બાદશાહ જોડે વર્તજો.

રાજા: તેમ કરી શકીશ કે નહિ તે કહી શકાતું નથી.

નાહુરખાં: અવશ્ય વર્તી શકશો. મહારાજ, હવે મ્હને વિદાયગિરી આપો. ભગવાન આપના ગૌરવનું રક્ષણ કરશે.

ત્યાર પછી તેણે પોતાના પુત્રને પાસે બોલાવ્યો; અને તેને નાહુરખાંએ કહ્યું:—

"જો વત્સ! પ્રેતાત્માએ મ્હને આત્મદાન કરવાનું કહ્યું હતું. કેવી રીતે આત્મદાન કરવું તે હું સમજી શકતો નથી તેથી મનમાં શાંતિ થતી નથી. હવે મ્હારી છેલ્લી ઘડી આવી પહોંચી છે. તે કાંઇક રોગને લીધે હશે. મ્હારા પ્રાણનો ત્યાગ એજ આત્મદાન હશે એવું મ્હારા મનમાં નક્કી થતું નથી. તેથી મ્હેં નક્કી કર્યું છે કે આજથી મ્હેં રાઠોડ રાજાના પ્રધાનની પદવી છોડી દીધી છે. આજ પછીથી તું અથવા ત્હારા કોઇ વંશજો એ પદવીનો દાવો કરી શકશે નહિ."

"આપની શિખામણ માથે ચ્હડાવું છું." પુત્રે ઉત્તર આપ્યો.

રાજા યશવંતસિંહે કહ્યું: મુકુન્દદાસ, પ્રાણ વિસર્જન કરીને પણ તમારી આત્મદાન કરવાની ઇચ્છા તૃપ્ત થઇ નહિ: છેવટે મારવાડના પ્રધાનની પદવી પણ બીજાને દાન કરી દીધી? નહિ, તેમ કદી પણ થઇ શકશે નહિ.

"ના મહારાજ, આપ અડચણ કરશો નહિ. તેમ કરશો તો હું શાંતિપૂર્વક મરણ પામી શકીશ નહિ: મ્હારા મૃત્યુ વખતે મ્હને શાંતિ પમાડવી એજ આપની ફરજ છે." નાહુરખાંએ ક્ષીણ સ્વરે કહ્યું.

"ત્યારે ત્હારી જેવી મરજી." કહીને રાજાએ ઉંડો નિઃશ્વાસ નાંખ્યો.

નાહુરખાંએ કહ્યું: "મહારાજ, મ્હારો વખત થયો છે. મ્હને રજા આપો."

એટલું કહીનેજ નાહુરખાંએ આંખો હમેશને માટે બંધ કરી દીધી. બધાંનાં નેત્રમાં આંસુ ભરાઇ ગયાં. તેના કુટુંબીજનો ભોંય પર ધૂળમાં આળોટવા લાગ્યાં! રાજા યશવન્તસિંહની આંખો આંસુથી પલળી ગઇ અને તે સ્થાનેથી તેઓ તરત ચાલ્યા ગયા!

ધન્ય છે નાહુરખાં! ધન્ય તમારૂં પરાક્રમ! ધન્ય તમારી વીરતા! ધન્ય તમારૂં આત્મદાન! તમારૂં આત્મદાન, જગત્‌માં હંમેશને માટે ઉચ્ચ

આદર્શ થઇ પડશે. આત્મદાનને માટેજ ત્હમે જન્મ્યા હતા, તેથીજ તમારૂં જીવન આરંભથી તે અંત પર્યંત આત્મદાનથી પરિપૂર્ણ છે. તમારા જેવા પ્રભુ-ભક્તોનું આત્મદાન એજ રાજસ્થાનનું ગૌરવ; માત્ર રાજસ્થાનજ નહિ પણ સમસ્ત ભારતવર્ષ તેટલા માટે સંજીવિત હતું, તેટલા માટેજ સમસ્ત હિંદુજાતિએ તમારૂં અસ્તિત્વ રાખ્યું હતું. માત્ર પઠાણોની તીક્ષ્ણ તલવારોના ઘા સહન કરીને પણ માત્ર તમારે માટેજ હિંદુઓનું હિંદુત્વ અક્ષુણ્ણ હતું. જો આજે અમે તમારી પુણ્ય વાર્તાનું સ્મરણ કરી ધન્ય થઇ શકીએ તો કોઇ દિવસ મનુષ્ય પણ થઇ શકીશું. પરંતુ તે આશા આકાશ કુસુમ સિવાય બીજું કાંઇ નથી. વાસ્તવિક રીતે જોતાં નાહુરખાંનું આ અપૂર્વ આત્મદાન રાજસ્થાનમાં સર્વત્ર ગવાય છે. તેની પુણ્યમય વાર્તા રાજપૂતો પ્રેમથી સાંભળે છે. રાજપૂત રાજાઓ તેને " વિશ્વાસુનો વિશ્વાસુ " કહીને બોલાવે છે. રાજપૂત સરદારો, તેનું નામ સાંભળતાં ભક્તિપૂર્વક માથું નમાવે છે. જે દિવસથી તેણે આત્મદાન કર્યું છે તે દિવસથી નાહુરખાંના વંશજો, આશોપના કુમ્પાવતને બદલે આહોબના ચમ્પાવતોએ, મારવાડના ઉચ્ચ પ્રધાનની પદવી મેળવી છે.

ધન્ય મુકુન્દદાસ ! ધન્ય રાઠોડવીર ! તમારા જેવા પ્રભુ ભક્તો અને તમારા જેવા આત્મદાન કરનારા વીરપુરૂષોને અમે નમન કરીએ છીએ.*

---

*આ વાર્તાના મૂળ ભાગ માટે Tod's History of Rajasthan Vol. II મારવાડ જુવો.

ब्राह्मणनो श्राप. २

પાંચ નદિનાં મીઠાં-મધુર-જળ વડે સિંચાયલો પંચનદ પ્રદેશ હસી ઉઠયો હતો. ઇરાવની નદિથી થોડેક વેગળે આવેલું લાહોર નગર પોતાની દિવ્ય કાંતિ ફેલાવીને શોભા મેળવી રહ્યું હતું. નગરના કિલ્લામાંનો મેહેલ, અકબર બાદશાહે બંધાવેલાં નવાં નવાં ઝરૂખાંઓ વડે શણગારાઇ તેનું ગૌરવ બતાવી રહ્યો હતો. હિંદુ અને મુસલમાન કારીગરોની મિશ્ર બુદ્ધિ-ચતુરાઇ વડે, એ આખો મેહેલ બાંધવામાં આવ્યો હતો. મેહેલમાંનો દરબાર-હૉલ, લશ્કરી સિપાહીઓને રહેવાનાં મકાનો, અમલદારોને બેસવાના ઓરડાઓ અને જનાનખાનુ; એ સઘળાં નવું શરીર ધારણ કરી રહ્યાં હતાં. જનાનખાનાના ઓરડાઓમાં વેલ, પાંદડાં, ફુલ, પક્ષી વગેરેનાં સુંદર ચિત્રો હોવાથી તે વિશેષ શોભાયમાન થઇ રહ્યા હતા. કોઇ કોઇ ઓરડામાં હિંદુ દેવદેવીઓની છબીઓ પણ ચિતરવામાં આવી હતી. બાદશાહ જયારે લાહોરમાં આવતા ત્યારે તે ઓરડાઓમાં તેમની પ્રિય રાણી જોધાબાઇ રહેતી હતી. જોધાબાઇ એ જોધપૂરના રાજા માલદેવની કન્યા અને રાજા ઉદયસિંહની બહેન થતી હતી. કહેવામાં આવે છે કે જોધાબાઇના ગર્ભથીજ, બાદશાહના મ્હોટા પુત્ર સલીમનો જન્મ થયો છે. પરંતુ એ વાત ઇતિહાસથી વિરૂદ્ધ છે. આ સ્થળે તેની ચર્ચા કરવી એ જરૂરનું નથી. અકબરના મૃત્યુ પછી સિંહાસન ઉપર બેસીને સલીમેજ "જહાંગીર"નું નામ ધારણ કર્યું હતું. ત્યાર પછી સલીમે ઉદયસિંહની કન્યા જગતબાઇ જોડે વિવાહ કર્યો હતો.§

લગભગ બે વર્ષ થયાં બાદશાહ લાહોરમાં આવ્યા છે. સિંધુ ઉપર

§ મુસલમાન ઇતિહાસ લેખકો આ સ્ત્રીને "જગત્ વેરાગણુ" કહે છે.

જીત મેળવવાને લશ્કર મોકલી તેઓ તે સ્થળેજ રહેતા હતા. તેમની સાથે તેમના કુટુંબનાં સર્વ માણસો હતાં. લગભગ ત્રણ મહિના થયા લાહોરમાં બાદશાહનો એક પૌત્ર આ જગતની હવા ખાઇ રહ્યો છે. સલીમની પત્નિ જગતબાઇના ગર્ભથી ત્હેનો જન્મ થયો છે. પૌત્ર જન્મવાથી બાદશાહને અતિશય આનંદ થયો છે. બાળક શાહજાદાના જન્મને શુભ અવસરે લાહોરમાં મ્હોટી ધામધૂમ થઇ રહી છે. આ બાળકનું નામ ખુરમ રાખવામાં આવ્યું હતું, પરંતુ સમય આવતાં એણેજ " શાહજહાં " નામ ધારણ કરી તેજ બાદશાહી રાજગાદી ઉપર બેઠો હતો.

લાહોરના મેહેલના એક ઓરડામાં અનેક સુંદર ચિત્રો ચિત્રેલાં છે, સુંદર સુંદર વસ્તુઓથી શણગારેલો છે. એક તરફ ઉંચી કારીગિરીવાળા કિમતિ ઈરાની ગાલિચા ઉપર અતિ સુંદર, કોમળ શરીરવાળી, લાવણ્યવતી રાણી જોધબાઈ બેસી રહી છે. ઉંચી જાતના કિનખાપ ઉપર ઝીક ટપકીની ઉંચી કારીગિરી કરેલી, આસમાની રંગની સાડી વડે તેનું શરીર ઢંકાયલું છે. આ સાડીની કારીગિરી જોઇ સ્વર્ગના દેવતાઓ પણ મોહ પામે એમ છે. વિશ્વકર્મા પણ એ ઘડી માથે હાથ દે એમ છે. રાણીએ માથા ઉપર, ગળામાં, હાથમાં અને પગમાં; હીરા માણેક મોતીથી જડેલાં સુંદર સુંદર ઘરેણાં પહેરેલાં છે. આ સઘળા અલંકારો ચળકાટ મારતા રાણીના શરીરની શોભામાં અપૂર્વ વધારો કરે છે. એક તરફ સુંદર તેજસ્વી રૂપ, બીજી તરફ ચળકાટ મારતા અલંકારો; આ બન્ને એકજ શરીર ઉપર આવી મળેલાં હોવાથી એવી સુંદરતા બીજે ક્યાંય જોવામાં આવતી નથી! શરીર ઉપર ધારણ કરેલા અલંકારો જેમ જેમ પોતાનો પ્રકાશ ફેલાવતા હતા તેમ તેમ રાણીના રૂપમાં મનોહરતા વિશેષ પ્રકાશ મારતી હતી! આ ઠેકાણે કોણ વધારે અને કોણ ઓછું? રૂપ વધારે કે ઐશ્વર્ય ઓછું અથવા ઐશ્વર્ય વધારે કે રૂપ ઓછું તે મનુષ્યની નજરે નક્કી કરવાનું કામ કઠિન થઇ પડે છે. પરંતુ રૂપ વધારે હો કે ઐશ્વર્ય વધારે હો, અથવા રૂપ અને ઐશ્વર્ય બન્ને વધારે હો, તો પણ ઓરડો પ્રકાશ મારી રહ્યો છે એ તો નક્કી કહી શકાશેજ. તે પ્રકાશ મારી રહેલા ઓરડામાં, શરીરની છાયા

પાથરતી એક તાતારી બાંદી પહેરેગીરે પ્રવેશ કર્યો, અને શાહી રિવાજ પ્રમાણે કુર્નિસ્ કરતાં જોધાબાઇને કહ્યું કે:—

" સૂલતાના ! રાજા બહાદુર બહાર આવી ઉભા છે."

જોધાબાઇએ કહ્યું કે: તેમને જલદી બોલાવ અને જગતબાઇને ખબર દે. "

" જો હુકુમ." કહીને બાંદી કુર્નિસ્ કરતી કરતી બ્હાર ચાલી ગઇ.

થોડીવારમાંજ એક શરીરે ઘણા જાડા પુરૂષને બાંદીએ જનાનખાનામાં મોકલાવી આપ્યો. આ જાડા શરીરવાળો પુરૂષ બીજો કોઇ નહિ પણ " જાડા રાજા " ઉદયસિંહ હતો. પિતા મલ્લદેવ જીવતા હતા તે વખતથીજ ઉદયસિંહ બાદશાહના લશ્કરમાં સેનાપતિ બન્યો હતો. તેનું શરીર ઘણું જાડું હોવાથી અકબર બાદશાહે તેને હાસ્યમાંજ " જાડા રાજા "નો બેતાબ આપ્યો હતો. બાદશાહે મલ્લદેવને હરાવેલો હોવાથી તેના મનમાં બાદશાહ ઉપર ખરો પ્રેમ નહતો પણ બળવાન મોગલ રાજશક્તિ આગળ નિર્બળ રાઠોડ રાજા મલ્લદેવને માથું નમાવવું પડયું હતું ! બાદશાહ સાથે બનાવ નહિ હોવાને લીધે પિતા પુત્ર વચ્ચે પણ વિવાદ ચાલતો હતો. " જાડા રાજા " હમેશાં બાદશાહની તાબેદારી કરી તેનો પ્રીતિ પાત્ર થવામાં પોતાનું કલ્યાણ સમજતો હતો. પિતા મલ્લદેવના મરણ પછી કુમાર ઉદયસિંહને જોધપૂરની રાજગાદી મળી તેથી તેણે પોતાની બ્હેન જોધાબાઇને અકબર સાથે પરણાવી હતી. તેથી તે બાદશાહનો અત્યન્ત પ્રીતિ પાત્ર થઇ પડયો હતો. મોગલ બાદશાહને પોતાની બ્હેન પરણાવવાથી, સમસ્ત રાજસ્થાનમાં ઉદયસિંહના નામ ઉપર ધિઃક્કાર વર્ષવા લાગ્યો ખરો, પણ તેણે તે તરફ લક્ષજ આપ્યું નહિ ! તેણે તો ઉલટું બાદશાહ સાથે ઘણો સંબંધ રાખ્યો અને તેવા દરેક કામમાં અંતઃકરણ પૂર્વક મદદ કરી. છેલ્લે તેણે શાહજાદા સલીમને પોતાની કન્યા જગતબાઇ પરણાવી. જગતબાઇના ગર્ભથી શાહજાદા ખુરમનો જન્મ થયો. ભાણેજ ખુરમને જોવા માટે અને બાદશાહને માન આપવા માટે ઉદયસિંહ આજે લાહોર આવ્યો છે. હમણાં ત્યાંથી દેશમાં પાછો જવાનો હોવાથી બ્હેન અને કન્યાને મળવા માટે જનાનખાનામાં ગયો છે.

"જાડા રાજા" ઉદયસિંહ ઓરડામાં પેઠો કે તરતજ ઝપાટાબંધ બેગમ જોધાબાઇ ઉઠીને ઉભી થઇ ગઇ. લુગડાં અને ઘરેણાના મધુર ખડખડાટથી ઓરડો ગાજી ઉઠયો. પગમાં પહેરેલાં ઝાંઝરમાંથી વિણાના જેવા સ્વરો થયા. બ્હેનને ઉભી થતી જોઇ રાજાએ કહ્યું: "બેસી જા બ્હેન, હું પણ બેસું છું." કહીને ઉદયસિંહ ગાલિચાની એક બાજુએ બેઠો. જોધાબાઇએ ભાઇને પ્રણામ કર્યા અને એક બાજુએ બેઠી. ઉદયસિંહે વાતચિત કરવાની શરૂઆત કરી:—

"આજેજ ઘેર જવાની ઇચ્છા છે."

"શું આજેજ ઘેર જશો ?"

"ના જાઉં તો શું કરૂં બ્હેન ? પિતા પુત્રે દેશ છોડી પરદેશમાં કયાં સુધી રહેવું ?"

"શૂરસિંહ હમણાં અહિં રહેશે ?"

"તેને બાદશાહી લશ્કરની સાથે ફરવું પડે છે. તે હમણાં આ તરફજ રહેશે."

શૂરસિંહ એ ઉદયસિંહનો મ્હોટો પુત્ર–પાટવીકુંવર–અને મારવાડનો ભવિષ્યનો ગાદી વારસ હતો.

ઉદયસિંહે કહ્યું: જગતને ખબર આપી છે કે ?

જોધાબાઇ: હા, તે હમણાંજ આવશે.

ઉદયસિંહ: જતા પહેલાં એક વખત તેને અને ખુરમને મળી લઉં.

જોધાબાઈ: મેં એક જોષી પાસે ખુરમના જન્માક્ષર કરાવ્યા છે. તેણે કહ્યું છે કે સલિમની પછી ખુરમજ બાદશાહ થશે. તેજ રાજગાદી ભોગવશે.

ઉદયસિંહ: હા, બને ખરૂં. મેં તેનો જન્મનો વખત લખી લીધો છે. મારવાડના મુખ્ય જોષી પાસે જન્માક્ષર કરાવીશ. પરંતુ ખુસરૂના જીવતા છતાં ખુરમને રાજગાદી મળશે ખરી કે ?"

ખુસરૂ એ સલિમનો મ્હોટો પુત્ર અને માનસિંહનો ભાણેજ થતો હતો.

જોધાબાઇએ કહ્યું: ભાઇ, જોષીઓની વાત કદી પણ ખોટી પડતી નથી.

ઉદયસિંહ: બનવા જોગ છે પણ ખુસરૂ મ્હોટો પુત્ર છે, વળી માનસિંહનો ભાણેજ છે.

જોધાબાઇ: તે વાત સત્ય છે પરંતુ નશીબ સંજોગે છેવટે શું બને છે તે કોણ કહી શકે છે?

ઉદયસિંહ: તે તો ખરૂં છે, ભવિષ્યના પડદા પાછળ શું છે તે કોણ જાણી શકે છે ? ભગવાન કરે ને મારવાડનું લોહી બાદશાહી ગાદી ઉપર બેસે.

બન્ને આ પ્રમાણે વાતચિત કરતાં હતાં એટલામાં ઉજળાં ચકચકતાં વસ્ત્રો અને કિમતિ રત્નો જડેલાં ઘરેણાં પહેરેલી એક સુંદર રમણી ત્યાં આવી પહોંચી. તેની પાછળ બીજી એક સ્ત્રીના હાથમાં ત્રણ માસનું બાળક હતું. પહેલી સ્ત્રી એ ઉદયસિંહની કન્યા જગતબાઇ હતી. તેની પાછળ બાંદીના હાથમાં બાળક ખુરમ હતો. જગતબાઇએ પિતાને પ્રણામ કર્યા અને ગાલિચા ઉપર બેઠી. ઉદયસિંહે તેને માથે હાથ મુકી આશિર્વાદ આપ્યો કે: "ઘણું જીવો બેટા!" જગતબાઇએ બાંદીને ઇશારત કરી કે: "ખુરમને આગળ લઇ જા."

બાંદી બાળક ખુરમને ઉદયસિંહની પાસે લઇ ગઇ. ઉદયસિંહે બાળકને રમાડી આશિર્વાદ આપતાં કહ્યું: "બાદશાહ થાઓ બેટા." ઉદયસિંહે બાળકની દાઢી હલાવી કોમળ ગાલ ઉપર આંગળી લગાડી. બાળક દાદાના સ્હામુ જોઇ હસવા લાગ્યો, અને દાદાની મુછ પકડવા હાથ લંબાવ્યા. ઉદયસિંહે તેને ખોળામાં બેસાડયો.

ઉદયસિંહે જગતબાઇને કહ્યું: બેટા જગત, હું આજેજ જોધપુર જવાનો ઇરાદો રાખું છું.

જગતબાઇએ ઉત્તર દીધો કે: બે ચાર દહાડા રહો તો શી અડચણ છે પિતાજી!

"ના, બેટા, હવે રહી શકાય તેમ નથી. ત્હારો ભાઈ બાદશાહી લશ્કરની સાથે રહેશે. હું જોધપુર નહિ જાઉં તે બને નહિ." ઉદયસિંહે પ્રતિ ઉત્તર આપ્યો.

"પાછા કયારે આવશો પિતાજી?" જગતબાઇએ પિતાને પુછ્યું.

"આવવાની ઇચ્છા તો ઘણી વખત થાય છે. પણ ઘડપણમાં વારંવાર રાજગાદી છોડીને આવવું એ વ્યાજબી નહિ બેટા!"

જોધાબાઇ બોલી ઉઠીઃ અમે આગ્રે જઇએ ત્યારે એક વખત ત્યાં આવશો ભાઇ ?"

ઉદયસિંહઃ આગ્રા ક્યારે જવું છે ?

જોધાબાઇઃ તે નક્કી કહી શકાય નાહ. બાદશાહની જ્યારે મરજી થાય ત્યારે જવું પડે."

ઉદયસિંહઃ વારૂ, તે વખત આવવાનો યત્ન કરીશ.

જગતબાઇએ પુછયુંઃ શું આજેજ જવું છે પિતાજી ?

ઉદયસિંહઃ હા, બેટા, આજેજ જઇશ. તું હોંશિયાર રહેજે અને ખુરમને સારી પેઠે સાચવજે. જોધા કહેતી હતી કેઃ એક જોષીએ કહ્યું છે કેઃ ખુરમ બાદશાહી તખ્ત ઉપર બેસશે.

જગત્બાઇઃ હા પિતાજી ! અહિંના મોટા બાદશાહી જોષી પાસેથી ફોઇબાને સમાચાર મળ્યા છે કેઃ "ખુરમજ બાદશાહ થશે."

ઉદયસિંહઃ એના કરતાં વધારે સુખની વાત કઇ બેટા ! હું પણ મારવાડ જઇને સારી પેઠે જન્માક્ષર કરાવીશ. દિલગીરીની વાત તો એ છે બેટા કેઃ એને રાજગાદી ઉપર બેસતાં હું જોઇ શકીશ નહિં. ગમે તેમ થાઓ પણ તું હોંશિયારીથી રહેજે અને ફોઇબાની આજ્ઞા પ્રમાણે હમેશાં વર્તજે બેટા."

જોધાબાઇએ કહ્યુંઃ તે કામમાં છોકરી ડાહી છે. મારી આજ્ઞા હમેશાં પાળે છે.

"મારે પણ એજ જોઇએ છે. ઠીક હું રજા લઉં છું બેટા ! જોધા, બ્હેન, જાઉં છું હોંશિયાર રહેજો." આટલું કહીને ઉદયસિંહ ઉઠીને ઉભો થયો. જોધાબાઈ અને જગત્બાઇએ તેમને પ્રણામ કર્યા અને ઉઠીને ઉભી થઇ. ઉદયસિંહ ઓરડામાંથી બહાર ગયો. બારણા આગળ પેલીજ તાતારી બાંદી ઉભી રહીને ઉદયસિંહનીજ વાટ જોતી હતી. તે ઉદયસિંહને બહાર પહોંચાડી દેવાને આગળ ચાલી. થોડેક વેગળે ચાલતાં ઉદયસિંહે તાતારી બાંદી સાથે એકાંતનો લાભ લેવા માંડયો. તેણે હસતાં હસતાં વાતો કરવા માંડી. મૂળ તો શરીર ઘણું જાડું હતું એટલે ધીમે ધીમે ચાલતો હતો. રસ્તામાં વાત કરનાર–કહો કે બે ઘડી આનંદ આપનાર કોઇ તો જોઇએ.

ઉદયસિંહે બાંદીને કહ્યું: ત્હારી આ ભરજુવાની, શું ભોકાના પહેરા ભરવામાંજ ગુમાવવી છે કે ?

બાંદી જરા ખુબસુરત હતી પણ જેમ દેશી રાજાઓના મેહેલની દાસીઓ અનીતિ ચાલવાળી હોય છે તેવી નહોતી. તેણે મ્હોડું ચ્હડાવી મિજાજમાંજ કહ્યું: તે વાત સાથે તમારે શું કામ છે રાજા ? તમે જે રસ્તે ચાલો છો તે રસ્તે ચાલ્યા જાઓ છાના માના !

ઉદયસિંહે ધીમેથી કહ્યું: અરે, ગુસ્સો શા માટે કરે છે ? એક બે વાત પુછવામાં ત્હને કાંઇ નુકસાન થવાનું નથી."

બાંદીએ મ્હોડું ચ્હડાવીનેજ જવાબ દીધો: અમને એવી વાતો સારી લાગતી નથી.

કેટલાક દેશી રાજાઓ રસિક હોય છે, તેમ ઉદયસિંહ પણ રસિક હતો. વારૂ, બે ઘડી જે મ્હોડાનો આનંદ મળ્યો તે ખરો ! બાંદીનો મિજાજ ગયો હતો છતાં પણ રાજાએ કહ્યું: "તેટલા માટેજ આ તગતગતો ચ્હેરો અને સુંદર શરીર પહેરો ભરવાના કામમાં લગાડયું છે કે ?"

બસ, હવે બાંદીનો મિજાજ સાતમે આસમાને ગયો. તેણે રાજાની મુર્ખતા જાણી લીધી. છંછેડાયલી સાપણની પેઠે બોલી: "હમારી વધારે વાત સાંભળવા માંગતી નથી. ચાલ્યા જાઓ છાના માના આ સ્હામે દેવડી છે. તમે ઝટ બહાર ચાલ્યા જાઓ."

બાંદીની ગુસ્સા ભરેલી આંખો જોતાંજ ઉદયસિંહની રસિકતા ઉડી ગઇ ! મ્હોડું પણ જરાક ફિક્કું પડી ગયું. તે જરા લાંબાં લાંબાં પગલાં ભરતો દેવડીની બહાર ચાલ્યો ગયો. બાંદીની ગુસ્સા ભરેલી આંખો વારંવાર તેની નજર આગળ જણાવા લાગી. મ્હોટા દરવાજે પસાર કરીને પોતાને ઉતારે ચાલ્યો ગયો. જતાં જતાં એક બે વખત ધીમે રહીને પાછળ ફરીને જોયું, પણ બાંદીનો તે ખુબસુરત ચ્હેરો કે ગુસ્સા ભરેલી આંખો જણાઇ નહિ, બાંદી પોતાની જગ્યાએ ચાલી ગઇ.

ઉદયસિંહ પોતાને ઉતારે આવી જોધપુર જવાની તૈયારી કરવા લાગ્યો. વખત થતાંજ માણસોને સાથે લઇને લાહોરથી મારવાડ જવા નિકળ્યો.

રસ્તો લાંબો હોવાથી રસ્તામાં ઘણા દિવસો વિત્યા. જ્યાં જ્યાં ઉતારા આવતા ત્યાં થોભતો અને રાત વિતાડયા પછી પાછો આગળ વધતો. કેટલા દિવસે મારવાડ પહોંચાશે એજ તેના મનમાં ઘોળાયા કરતું હતું. તેણે માણસોને ઝપાટાબંધ આગળ વધવા હુકમ આપ્યો. તેઓએ પણ રાજાનો હુકમ માથે ચ્હડાવ્યો અને ઉતાવળે રસ્તો કાપવા લાગ્યા; પણ લાહોર અને જોધપુર વચમાંતું છેટું કાંઈ થોડું નહોતું. ગમે તેમ હો, પણ એક પછી એક ગામ અને નગર ઓળંગતા ઓળંગતા તેઓ મારવાડમાં આવી પહોંચ્યા.

૨

પ્રાતઃકાળમાં સૂર્યનાં સોનેરી કિરણો મારવાડના બિલાડ ગામમાં પથરાઇ રહ્યાં હતાં. ગામની વચમાં આવેલા "આર્યમાતા"ના મંદિરના શીખરના ચળકતા કળસો ઉપર પડતાં કિરણો તેને બીજો ન્હાનકડો સૂર્ય બનાવી દેતાં હતાં. આર્ય ધર્મ–દેવી પંથ–પાળનારા બ્રાહ્મણોના સ્ત્રી પુરૂષો અને બાળકો, હાથમાં ફૂલ લઈને માતાના મંદિરમાં જતાં હતાં. આ બ્રાહ્મણો તંત્ર શાસ્ત્રને માર્ગે માતાની પુજા કરે છે. તેઓ પાર્વતિની એક મૂર્તિની ઉપાસના કરે છે. હરરોજ આર્ય–દેવી–માતાના પગમાં ફૂલ ચડાવ્યા સિવાય અન્ન જળ લેતા નથી. તેથીજ બ્રાહ્મણો સ્હવાર થતાંજ કુટુંબ સાથે ફૂલ ચુંટી લાવે છે, અને સૂર્ય ઉગવા સાથેજ, માતાના ચરણમાં પુષ્પ ચ્હડાવવા માટે માતાના મંદિર તરફ જતાં જણાય છે. ત્યાં ગયા પછી વિધિ પ્રમાણે પુજા કરીને ઘેર પાછાં ફરે છે.

આજે બધા બ્રાહ્મણો ઘેર પાછા આવ્યા છે. ફક્ત બે સ્ત્રીઓ દેવીના મંદિરમાં ઉભી ઉભી ફૂલ ચ્હડાવ્યા પછી બે હાથ જોડી એક ચિત્તે દેવીની સ્તુતિ કરતી હતી. આ બન્ને રમણીઓ યુવાન હતી. ઉમ્મરમાં એક સરખી હતી. વીશ વર્ષથી કંઇક ઓછાં વર્ષ હશે. એ બેમાંથી એક યુવતિની સુંદરતા વડે આખું મંદિર પ્રકાશિત થઇ રહ્યું હતું. તેણે તરતજ સ્નાન કરેલું હોવાથી તેના શરીરની લાવણ્યતા, પવિત્રતાની સાથે મળી જવાથી એક પ્રકારની અપૂર્વ મનોહરતા જણાતી હતી. મંદિરમાં ઘણીએ વસ્તુ ઝળકાટ મારતી હતી. પણ આ યુવતિના પવિત્ર ચ્હેરાના પ્રકાશ આગળ સઘળું વ્યર્થ જણાતું હતું! આવી પવિત્ર સુંદરતા, દેવ દેવીઓના શરીર

સિવાય બીજા કોઇમાં જોવામાં આવતી નથી. તેનો ચળકતો ગોરો રંગ, લાંબી પહોળી સુંદર આંખો, સ્વચ્છ સુંદર મુખ, મનોહર શરીરનો ઘાટ, ખભા ઉપર થઇને પૂઠ ઉપર વિખરાયલા કાળા ચળકતા વાળ, એ બધું જોતાં તેને સાક્ષાત્ દેવીની મૂર્તિ કહેવાની ભૂલ થઇ જતી. જેણે એક વખત તે સુંદર મૂર્તિને જોઇ છે તેની આંખો ત્યાંથી પાછી ફરતી નથી. તેને વારંવાર જોવા છતાં મન ધરાતું નથી. વારંવાર તેને જોવા લાલચ થાય છે. તે દેવી સમાન સુંદરતા જોતાંજ જાણે હૃદયમાં કોઇએ અમૃત રસ રેડયો હોય તેમ શાંતિ થાય છે. એ સુંદરતા જે શરીરને પ્રકાશિત કરી રહી છે તેજ પૃથ્વિ ઉપર દેવી સમાન છે. બીજી યુવતિ પણ સુંદર હતી અને તેની સુંદરતામાં પણ પવિત્રતા ભળેલી હતી. તેમ છતાં પહેલી સ્ત્રી સાથે તેનો મુકાબલો થઇ શકશે નહિ. સ્તુતિ પુરા થઇ રહ્યા પછી પુજારીએ કહ્યું:

"છોકરીઓ! તમે ઝટ ચાલી જાઓ. કોઈ ધનવાન માણુસ કેટલાંક માણુસો સાથે દેવીને પગે લાગવા આવે છે."

બન્ને યુવાન સ્ત્રીઓ મંદિરમાંથી બહાર નિકળી આંગણામાં જતાંજ રાજા ઉદયસિંહ પોતાનાં માણુસો સાથે ત્યાં આવી પહોંચ્યો. તે મારવાડમાં જતાંજ જોધપુર જતો હતો. રસ્તામાં ભિલ્લાડ ગામમાં જઇ એક વખત "આર્યામાતા"નાં દર્શન કરવા મંદિર તરફ જઈ પહોંચ્યો હતો. સ્હવારમાં દેવીના મંદિરની ભીડ ઓછી થતાંજ દર્શન કરવા જવાનો નિશ્ચય કર્યો હતો. તેથીજ બધાં માણુસો ચાલ્યા ગયા પછી પણ થોડી વાર થોભી ઉદયસિંહ આર્યા માતાને પ્રણામ કરવા દેવી મંદિર તરફ ગયો હતો.

એકાએક રાજાનાં માણુસો આંગણામાં આવી ઉભેલાં હોવાથી પેલી બન્ને જુવાન સ્ત્રીઓ બહાર નિકળી શકી નહિં. એક વૃદ્ધ લશ્કરી હિંદુસ્થાની સિપાહીએ કહ્યું કે: "માઇ! તુમ યહ બાજુસેં ચલી જાઓ." કહીને માણુસો ખસેડી રસ્તો કરી આપ્યો. બન્ને સ્ત્રીઓ શરમાતી, લજાતી અને લુગડાં સંકોરતી, લોકોની વચમાં થઇને રસ્તા ઉપર ગઈ. પરંતુ જે જુવાન છોકરી ઘણીજ સુંદર હતી તેને જોતાંજ રાજા ઉદયસિંહ મોહ પામ્યો. રાજા આંખનો પલકારો માર્યા વગર જુવાન છોકરીના રૂપમાંથી ઝરતા અમૃ-

તનું પાન કરતો હતો. જેટલી વાર સુધી તેઓ ઉભી રહી હતી તેટલી વાર રાજાએ પોતાની આંખો બીજી તરફ ફેરવી નહિ. પરંતુ જેનાં દર્શન કરવાથી બીજાં માણસોના હૃદયમાં પવિત્રતા, ભક્તિ અને શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી, તે રૂપવતી સુંદર જુવાન છોકરીને જોતાંજ રાજા ઉદયસિંહના મનમાં અપવિત્ર વિચારો ઉત્પન્ન થયા હતા! તેના હૃદયમાં રૂપનો મોહ લાગ્યો, અને અપવિત્ર ઇચ્છાની આગ સળગી ઉઠી. હિંદુઓના પુરાણશાસ્ત્રમાં લખ્યું છે કે જેના સુંદર રૂપને જોઇ દેવતાઓ માથું નમાવી પ્રણામ કરે છે તેજ સુંદરતા જોઇ રાક્ષસોના હૃદયમાં લાલચની આગ સળગી ઉઠે છે! પરંતુ તેવી આગ છેવટે તેજ રાક્ષસને બાળી ભસ્મ કરે છે, તે જેમ રાક્ષસોથી સ્હમજી શકાતું નથી તેમ રાજા ઉદયસિંહથી પણ સ્હમજી શકાયું નાહ! માણસના હૃદયમાં જ્યારે વ્યભિચારની આગ સળગે છે ત્યારે તેનું જ્ઞાન ઉલટું લાકડાં નાંખી આપવાનું કામ કરે છે. ઉદયસિંહને પણ તેમજ થયું. તે એક રીતે સારાસારનું જ્ઞાન ભૂલી ગયો. હિત, અહિત ભૂલી ગયો. તેની બુદ્ધિ બ્હેર મારી ગઇ! પેલી સ્ત્રીઓ જે દિશામાં ગઇ તે દિશામાં જોવા લાગ્યો. બીજાં માણસો જ્યારે તે સુંદર સ્ત્રીઓને પગે લાગ્યાં અને પવિત્ર નજરે જોવા લાગ્યાં ત્યારે રાજા રૂપના મોહમાં પડયો હતો. વિચાર કરવાથી જણાઇ આવશે કે આટલા બધામાં દેવતા કોણ અને રાક્ષસ કોણ?

થોડીવાર પછી મોહ ઓછો થયો એટલે રાજા મંદિરમાં પેઠો. પુજારી બહાર આવી રાજાને અંદર તેડી ગયો. તે આટલો વખત સુધી કેવા જાળ પાથરવી તેનોજ વિચાર કરતો હતો. પરંતુ શિકાર પોતાની મેળેજ જાળમાં સપડાયો છે તેની તેને ખબર નહોતી. રાજા મંદિરમાં પેઠો કે તરત તેની પાછળજ એક અમલદાર, એક થાળીમાં કેટલીક સોનાની મોહોરો ભરીને મંદિરમાં પેઠો. રાજાએ ભોંય પર પડીને માતાને પ્રણામ કર્યા. અમલદારે હાથમાંની થાળી માતાના ચરણ આગળ ભેટ કરી પ્રણામ કર્યા. પુજારીએ ઉતાવળે પગલે માતાનું ચરણામૃત અને ફૂલ રાજાના અને અમલદારના હાથમાં મુક્યાં. તેઓ ત્યાંથી બહાર આવ્યા. બીજાં માણસોએ બહારથીજ માતાને પ્રણામ કર્યા. બહાર આવ્યા પછી રાજાએ પુજારીને

બોલાવ્યો અને સાથેનાં માણસોને વેગળા જવા હુકમ કર્યો. અમલદાર પણ વેગળો ગયો. એકાંત જોઇને રાજાએ પુજારીને પુછ્યું કેઃ

"જે બે છોકરીઓ હમણાં ચાલી ગઇ તેમને તમે ઓળખો છો કે ?"

પુજારીએ ઉત્તર આપ્યો કેઃ હા, સારી પેઠે ઓળખું છું.

રાજાઃ તેમનું મકાન ક્યાં છે ?

પુજારીઃ આ ભલાડ ગામમાંજ.

રાજાઃ એ બેમાંથી જે ઘણીજ ખુબસુરત હતી તેનું ઓળખાણ આપશો કે મહારાજ ?

પુજારીઃ તે અમારા આર્યા પંથના બ્રાહ્મણ આગેવાન સરદાર બટુકજીની પુત્રી છે. તેનું નામ તારા. બીજી છોકરી તે રામજીની પુત્રી, તેનું નામ કમળા છે.

"બ્રાહ્મણની પુત્રી" છે એવું સાંભળતાંજ રાજા જરાક ચમક્યા. ફરી પુછ્યુંઃ

"તેમનાં લગ્ન થયાં છે કે ?"

પુજારીઃ ના, બેમાંથી કોઇનાં પણ લગ્ન થયાં નથી.

રાજાઃ બટુકજીનું ઘર કઇ દિશામાં છે ?

પુજારીઃ આ મંદિરથી દક્ષિણ દિશામાં. ઘણે વેગળે નથી. નજીકજ છે.

"ઠીક, રજા લઉં છું. પ્રણામ." એટલું કહીને રાજા મંદિરનાં પગથિયાં ઉતરી આંગણામાં આવી પહોંચ્યા, અને પોતાનાં માણસોની સાથે ચાલવા લાગ્યો. પુજારી પાછળ પાછળ આવ્યો હતો. તેણે એક માણસને પુછ્યુંઃ આ કોણ છે ?

રાજાનો નોકર ગુસ્સે થઇને બોલ્યોઃ શું આટલી વારથી ઓળખતો નથી? તેઓ આ દેશના રાજા.

પુજારી વિસ્મય થતો અને દાંતમાં આંગળાં કરડતો બોલ્યોઃ શું "જાડા રાજા" ઉદયસિંહ ?

"હા, હા, તેજ, તેજ." કહેતો કહેતો નોકર ચાલ્યો ગયો. બીજાં માણસો પણ આગળ ચાલ્યાં ગયાં.

તારા અને કમળા બહાર નિકળ્યા પછી નિઃશ્વાસ નાંખી ઉતાવળે પગલે ઘર તરફ જતાં હતાં. કમળાએ કહ્યું: બાપરે! બચી ગયાં! સારૂં થયું. હમણાંજ પકડી લીધાં હોત!

તારાએ પુછ્યું: કોણ પકડી લેત?

કમળા: કેમ? સમજી નહિ હજુ? એજ પેલો જાડો માણસ હતો તેણેજ! તે તો ત્હારા મ્હોડા સ્હામુજ જોયા કરતો હતો. મ્હારા તરફ પણ વચમાં વચમાં જોતો હતો.

તારા: મ્હને શું ખબર બ્હેન? હું તો નીચી નજરે ચાલતી હતી. મેં તો કંઇ જોયું નહિ.

કમળા: "મરેરે તું! પુરૂષ જોતાંજ તું તો નીચું જોઇ લે છે. પુરૂષો આપણને જોઇને શું કરે છે તે જોવામાં ગુન્હો શું?"

તારા: કોણ જાણે બ્હેન! પુરૂષોને જોતાંજ મ્હારૂં મન કોણ જાણે કેમ શરમાઈ જાય છે!

કમળા: હમેશાં શરમાતી શરમાતીજ મરી જજે.

તારા: મંદિરમાંથી બહાર નિકળતાંજ એક વખત મ્હેં જાડા માણસને જોયો હતો. કદાચ તેજ એ બધાનો ઉપરી હશે. વખતે કોઇ રાજા રજવાડા હશે.

કમળા: હા, રે હા, તેટલા માટે તો તેણે ત્હને પસંદ કરી અને નજરમાં ઘાલી! મ્હારૂં નશીબ એવું કે ઇશ્વરે ત્હારા જેવું રૂપ આપ્યું નહિ: નહિ તો ત્હારી જોડે મ્હારી પણ ગોઠવણ થઇ જાત!

તારા: મજાક મશ્કરી જવા દે હવે. ચાલ, ઝટ ચાલ, જો, ઘર આવી પહોંચ્યું છે.

એટલું કહેતાં કહેતાં બન્ને ઝડપથી ચાલતાં પોતપોતાના ઘરમાં પેસી ગયાં.

* * * *

પુજારી મહારાજે, તારા અને કમળાની થોડીક ઓળખાણ પહેલાં આપી છે. અમે કંઇક વધારે કહીશું. બિલાડના આર્યા પંથવાળા બ્રાહ્મણોમાં, બટુકજી નામનો એક આબરૂદાર બ્રાહ્મણ હતો. તે એ પંથનો

આગેવાન હતો. કુદરતી સુંદરતાના એકજ નમુના જેવી તારા, તે બટુકજીની એકની એક કન્યા હતી. તારાની બાલ્યાવસ્થામાંજ તેની માતા મરણ પામી હતી. બટુકજીએ તેનું પાલનપોષણ કરીને નાના પ્રકારની સદ્‌વિદ્યા શીખવી હતી. તે વિદ્વાન હતી. બટુકજીની એવી મરજી હતી કે તારા, હમેશાં કુમારિકા રહીને આર્યા–માતાની સેવા કરવામાં જીંદગી ગાળશે. તેથી તેણે એવાજ પ્રકારની કેળવણી અને વિદ્યા શીખવી હતી. બટુકજી પોતાની જીંદગીનો મોટો ભાગ, પૂજા, અર્ચના, જપ, અને હોમમાંજ ગાળતો હતો. તેની સંભાળ લેનાર માત્ર તારા એકજ મદદગાર હતી. તારાનું સરળ હૃદય, કોમળ સ્વભાવના સાધુ જેવું જીવન ગુજારનારા બટુકજીને સાંસારિક ચિંતાઓમાંથી વેગળા કરીને ધર્મને રસ્તે દોરી ગયું હતું. તારા પણ આ જગતની મિથ્યા માયામાં નહિ લોભાતાં મન, વાણી અને કર્મને પવિત્ર રાખવાનાજ ધર્મ કાર્યો કરતી હતી. તે પણ ધર્મને રસ્તેજ ચ્હડી હતી. જગતમાં નજરે જણાતાં મોજશોખ કે સુખ તરફ તે તિરસ્કારજ બતાવતી અને હમેશાં ઈશ્વરના ધ્યાનમાં મગ્ન રહેતી. તેણે પિતા પાસે જૂદાં જૂદાં શાસ્ત્રોનો અભ્યાસ કરી સદ્‌વિદ્યા મેળવી હતી. કમળા એ બટુકજીના પાડોશીની કન્યા હતી. તારા સાથે ન્હાનપણથીજ બ્હેનપણાં હોવાથી બન્નેનાં મન અને પ્રાણ એકજ હતા. પરંતુ કમળા કરતાં તે ચંચળ મનની, જરાક શરમ વગરની દંભી હતી. આ બન્નેની વાતાચત થઇ તે ઉપરથી પણ તેમના સ્વભાવ આપણે જાણી શકયા છીએ.

રાજા ઉદયસિંહ માતાના મંદિરમાંથી બહાર નિકળ્યા પછી પોતાનાં માણસો સહિત દક્ષિણ દિશા તરફ ચાલ્યો અને બટુકજીના ઘર આગળ આવી પહોંચ્યો. રાજાએ પોતાનાં માણસોને બટુકજીનું ઘર શોધી કહાડવા અને બટુકજી ઘરમાં છે કે નહિ તેની તપાસ કરવા મોકલ્યાં. તેઓએ ઘર શોધી કહાડયું અને ખબર કહાડતાં જણાયું કે બટુકજી તે દિવસે ઘરમાં નથી. રાજાને ખબર આપવામાં આવી એટલા ઉપરથી રાજાને સંતોષ થયો નહિ તેથી તે પોતેજ બટુકજીના ઘર આગર આવી ઉભો. તે સમયે કેટલાક પાડોશીઓ અને બીજા લોકોએ આવી ઉદયસિંહને પુછ્યું કે:

"બટુકજીનું આપને શું કામ છે?"

રાજા: "મ્હેં સાંભળ્યું છે કે તે આ ગામનો આગેવાન માણુસ છે. તેથી તેને ઘેર મ્હારે પરોણા તરીકે રહેવું છે."

બીજા' માણુસોએ કહ્યું: બટુકજી ઘરમાં નથી. તેઓ પરગામ ગયા છે. ઘરમાં માત્ર તેની એકની એક કુમારિકા કન્યા છે. આપને જો અડચણુ ના હોય તો અમારામાંથી કોઇને પણુ ઘેર ઘણી ખુશીથી પધારો. અમારાથી બનશે તેટલી બરદાસ્ત કરીશું."

રાજા: નહિ, નહિ. બીજાને ઘેર રહેવાની જરૂર નથી. વધારે વખત પણુ નથી. અમે બીજે ગામ જઇને ઉતરવાની ગોઠવણુ કરીશું. બટુકજી આજે આવશે એવું સંભવતું નથી.

બીજાઓ: તે અમે ચોક્કસ કહી શકતા નથી.

રાજા: ઠીક ત્યારે, અમે જઇશું."

એટલું કહીને રાજા ત્યાંથી પાછો ફર્યો. પાડોશીઓએ રાજાના નોકરોને ઓળખ પુછી. તેઓને જણાયું કે, અતિથિ પોતે મારવાડનો રાજા ઉદયસિંહ છે. ઉદયસિંહ ભિલાડમાં રહેવાને રાજી નથી એવું જણાયું ત્યારે તેઓએ તેને વધારે આગ્રહ પણ કર્યો નહિ. રાજાએ ભિલાડથી પ્રયાણ કર્યું અને જોધપુર તરફ ચાલવા માડયું.

૩

મારવાડની રાજધાની જોધપુરમાં, ઠેકાણે ઠેકાણે ફાટેલાં, બનાવટી, તોરણો લટકતાં જણાય છે. કેટલેક ઠેકાણે આસોપાલવનાં સુકાં પાંદડાં તથા કેટલેક ઠેકાણે ફાટેલી અને વાંકી વળી ગયેલી ધ્વજાઓ જણાય છે. રાજમહેલમાં પણુ થોડાક દિવસ ઉપર કોઇક મંગલમય ઉત્સવ ઉજવાઇ ગયો હોય તેવાં ચિહ્નો હજુ જણાય છે. આ બધું જોવાથી જણાય છે કે: થોડાક દિવસ ઉપર મારવાડમાં એકાદ ન્હાનો મંગલ ઉત્સવ થઇ ગયો. એ મંગલ ઉત્સવ બીજો કાંઇજ નહિ પણુ રાજા ઉદયસિંહ ઘણા દિવસથી દિલ્હી ગયો હતો અને હમણાં ત્યાંથી સુખરૂપ જોધપુર પાછા ફર્યા તેને લીધેજ ઉત્સવ કરવામાં આવ્યો હતો. રાજા જોધપુરમાં પાછા આવ્યા ત્યારથી

તેનું મન કોણ જાણે શાથી ઉદાસ રહે છે! તે રાજ્યનાં કામોમાં ભાગ લેતા નથી. હમેશાં જાણે કોઇ ઉંડા વિચારમાં ગરક થયલા જણાય છે. પોતાના ભાણેજ શાહજાદાને જોઇ આવ્યા પછીથી રાજ્યમાં મ્હોટો આનંદ ઉત્સવ તથા રાજદરબારમાં ભોજન આપવાની જરૂર હતી પણ હજુ સુધી તેમાંનું કંઇ થયું નહિ. માત્ર બિચારી પ્રજાએ અને થોડાક અમલદારોએ સહજ ઉત્સવ કર્યો, છતાં પણ રાજાએ તેમાં આનંદપૂર્વક ભાગ લીધો નહિ. રાજાની સ્થિતિ જોઇને બધાંને મ્હોટી ફિકર થઈ. ઘડપણનાં પગથિયાં ચ્હડતા રાજા આટલા બધા ચિંતાતુર શા માટે છે? તેનું કારણ પ્રજા પણ સ્હમજી શકી નહિ. રાજા ઉદયસિંહને સત્તાવીશ રાણીઓ હતી. મરૂભૂમિ-મારવાડના કુદરતી દેખાવો જેમ કઠોર જણાય છે તેજ પ્રમાણે તેના રાઠોડ રાજાઓની કેળવણી અને સ્વભાવ પણ કઠોર થતો હતો. રાજપુત્રો બાલ્યાવસ્થાથીજ મનને વશ રાખવાનું શીખતા. તેઓ વીશ વર્ષ સુધી સખ્ત રીતે બ્રહ્મચર્ય પાળતા. વીશ વર્ષ સુધી તેઓ કોઇ પણ સ્ત્રીનું મ્હોડું જોવા પામતા નાહ. સારી ચાલવાળા, નીતિ ધર્મ પાળનારા સરદારોના હાથમાં તેઓને સોંપવામાં આવતા. તે સરદારો રાજપુત્રોને વિદ્યા શિખવતા અને તેમની ચાલચલણ ઉપર સખ્ત દેખરેખ રાખતા. સરદાર ગુરૂઓ રાજપુત્રોને ઉદાર, પરોપકારી, બ્રહ્મચારી, પરસ્ત્રી માત સમાન જાણનારા અને યુદ્ધવિદ્યામાં કુશળ બનાવતા. ઉદયસિંહને પણ વીશ વર્ષ સુધી એવી કેળવણી મળી હતી. પરંતુ તે કેળવણી તેના હૃદયમાં કોતરાઇ રહી નહોતી એમ જણાય છે. જો તે સદ્વિદ્યાની અસર તેમના હૃદયમાં થઇ હોત તો તે પોતાના અંતઃપૂરમાં સત્તાવીશ રાણીઓ લાવત નહિ તેમજ ઘડપણમાં સુંદર જુવાન સ્ત્રીનું મુખ જોતાં આટલા બધા કામાંધ થઇ જાત નહિ. છેવટે સઘળાના જાણવામાં આવ્યું કે બિલાડમાં પેલી સુંદર બ્રાહ્મણ કન્યાને જોઇ છે ત્યારથી રાજાનું મન ચિંતાતુર થયું છે!

જે દિવસે બિલાડ ગામમાં આર્યા માતાના મંદિરના ચોકમાં રાજા ઉદયસિંહે સુંદરી તારાનું મુખ જોયું છે ત્યારથી તેના મનમાં વિકાર ઉત્પન્ન થયો છે! તેણીના દેવી સમાન પ્રકાશતા ચ્હેરાએ રાજાના હૃદયમાં મોહ

ઉત્પન્ન કર્યો છે. લોભ અને મોહ એ બે માણસના પક્કા શત્રુ છે. એજ શત્રુએ રાજાના હૃદયમાં ઘર કર્યું છે! રાજાએ પુજારીને તારાની ઓળખાણ પુછતાં તે જાણી શક્યા છે કે તે બ્રાહ્મણની કન્યા છે. અને તેથી પ્રથમ રાજાને કંઇક ચિંતા પણ થઇ હતી છતાં બીજી પળે તે ચિન્તા દૂર કરી દઇને તારા જેવી દેવી મૂર્તિને પોતાના આનંદ માટે અંતઃપૂરમાં લાવવાની ઇચ્છા કરી હતી. રાજા જાણી શકયો હતો કે તે બ્રાહ્મણની કન્યા સાથે લગ્ન કરી શકશે નહિ. પરંતુ તેમણે વિચાર કર્યો હતો કેઃ બીજે કોઇ રસ્તે તે સુંદરીને હાથમાં લેવાની અડચણ શી છે? પવિત્ર રાજપૂતોના કુટુંબમાં જન્મ થવા છતાં રાજા ઉદયસિંહ પોતાના કુળની પવિત્રતાની રક્ષા કરવા યત્ન કરતા નહતા! જો તેમની એવી ઉચ્ચ આકાંક્ષા હોત તો તે મોગલોના હાથમાં પોતાની બ્હેન અને કન્યા અર્પણ કરત નહિ! રાજાનો પિતા મલ્લદેવ આવા અપવિત્ર કામથી તદ્દન વિરૂદ્ધ હતા. જો તેઓ જીવતા હોત તો કૂલકંટક ઉદયસિંહ પોતાની બ્હેન જોધાબાઇને કદી પણ અકબર સાથે પરણાવત નહિ. રાજા મલ્લદેવ દેશાભિમાની હતા તેટલાજ જાત્યાભિમાની હતા. રાજપૂતના શુદ્ધ લોહીને કદી પણ અશુદ્ધ થવા દેત નહિ! ઉદયસિંહના મનમાં એવી પવિત્રતા નહિ હોવાને લીધેજ તેણે મોગલોની સાથે સગપણ-નો સંબંધ બાંધ્યો હતો. તેમજ બ્રાહ્મણની પવિત્ર કન્યાને પણ પોતાના અંતઃપુરમાં લાવી, આનંદ ભોગવવાનું રમકડું બનાવવાની ઇચ્છા કરી હતી! જે મારવાડનું રાઠોડ કુળ હમેશાં પવિત્ર હતું તેને ઉદયસિંહે હમેશને માટે કલંકિત કરી દીધું! જે રાજપૂત કુળના લોહીમાં હમેશાં શુદ્ધતા હતી ત્યાં અશુદ્ધતા કરી દીધી! જે રાજપૂત રમણીઓ પતિવ્રતા અને સતી કહેવાતી હતી તેને અપવિત્ર, ભ્રષ્ટ અને વ્યભિચારિણી કહેવડાવી દીધી! તેની ઉચ્ચ આશાએ અને ઇન્દ્રિય લાલસાએ જોધપૂરના પવિત્ર રાજવંશ ઉપર કાળો ડાઘ લગાડી દીધો! રાજા ઉદયસિંહનાં આવાં કાળાં કર્મો હોવાથી તેને સમસ્ત રાજપૂતાનામાં તિરસ્કાર પાત્ર બનાવી દીધો હતો! જ્યાં ત્યાં રાજા ઉદયસિંહને ધિક્કાર આપવામાં આવતો હતો!

તારાને બ્રાહ્મણ કન્યા જાણવા છતાં પણ ઉદયસિંહ પોતાના પાપ-

કાર્યમાંથી પાછા હઠયા નહિ. અને પોતાની મોહ લાલસાને જીતી શક્યા નહિ! તેના અમૃતમય રૂપનું ભાન કરીનેજ રાજા દિવાના જેવા થઇ ઉઠયા હતા! અને તેને પોતાની રાણી બનાવવાને માટે ભાનભૂલા થઇ રહ્યા હતા. "કેવી રીતે તેને મેળવી શકાય" એજ ચિંતા તેના મનમાં રાત દિવસ ઘોળાયા કરતી હતી. લોભ બતાવીને અથવા જોરજુલમથી, ગમે તે રીતે પણ તારાને તાબે કરી રાણી બનાવવીજ. એવોજ નિશ્ચય તેણે મનમાં કર્યો હતો.

રાજાને હમેશાં ચિંતાતુર જોઇને તેના એક દરબારી અમલદારે એક દિવસ કારણ પુછ્યું. રાજાએ તેને મ્હોડે સર્વ વાત કહી સંભળાવી. અમલદારે રાજાને સલ્લાહ આપી અને તારાને હાથમાં લેવાનો ઉપાય પણ નક્કી કર્યો. અમલદારની સલ્લાહ પ્રમાણે રાજાએ બટુકજીને એક પત્ર લખ્યો. પત્રમાં લખ્યું હતું કે: "જો તે તારાને રાજાના હાથમાં અર્પણ કરશે તો તેને અખૂટ ધનરત્ન મળશે, અને જો આ માંગણી નહિ કબૂલ કરવામાં આવે તો રાજાનું લશ્કર તારાને જોરજુલમથી પકડી લાવી રાજાના કબજામાં સોંપશે." આ મતલબનો પત્ર લઇને એક ઘોડેશ્વાર ભિલાડ બટુકજીના ઘર તરફ રવાના થયો.

રાજા ઉદયસિંહના દરબારમાં એક વૃદ્ધ દિવાન હતો. તેણે રાજાના માણસો પાસેથી ભિલાડમાં બનેલા બનાવ સંબંધી માહિતી મેળવી હતી, અને રાજાની ચિંતાનું કારણ જાણી લીધું હતું. પેલા દરબારી અમલદાર સાથે રાજાએ જે કાંઇ સલાહ મસલત કરી હતી તેની ખબર પડતાં પણ વૃદ્ધ દિવાનને ઘણો વહેમ ગયો હતો. તેણે પોતાના એક ખાનગી નોકર મારફતે બધી ખાનગી બાતમી મેળવી હતી. તેને ખબર મળી હતી કે રાજાએ ભિલાડના બટુકજી ઉપર એક પત્ર લખ્યો છે. આ ખબર મળતાં તરતજ વૃદ્ધ દિવાન ઘોડેસ્વાર થઇ આગળ ગયેલા ઘોડેસ્વારની પાછળ દોડયો. તેને રસ્તામાંજ પકડી પાડયો અને તેની પાસેથી રાજાનો પત્ર લઇને વાંચી જોયો. મારવાડના સિપાહીઓ તેમજ બીજા અમલદારો આ વૃદ્ધ દિવાનનું પણું માન રાખતા હતા. તેથીજ ઘોડેસ્વારે, વૃદ્ધ દિવાનના હાથમાં પત્ર આપતાં આનાકાની કરી નહિ. દિવાને ઘોડેસ્વારને પત્ર પાછો

આપ્યો અને પાછો જોધપૂર આવી પટરાણીને સર્વ વાત કહી સંભળાવી. બન્ને જણે વિચાર કર્યો કેઃ "ગમે તેમ થાય તોપણ રાજાને તેના આવા પાપ કર્મથી વેગળો કરવોજ જોઈએ. નહિ તો આ પાપકર્મથી રાજપૂત કુળ નાશ પામશે!" પ્રથમ રાણી અને ત્યાર પછી ઘરડા દિવાન રાજાને સ્હમજાવવા તૈયાર થયાં.

તેજ દિવસે રાજા અંતઃપુરમાં ગયો અને પટરાણી સાથે બીજી ત્રીજી વાતો કર્યા પછી રાણીએ પુછ્યું કેઃ

"આ વખતે આપ જોધપુર આવ્યા ત્યારથી આપને ઉદાસ ને ઉદાસજ જોઉં છું તેનું કારણ શું?"

રાજાઃ ના, ના, ઉદાસ શા માટે?

રાણીઃ ખરી વાત સંતાડો છો શા માટે?

રાજાઃ ખરી વાત શી? સંતાડવું વળી શું?

રાણીઃ જેને લીધે ત્હમે ઉદાસ રહો છો તે શું હું જાણતી નથી એમ સ્હમજો છો?

રાજાઃ શું જાણે છે? કહે જોઉં!

રાણી ઉશ્કેરાઇ જતાં બોલીઃ જે પાપ કામને માટે તમે આટલા બધા ઉદાસ રહો છો તે કામ કરવાથી રાઠોડ રાજકુળનું સત્યાનાશ થશે!

"કયું પાપ કામ રાણી?" એટલું કહેતાં કહેતાં રાજાને જરાક કમ્પારી છુટી.

રાણીઃ તમે વૃદ્ધ વયમાં એક બ્રાહ્મણ કન્યાનું હરણ કરવા ચ્હાઓ છો.

રાજાઃ તદ્દન ખોટી વાત! તદ્દન ખોટી!

રાણીઃ વાત ખોટી નથી. બિલાડની આર્યામાતાના મંદિરમાં એક સુંદર યુવતિ બ્રાહ્મણ કન્યા જોઇને તમારૂં મન ભ્રષ્ટ થયું છે. તેથી તમે તેને હાથમાં લેવાની સલાહ મસલત ચલાવો છો.

રાજાઃ એ બધી વાત ત્હને કોણે કહી?

રાણીઃ લાહોરથી તમારી સાથે જે માણસો આવ્યાં છે તેમણે બિલાડની બ્રાહ્મણ કન્યા સંબંધી વાત કહી છે.

રાજા: વારૂ, તેમ બન્યું હશે પણ તે કન્યાનું હરણ કરવાની વાત-ચિત કોણે કરી ?

રાણી: તે વાત તો મેં અટકળથીજ જાણી લીધી છે. વળી એક ઘોડે-સ્વાર સિપાહી કઇ દિશામાં ગયો છે ?

આ વખતે રાજાનો ગુસ્સો તપી આવ્યો. તેણે આંખો ચડાવી કહ્યું: એ બધી વાતની ત્હારે શી જરૂર છે ? રાજ્યમાં કઇ જગ્યાએ, કયા કારણ માટે માણસો મોકલવામાં આવે છે તે અંતઃપુરમાં રહેનાર રાણીને જાણ-વાની જરૂર શી છે ?

રાણી પણ સહજ ઉશ્કેરાઇને બોલી: જરૂર છે મહારાજ ! તેથીજ પુછું છું. રાજપૂતાણી, અને રાજપૂતની ધર્મપત્ની તેથી ! રાજપૂતના શુદ્ધ લોહીનું અભિમાન છે તેથી ! રાજપૂત કુળની પવિત્રતાનું અભિમાન છે તેથી ! રાજપૂતોની દરેક બાબત જાણવાનો અમને અધિકાર છે ! અમારે દરેક બાબ-તની ખબર રાખવાની છે ! મારવાડના રાજાની મકદૂર નથી કે તે પટરાણીના મ્હો આગળ રાજ્યનું કોઇ પણ કામ છુપું રાખે !

રાણીને ગુસ્સે થયલી જોઇ રાજાએ ત્યાંથી ચાલ્યા જવાનો યત્ન કર્યો. જતાં જતાં બોલ્યા કે: મારવાડની રાણી સત્વર તે જાણશે.

રાણીએ ઉત્તર આપ્યો કે: "રાણીએ તે જાણ્યું છે અને તેને અટકા-વવાનો પણ બંદોબસ્ત કર્યો છે."

રાજા ચાલ્યા ગયા. રાણી અને વૃદ્ધ દિવાન મળ્યાં. રાણીના ઉપદેશનું સારૂં પરિણામ આવ્યું નહિ એ જાણીને બીજે દિવસે વૃદ્ધ દિવાન રાજાને મળ્યો. રાજ્યનાં બીજાં અનેક કામોની વાતચિત કર્યા પછી ચતુર અને અનુભવી દિવાને ધીમે રહીને રાજાને પુછ્યું કે: મહારાજ ! મ્હેં સાંભળ્યું છે કે આપે એક નવી રાણી લાવવાની ઇચ્છા રાખી છે એ વાત સાચી છે ?

રાજાએ અજાણ્યા થઇને ઉત્તર આપ્યો: નવી રાણી ? કયાંથી ? કોણ ?

દિવાન: સાંભળ્યું છે કે બિલાડથી એક નવી રાણી આવવાની છે ?

રાજા: બિલાડમાં તો બધા બ્રાહ્મણજ છે. ત્યાંથી રાણી કેવી રીતે આવશે ?

દિવાનઃ કોણ જાણે ? વખતે, આ વૃદ્ધ ઉમ્મરે મહારાજાને બ્રાહ્મણ કન્યા લાવવાની ઇચ્છા થઇ હોય !

રાજાઃ દિવાનજી ! શું મ્હારી મજાક મશ્કરી કરો છો કે ?

દિવાનઃ કોની મહારાજ ! મજાક મશ્કરી કેવી પ્રભુ !

રાજાઃ શું તમે મારવાડના રાજા ઉદયસિંહને ભૂલી ગયા છો ?

દિવાનઃ બનવા જોગ છે મહારાજ ! વખતે ઘડપણમાં યાદશક્તિ ગુમ થઇ જાય છે તેમાં આશ્ચર્ય નથી. મારવાડના રાજા ઉદયસિંહને તો હું ઘણા દહાડા થયાં જોતોજ નથી.

રાજાઃ વળી પાછી મશ્કરી? તમારી સ્હામુ કોણ બેઠું છે? અને જેની સાથે તમે વાતચિત કરો છો તેને તમે ઓળખતા નથી ?

દિવાન પણ ગંભીર સ્વરે બોલ્યોઃ મ્હારી સ્હામુ મારવાડના રાજાને તો હું જોઇ શકતો નથી. તેને બદલે એક જાડા શરીરવાળો, બ્રાહ્મણ કન્યાનું હરણ કરવા તૈયાર થયલો એક પુરૂષ બેઠેલો છે !

રાજાએ આંખો ચ્હડાવી કહ્યુંઃ દિવાન ! શું તમે વૃદ્ધ ઉમ્મરે રાજ-સન્માન ભૂલી ગયા છો ?

દિવાન પણ ઉશ્કેરાઇ જઇને બોલ્યોઃ ના, મહારાજ ! રાજસન્માન ભૂલ્યો નથી. આટલી વૃદ્ધ ઉમ્મરે પણ તે ભૂલ્યો નથી. તેમ છતાં આપને કેવા પ્રકારનું માન આપવું તે હું સમજી શકતો નથી.

રાજાઃ તમે શું કહો છો તે હું સમજી શકતો નથી !

દિવાનઃ ત્યારે સાંભળો, બધુંજ કહું છું મહારાજ ! "જે રાઠોડ રાજ-વંશ પવિત્રતાને માટે સમસ્ત રાજપૂતાના હમેશાં વિખ્યાત છે, જેના રાજ-પૂત્રો કઠોર રૂપે બ્રહ્મચર્ય પાળનાર, મનને વશ રાખનાર, અને સત્ય ધર્મ પ્રમાણે વર્તનાર તરીકે દેશ પ્રસિદ્ધ છે, વીશ વર્ષ સુધી જેઓ સ્રીનું મુખ જોતા નથી, જે મનુષ્ય તેજ પવિત્ર વંશનો આગેવાન છે તેજ મનુષ્યને વૃદ્ધ ઉમ્મરમાં ઇન્દ્રિયનો ગુલામ થયલો જોતાં તેને માટે મનુષ્યને કેવું માન ઉત્પન્ન થાય તે આપજ મ્હને સ્હમજાવી દો !"

રાજાએ કહ્યુંઃ દિવાન ! તમે મ્હને કેટલી પાયા વગરની કઠોર વાતો કહો છો.

દિવાનઃ ના, મહારાજ ! મારવાડનો દિવાન કોઇને પણ પાયા વગરની કઠોર વાતો કહેજ નહિ ! અને તે પણ પોતાના અન્નદાતાને !"

રાજાઃ તમે જે કાંઇ સાંભળ્યું છે તે તદ્દન ખોટું છે.

દિવાનઃ મહારાજ, હજુ પણ છુપાવશો નહિ! એ બધી દુરાશા ત્યાગ કરો. બ્રાહ્મણ કન્યાનું હરણ કરીને, નાહક પવિત્ર રાઠોડ રાજવંશનું સત્યાનાશ કહાડશો નહિ! બ્રાહ્મણના શ્રાપથી સમસ્ત મારવાડ દેશ બળીને ભસ્મ થઇ જશે. તે મહામાયાનો ઉપાસક છે. તેની પવિત્ર કુમારિકા કન્યા માતાની ભક્ત છે. એવા પવિત્ર બ્રાહ્મણનો શ્રાપ કદી મિથ્યા થતો નથી. હજુ પણ આપ શાંત ચિત્તે વિચાર કરી જૂવો.

એટલું કહીને દિવાન ચાલ્યો ગયો. રાજા ઉદયસિંહ દિવાના જેવો જોતોજ રહ્યો. થોડીવાર પછી એક ઉંડો નિઃશ્વાસ નાંખી આસન ઉપરથી ઉઠી આમ તેમ ટહેલવા લાગ્યો.

૪

મધ્યાન્હનો વખત વીતી ગયો છે. બિલાડ ગામના રસ્તા ઉપર લોકો કામકાજને માટે આવ જા કરતા જણાય છે. આર્યાપંથના બ્રાહ્મણો, બપોરનો વિશ્રામ લીધા પછી કોઇ શાસ્ત્ર વાંચે છે તો કોઇ સાંસારિક કામોમાં મન પરોવી રહ્યા છે. મધ્યાન્હની શાંતિ પછી, ગામ જાણે જાગી ઉઠયું છે. બટુકજી પોતાના મકાનની બહાર એક બાજઠ ઉપર બેઠા બેઠા શાસ્ત્રનો ગ્રંથ વાંચે છે. ઘરમાં તારા ઘરનાં એક બે ન્હાનાં ન્હાનાં કામો કરે છે. તેજ વખતે કમળા ત્યાં આવી પહોંચી અને બોલીઃ કેમ ? શું કરે છે અલિ

તારાએ ઉત્તર દીધોઃ આ ઘરનાં કામ કાજસ્તો બ્હેન ! એક બે કામ બાકી છે તે પૂરાં કરી દઉં છું બીજું શું ?

કમળા તેની પાસે બેસતાં બોલીઃ ચાલ, રહેવા દે હવે એને ! આવ, આપણે કંઇ વાતચિત કરીએ. કામ તો આખા દહાડાનુંજ છેસ્તો.

તારાઃ બેસ બ્હેન બેસ. હમણાં ઝટ કામ કરી લઉં છું. આજ તું વ્હેલી આવીને બ્હેન !

કમળાઃ મન અહિં ખેંચી લાવ્યું એટલે વ્હેલી આવતી રહી.

બન્ને જણુ વાતચિત કરવા લાગ્યાં. તારા ઘરનું કામકાજ કરવા લાગી. થોડી વારમાં કામ પુરૂં થયું એટલે બન્ને જણુ એક ઠેકાણે બેસી નિશ્ચિંત જીવે વાતચિત કરવા લાગ્યાં. કમળાએ કહ્યું: અલિ, ગામમાં શું વાતો થાય છે તે સાંભળી છે કે?

તારા: એવી વાતો મ્હને કોણુ સંભળાવે બ્હેન! ત્હારા સિવાય મ્હારે બીજું કોણુ છે?

કમળા: તું તો કોણુ જાણે કેવી છે મુઇ! આખી દુનિયા છોડીને દેવ દેવી અને પુજા, જપ, પાઠ અને ઘર સંસાર સિવાય બીજું કાંઇ જાણુતીજ નથી.

તારા: કેમ બ્હેન! એ બધું શું ખોટું છે

કમળા: ખોટું કોણુ કહે છે પણુ એ સિવાય સંસારમાં કાંઇ નથી?

તારા: હોય તો ભલે હોય, તેની સાથે મ્હારે ત્હારે શું સંબંધ છે બ્હેન? આપણે સંસારમાં જે કરવા આવ્યાં છીએ તેજ કામ કરવું. એમાંજ આખી પૃથ્વીનો આનંદ, એમાંજ સંતોષ.

કમળા: આપણે શું સંસારમાં માત્ર આવાં તેવાં કામો કરવાનેજ આવ્યાં છીએ?

તારા: છટ્ બ્હેન! જે સંસારનો સાર છે, જે મનુષ્ય જીવનનો અને મુખ્ય કરીને રમણી જીવનનો એક માત્ર આધાર છે, તેને તું "આવાં, તેવાં" કામો કહે છે?

કમળા: ચાલ, હવે ત્હારાં લાંબાં ભાષણો રહેવા દે! તું તો મ્હોટી જ્ઞાનિ થઇ ગઇ છે! હું જે કહેવા આવી છું તે સાંભળ.

તારા: કહે બ્હેન? શું કહેવા આવી છે તે.

કમળા: ગામમાં શું ગપાટો ચાલે છે તે સાંભળ્યું છે?

તારા: પહેલાં તો કહી દીધું છે કે ત્હારા સિવાય મ્હને કોણુ સંભળાવે?

કમળા: અલિ, ત્હારીજ વાતો થાય છેને ત્હને ખબર નથી મુઇ?

તારા: શું મ્હારી વાત? ખુલ્લી રીતે કહે ને, મ્હારી શી વાત છે?

કમળા: તે દિવસે આર્યા માતાના મંદિરમાં પેલા એક જાડા માણુ-

અને આપણે જોયો હતો તે કોણ હતો તે જાણે છે કે?

તારાઃ હા, મ્હેં સાંભળ્યું છે કે તે આપણો રાજા ઉદયસિંહ હતો.

કમળાઃ હા અલિ હા, તેજ આપણો જાડો રાજા ઉદયસિંહ હતો.

તારાઃ કેમ ત્હેને શું થયું છે વારૂ?

કમળાઃ થાય શું? તે ત્હને જોઇને ગાંડો બની ગયો છે ગાંડો! બાપરે! તે ત્હારા તરફ એવી રીતે તાકીને જોતો હતો કે શું કહું? તેથી તો ત્હને કહેતી હતી કે નજરે જોતાંજ તેણે ત્હને નજરમાં ઘાલી દીધી છે!

તારાએ જરાક ચમકતાં કહ્યું: એ વાત કોને મ્હોડે તેં સાંભળી બ્હેન!

કમળાઃ કોને મ્હોડે સાંભળે વળી! આખા ગામમાં વાત થઇ રહી છે! ઘેરે ઘેર ફક્ત એજ વાત ચાલે છે. જોજે, કોઇ દિવસ ત્હને રાજાનાં માણસો તેડવા આવશે. બીજું શું?

તારાઃ સુઇ તું! મ્હને લેવા માટે આવેજ નહિ! એવું શું બોલે છે?

કમળાઃ આલ, હા રે હા, રાજા જાણે ગાંડો ઘેલો બની ગયો છે. સાંભળ્યું છે કે તેથી તે ત્હને જરૂર લઇ જશે.

તારાઃ હું બ્રાહ્મણની કન્યા છું. તે રાજપૂત છે. તે મ્હને શા માટે લઇ જાય?

કમળાઃ રાજા રજવાડાને શું કોઈ જાતનો વિચાર હોય છે? રાજા, વાજાં ને વાંદરાં એક સરખાં! તેણે તો મોગલ રાજાઓને ઘેર પોતાની દિકરીઓ પરણાવી છે! હવે બ્રાહ્મણની કન્યાઓને પોતાના મહેલમાં લઇ જાય એમાં આશ્ચર્ય શું?

તારા કંઇક વિચારમાં પડી. તેણે કહ્યું: તેમ પણ શું કદી બની શકે? રાજપૂતોનીજ કન્યા મોગલોને આપી શકાય? કદી નહિ! તેમ છતાં સાંભળ્યું છે કે ભોગવિલાસમાં ડુબેલા માણસો પોતાના સુખને માટે બધુંજ કરી શકે છે.

કમળાઃ તે દિવસે તેની આંખો જોતાંજ મ્હેં તો તેનો વિચાર જાણી લીધો હતો, અને મ્હને વ્હેમ ઉપજ્યો હતો કે જાણે રાજા દુષ્યન્ત પોતાના માણસો લઇને તપોવનમાં શાકુન્તલાને લેવા આવ્યો હોયની!

તારાઃ કોની જોડે કોની સરખામણી કરે છે?

કમળાઃ કેમ અલિ! તે પણ જેમ તપોવનમાં આવીને ઋષિ કન્યાને જોઇ દિવાનો બન્યો હતો તેમ ઉદયસિંહ પણ બ્રાહ્મણની કન્યા જોઇને દિવાનો બની ગયો છે!

તારાઃ શાકુન્તલા એ તો ઋષિની પાળેલી કન્યા હતી અને જાતે ક્ષત્રાણી હતી.

કમળાઃ દુષ્યન્ત રાજા તે વાત પહેલાં કાંઇ જાણતો નહોતો.

તારાઃ રાજાએ તેને જોતાંજ તેની જાતિનો વિચાર મનમાંજ કરી લીધો હતો.

કમળાઃ ચાલ બ્હેન, એ બધી વાત રહેવા દે. પણ પુરૂષો સ્ત્રીઓને અને ખાસ કરીને સુંદર યુવતિઓને જોતાંજ દિવાના બની જાય છે એ ખરૂં.

તારાઃ બધા પુરૂષોમાં એવા અવગુણ હોતા નથી. બધાને શા માટે કલંક ચ્હડાવે છે?

કમળાઃ બધાં શિયાળ એકજ પ્રકારની બુમો પાડતાં જણાયાં છે.

તારાઃ ના, બ્હેન, એ તર્કશક્તિ ખોટી છે. પુરૂષોમાં ઘણા દેવ જેવા હોય છે.

કમળાઃ સ્ત્રીઓમાં દેવી પણ ઘણી હોય છે. ત્હારા જેવી!

તારાઃ કેમ બ્હેન? મ્હેં શો અપરાધ કર્યો છે કે મ્હારી આવી મશ્કરી કરે છે?

કમળાઃ દિલગીર થઇશ નહિ બ્હેન! હું તો સાચી વાતજ કહુંછું.

તારા જરાક હસીને બોલીઃ તું તો ઘણીજ નઠારી છે. ત્હને તો કોઇ રીતે પહોંચાય એવું નથી બાપ!

કમળાઃ એ વાત જવા દે, પણ ખરેખર જો રાજાનાં માણસો ત્હને તેડવા આવશે તો શું થશે બ્હેન? મ્હને તો ઘણી બ્હીક લાગે છે.

તારાઃ બ્હીક કેવી વળી! આપણે આર્ય માતાની છોકરીઓ છીએ. તેજ માતા આપણું રક્ષણ કરશે.

કમળાઃ તે તો થશે તેમ છતાં પણ મનમાં કંઇ કંઇ થાય છે.

તારાઃ ગાંડી છે ગાંડી! મુઇ! આપણને ચિન્તા કેવી? આપણે માતાનાં બાળક! આપણું જીવન માતાની અને મનુષ્ય માત્રની સેવા કરવા

માટે છે. આપણે બે દહાડાને માટે સંસારમાં આવ્યાં છીએ. જેટલા દહાડા જીવીશું તેટલા દહાડા સેવામાંજ વિતાડીશું. રમણી જીવનનું બીજું કર્તવ્ય શું બ્હેન? પુરૂષો કેટલાં બધાં મહાન કાર્યોને માટે જીવન ધારણ કરે છે? આપણે તે બધાં કાર્યનાં અધિકારી નથી. આપણે કુમારિકા હોઇએ કે પરણેલી હોઈએ તોપણ આપણો ધર્મ માત્ર સેવા કરવાનોજ છે. માતાના સંસારમાં માત્ર માતાની અને તેમનાં પુત્ર પુત્રોની સેવા કરવાનેજ માટે આપણે જન્મ્યાં છીએ. આપણને લઇને સાંસારિક લોકો શું કરશે બ્હેન?

કમળાઃ તેવીજ સેવા–દાસી કરવાને માટેજ તો રાજા ત્હને લઈ જાય છે!

તારાઃ જોજે એવી વાત મ્હોડે બોલતી નહિ! હું પવિત્ર બ્રાહ્મણ કુળમાં જન્મી છું. આર્યા માતાની સેવામાં જીંદગી સમર્પણ કરી છે. રાજપૂત શું મ્હારા શરીરને આંગળી લગાડી શકશે? મરૂભૂમિનાં ફૂલો, દેવનાની પૂજા કરવાનાજ ઉપયોગમાં આવશે. મોજશોખ ભોગવનારા પિશાચ લોકોના નિઃશ્વાસથી તે ફૂલ કંઈ પણ સુકાઇ જતાં નથી! તેવાં પાપી માણસોના ઉપયોગમાં તે પવિત્ર ફૂલો કદી પણ આવતાં નથી.

કમળાએ હોઠમાં આંગળાં લગાડતાં અને હાસ્ય કરતાં કહ્યું: સારી વાત કરી બ્હેન! તું તો ડહાપણનો ભંડારજ છે ને! ભલા ભલા શાસ્ત્રી પુરાણીઓ ત્હારા મ્હોં આગળ પાણી ભરે! ખરી વાત છે. આપણે મરૂભૂમિમાં જન્મ્યાં છીએ. જીંદગી એ ચાર દિવસનું ચાંદરણું છે. તેમાં જે સેવા ધર્મ બજાવી શકાયો તે ખરૂં? રાજાઓ તો ભોગવિલાસનાં રમકડાં શોધતા ફરે છે! તેમના હૃદયમાં કંઇ સ્વર્ગીય પ્રેમ છે? પતિવ્રત પાળનારા છે? ઠીક છે! આજે એક તો કાલે બીજી! ને પરમ દહાડે ત્રીજી! એમ જેટલી સુંદર યુવતિઓને જોઇ કે બસ તેટલીને ભોગવિલાસનું રમકડું બનાવી દીધી! પણ તે રાંડ મુર્ખ યુવતિઓમાંજ અક્કલ નથી! રાજાનું અંતઃપૂર કેવું કેદખાનું હોય છે તેની તેમને કયાંથી ખબર? રાજાના હૃદયમાં કેવો રાક્ષસી પ્રેમ હોય છે તેની તેમને કયાંથી ખબર? રાજા રજવાડાઓમાં કેટલી કેટલી રાણીઓ રડી મરતી હોય છે તેની તેમને કયાંથી ખબર? અરેરે! ધિક્કાર છે એવા સંસારી પ્રેમને? જીંદગી સુધી બ્રહ્મચારિણી વ્રત પાળવું,

દેવોની પૂજા કરવી અને જન સમાજની સેવા કરવી એના જેવું જીંદગીનું મહાન કાર્ય બીજું કોઇજ નથી. બ્હેન ! ભોગવિલાસના કઠોર પાશમાં કદી પણ બંધાવું જોઇએ નહિ.

તારાએ કહ્યું: શું ત્હારા અંતઃકરણથી કહે છે કે વળી મશ્કરી ?

કમળા: કેમ અલિ ! તું જે કહે છે તેને ટેકો આપું છું ને !

તારા: હશે કદાચ, પણ ત્હારા બોલવાના ઢંગ એવા જણાય છે તેથીજ હું પુછું છું.

કમળા: કેમ, મ્હારા બોલવાના ઢંગ કેવા છે તે ? શું કાંઇ ખોટું કહ્યું ?

તારા: ત્હને કોણ જીતી શકે એમ છે દુનિયામાં ? વારૂ, એક વાત પુછું તેનો જવાબ આપશે કે ?

કમળા: હા, કહે ને, શી વાત છે?

તારા: હું જે વાતો કહું છું તે બધી ત્હને સારી લાગે છે કે ? સારી ન લાગતી હોય તો કહી દે. ત્હને કંટાળો ન આપું.

કમળા મનમાં ને મનમાંજ બોલી કે: "સારી ન લાગતી હોય તો રોજ રોજ દોડીને આવું શું કરવા ?" તેણે તારાને કહ્યું: એ બધી વાતો હમણાં રહેવા દે. સાચી વાત કહે કે જો રાજાનાં માણસો આવશે તો શું થશે ?

તારા: તેની ફિકર આપણે કરવાની નથી. માતા મહામાયા તેનો ઉપાય કરશે. તેના ઉપર વિશ્વાસ રાખીને બેસ નિરાંતે !

કમળા: ત્હને તો મનમાં કંઇ લાગતુંજ નથી, પણ મ્હને તો ઘણી ફિકર થાય છે.

તારા: એવું બોલતી નહિ. પવિત્ર નારીઓના મનમાં કંઇ પણ ચિંતા હોય નહિ. બધી ચિંતા ફિકર દેવીઓના મનમાંજ હોય ! તે આખા જગત્‌ની માતા છે.

કમળાએ તારાના કોમળ ગુલાબી ગાલમાં બે આંગળી મારતાં કહ્યું: તુંજ સાક્ષાત્‌ દેવી છે ને !

તારા: વળી પાછી મશ્કરી કે ?

કમળાઃ જેવો જેનો સ્વભાવ હોય તે શું જાય કે ?

તારાએ મનમાંને મનમાંજ વિચાર્યું કેઃ હું ત્હને સાચે સાચી દેવી જાણું છું તે તો તું સ્હમજી શકતી નથી.

તારાએ કમળાને કહ્યું: કમળા, બ્હેન ચિન્તા કરીશ નહિ. મ્હારા મનમાં જે આવે છે તેજ ત્હને કહું છું. મ્હારા મનમાં એવુંજ આવે છે કે છોકરીઓની જીંદગી કોઇ પણ કામમાં આવતી નથી. જો બે દહાડા તેઓ સંસારમાં રહે—અને તેટલા દિવસ સુખ ભોગવવા માટે આકાશમાં ફૂલનાં ઝાડ ઉગાડે નહિ—તેમજ જીંદગીના દિવસો દેવતાઓની પૂજા ઉપાસનામાં તથા મનુષ્યોની પરોપકારી સેવામાં વિતાડી શકે તો તેમની જીંદગીનું કંઇક મૂલ્ય થઇ શકે છે. એ સિવાય સ્ત્રીઓનું બીજું કાંઇ કર્તવ્યજ નથી ! ચાલ, આપણે આર્યા માતાની પ્રાર્થના કરીએ. જેથી આપણી જીંદગી દેવતાઓની અને મનુષ્યોની સેવા પૂજામાંજ ગુજરે.

કમળા સ્થિર ચિત્તે તારાના મુખ સ્હામુ જોતી હતી. એ સમયે બહારથી કોઇએ બુમ પાડીઃ તારા—”

તારા તરતજ ઉઠીને બહાર દોડતી બોલીઃ—પિતાજી !

કમળાએ કહ્યું: હું પણ જાઉં છું.

તારાઃ થોડી વાર બેસ. જો મ્હને આવતાં વાર લાગે તો ચાલી જજે.

“ ઠીક. ” કહીને કમળા ત્યાંજ બેસી રહી. તારા પિતાની પાસે ચાલી ગઇ.

૫.

જે વખતે તારા અને કમળાની વાતચિત ચાલતી હતી તે સમયે બટુકજી બહાર બેઠા બેઠા શાસ્ત્રનો ગ્રંથ વાંચતા હતા, એ વાત પ્રથમજ કહેવામાં આવી છે. બટુકજીનું શરીર ઘણું જાડું નથી, ઘણું પાતળું નથી. છાતી પહોળી છે, નેત્રો ચળકતાં, શરીર લોહી માંસથી ભરેલું છે. બળવાન છે. ચ્હેરો તેજસ્વી છે. ઉમ્મર પચાસ વર્ષથી કંઇક ઉપર છે. શરીર ઉપર લાલ રંગનું એક રેશમી લુગડું છે. ગળામાં મ્હોટા રૂદ્રાક્ષની માળા છે. કપાળમાં રાતા ચંદનનું ત્રિપુંડ્ર તાણેલું છે. તેને જોતાંજ જણાઇ આવે છે કે તે

કોઇ દેવીના ઉપાસક છે. બટુકજી એક ચિત્તે શાસ્ત્ર ગ્રંથ વાંચે છે. એજ સમયે બારણાં આગળ કોઈ ઘોડેસ્વાર આવી ઉભો છે. ઘોડેસ્વાર નીચે ઉતરી બહાર ઉભો ઉભોજ પુછવા લાગ્યો કે: બટુકજી મહારાજ ઘરમાં છે કે ?

બટુકજીએ ત્યાં બેઠાં બેઠાંજ જવાબ દીધો કે: "હા, ઘરમાંજ છું. જે હોય તે ઘરમાં આવો." ઘોડેસ્વાર પુરૂષ ઘરમાં આવ્યો. બટુકજી પણ બારણા આગળ આવ્યા. ઘોડેસ્વાર પુરૂષે બટુકજીને પ્રણામ કર્યા.

બટુકજીએ પુછ્યું કે: તમે ક્યાંથી આવો છો ?

ઘોડેસ્વાર: "જોધપુરથી રાજા ઉદયસિંહે મ્હને મોકલ્યો છે. આ તેમનો પત્ર." કહીને તેણે હાથ લંબાવી એક પત્ર આપ્યો.

બટુકજીએ પત્ર લઇ વાંચી તેના કટકે કટકા કરી વેગળે ફેંકી દીધા. ઘોડેસ્વારે પુછ્યું: કાંઇ ઉત્તર લખી આપવો છે કે ?

બટુકજીએ લાલ આંખો કરીને કહ્યું: તમારા રાજાને કહેજો કે એનો ઉત્તર સત્વર મળશે.

"સારૂં" કહીને ઘોડેસ્વારે બટુકજીને પ્રણામ કરી બહાર ગયો. છલંગ મારી ઘોડા ઉપર બેસી જોધપુર ચાલ્યો ગયો. આ ઘોડેસ્વાર તે રાજા ઉદયસિંહનો મોકલેલો સિપાહી હતો; તે અમારા વાંચકો સારી પેઠે જાણે છે.

પત્ર વાંચતાંજ બટુકજી અતિશય ગુસ્સે થયા હતા. તેમણે પહેલાંથીજ ગામગપાટો સાંભળ્યો હતો કે: રાજા દેવીના મંદિરમાં દર્શન કરવા ગયો ત્યારથી તેને તારા ઉપર મોહ થયો છે. પરંતુ તે રાજાનો એટલા વખતનોજ મનનો વિકાર જાણીને શાંત થયો હતો. પણ આ પત્ર વાંચતાં બટુકજીને ઘણીજ ચિંતા થઇ, અને હજુ પણ રાજાનો તારા ઉપરનો મોહ દુર થયો નથી જાણીને વ્હેમ ઉત્પન્ન થયો. બટુકજીએ જાણી લીધું હતું કે: રાજા ઉદયસિંહ જે કામ નહિ કરે તે થોડું. તે પવિત્રતા કે અપવિત્રતા જાણતો નથી. બધાનો તિરસ્કાર સહન કરીને પણ તેણે પોતાની ભગિની અને કન્યા મોગલ રાજાઓને પરણાવી છે ! તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે. તેણે રાઠોડ કૂળમાં કાળું કલંક લગાડયું છે. જેણે રાજપૂત થઇને પોતાની કન્યા મોગલોને આપી તે બ્રાહ્મણની કન્યાનું હરણ કરે એમાં આશ્ચર્ય શું ? તેથી

હવે શું કરવું? એજ વિચારોએ હેના ચિત્તને અત્યંત ચંચળ બનાવી દીધું. તેણે પહેલાં એવો વિચાર કર્યો હતો કેઃ આ સ્થળ છોડીને એકદમ ચાલ્યા જવું. પરંતુ ફક્ત મેવાડ સિવાય બીજા કોઇ પણ ઠેકાણે જવાથી તેનો છુટકો થશે કે કેમ તેજ સંદેહજનક હતું.

"ઉદયસિંહ જો ધારે તો બાદશાહના લશ્કરની મદદથી તારાનું હરણ કરી શકે. વળી મારવાડથી મેવાડ જવું એ પણ કાંઈ સહેલું નથી. મુસાફરી કરવા જતાં વખતે ઉદયસિંહ પોતાનાં છુપાં માણસો રાખીને તારાને છીનવી લઇ જાય. જેણે નિર્લજ થઇને આવો પત્ર લખ્યો છે અને જોરજુલમ કરીને તારાને લઇ જવાનું લખ્યું છે તે વગર મહેનતે ગુપચુપ તારાને રસ્તામાંથી ઉપાડી જાય એ પણ બનવું સંભવિત છે તેથી બિલાડ છોડી જવું એ પણ યોગ્ય નથી." ઘણા વિચારો કર્યા પછી તેણે નિશ્ચય કર્યો કેઃ તારાને આર્યમાતાના ચરણમાં ભેટ કરી દીધી છે અને પોતાનું જીવન પણ તેજ મહામાયાના ચરણમાં સોંપી દીધું છે. તેથી આ બન્ને જીવન માતાજીનેજ ભેટ કરી દેવાં. તરતજ તે ઘરમાં ગયો અને ગ્રંથો બાંધી દીધા. ઘરમાં જઇને તારાને બુમ પાડી.

તારાએ કમળાને ઘરમાં બેસાડી અને પોતે પિતાજીની પાસે જઈ ઉભી. બટુકજી પુત્રીને લઇ એક એકાંત ઓરડામાં ગયા. તેનાં બારણાં બંધ કર્યાં. ત્યાં બેસીને બન્ને જણ વાતચિત કરવા લાગ્યાં.

બટુકજીએ કહ્યુંઃ બેટા! તે દિવસે આર્યામાતાના મંદિરમાં ઉદયસિંહ આવ્યો હતો તે તું જાણે છે કે?

તારાઃ હા, પિતાજી! એક જાડો માણસ, કેટલાંક માણસોને સાથે લઇને આવ્યો હતો. સાંભળ્યું છે કે તે આપણો રાજા ઉદયસિંહ હતો.

બટુકજીઃ તે આપણો રાજા નહિ. પિશાચોનો રાજા છે! તે દિવસે તેણે શું ત્હને જોઇ હતી?

તારાઃ હું અને કમળા મંદિરમાંથી બહાર નિકળતાં હતાં તે વખતે જોયું કે રાજા કેટલાંક માણસો સહિત મંદિરના ચૉકમાં ઉભો હતો. એક વૃદ્ધ માણસે બધાં માણસોને વેગળાં ખસેડી અમને જવાનો માર્ગ કરી આપ્યો હતો.

બટુકજી: તેં સાંભળ્યું છે કે તે ત્હારૂં હરણ કરવાનો છે?

તારા: એ વાત હમણાંજ મ્હને કમળા કહેતી હતી.

બટુકજી: કમળાએ કયાંથી સાંભળી?

તારા: તે કહેતી હતી કે ગામમાં બધે વાત ચાલે છે.

બટુકજી: ઠીક, ત્યારે તો ગામમાં પણ એ વાત ચાલે છે ખરી. સારૂં. આ વખતે શું કરવું જોઇએ તે કાંઇ ત્હારા મનમાં આવે છે?

તારા: ના પિતાજી, મેં કાંઇ વિચાર કર્યો નથી. મ્હને એ વાત ઉપર વિશ્વાસ નથી.

બટુકજી: મ્હને પણ પ્રથમ વિશ્વાસ નહોતો પણ હવે વિચાર કર્યા વિના ચાલશે નહિ. હમણાંજ ઉદયસિંહનો સિપાહી આ પત્ર આપી ગયો.

તારા: પત્રમાં શું લખ્યું છે પિતાજી?

બટુકજી: તે ત્હને માગે છે. નહિ તો જોરજુલમથી લઇ જશે.

તારાએ હસતાં હસતાં કહ્યું: પશુઓમાં એટલું બધું બળ હોય છે પિતાજી?

બટુકજી: ના બેટા, એ પશુ બળ નથી, એ તો પિશાચોનું બળ છે.

તારા: ભલે પૈશાચિક બળ હોય પિતાજી પણ શું બ્રહ્મબળ અને દૈવ બળ કરતાં કાંઇ તેઓનું બળ વધારે હોય છે!

બટુકજી: કોણ કહે છે કે બ્રહ્મબળ અને દૈવબળ કરતાં એ બળ વધારે છે? આપણે તેજ બ્રહ્મબળ અને દૈવબળ ધારણ કરવું પડશે. તારા, દિકરા! આપણી જીંદગી શાને માટે છે તે જાણે છે કે?

"માતાજીની સેવાને માટે પિતાજી." આ શબ્દો કહેતાં કહેતાં તારાના મુખ ઉપર પ્રફુલ્લતા આવી ગઇ. શરીરમાં દૈવબળનો સંચાર થયો. તે પવિત્ર કુમારિકાનું મુખ પ્રકાશ મારવા લાગ્યું.

બટુકજીએ કહ્યું: તેજ માતાના ચરણમાં આપણી જીંદગી અર્પણ કરવી છે? તું તૈયાર છે?

તારા: માતાના ચરણમાં તો હમેશાં જીંદગી અર્પણ કરી છે. જ્યારે તેમની મરજી થાય ત્યારે તે બલિદાન લઇ લે.

બટુકજી: માતાજીની ઇચ્છા થઇ છે. તેઓ પોતાનું બલિદાન તાકીદે લેશે.

તારાઃ ઘણું સારૂં પિતાજી ! તે મારા જેવાનું ક્ષુદ્ર બલિદાન ભલે લે પરંતુ તમારા જેવું મહાન ઉપયોગી બલિદાન લેવા હમણાં કેમ તૈયાર થઈ હશે ?

બટુકજીઃ ગાંડી! માતાજીની પાસે ન્હાનું કોણ અને મ્હોટું કોણ? તેમની પાસે તો બધાંજ સમાન છે. તેમની ઇચ્છા છે કે સત્વર બન્ને બલિદાન લેશે.

તારાઃ ના પિતાજી, પ્રથમ મારૂં ક્ષુદ્ર બલિદાન લેવા દો. આપણા પંથમાં હજી ઘણાં માણસો અજ્ઞાન છે. તેમને સંપૂર્ણ દિક્ષા આપ્યા પછી આપનું બલિદાન લેવાનું માતાજીને કહેજો.

બટુકજીઃ તારા, મ્હારી વહાલી દિકરી! એવી વાત મ્હોડે બોલતી નહિ ! જેની જીંદગી ઉપર મ્હારી જીંદગીનો આધાર છે. તેને માતાના ચરણમાં આપીને હું જીવતો રહું ? દિકરી, કોને આધારે ? તે તો તેની સાથેજ માતાનું બલિદાન થશે. તું કાંઇ પણ બોલતી નહિ. માતાની એવીજ ઇચ્છા થઇ છે કે આ બે પ્રાણીનું બલિદાન લેવું.

તારાએ ઉંડો નિઃશ્વાસ નાંખીને કહ્યુંઃ ત્યારે તે જગત્‌જનનિની ઇચ્છા પરિપૂર્ણ થાઓ.

બટુકજીએ કહ્યુંઃ સાંભળ બેટા ! આવતી અમાવાસ્યાને દિવસે ઘણું સારૂં મુહૂર્ત છે. તે દિવસે માતાને બલિદાન દેવામાં આવશે. કેવી રીતે આપવું તે તેજ દિવસે તું જાણશે.

તારાઃ શુભ મુહૂર્ત જેમ સત્વર આવે તેમ ઘણુંજ સારૂં પિતાજી.

બટુકજીઃ બેટા! ત્હને વિદ્યા શિખવી તેનું સાર્થક થયું. સમસ્ત સંસારમાં જો ત્હારા જેવી પિતાની આજ્ઞા પાળનાર કન્યાઓ જન્મે તો સંસારમાંથી દુઃખ, તાપ દૂર થઇ જાય. મેં વિચાર કર્યો હતો કે ભિલાડ છોડીને મેવાડના રાણાના રાજ્યમાં જઇએ. પરંતુ છેવટે મનમાં એવુંજ થયું કે માતાના ચરણ સિવાય બીજે શા માટે જવું ?

તારાઃ માતાના નામથી જે ભેટ કરવામાં આવ્યું છે તે માતાજીનુંજ છે.

બટુકજીઃ બેટા ! હવે હું નિશ્ચિંત થયો. મ્હારા પ્રાણમાં નવું બળ આવ્યું છે. માતાજી કરે ને તેમની ઇચ્છા પૂર્ણ થાય. એક વાત કહું છું કે

હમણાં આ બધી વાત કમળાને કહેતી નહિ. તે ચંચળ મનની છે. વખતે ઘોટાળો કરી દે.

તારાઃ આપની જે આજ્ઞા થશે તે પાલન કરીશ.

બટુકજીઃ જાઓ બેટા, કામકાજ કરો જઇને. મ્હારે પણ કેટલુંક કામ કરવાનું બાકી છે.

• બન્ને જણાં ઉઠીને ચાલ્યાં ગયાં. બટુકજી બહાર ગયા. તારા જે ઓરડામાં જવાની હતી તેના રસ્તામાંજ કમળા મળી ગઇ. તારાએ કમળાને જોઇને કહ્યું: કેમ, ઉતાવળ કરે છે અલિ?

કમળાઃ ત્હને આવતાં વાર થઇ તેથી. કેટલી બધી વાર?

તારા અને બટુકજીને વાતચિત કરતાં ઘણો વખત થયો તેથી કમળાનું મન ચંચળ થઇ ઉઠયું હતુ તેમજ તેને કંઇક વ્હેમ પણ ગયો હતો. જે સ્થળે તે બન્ને વાતો કરતાં હતાં ત્યાં કમળા ગુપચુપ આવી ઉભી રહી વાતો સાંભળતી હતી. ઓરડામાં થતી વાતચિત તેનાથી ખુલ્લી રીતે સંભળાતી નહોતી. તેમ છતાં તેણે અનુમાન કર્યું હતું કે કોઇ ભયંકર કામ માટે તેઓ સલાહ મસલત ચલાવે છે. બારણું ઉઘાડવાનો ખડખડાટ થયો એટલે કમળા ત્યાંથી વેગળે જતી રહી હતી અને તારાનો મેળાપ થયો હતો.

તારાએ કહ્યું: સારૂં થયું કે તું જતી રહી નહિ.

કમળાઃ આટલી બધી વાર કેમ લાગી?

તારાઃ તે તો લાંબી વાત છે.

કમળાએ જાણી લીધું કે તે વાત કહેવાની તારાની બાલકુલ મરજી નથી. તેથી બોલીઃ વારૂ ત્યારે જાઉંછું હવે.

"ઠીક, આવજે બ્હેન." કહીને તારાએ કમળાને બાથ ભીડી ખુબ દબાવતાં કહ્યું "બ્હેન, મનમાં છે કેની કે આપણે તો દેવની પૂજાનાં ફૂલ છીએ?" તારાનું આ વખતનું મુખ જોતાંજ કમળાનું હૃદય કમ્પી ઉઠયું. તેના પ્રાણ થરથરી ઉઠયા. તે કંઇ પણ સમજી શકી નહિ. તારાના ચ્હેરા ઉપર અત્યારે વિલક્ષણ તેજ ચળકતું હતું. કમળા ગુપચુપ ચાલી ગઇ.

૬.

આજે અમાવાસ્યા છે. લગભગ બે પહોર રાત વિતિ છે. ઘોર અંધકાર વડે ચારે દિશામાં અંધારૂં ફેલાઇ રહ્યું છે. જે દિશામાં નજર કરશો ત્યાં અંધકાર, અંધકાર અને અંધકારજ જણાય છે. રસ્તા, કિનારા, ઘર, ઝાડ વગેરે સઘળે સ્થળેજ ઘોર અંધકાર ફરી વળ્યો છે. ઘોર અંધકાર વડે સર્વ દિશાઓ ઢંકાઇ ગઇ છે. સ્વચ્છ આકાશમાં તારાઓનો પ્રકાશ જણાય છે. તેમનો ઝાંખો પ્રકાશ, અંધકારને ભેદીને પૃથ્વી ઉપર આવી શકતો નથી. જ્યાં ત્યાં સૂનકાર જણાય છે. વચમાં વચમાં એક બે ભયંકર પક્ષીઓ ચિત્કાર કરી રાત્રિની સ્તબ્ધતાનો ભંગ કરે છે. આવી ભયંકર રાતે બટુકજી અને તારા આર્યા–માતાના મંદિર તરફ જતાં હતાં. આગળ બટુકજી અને પાછળ તારા. બન્નેના હાથમાં કેટલીક પૂજાની અને હોમની સામગ્રી હતી. અંધકારમાં કોઇ કોઇને જોઇ શકતું નથી. વચમાં વચમાં બટુકજી બુમ પાડતા હતા કે "તારા." તારા જવાબ દેતી હતી કે "આ રહી પિતાજી." ઘોર અંધકારનો ભેદ કરીને તેઓ રસ્તામાં ચાલતાં હતાં. થોડીવાર પછી આર્યા–માતાના મંદિર આગળ આવી પહોંચ્યાં. પરંતુ તેમની પાછળ પાછળ વળી કોઇ એક બીજું માણસ આવતું હતું. તે બીજું કોઈ નહિ પણ કમળાજ હતી. જે દિવસે બટુકજી અને તારાની સલાહ મસલત થઈ હતી તે દિવસથી કમળાને વહેમ પડયો હતો કે હવે બટુકજી તારાને લઇને કંઇક ભયંકર કામ કરશે. તારાએ ખુલ્લા મનથી કમળાને કંઈ કહ્યું નહોતું. તેમ છતાં કમળાના મનમાં નિશ્ચય થયો હતો કે: તારા હવે આ જગત્‌માં વધારે દિવસ રહેશે નહિ ! તેણે તારાને કેટલીક વસ્તુઓ ભેગી કરતાં જોઇ હતી. તે વખતે પુછતાં તારા કંઈ વિશેષ ખુલાસો કરતી નહોતી. ઘણું પુછતાં એટલુંજ કહેતી કે: અમાવાસ્યાની રાતે પિતાજી એકલા હોમ કરવાના છે. તેનીજ સામગ્રી ભેગી કરૂં છું.

"અમાવાસ્યાની રાત્રિ, હોમ અને તેની સામગ્રી." આ બધી વાત સાંભળતાંજ કમળાના મનમાં એક ભયંકર વાતનો ગંભીર વહેમ ભરાઇ ગયો હતો. તેણે ધારી લીધું હતુ કે: "એ રાત્રે બટુકજી તારાને લઇને કંઇક

ભયંકર કામ કરી બેસશે. ગમે તે થાય પણ તે રાતે તેમના કામકાજ ઉપર દેખરેખ રાખવી જોઇએ.” આવો નિશ્ચય કરીને કમળા તે રાતની વાટ જોતી હતી. તારાને માટે તેના મનમાં કોણ જાણે શુંએ થઈ જતું! તેના કોમળ પ્રાણના તંતુઓ કોણ જાણે કેમ કમ્પી ઉઠતા? શા માટે આવું થાય છે તે પણ તે સમજી શકતી નહિ. ધીમે ધીમે અમાવાસ્યાની રાત આવી પહોંચી. કમળા છુપી રીતે તેઓનાં કામકાજ ઉપર લક્ષ્ય રાખતી હતી. રાતે બાપ દિકરી ઘરમાંથી બહાર નિકળી આર્યા—માતાના મંદિરમાં જવા નિકળ્યા પછી કમળા પણ તેમની પાછળ પાછળ ગઈ અને મંદિરથી થોડે છેટે એક ઝાડને ઓથે સંતાઇ રહી.

બટુકજીએ પુજારી પાસેથી મંદિરની કુંચી માગી લીધી હતી. તેઓ વચમાં વચમાં એ પ્રમાણે કુંચી માંગી લેતા હતા. તેથી પુજારીને કંઇ વહેમ ગયો નહિ. મંદિરનાં બારણાં ઉઘાડી બટુકજી અને તારા મંદિરમાં પેઠાં. બટુકજીએ દિવો સળગાવ્યો અને તારાને કહ્યું:

“પુજાનો સરસામાન મ્હને આપ. હોમની સામગ્રી પેલી બાજુએ મુકીને તું એક ચિત્તે, મનમાં ને મનમાં, માતાની મૂર્તિનુંજ ધ્યાન ધર.”

તારાએ સરસામાન એક બાજુ ઉપર મુકયો. માતાને પગે લાગી. મનમાં તેની મૂર્તિનું ધ્યાન ધરવા લાગી. બટુકજી પૂજા કરવા બેઠા. પૂજા કરી રહ્યા પછી તેમણે બે ચાર ફૂલ તારાના શરીર ઉપર નાંખ્યાં. જાણે તેને પુજાના બલિદાન માટે ભેટ કરવામાં આવી. ત્યાર પછી તેમણે એક વાસણમાંથી કાંઇક પ્રવાહી પદાર્થ કાઢીને એક ન્હાના વાસણમાં રેડયો અને તે માતાને ધરાવ્યો. બે ચાર મિનિટ આંખો મીંચી રાખી. ત્યાર પછી તે પાત્ર પોતે પી ગયો. એ પ્રમાણે ત્રણ વખત પ્રવાહી પદાર્થ પીધો. આ પદાર્થ તે મદ્યજ હોવો જોઇએ. દેવીના નૈવેદ્યમાં એ સિવાય બીજું શું હોય? આ પ્રમાણે પૂજા થઈ રહ્યા પછી અને માતાજીનો પ્રસાદ પીધા પછી બટુકજીએ માતાજીના હાથમાંની તલવાર પોતાના હાથમાં લીધી અને કહ્યું: બેટા તારા! ચાલ, હમણાંજ શુભ મુહૂર્ત છે. બહાર ચાલ.”

આટલી વાર સુધી તારા એક ચિત્તે દેવીનું ધ્યાન ધરતી હતી. પિતાના

કંઠસ્વરથી જાગૃત થઇ અને ઝટ ઉભી થઇ ગઇ. હમણાં તેના મુખ ઉપર એક પ્રકારનો ચળકતો પ્રકાશ જણાતો હતો. તે પ્રકાશમાંથી જણાતું હતું કેઃ તારા જાણે મીઠું મધુરૂં હાસ્ય કરે છે.

તારાએ પુછ્યુંઃ ક્યાં ચાલું ?

બટુકજીઃ બહાર ચૉકમાં આવ, મ્હારી પાછળ પાછળ આવ.

બટુકજી મંદિરની બહાર નિકળ્યા. તારા તેની પાછળ પાછળ ચાલી. બટુકજીએ પુછ્યુંઃ બેટા ! તારા ! આવ, અહિં આવ. બ્હીક તો લાગતી નથી ને દિકરા ?

તારા પ્રસન્ન ચિત્તે બોલીઃ બ્હીક કેવી પિતાજી ! માતાજીની ભેટ માતાજીના ચરણમાં જાય તેમાં બ્હીક કેવી પિતાજી ?

બટુકજી દેવીનો ઉપાસક હતો. તેનો ચ્હેરો અત્યારે ભયંકર જણાતો હતો. આંખો લાલ લાલ થઇ રહી હતી. અત્યારે તે સાક્ષાત્ બટુક ભૈરવનો અવતાર હતો. બટુકજીએ કહ્યુંઃ બેટા ! બેસ આ ઠેકાણે. ધુંટણીએ પડી માથું પૃથ્વી સાથે લગાડ અને મનમાં માતાજીનું ધ્યાન ધર."

તારાએ તેજ પ્રમાણે કર્યું. થોડીવાર બટુકજીએ પણ માતાજીનું ધ્યાન ધર્યું અને તલવાર ઉગામી કહ્યુંઃ "લે માતા ! બલિદાન લે મા !" એટલું બોલીને તારાના ગળા ઉપર તલવારનો ઘા માર્યો. એકે ઝટકે તારાનું માથું શરીરથી છુટું થઇ ગયું ! શરીર થોડીવાર સુધી જમીન ઉપર આમ તેમ કમ્પવા લાગ્યું, પછી શાંત પડી ગયું. આટલા દિવસ, જેનું જીવન માતાને અર્પણ કરવામાં આવ્યું હતું તેનું શરીર આજે ખરેખર માતાના ચરણમાં અર્પણ કરવામાં આવ્યું ! દેવની પૂજાનું ફૂલ આજે ખરેખર દેવીના ચરણમાંજ ચઢાવવામાં આવ્યું ! જેણે આટલા દિવસ દેવી–મૂર્તિને રૂપે બટુકજીનું ઘર અને ભિલાડ ગામ પવિત્ર કર્યું હતું તેનું આજે વિસર્જન થયું. તે યુવતિ–દેવીની અતિશય સુંદરતા આજે મંદિરના ચૉકની ધૂળમાં મળી ગઇ. ઉદયસિંહની પાપી તરસ આજે બટુકજીના એકજ ઝટકામાં શાંત થઇ ગઇ! તેની સાથે સાથેજ ઉદયસિંહના નાશનો રસ્તો પણ મોકળો થઇ ગયો.

કમળાએ સઘળું જોયું હતું. પરંતુ ઘણી વખત સુધી તે કાંઇ સમજી

શકી નહિ. જે સમયે બટુકજી હાથમાં તલવાર લઇને તારાને સાથે લઈ મંદિર બહાર આવ્યા તે સમયે તેના કોમળ પ્રાણ કમ્પી ઉઠયા, અને બટુકજીએ તારાને ગુંઠણીએ પડી માથું નીચું નમાવવા કહ્યું તે વખતે તેનું માથું ફરવા લાગ્યું હતું, અને જ્યારે તારાના ગળા ઉપર તલવાર પડી કે તેજ ક્ષણે કમળા એક ઝીણી ચીસ પાડતી, મૂર્ચ્છા ખાઇ, જમીન ઉપર પડી! બટુકજીને તેની ખબર નહોતી. તેમણે તે ચીસ તારાનીજ જાણી હતી.

તારાનું બલિદાન આપી દીધું! એક પ્રફુલ્લિત થતું કોમળ ફૂલ માતાના ચરણ ઉપરજ છુંદી નાંખવામાં આવ્યું! કુમારિકાનું કૌમાર્ય નષ્ટ થાય કિંવા પતિવ્રતા સતી સ્ત્રીનું સતિત્વ ભ્રષ્ટ થાય તેના કરતાં આવું બલિદાન આપવામાં આવે એમાં અયોગ્ય શું છે? બિચારી નિર્દોષ કુમારિકા ગઇ! મહાશક્તિ, મહામાયાની અનંત જયોતિમાં મળી ગઇ. સંસારમાં જન્મ્યા પછી તેણે કોઇ પાપ કર્યું નહોતું. સંસારની માયા જાળે તેને જરા પણ બંધન કર્યું નહોતું. તેણે જીંદગીની શરૂઆતથીજ દેવ દેવી અને પિતાની સેવામાંજ ચિત્ત પરોવ્યું હતું. આજે તે મોક્ષ પામી છે. તે જ્યાં ગઇ છે ત્યાં દુષ્ટ કામી રાજા ઉદયસિંહનું રાજ્ય નથી. ત્યાં તે દુષ્ટ રાજાની બ્હીક નથી. તે ગઇ છે! અમર ધામમાં ગઇ છે! અભયસ્થાનમાં ગઇ છે! જ્યાં હમેશાં આનંદ મળે છે તે નિત્યાનંદ ધામમાં ગઇ છે! હવે તેનું જન્મ મરણ નથી! તેની મુક્તિ થઇ ગઇ છે.

તારાનું માથું ધડ ઉપરથી છુટું પડયું તે વખતે એક જાતનો પ્રકાશ તેના શરીરમાંથી નિકળી માતાના મંદિરમાં પ્રવેશ કરતો જણાયો હતો. આકાશમાંથી ખરી પડતો તારો જેમ પ્રકાશના લીસોટા જેવો જણાય છે તેમ તે પ્રકાશનો લીસોટો માતાના શરીરમાં સમાઇ ગયો હતો. બટુકજીએ તે જોયું હતું. તેણે મનમાંજ આનંદ પામતાં કહ્યું: ધન્ય માતા! તારાની તમારા પર અપૂર્વ ભક્તિ હતી. આજે તે સત્ય જણાઇ. આજે તેના જીવનનું સાર્થક થયું. આજે મ્હારી સેવાનું પણ સાર્થક થયું.

તારાના બલિદાન પછી બટુકજીનું ચિત્ત ચંચળ થયું હતું. આટલા દિવસ તેણે જે ચિત્તને સ્થિર રાખ્યું હતું તેને હવે રોકી શક્યો નહિ.

બળી મદ્યપાન કરવાથી તે ઉશ્કેરાયો હતો. શોક, ક્રોધ અને મસ્તતાને લીધે તેનું હૃદય ઉન્મત્ત થઇ ઉઠયું હતું. આટલા દિવસ તેણે તારા સંબંધી જે વાત સાંભળી હતી તેને માટે ઉદયસિંહને ક્ષમા આપતો હતો; પરંતુ આજે તે ક્ષમા આપી શકયો નહિ. પોતાની સોનાની મૂર્તિ જેવી પુત્રી તારાનું બલિદાન આપ્યા પછી દિવાના જેવો બની ગયો હતો. તેના હૃદયમાં "બદલો" લેવાની અગ્નિ ભડકી ઉઠી હતી. એક કઠોર શ્રાપ આપીને ઉદયસિંહને અને સાથે સમસ્ત રાઠોડ વંશને ભસ્મ કરવાનો વિચાર તેના મનમાં થઈ આવ્યો. તારાના શોકને લીધે તે અધિરો થઈ પડયો. તે સાથે મદ્યપાનની કેફ, તેના ચિત્તને મોહ વડે ઢાંકી દીધું. તેને પુત્રીનો શોક અસહ્ય થઇ પડયો.

બટુકજીએ તલવાર જમીન ઉપર મુકી આર્યા-માતાના મંદિરમાં પ્રવેશ કર્યો. માતાને પ્રણામ કર્યા અને હોમનો સરસામાન લઈ બહાર આવ્યો. ચોકમાં એક મ્હોટો કુંડ ખોદયો. તેમાં લાકડાં મુકી અગ્નિ સળગાવ્યો. તલવાર લઇને તારાના શરીરના કટકે કટકા કર્યા. ત્યાર પછી પોતાના શરીરમાંથી માંસના કેટલાક કટકા કાપ્યા અને પેલા કટકા સાથે મેળવી દીધા. તેના શરીરમાંથી દડ્ દડ્ લોહીનો પ્રવાહ વહેવા લાગ્યો. માંસના કટકા સાથે ઘી વિગેરે વસ્તુઓ મેળવતાં મેળવતાં મંત્ર ભણવા લાગ્યો, અને મંત્ર ભણતાંજ એક પછી એક કટકો હોમના કુંડમાં હોમવા લાગ્યો. જેમ જેમ માંસના કડકા કુંડમાં હોમાતા ગયા તેમ તેમ તેના શરીરમાં જોશ વધવા લાગ્યો. લોહી ઉછળવા લાગ્યું. જાણે ખુબ દારૂ પીને કોઈ મસ્ત બન્યો હોય તેમ થઇ ઉઠયું.

જે સમયે બટુકજીએ કુંડમાં અગ્નિ સળગાવ્યો, તે સમયે એકાએક અગ્નિનો ભડકો થયલો જોઇને કમળાની મૂર્છા ભાંગી ગઇ. તેને ચૈતન્ય આવતાંજ તે ઘર તરફ દોડી ગઇ, અને તેના પિતા રામજીને સર્વ વાત કહી સંભળાવી. તારાને માટે કમળાનો પ્રાણ ફાટીને બહાર નિકળી જતો હતો. તેના ચિત્તની પણ સ્થિરતા નહોતી.

રામજીએ બીજા પાડોશીઓને જગાડયા અને સર્વ મંદિર તરફ ગયા. તેઓમાં કમળા અને બીજી પણ બે-ચાર મ્હોટી ઉમ્મરની સ્ત્રીઓ હતી.

તેઓએ વેગળેથીજ જોયું કે હોમનો કુંડ ધૂ ધૂ કરતો સળગી રહ્યો છે. તેમાંનો ભડકો ચાર હાથ ઉંચે સુધી જણાય છે, અને ધુમાડાની ન્હાની રેખા ઉંચે ચ્હડતી જણાય છે. તેઓ ધીમે ધીમે આગળ ચાલ્યા. માણસોનો પગરવ સાંભળતાં બટુકજી જાણી ગયો કે તેનું એ કામ સૌના જાણવામાં આવ્યું છે. તે વખતે તેનું હોમ કરવાનું કામ લગભગ પુરૂં થવા આવ્યું હતું. માણસો જેમ જેમ પાસે આવતાં ગયાં તેમ તેમ બટુકજીએ ઝપાટાબંધ પોતાનું કામ પુરૂં કરવા માંડયું. તેઓ મંદિરના ચૉકમાં આવી પહોંચ્યા તેજ વખતે બટુકજી પોતાનું કામ પુરૂં કરી ઉભા થયા. બધા "બટુકજી, બટુકજી" કહેતા કહેતા ત્યાં આવી ઉભા. તેજ વખતે બટુકજીએ રાત્રિના પવનને કમ્પાવી દઇને, આકાશને ભેદ કરી દે એવા ઉચ્ચ અને ગંભીર શબ્દે કહ્યું:—

"જે પિશાચે મ્હારી સોના જેવી પુત્રી તરફ કામ દૃષ્ટિ નાંખી હતી ત્હેને, જો હું બ્રાહ્મણ કુળમાં જન્મ્યો હોઉં તો હું એવો શ્રાપ આપું છું કેઃ આજથી તેની જીંદગી અશાંતિમય થઇ ઉઠો! અતિશય દુઃખથી તેનું કાળજું છેદાઇ જાઓ! આજથી ત્રણ વર્ષ, ત્રણ દિવસ અને ત્રણ પ્રહરમાં તે શરીરે ઘણો દુઃખી દુઃખી થઇ આ જગત્‌માંથી નાશ પામો! સમસ્ત રાઠોડ વંશને શ્રાપ આપું છું કે, જે કોઇ આ માતાની સેવિકા સ્ત્રી ઉપર કામ દૃષ્ટિ કરે તેમનું જીવન અશાંતિમય થઇ જજો. મ્હારો આ શ્રાપ, અગ્નિના બળતા ભડકાની પેઠે રાઠોડ વંશની ચારે દિશામાં ફરતો રહેશે અને વખત આવતાંજ તેમને બાળી ભસ્મ કરશે! મ્હારી પુત્રિ અક્ષય અમરલોકમાં ગઇ છે. રાઠોડ વંશમાં આ શ્રાપ જાગૃત રાખવા માટે હું 'દેવીબાવડી'માં જાઉંછું. મ્હારૂં ભવિષ્યનું રહેવાનું સ્થાન "દેવી બાવડી"માં થશે."

આટલા શબ્દો બોલ્યા પછી તે ઉન્મત્ત બ્રાહ્મણે અગ્નિકુંડમાં ભૂસકો માર્યો. થોડીવાર અગ્નિનો ભડકો ઓછો થયા પછી પાછો ભડભડાટ બળવા માંડયો. ત્યાં ઉભેલાં સર્વ માણસો સ્તબ્ધ થઇ ગયાં! એક યુવતિને મૂર્છા આવી, તે કમળા હતી. બટુકજી કુંડમાં પડયા પછી સઘળાં માણસો પોતપોતાને ઘેર ગયાં. કોઇએ માતાનાં બારણાં બંધ કરી દીધાં. કમળાને મૂર્છા આવ્યા પછી કોઇકે તેને જાગૃત કરવાનો યત્ન કર્યો. તેને ચૈતન્ય આવતાં

ઘેર લઇ ગયા. મંદિરનો ચૉક, સ્મશાનની પેઠે પડી રહ્યો. તે વખતે રાત પણ વીતિ જવા આવી હતી.

કમળા ઘેર આવી ખરી, પણ તેને સખત દરદ થવા લાગ્યું. સખત તાવ આવવા લાગ્યો અને તેને ચિત્તભ્રમનો રોગ થઇ ગયો. તેનું જ્ઞાન એક રીતે જતું રહ્યું હતું. તે વચમાં વચમાં બોલી ઉઠતી કે: "તા-રા! આ તા-રા!" ધીમે ધીમે તેનો રોગ વધવા લાગ્યો, અને ત્રણ દિવસ પૂરા થતાં પહેલાં તેણી હમેશને માટે આંખો મીંચી તારાની પાછળ ચાલતી થઇ.

જાઓ કમળા! જે અક્ષય, અમરલોકમાં દેવી પ્રતિમા તારા બિરાજે છે તે સ્થળે ત્હમે પણ જાઓ મા! ત્હમે દેવ બાલિકાઓ હતી! ત્હમે દેવતાનાં ચરણનાં પુષ્પ હતાં. આ પાપી પૃથ્વિમાં રમવા માટે બે દિવસ શામાટે આવ્યાં તે જાણી શકાતું નથી. તમે સ્વર્ગનાં પુષ્પો હતાં. મરૂભૂમિમાં ઉગ્યાં અને તેમાંજ પાછાં સમાઇ ગયાં! એકજ ઝાડની બે શાખા ઉપરનાં ત્હમે બે ફૂલ હતાં. એક ફુલ અકાળે ધુંદાઇ ગયું. તેના શોકમાં ત્હમે પણ ખરી પડયાં છો મા! એક દિવસ ત્હમેજ કહેતાં હતાં "કે મરૂભૂમિમાં ઉગ્યાં છીએ. બે દિવસ પછી ચાલ્યાં જવું છે." ત્હમારા શબ્દો આજે ખરા પડયા છે. મરૂભૂમિનાં ફૂલ મરૂભૂમિની છાતીમાંજ સમાઇ ગયાં! જાઓ મા કમળા! ત્હમે જેને દેવી તરીકે માનતાં હતાં તેજ તારા તમારી વાટ જૂવે છે. દેવલોકમાં જઇ પાછાં એકજ શાખા ઉપર બે ફૂલ ઉત્પન્ન થજો અને અનન્તકાળ સુધી અક્ષય સુગંધી ફેલાવજો મા! ત્હમે જગત્માં આવી જરા પણ પાપ કર્યું નથી. ત્હમે દેવીની સેવા કરી છે. દેવીની સેવામાંજ પ્રાણ સમર્પણ કર્યાં છે. જાઓ મા! જ્યાં દેવ દેવીઓની નિત્ય લીલા થાય છે તે દિવ્ય ભૂમિમાં જાઓ મા! ત્યાં પાપી ઉદયસિંહ રાજાનો ભય નથી. ત્હમારા સ્મરણની છાયા સમસ્ત જગત્ સંસારમાં પુણ્યમય થઇ રહો.

૭

જે સમયથી રાણી અને વૃદ્ધ દિવાને, ઉદયસિંહની પાપી ઇચ્છા બંધ પાડવાનો યત્ન કર્યો હતો તે સમયથી રાજાના હૃદયમાં છટ્ફટ્ થઇ રહી હતી. ત્હેની પાપી ઇચ્છા ઓછી થવા લાગી હતી. બિચારા મોકલેલો ઘોડે-

સ્વાર જ્યારે પાછો આવ્યો અને ત્હેણે બટુકજીના શબ્દો વગેરે કહ્યું તે વખતે ઉંડા વિચારમાં પડી ગયો, અને તારાને હાથમાં લેવાના કોઇ ઉપાય કરવાનું એકાએક બંધ રાખ્યું. તેમ છતાં તારાની સુંદરતા વારંવાર તેનાં નેત્રો આગળ રમવા લાગતી કે તરત પાછો તેના તેજ વિચારમાં ગુંથાતો. છેવટે બિલાડમાં બનેલો બનાવ ત્હેને કાને પહોંચ્યો. બટુકજીની દેવી પૂજા, તારાનું બલિદાન, બટુકજીનો શ્રાપ અને છેવટે બટુકજીનું હોમકુંડમાં પડવું, વગેરે સર્વ બનાવોનું કરૂણાજનક વૃત્તાંત રાજાને કાને પડતાંજ તેનું હૃદય ગભરાઇ ઉઠયું. તેજ વખતથી તેને છાતીમાં રોગ પેઠો. આખું શરીર "બળ્યું, બળ્યું" થવા લાગ્યું. વાર્તા કહેનારે બટુકજીની ભયંકર મૂર્તિનું બરોબર વર્ણન કર્યું હતું, તથા તેણે શ્રાપ આપ્યો તે વખતનો બટુકજીનો ચ્હેરો અને અગ્નિકુંડમાં પડતી વખતના શબ્દો પણ બરોબર કહ્યા હતા તેથી ઉદયસિંહની નજર આગળ વારંવાર બટુકજીનો ભયંકર ચ્હેરો જણાવા લાગ્યો. રાતે નિદ્રા નથી, દિવસે શાંતિ નથી. રાત દિવસ તે બટુકજીની છાયા મૂર્તિને તેની આસપાસ જોતો અને બ્હીતો ! તેનું ચિત્ત ભ્રમીત થઇ ગયું. વારંવાર તે ભયંકર બનાવો જોતો અને ચમકી ઉઠતો. મ્હોટી મ્હોટી ચીસો પાડતો અને ગાંડાની પેઠે મેહેલમાં અથડાતો ! દિનપ્રતિદિન તેની સ્થિતિ શોચનીય થઇ પડી. રાણી અને દિવાને તેના રોગની શાન્તિ કરવાને અનેક ઉપાયો કર્યા, પરંતુ કશાથી ફાયદો થયો નહિ. અનેક મંત્ર, જાપ, હોમ, યજ્ઞ, અનુષ્ઠાન કરાવ્યાં પરંતુ ઉદયસિંહનું ચિત્ત ઠેકાણે આવ્યું નહિં. જાણે તેનું કાળજું કપાઇ જવા લાગ્યું. વારંવાર તે પોતાની આસપાસ કોઇ પ્રચંડ અગ્નિના તાપનું ભડકું ફરતું જોતો. જાણે તે તાપ તેને બાળી મુકવા લાંબી જીભ કરીને તેના શરીરને સ્પર્શ કરવા જાય છે !

એક દિવસ વૃદ્ધ દિવાને કહ્યુંઃ મહારાજ ! મન સ્થિર રાખો. આપનો પશ્ચાતાપ તેજ પાપનું પ્રાયશ્ચિત થાય છે. પશ્ચાતાપ એજ પ્રાયશ્ચિતનું મૂળ છે, તેમ છતાં પ્રાયશ્ચિત નિવારણ કરવાને જે કાંઇ અનુષ્ઠાન કરવું જોઇએ તે કરવાની તૈયારી કરાવીએ છીએ.

રાજા ચકિત નેત્રે બોલ્યોઃ દિવાનજી ! બ્રાહ્મણનો શ્રાપ કદી પણ નિષ્ફળ થાય ?

દિવાન: યત્ન કરી દેવ દેવીઓને પ્રસન્ન કરવાથી બની શકે.

રાજા: રાજા પરીક્ષિતે શું દેવ કાર્યો નહોતાં કર્યાં?

દિવાન: કર્યાં હતાં એવું યાદ આવે છે મહારાજ.

રાજા: તો પછી તમે તેના કરતાં વધારે કયાં કાર્યો કરશો ?

દિવાન: દેવ કાર્યો કરવાથી તે તદ્દન નિષ્ફળ જતાં નથી.

રાજા: દિવાનજી, મ્હને એવી વાતો કરીને ભૂલ થાપ ખવાડશો નહિ; રાજા પરીક્ષિતને બ્રહ્મ શ્રાપને લીધે તક્ષક નાગે દંશ કર્યો હતો અને તેથી તેના પ્રાણ ગયા હતા. મ્હને પણ બ્રાહ્મણના શ્રાપને લીધે શરીરનાં રૂંવાડે રૂંવાડાંમાં દુઃખ થશે અને જાણે હજારો વીંછીના ડંખ વાગ્યા હોય તેવી અતિશય પીડા પામીને પ્રાણ ત્યાગ કરવા પડશે. પાપનું પ્રાયશ્ચિત ભોગવવુંજ જોઈએ. હું તે માટે તૈયાર છું. મ્હારૂં કાળજું ઉથલી જાય છે. તમે મ્હને એ વાત ભૂલાંવવાનો યત્ન કરશો નહિ. યત્ન કરશો તોપણ ભૂલાવી શકશો નહિ. ઓ–હ! દિ–વા–ન–જી! ઓ–આ–ર્યો! ઓ–ઓ! બા–પ–રે!"

એટલું કહેતાં કહેતાં રાજા ઉદયસિંહ ભોંય પર આળોટવા લાગ્યો. દિવાનજી અને રાણીએ અનેક ઉપચારો કર્યા પણ કંઈ ફળ થયું નહિ. સર્વેએ તેમની આશા છોડી દીધી. આખા જોધપૂરમાં જાણે એક પ્રકારની અશાંતિ થઇ રહી. રાજાની કામ દૃષ્ટિની અને બ્રાહ્મણના શ્રાપની વાત ઘેરે ઘેર અને ગામેગામ ચાલી ! લોકો બ્રાહ્મણના શ્રાપથી ઘણા બ્હીવા લાગ્યા. પાપ દ્રષ્ટિ ઓછી થઇ ગઇ.

આ પ્રમાણે ત્રણ વર્ષ વિત્યાં. એ ત્રણ વર્ષ સુધી રાજા ઉદયસિંહના હૃદયમાં જે જે ભયંકર દુઃખો થયાં હતાં અને તેણે જે દુર્દશા ભોગવી હતી તેનું વર્ણન કરી શકાય તેમ નથી. તેના શરીરમાં હજારો વીંછીના ડંખ વાગ્યા હોય તેવી પીડા થતી હતી. રાત કે દિવસની એક પળ પણ એવી નહિ હોય કે જે વખતે તેણે જરા પણ શાંતિ ભોગવી હોય! નિદ્રામાં, સ્વપ્નમાં, અને જાગૃત અવસ્થામાં, તેણે અનેક ભયંકર દેખાવો જોયા હતા! બટુકજીની રાતાં નેત્રવાળી ભયંકર મૂર્તિ, દાંત કચકચાવતી રાજાના સ્હામુ હંમેશાં ઉભેલીજ જણાતી અને તેના શ્રાપના શબ્દો રાજાના કાનમાં વારંવાર

અથડાતા! કોઇક વખત તારાની મનોહર મૂર્તિ રાજાના મનમાં ઉદય પામતી અને રાજાને પશ્ચાતાપના દાવાનળમાં બાળી મૂકતી કોઈ વખત રાજા "ક્ષમા કર! ક્ષમા કર!" એવા શબ્દો મ્હોટેથી બોલતો અને કોઇ વખત "શ્રાપ, શ્રાપ" કહીને બટુકજીની છાયા મૂર્તિ તરફ બે હાથ જોડી મ્હોટેથી રડતો! કોઇ વખત તો જાણે તેના શરીરે અગ્નિ લાગી હોય તેમ બુમો પાડી ઉઠતો કે: બળી ગયો! બળી ગયો! ઓ–ઓ!

દિવસે દિવસે રાજાનું શરીર ગળાતું ગયું! જાડું શરીર એકદમ પાતળું થઇ ગયું. ધીમે ધીમે શરીર ઉપર જૂદા જૂદા રોગનાં ચિહ્નો જણાવા લાગ્યાં. છેવટે તે પથારીવશ થઇ પડયો, તે વખતે અતિશય ગભરાટ અકળાટથી ત્હેનું હૃદય ભરાઇ ગયું. ત્રણ વર્ષ પછીના ત્રણ દિવસોમાં ત્હેનો રોગ વધી ગયો. ચોથા દિવસના, ત્રિજા પહોરે તેણે રોગના દુઃખથી તડફડતાં અને છાતીના ભયંકર દુઃખથી છટ્ ફટ્ કરતાં, આ જગત્માંથી હમેશને માટે વિદાયગીરી લીધી! બ્રાહ્મણનો શ્રાપ ફળ્યો! "જાડા રાજા" ઉદયસિંહે આ લોકમાંથી પોતાનાં ગાંસડાં પોટલાં ઉંચક્યાં! કઇ અશુભ પળે તેણે તારા જોઇ હશે? કે જેથી બ્રહ્મ શ્રાપના અગ્નિ વડે તેનું હૃદય બળીને ભસ્મ થયું અને છેવટે તેણે આ લોકમાંથી હમેશને માટે વિદાયગિરી લેવી પડી! મનુષ્ય ઇન્દ્રિયોનો દાસ થાય છે ત્યારે તેના ભાગ્યમાં અનેક પ્રકારની શિક્ષા ભોગવવાનું લખાયલું હોય છે! વૃદ્ધ ઉમ્મરે પણ તેમને ઇન્દ્રિય લાલસા છોડતી નથી! કેટલાક એવા દુષ્ટ પુરૂષો હોય છે કે અનેક પ્રપંચ જાળ કરીને પણ સતી, પતિવ્રતા સ્ત્રીઓનાં સતિત્વ–પાતિવ્રત્યનો ભંગ કરે છે! સતીઓના શ્રાપ તે પાપીઓને બાળી ભસ્મ કરે છે! રાજા ઉદયસિંહના ઉદાહરણથી તે આપણે સારી પેડે સમજી શકયા છીએ. ઉદયસિંહ મારવાડનો રાજા હતો. મોગલ બાદશાહનો સગો થતો હતો. સત્તાવીશ રાણીઓને પોતાની પત્નિ બનાવવા છતાં તેની કામ લાલસા તૃપ્ત થઈ નહિ! તેણે વૃદ્ધ ઉમ્મરે પણ બ્રાહ્મણની એક સુંદર કન્યા મેળવી વિલાસસાગરમાં સ્નાન કરવાની ઇચ્છા કરી પરંતુ તે સમજી શકયો નહિ કે બ્રાહ્મણના શ્રાપરૂપી અગ્નિવડે તેનો તે સાગર સુકાઇ જશે અને છેવટે તેનેજ તેમાં બળી ભસ્મ થવું પડશે.

ઉપસંહાર.

પવિત્ર બ્રાહ્મણના એ શ્રાપે, ઘણા દિવસ સુધી રાઠોડ વંશને જાગૃત કરી દીધો હતો. એટલુંજ નહિ પણ બીજા રાજપૂત રાજાઓને પણ શિખામણ મળી હતી. રાઠોડ રાજકુમારો વીશ વર્ષ સુધી સખ્ત રીતે બ્રહ્મચર્ય પાળતા અને વિદ્વાન ગુરૂ દ્વારા તેમનું ચરિત્ર ઘડવામાં આવતું. એટલી ઉમ્મર સુધી તેઓ રમણીનું મુખ જોતા નહિ! એ ઉમ્મર વિત્યા પછી જ્યારે તેઓ સંસારમાં પ્રવેશ કરતા અને લગ્ન કરતા ત્યારે પણ જ્યાં સુધી બને ત્યાં સુધી તેઓ પવિત્રતા અને પત્નિવ્રતપણું પાળતા. ક્ષત્રિય કુળની કન્યાઓ સાથે-એકથી વધારે લગ્ન કરતા પણ બળાત્કારે કોઈ પણ બ્રાહ્મણ કે બીજી ઉચ્ચ જાતિની કન્યાઓનાં પતિવ્રત ભંગ કરવાની ઇચ્છા સુદ્ધાં કરતા નહોતા. તેનું કારણ બ્રાહ્મણ બટુકજીનો શ્રાપ હતું. તેઓ ચમકી ગયા હતા કે કોઇ પણ સ્ત્રી ઉપર કામદૃષ્ટિ કરવાથી બટુકજીનો શ્રાપ તેમને બાળી ભસ્મ કરી દેશે! ઉદયસિંહનો પ્રપૌત્ર સુપ્રસિદ્ધ યશવંતસિંહ એક વખત એ વાત ભૂલી ગયો અને હેણે એક પતિવ્રતા યુવતિ તરફ નજર બગાડી. તેમ થવાથી તેના હૃદયમાં અતિશય વેદના થવા લાગી. પરંતુ થોડા વખતમાંજ તેના એક વિશ્વાસુ અમલદારે પોતાની જાતનો ભોગ આપી બટુકજીના શ્રાપમાં બલિદાન આપ્યું. યશવંતસિંહે પ્રતિજ્ઞા લીધી કે કદી પણ પરસ્ત્રી તરફ કુનજર નહિ કરૂં. તેથી તેના રોગની શાંતિ થઇ ગઇ.* ઇતિહાસ વાંચનાર શોખિન સજ્જનો ટૉડ રાજસ્થાનમાંથી તે વર્ણન વાંચી શકશે. અમે એટલુંજ કહીએ છીએ કે: એક પવિત્ર બ્રાહ્મણના શ્રાપ વડે, જોધપૂરના રાઠોડ રાજાઓને બ્રહ્મચર્યની શિક્ષા સાથે શિખવ્યું છે કે:-

पर धन पत्थर जाणिये, पर स्त्री मात समान;
इतनेसें हरि ना मिले तो तुलसीदास जमान.

---

* આ વાર્તાનો મૂળ ભાગ Tod's History of Rajasthan Vol II. Marwar જુવો.

आहेरिया ३.

શુકલપક્ષ ! અષ્ટમીનો ચંદ્ર, એકાએક આકાશની વચમાં હસી ઉઠયો છે. તેની હાસ્ય છટાથી સમસ્ત જગત્ હસી રહ્યું છે. આકાશમાં બે ચાર તારાઓ ચળકાટ મારી રહ્યા છે. સરોવરનાં સ્વચ્છ જળમાં ચંદ્રનો પડછાયો પડતો હોવાથી જળ પણ લહરો લઇ રહ્યાં હતાં. કેમ નહિ ? ચંદ્ર જળમાં પોતાનું પ્રતિબિંબ પાડી સરોવરની છાતી ઉપર ચુંબન કરતો હતો. અદેખો વાયુ જળને સ્પર્શ કરી તરંગો ઉત્પન્ન કરતો હતો. અદેખાઈ કાંઈ માત્ર મનુષ્ય પ્રાણીમાંજ છે ? ના રે ના ! ચંદ્ર, સૂર્ય, પાણી, પવન વગેરે સર્વ કુદરતી વસ્તુઓમાં પણ અદેખાઇનું અસ્તિત્વ જણાય છે. ચંદ્ર સ્થિર ચિત્તે સરોવરના મધુર જળની શોભા વધારે છે. પવન તેને આમ તેમ હલાવી ડોલાવી નાંખે છે ! તેમ છતાં સુશીતળ ચંદ્રના પ્રતિબિંબ વડે સરોવરની શોભા અપૂર્વ જણાય છે. તારાઓના પ્રતિબિંબ વડે તે શોભામાં ઓર વધારો થાય છે. સરોવરના કિનારા ઉપર આવેલા સુંદર મેહેલનું પ્રતિબિંબ જળમાં પડતું હોવાથી એક પ્રકારની અપૂર્વ શોભા જણાય છે. પગથિયાં ઉપર સફેદ સ્વચ્છ પ્રકાશ પડતો હોવાથી જાણે તે સફેદ સંગેમરમરનાં બનાવેલાં હોય તેવું જણાય છે. મંદિરોમાં થતો શંખ ઘન્ટાનો ધ્વનિ શાંત પડયો છે. પરંતુ દેડકાં અને તમરાંના અવાજ સરોવરની છાતી ઉપર એક પ્રકારની ગંભીર છટાનો સંચાર કરતાં હતાં. જન કોલાહલ શાંત થયો હતો અને ધૂપની સુગંધ બંધ પડી હતી છતાં વસન્તનો મંદ પવન, કોઇએક અજાણ્યા વેગળા સ્થાનકેથી બપૈયાના મધુર તાન અને મલ્લિકાની મીઠી સુગંધ ઘસડી લાવતો હતો. વસન્ત ઋતુની શુકલ અષ્ટમીને દિવસે, સ્વચ્છ જળવાળા સરોવરની એવી મનોહારિણી શોભા, સર્વનાં હૃદયને મસ્ત કરી દેતી હતી. જેણે એક વખત

એ શોભા જોઇ છે તે ત્યાંથી પોતાનાં નેત્રો અને ચિત્તને ખસેડી શકતાં નથી. જાણે ત્યાં ઇન્દ્રપૂરીના એક મનોહર ખુણાનીજ શોભા !

આ અપૂર્વ શોભા જોવા માટે સરોવરને કિનારે બાંધેલા એક બુરૂજ ઉપર બે રાજપૂત બાલિકાઓ બેઠી છે. બન્ને બાલિકા સમાન વયની છે. તેમની વય બાર કે તેર વર્ષની હશે. યૌવન આવી પહોંચેલું હોવાથી તેમના શરીરમાં પણ અષ્ટમીના પ્રકાશ પેઠે સૌંદર્ય ફુટી ઉઠયું હતું. કેટલીક વાર સુધી જળની શોભા જોયા પછી તેઓ વાતચિત કરવા લાગી. એકે બીજીને કહ્યું:-

"મીરાં, કુમાર રત્નસિંહને સારી પેઠે જોયા છે કે શું ?"

બીજી: જોયાજ છે તો બ્હેન ! કેમ કૃષ્ણા, તેં તેમને જોયા નથી ?

પેહેલી: જોયા છે તેથીજ ત્હને પુછું છું.

બીજી: હું કહું છું કે તેં સાહસ કરીને જોયા નથી.

પેહેલી: શા માટે નહિ ? મ્હને બ્હીક કોની છે ?

બીજી: બ્હીક તો કોઇની નહિં. ફક્ત પેલા મદન ડોસાની ! વખતે શિકાર થઇ જાય !

પેહેલી: મરણ એ શું છે ? રાજપૂતની કન્યાઓ શું સ્હેજે શિકાર થઇ પડે ?

બીજી: મદન ડોસા આગળ કોઇની ચોરી છુપી ચાલે નહિ ! ગમે તો રાજપૂતની કન્યા હો કે પછી મોગલની હો.

પેહેલી: વારૂ, બ્હેન કહે જોઇએ. કુમાર જોવામાં કેવા છે ?

બીજી: ઘણા સુંદર ! જાણે કાર્તિકના ચંદ્ર જેવો ચ્હેરો ! ત્હારા પતિ થવા લાયક.

પેહેલી: સુઇ તું, તે વાત ત્હને કોણ પૂછે છે ?

બીજી: બીજું કોણ કહેશે ? ત્હારૂં મન અને ત્હારો પ્રાણ કહે છે.

પેહેલી: મારા મન-પ્રાણની વાત તેં શી રીતે જાણી ?

બીજી: આટલા દિવસ ત્હારી સાથે રહી તેથી જાણી. હવે છુપાવવાથી શું ફળ ? ત્હારા વિચાર સારી પેઠે જણાઇ ગયા છે. સાચું કહે બ્હેન. હવે છુપાવતી ના. આવ, હવે શી રીતે ત્હમારો મેળાપ થાય તેનોજ વિચાર કરીએ.

પહેલી: શો ઉપાય કરવો તે સમજાતું નથી બ્હેન !

બીજી: આવ, રસ્તા ઉપર આવ. મ્હારી વાતમાં રાજી થશે તો ઉપાય ઝપાટા બંધ જડશે.

પહેલી: ત્હારી કઇ વાત મેં માની નથી ?

બીજી: વાહ ! જાણે એકદમ મીણનુંજ પુતળું કેમ ? ત્યારે આટલી વાર સુધી પત્થરની મૂર્તિ પેઠે સ્તબ્ધ કેમ બની ગઇ હતી ?

પહેલી: બસ બ્હેન ! હવે મશ્કરીની વાત બાજુએ મુક !

બીજી: મને લાગે છે કે ત્હારાથી સહન થતું નથી. ત્યારે સાંભળ. જો તું સાવિત્રીના મંદિરમાં જવાને રાજી હોય તો હું રત્નસિંહને તે ઠેકાણે લાવી તમારો એનો મેળાપ કરાવી આપું. જે ઠેકાણે પ્રથમ દર્શન તે ઠેકાણેજ પ્રાણનું બંધન.

પહેલી: સાવિત્રીના મંદિરમાં જવાનું કંઇ કઠિન છે ? દેવનાં દર્શન કરવામાં કોઇ અડચણ કરશે નહિ. પણ તેઓ ત્યાં કેવી રીતે આવશે ?

બીજી: અરે બ્હેન ! તે તો ચારે પગે થઈ રહ્યા છે !

પહેલી: ત્હારી બધી વાતમાં મશ્કરીજ !

બીજી: મશ્કરી વગર રસ જામે નહિ. મેં કહ્યું છે કેની કે હું તેમને પકડી લાવીશ.

પહેલી: તું તેને શી રીતે લાવશે ? કુમારની સાથે ત્હારો મેળાપ થયો હતો ?

મીરાંએ આ વખતે ખડખડાટ હસી દીધું. તે બોલવા લાગી:–જે દિવસથી તમારા બન્ને જણની ચાર આંખો મળી ગઇ છે તે દિવસથી હું બરોબર તપાસ રાખતી આવું છું. ત્હને તો દરેક વખતે જોઉં છું અને રત્નસિંહને ઘણી વખત વેગળેથીજ જોઉ છું. છેવટે તે પોતેજ મ્હારાથી પકડાઇ ગયા.

પહેલી: ત્યારે તો ત્હારી સાથે મેળાપ થયો હશે ?

બીજી: હા, બ્હેન, હા. તેથી તો ત્હને કહું છું કે તેમણેજ મ્હને ત્હારૂં પાણી ગ્રહણ કરવાનો ઠરાવ કરવા મોકલી છે.

પહેલી: આ બધી વાત તો તેં મ્હને કોઇ દહાડો કરી નથી.

બીજી: ત્હારે મ્હોડેજ એ વાત બહાર કઢાવવાનો મેં નિશ્ચય કર્યો હતો. આજે જ્યારે તેં બધું કહી દીધું ત્યારે મેં પણ ત્હને કહી દીધું.

પહેલી: વાહરે કપટી મૃગ! તું આટલી બધી પક્કી છે?

બીજી: પક્કાઇ ના હોય તો ત્હને જીતાય કેમ? વારૂ, હવે મ્હારા કહેવા પ્રમાણે કરવાને તું રાજી છે ને?

પહેલી: તું જેમ કહે તેમ કરવા રાજી છું.

બીજી: ત્યારે મ્હારી સાથે સાવિત્રીના મંદિરમાં ચાલ.

એટલું કહીને મીરાંએ કૃષ્ણાનો એક હાથ ઝાલ્લો. બન્ને ઉભાં થઇને આસપાસ જોવા લાગ્યાં.

એક યુવક ત્હેમની સ્હામુ ઉભો હતો. એજ રત્નસિંહ હતો. રત્નસિંહને જોતાંજ પ્રથમ તો બન્ને ચમક્યાં. થોડીવારે મીરાંએ કહ્યું:–કૃષ્ણા! આ જો, કેદી હાજર છે. કહે તો હમણાંજ ગીતાં ગાવા માંડું?

કૃષ્ણાએ શરમને લીધે મ્હોડું નીચું કર્યું. મીરાંએ રત્નસિંહને કહ્યું: કુમાર! ક્યારના આવ્યા છો?

રત્નસિંહ: થોડી વારથી આવીને ત્હમારી મીઠી મીઠી વાતો સાંભળતો હતો.

મીરાં: ત્હમે તો ઘણા નઠારા માણસ! પુરૂષ થઇને છોકરીઓની વાતો સાંભળવાને કાન પટપટાવી રહ્યા છો એ કાંઇ સારી વાત કે?

રત્નસિંહ: અપરાધ થયો હોય તો દંડ આપો.

મીરાંએ હસીને કહ્યું: એ અપરાધ માટે ત્હમને સત્વર દંડ મળશે. ચાલ તો કૃષ્ણા, આપણે દંડની ગોઠવણ કરીએ. ત્હમે પણ અમારી સાથે આવો.

રત્ન: ક્યાં જવું પડશે?

મીરાં: અપરાધીએ તે વાત પુછવાનું કારણ નથી. એટલું કહીને કૃષ્ણા મીરાંને લઇ ચાલવા લાગી. રત્નસિંહ પણ મુંગે મ્હોડે તેમની પાછળ પાછળ ચાલ્યો. અમે આ ઠેકાણે તેઓની ઓળખાણ આપીએ છીએ. પવિત્ર તીર્થ સ્થળ પુષ્કરરાજને કિનારે રાજપુતાનાના લગભગ સઘળા રાજાઓના મેહેલ આવેલા છે. તેઓ વચમાં વચમાં પુષ્કર રાજમાં આવીને બ્રહ્મા, સાવિત્રી અને બીજા દેવ દેવીઓનાં દર્શન કરી જાય છે. અમે જે સમયની

વાત કરીએ છીએ તે સમયે અમ્બરના રાજા પૃથ્વીરાજ કન્યા કૃષ્ણાબાઇને લઇને પુષ્કરમાં આવ્યા હતા. મીરાં એ કૃષ્ણાની નાનપણની બ્હેનપણી હતી. તેથી તેને પણ સાથે લાવવામાં આવી હતી. એ સમયે મેવાડના રાજા સંગનો પુત્ર રત્નસિંહ પણ મૃગયા રમતો રમતો પુષ્કરરાજમાં આવી પહોંચ્યો હતો. એક દિવસ સાવિત્રી દેવીના મંદિરમાં કૃષ્ણા અને રત્નસિંહની ચાર આંખો ભેગી થઇ હતી. તે સમયથી એક બીજા ઉપર મોહ પામ્યાં હતાં! તેજ સમયથી તેઓ બન્ને એક બીજાની મૂર્તિને હૃદયમાં સ્થાન આપી પૂજા કરતાં હતાં! મીરાંએ આ દેખાવ જોયો હતો. બન્નેના પ્રેમને જાણી લીધો હતો. બન્નેની પૂજા પણ જાણી લીધી હતી. તેજ વખતથી એક બીજાનો મેળાપ કરાવવાનો મીરાંએ નિશ્ચય કર્યો હતો. વાંચકોએ બંને બ્હેનપણીઓની વાતચિત ઉપરથીજ વિશેષ અનુમાન કરી લેવું.

મીરાં, કૃષ્ણા અને રત્નસિંહને લઇને સાવિત્રીના મંદિરમાં આવી પહોંચી. તે વખતે પૂજારી મહારાજ ઠાકોરજીને શયનનાં વસ્ત્રો પહેરાવી મંદિર બંધ કરવાની તૈયારી કરતા હતા. મીરાંએ તેમને મંદિર બંધ કરતાં અટકાવ્યા. મીરાંએ પૂજારીના કાનમાં કંઇક વાત કહી. પૂજારી મહારાજે કૃષ્ણા અને રત્નસિંહને સાવિત્રી દેવીના સ્હામું બેસાડયાં. તેણે માતાને પહેરાવેલી બે તાજી ફુલની માળાઓ લઇને તે બન્નેના ગળામાં પહેરાવી. મીરાંએ તેમના ગળામાંથી માળા કહાડી બદલી નાંખી ફરીથી બન્નેને પેહેરાવી અને કૃષ્ણાનો હાથ લઇને રત્નસિંહના હાથમાં મૂકયો. પૂજારી મહારાજે તેમને બેચાર મંત્રો બોલવાનું કહ્યું. મંત્ર બોલી રહ્યા પછી મીરાંએ દેવળનો ઘંટ ખુબ જોરથી વગાડયો. શાંત રાત્રિએ દેવળના ઘંટનો નાદ, શાંત પુષ્કર તીર્થની આસપાસ ગર્જના કરી રહ્યો. પવનની મંદ લહર વડે મંદિરના શિખર ઉપરની પતાકા પત્ પત્ શબ્દ કરતી ડોલાયમાન થઇ રહી. તેની સાથેજ કૃષ્ણા અને રત્નસિંહના હૃદયમાં પણ પ્રેમનાં તરંગો ધમ્ ધમ્ શબ્દ કરવા લાગ્યા.

૨

પાંચ છ વર્ષ વીતી ગયાં છે. શુકલા અષ્ટમીને દિવસે પુષ્કરરાજમાં બનેલા બનાવની ઝાંખી રેખા સઘળાના મનમાં જાગૃત થઇ રહી છે. તે વાત

કૃષ્ણાના હૃદયમાં ઉજ્વળ રૂપે જાગૃત છે એમ નથી. બાળકના ચંચળ સ્વભાવ પ્રમાણે તેણે તે વખતે તો પોતાનો હાથ રત્નસિંહના હૃદયમાં મૂક્યો હતો. પરંતુ એજ ત્હેનું ખરૂં લગ્નનું બંધન હતું એવું તે જાણતી નહોતી. અમ્બરમાં આવ્યા પછી મીરાં સાથે તેને એ સંબંધી બે ચાર દિવસ વાતચિત થઇ હતી. ધીમે ધીમે બાળકોની બીજી રમત પેઠે એ વાત પણ ભૂલાઇ ગઇ. કોઇ કોઇ વખતે મીરાં, એ વાત કહાડીને કૃષ્ણાને હસતી હત પરંતુ તેથી કૃષ્ણાના હૃદયમાં કાંઇ લાગણી થતી નહિ. ત્યાર પછી કોઇ વખત રત્નસિંહ સાથે મેળાપ થયો હોત અથવા પરસ્પર એક બીજાની ખબર લીધી હોત તો તો એ વાત બન્નેના હૃદયમાં જાગૃત રહેત, અને તે ચિહ્ન તેમના હૃદયમાંથી ભૂસાઇ જાત નહિ. પરંતુ પુષ્કરરાજમાં પરસ્પર દર્શન થયા પછી એક બીજાનો મેળાપ થયો નહોતો અને કોઇએ કોઇની ખબર પણ લીધી નહોતી તેથીજ બાલિકાના હૃદયમાં તે વાતનું સ્મરણ રહ્યું નહિ. બાલ્યાવસ્થામાં આવા ઘણા બનાવો બને છે, તેને કોણ યાદ રાખે?

હમણાં કૃષ્ણાનું વય ૧૮ કે ૧૯ વર્ષનું હશે. હવે તે લગ્ન યોગ્ય થઇ છે. રાજપૂત કન્યાઓનાં લગ્ન મ્હોટી ઉમ્મરેજ થાય છે, અને રાજકન્યાઓને માટે યોગ્ય પતિ ના મળે તો વધારે વખત થોભવું પડે છે. કૃષ્ણાના નસીબે પણ તેવુંજ બન્યું હતું. કૃષ્ણા એ અમ્બરના રાજાની કન્યા હતી. તેથી તેને યોગ્ય પતિ ના મળે તો લગ્ન કેમ થાય? અમ્બરના રાજા પૃથ્વીરાજ, કન્યાને માટે યોગ્ય પતિ શોધતા હતા. એટલા માટે તો રાણી મહારાજને ત્રાસ પણ આપતી હતી. પરંતુ વર ક્યાં? રાણા સંગને અનેક પુત્રો હતા. તેમાં જે મ્હોટો હતો તે ગુણવાન નહોતો. તેનો ત્રીજો પુત્ર રત્નસિંહ રૂપ અને ગુણમાં અદ્વિતીય હતો, પરંતુ તે મ્હોટો ભાઇ હોવા છતાં તેને મેવાડની રાજગાદી મળે નહિ. તેથી પૃથ્વીરાજે તેના તરફ લક્ષ્ય આપ્યું નહિ. આ સમયે એક રાજપૂત યુવકનું અદ્ભુત વીરત્વ, સાહસ અને બીજા સદ્ગુણની વાતો રાજસ્થાનમાં પ્રસિદ્ધ થઇ રહી હતી. તે યુવકનું નામ સૂર્યમલ્લ હતું. સૂર્યમલ્લ એ બુંદીના મહારાજા નારાયણદાસનો એકનો એક પુત્ર હતો. બુંદીના વીર પુરૂષો, પોતાના અસીમ વીરત્વને માટે

હમેશાં પ્રખ્યાતજ છે. મેવાડના રાણાઓને મદદ કરીને તેઓએ અનેક સમયે રાજસ્થાનમાં ખ્યાતિ મેળવી છે. સૂર્યમલ્લ, તેજ વંશનો યોગ્ય રાજકુમાર છે. રાજા નારાયણદાસના મરણ પછી બુંદીની રાજગાદી ઉપર તેજ બેસનાર છે. આવા સર્વ વિચારો કર્યા પછી પૃથ્વીરાજે, કૃષ્ણાનો વિવાહ સૂર્યમલ્લ સાથેજ કરવાને મરજી બતાવી. મહારાણી સાથે મસલત ચલાવ્યા પછી એજ વિચાર નક્કી થયો. બુંદીના મહારાજા સાથે પણ વાતચિત થઇ અને લગ્નનો દિવસ પણ નક્કી કરવામાં આવ્યો.

વિવાહ થતાં પહેલાં મીરાંએ આવી કૃષ્ણાને પુછ્યું: કેમ બ્હેન! ત્હારી સાથે લગ્ન કરવાને કોઇ નવો વર આવે છે?

"વર તો નવોજ હોય."

"તે તો ખરૂં પણ એક વખત ત્હારો વિવાહ થઈ ગયો છેને? તેથી જ એમ પુછું છું.

"બ્હેન! તે વાત કહીને શા માટે શરમ પમાડે છે?"

"ઠીક, ઠીક. એવા સુંદર વરને તદ્દનજ ભૂલી ગઇ હુતો."

મીરાંના શબ્દો સાંભળતાં કૃષ્ણાના વિચારોમાં કંઇક ફેરફાર થયા. તેના મનમાં પહેલાંનો બનાવ જાણે જાગૃત થયો. તે દિવસે રાત્રે સાવિત્રીના મંદિરમાં જે સુંદર ચ્હેરો જોયો હતો તે નજર આગળ તરતો જણાયો. કૃષ્ણાને વિચારમાં પડેલી જોઈ મીરાંએ પુછ્યું: કેમ બ્હેન! આમ દિગ્મૂઢ જેવી થઇ ગઇ?

"તેંજ મ્હને દિગ્મૂઢ બનાવી દીધી ને."

"હવે કયા વરને પસંદ કરે છે બોલ જોઉં."

"ત્હારો અભિપ્રાય શો છે?"

"મ્હારો વિવાહ થતો નથી કે હું અભિપ્રાય આપું? ત્હારા મનમાં શું છે તે ખુલ્લી રીતે કહે."

"શું કહું બ્હેન? તે દિવસની ચાંદની રાત; શુક્લ અષ્ટમીને દિવસે સાવિત્રીનું મંદિર; તું, હું અને રાજકુમાર; પેલી ફુલની બે માળાઓ, મ્હારૂં માળાનું બદલવું વગેરે સર્વ વાત યાદ આવે છે."

"ત્યારે તો જૂના વર તરફ મન ખેંચાયું હોય એમ જણાય છે."

"મન ખેંચાવાથી શું થાય બ્હેન ?"

"વાહ, એમ કેમ ? હજુ અહિં ત્હારો વિવાહ થઇ ગયો નથી ?"

"વિવાહ નથી થયો છતાં હવે કોઈ બીજો ઉપાય નથી."

"તું જો ખુશી હોય તો હું મહારાજા અને મહારાણીને બધી વાત કહું."

"ના, બ્હેન. તું કદી પણ એવું કામ કરતી નહિ. ત્હને ખબર નથી કે બુંદીના રાજકુમાર સાથે લગ્ન થવાની બધી ગોઠવણ નક્કી થઇ ગઇ છે ? રાજપૂતોની વાતચિત શું બદલી શકાય છે ? એક વખત બોલીને ફરી જઇએ તો બન્ને વંશમાં હમેશને માટે ભયંકર અગ્નિ સળગી ઉઠે."

"ત્હારા મનની અગ્નિ શું ઓલવાઇ શકશે ?"

"નહિં ઓલવાય એ સત્ય પરંતુ મ્હારા મનનો અગ્નિ વધારે કે રાજસ્થાનના બે મ્હોટા વંશોનો અગ્નિ વધારે ?"

"હવે ઉપાય ?"

"હવે ઉપાયજ નથી. મેં પોતેજ મ્હારૂં નખોદ કાઢયું છે. શરમને લીધે સાવિત્રી મંદિરમાં બનેલી વાત કોઇને કહી નહિ. ત્હને પણ કહેવાની મનાઈ કરી હતી !"

"તેથી તો આવું બન્યું."

"ત્યાર પછીથી બધાંએ તે વાતજ ભૂલી ગયાં. તેથીજ માતા કે મહારાજા, કોઇ મ્હારા મનના વિચારો જાણી શકયું નહિ."

"સાચી વાત છે. તે બનાવને તેં પણ બાળકોની રમત જેવો જાણ્યો અને છેકજ ભૂલી ગઇ."

"ઠીક થયું. તેથી તો બચવા પામી નહિ તો તે વખતથીજ બળી મરત."

"તે વખતથી કેમ બળી મરત ?"

"શું તું એમ ધારે છે કે રાણાના ત્રીજા પુત્ર સંગની સાથે અમ્બર રાજકન્યાનાં લગ્ન થાત ? મહારાજા સાવિત્રી મંદિરની વાત જાણત તોપણ લગ્ન કરત નહિ. તેથીજ તે વખતથી બળી શકી નહિ એટલોજ વિશેષ લાભ થયો."

"ત્યારે એકજ દિવસના દર્શનથી તેમને મન–પ્રાણ કેમ સોંપી બેઠી ?"

કૃષ્ણાએ કપાળે હાથ દઇને કહ્યું: "સઘળો અદૃષ્ટનો લેખ ! બળી મરવાને માટેજ મારો જન્મ હશે તેથીજ મ્હારે બળવું પડશે."

મીરાંએ એક ઉંડો નિઃશ્વાસ નાંખીને કહ્યું: "ત્યારે બ્હેન, શું બીજો કોઇ ઉપાય નથી ?"

"ના, બ્હેન, ચાલ, હવે મ્હારા નવા લગ્નનું કામકાજ કરવા ચાલ."

આ પ્રમાણે વાતો કરતી કરતી કૃષ્ણા ઉઠીને ઉભી થઇ. તેની આંખોમાં આંસુ છલકાઇ ગયાં ! ચાલવાની ગતિ મંદ થઇ ગઇ હતી. છતાં મીરાંનો હાથ ઝાલી બીજા ઓરડામાં ચાલી ગઇ.

* * * *

લગ્નનો દિવસ આવી પહોંચ્યો. બુંદીનો રાજકુમાર સૂર્યમલ્લ અમ્બરમાં આવ્યો. વિધિ પ્રમાણે કૃષ્ણા અને સૂર્યમલ્લનાં લગ્ન થઇ ગયાં. સાસરે જતી વખતે કૃષ્ણાએ મીરાંને ગળે બાઝી પુષ્કળ અશ્રુપાત કર્યો. કૃષ્ણા શા માટે રડતી હતી. તેનું કારણ કૃષ્ણા અને મીરાં બેજ જાણતાં હતાં. કૃષ્ણાએ કહ્યું: મીરાં ! જીવન પર્યંત બળી મરવા જાઉં છું ! મ્હારી એક પ્રાર્થના છે કે પેલી વાત કોઇને પણ કહેતી નહિં. આ વખતે મીરાં પણ રડતી હતી. મીરાંએ રડતાં રડતાંજ ઉત્તર આપ્યો કે: "ઠીક બ્હેન ! ચિંતા કરતી નહિ ! મ્હારો વિશ્વાસ રાખજે."

પતિ પત્નિ બુંદી જવા નિકળ્યાં. હાય ! કૃષ્ણા ! તેં શા માટે આવી ભૂલ કરી ? તેં શા માટે આવી શરમ રાખી ?

૩

કૃષ્ણાએ રાજસ્થાનના બે મ્હોટા રાજવંશોનો અગ્નિ ઓલવી પોતાના હૃદયમાં અગ્નિ સળગાવી મૂક્યો ! જો કે તેમાંનો એક વંશ બચી ગયો હતો પરંતુ એક વંશનો એક પ્રાણી, કૃષ્ણાના હૃદયમાંના અગ્નિ સાથે બળી ભસ્મ થતો હતો ! અમ્બર રાજવંશ બચી ગયો પણ બુંદી અને મેવાડ એ બન્ને કૃષ્ણાના હૃદયના અગ્નિમાં બળીને ભસ્મ થઇ ગયાં હતાં ! પુષ્કરમાં શુકલ પક્ષની અષ્ટમીને દિવસે બનેલો બનાવ કૃષ્ણાના હૃદ-

યમાં વધારે દિવસ જાગૃત રહ્યો નહોતો, પરંતુ મેવાડ રાજકુમાર રત્નસિંહના હૃદયમાં હમેશાં જાગૃતજ હતો. રત્નસિંહે કૃષ્ણાની તે કોમળ મૂર્તિ હૃદયમાં સ્થાપન કરી રાખી હતી, પરંતુ રાણા સંગ જેવા પિતા પાસે તે વાત કહી શકયો નહોતો. રત્નસિંહે ધાર્યું હતું કે એ વાત કૃષ્ણા પોતેજ પોતાના માતપિતા આગળ કહી દેશે અને તેઓ કૃષ્ણાની સાથે મ્હારાં લગ્ન કરાવી આપશે, પરંતુ તે સમજી શકયો નહોતો કે તેના જેવીજ સ્થિતિ કૃષ્ણાની પણ થઇ છે! તેણીએ પણ ગુપ્ત રીતે થયલાં લગ્નની વાત માતાપિતાને કહી નહોતી. તેણે જ્યારે જાણ્યું કે, સૂર્યમલ્લ સાથે કૃષ્ણાનાં લગ્ન થઇ ગયાં છે ત્યારે અભિમાન અને ગુસ્સાવડે તે ઉત્તેજિત થઇ ઉઠયો. કૃષ્ણા તરફ તેને તિરસ્કાર ઉત્પન્ન થયો અને સૂર્યમલ્લ તરફ બદલો લેવાની અગ્નિ તેના હૃદયમાં સળગી ઉઠી.

તે સમયે રાણા સંગ જીવતા હતા. રત્નસિંહે મનનો અગ્નિ મનમાંજ દબાવી રાખ્યો. રાણા સંગે રત્નસિંહનાં લગ્ન કરવાનો ઉદ્યોગ કર્યો. સૂર્યમલ્લની બ્હેન સુજાબાઇ સાથે રત્નસિંહનાં લગ્ન થઇ ગયાં. આ લગ્ન વખતે રત્નસિંહ અને કૃષ્ણાનો મેળાપ થયો. આ વખતે પાછાં ચાર નેત્રો એકઠાં થયાં. કૃષ્ણાની ગરિબડી મુખમુદ્રા જોતાંજ રત્નસિંહના હૃદયમાંનો અગ્નિ ભડકી ઉઠયો! કૃષ્ણા તરફ તેને જે તિરસ્કાર ઉત્પન્ન થયો હતો તે જતો રહ્યો અને ઉલટી દયા ઉત્પન્ન થઈ. તે જાણી શકયો કેઃ એ કામમાં કૃષ્ણાનો કાંઇ વાંક નથી. નસીબ સંજોગે તે સૂર્યમલ્લ સાથે પરણી ગઈ છે. રત્નસિંહનો ક્રોધાગ્નિ ધીમે ધીમે સૂર્યમલ્લ તરફ વધતો ગયો. લગ્ન થયા પછી કૃષ્ણા દરરોજ સુકાતી જતી હતી. તે બિચારીના હૃદયની વેદના મીરાં સિવાય બીજું કોઇ જાણતું નહોતું. બીજું કોઇ સમજી શકતું નહોતું કે કૃષ્ણા શા માટે દરરોજ સુકાતી જાય છે. સૂર્યમલ્લ સાથે કૃષ્ણા વાતચિત કરતી નહોતી, હાસ્યવિનોદ કરતી નહોતી અને તેની પાસે સુદ્ધાં પણ જતી નહોતી. સૂર્યમલ્લ પરણ્યો તે દિવસે કૃષ્ણાનો કોમળ હાથ પકડવાને ભાગ્યશાળી થયો હતો. તેનો વિકસિત કમળ જેવો પ્રફુલ્લિત ચ્હેરો જોઇ આનંદ પામ્યો હતો પણ ત્યાર પછીથી કૃષ્ણાના શરીરને સ્પર્શ કરવાને ભાગ્યશાળી

થયો નહોતો. લગ્નના દિવસથીજ કૃષ્ણાનો ચ્હેરો કરમાવા લાગ્યો હતો. સૂર્યમલ્લે શરૂઆતમાં કૃષ્ણાના મનને સંતોષ આપવાના યત્નો કર્યા હતા પણ એક દીવસને માટે પણ તે તેના ચિત્તને સંતોષ આપી શકયો નહોતો ! છેવટે સૂર્યમલ્લે પણ કૃષ્ણા સાથે બોલવું બંધ કર્યું હતું. કૃષ્ણા એકલી પડવાથી વધારે સુકાવા લાગી હતી. સૂર્યમલ્લની માતાએ કૃષ્ણાને હમેશાંની રોગીષ્ટ જાણી પોતાના પુત્રને બીજી વખત પરણાવવાની ગોઠવણ કરી. રત્નસિંહની બ્હેન સાથે સૂર્યમલ્લનાં બીજી વખતનાં લગ્ન થયાં !

રાણા સંગે આ લોકનો ત્યાગ કરી પરલોક નિવાસ કર્યો છે. હમણાં મેવાડની ગાદી ઉપર રત્નસિંહ બેઠા છે. તેના બે મ્હોટા ભાઇઓ, રાણાસંગના જીવતાંજ સ્વર્ગ ધામમાં પહોંચ્યા હતા. તેથીજ રાણા સંગના મરણ પછી તરતજ રત્નસિંહને મેવાડની રાજગાદી મળી. હાય ! કૃષ્ણાને જો ખબર હોત કે રત્નસિંહ મેવાડની ગાદીએ બેસશે તો તે નક્કી શરમ છોડીને પિતા માતાને સાવિત્રી મંદિરવાળો બનાવ કહેત, અથવા મીરાં પાસે કહેવડાવત! કોણ જાણતું હતું કે રાણા સંગના બે મ્હોટા પુત્ર અકાળે જીવન વિસર્જન કરશે અને રત્નસિંહ સિંહાસન ઉપર બેસશે ? જ્યારથી કૃષ્ણાએ જાણ્યું કે રત્નસિંહ મેવાડનો રાણો થયો ત્યારથી તેના હૃદયનો અગ્નિ ઉલટો વધારે સળગવા લાગ્યો ! છતાં એ બધા વિધિના લેખ સમજીને પોતાના મનને સંતોષ આપવાનો યત્ન કરતી, પરંતુ રત્નસિંહ પોતાના હૃદયનો અગ્નિ દબાવી શકયો નહિ. તે રાણો થયા પછી જ્યારે સત્તાવાળો થયો ત્યારે બદલો લેવાની અગ્નિ વધારે જોસમાં સળગી ઉઠી. પરંતુ જેને તે બાળી મુકવા ચ્હાય છે તેની સાથે નાના પ્રકારનાં બંધનથી બંધાયો છે. જ્યારે તેના મનમાં બદલો લેવાનો અગ્નિ સળગી ઉઠતો ત્યારે સુજાબાઇની અને પોતાની બ્હેનની વાત યાદ આવતી, પણ કૃષ્ણાની વાત યાદ કરીને તે પોતાના હૃદયના અગ્નિને દબાવી શકતો નહિ.

આ પ્રમાણે કેટલાંક વર્ષ વીતી ગયાં. કોઇ કોઇ વખત રત્નસિંહ બુંદી જઇને પોતાની પ્રાણેશ્વરી કૃષ્ણાનાં દર્શન કરી આવતો. કૃષ્ણા પણ જેટલા દિવસ પોતાના હૃદયપ્રિય દેવતાનાં દર્શન કરતી તેટલા દિવસ કંઇક આનંદ

પામતી અને કંઈક પ્રફુલ્લિત રહેતી. કેમ નહિ? એક વખતનો તે પતિ દેવતા છે. તેણે સાવિત્રીના મંદિરમાં પોતાનો દેહ રત્નસિંહને અર્પણ કર્યો છે. તે જાણતી હતી કે, પતિ એક છે, પ્રતિજ્ઞા એક છે. પ્રેમ અખણ્ડિત છે. પ્રેમ એ જીવનની છેલ્લી ઘડી સુધી એકથી બીજાને અર્પી શકાતો નથી. તેથીજ તેણે સૂર્યમલ્લ સાથે લગ્ન કરવા છતાં રત્નસિંહનેજ પતિ માન્યો છે. તેણે રત્નસિંહની સુંદર મૂર્તિને હૃદયમાં ધારણ કરી છે, અને રાત દિવસ તેનીજ માનસિક પૂજા, અર્ચના કરી પોતાના શરીરના લોહી માંસનું બલિદાન આપી રહી છે. તેણે પોતાનું પતિવ્રતાપણું અખંડ જાળવ્યું છે. રત્નસિંહ આ સર્વ બીના જાણતો હતો, તેથી તેણે દેવી પ્રતિમા કૃષ્ણાની મૂર્તિને પોતાના હૃદયમાં સ્થાપી હતી. તે તેનાં દર્શન કરી કૃતાર્થ થતો. પરંતુ સૂર્યમલ્લે તેના સુખમાં વિચ્છેદ નાંખેલો હોવાથી તેના તરફ બદલો લેવાનો અગ્નિ વારંવાર સળગી ઉઠતો.

એક વખત બુંદીથી મેવાડ આવ્યા પછી તેણે સુજાબાઇને પુછ્યું કેઃ ત્હારા ભાઇની પત્નિ કૃષ્ણા, આ પ્રમાણે કેમ સુકાઇ જાય છે?

સુજાબાઇએ ઉત્તર દીધોઃ કોણ જાણે કેમ સુકાઇ જાય છે? લગ્ન થયાં ત્યારથીજ તે આ પ્રમાણે સુકાઇ જાય છે. તેથીજ માતાએ ભાઇનાં બીજાં લગ્ન કર્યાં.

"કેમ સુકાઇ જાય છે તે ત્હમે કોઇ કાંઇ જાણતાં નથી?"

"ના, અમે કાંઇ પણ જાણતાં નથી."

"તે સંબંધી કાંઇ વાત પણ સાંભળી નથી?"

"લોકો કહે છે કે તેનો વિવાહ બીજા કોઇ સાથે થયો હતો અને તેને તેનીજ સાથે પરણવું હતું."

"કોની સાથે તે સાંભળ્યું છે?"

"ના, તે સાંભળ્યું નથી?"

"જ્યારે તેમજ હતું ત્યારે પછી ત્હારો ભાઈ ત્હેની સાથે શા માટે પરણ્યો?"

"ભાઇને કાંઇ પણ ખબર હતી?"

"તેણે જાણવું જોઇતુ હતું, તેની તે ફરજ હતી."

"એ શી વાત? તે શી રીતે જાણે? જેની ઇચ્છા હોય તેણે જણાવવું જોઇતુ હતું, તેની ફરજ હતી."

"સ્ત્રીઓ શું પોતાના મનની વાત જણાવી શકે છે?"

"તેમાં મ્હારા ભાઇનો શું વાંક?"

"તેનો જ બધો વાંક છે. સર્વ ખબર કહાડીને પછી લગ્ન કરવાં જોઇતાં હતાં. નાદાન છોકરીઓ બિચારી મનની વાત કહે નહિં ત્યારે ચતુર પુરૂષોએજ તેની ખબર કહાડવી જોઇએ."

સુજાબાઇ પતિની સાથે તર્ક કરવા ચ્હાતી નહોતી. તે જાણતી હતી કે રત્નસિંહનો ક્રોધાગ્નિ સહજ વારમાં સળગી ઉઠે છે. સુજાબાઇ પાસેથી કૃષ્ણાની આટલી વાત જાણતાં તેનો ગુસ્સો વધી પડયો અને બદલો લેવાને ઉન્મત્ત થઇ ઉઠયો. આટલા દિવસ સુધી તેણે સહન કર્યું. હવે ત્હેનાથી સહન થયું નહિ. સૂર્યમલ્લેજ તેના જીવનની શાંતિ નષ્ટ કરી છે એજ વાત તેના મનમાં ઠસી ગઇ. ત્હેણે જ કૃષ્ણા જેવું વિકસિત કમળ, રત્નસિંહના હાથમાંથી જાણી જોઇને ઝુંટાવી લીધું છે એવુંજ નક્કી થયું. તેટલા માટે જ સૂર્યમલ્લને આ જગતમાંથી પરલોકમાં પહોંચાડવો જોઇએ એવો પણ નિશ્ચય કર્યો. આ વખતે તેના મનમાં સુજાબાઇ કે પોતાની ભગિનીના ભાવિ દુ:ખનો વિચાર ઉત્પન્ન થયો નહિ. ક્રોધનો અગ્નિ એવો જ હોય છે! તે અગ્નિ જેના હૃદયમાં ઉત્પન્ન થાય છે તે તેને બાળવા સાથે બીજાં પણ કેટલાંક માણસોને બાળી ભસ્મ કરે છે તેની ગણત્રી નથી!

ગુસ્સામાં ને ગુસ્સામાં રત્નસિંહે જે નિશ્ચય કર્યો હતો તેનો અમલ કરવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. રત્નસિંહે સૂર્યમલ્લને પોતાની રાજધાનીમાં આવવાનું નિમંત્રણ કર્યું. સૂર્યમલ્લ આવી પહોંચ્યો. ત્યાર પછી તેની સાથે આહેરિયા જવાનો નિશ્ચય કર્યો. રાજપૂતો વસન્ત ઋતુમાં મૃગયા રમવા જાય છે તેને આહેરિયા કહે છે. આહેરિયા અર્થાત્ વાસન્તી મૃગયા એ રાજપૂતોનો એક ખાસ ઉત્સવ છે. એ પ્રમાણે મૃગયા રમવા માટે રાજપૂતાનામાં અનેક પ્રકારની ગોઠવણો કરવામાં આવે છે. રત્નસિંહે સૂર્યમલ્લને આહેરિયા રમવા માટેજ નિમંત્રણ કર્યું હતું. તેના મનમાં નક્કી કર્યું હતું

કે આહેરિયા રમતી વખતે મૃગને ઠેકાણે સૂર્યમલ્લનો જ શિકાર કરવો છે! પોતાની રાજધાનીમાં એવો ભયંકર બનાવ બને તો લોકો તેના નામને કલંક ચઢાવે તેથી રત્નસિંહ આહેરિયા ઉત્સવ માટે સૂર્યમલ્લને લઇને બહારગામ ચાલ્યો. સૂર્યમલ્લના રાજ્ય બુંદીની સીમામાંજ "આહેરિયા" રમવાનો વિચાર ગોઠવ્યો. "આહેરિયા" રમવાની દરેક ગોઠવણો કરવાને મેવાડમાં મોટી ધામધૂમ ચાલી રહી.

૪

વસન્ત સમય! બુંદીની સીમા તરફ આવેલી શૈલમાળાએ લીલોત્રી વડે પોતાનું લીલું શરીર ઢાંકી દીધું હતું. વૃક્ષો ઉપર નવાં પાદડાં આવવાથી જાણે નવિન જીવન મેળવ્યું છે. સપાટ જમીન ઉપર લીલું ઘાસ ઉગેલું હોવાથી જાણે કુદરતે લીલો ગાલિચો બનાવી દીધો છે. નાના પ્રકારનાં વન ફુલોમાંથી નિકળતી સુગંધ વડે ચારે દિશા સૌગંધિત થઇ ઉઠી છે. તેમનું સૌંદર્ય પણ તેમને આનંદ આપી રહ્યું છે. નાના પ્રકારનાં પક્ષીઓના તાન સ્વરથી અરણ્યમાં મધુરતા વ્યાપી રહી છે. થોડે વેગળે, સ્વચ્છ જળવાળી ચર્મન્વતી નામની ન્હાની નદી ક્ષુદ્ર સ્વરે વહી રહી છે. આ સુંદર પર્વતોવાળા અરણ્યમાં, રાજપૂતો મૃગયા રમવા નિકળી પડે છે. આ સ્થાનજ તેમને મૃગયા રમવાનું યોગ્ય સ્થાન છે. આ સ્થાનમાં પશુરાજ સિંહથી તે ન્હાનકડાં સસલાં સુધીના સર્વ જંતુઓ નિવાસ કરે છે. સિંહ, વાઘ, પાડા, શિયાળ અને ઘણી જાતનાં હરણો ત્યાં આમતેમ ફરતાં જણાય છે. રાજપૂત લોકો મૃગયા રમવા માટે ભેગા થયા પછી જ્યારે ઢોલ વગાડે છે ત્યારે સમસ્ત વન જંગલ કમ્પાયમાન થાય છે અને તેમાંનાં પશુઓ બ્હી જઇને આમતેમ દોડતાં ન્હાસતાં જણાય છે. આ સુંદર વનમાં પશુઓનું આમ તેમ દોડવું જોઇને રાજપૂતોને મહા આનંદ થાય છે. આનંદમાં એટલા બધા મસ્ત થાય છે કે પોતાના અફિણનો કસુંબો પીવાનું સુદ્ધાં ભૂલી જાય છે. એટલુંજ નહિ પણ મૃગયાની મોજ ભોગવતા ભોગવતા પોતાનો ઘર સંસાર પણ ભૂલી જાય છે! "આહેરિયા" ના ઉત્સવમાં મસ્ત થઇને તેઓ કેટલોક વખત પોતાની લડાઇઓ પણ ભૂલી જતા. આ "વાસન્તી મૃગયા" રાજપૂત જીવનના એક મુખ્ય આનંદની સામગ્રી હતી.

રાણો રત્નસિંહ અને સૂર્યમલ્લ આહેરિયા ઉત્સવમાં મસ્ત થઇને ચર્મેન્વતી નદીના પશ્ચિમ કિનારાની પાસેના "નન્દતા" નામક સ્થાને આવી પહોંચ્યા. આ સ્થાન મૃગયાને માટે યોગ્ય સ્થાન હતું. રાણાએ અને બુંદીરાજે એક એક ઠેકાણું નક્કી કરી લીધું. તેમની સાથે એક બે વિશ્વાસુ નોકરો હતા. તેઓનું લશ્કર અને બીજાં માણસો બીજી દિશામાં રહ્યાં હતાં. ઢોલની ગર્જના થતાંજ હરણો ઝાડીમાંથી બહાર નિકળી પડયાં. રાજાના નોકરો હોહાકાર કરીને તેમને દોડાવવા લાગ્યા. તેમના દોડાવવાથી અને કોલાહલથી પશુઓ ન્હાસવા લાગ્યાં. "પેલો સિંહ જાય છે! આ રીંછ દોડયું! પેલું હરણ આવે છે." આવા અનેક શબ્દો વનમાં સંભળાવા લાગ્યા. રાણો, બુંદીરાજ અને તેમનાં માણસો મૃગયા રમતાં રમતાં આમ તેમ દોડવા લાગ્યાં. સઘળા મૃગયા રમવામાં મદમસ્ત થયા હતા, પણ રાણો રત્નસિંહ માત્ર સૂર્યમલ્લનેજ તાકી રહ્યો હતો. તેના હૃદયમાં બદલાનો અગ્નિ ભડભડ બળતો હતો તેથી તે "આહેરિયા"ના ઉત્સવનો આનંદ ભોગવી શકતો નહોતો. ધીમે ધીમે વખત વીતવા લાગ્યો. તાપ સખ્ત રીતે પડવા લાગ્યો. મૃગયા રમવાનું બંધ કરવાનો વખત થયો. રત્નસિંહ અત્યંત વ્યકુળ થયો. વખતે સંકલ્પ વ્યર્થ થઇ જશે એવી તેને શંકા થઇ!

એજ સમયે સૂર્યમલ્લ એકલો હરણ શોધતો, રાણા અને તેના નોકરોની સ્હામે ગયો. રત્નસિંહે પોતાના એક નોકરને ધીમે ધીમે કહ્યું:— "ભૈયાજી! ગેંડાનો શિકાર કરવાનો આ સારો લાગ છે." સૂર્યમલ્લે કોઇ કારણને લીધે આ પૂરભૈયા સરદારના પિતાનું ખુન કરાવ્યું હતું. રત્નસિંહના શબ્દો સાંભળતાંજ પૂરભૈયાએ એકબાણ સૂર્યમલ્લના સ્હામું છોડયું. સૂર્યમલ્લે બાણ જોતાંજ તેને પોતાની ઢાલ ઉપર ઝીલી લીધું. તેણે ધાર્યું કે વખતે ભૂલથી આ બાણ અહિં આવ્યું હશે. પરંતુ તરતજ રાજાના એક નોકરે બીજું બાણ છોડયું. આ નોકર રાણાની ધાત્રિનો પુત્ર હતો. તે બાણ પણ સૂર્યમલ્લે ચતુરાઇથી ઢાલ ઉપર ઝીલી લીધું. આ વખતે તેનું હૃદય શંકાથી ડોલવા લાગ્યું. ધાત્રિ પુત્રનું બાણ ઝીલી લે તે પહેલાંજ રત્નસિંહ પોતાનો ઘોડો દોડાવી સૂર્યમલ્લની છાતી આગળ જઇ પહોંચ્યો અને કમ્મરે લટકતી

ચળકતી તલવારનો ઘા કરતો બોલ્યોઃ—"આજ આહેરિયાનો અંત." તલવારનો ઘા વાગતાંજ બુંદીરાજ સૂર્યમલ્લ ઘોડા ઉપરથી મૂર્ચ્છા ખાઇને જમીન ઉપર પડયો. લોહીની ધારાવડે તેનું શરીર અને જમીન પલળી ગઈ. ઘોડો ચમકીને કોઇ દિશા તરફ દોડી ગયો. ત્યાં આગળ થોભવાનું ઉચિત નહિ જાણીને રાણાએ ઘોડાને એડી મારી દોડાવી મૂક્યો. તેની સાથે તેના નોકરો પણ ચાલ્યા ગયા. સૂર્યમલ્લ અચેતન થઇને ત્યાંજ પડી રહ્યો.

થોડીકવાર પછી તેને ચૈતન્ય આવ્યું. તેણે બેઠા થઇને પોતાની શાલ વડે ઘા ઉપર પાટો બાંધ્યો. તેણે વેગળે નજર કરી તો જણાયું કે રાણો ન્હાસી જાય છે. રાણાને ન્હાસી જતો જોઇને સૂર્યમલ્લે કહ્યું:—ઓ કાયર પુરૂષ ! હવે તું ન્હાસી જાય છે? ત્હારાથી મેવાડનું ગૌરવ હમેશને માટે ડુબી ગયું છે?

સૂર્યમલ્લના કેટલાક શબ્દો રાણાના નોકરદ્વારા પૂરભૈયાને કાને પડયા. તેણે પાછું ફરીને જોયું તો સૂર્યમલ્લને ઘા બાંધતાં જોયો. ભૈયાએ રાણાને કહ્યું કે: "મહારાજ! કામ હજુ અડધુંજ થયું છે. હવે તો તે પુરૂં કરવુંજ જોઇએ." રાણાએ પાછું ફરી જોયું તો બુંદીરાજને બેઠેલો જોયો. રાણાએ તરતજ પોતાનો ઘોડો પાછો ફેરવ્યો. ઘોડો બુંદીરાજની નજીક પહોંચ્યો. રાણાએ પોતાનું બાણ ઉગામ્યું. પરંતુ સૂર્યમલ્લ કંઇ બલહીન થયો નહોતો. ત્હેના શરીરમાં હજુ પણ હાડાનું વીર લોહી ફરતું હતું. તેણે ઉછાળો મારીને રાણાનું લુગડું પકડી તેને જમીન ઉપર પટકી પાડયો, અને રાણાની છાતી ઉપર જોરથી પોતાનો ઘુંટણ દબાવી દીધો. એક હાથે તેનું ગળું દબાવ્યું અને બીજે હાથે કમ્મરમાંથી કટાર કાઢી રાણાની છાતીમાં ભોંકી દેતાં કહ્યું: "તે વખતે આહેરિયાનો અંત આવ્યો નહોતો. હમણાં અંત આવ્યો." રાણો ભયંકર ચીસ પાડતો સૂર્યમલ્લના પગ નીચે તરફડવા લાગ્યો અને તેજ વખતે તેનો પ્રાણવાયુ બહાર નિકળી ગયો. આ ગડબડાટમાં સૂર્યમલ્લના ઘામાંથી લોહીની ધારા નિકળવા લાગી. તેણે પણ દુર્બળ થઇને રાણાના મૃત શરીર ઉપર પડી હમેશને માટે આંખો મીંચી દીધી.

આ પ્રમાણે "આહેરિયા" ઉત્સવ સમાપ્ત થયો. રાણા રત્નસિંહે અને સૂર્યમલ્લે પોતપોતાની જીંદગીનું દાન કરીને "આહેરિયા"ની રમતનો

અંત આણ્યો. રત્નસિંહે આટલા દિવસ સુધી જે અગ્નિ પોતાના હૃદયમાં પુરી રાખ્યો હતો તે પણ આજે ઠંડો પડી ગયો. તેની સાથે સૂર્યમલ્લ પણ બળીને ભસ્મ થયો. હાય કૃષ્ણા! ત્હારીજ ભૂલને માટે આજે બુંદી અને મેવાડ બળીને ભસ્મ થયાં! ત્હેં રાજસ્થાનનાં બે વંશોની અશાંતિનો અગ્નિ શાંત કરીને ત્હારા હૃદયમાં અગ્નિ સળગાવ્યો હતો, પરંતુ તે વડેજ બુંદી અને મેવાડ બળીને ભસ્મ થયાં! ત્હારી એક સાધારણ ભૂલને લીધેજ આજે મહા અનર્થ થયો! રાણા અને બુંદીરાજનાં શબ દેહ તેજ સ્થળે પડી રહ્યાં હતાં. રાણાના નોકરો ત્યાંથી ન્હાસી ગયા હતા. તેઓનાં બીજાં માણસો અને નોકરો શોધતા શોધતા ત્યાં આવી પહોંચ્યા ત્યારે ત્હેમનાં શબ–દેહને જોવા પામ્યા. બન્નેનું દિલગિરી ભરેલું પરિણામ જોઇને બધા હાહાકાર કરવા લાગ્યા! આજે "આહેરિયા"નો આનંદ વિષાદમાં બદલાઇ ગયો. તે બધા કપાળે હાથ દેઇને બેસી ગયા. કેમ આવું થયું? તેનું કારણ કોઇ જાણી શક્યું નહિ. તપાસ કરતાં માલુમ પડયું કે તે બન્નેએ એક બીજાની જીંદગીનો અંત આણ્યો છે. પહેલાં તો તેઓએ એવું અનુમાન કર્યું કે મૃગના શિકારને લીધેજ તેઓમાં કંઇ વાંધો પડયો હશે. પરંતુ મદનના મૃગને લીધે આ બનાવ બન્યો છે તે તેઓ જાણી શકયા નહિ. તેઓ જાણી શકયા નહિં કે એકાદ બે પગવાળા સોનાના મૃગને માટેજ "આહેરિયા" રમવાની ગોઠવણ થઇ હતી!

૫

બુંદી અને મેવાડમાં "આહેરિયા"ના શોચનિય સમાચાર પહોંચ્યા. પુત્રના મરણના સમાચાર સાંભળીને બુંદી–રાજમાતા શોકને લીધે ગાંડી જેવી થઈ ગઇ! તે બોલી ઉઠી કે:–"શું સૂર્ય મરણ પામ્યો? શું તે એકલોજ મરણ પામ્યો? તે પૃથ્વીમાંથી એકલો કદી પણ જાયજ નહિ." આટલું કહેતાં કહેતાં તેની છાતી ફૂલવા લાગી. સ્તનમાંથી ધડધડ દૂધની ધારા વહેવા લાગી. ત્યારપછી તેના જાણવામાં આવ્યું કે સૂર્યમલ્લે બદલો લીધા પછી જીવન વિસર્જન કર્યું છે. ત્યારેજ ત્હેના જીવને ઠંડક વળી! સૂર્યમલ્લ તેનો એકનો એક પુત્ર હતો. તે વિધવા થઇ ત્યારે સૂર્યમલ્લ આંધળાની લાકડી સ્વરૂપ હતો. પુત્ર પણ રૂપ અને ગુણ માટે રાજસ્થાનમાં પ્રખ્યાત હતો. સૂર્યમલ્લ

હાડાવંશનું ભૂષણ હતો. સૂર્યમલ્લ વડે હાડાવંશ ઉજ્વળ થઇ રહ્યો હતો. તેનામાં અતિશય બળ હતું. અદ્‌ભૂત સાહસિક હતો. પોતાનું બળ અને સાહસિકતા પોતાના મરણની છેલ્લી ઘડીએ પણ તેણે બતાવવામાં મણા રાખી નહોતી! આવા પૂત્રના અકાળ મૃત્યુથી બુંદી–રાજમાતા વિહ્‌વળ થાય તેમાં આશ્ચર્ય શું? પોતાના પુત્રના મરણથી જ તે વિહ્‌વળ થઈ હતી એમ નહોતું પણ રત્નસિંહના મરણથી પોતાની પુત્રિ સુજાબાઇ વિધવા થઇ તેથી પણ તેને ઘણું દુઃખ થયું હતું! તે જાણી શકી કેઃ બુંદી અને મેવાડનો સોનાનો સંસાર દુષ્ટ "આહેરિયા"ને લીધે ધૂળમાં મળી જશે.

કેટલાક દિવસથી કૃષ્ણાની માંદગી વધી હતી. તેની ખબર લેવા મીરાં આવી છે. મીરાંને હમણાં બે ત્રણ સંતાન થયાં છે. ન્હાનાં બાળકોને લઇને મીરાં બુંદી આવી છે. કૃષ્ણાં ઘણી માંદી છે, છતાં બાળકોને છાતી સાથે દબાવી પ્રેમ બતાવે છે. કોઈક કોઇક વખત બાળકોને જોઇને તેના નેત્રમાં જળ ભરાઈ આવે છે. મીરાંએ જોયું કે કૃષ્ણાની જીંદગી હવે પૂરી થવા આવી છે. હવે તે ઘણા દિવસ આ જગત્‌માં રહેશે એવી આશા નથી. જે દિવસે મૃગયાની વાત બુંદીમાં પહોંચી તે દિવસે મીરાં કૃષ્ણાની પાસે બેસી વાતો કરતી હતી. કૃષ્ણા કહેતી હતી કે બ્હેન, હવે જલદી છુટાય તો ઘણું સારૂં.

મીરાંએ નેત્રનાં આંસુ લુછતાં લુછતાં કહ્યુંઃ—છુટી તો છે જ, હવે બાકી શું છે? રત્નસિંહ રાણા તો થયા, તેં શા માટે દેહ ગાળી નાંખી?

કૃષ્ણાએ કપાળે હાથ લગાડતાં કહ્યુંઃ—એ બધા વિધાતાના લેખ બ્હેન!

આ પ્રમાણે વાતો ચાલતી હતી તે વખતે બુંદીના રાજમહેલમાં ખબર પહોંચી કે રત્નસિંહ અને સૂર્યમલ્લે આહેરિયા રમતાં રમતાં પરસ્પર જીવ ગુમાવ્યા છે. જે સ્થળે કૃષ્ણા અને મીરાં વાતો કરતાં હતાં ત્યાં પણ એ ખબર પહોંચી. સમાચાર સાંભળતાંજ કૃષ્ણાને મૂર્છા આવી. તે મૂર્છા ફરીથી સારી થઈ નહિ! મૂર્છાની સાથેજ તેના પ્રાણપંખી પરલોક ઉડી ગયા! આ બનાવ જોતાંજ મીરાંએ ઉંચે સ્વરે રડી દીધું, અને ધુળમાં આળોટવા લાગી. તેનું રડવું સાંભળીને સઘળાં તે ઓરડામાં ગયાં. તેમણે જોયું કે કૃષ્ણાનો જીવનદીપક ઓલવાઇ ગયો છે. મીરાં રડતી રડતી બોલવા લાગી કેઃ—

"કૃષ્ણા ! બ્હેન ! જો તેં ભૂલ ન કરી હોત તો ત્હારી આ દશા થાત નહિ ! અને મેવાડ તથા બુંદીનું સત્યાનાશ વળત નહિ !"

મીરાંના શબ્દો સાંભળતાંજ બધાં સ્તબ્ધ થઇ ગયાં, અને બધાં જાણી ગયાં કે કૃષ્ણાને માટેજ દુષ્ટ "આહેરિયા" ઉત્સવની ગોઠવણ કરવામાં આવી હતી !

રત્નસિંહની બ્હેન પોતાના સ્વામી સાથે સતિ થવાને તૈયાર થઇ. તેણે સાસુના ચરણમાં પ્રણામ કરીને રજા માગી. રાજમાતાએ કહ્યું: "ત્હારી મનકામનાઓ પૂર્ણ થાઓ." ત્યાર પછી તેમણે પણ સતિની સાથે મૃગયાને સ્થાને જવાની મરજી બતાવી. બુંદીના સર્વે માણસો વ્યવસ્થા કરવા લાગ્યાં. બધી તૈયારી કર્યા પછી સઘળાં "નન્દતા" સ્થળ તરફ ગયાં. જે સ્થળે રત્નસિંહ અને સૂર્યમલ્લનાં શરીર પડયાં હતાં ત્યાં પહોંચ્યાં. સૂર્યમલ્લને જોતાંજ રાજમાતાએ તેને એક વખત પોતાના ખોળામાં લીધો અને કહ્યુઃ–બેટા સૂર્ય ! તું અમને છોડી આટલો બધો ઉતાવળે ચાલ્યો ગયો બેટા ! મા શાકંભરિ ! તમારા મનમાં એવુંજ હતું ! રાજમાતાનું આવું આક્રંદ જોઈ સઘળાંએ તેમના ખોળામાંથી સૂર્યમલ્લનું શરીર લઇ લીધું ! રાજમાતા જમીન ઉપર પડી આળોટવા લાગ્યાં. સૂર્યમલ્લની પત્નિએ જે આક્રંદ કર્યું તેથી સઘળાંની છાતી ફાટી જવા લાગી ! છેવટે મુડદાંને અંત્યેષ્ટિ ક્રિયા કરવાની તૈયારી થઈ. એજ વખતે મેવાડથી સમાચાર આવ્યા કેઃ મહારાણી સુજાબાઇ પણ સતિ થવા આવે છે ! તે વખતે પોતાની કન્યાનું મુખ જોવાની આશાએ રાજમાતાને કંઇક આશ્વાસન મળ્યું. જ્યાંસુધી સુજાબાઇ આવી પહોંચે નહિ ત્યાં સુધી સઘળી ક્રિયા થોભાવવામાં આવી. માત્ર સઘળી તૈયારી કરી રાખવામાં આવી.

મેવાડમાં આ સમાચાર પહોંચતાંજ મહારાણી સુજાબાઇ વિહ્વલ થઇ ગઇ હતી. તેણે પહેલાંથીજ અનુમાન કર્યું હતું કેઃ "આહેરિયા" ઉત્સવનું પરિણામ સારૂં આવશે નહિ ! રાણા રત્નસિંહનો ગુસ્સો સૂર્યમલ્લ તરફ અતિશય વધી ગયો હતો તે પણ સુજાબાઇ જાણતી ગઇ હતી. છેવટે તેણે જાણ્યું કેઃ કૃષ્ણાને માટેજ આ ખુના મરકી થઇ, ત્યારે તેની વિહ્વલતા

ઘણી વધી ગઇ. મીરાંએ જે વાત ઉઘાડી પાડી તે ઉપરથી બુંદી અને મેવાડની "આહેરિયા" ની રમતનું ગુપ્ત કારણ પ્રકટ થઇ ગયું હતું. સુજાબાઇએ પણ તે ગુપ્ત કારણ સાંભળ્યું હતું. ત્યારેજ તેણે જાણ્યું કેઃ તે દિવસે રત્નસિંહ શા માટે તેને કૃષ્ણાની વાત પૂછતો હતો! અને શા માટે તેને સૂર્યમલ્લ તરફ ક્રોધ ઉત્પન્ન થયો હતો! તે મનમાંજ વિચારવા લાગી કેઃ "જ્યારે સાવિત્રીના મંદિરમાં લગ્ન થયાં હતાં ત્યારે શા માટે કૃષ્ણાએ તે વાત ગુપ્ત રાખી? શા માટે તે મવાડની મહારાણી થઇ નહિ! ઘણા દિવસ કુંવારી રહીને મ્હારા પરણ્યા પછી પણ જો તે રાણા સાથે પરણી હોત તો હું હમેશાં તેના ચરણની સેવા કરત. અને રાણાના મનને સંતોષ આપત. શા માટે તે બુંદી પરણી અને બન્ને સંસારને સ્મશાનવત્ બનાવી દીધાં?"

સુજાબાઇ રાણાની સાથે સતી થવા તૈયાર થઇ. ગુરૂજનો પાસેથી આશિર્વાદ મેળવી "આહેરિયા" વાળી જગ્યાએ જવા નિકળી. ત્યાં પહેલાંથીજ સમાચાર મોકલ્યા હતા. સુજાબાઇએ જાણ્યું કે ત્યાં તેની માતા અને ભાભી આવ્યાં છે. ત્યારે તેમને વાટ જોવાનું કહાવી મોકલ્યું. સુજાબાઇ ત્યાં પહોંચી ગઇ, અને રત્નસિંહના પગ આગળ આળોટી પડી આક્રંદ કરવા લાગી. તેની માતાએ તેને ઝાલી રાખી શાંત પાડવાનો યત્ન કર્યો.

બે ચિતાઓ તૈયાર કરવામાં આવી. એક ઉપર રત્નસિંહનું અને બીજી ઉપર સૂર્યમલ્લનું શરીર મુકવામાં આવ્યું. સુજાબાઇ અને તેની ભાભીએ પોતપોતાના સ્વામીની ચિતામાં પ્રવેશ કર્યો. ધીમે ધીમે અગ્નિ સળગી ઉઠયો. જોતજોતામાં અગ્નિની ભયંકર શિખા આકાશમાં ચઢવા લાગી. વેગળેથી જોનારાઓએ અનુમાન કર્યું કેઃ વનમાં દાવાનળ સળગ્યો છે! બુંદીની રાજમાતાને લઇને સઘળાં ત્યાંથી ચાલ્યાં ગયાં. જે સ્થળે બે સ્ત્રી સતી થઇ છે તે સ્થળે એક એક સ્મર્ણ સ્તંભ ઉભો કરવામાં આવ્યો છે. હજુ પણ સુજાબાઇના સ્મરણ સ્તંભવડે, પર્વતની તળેટીનો પ્રદેશ શોભી રહ્યો છે અને તેનાં દર્શન કરનારના મનમાં તે દુષ્ટ "આહેરિયા" ઉત્સવની કરૂણારસિક વાર્તા જાગૃત કરી આપે છે. ક્રોધની અગ્નિ, ભૂલનું પરિણામ અને બદલાની દુષ્ટ પ્રચ્છાનુંજ એ ભયંકર પરિણામ!

दिव्य प्रेम ४.

માન-પ્રેમ. ૧.

દિલ્લીપતિ અકબરના રાજત્વ સમયથી રાજપુત અને મુસલમાનોમાં પરસ્પર થોડાં થોડાં સ્નેહનાં બીજ રોપાયાં હતાં. પૂર્વે સેંકડો વર્ષથી ચાલતા આવેલાં ઉભયના વૈમનસ્યમાં અંતરાય પછી પરસ્પરના મનમાં પરસ્પર સંબંધી આદરભાવ અને પ્રેમભાવ ઉત્પન્ન કરવો એ કાંઇ ન્હાનુંસુનું કામ નથી ! તેમાં પણ એક બીજા ઉપર પ્રેમ અને આદરભાવ વ્યક્ત થવો એ કવચિદ્ સ્હેલું કહેવાશે, પણ એક બીજામાં બુદ્ધિપુરઃસર વિજાતીય લગ્ન સંબંધ જોડવો એ અતિ દુર્ઘટજ કહી શકાશે. એ વિકટ કાર્ય અકબરે પોતાના બુદ્ધિ ચાતુર્યના સામર્થ્ય વડે, કોઇના સમજવામાં ન આવે એવી ખુબીથી પરિપૂર્ણ કર્યું તેને માટે ખરેખર તેની પ્રશંસા કર્યા વગર રહેવાશે નહિ. બે બળવાન જાતિ વચ્ચે સ્નેહ ઉત્પન્ન કરીને શરીર સંબંધ જોડી એક બીજાને સ્નેહ અને સગાં સંબંધની સાંકળમાં જોડી દેવાનું કામ અતિ કુશળતાનુંજ છે અને તે કરનાર મહા પુરૂષને એક રીતે તો ધન્યવાદજ ઘટે છે. એવાજ પ્રકારનો સ્નેહ જહાંગીરના રાજત્વ સમયમાં પણ ઉત્તરોત્તર વૃદ્ધિંગત થતો હતો.

ભવાનીપૂરનો રાણો વીરસિંહ આજ છ મહિના થયા જહાંગીર બાદશાહને ત્યાં પરોણો થઇ દિલ્લીમાં આવી રહ્યો હતો. એ બન્નેમાં કંઇક વિલક્ષણ સ્નેહભાવ જણાતો હતો. આજ જાઉં છું, કાલે જાઉં છું, એમ કહેતા છતાં પણ બાદશાહ રાણાને સ્વદેશ જવા દેતા નહોતા.

રાજમહેલ પાછળ જનાનખાનામાં રહેતી રમણીઓ સ્વચ્છંદે ફરી હરી શકે અને ઇચ્છાનુસાર ક્રિડા કરી શકે તથા તેમના જીવનને કંઇક આનંદ મળે એટલા માટેજ બાદશાહે એક વિસ્તીર્ણ અને નાના પ્રકારનાં

સુંદર વૃક્ષ લતા પુષ્પથી શોભતો મનોહર ઉદ્યાન તૈયાર કરાવ્યો હતો. તેમાં ઠેકઠેકાણે ન્હાના મ્હોટા હૉજ હતા અને તેમાં નાના પ્રકારે ઉડતા ચમત્કારિક ફુવારા ગોઠવ્યા હતા. કહેવામાં આવે છે કેઃ આવો મનોહર બગિચો સમસ્ત જગત્‌માં બીજો કયાંય હતો નહિ. સમસ્ત વિશ્વની સુંદરતા એ સમયે એ ઉદ્યાનમાં એકત્ર થઇ રહી હોય એમ દ્રશ્યમાન થતું હતું. ક્વચિદ્ રમણીઓને જળક્રીડા કરવાની ઇચ્છા થાય તો તે ઇચ્છા પરિપૂર્ણ કરવા માટે ઉદ્યાનની વચમાં એક બનાવટી ન્હાનું સુંદર સરોવર તૈયાર કરાવ્યું હતું. તેના નિર્મળ સલિલમાં લાલ, પિળી, લીલી વગેરે રંગબેરંગી માછલીઓ તરતી હોવાથી કંઇક અવર્ણનીય શોભા થઇ રહી હતી. જે સમયે રાજ રમણીઓ તે ન્હાનકડા સરોવર ઉપર જલક્રીડા કરવા આવે તે સમયે તેઓનો હાસ્યવિનોદ અને તેમની સ્વચ્છંદ લીલા બાદશાહથી પ્રેમપૂર્વક જોઇ શકાય તે માટે ઉપવનની એક બાજુએ તેમણે એક ન્હાનો સુંદર મહેલ બંધાવ્યો હતો. ક્વચિદ્ વિશેષ આનંદમાં હોય તે વખતે બાદશાહ પણ તે સ્વચ્છંદી યુવતીઓ સાથે જલક્રીડા કરવા ઉદ્યાનમાં આવતા અને શૃંગાર રસભરિત ચેષ્ટાઓ કરી પોતાના મનની તૃષ્ણા પૂરી કરતા.

એ મહેલ ફકત બાદશાહ પોતાનાજ ઉપયોગમાં લેતા હતા. અન્ય કોઇ પરોણો આવતો તો, પછી તે સ્વજાતીય હોય કિંવા વિજાતીય હોય પણ, તેને માટે બીજો મહેલ બંધાવ્યો હતો. બાદશાહનો એ ખાસ મહેલ થોડા દિવસ પોતાને રહેવા મળે એ માટે પરોણાઓ ઘણો પ્રયત્ન કરતા પણ અંતે નિષ્ફળ થતા. તેમ છતાં પરસ્પર વચ્ચે બંધાયલા સ્નેહની વૃદ્ધિ થવા માટે બાદશાહે પોતાનો ખાસ મહેલ વીરસિંહને રહેવા માટે આપ્યો હતો. એ મહેલ કવચિતજ કોઇને રહેવા મળતો તેથી જેને એ મહેલ રહેવા મળે તેણે બાદશાહ તરફથી પોતાને મળેલા મ્હોટા માનની અને પ્રેમની નિશાની સમજવી પડતી.

બાદશાહને મહેલમાં મળવા જવા માટે રાણાને કોઇ પ્રકારનો પ્રતિબંધ નહતો. પછી બાદશાહ જનાનખાનામાં હોય, કિંવા એકાંતમાં કોઇ સાથે અત્યંત ગુપ્ત વાર્તાલાપમાં બેઠા હોય તો પણ તેઓ ગમે ત્યાં પ્રવેશ કરી શકતા હતા.

બાદશાહની મુલાકાત માટે રાણા દિવસમાં ખાસ એક વખત પણ જતા હતા. તેમનો એવો નિત્યક્રમ હતો એમ કહીએ તો પણ ચાલે. તેમાં તેઓ કદી પણ અંતરાય પડવા દેતા નહોતા. કેટલીક વખત તો બાદશાહ પોતેજ રાણાની મુલાકાતે જતા. તે વખતે તેમની સાથે તેમનો ન્હાનો કુમાર વિજયસિંહ પણ જતો. રાજકુમાર સુંદર સતેજ, તીવ્ર બુદ્ધિનો, ચપળ અને હુશિયાર હોવાથી બાદશાહનો તે વિશેષ પ્રિય થઇ પડયો હતો. કુમાર રાજમહેલમાં આવે કે તરત પ્રથમ બાદશાહ તેના ગુલાબી ગાલ ઉપર ચુંબન કરતા અને તેને કંઇક પ્રશ્નો પૂછતા અને ત્યાર પછી રાણા સાથે વાતચિત કરતા, એવો નિયમ હતો.

જહાંગીર બાદશાહને પોતાની એક પ્રિય પત્નીદ્વારા એક સુંદર કન્યારત્ન પ્રાપ્ત થયું હતું. તે કન્યાનું નામ રોશનઆરા હતું. રોશનઆરા એ બાદશાહની જીવ–પ્રાણ સ્વરૂપ હતી. રોશનઆરા ઉપર તેમનો જેટલો પ્રેમ હતો તેટલો જનાનખાનામાં અન્ય કોઇ ઉપર ન હતો કિંબહુના તેમની માતા ઉપર પણ ન હતો. તેના ઉપર કોઇ પણ પ્રેમ બતાવે તેટલા માટેજ જાણે તેણે જન્મ લીધો હોય એમ તેને જોનારને જણાતું.

બાદશાહ રાજકુમારને લાડ લડાવે છે એવું જોતાંજ શાહજાદી રોશનઆરા પણ લાડ કરતી બાદશાહ પાસે આવી તેમના ખોળામાં બેસતી અને વિજયસિંહના મુખ સ્હામુ એકી ટશે કુતૂહલપૂર્ણ દ્રષ્ટિવડે જોયા કરતી. બાદશાહ સાથેની વાતચિત પુરી થયા પછી રાજકુમાર રાજમહેલની મનોહર શોભા જોવા જતો. તે સમયે રોશન પણ તેની પાછળ જતી, અને રાજકુમાર મહેલમાંની ચમત્કારિક સુંદર વસ્તુનું અવલોકન કરતો તે વખતે કોઇ પણ બ્હાને વાતચિત કરવાનો પ્રયત્ન કરતી. ધીમે ધીમે બંનેની વાતચિત વધતી ગઇ અને બાલ સ્વભાવને યોગ્ય પ્રેમ પણ બંધાયો. બન્ને એક બીજાના સ્નેહી મિત્ર થઇ ગયાં. તેઓ વચ્ચે એ પ્રેમ અંતે એટલો બધો દ્રઢ થઇ ગયો કે તેઓ એક બીજાને કદી પણ ભૂલી શકતાં નહિ. એકનો નખ દુઃખતાં બીજાનું સમસ્ત શરીર દુઃખતું. એવી સ્થિતિ થઇ પડી હતી. એ બંને વચ્ચે આવો અકૃત્રિમ પ્રેમ બંધાયેલો જોઇને રાજકુમારનાં માતપિતાને અને રોશ-

નનાં માતપિતાને અભિમાનપૂર્વક મ્હોટી ધન્યતા જણાતી હતી. આ સમયે રાજકુમારનું વય ૧૦ વર્ષનું અને રોશનનું વય ૮ વર્ષનું હતું.

મુખની સંધિ ૨.

ઉપરોક્ત બનાવને સાત વર્ષ વીતી ગયાં છે. બાદશાહ જહાંગીરે આજે પુનઃ રાણા વીરસિંહને કુટુંબસહ પોતાને ત્યાં પરોણા તરીકે દિલ્હી બોલાવ્યા છે. અને પેલા ન્હાના મહેલમાંજ તેઓ ઉતર્યા છે. પેલા મનોહર ઉદ્યાનની શોભા પણ રાણાને અને રાજકુમાર વિજયસિંહને પહેલાં કરતાં આજે વિશેષ રમણીય અને સુંદર જણાય છે, અને તે શોભામાં દિવસે દિવસ વૃદ્ધિ થતી જતી હોય એમ તેઓને જણાતું હતું. સાયંકાળના પ્રશાંત સમયે શાહજાદી રોશનઆરા પોતાની સખીઓ સાથે મંદ મંદ વહેતા પવનની શીતળ સુગંધીનો આસ્વાદ ચાખતી ચાખતી, ઉદ્યાનની અનુપમ-મનોહર શોભાનું અવલોકન કરવા આમતેમ ફરતી હતી; તે સમયે જાણે દેવલોકમાંથી ઉતરી આવેલી અને સૌંદર્યનો અહંકાર કરનાર અપ્સરા રંભાને પણ લજાવી દેનાર સૌંદર્યવાન વનદેવીજ પોતાની સખીઓ સહિત, આવા પ્રશાંત મનોહર સ્થળમાં આવી તે સ્થળને પવિત્ર કરતી હોય તેમ પોતાના સમસ્ત ઐશ્વર્ય સાથે વિહાર કરે છે એવું તે સમયે સકૌતુક, પ્રેમમય અને અતૃપ્ત આંખોવડે અવલોકન કરનાર તરૂણ રાજકુમારને જણાતું. અને તે અતિ આનંદને સમયે પોતાને ધન્ય માની કિંચિત્ કાલ પર્યંત પોતે સ્વર્ગમાં છે કે ભૂતલ ઉપર છે તેની પણ તેને વિસ્મૃતિ થતી.

એક દિવસ સંધ્યા સમયે ચાર વાગતાને સુમારે ઉદ્યાનમાંના એક મનોહર ફુવારા સમિપ. રોશન અને વિજયસિંહ હાસ્યવિનોદ કરતાં બેઠાં હતાં. વાત કરતાં કરતાં રોશને હસતાં હસતાં સાત વર્ષ ઉપર બાળપણમાં બનેલા બનાવોનું સ્મર્ણ કરાવ્યું. આ સમયે બન્ને વચ્ચે ચાલેલો સંવાદ, બન્નેમાં ચાલેલું અકૃત્રિમ હાસ્ય, બન્નેની એક થયેલી નિશ્ચલ પ્રેમદ્રષ્ટિ, બન્નેનો આનંદ, બન્નેનો ઉત્કટ ઉલ્લાસ, અને બન્નેનાં પ્રસન્ન મુખ કમળ, એ સર્વ સ્વર્ગીય સુખને પણ ભૂલાવે એવી સ્થિતિ જોઈ એક મનુષ્યને માત્ર અભિમાન ઉત્પન્ન થયું અને તે તેના હૃદયમાં દુઃખનો અનુતાપ કરવા

લાગ્યું. બન્ને પ્રેમીઓનું લક્ષ્ય તે મનુષ્ય તરફ નહોતું. તેઓ તો પોતાના આનંદમાંજ તલ્લીન બની રહ્યાં હતાં, અને તે પણ એક રીતે સારૂંજ થયું.

વાતો કરતાં કરતાં રાજકુમારની દ્રષ્ટિ સમિપના એક સુંદર ગુલાબના પુષ્પ પ્રત્યે ગઇ. તરતજ તે ઉઠયો અને વૃક્ષ પાસે ગયો. તે પુષ્પ ચુંટવાની તૈયારીમાં હતો એટલામાં રોશને કહ્યું: શા માટે તે નિરપરાધી વૃક્ષને દુઃખ આપો છો?

કુમારઃ એમ કેમ ?

રોશનઃ તેની સર્વ સુંદરતા ચૂંટી લઇ તેને સૌંદર્યહીન કરવામાં આપને શું ફાયદો પ્રાપ્ત થશે ?

કુમારઃ શું ફાયદો એટલે? મનને આનંદ-મનની મૌજ.

રોશનઃ પોતાના સુખને માટે અન્યનું ગમે તેમ થાય એ કહેવું અને તેના હિતાહિત પ્રત્યે લક્ષ્ય ન આપવું એ મ્હોટા મનુષ્યોને શોભે નહિ !

કુમારઃ રોશન તું કહે છે તે સત્ય છે, પરંતુ એનો જન્મજ સ્વતઃ દુઃખ સહન કરી અન્યને આનંદ આપવા માટેજ થયો છે.

એટલું કહીને તરતજ રાજકુમારે પુષ્પ ચૂટયું અને તે વૃક્ષના શિરોભાગ ઉપર જણાતી સર્વ સુંદરતા, પોતાના આંગળાના અગ્ર ભાગ ઉપર અદ્‌ભૂત જાદુ પેઠે આણી પુષ્પની સુગંધી લીધા વગરજ કુમાર રોશન સન્મુખ આવી ઉભો. રોશન પણ તેના સ્હામી ઉભી. બંને એક સ્થિર દ્રષ્ટિએ તે સુંદર પુષ્પ તરફ જોવા લાગ્યાં. એમાંથી એક કાંઇ પણ બોલતાં નહિ. બંને મૌન ધારણ કરી ઉભાં હતાં તે સમયની મૌન્યતાનો આનંદ પણ તે બંનેને સ્વર્ગતુલ્ય જણાતો હતો. હજુ સુધી બંને શાંત ઉભાં હતાં. તે શાંતતાજ તેઓને સુખદાયક લાગતી હતી, પરંતુ ત્યાં સંતાઇ રહેલા એક મનુષ્યને તે શાંતતા અને તેમનું સુખ પસંદ પડયું નહિ. તેના હૃદયમાં અનેક વિચારની ઘટમાળ ચાલી રહી હતી. તેના નેત્રોમાંથી ક્રોધનો અગ્નિ વર્ષતો હતો. તેને એટલો બધો ક્રોધ ચ્હડયો હતો કે ત્યાં ને ત્યાંજ રાજકુમારનું ગળું દાબી દઇ પ્રાણ લેવા. અને એજ વિચારથી તેણે પોતાનો એક પગ આગળ લંબાવ્યો હતો. પરંતુ એટલામાંજ તેના મનમાં કોણ જાણે

શો વિચાર આવ્યો કે તેણે પોતાનો ક્રોધ મનમાં સમાવી દીધો અને પાછાં પગલાં કર્યાં. તેમજ હવે પછી શું બને છે તે જોતો ઉભો.

પરંતુ ફુવારા આગળ બેઠેલાં બે પ્રેમીઓની શાંતતા વિશેષ વખત સુધી ટકી નહિ. તેનો "અરે વિજય" એવા શબ્દોએ ભંગ કર્યો. એ શબ્દ સાંભળતાંજ બન્ને પ્રેમીઓની દૃષ્ટિ તેના બોલનાર તરફ વળી. હવે તે ધ્વનિ તેમને વિશેષ સંભળાયો. થયું! તેઓનો આનંદ ગયો. તેમનું સ્વર્ગીય સુખ લય પામ્યું. નિશ્ચલ દૃષ્ટિ અસ્થીર થઇ. અંતઃકરણમાંનો ઉલ્લાસ નાશ પામ્યો. મુખ ઉપરનું હાસ્ય અને પ્રસન્નતા જતી રહી, અને તેને બદલે તેઓ ઉદાસ અને ખિન્ન થયાં; અને સર્વ ઉપર ચિન્તાએ પોતાની ધ્વજા ફરકાવી દીધી. પરંતુ ક્ષણમાંજ વિજયની મનોધ્વનિ શાંત અને ગંભીર જણાવા લાગી, અને રોશને યત્ન કરવા છતાં તે સફળ નહિ થતાં વિજયના હૃદયપટ ઉપર તે અધિક ફરકવા લાગી નહિ. ઘણે દિવસે રોશનનાં દર્શન થયેલાં હોવાથી આજના પરમાનંદ સમયે ચિંતા તેને પ્રેમપૂર્વક દૃઢ આલિંગન કરે છે એવું તેને જણાયું.

તે સમયે ફુવારા સમક્ષનો તેમનો આનંદ, કલાક દોઢ-કલાક જેટલો સમય હોવા છતાં પણ અતિ ઉચ્ચ માત્રાએ જઇ પહોંચ્યો હતો. બન્ને પ્રેમીઓનો આયુષ્યનો એ સમય કેવળ અમૃતમય વ્યતીત થયો હતો. તેમ છતાં "**अति सर्वत्र वर्जयेत्**" એ ન્યાયે તેઓને સ્વપ્ન તો નહિ થયું હોય? ગમે તેમ હો, પણ તેઓ અત્યારે અતિ ચિંતાગ્રસ્ત જણાતાં હતાં. શું આ સર્વ સ્વર્ગીય પ્રેમની લીલા તો નહિ હોય?

"રોશન, હું જાઉં છું, પિતાજી મ્હને ક્યારના બોલાવે છે. તું અહિંજ બેસ, હું આ આવ્યો."

એમ કહી કુમાર ત્યાંથી મ્હેલમાં ગયો. કુમાર દૃષ્ટિથી વેગળો થાય ત્યાંસુધી રોશન તેને એકી ટશે જોઇ રહી હતી, અને જ્યારે તે તેની દૃષ્ટિએ જણાયો નહિ ત્યારે તેનાં મનોહર નેત્રોમાંથી ઝટ દઇને બે અશ્રુબિંદુ સરી પડયાં. તેની શૂન્ય દૃષ્ટિ ઉંચે આકાશ તરફ વળે તે પહેલાં તેની પોતાની પાછળ કોઇનાં મંદ મંદ પગલાંનો ભાસ સંભળાયો. તેણે પાછું વળીને જોયું

તેજ ક્ષણે તેનું ઉદાસ, નિસ્તેજ અને ખિન્ન–કરૂણામય મુખકમળ બદલાઇ ગયું. પોતાના હૃદયનો ક્રોધ વિવેક દૃષ્ટિએ હૃદયમાંજ ઢાંકી રાખી શાંત અને ગંભીર સ્વરે રોશને કહ્યું: "અમીરઅલ્લી, આ સમયે તમે ક્યાંથી ?"

આ પ્રશ્ન પુછતી વખતે રોશનના ચ્હેરા ઉપર ક્રોધ અને તિરસ્કારની ચમત્કારિક છટા જણાતી હતી. તેનું ઉગ્ર સ્વરૂપ જોઇ અમીરઅલ્લી ગભરાયો. તેના શરીરમાંથી પરસેવો છૂટયો. તે મ્હોટો શૂરવીર હતો તેમ છતાં અત્યારે ગોકળગાય જેવો બની ગયો હતો. રોશનના ક્રોધયુક્ત ચ્હેરા તરફ જોવાનું તેનામાં ધૈર્ય નહતું. તેણે પોતાનું માથું નીચું નમાવ્યું. તે મુખમાંથી એક શબ્દ પણ બોલી શકતો નહોતો. તેને પ્રથમ જેટલો ક્રોધ ચ્હડયો હતો તેટલોજ હમણાં તે દીન બની ગયો હતો. તે અભિમાની હતો તેથી તેને લાગ્યું કે: "હું મ્હારૂં અપમાન કરાવવા આ સમયે અહિં શા માટે આવ્યો ?" તે અંતઃકરણમાં ઘણો ખિન્ન થયો. તેને ધૈર્ય રહ્યું નહિ. પોતાને જોઇને રોશન આટલીબધી ગુસ્સે થશે અને કપાળ ઉપર કરચલીઓ ચઢાવશે એવું તેણે પ્રથમ ધાર્યું નહોતું. તેમ છતાં જ્યારે અહિં સુધી આવ્યો છું ત્યારે તો મનમાં ધારેલી ઇચ્છા સંબંધી ખુલાસો મેળવી લેવો એજ ઇષ્ટપ્રદ છે, એવો તેને વિચાર આવ્યો. રોશનના પ્રશ્નોનો તેણે બ્હીતાં બ્હીતાં ધીમે ધીમે ઉત્તર આપ્યો: "ફક્ત બગીચામાં ફરી આનંદ મેળવવા આવ્યો હતો. ફરતાં ફરતાં આપને દીઠાં એટલે આપને મળવાની ઇચ્છા થઇ."

રોશને ક્રોધ ભરિલાં નેત્રે પણ ગંભીર મુખે કહ્યું: "મળી રહ્યા કની? હવે શા માટે ઉભા છો ત્યારે ?"

અમીરઅલ્લી: "રોશન ! મ્હારી એક ઇચ્છા છે. નહિ, નહિ. ત્હારી પાસે મ્હારી એક નમ્ર પ્રાર્થના છે."

અમીરઅલ્લીના એ નમ્ર વાક્યો સાંભળવાથી રોશનને આશ્ચર્ય થયું નહિ. કારણકે તે તેની ધારણા પ્રથમથીજ જાણી ગઇ હતી અને આવો પ્રસંગ કોઇપણ વખતે આવશે એવું તેણે ભવિષ્ય પણ ભાખ્યું હતું. રોશને કહ્યું: "અમીરઅલ્લી, ત્હમને આપવા જેવું મ્હારી પાસે શું છે ? ત્હમારી ઇચ્છા અસ્થાને છે તે પૂર્ણ થઇ શકે એમ નથી."

અમીરઃ "મ્હારા ઉપર ગુસ્સે ના થાવ તો કહું. મારી ઇચ્છા અસ્થાને નથી. પ્રથમ મ્હને વચન આપો."

રોશનઃ "નહિ, નિરર્થક વચન આપી હું બંધાવા ચ્હાતી નથી. શક્ય હશે તો યત્ન કરીશ."

અમીરઃ "ત્હમે તે સહજ રીતે પૂર્ણ કરી શકશો. તેને માટે તમારે કિંચિત્ પણ વિચારમાં પડવાની જરૂર નથી. મ્હારી આકાંક્ષા અયોગ્ય નથી. માત્ર સરળ છે."

રોશનઃ "ત્યારે પછી આટલી બધી ગડબડ શા માટે? કહી નાંખો જે કહેવું હોય તે ઝટ દઇને."

અમીરઃ "તમે ગુસ્સે તો નહિ થાવને? રોશન, હું પણ તમારામાં-નોજ એક છું એમ સમજો. અને હવે પછી તમે મ્હને એવીજ પ્રેમદૃષ્ટિથી નિરંતર જોશો એવી હું ઉત્કૃષ્ટ ઇચ્છા રાખું છું."

અમીરનું આ દોઢડહાપણ રોશનને જરાપણ ગમ્યું નહિં. પહેલા કરતાં તેના ઉપર હમણાં વિશેષ ગુસ્સો ચઢયો. "આ પીડા અહિંથી એકદમ ક્યારે ટળે?" એવું તેને થઇ ગયું. તે મનમાં થોડી બ્હીની ખરી, પરંતુ મ્હોં ઉપર બ્હીકનું લેશ પણ ચિન્હ કિંવા ક્રોધ દર્શાવ્યો નહિ. તેણે તદ્દન તુચ્છતા બતાવતાં કહ્યું: "આજ આપની ઇચ્છા કે?"

રોશનની બેપરવાઇ અમીરના લક્ષમાં આવી નહિ. તેણે કહ્યું: "ના, ના. મ્હને તમારા હાથમાંનું ફુલ જોઇએ છે. આપશો કે?"

રોશને કહ્યું: "એજ કે? બગિચાનાં ફુલનો દુકાળ તો નથી પડયોને? એકને બદલે અનેક તોડશો તો તમને કોણ પૂછનાર છે? પછી આ ફુલની એટલી શી જરૂર પડી ગઇ? અને વળી એ ચીમળાઇ પણ ગયું છે તે જુવો છોને?"

"નહિ, નહિ, મ્હને તેવાં હજારો ફુલો નહિ જોઇએ. તમારા હાથ-માંના ફુલની મઝા કંઇ ઓરજ છે! ગમે તેવું હોય તો પણ એ અલૌ-કિક—અમૂલ્ય ફુલ ઉપરજ મ્હારૂં મન ચ્હોંટયું છે. કૃપા કરીને એટલી ઇચ્છા પરિપૂર્ણ કરો એજ મ્હારી નમ્ર વિનતિ છે. રોશન, એ કોમળ ફુલનો જ્યારે

ત્યારે તો હુંજ માલિક થવાનો છુંને? પછી મ્હારા એ સ્વામીત્વના હક્કની સત્યતા બદલ ખરી સાક્ષી માટે જગતની દૃષ્ટિની શી જરૂર છે? શુદ્ધ મનથી કબૂલ કરો એટલે બસ."

રોશને તેને આગળ બોલતો અટકાવવા માટે એકદમ ગંભીરતાથી કહ્યું: "અમીર, તમારૂં કલ્યાણ ઇચ્છતા હો તો પુનઃ એવા શબ્દ બોલશો નહિ. ત્હમે કોની સમક્ષ એ શબ્દો બોલો છો ત્હેનું કંઇ ભાન છે કે? ત્હમે મ્હને કોણ સમજો છો? એવા શબ્દો બોલતાં પહેલાં તમે તમારા મનમાં પરિણામનો કંઈ વિચાર કર્યો છે કે? હું તમને સ્પષ્ટ કહું છું કે મ્હારા સ્હામું એક શબ્દ પણ ઉચ્ચારવો નહિં! અહિંથી એકદમ ચાલ્યા જાઓ."

"રોશન!" અમીરઅલ્લીએ હજુ પણ તેના પ્રેમી હોવાનો હક્ક દર્શાવતા કહ્યું: "આવા શબ્દો બોલી તમે મ્હારો મ્હોટો અપરાધ કરો છો. આજસુધીમાં ત્હમે આવા ઘણા અપરાધો કર્યા છે પરંતુ તેમાંનો એક મ્હેં મનમાં ગણ્યો નથી. તેજ પ્રમાણે આજનો અપરાધ પણ ત્હારા અજ્ઞાન તરફ લક્ષ આપી પેટમાં સમાવી દઉંછું."

તેના આ શબ્દો સાંભળતાંજ રોશનને વિશેષ ક્રોધ ચઢયો અને બોલી: "અમીર! મ્હને હવે વિશેષ ત્રાસ નહિ આપતાં અહિંથી એકદમ નીકળી જાઓ. નહિ તો તમારી આવી અસભ્યતા અને અમાન્યતા માટે આગળ ઉપર ત્હમારે નઠારૂં પરિણામ સહન કરવું પડશે."

"નહિ રોશન, ત્હમે વિચાર કરીને બોલતાં નથી. આ વખતે ત્હમે મ્હારો ઘણો અપરાધ કર્યો છે. તમે તમારા શબ્દો પાછા ખેંચી લઇ મારી ક્ષમા માગો અને મ્હારી વિનતિ માન્ય કરો એટલે આ અમીરઅલ્લી તમારો દાસાનુદાસ થઈ ત્હમારો પ્રત્યેક શબ્દ ઝીલવા સદા તૈયાર થશે." અમીરે હજુ પણ પોતાની હઠ ચાલુજ રાખી.

આ શબ્દો સાંભળી રોશનને વજ્રઘાત થયા જેવું થયું. તેની ઉગ્ર મુખમુદ્રા તેના હૃદયમાં ઘોળાતા ભયંકર વિચારોની સાક્ષી આપતી હતી. અમીર હજુ બોલ્યા કરતો હતો. તેણે કહ્યું:—

"રોશન! હજુ પણ તમે ચુપ કેમ રહ્યાં છો? ત્હમારી આવી વર્તણ-

કથી તમે તમારા પગ ઉપર કુહાડો મારો છો. હું કોણ છું તે હજુ તમે સારી પેઠે જાણતા નથી. નહિ તો તે હરામખોર, મૂર્ખ વિજય—"

"એ નીચ—" એ શબ્દો બોલતી રોશન છંછેડાયલી નાગણ પેઠે ઉછળીને અમીરના શરીર ઉપર ધસી ગઇ અને કમ્મરમાં ખોસેલી કટાર બહાર કાઢી તેની છાતી આગળ ધરી.

રોશનના આ કલ્પનાતીત કાર્યથી અમીરઅલ્લીને મ્હોટું આશ્ચર્ય લાગ્યું. તે બ્હી ગયો અને પાંચ છ પગલાં પાછો હટયો !

એટલામાં થોડે વેગળે તેને કોઇનાં ધીમાં પગલાં સંભળાયાં તેથી ત્યાં અધિક સમય ઉભા રહેવું ઇષ્ટ જણાયું નહિ. ત્યાંથી ચાલ્યા જવું એજ ત્હેને યોગ્ય જણાયું. તેથી ખિન્ન પણ ઉદ્વેગ ભરેલે અંતઃકરણે અમીરઅલ્લી તરતજ ત્યાંથી ચાલ્યો ગયો. થોડા વખત પછી રોશન પણ રાજમહેલમાં ચાલી ગઇ.

બાદશાહનો વિચાર: ૩.

રોશનઆરાએ હમણાં યૌવન દશામાં પ્રવેશ કરેલો હોવાથી બાદશાહને સ્વજાતીય રાજપુત્ર કિંવા સરદાર પુત્ર સાથે તેનાં લગ્ન કરવાની ચિંતા થઇ પડી હતી. અને રોશનને યોગ્ય હોય એવા વરની શોધ કરવાની શરૂઆત કરી. તેમાં લખનૌના સરદાર નજબઅલ્લીનો પુત્ર અમીરઅલ્લી સર્વગુણ સમ્પન્ન જણાયો. તેથી તેનેજ રોશનને માટે યોગ્ય પતિ તરીકે પસંદ કરવામાં આવ્યો. બાદશાહે એજ નક્કી કર્યું અને રાણી આગળ તેમજ બીજા એક બે સરદારો આગળ તે વાત નિવેદન કરી.

અયોધ્યાના નવાબે ત્રણ વર્ષની ખંડણી ભરી નહોતી. ખંડણીની બાકી રહેલી રકમ થોડે થોડે ભરી દેવા માટે બાદશાહે ઘણી વખત તેમને કહાવ્યું પણ નવાબે તે પ્રમાણે વર્તન કર્યું નહિ. અંતે ખંડણી વસુલ કરવા માટે બાદશાહે તેના ઉપર સ્વારી કરવાનું ઠરાવ્યું. નવાબ પણ બાદશાહથી જાય તેવા નહોતા. તેમની પાસે પણ ઘણું લશ્કરી બળ હતું. ખંડણી આપવાનું બંધ કર્યું ત્યારથીજ તેણે ધાર્યું હતું કે, આ કારણને લીધેજ ગમે ત્યારે પણ બાદશાહ સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવશે. તેથી તેણે યુદ્ધ

માટેની રાત્રિ દિવસ તૈયારી ચલાવી હતી. બાદશાહને તેની તૈયારીની ખબર પડી હતી. પરંતુ તેમને નવાબનું વિશેષ મહત્વ જણાયું નહોતું.

નવરોજના ઉત્સવ પ્રસંગે બાદશાહે નવાબઅલ્લીને અને અમારઅલ્લીને ખાસ દિલ્લી બોલાવ્યા હતા. દિલ્લી આવ્યા પછી એક સરદારદ્વારા અમીર-અલ્લીએ રોશન પોતાને આપવાનો બાદશાહનો વિચાર જાણ્યો. તે સાંભળી તેને ભવિષ્યના આનંદનો પાર રહ્યો નહિ !

નવરોજનો ઉત્સવ આનંદપૂર્વક પાર પડયા પછી બાદશાહે અયોધ્યા ઉપર હુમલો લઇ જવાનો વિચાર ચલાવવા એક દરબાર ભર્યો. તેમાં વિજ-યસિંહ અને અમીરઅલ્લી નામક બન્ને શૂરવીર તરૂણોને સેનાપતિ નીમી હુમલો લઇ જવાની આજ્ઞા મળી. વિજયસિંહ માટે રાણા વીરસિંહની પરવાનગી લેતાં રાણાએ ઘણી ખુશીથી યુદ્ધમાં જવાની રાજપુત્રને આજ્ઞા આપી. અંતે બીજે દિવસે દરબાર ભરી બન્ને વીર તરૂણોને સેનાપતિનો પોષાક આપી તેમનું ઉત્તમ પ્રકારે સન્માન કરવાનો ઠરાવ કરી તે દિવસનો દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

અમીર અને વિજય એ બન્ને તે દિવસના દરબારમાં જાણી જોઇને ગયા નહોતા. તેઓ જાણી ગયા હતા કે કવચિત આપણે યુદ્ધમાં જવું પડશે. તેથી દરબારમાં શો ઠરાવ થાય છે તે જાણવા માટેજ તેઓ કંઇક બહાનું કાઢી દરબારમાં ગેરહાજર રહ્યા હતા. વીરસિંહે વિજયસિંહને ઉદ્યા-નમાં રોશન જોડે આનંદ કરતી વખતે બોલાવ્યો હતો તેનું કારણ દર-બારની હકીકત કહેવા માટેજ. વાંચકો હવે સમજી શકયા હશે.

અમીરઅલ્લીએ સરદારને મુખે તે હકીકત જાણી હતી. તેથી એક વખત સુકુમાર રોશનઆરાને મળવા આતુર થઇ રહ્યો હતો. તેની ભેટ શી રીતે અને કયે સ્થળે લેવી તેની પ્રથમ તપાસ કરી. તેમાં તેને માલુમ પડયું કે રોશન અને વિજય વચ્ચે ધાડ પ્રેમ છે. રોશન પોતાની સખીઓ સહિત ઉદ્યાનમાં હવા ખાવા ગઇ હતી તે વખતે અમીરે ત્યાં જવાનો પાંચ છ વખત પ્રયત્ન કર્યો હતો. પરંતુ પહેરેગીરોએ તેને ઉદ્યાનમાં અટકાવ્યો હતો. તેમ છતાં છેવટે તેનો યત્ન સફળ થયો હતો. " **जर जोर मुनि-**

વર પણ ચલે છે" દ્રવ્યને જોઇ કોણ લોભાયું નથી? દ્રવ્યલોભને લીધે કેટલાંએ સારાં માંઠાં કાર્યો થયાં છે—થાય છે. અમીરે પણ પ્રત્યેક પહેરેગીરોને ૫૦–૫૦ સોનામોહોરો આપી વશ કર્યા અને ઉદ્યાનમાં જવાનો માર્ગ મોકળો કરી લીધો. ત્યાર પછી ત્રણ ચાર વખત આનંદિત હૃદયે તે બગિચામાં ગયો, પણ રોશનનાં દર્શન નહિ થવાથી ખિન્ન હૃદયે પાછું આવવું પડયું હતું. તેજ પ્રમાણે આજે પણ તે બગિચામાં ગયો, અને આજે તેને તેટલી ખિન્નતા થઇ નહિ. પણ વિજયને રોશન સાથે વાતચિત કરતો જોઇ અમીરને અતિશય ક્રોધ ચઢયો. આજનું દ્રશ્ય જોઇ તે વિજયનો હમેશનો દ્વેષી બન્યો અને લાગ જોઇને તેના ઉપર વૈર લેવાનો નિશ્ચય કર્યો.

વિજય બગિચામાંથી ગયા પછી અમીરને રોશન સાથે વાતચિત કરવાની સંધિ પ્રાપ્ત થઈ હતી. રોશનને મળવામાં તેના બે ત્રણ હેતુ હતા. રોશનને પણ પોતાની સાથે તેનાં લગ્ન થવાના સમાચાર મળ્યા હશે એટલે તેના હૃદયમાં પોતાને માટે પ્રેમ છે કે નહિ અને જો ના હોય તો કયા ઉપાય વડે તે ઉત્પન્ન કરી શકાય? એજ રોશન સાથેની પ્રથમ મુલાકાતમાં અમીરે બે ચાર વિનોદજનક મીઠી મીઠી વાતો કરી જાણી લેવું જોઇતું હતું; અને તેટલા સમયમાં વાચા, નેત્ર, કર્ણ અને મનની ઇચ્છા પૂર્ણ કરી લેવી જોઇતી હતી. **मनसा चिंतितं कार्यं दैवं अन्यत्र चिंतयेत्"** એ સૂત્રાનુસાર તેનો સર્વ હેતુ ધૂળધાણી થયો અને અંતે કેવું પરિણામ આવ્યું તે ઉપરોક્ત હકિકત ઉપરથી વાંચકોના સમજવામાં આવ્યુંજ હશે. અસ્તુ.

રોશને બાદશાહનો વિચાર જાણ્યો હતો, અને તે સાથે અમીરઅલ્લી સંબંધી પણ થોડી ઘણી માહિતી હેને મળી હતી. તેથી હેના પ્રત્યે કંઇક આદરભાવ પણ ઉત્પન્ન થયો હતો. પરંતુ બાલ્યાવસ્થાથીજ તેના શુદ્ધ પ્રેમને વિજયસિંહના શુદ્ધ પ્રેમ જેવો બીજો પ્રેમ નહિ મળેલો હોવાથી તેના મનનો અને પ્રેમનો પ્રવાહ સાધારણ રીતેજ વિજયસિંહ તરફ વધ્યો હતો અને તે ઉત્તરોત્તર અબાધિત વૃદ્ધિંગત થતો હતો. તેથી તેના શુદ્ધ અંતઃકરણમાં અમીરઅલ્લીને માટે પાપબુદ્ધિ નહિં હોવા છતાં તે તેના પ્રત્યે અપ્રીતિ અને તિરસ્કાર દર્શાવવા લાગી હતી. અને તેનો અંત

આજના બનાવથી હમેશને માટે થયો.

આજે દિલ્લી શહેરમાં મ્હોટી ધામધુમ થઇ રહી છે. મૂળેજ દિલ્લી એ ઇન્દ્રનગરી સમાન છે. તેમાં વળી આનંદ-ઉત્સવ થઈ રહેવાથી સર્વ શહેર ઉભરાઇ રહ્યું હતું. પછી પૂછવુંજ શું? તે અરસામાં વધારોજ થયો. હિંદુ અને મુસલમાન એ ઉભય જ્ઞાતિના મનુષ્યો આનંદમાં નિમગ્ન થઇ રહ્યાં હતાં.

વિજયસિંહ અને અમીરઅલ્લી બન્નેએ પોતાના શૌર્ય બળ વડે અયોધ્યાના નવાબને સખ્ત રીતે પરાજય પમાડી તેની પાસે બાકી રહેલી ખંડણી વસૂલ કરી છે. અને તેના અભિમાનજનક અપરાધ માટે તેના રાજ્યમાંના ત્રણ પ્રાંત જહાંગીર બાદશાહના રાજ્યમાં જોડી દીધા. તેઓના આવા વિજય માટે બાદશાહને પરમ આનંદ થયો અને ઉક્ત એ વીરોના શૌર્ય માટે તેમના મુખમાંથી અભિમાન સહિત પ્રશંસાજનક હર્ષોદ્‌ગાર નિકળ્યા.

ઉક્ત બન્ને વીર તરૂણોને યોગ્ય સન્માન આપવાના હેતુથી આજે શહેરમાં મ્હોટા ઠાઠમાઠથી તેમની સ્વારી કહાડવામાં આવનાર છે અને એક મ્હોટો દરબાર ભરી ત્હેની ઉત્કૃષ્ટ રાજસેવા માટે બાદશાહ તેમને ઉચ્ચ પ્રકારનું માન આપનાર છે એ સંબંધી દરબાર તરફથી જાહેરનામું પણ પ્રસિદ્ધ થઇ ચૂક્યું છે. અને તેથીજ સમસ્ત દિલ્લીમાં આનંદનો પ્રવાહ ઉછળી રહ્યો છે.

મધ્યાન્હનો ચાર વાગતાનો સમય છે. સ્વારીનાં દર્શન કરવા માટે શહેરના રસ્તા ઉપર નરનારીની મ્હોટી ભીડ થઇ રહી છે. અતિ પ્રેમભાવથી હિંદુ અને મુસલમાન એ બન્ને એક બીજાનો હાથ પકડી બંધુભાવે, મિત્રભાવે, અમીર અને વિજયના શૌર્યની વાતો કરતા સંભળાતા હતા. શહેરની એક દિશામાંથી સ્વારી નિકળવાની હોવાથી તે સ્થળથી તે ઠેઠ રાજમહેલ પર્યંત રાજમાર્ગની બન્ને બાજુએ મનુષ્યોની એટલીબધી ઠઠ જામી હતી કે એક કીડીને સુદ્ધાં ફરકવાની જગ્યા મળવી મુશ્કેલ થઇ પડયું હતું.

ગજગામિની સમાન સ્વારીએ પોતાનું સ્થાન છોડયું. સર્વ મનુષ્યો ચાલવા લાગ્યાં. વાજીંત્રોના કર્ણપ્રિય મધુર નાદની ગગનભેદી ગર્જના થવા

લાગી. માર્ગમાં આવેલા ગગનચુંબિત મહાલયોની અગાશીઓમાંથી, બારી બારણાંમાંથી અને માર્ગમાં ઉભેલા મનુષ્યોના હાથમાંથી, અમીર અને વિજય ઉપર રંગબેરંગી પુષ્પમાળાની વૃષ્ટિ થવા લાગી. સર્વ જનના મુખમાંથી તેમનો જયઘોષ થવા લાગ્યો. મહામુશીબતે માર્ગ અતિક્રમણ કરતાં કરતાં સ્વારી રાજમહેલનાં દ્વાર નજીક આવી પહોંચી. અમીર અને વિજય દરબારમાં પ્રવેશ કરવા માટે પોતપોતાના ઘોડા ઉપરથી નીચે ઉતર્યા. વિજય અને અમીર સાથે સાથે ચાલતા હતા. વિજય દરબારના ઉંબરા ઉપર પગ મૂકવાની તૈયારીમાં છે તેજ ક્ષણે સુંદર રાજમહેલની ઉંચી અગાશીમાં ઉભેલી રાજરમણીઓમાંથી તેના પ્રત્યે પ્રેમઘેલી બનેલી એક પ્રિય રાજતરૂણીએ પોતાના કણ્ઠમાંનો અતિ મૂલ્યવાન રત્નહાર વિજયના ગળામાં પહેરાવવા માટે ધીમેથી નીચે નાંખ્યો, પરંતુ હાય! એ ક્ષણનીજ ઢીલ થઇ. જો એ ક્ષણ પૂર્વે એ હાર નાંખ્યો હોત તો વિજયના કણ્ઠમાંજ પહેરાઇ જાત અને તેની મનોષા પરિપૂર્ણ થાત અને તેની કલ્પના પ્રમાણે સાભિમાન આનંદના સ્વર્ગીય સુખમાં તલ્લીન થઇ રહેત. પરંતુ ઇશ્વરી સંકેત તેવો નહતો. રત્નહાર વિજયથી એક વેંત વેગળો પડયો અને જોરથી પૃથ્વી સાથે અફળાવાથી તેમાંનાં સુંદર રત્નો છિન્નભિન્ન થઇ વેરાઇ ગયાં. હાર અપરૂપ થઈ ગયો! પોતાના પ્રિય રત્નહારની એવી અવદશા જોઇ ઉપરથી નાંખનાર તરૂણીને એકદમ મૂર્છા આવી ગઇ. વાંચક! વિજયની એ પ્રિય તરૂણી કોણ? ત્હમે તો જાણી શક્યા હશો. જે ન જાણતા હોય તેને માટે અમે કહીએ છીએ કે તે રોશનઆરા.

મૂલે કુઠારઃ ૪.

" રાજકુમાર, ત્હમે તો કાલે જવાના છો ને ? "

" દેવિ ! એમ કેમ ? આટલા બધા દિવસ ત્હમારા સમાગમમાં રહ્યા તો પણ ત્હમને સંતોષ થયો નહિ ? મને જણાય છે કે હવે ત્હમને અમારા પ્રત્યે કંટાળો આવ્યો હશેઃ એટલે સત્વર પાછા જવું એજ ઉત્તમ. "

" અમારી પરોણા ચાકરી કરવાની વ્યવસ્થા ત્હમને પસંદ નહિ પડવાથી ત્રાસ પામીને અહિંથી જાઓ છો, એમ કહો તો તે યોગ્ય કહેવાશે.

" વાહ, વાહ, એવું કહેવાય કે ? દેવિ ! ત્હમે અને બાદશાહે એવી ઉત્તમ વ્યવસ્થા રાખી છે કે તેને માટે અમે ત્હમારા ઘણા આભારી છીએ. આવી વ્યવસ્થા તો અમારે ઘેર પણ રહી શકતી નથી. ખરેખર, અમે સર્વ તમારા સર્વના અતિશય આભારી છીએ. અમને અતિશય સંતોષ થયો છે. અમને ત્રાસ કેવો ? "

આ પ્રમાણે વાતચિત કરનાર મનુષ્યોને પાછળથી કોઇનાં આવવાનાં પગલાં સંભળાયાં. એક મનુષ્યે કહ્યું:-

" રોશન ! પવિત્ર દેવિ ! આપણે બન્ને પ્રથમની પેઠે એકાંતમાં વાતચિત કરીએ એ આપણને હવે શોભતું નથી. એમ થવાથી આપણે બન્ને માત્ર જનસમાજમાં અપવાદ રૂપ થઇ પડીશું. આપણે એક બીજા ઉપર ગમે તેટલા વિશુદ્ધ પ્રેમથી, શુદ્ધ ભાવથી, અને શુદ્ધ અંતઃકરણથી વર્તીએ તો પણ આપણું તરૂણ વય અને એકાંત સ્થળ એ બન્ને જોતાં જગતની દૃષ્ટિએ સારૂં કહેવાય નહિં ! " વિજયસિંહે કહ્યું.

" જગતે કોને સારૂં કહ્યું છે, વિજય ? " રોશને દ્રઢતા બતાવતાં ઉત્તર દીધો.

" એ સત્ય, પરંતુ જગત્માં કેટલાંક એવાં કાર્યો છે કે જે પોતાની ઇચ્છા પ્રમાણે કરવાં પડે છે અને કેટલાંક એવાં છે કે જે પોતાની દૃષ્ટિને કિંવાં મનને સારાં જણાતાં હોય છતાં પણ કેવળ જગત્ શું કહેશે ? એનો વિચાર કરીનેજ તે કાર્યોનો ત્યાગ કરવો પડે છે. અને એજ સામાન્ય નિયમ છે. અર્થાત્ આપણો એક બીજા ઉપર શુદ્ધ, નિર્મળ અને સાત્વિક પ્રેમ છે, તથાપિ આપણે વારંવાર મળી શકીશું નહિ. રોશન ! સ્વર્ગની દેવિ ! ખોટું લગાડવું નહિ. ત્હારા ઉપરનો મ્હારા અંતઃકરણનો નિશ્ચલ-પવિત્ર-સ્વર્ગીય પ્રેમ કદી પણ સ્થાનભ્રષ્ટ થશે નહિ, એ નિશ્ચય માનજે."

રોશન આ સમયે તટસ્થ વૃત્તિપૂર્વક વિજયના મુખ સ્હામું જોતી હતી. તેનાં બન્ને નેત્રોમાં પ્રેમનાં અશ્રુ ચળકવા લાગ્યાં. વિજય આગળ બોલતો હતોઃ—

" ઇશ્વર કૃપાથી તને યોગ્ય પતિ મળ્યો છે. ત્હારે માટે ચતુર, શૂરવીર,

પ્રેમાળ, કુલીન, સુંદર અને વિદ્વાન પતિ શોધી કહાડવામાં બાદશાહે પોતાની શોધકતા અને માર્મિકતા ઉત્તમ રીતે બતાવી આપી છે. રોશન! તું પતિવ્રતા થજે. પતિની ભક્તિ કરવામાંજ અહોનીશ મગ્ન રહેજે. અહાહા અમીરઅલ્લીનો અને મ્હારો પ્રવાસને સમયેજ સંબંધ થયો છે. તે પહેલાં મ્હારે તેમની સાથે કંઇ પણ સંબંધ ન હતો. પરંતુ તે પંદર દિવસના પ્રવાસમાં તેમણે મ્હારી સાથે પ્રેમાળપણે જે વર્તન કર્યું છે તે હું કદી પણ ભૂલી શકીશ નહિ. તેમનો શાંત અને આનંદી ચ્હેરો જોતાં કોના મનમાં તેમને માટે પ્રેમ અને આનંદ ઉત્પન્ન થશે નહિ? રોશન! સ્વર્ગની પવિત્ર દેવિ રોશન! તું એક વખત તેનાં દર્શન કર, એટલે મ્હારૂં કહેવું ત્હને ખોટું નહિ લાગે. તેમના સહવાસથી ત્હને ખરૂં સુખ પ્રાપ્ત થશે. તેમની અમૃતમય મીઠી વાણી શ્રવણ કરતાં ત્હને સ્વર્ગ પણ તુચ્છ જણાશે. તેમના શિવાય સ્વપ્નમાં પણ ત્હને બીજું કાંઇ પ્રિય જણાશે નહિ. અમીરઅલ્લી એ ખરેખર સ્વર્ગીય પ્રેમની કેવળ મૂર્તિજ છે! રોશન! તું ત્હેની ભક્તિ, સેવા કરીને કૃતાર્થ થજે એજ મ્હારો બંધુ તરીકે ઉપદેશ છે! પતિવ્રતા સ્ત્રી એજ જગત્‌માં આદર્શરૂપ છે અને આજ ઇતિહાસમાં પણ તેવી સ્ત્રીઓનાં નામ ચીર સ્મરણીય થઇ રહ્યાં છે. તું પતિવ્રતા થજે. પુનઃ કહું છું કે અમીરઅલ્લીની સેવામાં જ સ્વર્ગ માનજે."

આ સમયે રોશનના મુખ ઉપર માત્ર તિરસ્કારની છટા જણાતી હતી. વિજયે આગળ ચલાવ્યું:—

"પણ રોશન દેવિ! ત્હારા ઐશ્વર્યના સુખોપભોગમાં નિમગ્ન થતાં આ ત્હારા બાલ્યાવસ્થાના જૂના અને ગરીબ મિત્રને ભૂલીશ નહિં હોં! એટલીજ મ્હારી ત્હને નમ્ર વિનતિ છે."

તે આગળ બોલવા જતો હતો એટલામાં સ્હામેથી સૂં સૂં કરતું એક તીર આવી પહોંચ્યું અને તે વિજયસિંહની છાતી ભેદી પાછળના એક વૃક્ષની પેલી બાજુ અદ્રષ્ય થઇ ગયું! તેજ ક્ષણે ધડાક દઇને વિજય પૃથ્વી ઉપર પડયો! આ અકલ્પિત સ્થિતિ પ્રથમ રોશનને સ્વપ્નવત્ જણાઇ, પણ બીજી ક્ષણેજ તેને ખરી સ્થિતિ જણાઇ આવી. હમણા રોશનનાં નેત્રોમાં

અશ્રુનું એક ટીપું સુદ્ધાં જણાતું નહોતું. તે એકાદ પત્થરની જડમૂર્તિ જેવી નિશ્ચલ, નિઃશબ્દ અને ગંભીર થઇ ઉભીજ રહી. જાણે કરૂણારસની સાક્ષાત પૂતળીજ! આકાશમાં જેમ ક્ષણે ક્ષણે વાદળાંના રંગ બદલાય છે તે પ્રમાણે તેના અંતઃકરણમાં પણ અનેક વિચારો ઉત્પન્ન થતા હતા. તે એકાએક પૃથ્વીપર બેસી ગઇ અને વખતે કંઇ કહે એ ઉદ્દેશથી વિજયસિંહના મુખ આગળ પોતાનો કાન ધર્યો. પણ વિજયસિંહના મુખમાંથી એક શબ્દ પણ નિકળ્યો નહિ! તેના હૃદય પાસે કાન રાખ્યો પણ ત્યાં કિંચિત્ અવાજ સંભળાયો નહિ! ક્વચિદ્ થોડો ઘણો શ્વાસ ચાલતો હશે એમ ધારી તેણે પોતાનો કોમળ હાથ તેના નાક આગળ ધર્યો પણ તેનો એ પ્રયત્ન સુદ્ધાં નિષ્ફળ ગયો. પુનઃ તેણે તેના નિશ્ચલ શરીર તરફ અચલ દૃષ્ટિવડે જોયાં કર્યું. આ સમયે વિજયને જોતાં જાણે તે ગાંડી થઇ ગઇ હોય એમ જણાતું હતું. તેની સ્થિતિ એટલી બધી બદલાઇ ગઇ હતી.

થોડી વાર પછી વિજયસિંહના મુખમાંથી માત્ર એક લોહીની ગાંઠ બહાર નિકળી!!

તે તીર રૂપી કૃતાન્ત કાળે વિજયસિંહના પ્રાણને પંચત્વ પ્રાપ્ત કરાવ્યું! રોશનની હમણાંની અત્યંત શોકવિહ્વલ દુઃખદ સ્થિતિ વખતે હેના હૃદયને સાંત્વન આપનાર કોણ? કોઇ નહિ!

એવી ભયંકર સ્થિતિ વખતે તેણે એક ભયંકર ચીસ પાડી! અને ગંભીર તથા શાંતપણે બોલીઃ— "પવિત્ર પ્રેમધારી, શુદ્ધ આત્મા દિવ્યલોકમાં ચાલ્યા જવા પછી હવે આ પંચભૂતના જડદેહની શી કિમ્મત? શી જરૂર? મ્હારે ખાતરજ મ્હારા આ નિર્દોશ, નિર્મળ, શુદ્ધ પ્રેમી મિત્રનો પ્રાણ ગયો છે. મ્હારા વ્હાલા બંધુ સમાન મિત્રનો પ્રાણ જાય ત્યાંજ જવાની આ શરીરની ઇચ્છા થઇ રહી છે. હજુ સુધી આ શરીર તદ્દન પવિત્રજ છે. પતિને ઘેર જવાની ઇચ્છા રાખું તે કરતાં મહાન્ ખુદાને ઘેર જઈ તેના દિદારનાં દર્શન કરૂં તેજ ઉત્તમ. પવિત્ર બંધુ-વિ-જ-ય." એટલું બોલીને રોશને પોતાની કમ્મરે સંતાડેલી કટાર પોતના પેટમાં ખોશી દીધી! બસ, થઇ રહ્યું. તેણે પવિત્ર પ્રેમને ખાતર આત્મત્યાગ કર્યો. નિ-

દ્વેષ પ્રેમીના ખુનથી તેનું હૃદય ચીરાઇ ગયું હતું. તેથી એ વિજયસિંહની પાછળજ તેના નિર્મળ, પ્રેમાળ સહવાસમાં હમેશાં પવિત્ર રહેવાની મહાન ઇચ્છાથી દિવ્ય લોક તરફ પ્રયાણ કર્યું. ધન્ય પવિત્ર પ્રેમ! ધન્ય બાલ્ય પ્રેમ! ધન્ય ત્હારો મહિમા!

* * * * *

પેલું હૃદયભેદક, પ્રેમ વિચ્છેદક તીર કોણે માર્યું હશે તેની વાંચકોએ કલ્પના કરીજ હશે. તે બીજું કોણ હોય? તેનો દ્વેષી અમીરઅલ્લીજ! અંતે વિજયસિંહ ઉપર વૈર લેવાની દુષ્ટ ધારણા તેણે પાર પાડીજ!! જ્યારે વિજયના મનમાં તેને માટે કેવા ઉચ્ચ વિચાર હતા તે પણ વાચકોના જાણવામાં આવી ચૂક્યા છે.

અમીરઅલ્લીએ વિજય પ્રત્યે વૈર લીધું તેથી શું? ક્રોધને વશ થઇ તેણે જે કાર્ય કર્યું તેમાં તેણે પોતાની જ પ્રિયતમ ઇચ્છાનાં અંકૂરો જડમૂળથી ઉખેડી નાંખ્યાં! જે પ્રિય વસ્તુની પ્રાપ્તિને માટે તેણે એ દુષ્ટ કૃત્ય કર્યું તેજ વસ્તુરૂપિણી રોશનઆરા પણ આ જગતનો ત્યાગ કરી ગઇ. "દુષ્ટ કાર્ય કરવામાં, ઇર્ષા રાખવામાં અને વૈર વાળવાની દુષ્ટ બુદ્ધિ ધારણ કરી ક્રોધાનલને શિખરે ચ્હડવામાં કદી પણ સુખ પ્રાપ્ત થતું નથી." એ કહેવતનો ત્હેને પણ અનુભવ થયો. પ્રેમ—નિર્મળ પ્રેમ—સ્વર્ગીય પ્રેમ એ નીચ મનુષ્યને તેની નીચ કૃતિથી કદી પણ પ્રાપ્ત થતો નથી. એ વિજયસિંહ અને રોશનઆરાના ચરિત્ર ઉપરથી સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. તેઓનો જગતનાં દુષ્ટ ઇર્ષાખોર મનુષ્યોને અંતીમ સંદેશો પણ એજ છે.

डा. रा. म्हेता.

સોનાની દાબડી. ૫

૧

આજે સોમવારનો દિવસ છે. આજે એકાદશી હોવાથી એકાદ મહા પર્વ જેટલો સર્વને માટે નહિ પણ શંકરભકતોની દ્રષ્ટીએ ઘણો પવિત્ર દિવસ હતો. એ દિવસે વૈષ્ણવ મંદિરોના જેટલીજ શંકરના દેવાલયમાં પણ ધામધુમ અને ગરબડ જણાય છે. આપણી વાર્તાનો જે શંકર મંદિર સાથે સંબંધ છે તે મંદિરમાં પણ આજે વિશેષ ધામધૂમ જણાય છે. તેમાં પણ પ્રાતઃકાળનો સમય હોવાથી વિશેષ પવિત્રતા અને વિશેષ ગરબડ જણાતી હતી.

રાજપુતાનામાં ભિન્નસર નામક એક કિલ્લો છે તેનાથી થોડે વેગળે એક રમણીય પ્રદેશમાં એક શંકરનું મંદિર આવેલું છે. એ મંદિર કિલ્લાથી થોડે વેગળે એકાંત, વન પ્રદેશમાં, આવેલું હોવાથી તે સ્થાનમાં સર્વોપરી શાંતતા અને પવિત્રતાનો નિવાસ થઇ રહ્યો હતો.

એ સમયે મંદિરનો અને તેની આસપાસનો સર્વ દેખાવ ઘણો મનોહર અને અત્યંત રમણીય જણાતો હતો. પ્રાતઃકાળને સમયે મૃદુ મંદગતિથી વહન થતા શીતલ વાયુની લહરીઓ વડે શંકરના ઉચ્ચ અને ભવ્ય શિખર ઉપરની પતાકા ગંભીરપણે આનંદપૂર્વક ફરફરી રહી હતી પતાકાના પાંચ રંગના પટા સ્પષ્ટ જણાતા હોવાથી તે મંદિર અને તે વન પ્રદેશ મેવાડના આધિપત્ય તળે હોય એમ સહજ અનુમાન કરી શકાતું હતું. કારણ કે પાંચ રંગ એજ મેવાડના આધિપત્યની નિશાની સમજવામાં આવતી હતી. પ્રકૃતિ દેવીએ પ્રાતઃકાળના વાયુને મેવાડની પંચરંગી ધજા ફડફડાવવાનું કાર્ય એકલુંજ સોંપ્યું નહોતું પણ તેને તો વન પ્રદેશમાં ખિલેલાં સો-

ગંધિક પુષ્પોમાંથી સુવાસ લાવી, દેવાલયમાંના દેવાધિ દેવને અને તેના પૂજક ભક્ત વૃંદને સમર્પણ કરી તેમની વૃત્તિ પ્રસન્ન કરવાનું પુણ્ય કાર્ય પણ કરવાનું હતું. પ્રાચીનકાળમાં રાક્ષસ વિધિથી વધૂ ગ્રહણ કરનાર તામસી પ્રેમી વીર પુરૂષ પ્રમાણે ચંબળનદ, વેત્રાવતી નદીને વક્ષઃસ્થળ ઉપર ધારણ કરી ઘોર ગર્જના કરતી કરતી ઘનનિબિડ વૃક્ષનાં ઝુંડમાં થઇને સપાટાબંધ દોડતી જણાય છે! તેની ઘોર ગર્જનામાં રસિકજનોના મનને આનંદ પમાડવાનું પૂર્ણ સામર્થ્ય હતું એમાં શંકા નહિ.

આજે સોમવાર અને એકાદશીનો પવિત્ર યોગ હોવા છતાં તે સ્થળે મેળો ભરાયો નહોતો. તેમજ વિશેષ ગરબડ પણ જણાતી નહોતી. ત્હેનું કારણ તે દેવસ્થળ એકાંત વન પ્રદેશમાં આવેલું હોવાથી સામાન્ય જનસમાજમાં વિશેષ પ્રસિદ્ધ નહોતું. અને બીજું કારણ એ છે કે, તે સ્થળને રાજપુતાનાના રાજા, મહારાજા, ઠાકોર, સરદાર, દરકદાર વગેરે શ્રીમંત અને ઉચ્ચ પંક્તિના મનુષ્યોનું દેવસ્થાન જાણવામાં આવતું હતું, તેથી સાધારણ મનુષ્યો ત્યાં ક્વચિતજ આવતાં. તેમ હોવાથીજ પર્વણીના દિવસે પણ વિશેષ ભીડ જણાતી નહોતી. માત્ર દેવળના પુજારીઓ અને પોતાની ખુશીથી દેવસેવામાં જીવન સમર્પણ કરી બેઠેલા ભક્તોદ્વારા પૂજન–અર્ચનની ધામધુમ થઇ રહી હતી એટલુંજ!

દિવસ, પ્રહર સવા પ્રહર ચ્હડયો હતો. પુજારીઓએ મંત્રના ઘોષ સહિત દેવાધિ દેવ મહાદેવની ષોડશોપચાર પૂજા શરૂ કરી હતી. એટલામાં મંદિરથી થોડે વેગળે પ્રચંડ કોલાહલ ધ્વનિ સંભળાવા લાગ્યો, અને તે દિશામાં ધૂળના ગોટેગોટ ઉડતા જણાવા લાગ્યા. તે દિવસોમાં લઢાઇ, લુંટફાટ અને સ્વારીઓની ધાંધલ ચાલતી હોવાથી પુજારી અને ભક્તોને શંકા થઇ કે ક્વચિદ શત્રુસૈન્ય દેવમંદિર તોડી પાડવા તો નથી આવતું? મંદિરમાંના ભક્તોએ વિશ્વંભર ઉપર વિશ્વાસ રાખી તે કોલાહલ તરફ અને ધૂળના ગોટેગોટ તરફ આશ્ચર્ય સાથે ભયચકિત નેત્રે જોતા હતા. એટલામાં મંદિરના દ્વાર આગળ અસંખ્ય ઘોડેસ્વારની એક ટુકડી આવી પહોંચી. ઘોડેસ્વારોએ ધારણ કરેલો રાજપૂત–પોષાક નજરે પડતાંજ ભક્તોને પોતાની શંકા વ્યર્થ

જણાઈ અને કોલાહલ કરનાર મનુષ્યો શત્રુપક્ષનાં નહિ પણ ભક્તજનો પૈકીનાંજ છે એવી ખાત્રી થઇ.

ઘોડેસ્વાર ટુકડીને મોખરે, એક તેજસ્વી ઉત્તમ કાળા રંગના ઘોડા ઉપર એક પુખ્ત વયનો રાજપુરૂષ બેઠો હતો. એ પુરૂષ બીજો કોઈજ નહિ પણ ચિત્તોડાધિપતિ મહારાણા રાયમલ્લ હતા. મંદિર નજીક આવતાંજ ઘોડા ઉપરથી ઉતરી શંકરની મૂર્તિ સ્હામું મુખ કરી પ્રણામ કર્યા. મહારાણાની પાછળ અને ઘોડેસ્વારોની મધ્યમાં બે શિબિકાઓ હતી. તે ઉંચકનારા ભોઇઓએ મંદિરનાં પગથિયાં આગળ ઉતારી. તેમાંથી બે લાવણ્યવતી રાજપૂત રમણી બહાર નિકળી. તેમાંની પ્રૌઢ વયની રમણી તે મેવાડની મહારાણી દેવયાની હતી અને બીજી તારૂણ્યમાં પ્રવેશ કરેલી, સૌંદર્યલતિકા, મહારાણાના બંધુની કન્યા ઇંદુકલા હતી.

મહારાણાની સ્વારી મંદિર આગળ આવી પહોંચતાંજ મંદિરના પુજારી અને રક્ષકો ત્હેમને લેવા ઉતાવળે પગલે ત્હેમના સ્હામા ગયા. બ્રાહ્મણ વૃંદને રાણાએ પ્રણામ કર્યા. ત્હેમણે રાણાને શુભ આશીર્વાદ દીધો. મહારાણાને નમ્રપણે અભિવંદન કર્યા પછી મંદિરના રક્ષકો અદબ વાળી એક બાજુ ઉભા રહ્યા. રક્ષકોમાંના એક બળવાન, ચપળ જણાતા તરૂણે, મહારાણાના ચરણને સ્પર્શ કર્યો અને તેમના પગની રજ લઇ નમ્રપણે પોતાને માથે ચ્હડાવી. તેજ પ્રમાણે તે મ્યાના આગળ જઇ મહારાણી અને રાજકુમારી નજીક જઈ ત્હેમના ચરણને સ્પર્શ કરી ચરણની રજ પોતાને માથે ચઢાવી, અને નમ્રપણે આજ્ઞા સાંભળવા આતુર થઇ ઉભો. ત્હેના સાથીદારો જાણતા હતા કે એ તરૂણ આવી હિમ્મત ચલાવશે નહિ. તેમ છતાં ત્હેણે હમણાં જે વર્તણૂક ચલાવી તે ઉપરથી સર્વ આશ્ચર્ય પામ્યા અને બ્હીવા લાગ્યા કે રખે મહારાણા ગુસ્સે થાય! સર્વ મહારાણાની મુખમુદ્રા તરફ એકી ટસે જોઇ રહ્યા હતા. પરંતુ સદ્ભાગ્યે મહારાણા ગુસ્સે થયા નહિ, એટલુંજ નહિ પણ ત્હેમણે તે તરૂણનું સુકુમાર અને હષ્ટપુષ્ટ શરીર બરોબર અવલોકન કરી મૃદુસ્મિત કર્યું અને એક શબ્દ પણ બોલ્યા વગર મહારાણી અને ઇંદુકલાને લઇ મંદિરમાં પ્રવેશ કર્યો.

મહારાણા, રાજશ્રીઓ અને અનુચર વર્ગ શંકરના પૂજન અર્ચનમાં રોકાયાં. ત્હેમાં થોડો વખત વિત્યો એટલામાં સૂર્યનારાયણ ભગવાન નભોમંડળમાં પોતાનો માર્ગક્રમણ કરતા પૃથ્વી ઉપર વિશેષ તાપ વર્ષાવવા લાગ્યા. એવા સખ્ત તાપમાં સ્ત્રીઓને લઇ મુસાફરી કરવાનું અયોગ્ય જણાયાથી મહારાણાએ થોડા કલાક ત્યાંજ વિશ્રાંતિ લેવાનો નિશ્ચય કર્યો. સર્વ મનુષ્યોએ મંદિરની આસપાસ મુકામ કર્યો.

મહારાણા અને ત્હેમની સાથેના મનુષ્યો જમવાના અને વિશ્રાંતિ લેવાના કાર્યમાં રોકાયાં તેથી ઘણો વખત વીતી ગયો. ત્રણ પ્રહર વીતી ગયા પછી મુસાફરીની તૈયારી કરી. મહારાણા પોતાનાં સર્વ મનુષ્યો સહિત શિવમંદિરમાંથી બહાર નિકળ્યા.

રાયમલ્લ મંદિરનાં પગથિયાં ઉતરી નીચે આવતા હતા એટલામાં પ્રાતઃકાળમાં દષ્ટિએ પડેલો તરૂણ—મંદિર રક્ષક—આજ્ઞા સાંભળવાની ઇચ્છાથી હાથ જોડી ત્યાં ઉભેલો જણાયો. તે જોઇ સર્વને ઘણું આશ્ચર્ય થયું. મહારાણાના અંતઃકરણમાં ઉત્પન્ન થયેલા કૌતુકનો વેગ રોકી શકાય એમ નહોતું!

મહારાણાએ પ્રાતઃકાળની પેઠેજ પુનઃ એક વખત ત્હેના સર્વ શરીર પ્રત્યે દષ્ટિ ફેંકી અને મંદ સ્મિત કરતાં પુછ્યું: "તરૂણ, તું કોણ છે?"

તરૂણ ઉત્તર આપે તે પહેલાંજ જાણે ઘણા દિવસની વાત યાદ આવી હોય તેમ, રાયમલ્લે વચમાંજ આશ્ચર્યપૂર્વક કહ્યું: "અરે, મ્હેં ત્હને પ્રથમ કોઇક સ્થળે જોયો હોય એમ જણાય છે. કયાં જોયો હશે તે બરોબર યાદ આવતું નથી. તું કેટલા દિવસથી આ ચંદ્રમૌલીશ્વરની સેવા કરે છે?"

તરૂણે નીચું માથું કરી નમ્રપણે ઉત્તર દીધો: "સાત વર્ષ થયાં હું દેવાધિદેવની સેવામાં છું. હું અહિં આવ્યો તે સમયે મ્હારૂં વય માત્ર તેર વર્ષનું હતું. તો પછી મહારાણાથી આપે કયાં–"

રાયમલ્લે વચમાંજ પૂછ્યું: "અહિં કોઈ ત્હારૂં સગું વ્હાલું છે કે?"

તરૂણે ખિન્ન સ્વરે કહ્યું: "ના રાણાજી! ભગવાન ચંદ્રમૌલીશ્વરનું રક્ષણ કાર્ય, ત્હેની કૃપાથી જેણે સ્વીકાર્યું છે તેઓમાંના ઘણાખરા ઉચ્ચ વંશમાં ઉત્પન્ન થયેલા રાજપૂતો છે. હું ક્ષત્રિયના અધમ કુળમાં ઉત્પન્ન થયો છું. હું સોલંકિ

જાતિનો છું. અહિંના ઉચ્ચ રાજપૂત વીર રક્ષકોની યથાશક્તિ સેવા કરવામાં આયુષ્ય વિતાડું છું. એ રક્ષકોની સેવાનેજ હું ચંદ્રમૌલીશ્વરની સેવા માનું છું. અહિંના રક્ષકો પણ મ્હારી સાથે પ્રેમભાવથી વર્તે છે. મહારાણાજી! આ દીન બાળક એથી વધારે શી ઓળખાણ આપી શકે ?"

તરૂણના એ શબ્દો તરફ રાયમલ્લનું લક્ષ હતું કે નહિ તે કોણ જાણે ? તેમનું લક્ષ્ય તરૂણના રાતા ચોળ જેવાં નેત્રો તરફજ વળેલું જણાતું હતું. તેનાં નેત્રો જોતાંજ, મહારાણાને પ્રથમથીજ કંઇક શંકા ઉત્પન્ન થઇ હોય અને તે તેને કહેવી કે ના કહેવી તેના વિચારમાંજ ગુંચવાતા હોય એમ જણાતું હતું. અંતે જીજ્ઞાસા કરવા મહારાણાએ કંઇક કઠોર શબ્દે કહ્યું: "તરૂણ ! આટલી કુમળી વયમાં કેફી વસ્તુઓનું સેવન શા માટે કરે છે વારૂ ? ત્હારાં રાતાં ચોળ જેવાં નેત્રો અને ત્હારી વૃત્તિ જોતાં મ્હારી ખાત્રી થાય છે કે તું હમેશાં અફીણની ગોળી ચ્હડાવે છે. ત્હારી અત્યાર સુધીની વાતચિત ઉપરથી પણ તું અફીણી હોય એમ જણાય છે."

તરૂણે પ્રતિઉત્તર આપ્યો નહિ. માત્ર નીચું માથું કરી અદબ વાળી ઉભોજ રહ્યો.

રાણાએ પુનઃ પુછયું: "તું સ્તબ્ધ કેમ ઉભો છે ? હું કહું છું તે ખરૂં છે ને ?"

તરૂણે એક ઉંડો નિઃશ્વાસ મુકયો અને દિલગીર લ્હેરે બોલ્યો: "રાણાજી ! આપે મ્હારે માટે જે અનુમાન કર્યું છે તે સત્ય છે. મ્હારી ઉમ્મર ન્હાની છે, પણ અફીણ સેવનની જબરી ટેવ પડી ગઈ છે, એ કબૂલ કરતાં મ્હને શરમ લાગે છે."

રાયમલ્લે તરૂણ તરફ સ્નેહાર્દ્ર દષ્ટિ વડે જોઇને કહ્યું: "યુવક, મ્હારી એક વાત સાંભળશે ?"

તરૂણ: "કહો મહારાજ."

રાયમલ્લ: "એ પ્રાણ ઘાતક વ્યસન તું છોડી દે. મ્હારો ઉપદેશ અવશ્ય માન્ય કર. એ દુષ્ટ વ્યસનથી ત્હારો નાશ થયા વિના રહેશે નહિ. એક બીજી વાત કહું છું તે પણ સાંભળી લે. અન્ય કોઈ જાતની પ્રતિકૂળતા ના

હોય તો તું હમણાં ને હમણાં મ્હારી સાથે ચાલ. હું ત્હને મ્હારી તેનાતના લશ્કરી સિપાહીઓમાં નોકરી આપીશ."

રાણાજીની એ સલાહ સાંભળી તરૂણ કંઈક વિચારમાં પડયો. ઘણીવાર સુધી માથું નિચું નમાવીને ઉભો રહ્યો.

રાણાએ કહ્યું: "તરૂણ, મ્હેં ત્હને કહ્યું તે પસંદ પડયું કે નહિ ?"

તરૂણે બે હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું: "મહારાજ, આપ મ્હને કંઇ પણ આજ્ઞા ફરમાવો અને તે માટે હું ના કહું એ ઘણી શોકજનક વાત કહેવાય. આ ગરીબ સેવકનો અપરાધ ક્ષમા કરશો. આપે જે બે આજ્ઞા ફરમાવી તે બન્ને કાર્ય મ્હારાથી થશે નહિ, એ માટે આપશ્રી ક્ષમા કરશો."

તરૂણ પોતાની આજ્ઞાનો એકદમ અસ્વીકાર કરશે એવું રાણાની કલ્પનામાં નહોતું. તેથી તેમને એવો ઉત્તર સાંભળી ઘણું આશ્ચર્ય લાગ્યું. તેમણે પુછયું: "શામાટે યુવક તું ના પાડે છે ?"

રાણાના એ પ્રશ્નથી તરૂણના હૃદયમાં કંઇક કલ્પનાનો ભયંકર તરંગ ઉઠેલો જણાયો. ત્હેનાં નેત્રો અતિશય રાતાં જણાયાં. ત્હેનું શરીર થરથર કમ્પવા લાગ્યું. ત્હેમણે એક ઉંડો નિઃશ્વાસ મૂકી આકાશ તરફ જોયું અને પુનઃ ભાન આવ્યું હોય તેમ સ્વસ્થ થઇ નમ્રપણે રાણાને કહ્યું: "મહારાણાજી, મ્હેં આપને ઉદ્ધતપણે ગાંડા જેવો ઉત્તર કેમ આપ્યો તેના કારણમાં મ્હારો થોડો ઇતિહાસ કહું તે સાંભળવા કૃપા કરશો, તે ઉપરથી આપને મ્હારા ઉત્તર સંબંધી અનુમાન કરવું ઇષ્ટ જણાશે. હું ગરીબાઇમાં જન્મ્યો નથી. મ્હારા પિતા પાસે તેમની માલિકીની ન્હાની જાગીર હતી. એ જાગીરની ઉપજ ઉપર મ્હારા પિતા પોતાનો સંસાર વ્યવહાર સારી પેઠે નિભાવી શકતા હતા. તેઓ કોઇની પંચાતમાં પડતા નહોતા. પોતે ભલા ને પોતાની જાગીર ભલી. એ પ્રમાણે સ્વતંત્રપણે સુખ ભોગવતા જાગીરનો કાર્યભાર કર્યો જતા હતા. પરંતુ અમારૂં એ સુખ દુર્દૈવને પસંદ પડેલું નહિ. માળવાના બાદશાહ ગ્યાસુદ્દિનના સ્વરૂપમાં દુર્દૈવે જન્મ લીધો. અમારી જાગીર ઉપર તેની દૃષ્ટિ પડી અને તેણે અમારા ઉપર સ્વારી કરી. તેના જેવા પ્રબળ શત્રુ આગળ અમે શી વિસાતમાં ? જોતજોતામાં અમારી જાગીર તાબામાં ગઇ. તેજ દિવસથી

અમારા સુખી કુટુંબની દુર્દશા થઇ અને ચારે તરફથી અમારી ધૂળધાણી થઇ. હૃદયમાં થતી ભયંકર ચિન્તાના દુઃખને લીધે મ્હારા પિતાએ એકાંત નિવાસ પસંદ કર્યો. તે સમયથી ત્હેમનો પત્તાજ લાગતો નથી. હું પણ તેજ દિવસથી અહિં ભગવાન ચંદ્રમૌલીશ્વરના આ રક્ષક વીર રાજપૂતોની સેવામાં આવી પડયો. સ્થિતિ બદલાવા છતાં પૂર્વ સ્થિતિનું વિસ્મરણ શી રીતે થાય મહારાજ! પૂર્વનું સ્મરણ કરતાં જીવન પણ મ્હને અપ્રિય થઇ પડયું છે. મ્હારા મનની અવર્ણનીય ભયંકર ચિન્તાનું વિસ્મરણ થવા માટેજ મ્હેં એ અફિણનું વ્યસન કર્યું છે. રાણાજી! આપને સત્યજ કહું છું. અફિણને લીધેજ આજ પર્યંત હું જીવતો રહ્યો છું. માર્ગમાં ભટકતો ભીખારી થયો. પછી જે દિવસે ચંદ્રમૌલીશ્વરના ચરણ કમલનો આશ્રય ગ્રહણ કર્યો તેજ દિવસે મ્હેં તેનાં ચરણ આગળ પ્રતિજ્ઞા કરી છે કે, જ્યાંસુધી પિતાની જાગીર મુસલમાનોના તાબામાંથી મુક્ત થશે નહિ ત્યાંસુધી ભગવાન ચંદ્રમૌલીશ્વરના ચરણનો આશ્રય લેવો અને અંતે અહિંજ મરણને શરણ થવું. આજ સાત વર્ષ થયાં શંકર ભગવાનના ચરણમાં મ્હારૂં આયુષ્ય વિતાડું છું. અફિણના કેફને લીધેજ મ્હારા હૃદયની ચિંતા કંઇક ઓછી થઇ છે અને તેથીજ હું આજ સુધી જીવતો રહ્યો છું. આપના લાગણી ભરેલા ઉપદેશ પ્રમાણે અફિણ છોડી દઉં તો બીજેજ દિવસે મ્હારે ચિંતાથી ગાંડા થઇને આત્મહત્યા કરીને મરવું પડે અને દુઃખમાંથી છૂટવું પડે મહારાજ!"

તરૂણની એ હકીકતની રાણાના મન ઉપર સચોટ અસર થઇ હોય એમ જણાયું. તેને માટે રાયમલ્લના મનમાં અતિશય દયા ઉત્પન્ન થઇ. છતાં ત્હેને દુઃખમાંથી છોડાવવા માટે કોઇ રસ્તો નહિ જણાયાથી ત્હેમણે પ્રેમાળ સ્વરે કહ્યું: "યુવક, ત્હારી હકીકત સાંભળી મ્હને ઘણું દુઃખ થાય છે. મ્હને હમણાં વખત નથી, હમણાંજ પ્રયાણ કરવું જોઇએ. ત્હને અવકાશ મળે તે વખતે તું આવીને મ્હારી મુલાકાત લેજે. એટલે ત્હારા દુઃખનું નિવારણ કરવાનો કંઇક ઉપાય શોધી કહાડીશ; હમણાં તો મ્હારે જવુંજ પડશે."

તરૂણે રાણાને પ્રણામ કરી પોતાની કૃતજ્ઞતા દર્શાવી અને તેણે હાથ જોડી નમ્રપણે કહ્યું: "આપની આજ્ઞા હોય તો બિન્નસરના કિલ્લા સુધી હું આપને પહોંચાડવા આવું."

ગમે તેમ હો પણ ભિન્નસરકિલ્લાનું નામ સાંભળતાંજ રાણાએ એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો, અને ખિન્ન સ્વરે કહ્યું: "કેટલાંક કારણને લીધે ભિંનસર કિલ્લાને માર્ગે થઇને જઇ શકાય એમ નથી, કોઇ બીજે રસ્તે ચિત્તોડ તરફ જવું જોઇએ. આવતી વખતે પણ અમે ભિન્નસરને માર્ગે આવ્યા નથી."

તરૂણ ખિન્ન ચ્હેરે થોડુંક હસ્યો અને ગંભીરપણે બોલ્યો, "સેવકનો અપરાધ ક્ષમા કરજો મહરાજ! હું તે વાત તદ્દન ભૂલીજ ગયો હતો."

રાણાએ આશ્ચર્ય થઇને પૂછ્યું: "શું કહે છે? ત્હને તે વાત યાદ હતી?"

"હા મહારાજ! ભિન્નસરનો કિલ્લો હારાવતી–રાજવંશની માલિકીનો હોવાથી પુરાતન સમયથીજ તે કિલ્લો તે વંશજોનાજ તાબામાં છે અને હારાવતીના રાજવંશ સાથે ચિતોડના રાજવંશને બરોબર બનતું નથી, તેવો સર્વત્ર જન પ્રવાદ છે એ બન્ને રાજ્ય વચ્ચે સારો બનાવ નથી એમ કહેવા કરતાં તેઓ વચ્ચે પરસ્પર વૈર શરૂ થયું છે એમજ કહેવું યોગ્ય થઇ પડશે." તરૂણે પ્રતિઉત્તર આપ્યો.

ભિન્નસરનો કિલ્લો સ્હામોજ જણાતો હતો. તેના તરફ રાણાજીએ એક વખત દષ્ટિ ફેંકી અને કંઇક પોતાને તથા કંઇક સોહાગ્નિ તરૂણને ઉદ્દેશી કહ્યું: "ચિત્તોડ સાથે હારાવતી રાજવંશજોને ભવિષ્યમાં મૈત્રિ થશે તોજ ભિન્નસર કિલ્લામાં રાજપૂતોનું વીર ગૌરવ પુનઃ પ્રવેશ કરશે. ભગવાન ચંદ્રમૌલીશ્વરની ઇચ્છા હશે તેમ થશે." એમ કહીને મહારાણાએ એક ઉંડો નિશ્વાસ મૂક્યો.

યુવકની ખાત્રી થઇ કે, મહારાણા સમક્ષ તે સમયે ભિન્નસર દુર્ગનું નામ દેવું એ યોગ્ય નથી. તેથી વિષય બદલવાની ઇચ્છાથી તેણે કહ્યું: "પરંતુ અહિંથી ચિત્તોડ જવાને એક બીજો રસ્તો છે તે અતિશય વિકટ અને ભયંકર છે. ચિત્તોડ પહોંચતાં વિશેષ રાત્રિ થઇ જશે. કંઇપણ સંકટ આવી પડયા સિવાય તે રસ્તે આપણી મુસાફરી જશે તો મ્હને ઘણું આશ્ચર્ય લાગશે."

રાયમલ્લે કહ્યું: "કેમ તરૂણ! ત્હને કેવા સંકટની આશંકા થાય છે વારૂ? મ્હને સ્પષ્ટ રીતે કહે."

તરૂણ: “ મહારાણાજી ! ગ્યાસુદ્દિન કોઇપણ રીતે આપનું અનિષ્ટ કરવા ચ્હાય છે એવું મ્હેં સાંભળ્યું છે. આપનો જીવ લેવા માટે તેનાં મનુષ્યો એ માર્ગમાં છુપાઇ લપાઇને બેઠાં હશે એ પણ નક્કીજ. અંધકાર એજ ચોર-ખુનીઓનો મિત્ર છે.”

એ સાંભળી મહારાણાની ભૃકુટિ વક્ર થઇ. ત્હેમણે તિરસ્કાર કરતાં કહ્યું: “ તરૂણ ! તું એ બાબતમાં હજુ અજ્ઞાત છે. બાપા રાવળના શ્રેષ્ઠ વંશમાં જન્મ પામેલા જે જે વીર પુરૂષોના હાથમાં શસ્ત્ર ધારણ કરવાનું સામર્થ્ય છે તેઓ સંકટની અથવા શત્રુની બ્હીકથી ભયભીત થતા નથી. તેમને તો સંકટ સાથે ઝઝુમવા માટે ઉલટો આનંદજ થાય છે. મેવાડના કુળદેવ શ્રીચંદ્રમૌલીશ્વરના ચરણકમળના સ્પર્શવડે અતિ બળ પ્રાપ્ત કરેલા આ ખડ્ગની પરીક્ષા, ખુદ માલવરાજ ગ્યાસુદ્દિને આજ પર્યંત અનેક વખત જોઇ છે. મેવાડના રાજપૂતો ભયની કલ્પનાથી કિંવા કલ્પનાના ભયથી બિલકુલ બ્હીતા નથી ! ”

એટલું કહેતાંજ મહારાણા રાયમલ્લ પોતાના પાણીદાર ઘોડા ઉપર સ્વાર થયા. રાજસ્ત્રીઓના મ્યાનાને સૈન્યના મધ્ય ભાગમાં રાખી મેવાડાધિપતિએ પ્રયાણ કર્યું. આપણો તરૂણ સિપાહી પણ સૈન્યના મધ્ય ભાગમાં ચાલવા લાગ્યો.

૨

થોડા સમયમાંજ દીનમણિ અસ્તાચલ ઉપર આવી પહોંચ્યો. મેવાડનું સૈન્ય ધીમે ધીમે આનંદપૂર્વક માર્ગક્રમણ કરવા લાગ્યું.

રાણાની ઇચ્છાનુસાર વચમાં વચમાં થોડો વખત વિશ્રાંતિ પણ લેવામાં આવતી હતી. હવે સૂર્યાસ્ત થયો. નિશાદેવિએ ધીમે ધીમે પૃથ્વી ઉપર પોતાનો અમલ ચલાવવા માંડયો. નિશાદેવિના સામ્રાજ્યમાં આકાશ–સિંહાસન ઉપર વિરાજમાન થયેલા નિશાપતિનું જોર વધ્યું. દીનમણિના રાજ્યમાં જે તદ્દન ફિક્કો થઇ ગયો હતો તે અત્યારે બપકાબેર પોતાનો પ્રકાશ પાડવા લાગ્યો. અત્યારે તેનાં કર્ત્તવ્યથી સર્વત્ર મ્હોટું કૌતુક થઇ રહ્યું હતું—સર્વત્ર આનંદ થઇ રહ્યો હતો.

ચાલતાં ચાલતાં સ્હામેના એક પર્વતશૃંગ તરફ આંગળી બતાવતાં આપણા તરૂણ વીરે મહારાણાને કહ્યું: "રાણાજી! આ સ્હામે પર્વતનું ઉંચું શિખર જણાય છે તેની નીચે, શિખરથી ઘણે નીચે ઉંડાણમાં ચંબલ નદીનો ભયંકર જળપ્રવાહ વહે છે. એ જળમાં જબરદસ્ત તાણ હોવાથી ત્યાં તે પ્રત્યક્ષ કાળ સ્વરૂપજ જણાય છે અને જોનારની છાતીમાં ગભરામણ ઉત્પન્ન કરે છે. ચંબલના તે પ્રવાહની ઘનઘોર ગર્જના સાંભળતાં પ્રલય કાળની મેઘગર્જનાનું ભાન થાય છે. એ ભયંકર સ્થાનને "વીર–શૃંગ" કહે છે. રાજપૂતાનામાં ઘણી ખરી એવી માન્યતા છે કે જેઓ એ પર્વતના શિખર ઉપરથી કુદકો મારી ચંબલના પ્રવાહમાં પડે અને તરતો તરતો સ્હામે પાર જાય તે ભગવાન ચંદ્રમૌલીશ્વરનો કૃપાપ્રસાદ પ્રાપ્ત કરે છે, અને તેનું આ લોકમાં અને પરલોકમાં કલ્યાણજ થાય છે. પ્રવાહમાંથી પેલે પાર જતાં વચમાંજ જો તેનું મૃત્યુ થાય તો તેને કૈલાસ ધામની પ્રાપ્તિ થાય છે, તેમજ હમેશાં શંકર–સ્વરૂપમાં તે લીન થાય છે. એવી માન્યતાને પરિણામે અનેક સાહસી સ્ત્રી–પુરૂષો દેવાધિદેવ શંકરની કૃપા મેળવવા અને કૈલાસપદની પ્રાપ્તિ કરવાની આશાથી "વીર–શૃંગ" ઉપરથી ચંબલ નદીના પ્રવાહમાં ભૂસકો મારે છે. પ્રવાસ કરતાં કરતાં આ સ્થળે આવનાર રાજપૂત પ્રવાસીઓ માટે ચંબલ નદી જાણે ત્હેમની પ્રિય થઇ પડી હોય તેમ તેઓ તેમાં ભૂસકો મારવા લલચાય છે! આજ પર્યંત કેટલાએ વીર–સાહસી નર અને નારી રત્નો વીરશૃંગ ઉપરથી એ ભયંકર પ્રવાહમાં ભૂસકા મારી, અકાળ મૃત્યુ પામી, યમ સદનમાં પહોંચી ગયા છે! અને તેઓએ પોતાના મનોહર સંસારને ધૂળમાં મેળવ્યો છે. તેમજ રાજસ્થાનની ભૂમિ એવાં કેટલાંએ વીરમણીના પરાક્રમ વગર, વીર્ય વગર અને ધૈર્ય વગર પરતંત્ર થઇ છે! વીરશૃંગ ઉપરથી પ્રવાહમાં કુદી પડનાર પ્રત્યેક મનુષ્યનો દેહાંત થાય છે એમ નથી. જેના ઉપર મહાદેવજીની કૃપા હોય છે અને જેનું મહદ્ ભાગ્ય હોય છે તે વીર મનુષ્ય પ્રવાહમાં પડયા પછી સુખપૂર્વક પેલે પાર નિકળી જાય છે, તે ણુ અડચણ થતી નથી. પરંતુ એમાં ભાગ્યવાન મનુષ્યોની સંખ્યા ઘણીજ થોડી હોય છે. મહારાણાજી! હજુ તો થોડા દિવસજ થયા

છે. એક ધાંચી જાતિની, પ્રૌઢ વયની સ્ત્રીએ વીરશૃંગ ઉપરથી ચંબલના પ્રવાહમાં ભૂસકો માર્યો હતો. તે સુખરૂપ પેલે પાર પહોંચી ગઇ છે એવું મ્હેં સાંભળ્યું છે. તેજ સ્ત્રી હમણાં આપ નામદારના અંતઃપુરમાં રાજ–સ્ત્રીઓની સેવામાં છે. અરે–પણ–આ શું ?"

એકાએક અસંખ્ય ઘોડાનાં ગંભીર પગલાં અને સ્વારોની અસંખ્ય તલવારનો ઝણઝણાટ, ચંબલની પ્રવાહ–ગર્જના સાથે સંભળાવા લાગ્યાં. થોડા સમયમાંજ ચંદ્રના પ્રકાશમાં, ઘોડેસ્વારોનાં શસ્ત્રોનો ચળકાટ જણાવા લાગ્યો.

મહારાણાના બાહુ ફરકવા લાગ્યા. તેઓ ક્રોધ ભરેલે સ્વરે બોલ્યા: "તરૂણ વીર! ત્હેં ભાખેલું ભવિષ્ય ખરૂં પડે એમ જણાય છે. આટલું ઉતાવળે ખરૂં પડશે એવી મ્હારી કલ્પના નહોતી. આ નિર્જન પ્રદેશનાં કોતરોમાં, ત્હારા કહેવા પ્રમાણે, કાળા સર્પો છુપાઇ–લપાઇ રહ્યા હોય એમ જણાય છે!"

જોતજોતામાં, થોડા સમયમાંજ, મુસલમાન ઘોડેસ્વારો દોડતા દોડતા રાજપૂત સૈન્ય નજીક આવી પહોંચ્યા અને તેઓએ તેમના ઉપર અચાનક હુમલો કર્યો. મેવાડના સૈન્યની તલવારો મ્યાનમાંથી બહાર નિકળે તે પહેલાંજ આપણા તરૂણ સિપાહીની લાંબી ચળકતી તલવાર સેંકડો વિજળીના જેવા ચમકારા કરતી દશે દિશામાં અતિ વેગપૂર્વક ફરવા લાગી. તેના વિજયી શસ્ત્રના પરાક્રમનો શત્રુ સૈનિકોને છેવટનો પણ સખ્ત અનુભવ મળ્યો. તેનું અતુલ પરાક્રમ જોઇને રાજપૂત સૈનિકોમાં પણ કંઇક વિલક્ષણ સ્ફૂર્તિ આવી અને તેમની તલવારોએ પણ સારૂં પરાક્રમ બતાવી આપ્યું. થોડા સમયમાંજ બન્ને સૈન્ય વચ્ચે જબરદસ્ત રણરંગ જામ્યો ! તેમાં ખુદ મહારાણા રાયમલ્લે તો તે દિવસે પોતાનું અતિશય પરાક્રમ બતાવી બાપારાવળના રક્તમાં સમાયલો જાદુ, સર્વ શત્રુ સૈન્યને સારી પેઠે બતાવી આપ્યો. અહા ! મહારાણાનું શત્રુ સૈન્યમાં ઘૂમવું અને શત્રુઓનાં માથાં, ઘાસ કાપતા હોય તેમ સપાટાબંધ જમીન ઉપર પાડયાં, એ દેખાવ અતિ અજાયબી પમાડતો હતો ! મુસલમાન સૈન્યને પોતાના શત્રુની સંખ્યા સંબંધી કિંવા તેમના પરાક્રમ સંબંધી અડસટ્ટો કહાડવામાં ભૂલ થયેલી હોવાથી કહો કે પછી તેમનો જે ઉદ્દેશ હતો તે સિદ્ધ થયો હોવાથી કહો, ગમે તેમ પણ તે

સૈન્યે ધીમે ધીમે પાછાં પગલાં ભરવા માંડયાં અને થોડા સમયમાંજ શત્રુને રણમાં પીઠ બતાવી તેઓ ન્હાસી ગયા. પરંતુ રણરંગના જુસ્સામાં મુસલમાન સ્વારોએ પોતાનું શું નુકસાન કર્યું છે તે મેવાડના સૈન્યને ઘણા વખત સુધી જણાયું નહિ.

વિજયની કેફમાંથી પ્રથમ આપણો તરૂણ સિપાહીજ સાવધ થયો. તેજ ક્ષણે તેના લક્ષમાં આવ્યું કે, રાજકન્યા ઇન્દુકલાનો મ્યાનો કયાંય પણ જણાતો નથી. ક્ષણમાં શત્રુઓનો પ્રપંચ ત્હેના લક્ષમાં આવ્યો. આજના હુમલા વખતે ઈંદુકલાનું હરણ કરી લઇ જવી એજ મુસલમાન સૈનિકોનો ઉદ્દેશ હતો અને તેથીજ તેઓ આટલા બધા વહેલા ન્હાસી ગયા એમ તે તરૂણને સ્પષ્ટ જણાયું.

ઘોડા ઉપરજ વિશ્રાંતિ લેતા મહારાણા પાસે જઇ કપાળપરનો પરસેવો લુંછતાં લુંછતાં તરૂણ સિપાહીએ કહ્યું: "મહારાણાજી! ઘાત–વિશ્વાસઘાત! મ્હોટો ઘાત થયો!"

રાણાએ ગભરાઇ જઇને પૂછયું: "હેં હેં! ઘાત? કેવો ઘાત? નો ઘાત?"

રાજકન્યાને મુસલમાનો લઇ ન્હાસી જાય છે. એક શબ્દ પણ વધારે બોલવાનો હમણાં વખત નથી. એ લુંટારાઓને ન્હાસી જવાનો માત્ર એકજ માર્ગ છે, અને તે "વીર–શૃંગ" ની તળેટીનોજ છે. તેઓને સ્થળ ગે ત્યાંસુધી જવાને થોડો વખત લાગશે, એટલામાં આપણે સપાટાબંધ તેમની પાછળ જઇએ. હું વીર–શૃંગ ઉપરથીજ પ્રવાહમાં નીચે ભૂસકો મારૂંછું. અને મ્હારામાં જેટલું બળ હશે તેટલાનો ઉપયોગ કરીને તે ચોરોને થોભાવીશ–પકડીશ. રાજકન્યાની મુક્તિ કરવા માટે એ શિવાય અન્ય માર્ગજ નથી. વીર–શૃંગ ઉપરથી ભૂસકો મારી ચંબલના પ્રવાહમાં થઇને પેલે પાર જવાની આજ ઘણા દિવસથી મ્હારી ઇચ્છા હતી. તે ચંદ્રમૌલીશ્વર ભગવાનની કૃપાથી આજ પરિપૂર્ણ થાય એમ જણાય છે.

તરૂણ સાથે વાદવિવાદ કરવાની કિંવા ઉતર તર્કવિતર્ક કરવાની હમણાં એક ક્ષણ પણ ફુરસદ નહોતી. રાણાએ આપણા તરૂણ સિપા ના

માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપતાં કહ્યું: "જા, તરૂણ વીર! ભગવાન ચંદ્રમૌલીશ્વર ત્હારા સાહસમાં સંપૂર્ણ યશ આપશે."

એક ક્ષણનો પણ વિલંબ નહિ કરતાં રાણાજીના ચરણને સ્પર્શ કરી આપણો બહાદુર સિપાહી તરૂણ ત્યાંથી દોડતો ચાલ્યો ગયો!

૩

થોડા સમયમાંજ આપણો વીર તરૂણ "વીર–શૃંગ" આગળ આવી પહોંચ્યો, અને હથીઆરવાળા બન્ને હાથ ઉંચા કરી "જય ચંદ્રમૌલીશ્વર" શબ્દનો ઉચ્ચાર કરી ત્હેણે એકદમ નદીના પ્રબળ પ્રવાહમાં ભૂસકો માર્યો. આ સમયે દૈવની ત્હેના ઉપર કૃપા હોવાને લીધે કહો કે પછી તેનો ઇષ્ટદેવ તેને પ્રસન્ન હોવાને લીધે કહો પણ તેને કંઇ પણ અડચણ આવી નહિ. વીર–શૃંગ ઉપરથી ભૂસકો મારતાં તેને શરીરમાં કંઇ પણ વાગ્યું નહિ, તેમજ રાજપૂતોના ચિરમિત્ર ચંબલે, આપણા વીરને પોતાના વક્ષઃસ્થળ ઉપરથી તરી પેલે પાર જવામાં કંઇ પણ અડચણ કરી નહિ. થોડા સમયમાંજ આપણો તરૂણ વીર નદીને કિનારે આવી પહોંચ્યો.

તે જે સ્થળે ઉભો હતો તે સ્થળથી થોડે વેગળે–ચંબલ નદીના કિનારાપર–એ ન્હાની નૌકા પ્રયાણ માટે તૈયાર થઇનેજ ઉભેલી તરૂણને જણાઇ. અને થોડા વખતમાંજ મુસલમાન સૈનિકોનું ટોળું પણ તે સ્થળે આવી પહોંચેલું જણાયું. તેઓના મધ્ય ભાગમાં ભોઇ લોકો ધીમે ધીમે રાજકન્યાનો મ્યાનો લઇને ચાલતા હતા. નૌકા નજીક આવી પહોંચતાંજ ભોઇઓએ મ્યાનો નીચે ઉતાર્યો અને તેઓ તથા અન્ય સૈનિકો થોડે વેગળે ચાલ્યા ગયા.

સૈનિકોનો મુખ્ય અમલદાર ઘોડા ઉપરથી ઉતર્યો અને રાજકન્યાના મ્યાના નજીક આવી, લાંબી દાઢી ઉપર હાથ ફેરવતાં ફેરવતાં પ્રેમ વિહ્વળ સ્વરે બોલ્યો કે: "સુંદરી! ચાલશો કે હવે? હવે આપને આ નૌકામાં બેસવું પડશે. કેટલી બધી મુશીબતો વેઠયા પછી ઘણે દિવસે આજે મ્હારી મનોવાંચ્છના પારપૂર્ણ થઇ મ્હને જગતનું એક અમૂલ્ય તેજઃપુંજ–રત્ન પ્રાપ્ત થયું છે. ચાલો સુંદરી! એ રત્નને વક્ષઃસ્થળ ઉપર ધારણ કરી હૃદયની પ્રચંડ વિરહજ્વાળા શાંત પાડી શકીશ."

એટલું કહીને તે મ્યાનાના બારણાં પાસે વાંકો વળવા જાય છે તેજ ક્ષણે આપણો તરૂણ વીર ત્યાં દોડતો જઇ પહોંચ્યો હતો. તેણે તેની પીઠ ઉપર એક એવા જોરથી લાત મારી કે તે સરદાર ચંબલના પ્રચંડ પ્રવાહમાં જઇ પડયો, અને તે પ્રેમી નાયક જાણે પ્રેમના પ્રવાહમાંજ તણાવા લાગ્યો. અહિં આપણા તરૂણ વીરે નૌકાનાં દોરડાં પણ કાપી નાખ્યાં. એટલે નાવિકોને લઇ નૌકા પ્રણયી નાયકની બાજુમાં થઇને અતિશય વેગથી પ્રેમના રંગમાં પ્રવાહ ધસડી જાય તે તરફ આમતેમ ધસડાવા લાગી. જોત જોતામાં કેટલાક મુસલમાન સૈનિકોનાં માથાં નદી કિનારેની રેતાળ ભૂમિમાં રખડવા લાગ્યાં. આ સર્વ કાર્ય એટલું બધું ત્વરાથી થયું કે આંખ મીંચીને ઉઘાડતાંમાં તો ત્યાંનો રંગજ પલટાઇ ગયેલો જણાયો. મુસલમાન સૈન્યના બચેલા સિપાહીઓ ત્યાંથી જીવ લઇને ન્હાઠા! એટલે સર્વત્ર શાંતિ પ્રસરી.

અત્યારનો પ્રસંગ ઘણો વિકટ હતો. સ્થળ પણ એકાન્ત હતું. અવર્ણનીય–ભયંકર સંકટમાંથી સદ્ભાગ્યે રાજકન્યા ઇન્દુકલાની મુક્તિ થઇ હતી ખરી. પરંતુ તેના બ્હીધેલા હૃદય સાગરમાં ઉઠતા તરંગો શાંત થયા નહોતા. આ સમયે તેને ધૈર્ય આપવું જોઇએ. શરમ રાખવાની અગત્ય નથી. એમ જાણી આપણા તરૂણ વીરે મ્યાના નજીક આવી નમ્રતાથી કહ્યું: "રાજનંદિનિ! હવે બ્હીવાનું કારણ નથી. ચંદ્રમૌલીશ્વરની કૃપાથી લુંટારાઓ ન્હાસી ગયા છે. હવે જરા પણ ભય રહ્યો નથી. ત્હમે ખુશીથી બહાર આવો."

ઇંદુકલા હજુ મ્યાનામાંજ બેસી રહી હતી. બ્હાર આવવું કે ના આવવું તેના વિચારો કરતી હોય એમ જણાતું હતું. પરંતુ થોડીવાર પછી તે મ્યાનાની બહાર આવી. અને તરૂણ સ્હામું ઉભી રહી ગંભીર સ્વરે કૃતજ્ઞતા દર્શાવતાં બોલી: "તરૂણવીર! ત્હમારા અતુલ વીરત્વને લીધે આજે હું ભયંકર વિટંબનામાંથી મુક્ત થઇ છું અને મ્હારા પ્રાણ બચ્યા છે. મ્હારો ધર્મ બચ્યો છે એમ હું સમજું છું. કયા શબ્દોમાં ત્હમારો આભાર માનવો તે હું સમજી શકતી નથી! ત્હમારા એ ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ?"

તરૂણે હાથ જોડી નમ્રપણે કહ્યું: "રાજકન્યા! એવા શબ્દ બોલી આ ગરીબ સેવકને વ્યર્થ લજ્જા પમાડશો નહિ. ખરેખર આજે આ

અરીણી ભિક્ષુકના ક્ષુદ્ર જીવનનું સાર્થક થયું, પરંતુ હવે વખત ગુમાવવો વ્યર્થ છે. પ્રત્યેક ક્ષણ અતિ અમૂલ્ય છે! આ સ્થળે વધારે વખત રહેવું યોગ્ય નથી. શત્રુઓએ કયે સ્થળે કેવાં કાવત્રાં કરી રાખ્યાં હશે ત્હેની શી ખબર? ચાલો, હું ત્હમને રાણાજી પાસે લઇ જાઉં છું, પરંતુ માર્ગ અતિ વિકટ છે. ચઢાવ ઘણા સખ્ત છે. ખાડા ટેકરા અને કાંકરા પથરાવાળા આ માર્ગમાં તમારાથી ચઢ-ઉતર શી રીતે થશે? વળી આપણે ઘણે વેગળે જવું છે. ઝપાટાબંધ જવું જોઇએ. રાજકન્યા, મ્હને—"

રાજકન્યાએ કહ્યું: "કહો, આ પ્રસંગે મ્હારે શું કરવું?"

"રાજનંદિનિ! મ્હને તો માત્ર એકજ ઉપાય જણાય છે. ક્ષમા કરો તો કહું?" તરૂણે કહ્યું.

"હા, ખુશીથી કહો."

"આ સેવકની ખાંધ ઉપર બેસી જાઓ, તો જોતજોતામાં લાંબો અને વિકટ પર્વત-માર્ગ ચઢી જઇને આપને રાણાજીની પાસે મૂકી દઉં." તરૂણે હિમ્મત બતાવતાં સલાહ આપી.

ઇંદુકલાએ એક વખત તરૂણ પ્રત્યે પ્રેમપૂર્ણ દૃષ્ટિ નાંખી જોયું. એકાન્તનો સમય હતો. જનશૂન્ય પ્રદેશમાં ભગવાન્ રજનીવલ્લભનાં, નયનરમ્ય મધુર કિરણોનો વર્ષાદ વર્ષતો હોવાથી અપૂર્વ શોભા જણાતી હતી. ચંબલ નદીના તરંગનો ધ્વનિ, અન્ય સમયે કાનને કઠોર લાગે એવો હશે, પરંતુ આ સમયે ત્હેમને ઘણો આનંદદાયક જણાતો હતો. એવે સમયે અમારા તરૂણ વીરના મંજુલ મધુર વાણીથી ઇન્દુકલાના હૃદયમાં કવચિદ્ આ જન્મની નહિ પણ પૂર્વજન્મની એક કલ્પિત સુખ સ્વપ્નની મનોમુગ્ધકર સ્મૃતિ જાગૃત થઇ. ત્હેના અંતઃકરણમાં કંઇક અપૂર્વ વિદ્યુલ્લહરીઓ રમવા લાગી. ત્હેના મુખ-કમળ ઉપરનો કોમળ ગૌર રંગ વિશેષ ચળકવા લાગ્યો. ત્હેના નેત્રમાં પ્રેમનો નિશો જણાવા લાગ્યો. ઇંદુકલાએ આપણા વીર તરફ એક વખત પ્રેમપૂર્ણ દૃષ્ટિએ જોયું અને તરતજ લજ્જાને લીધે પોતાનું માથું નીચું નમાવી દીધું. ઓ પવિત્ર પ્રેમ! ત્હારો આવો ચમત્કાર!

પોતાની વિનતિનો રાજકન્યાએ કંઇ પણ ઉત્તર આપ્યો નહિ ત્યારે

તરૂણે પુનઃ કહ્યું: "દેવિ! સંકોચ પામી સ્તબ્ધ કેમ ઉભાં? નીચ કુળમાં જન્મેલા આ સેવકની ખાંધ ઉપર બેસવાને સંકોચાઓ છો? રાજનંદિનિ! સંકોચ પામવાનું કશું કારણ નથી. મહિષાસુરના બરડાના સ્પર્શથી ભગવતી સિંહવાહિનીના ચરણકમળ અપવિત્ર થયા હતા કે?"

એ સાંભળી ઇંદુકલાએ કંઇ પણ નહિ બોલતાં, સ્મિત હાસ્ય કરતાં તરૂણ પ્રત્યે વક્ર દૃષ્ટિએ જોયું. તે તેને કંઇ કહેવા જતી હતી એટલામાંજ થોડે વેગળે ઘોડાના ખોંખારા અને પગલાના અવાજ સંભળાયા. થોડા વખત ઉપર વીતેલી આફત પુનઃ દૃષ્ટિ સમક્ષ ઉભી રહેવાની બ્હીકથી રાજકન્યાનું હૃદય કમ્પી ઉઠયું!

રાજકન્યાની સ્થિતિ જોઇ તરૂણવીર હાસ્ય કરતો કહેવા લાગ્યોઃ "બ્હીશો નહિ રાજકુમારિ! મહારાણાજી પોતેજ સૈન્ય સહિત અત્રે આવે છે. જૂવો, જૂવો! ચંદ્રનાં કિરણમાં ચિત્તોડનો ઉંચો વાવટો સ્પષ્ટ જણાય છે, અને રાજપૂત વીરોના પીળા રંગની પાઘડીઓ પણ ચાંદરણામાં ચળકી રહી છે. વારૂ ત્યારે રાજકન્યા! આ દીન અને નીચ કુળમાં જન્મેલા દાસને રજા આપો. હવે હું આપને પુનઃ મળી શકીશ નહિ."

તરૂણના એ શબ્દો સાંભળી ઇંદુકલાના હૃદયમાં એકદમ ધક્કો લાગવા જેવું થયું. નીચું જોઇ ખિન્ન સ્વરે તેણે કહ્યું: "તરૂણવીર! મ્હારી એક વિનતિ છે તે માન્ય કરો. અને થોડી વાર અહિંજ ઉભા રહો. તમારા અદ્ભુત વીરત્વની હકીકત તમારા સમક્ષજ મહારાણાને કાને નાંખીશ. તમે તમારા પ્રાણની દરકાર કર્યા વગર ભયંકર વિટંબનામાંથી મ્હને મુક્ત કરી કેવું અવર્ણનીય પરાક્રમ બતાવ્યું છે તે સાંભળીને રાણાજી તમારા ઉપર ઘણા પ્રસન્ન થશે અને તમારા પરાક્રમનો સારો બદલો આપ્યા વગર કદી રહેશે નહિ."

સોહાગ્નિ-તરૂણે એક વખત ખિન્ન હાસ્ય કર્યું, અને રાજકન્યા તરફ જોઇ બોલ્યોઃ "રાજકુમારિ! મ્હારૂં કુળ નીચું હોવા છતાં હું રાજપૂત છું. વીર ધર્મ હું હજી ભૂલ્યો નથી. મ્હેં મ્હારૂં કર્તવ્ય પાલન કર્યું છે તે બક્ષીસની આશાથી નહિ. તમને હું વિનતિ કરવાનો છું."

"તમારી શી આજ્ઞા છે?" રાજકન્યાએ તરતજ જીજ્ઞાસાથી પૂછ્યું.

"આ દીન હીન મનુષ્યનું કવચિદ્ આપને સ્મરણ થાય કિંવા મ્હને મળવાની કોઇ સમયે આપની ઇચ્છા થાય અથવા એકાદ ભયંકર સંકટ સમયે હું સહાયતા કરી શકીશ એવું આપને જણાય તો મ્હને કહેજો. હું જ્યાં હોઇશ ત્યાંથી આપના દર્શન માટે વાયુ વેગે દોડી આવીશ."

એટલું કહીને તરૂણે પોતાના અંગરખાની કસો છોડી નાંખી, અને ગજવામાંથી એક ન્હાની "સોનાની દાબડી" કાઢી રાજકન્યા સમક્ષ ધરતાં કહ્યું: "મ્હારી યાદગીરીના ચિહ્ન તરીકે આ "સોનાની દાબડી" આપને અર્પણ કરૂં છું. દેવિ! સ્વીકારો! મ્હારી સહાયતાની જરૂર પડે તે વખત "સોનાની દાબડી" એટલા શબ્દો ચંદ્રમૌલીશ્વરના મંદિરના કોઇ પણ રક્ષકને પહોંચાડવાની વ્યવસ્થા કરજો એટલે હું થોડા સમયમાંજ આપની સેવામાં હાજર થઇશ. પણ એ સંબંધી એક વિનતિ કરૂં છું તે લક્ષમાં રાખશો. આ "સોનાની દાબડી" તદ્દન ગુપ્ત રીતે આપની પાસે રાખજો અને જ્યાં સુધી પુનઃ આપણે બે મળીએ નહિ ત્યાં સુધી દાબડી ઉઘાડશો નહિ. એમાં શું છે તે ઉઘાડી જોવાની કે જાણવાની એક વખત પણ ઇચ્છા કરશો નહિ. "**સોનાની દાબડી**" એ શબ્દો કદી પણ ભૂલશો નહિ. વારૂ, રાજકન્યા ત્યારે હવે હું રજા લઉં છું."

તરૂણે ઉપર પ્રમાણે કહીને સોનાની દાબડી ઇન્દુકલાના કોમળ હાથમાં અર્પણ કરી અને એક ઉંડો નિઃશ્વાસ મૂકતો ત્હેના સ્હામું જોતો જોતો ઉતાવળે પગલે ત્યાંથી ચાલ્યો ગયો. ઇન્દુકલા પણ ત્હેના સ્હામું જોયા કરતી હતી. તરૂણ વિજળીને વેગે પર્વત–પ્રદેશમાં અદ્રષ્ય થઇ ગયો. ઇન્દુકલાના હૃદયમાં ઝીણી ચૂંટી ભરી તે સુંદર મૂર્તિ કોણ જાણે ક્યાંએ ચાલી ગઇ! ઇન્દુકલાને પ્રેમનો અદ્રષ્ય પાઠ ભણાવીને અને તેને પ્રેમમંદિરને પ્રથમ પગથીએ મુકીને તરૂણ વીર ચાલતો થઇ ગયો!

રાજકન્યાનાં નેત્રોમાંથી ખળખળ અશ્રુ પ્રવાહ વહેવા માંડયાં. થોડીવાર પછી ત્હેણે લુગડાના છેડા વડે આંસુ લુછ્યાં અને "**સોનાની દાબડી**" પોતાની ચોળીના ગજવામાં સંતાડી નજીક આવી પહોંચેલા મહારાણા સમક્ષ જઇ ઉભી.

૪

ભયંકર કાળા સર્પને હાથમાં આવેલો જવા દેવો નહિ એમ કહેવત છે. હાથમાં આવેલા સર્પનો પ્રાણ લીધા શિવાય છોડી દેવામાં આવે તો તે છૂટેલો સર્પ પોતાના દેહમાં પ્રાણ હોય છે ત્યાં સુધી શત્રુના પ્રાણ લીધા શિવાય રહેતો નથી. અને હાથમાં આવેલા શત્રુને છોડનાર મૂર્ખ-દુષ્ટ ગણાય છે! માલવરાજ ગ્યાસુદ્દિનના સેનાપતિ શમસુદ્દિનની વર્તણુક આબેહુબ એવીજ થઇ; ચિતોડની રાજનંદિનિ ઇન્દુકલા ઉપર હેની પાપી દૃષ્ટિ હતી. ઘણી ખટપટ કર્યા પછી તે તેના હાથમાં આવી હતી. અને સ્વર્ગ-સુખ ભોગવવાને સમયે આપણા તરૂણ સોહાગ્નિ વીરના પ્રચંડ પ્રહાર વડે હેના હાથમાંથી રાજનંદિનિનો છુટકો થયો અને શમસુદ્દિન ચંબલ નદીના ભયંકર જળ પ્રવાહમાં જઇ પડયો. પ્રવાહમાં ઘણે વેગથી ઘસડાઇ ગયા પછી ઘણી મહેનતે તે કિનારે પહોંચી જીવ બચાવી શકયો હતો. તે સમયથી મહારાણા રાયમલ્લ ઉપર તેની દાઢ બેઠી! રાણાનો સર્વ નાસ કરી ઇન્દુકલા પુનઃ પ્રાપ્ત કરવાની તેણે દૃઢ પ્રતિજ્ઞા લીધી. અને તે કાર્ય માટેની અનુકૂળ સંધિ શોધવા લાગ્યો.

પાછલા પ્રકરણમાં વર્ણવેલી બીના એટલે ઇન્દુકલા અને આપણા તરૂણ વીર વચ્ચે બંધાયલા પ્રેમને ચાર વર્ષ વીતી ગયાં હતાં. એટલા સમયમાં ચિતોડમાં તદન શાંતિ રહી હતી. પરંતુ એકાએક તે શાંતિમાં ભંગ પડયો. એક દિવસ એકાએક મધ્ય રાત્રે મુસલમાનોના પ્રચંડ સૈન્યે ચિત્તોડગઢને ઘેરો નાંખ્યો.

ઘણા દિવસ શાંતિમાં પસાર થયેલા હોવાથી રાણા રાયમલ્લ કંઇક સુસ્ત અને નિશ્ચિંત થયા હતા. પોતાના ઉપર કોઇ શત્રુ ચઢી આવશે એવી તેમને કલ્પના પણ નહોતી. મીના લોકોએ બળવો જગાડેલો હોવાથી મેવાડનું ઘણુંખરૂં લશ્કર તે તરફ બળવો સમાવી દેવા કમલમીરના કિલ્લા તરફ ગયું હતું. ચિત્તોડ ઉપર થોડું લશ્કર હતું ખરૂં પણ તેટલા લશ્કરથી મુસલમાની લશ્કર સાથે યુદ્ધ કરવું એ મહારાણાને ગાંડપણનું કામ જણાયું. કિલ્લો પોતાના તાબામાં છે ત્યાં સુધી બનતે પ્રયત્ને યુક્તિ પ્રયુક્તિપૂર્વક લડવામાંજ શ્રે જાણી મહારાણાએ યુદ્ધ ચાલુ રાખ્યું, અને કમલમીરથી

લશ્કર આવી પહોંચવાની વાટ જોવા લાગ્યા. પરંતુ કમલમીરથી લશ્કર આવી પહોંચે ત્યાં સુધી વાટ જોઇને બેસી રહેવું એ શ્રેયસ્કર નહોતું. મીના લોકો સાથે યુદ્ધ કરવાનું છોડી દઇ લશ્કરે સત્વર ચિત્તોડ તરફ આવવાની અને રાણાજીનો સંદેશો કમલમીર સુધી જઇ પહોંચવાની અગત્ય હતી. તેમ થવામાં શત્રુને ખબર પડે નહિ અને તેમના ઘેરામાંથી કમલમીરના લશ્કરને સંદેશો મળે એ શી રીતે બને? રાણો રાયમલ્લ ઘણા વિચાર કરી થાકયો પણ કંઇ માર્ગ જડયો નહિ. રાણાને પોતાને માટે કંઇ ચિંતા નહોતી પણ ચિત્તોડના રાણીવાસ માટે તેમને વિશેષ ચિંતા થઇ પડી! પુનઃ કેવો પ્રસંગ આવી પડશે તેમની તેઓ કલ્પના પણ કરી શકયા નહિ. પૂર્વે અલાઉદ્દીને ચિત્તોડ ઉપર હુમલો કર્યો તે વખતે હજારો રાજપૂત રમણીઓએ કરેલા–શરીર ઉપર રોમાંચ ઉભાં કરે એવા–ભયંકર જોહારનું–અલૌકિક આત્મત્યાગનું દ્રષ્ય પુનઃ આ સમયે પણ નજરે જોવું પડશે કે કેમ? એજ શંકા રાણાના હૃદયપટ ઉપર વારંવાર ઉદ્ભવવા લાગી!

* * * * *

ચિત્તોડ દુર્ગના અંતઃપુરમાં ઇંદુકલાના એકાંત મહેલમાં રાજકન્યા અને તેની દાસી ગોમતી વચ્ચે કોઇ અગત્યના વિષય ઉપર વાદવિવાદ ચાલતો હતો. ગોમતીએ ગંભીર મુખ મુદ્રાએ કહ્યું: "બાઇ સાહેબ! ત્હમે શું કહો છો? ગમે તેટલી પણ હું અજ્ઞાન, અશિક્ષિત, ગાંડી ઘેલી ઘાંચણ સ્ત્રી! મ્હારાથી એ મહત્વનું કામ પાર પડશે? મ્હને તો બહુ આશ્ચર્ય થાય છે બાઇ!"

ઇન્દુકલાએ ખિન્ન ચ્હેરે કહ્યું: "એમ કેમ બોલે છે ગોમતી? તું સ્ત્રી છે પણ કંઇ સામાન્ય સ્ત્રી નથી. "વીરશૃંગ" ઉપરથી ચંબલ નદીના પ્રચંડ પ્રવાહમાં ભૂસકો મારી તું સુખરૂપપણે તરી પાર જઇ શકી છે. ત્હારા શરીરમાં એટલું બધું સામર્થ્ય છે, અને હું કહું છું તે કાર્ય તું કરી શકશે નહિ એ મ્હને સાચું લાગતું નથી!"

ગોમતીએ હસતાં હસતાં કહ્યું: "બાઇ સાહેબ! મ્હારા સંબંધી જનપ્રવાહ આપણને તદ્દન ખરો જણાય છે?"

"ખરો જણાય છે કે ખોટો જણાય છે, તે સંબંધી હમણાં વાદવિવાદ શો ? આપણે પછીથી વાદવિવાદ ચલાવીશું. હું જે કામ કહું છું તે ગુપચુપ પરિપૂર્ણ કરી આવ એટલે પત્યું. ગોમતી ! એ કામ એટલું બધું કઠિન નથી. મ્હારે ખાતર જો તું એ કાર્ય કરશે તો મ્હારા ગળાનો આ રત્નહાર ત્હને અર્પણ કરી ત્હારી અનેક પેઢીનું દારિદ્રય કાઢી નાંખીશ. તું યવન સૈનિકનો પોષાક ધારણ કરીને પ્રાતઃકાળમાંજ દોરડાની મદદથી કિલ્લાની ભીંતપરથી નીચે ઉતરી યુક્તિથી ઘેરામાંથી પાર ચાલી જજે, અને ત્યાંથી ત્હારે ગામ જઇ ત્હારા પતિને તરતજ ચંદ્રમૌલીશ્વરના મંદિર તરફ મોકલી દેજે. ત્યાં જઇ ફક્ત **"સોનાની દાબડી"** એટલાજ શબ્દો પેલા સોહાગિ-તરૂણને કાને જાય એવી ગોઠવણ ત્હારા પતિએ કરવી એટલે બસ." રાજકન્યાએ તેને હિમ્મત આપતાં કહ્યું.

ગોમતીએ હસતાં હસતાં કહ્યુઃ "બાઇ સાહેબ, એ વાત આપ કહો છો તેટલી સ્હેલી નથી, છતાં હું આપને ખાતર એ કાર્ય કરવાનું કબૂલ કરૂં છું. દોરડાંની મદદથી કિલ્લા બહાર જવું એ કરતાં હું જાણું છું તે એક ચોર માર્ગે કિલ્લા બહાર નિકળી જઇશ. તે માટે તમારે ચિંતા રાખવી નહિ. પણ બાઇ સાહેબ ! જેને મુછનો દોરો પણ નથી ફુટયો એવા સોહાગિન જાતિના નાદાન છોકરાને સંદેશો કહાવ્યાથી તમને શો લાભ થશે ? તે છોકરો શું કિલ્લાનું સંરક્ષણ કરશે ? શું તેને કંઇ જાદુ મંતર આવડે છે બાઇ ?"

"ગોમતી, ત્હેના પરાક્રમની ત્હને કલ્પના પણ નથી માટેજ તું એવું બોલે છે. તે દિવસે તેનું પરાક્રમ ત્હેં નજરે જોયું હોત તો ત્હેના સંબંધી તું આવા શબ્દો કહેત નહિ. મ્હારા શબ્દો ત્હેના કાને પડતાંજ તે આ સંકટમાંથી અમને મુક્ત કરશે એવી મ્હારી સંપૂર્ણ ખાત્રી છે." રાજકન્યાએ ખાત્રી આપી.

"બાઈ સાહેબ, આપને હવે શું કહેવું ? આપની આશા કેટલી અસંભવનીય છે તેની આપને કલ્પનાજ નથી. લોકો કહે છે તે તદ્દન ખરૂં છે કેઃ મનુષ્ય પ્રેમ-અંધ થયું કે પછી તેને કંઈ ભાન રહેતું નથી ! પ્રેમીજનો

પોતાના પ્રેમીને મહાન પવિત્ર, મહાન શૂરવીર જાણે છે અને આકાશમાંથી ચંદ્ર અને પાતાળમાંથી શેષનાગને માથે રહેલું મણિ પણ તે પ્રેમી લાવી શકશે એવી મિથ્યા કલ્પના શ્રી શકે છે! ખરેખર, એવીજ પ્રેમ-શ્રદ્ધા હોય તેજ પ્રેમીઓને દિવ્ય પ્રેમી કહી શકાશે. બાઇ સાહેબ! મ્હને એક આશ્ચર્ય એ થાય છે કે રાજપૂતાનામાં આટલા બધા રાજા, મહારાજા અને રાણા, મહારાણા, ઠાકોરો હોવા છતાં આપ તે સોહાગિન તરૂણનેજ—"

"બસ કર વાતવડી! ચુપ રહે! હમણાં વિતંડાવાદ કરવામાં વખત ગુમાવવાનો નથી. ઉત્તર દે કે હું કહું છું તે કામ તું કરશે કે નહિ? આ રત્નહાર ત્હને જોઇતો હોય તો નકામો વખત શા માટે ગુમાવે છે?" રાજકન્યાએ ગળામાંનો ચળકતો રત્નહાર બતાવી, લાલચ આપતાં કહ્યું.

રત્નહાર તરફ આતુર નયને જોતાં ગોમતીએ કહ્યું: બાઇસાહેબ, સર્વ વાત મ્હને પુનઃ એક વખત કહી સંભળાવો. ચંદ્રમૌલીશ્વરના દેવાલયમાં મ્હારા પતિને આપનો વીર તરૂણ મળ્યો નહિ તો શું કરવું?"

"તે મંદિરમાં હોય કે ના હોય પણ ત્હારા પતિએ મંદિરમાં જઇ ત્યાંના કોઇ પણ રક્ષકને કાને "સોનાની દાબડી" એટલા શબ્દો નાંખવા જોઇએ એટલે એ સંદેશો તરતજ તરૂણ વીરને પહોંચી જશે એ નક્કી."

"વારૂ, ત્યારે કાલે મ્હોટે પરોઢીએજ હું મ્હારૂં કાર્ય કરવા ચાલી જઇશ."

તેજ દિવસે મધ્યરાત્રિને સમયે ઇંદુકલાએ ગોમતીના શરીર ઉપર યવન વેશ પહેરાવ્યો, અને તેના હાથમાં એક મ્હોટો લોહદંડ આપ્યો. રાજકન્યાએ ગોમતીને સોંપેલું કાર્ય તેને લાયકજ હતું, એમાં શંકા નથી. અંતઃપુરની સર્વ દાસીઓમાં તે મહાન સાહસિક, હુશિયાર અને યુક્તિબાજ હતી. પરોઢીયાના અંધારા સમયેજ એક ચોર-માર્ગે તે કિલ્લામાંથી બહાર પડી ગઇ, અને થોડા સમયમાંજ કિલ્લાથી ઘણે વેગળે—યવન લશ્કરની છાવણીથી વેગળે—એક ખીણમાં જઇ પહોંચી.

ચિતોડના કિલ્લાથી થોડે વેગળે અંબરપુર નામક એક ગામડામાં, ગોમતીનો પતિ લછમન પોતાનો વડિલોપાર્જિત ઘાંચીનો-ધંધો ચલાવતો

હતો. " વીરશૃંગ " ઉપરથી ભૂસકો મારી ગોમતી ચંબલના પ્રવાહમાંથી પેલે પાર ગઇ હતી એ વાત અંબરપુરમાં ઘણા દિવસ પૂર્વેજ પ્રસિદ્ધ થઇ હતી. ગોમતી જેવી શૂરવીર, ભાગ્યવાન, અને ઇશ્વરી કૃપા પ્રસાદ મેળવેલી સ્ત્રી, સર્વ રાજપુતાનામાં બીજી નથી, એવા ગામમાં આબાલ વૃદ્ધ સર્વ સ્ત્રી પુરૂષોની ખાત્રી થઇ હતી. એવી પ્રસિદ્ધ સ્ત્રી ઘણે દિવસે ગામમાં આવેલી હોવાથી તેનાં દર્શન કરવા ગામના અને ગામની આસપાસના લોકોનાં ટોળે ટોળાં આવે તેમાં નવાઇ શી ?

ઘરમાં પહોંચતાંજ ગોમતીએ પોતાનો મુસલમાની પોષાક કાઢી નાંખ્યો. પરંતુ ઇંદુકલાએ તેના હાથમાં આપેલો લોહદંડ ત્હેણે વેગળો મૂક્યો નહિ. " વીરશૃંગ " ઉપરથી ભૂસકો મારી ચંબલ નદીને પેલે પાર જવામાં ત્હેણે જે વીરત્વ બતાવ્યું હતું તે કૃત્યથી અત્યંત સંતોષ પામીને તેની અતુલ શક્તિની પ્રશંસાને ખાતરજ, ખુદ મહારાણાએ ત્હેને એ લોહદંડ આપ્યો છે એમ ત્હેણે સર્વને કહ્યું અને એ વાત એકથી અનેક મુખે પ્રસરી ગઇ.

ગોમતીની આજ્ઞા પ્રમાણે ત્હેનો પતિ લછમન ઇંદુકલાનો સંદેશો લેઇ તેજ દિવસે ચંદ્રમૌલીશ્વરના મંદિર તરફ જવા નિકળ્યો. એ વાતને બે ત્રણ દિવસ થઇ ગયા. ગોમતી પોતાના પતિના આગમનની આતુરતાથી વાટ જોવા લાગી. ત્રીજે દીવસે સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો તે સમયે ગોમતી ગામ નજીકના એક કૂવાપર પાણી ભરવા ગઇ. કેડ ઉપર ઘડો હતો છતાં તેના એક હાથમાં લોહદંડ તો હતોજ ! એટલામાં એક વૃક્ષ નીચે કેટલાક ઘોડા બાંધેલા જણાયા અને તેની નજીક લશ્કરી સિપાહીઓ " ભાંગના લોટા " ની તૈયારી કરતા તેને જણાયા. આ દેખાવ જોઇને ગોમતીને આશ્ચર્યજ થયું.

આ દેખાવ જોઇ ત્હેણે પાસેના ખેતરમાં ઉભેલા એક ખેડુતને પુછયું કેઃ " આ લોકો ક્યાંના છે ભાઈ ? "

" કેવું આશ્ચર્ય બાઇ ? ત્હમને એટલીએ ખબર નથી ? અલ્લાઉદ્દિન બાદશાહનું લશ્કર ચિત્તોડગઢને ઘેરો નાંખી પડયું છે તેને મદદ કરવા અને મુસલમાનો સાથે યુદ્ધ કરવા આ રાજપૂત લશ્કર ચિત્તોડ તરફ જાય છે.

જાૂવો ! આ લશ્કરનો સેનાપતિ તો પેલા લીંબડાના વૃક્ષ નીચે આરામ લે છે. ” ખેડુને તે તરફ આંગળી બતાવતાં ઉત્તર દીધો.

ગોમતી ઘણી પક્કી સ્ત્રી હતી. હાથમાંનું કામ પડતું મુકી વૃક્ષ નીચે સુતેલા સેનાપતિને જોવા તે તરફ ગઇ. ખેડુતના કહેવા પ્રમાણે સેનાપતિ વૃક્ષ નીચે શાંત નિદ્રા લેતો હતો. તે તેવીશ–ચોવીશ વર્ષનો તરૂણ હતો. ગોમતી છેક ત્હેની પાસે જઇ બારીકાઇથી જોવા લાગી. તરૂણ સૈનિક નેત્રો બંધ કરી તદ્દન અચેત પડયો હતો. આ વખતે તેનાં નસકોરાં બોલતાં ન હોત તો ત્હેને જોનાર મનુષ્ય કંઇ બીજીજ શંકા કરત !

ચતુર ગોમતીએ તે તરૂણને ત્હેના બાહ્ય સ્વરૂપ ઉપરથી તરતજ ઓળખ્યો. તે મ્હોઢેથી બોલી ઉઠી: “ઓ હો ! આજ કે રાજકન્યાનો સોહાગિ વીર તરૂણ ? મરે એ ! બાઈ સાહેબની પરીક્ષા અને કલ્પનાને પણ શું કહેવું ? આવા અફીણીઓજ ચિત્તોડનું સંરક્ષણ કરશે ત્યારે જોઇશું શું ? ત્યારે તો બધા વીર પુરૂષોને નીચું જોવું પડશે! શિવ ! શિવ !”

રાજસ્થાનમાં એવી દંતકથા પ્રચલિત છે કે: અફીણીઓની દર્શન શક્તિ તેઓની આંખની પાંપણ વડે આઠે પહોર ઢંકાયલી રહે છે, પરંતુ મહાદેવના વરદાનને લીધે તેઓની શ્રવણ શક્તિ–બીજાઓ કરતાં–દશ ગણી વધારે હોય છે. શંકરના એવા વરપ્રસાદથી–કે પછી અન્ય કારણને લીધે પણ–નિદ્રામાં ઘોરતા પડેલા અચેતન સોહાગિ તરૂણ વીરે–ગોમતીના કહેવા પ્રમાણે તે અફીણી હોય કિંવા ન હોય તો પણ–ગોમતીના ઉપલા શબ્દો સાંભળ્યા.

તેજ ક્ષણે તે ખંખારો મારી ઉઠીને બેઠો થયો, અને ગુસ્સા ભરેલે અવાજે કહ્યું: “ શું કહ્યું ચંડાલિણી? ચિત્તોડના કિલ્લાનું રક્ષણ મ્હારે હાથે થવું અશક્ય છે એમ ત્હેં કહ્યું કેમ ? મ્હારા આ બન્ને હાથમાં જેટલું બળ છે તેટલું રાજપૂતાનાના અન્ય કોઇ વીરમાં નથી એ ત્હને હજુ ખબર નથી! અભાગિણી ! એ બળનો ત્હનેજ પ્રત્યક્ષ અનુભવ આપુંછું તે લે !”

એમ કહીને તે તરૂણે ગોમતીના હાથનો લોહદંડ ખુંચવી લઇ ફુલના હાર પેઠે ત્રણ આંટા વાળી દઇ ગોમતીના ગળામાં ઝટ પહેરાવી દીધો ! સખ્ત લોઢાના લોહદંડના ત્રણ આંટા વાળવા એ કંઇ જેવું તેવું કામ નહોતું,

તેમ છતાં તરૂણ વીરે તે એવી સહેલાઇથી ત્હેના ગળામાં પહેરાવી દીધો કે તેજ વીર પુરૂષ શિવાય બીજો કોઇ ભાગ્યેજ કહાડી શકે! ત્હેણે હસતાં હસતાં કહ્યું: "મ્હારી ત્હેં મશ્કરી કરી તેથી ખુશી થઇને મ્હેં ત્હને આ હાર પહેરાવ્યો છે. એને તું મ્હારી કિમતી બક્ષીસ માનજે. હું ચિત્તોડ દુર્ગની મુક્તિ માટે જાઉંછું. મ્હારૂં કામ પરિપૂર્ણ કરીને હું પાછો આવું ત્યાં સુધી તું અહિંજ ઉભી રહેજે. જેથી પાછા જતી વખત ત્હારા ગળાનો અલંકાર કહાડી, ચિત્તોડ દુર્ગની પેઠે ત્હારી પણ મુકિત કરીશ, અને તે દરમ્યાન કવચિદ્ કોઇ વીર પુરૂષમાં મ્હારા કરતાં વિશેષ બળ જણાય તો ત્હેને હાથે ત્હારા ગળાનો આ સુંદર અલંકાર કાઢી નંખાવી મુક્ત થજે!"

એટલું કહીને તે વીર પુરૂષ બાજુના વૃક્ષે બાંધેલા પોતાના ઘોડા ઉપર સ્વાર થયો, અને પોતાના સિપાહીઓની છાવણી તરફ જવા લાગ્યો. તેજ વખતે ગોમતીએ ત્હેને કહ્યું: "સેનાપતિ સાહેબ! આપને એક વિનતિ છે તે જરા સાંભળી લ્યો."

તરૂણ: "હા, ખુશીથી કહે."

ગોમતી: "ચિતોડ ગઢ ઉપર જાઓ અને કવચિદ્ રાજકુમારી ઇંદુકલા આપને મળે તો કૃપા કરી ત્હેને કહેજો કે: ત્હમે મ્હારા ગળામાં રત્નનો હાર પહેરાવવાનાં હતાં પણ તે પહેલાંજ તે અલંકાર પહેરવાની મ્હારી હોંશ પૂરી થઇ છે!"

ગોમતીના મુખમાંથી "રાજકુમારી ઇન્દુકલા"નું નામ સાંભળતાંજ તરૂણ વીર ચમક્યો! ત્હેના મુખ સ્હામું આશ્ચર્યચકિત દ્રષ્ટિએ જોતાં પૂછ્યું: "ત્હેં શું કહ્યું? રાજકુમારી ઇન્દુકલાનું ત્હેં નામ દીધું? ત્હારે ત્હેમની સાથે કંઇ ઓળખાણ છે કે?"

ગોમતી: "હું ચિત્તોડગઢ પર રાણીવાસમાંજ રહું છું અને રાજકન્યા ઇન્દુકલાની દાસી છું."

તરૂણે સ્મિત હાસ્ય કરતાં કહ્યું: "એમ કે? ત્યારે તું મ્હારી સાથે ચાલ. ત્હારા શિવાય મ્હારી અને ઇંદુકલાની ભેટ કોણ કરાવી આપશે?"

એટલું કહીને ગોમતીના ઉત્તરની વાટ નહિ જોતાં તરૂણે ત્હેના બે

હાથ ઝાલી ત્હેને પણ પોતાની પીઠ પાછળ ઝટ ઘોડા ઉપર બેસાડી દીધી, અને ઘોડાને એડી મારી. ત્હેનો પાણીદાર ઘોડો ચારે પગે દોડવા લાગ્યો. ત્હેની પાછળ ત્હેના હાથ નીચેના ઘોડેસ્વારોએ પણ ચિત્તોડગઢ તરફ પ્રયાણ કર્યું.

૬.

મધ્યરાત્રિનો સમય છે. કૃષ્ણપક્ષની રાત્રિ હોવાથી સર્વ પૃથ્વી ઘોર અંધકારમાં ડુબી ગઇ હતી. આકાશમાં કેટલાંક નક્ષત્રો ચળકતાં હતાં. એ સમયે એકાએક મુસલમાન સેનાપતિ શમ્સુદ્દિને આશ્ચર્યચકિત નેત્રે જોયું કેઃ ચિત્તોડ દુર્ગ તરફના એક વિકટ પર્વત પ્રદેશ તરફ પાંચ હજાર ઉજ્વલ ધુમકેતુ જેવી પાંચ હજાર રાજપૂત સ્વારોની નગ્ન તરવાર, અંધકારને ભેદી, પ્રલયકાળ સમયના સૂર્ય તેજની પેઠે ચમકતી પોતાના તરફ આવે છે! આ અકસ્માત્ ઉત્પન્ન થયેલા પ્રલય સૂર્યની ભયંકર તેજવૃષ્ટિ આગળ કોણ બચી શકશે? તે અવર્ણનીય શક્તિ સમક્ષ ઉભા રહેવાનું કોનામાં સામર્થ્ય છે?

ગમે તેમ પણ મુસલમાન વીરો કંઇ પાછા હઠે તેવા નહોતા. તેઓએ પણ રાજપૂત વીર સૈનિકોનો અકસ્માત હુમલો અટકાવવાને તેમનાપર અતિ વેગપૂર્વક ધસારો કર્યો. ક્ષણ વારમાં કિલ્લા સ્હામેના રણાંગણમાં ભયંકર રણરંગ મચી ગયો. ભયંકર યુદ્ધ ચાલ્યું. બન્ને પક્ષના વીર પુરૂષો તરફથી ગગનભેદક અવાજ થતા હોવાથી વેગળે સુધીના પ્રદેશમાં ભયંકરતા પથરાઇ રહી હતી. બન્ને પક્ષો પોતાના પરાક્રમની અવધિ બતાવવા માંડી હતી. એક તરફથી રાજપૂત વીર પુરૂષો પોતાની માતૃભૂમિને પરતંત્ર નહિ થવા દેવા પ્રાણની આહૂતિ આપતા હતા, ત્યારે બીજી તરફથી મુસલમાનો એ રાજ્યલોભને વશ થઇ પોતાના સામ્રાજ્યનો વિસ્તાર વધારવા માટે વીરતાની હદ બતાવતા હતા. રાજકીય દૃષ્ટિએ જોતાં બન્ને પક્ષ યોગ્ય રીતેજ યુદ્ધ કરતા હતા, પરંતુ ન્યાયની દૃષ્ટિએ જોતાં અને શાંતિને ચ્હાનારા તરીકે જોતાં રાજપૂતોની માતૃભૂમિ ઉપર તેમનોજ હક્ક રહેવો જોઇતો હતો અને તેમની શાંતિમાં ખલેલ નાખી અનેક વીર પુરૂષોના લોહીની નદીઓ વ્હેવડાવવા માટે મુસલમાન બાદશાહોને બે ઠપકાના શબ્દજ કહેવા પડશે! ગમે તેમ હો, પણ આજે રાજપૂત વીરો માતૃભૂમિનું રક્ષણ કરવા માટે

અને માતૃભૂમિનું માન અખંડ રાખવા માટે "મારૂ કે મરૂ" ઉપર આવી ગયા હતા. તેથી યુદ્ધમાં ધીમે ધીમે તેમનો વિજય થવા લાગ્યો હતો. મુસલમાન વીરો જેમ જેમ પાછાં પગલાં ભરતા ગયા તેમ તેમ રાજપૂત સૈનિકોને વિશેષ શૂર ચ્હડવા લાગ્યું અને તેઓ અધિક પરાક્રમ બતાવવા લાગ્યા. તેઓ સમક્ષ મુસલમાન લશ્કર ટકી શક્યું નહિ!

યુદ્ધને અંતે વિજયદેવીએ રાજપૂતોના ગળામાં જયમાળ આરોપણ કરી. તેઓના સખ્ત મારા આગળ મુસલમાન લશ્કરની રેવડી દાણાદાણ થઇ ગઇ! છેવટ સુધી શૌર્યપૂર્વક યુદ્ધ કરવા છતાં દૈવ કોપને લીધે મુસલમાન સિપાહીઓને સમરભૂમિમાં પીઠ બતાવી ન્હાસી જવું પડયું. ત્યાર પછી કેટલોક સમય સુધી ચિત્તોડના કિલ્લા ઉપર સર્વત્ર શાંતતા પ્રસરી રહી.

થોડા સમયમાંજ ગગનમંડળના પૂર્વ પ્રદેશમાં ઉષાની રક્તપ્રભા જણાવા લાગી. આજે ઘણે દિવસે ચિત્તોડના કિલ્લાનાં મુખ્ય દ્વાર ઉઘાડવામાં આવ્યાં. આપણા તરૂણ વીરના ઘોડા ઉપરથી હજુ ગોમતીનો છૂટકો થયો નહોતો.

ગોમતી તરફ જોઇને તરૂણ વીરે હસતાં હસતાં કહ્યું: "તમારી તબીયત કેમ છે? એક વખત આંખ ઉઘાડીને જૂવો જરા! આ અફીણી બાળકના બાહુમાં કેટલું બળ છે તે તમારી નજરે પડયું કે? ત્હમારે અફીણની એકાદ ન્હાની ગોળી જોઇએ છે કે? કેમ આપું એકાદ?"

ગોમતીએ ગુસ્સે થઈ કહ્યું: "બસ થયું વીર! મશ્કરીની હદ થઇ! ત્હમારી મશ્કરી કરવામાંજ મ્હારા પ્રાણ જવાની તૈયારી છે. હવે તો મ્હારા ગળાનો આ જબરદસ્ત અલંકાર કાઢો અને ઘોડા પરથી નીચે ઉતારો તો મ્હોટી કૃપા!"

તરૂણ વીર ઘોડા ઉપરથી નીચે ઉતર્યો, અને તેને ઉતારી કહ્યું: "ત્હમને મુક્ત કર્યા છે પણ "ગરજ સરે ને વૈદ્ય મરે" એમ કરશો નહિ. મ્હને રાજકુમારી ઇન્દુકલા સાથે એક વખત મેળવી આપો. પછી હું મ્હારે ગામ ચાલ્યો જઇશ. જો ના કહેશો તો તમને પુનઃ ઘોડા ઉપર નાંખી મ્હારે ગામ લઇ જઇશ."

"ચાલો મ્હારી સાથે. રાજકુમારી સાથે તમારો મેળાપ કરાવી આપું."

એમ કહીને ગોમતી તરૂણને લઇ રાજમહેલ તરફ ચાલી.

*   *   *   *   *

રાજકન્યા ઇન્દુકલા પોતાના મહેલમાં બેઠી બેઠી કંઇ વિચારોમાં લીન થઇ હતી. તરૂણ વીરને લઇ ગોમતી ત્યાં આવી પહોંચી અને કહ્યું:—

"બાઇ સાહેબ! જેણે આજના યુદ્ધમાં અતિશય વીરત્વ બતાવી ચિત્તોડનું રક્ષણ કર્યું છે તે વીર પુરૂષને જોવાની આપની ઇચ્છા છે? જો હોય તો જૂવો! આ ઉભા તે!"

ઇન્દુકલાએ ચમકીને તે વીર તરૂણના મુખ સ્હામું જોયું. અરે! આ કોણ? એ તો ત્હેનો હૃદયવલ્લભ સોહાગિન તરૂણ! તેજ એ વીરકાંતિ! તેજ એ અપૂર્વ સૌંદર્ય! એક ઉંડો નિઃશ્વાસ નાંખી ઇન્દુકલાએ મનમાંજ કહ્યું:-" અરેરે! રાજસ્થાનનો આ સર્વ શ્રેષ્ઠ વીર છે! એમનો જન્મ હલકા કુળમાં ન થતાં એકાદ રાજવંશમાં થયો હોત તો—તો—"

આપણા તરૂણ વીરે રાજકન્યાને પ્રણામ કરીને કહ્યું: "રાજનંદિનિ! મ્હેં આપેલી "**સોનાની દાબડી**" ત્હમે ફેંકી દીધી કે?"

ઇન્દુકલાએ શરમને લીધે નીચું જોઇ ચોળીમાંથી દાબડી કાઢતાં કહ્યું: "ચાર વર્ષ થયાં આપની દાબડી અતિશય કાળજીથી મ્હારા હૃદય સાથે સંતાડી રાખી છે. હું તેને ક્ષણ પણ વ્હીલી મૂકતી નથી. તે હમેશાં મ્હારા છાતી સાથે વળગેલીજ રહે છે. આપે તે દાબડી ઉઘાડવાની ના કહી હતી તેથી મ્હેં હજુ સુધી તેને ઉઘાડી નથી."

તરૂણે મંદ હાસ્ય કરતાં કહ્યું: "ત્યારે હવે આજે ઉઘાડી જૂવો!"

ઇન્દુકલાએ ધ્રુજતે હાથે સોનાની દાબડી ઉઘાડી. તેમાં બીજું કંઇ નહોતું. માત્ર તેમાં થોડાક સુંદર અક્ષરો કોતરેલા નજરે પડતા હતા. તે અક્ષરો વાંચતાં રાજકુમારીનું શરીર કમ્પાયમાન થયું. તેનું હૃદય ધબકવા લાગ્યું. મનમાં ને મનમાંજ બોલી: "કેવું નિષ્ઠુરપણું! આટલા દિવસ મ્હને એમણે શંકામાં નાંખી દુઃખ દીધું એ શું ઠીક કર્યું?"

ગોમતીએ વચમાંજ તરૂણ પ્રત્યે કહ્યું: "ત્હમે મ્હારા ગળામાં આ નવો અલંકાર પહેરાવ્યો છે તે કાઢવાનો હજુ વખત નહિ આવ્યો હોય કેમ?"

"ક્ષમા કરજો ગોમતી! એ વાત તો હું તદ્દન ભૂલીજ ગયો હતો!" એમ કહીને આપણા તરૂણવીરે પ્રથમની પેઠેજ બાહુબળથી તેના ગળામાં પહેરાવેલા પ્રચંડ લોહદંડના દાગીનાના આંટા વચ્ચેથી કાઢી નાંખ્યા, અને હસતાં હસતાં કહ્યું: "મ્હેં ત્હમને જે દાગીનો પહેરાવ્યો હતો તે પાછો કાઢી લીધો. હવે થયું? પણ ચિત્તોડનો ઉદ્ધાર થયા પછી રાજકન્યા તમને જે રત્નહાર આપવાનાં હતાં તે ક્યાં છે?"

રાજકુમારીએ હસતાં હસતાં પ્રેમપૂર્ણ દ્રષ્ટિએ તરૂણવીર સ્હામું જોયું અને ગોમતીને આલિંગન દઇ હસતાં હસતાંજ પોતાના ગળાનો કિમતિ રત્નહાર ત્હેના ગળામાં પહેરાવી દીધો અને કહ્યું: "ગોમતી! બીજાઓની પેઠે હું ત્હને નિરાશ કરતી નથી સમજી કે?"

૭.

આજે ચિત્તોડ નગરમાં સર્વત્ર આનંદ ઉત્સવ થઇ રહ્યો છે. ગઇ રાત્રે જે અજાણ્યા રાજપૂત વીર તરૂણે પરાક્રમ બતાવી પોતાના અતુલ શૌર્યવડે ચિત્તોડ દુર્ગને મુસલમાનોની ભયંકર બાથમાંથી બચાવ્યું હતું તેને મહારાણા તરફથી દરબારી માન આપવાની ગોઠવણ થઇ હતી. મહારાણાની આજ્ઞાથીજ આજે ગઢ ઉપર સર્વત્ર આનંદ ઉત્સવ થઇ રહ્યો હતો. આજે એક મ્હોટો દરબાર ભરી તરૂણ વીરને યોગ્ય ઇનામ આપવામાં આવનાર હતું.

મધ્યાન્હ સમયે રાણા રાયમલ્લ પોતાના વિશ્રાંતિ મહેલમાં વિશ્રાંતિ લેવા આવ્યા છે. તેમની સ્હામું આપણો તરૂણ સોહાગિન વીર નમ્ર થઇને ઉભો છે.

રાણાજીએ તેનો આદરસત્કાર કરતાં કહ્યું: "તરૂણવીર! મ્હેં ત્હમને જે દિવસે ચંદ્રમૌલીશ્વરના મંદિરમાં જોયા તેજ દિવસે મ્હને સંશય આવ્યો હતો કે ત્હમે ગુપ્ત વેશમાં રહો છો. હજુ પણ અમારી પાસે ત્હમારી ઓળખ ગુપ્ત રાખવાની તમારી ઇચ્છા છે કે?"

તરૂણે હાથ જોડી કહ્યું: "મહારાણાજી! આપનું અનુમાન તદ્દન ખરૂં છે. જે દિવસે—"

એટલામાં રાજકુમારીએ આપેલો હાર પહેરીને ગોમતી ત્યાં આવી પહોંચી અને કહ્યું: "મહારાણાજી! રાણી સાહેબની આપને વિનંતિ છે કે

આજના મહોત્સવને દિવસે ઇન્દુકલાનાં લગ્નનો મહોત્સવ પણ શરૂ કરી દેવો જોઇએ. એ સંબંધી આપનો શો અભિપ્રાય છે તે જાણવાનેજ રાણી સાહેબ આ પડદાની પેલી બાજુએ આવી બેઠાં છે."

રાણાજીએ આશ્ચર્ય પામતાં કહ્યું: "એટલે? તું એ શું કહે છે ગોમતી? ઇંદુકલાનાં લગ્ન? અને તે પણ આજેજ કરી દેવાં જોઇએ? કોની સાથે? વર ક્યાં છે? મ્હને કંઇ સમજણ પડતી નથી."

"હું તે આપને સમજાવી આપું છું મહારાજ! આ સોનાની દાબડી જૂવો. એમાં રાજકન્યાનાં અસંખ્ય નામ ખોદેલાં જણાય છે." ગોમતીએ ચતુરાઇ વાપરી એક સોનાની દાબડી મહારાણાના હાથમાં મૂકી.

ગોમતીએ આપેલી દાબડી મહારાણાએ અતિ ઉત્સુકતાથી લઇ ઉઘાડી જોઇ, તો તેમાંના અક્ષરો વાંચી એકદમ બોલી ઉઠયા: "આ શું? એમાં તો "**હાડાવતી રાજકુમાર નારાયણદાસ**" એવું નામ ખોદેલું છે. હાડાવતીના રાજકુમાર સાથે આપણી ઇન્દુકલાનાં લગ્ન થવાની વાત હું હમણાંજ સાંભળું છું. આ સોનાની દાબડી ક્યાંથી કોણ લાવ્યું તે તો હું જાણતોજ નથી!"

ગાલમાં ને ગાલમાં હસતી ગોમતીએ ધીમેથી કહ્યું: "રાણાજી! એ સર્વ હકીકત આપની સ્હામે ઉભેલા આ સોહાગ્નિ વીર સિપાહીનેજ પુછો. તેને સર્વ ખબર છે."

આપણો તરૂણ વીર હાથ જોડી હસતાં હસતાં બોલ્યો: "રાણાજી! મ્હારો અપરાધ ક્ષમા કરશો. "હાડાવતીનો રાજકુમાર-નારાયણદાસ" તે હુંજ. એ વાત મ્હેં આપની પાસે આજ સુધી ગુપ્ત રાખી હતી. આપને મ્હારી વિશેષ હકિકત કહેવાનું પ્રયોજન જણાતું નથી. આપને સર્વ વિદિતજ છે. છ મહિના પહેલાં શત્રુઓ સાથે યુદ્ધ કરીને તેમના તાબામાંથી મ્હારા વડિલોનું રાજ સિંહાસન મ્હેં છોડાવ્યું હતું અને તેમનો પરાજય કર્યો હતો એ વાત સર્વ રાજસ્થાનમાં પ્રસરેલી છે. આપને પુનઃ કહેવાની અગત્ય જણાતી નથી."

નારાયણદાસના એ શબ્દો સાંભળી મહારાણા રાયમલ્લ એકદમ આ-

રામ—આસન ઉપરથી ઉઠયા અને રાજકુમારને પોતાની છાતી સરસો ચાંપી ગાઢ આલિંગન દેતાં કહ્યું: " વત્સ ! આટલા દિવસ સુધી ત્હારી ઓળખ મ્હારાથી ગુપ્ત રાખવાનું કશું પ્રયોજન નહોતું ! મેવાડના રાજવંશ સાથે હાડાવતીના રાજવંશને શત્રુભાવ થવાની શરૂઆત થઇ છે, એમ જાણીને નિરર્થક શંકા લાવી આ ત્હમારા પિતા તુલ્ય વૃદ્ધ રાયમલ્લને ત્હમારી ઓળખ આપવામાં સંકોચ શા માટે રાખવો જોઇએ ? ગમે તેમ થયું પણ વત્સ ! ત્હારા ગઇ કાલનાં અતુલ વીરત્વથી સર્વ રાજસ્થાનનો ગૌરવસૂર્ય પુનઃ ઉદિત થયો છે એમાં શંકાજ નથી ! ચિત્તોડના એ ઘનઘોર અંધકારને દિવસે જો ત્હારો પરાક્રમ-સૂર્ય સંપૂર્ણ તેજવડે પ્રકાશિત થયો નહોત તો આપણી માતૃભૂમિ—જન્મભૂમિ—ચિત્તોડ, આજ ભયંકર સ્મશાનના રૂપમાં બદલાઇ ગઇ હોત, અને સ્વતંત્રતાના સુખમાં મહાલતી મેવાડી પ્રજા પરતંત્રતાની ભયંકર બેડીમાં જકડાઇ દુઃખી દુઃખી થાત. વત્સ ! ધન્ય છે ત્હારી માતૃભક્તિ; ધન્ય છે ત્હારી દેશ સેવા ! રાજપૂતાનામાં ત્હારા જેવાં અનેક વીરરત્નો ઉત્પન્ન થાઓ અને મેવાડ હમેશાં સ્વતંત્રતાના સુખસૂર્યથી પ્રકાશિત રહો એજ મ્હારી મનેચ્છા ! ધન્ય છે ત્હારા વીર જીવનને !" ગોમતીએ વચમાંજ કહ્યું: "મહારાણાજી ! હજુ આપે એમને આ "સોનાની દાબડી" સંબંધી પૂછ્યું નથી."

રાણાએ નારાયણદાસને "સોનાની દાબડી" સંબંધી કંઇ પૂછ્યું નહિ, પરંતુ તે પોતેજ એ સંબંધી કંઇ ખુલાસો કરશે એવી અપેક્ષાથી તેના મુખ તરફ તેમણે જોયા કર્યું.

નારાયણદાસે કહ્યું: " મહારાણાજી ! એ "સોનાની દાબડી " તે મ્હારી અફીણની દાબડી છે. વડિલોના રાજ્યમાંથી જ્યારે હું દેશનિકાલ થયો તે સમયે મ્હારી પોતાની માલિકીની એ એકજ વસ્તુ લઇને બહાર નિકળ્યો હતો. મ્હારા વ્યસન સંબંધી આપે ચંદ્રમૌલીશ્વરના મંદિરમાં જે વાત કરી હતી તે અક્ષરશઃ સત્ય હતી. જે દિવસે આપે તે વ્યસન સંબંધી મ્હારો તિરસ્કાર કર્યો હતો તેજ દિવસથી મ્હેં એ વ્યસનનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો અને મ્હારાં સ્મૃતિચિહ્ન તરીકે આ "સોનાની દાબડી" રાજકન્યા ઇન્દુ-

કલાને એક દિવસ અર્પણ કરીને મ્હારો નિશ્ચય અમલમાં મૂકવાની શરૂઆત મ્હેં કરી. પહેલાં પહેલાં તો એ વ્યસન છોડવું મ્હને ઘણું મુશ્કેલ થઇ પડયું, પરંતુ મ્હારી "સોનાની દાબડી" યાદ આવતાંજ મ્હારા નેત્ર સમક્ષ રાજકન્યા જાણે ઉભી હોય તેવું ભાન થતું, અને મ્હારા જેવા અફીણી ઉપર તે પ્રેમ રાખે એ અશક્ય જાણી મ્હારો નિશ્ચય અધિક દ્રઢ થતો ગયો. એ પ્રમાણે માત્ર રાજકન્યાના પ્રેમની લાલચને લીધેજ મ્હારૂં વ્યસન અચાનક છૂટી ગયું. તેમજ આપના ઉપદેશામૃતનું સાર્થક થવા સાથે મ્હને રાજ્ય તથા ગૃહલક્ષ્મી ઉભય પ્રાપ્ત થયાં."

રાણાએ સહર્ષ કહ્યું: "વત્સ! જેઓ કોઇ પણ કાર્ય કરવાનો નિશ્ચય કરે છે ત્હેને કોઇ પણ કાર્ય કરવું અશક્ય થતું નથી. એ સિદ્ધાંત ત્હમારા દ્રષ્ટાંતથી સારી પેઠે જણાઇ આવ્યું. ગોમતી ! જા, રાણીજીને ખબર આપ કે ત્હમારી ઇચ્છા પ્રમાણે આજે ચિત્તોડના મહોત્સવ સાથેજ ઇન્દુકલાના લગ્નનો મહોત્સવ પણ શરૂ થશે. બેટા નારાયણદાસ! આજે અમારા સમક્ષ જ ત્હારી આ વિજયી "સોનાની દાબડી" પુનઃ મ્હારી પ્રિય ભ્રાતૃકન્યા ઇન્દુકલાના હાથમાં સમર્પણ કર. આજ પર્યંત વિષ ભરેલી એ દાબડીમાં ભવિષ્ય કાલમાં મધુર અમૃતપ્રવાહ ભરાય એવો મ્હારો ત્હને આશિર્વાદ છે."

એટલામાં પાસેની એક બારીમાંથી ચકનો પડદો ઉંચો થયો અને ચંપક ગુચ્છ જેવો સુંદર, કોમળ–નાજુક હાથ બહાર આવ્યો. પ્રફુલ્લ કમળ જેવા સુશોભિત હાથમાં રાજકુમારે પોતાની "**સોનાની દાબડી**" અર્પણ કરી બન્નેનો હસ્તમેળાપ પણ થઈ ગયો. એનુંજ નામ **પ્રેમ–ધર્મ.**

રાજસ્થાનના મધ્યાન્હ–સૂર્ય સમાન હાડાવતીના રાજકૂમાર નારાયણદાસની "સોનાની દાબડી" મેવાડની કમલિની, ઇન્દુકલાના હાથમાં પડી તે સમયથી સમગ્ર રાજસ્થાનમાં જે અમૃત–પ્રવાહ વહેવા લાગ્યો હતો તે સંબંધી રાજસ્થાનના ઇતિહાસ ભક્તોને વિશેષ કહેવાની શી અગત્ય?

वीर बल्लुजीनो आत्मोत्सर्ग. ६

१.

પૂર્વ કાળના આર્ય રાજાઓ પોતાની પ્રજાને પ્રસન્ન રાખવા માટે પોતાનું તન, મન, ધન અને સર્વસ્વ સમર્પણ કરી દેતા હતા. મહારાજા રામચન્દ્રે પ્રજાને પ્રસન્ન કરવા માટેજ પોતાની પ્રાણપ્રિય સીતાને વનવાસ આપ્યો હતો. પ્રાચીનકાળમાં ભારતવર્ષના રાજાઓ વેશ બદલીને ગુપ્ત રીતે પ્રજાની સ્થિતિની તપાસ કરવા નિકળતા, અને પ્રજાની સ્થિતિમાં યોગ્ય જણાતો ફેરફાર કરતા હતા. રાજપૂતાના પ્રદેશ આદર્શ કાર્યોથી પરિપૂર્ણ છે. ત્યાંના રાજાઓ સત્યને ખાતર તન, મન અને ધન ઉપરાંત રાજપાટ તથા વ્હાલાં બાળકોનો પણ ત્યાગ કરતા હતા, અને પ્રજાનું રક્ષણ કરવા માટે તથા પ્રજાને આફતમાંથી બચાવવાને માટે જે ન કરવાનું કાર્ય તે પણ કરતા હતા. તેથીજ રાજપૂતાનાની કીર્તિ હજુ સુધી સર્વત્ર પ્રસરી રહી છે, અને દેશ વિદેશમાં રાજપૂતાનાનું માન ગૌરવ ઉચ્ચ પદ ભોગવે છે. રાજપૂત રાજાઓએ પોતાની પ્રજાને જીવન-પ્રાણ-સર્વસ્વ માન્યાથીજ રાજા પ્રજાએ એકત્ર મળી રાજપૂતાનાનું નાક ઉજ્વલ રાખ્યું છે. ઇતિહાસકારો કહે છે કેઃ-પૃથ્વીના કોઇ દેશને રાજપૂત અને રાજપૂતાના જેવું માન-ગૌરવ મળશે નહિ.

જે ભૂમિમાં પ્રાતઃસ્મરણીય મહારાણા બાપારાવ, સંગ, પ્રતાપ, ઝાલો, કૃષ્ણસિંહ અને ચૂડાવત જેવા વીર પુરૂષોએ જન્મ ગ્રહણ કર્યો હતો તેજ વીર ભૂમિમાં હમણાં એક અન્ય વીર સરદાર ઉત્પન્ન થયો હતો. તેણે પોતાની પ્રજાને પ્રસન્ન રાખવા માટેજ પોતાના વહાલા પુત્રને દેશનિકાલ કર્યો છે. ધન્ય છે એવા રાજા રાણાને ! જે રાજપૂતાનામાં મહારાણા સંગ અને

પ્રતાપસિંહ જેવા વીર પુરૂષો ઉત્પન્ન થયા તેજ પાવત્ર-વીર ભૂમિ પર તેમના જેવાજ વીર-પરાક્રમ વંશજો ઉત્પન્ન થાય એમાં આશ્ચર્ય શું? એ વીર ભૂમિનાં અન્નજળ અને હવાના રજકણોમાંજ વીરત્વ ભરેલું છે, તેથી તેનું સેવન કરનાર બાળકથી વૃદ્ધ પર્યંત સર્વ મનુષ્યો વીર ઉત્પન્ન થાય છે.

ઇ. સ. ૧૬૫૦ ના અરસામાં જોધપુરમાં, મહારાજ ગજસિંહ રાજ કરતા હતા. તેમને અમરસિંહ નામક એક રાજપુત્ર હતો. અમરસિંહ ઘણા ધીર, વીર અને ન્યાયી હતા. નગરના બદમાશ અને દુષ્ટ મનુષ્યો ઉપર કરડી નજર રાખતા હતા. તેઓ દેશદ્રોહી અને લૂટારાઓને પકડી પકડીને સખ્ત શિક્ષા ફરમાવતા હતા. અમરસિંહ ધીર વીર હતા તેમ હઠીલા અને અભિમાની પણ હતા. તેઓ પિતા, પુત્ર, માતા, ભાઇ, મિત્ર આદિ કુટુંબી જનો તથા પ્રજા અને અન્ય રાજપૂત સરદારો સાથે યોગ્ય રીતેજ વર્તતા હતા. કોઇ સાથે કાપટય કે પ્રપંચથી વર્તતા નહોતા; તેથી રાજના અમલદારો તેમનાથી હમેશાં અપ્રસન્ન રહેતા. મહાન્ સરદારો અને વૃદ્ધ સામંતોએ તેમને સ્પષ્ટ કહ્યું હતું કે: "અમારા જેવા બુદ્ધિમાન વૃદ્ધો સમક્ષ તમારૂં બુદ્ધિચાતુર્ય ચલાવવું નહિ." પરંતુ અમરસિંહે તેમની એ સલાહ ઉપર કંઇ વિચારજ કર્યો નહોતો. તેઓ તો પોતાને યોગ્ય લાગે તે અભિપ્રાય સર્વત્ર જણાવી દેતા. એટલુંજ નહિ પણ જે વાત સત્ય જણાતી તેને દ્રઢ રીતે વળગી રહેતા, અને તે ઉપર તર્ક વિતર્ક કરતા.

૨.

એક દિવસ સરદારોએ લાગ જોઇને અમરસિંહના વિરૂદ્ધ મહારાજ ગજસિંહના કાન ભંભેર્યા અને કહ્યું કે: પ્રજા એમની વર્તણુકથી ઘણી અપ્રસન્ન છે. મહારાજ ગજસિંહ પણ એ ભંભેરણીને વશ થયા. પ્રજાને અપ્રસન્ન થયેલી જાણી મહારાજે એક દિવસ દરબાર ભરી અમરસિંહને ત્યાં બોલાવ્યા અને સર્વ સરદારના દેખતાંજ અમરસિંહને કહ્યું કે: મ્હારા વ્હાલા પુત્ર! પ્રજા ત્હારાથી અપ્રસન્ન છે. ત્હારા જેવા રાજપુત્રનાં વર્તનથી પ્રજાની પ્રસન્નતામાં વૃદ્ધિ થવી જોઇએ તેને બદલે પ્રજા અપ્રસન્ન રહે તો મ્હને કેટલી ગ્લાની થાય તેનો ત્હારેજ વિચાર કરવો જોઇએ. રાજા એ પ્રજાનો પિતા છે. પ્રજા એ રાજાના

સંતતિ છે. વ્હાલા પુત્ર ! એ શબ્દો માત્ર મ્હોડેથીજ કહેવાના નથી, પણ અંતઃકરણપૂર્વક પાળવાના છે. શબ્દોને ગતિમાં મુકવાના છે. પ્રજા વડેજ રાજા અને રાજ્ય છે. રાજા કરતાં પ્રજાની શક્તિ પ્રચંડ ગણવામાં આવે છે. પ્રજાની પ્રચંડ શક્તિ જો ધારે તો ગમે તેવા બળવાન રાજાને રાજ-ગાદી પરથી ઉથલાવી નાંખે ! મ્હેં એવા અનેક દૃષ્ટાંતો વાંચ્યા છે. માટેજ હું પ્રજાને મ્હારા પુત્રથી વિશેષ ગણું છું. તેઓ પ્રસન્ન રહે એ-વાંજ દરેક કામ કરવામાં મ્હારૂં ભૂષણ સમજું છું. રાજભક્ત પ્રજા કેટ-લોક વખત બ્હીકને લીધે રાજાનાં અપકૃત્યોને સહન કરી લે છે, પરંતુ કોઇક આફતને વખતે પ્રજા તેવા આત્મઘાતિ રાજાને મદદ કરતી નથી, અને તેવા દુષ્ટ રાજાનું રાજ્ય બદલાઇ જતાં તેજ પ્રજા તેને ચીરકાળ નિંદે છે. રાજાની એવી નિંદા એજ ત્હેને માટે નર્ક છે. સ્તુતિ એજ સ્વર્ગ છે. પુત્ર ! તું મ્હને ઘણો વ્હાલો છે પરંતુ શું કરૂં ? પ્રજા ત્હારાથી અસંતુષ્ટ છે જેથી તું આ રાજ્ય છોડી કોઇ બીજે દેશ જા. આ આજ્ઞા કરતાં મ્હારા હૃદયના કટકે કટકા થઇ જાય છે, પરંતુ મ્હારે મ્હારી ફરજ બજાવવી પડે છે. મ્હારા રાજત્વ કાળમાં પ્રજા પ્રસન્ન ન રહે તો પછી હું રાજા શા કામનો ? મ્હારૂં "રાજા" થવુંજ નિરર્થક છે. પ્રજા એજ મ્હારૂં સર્વસ્વ છે. મ્હારી દષ્ટિ સમક્ષ તું દેશત્યાગ કરી પ્રજાને પ્રસન્ન કર. પિતાની આજ્ઞા પાળવાને રામ-ચંદ્રજી વનવાસ ગયા હતા. પુત્ર ! આવ ! હું ત્હને એક વખત મ્હારી છાતી સાથે દબાવી લઉં." એટલું કહેતાં કહેતાં રાજા ગજસિંહ ગદ્‌ગદ્ કણ્ઠ થઇ ગયા. મહા મુશીબતે ખુરસી ઉપરથી ઉઠી પુત્ર અમરસિંહનું માથું છાતી સાથે દબાવ્યું અને ત્હેના મુખ ઉપર ચુમ્બન કર્યું. પિતાની આંખોમાંથી અશ્રુધારા ચાલી રહી છે. પુત્ર ઉતરેલે ચ્હેરે પૃથ્વી સ્હામું જોઇ રહ્યો છે ! અમરસિંહ પ્રત્યે વાત્સલ્ય ભાવ ધરાવનાર દરબારી જનોનાં મ્હોં ઉતરી ગયાં છે. પણ જેઓ તેના તરફ દ્વેષભાવ ધરાવતા હતા તેઓનાં મ્હોં ઉપર હાસ્ય-ની છટા જણાય છે. ત્હેમના આનંદનો આજે પાર નથી ! આજે ત્હેમના સ્વચ્છંદી માર્ગનો કાંટો દૂર થાય છે ! રાજાએ પુનઃ ગદ્‌ગદ્ કણ્ઠે કહ્યું: "પુત્ર ! જાઓ, હૃદયને વજ્ર જેવું કરી ત્હને વિદાય કરૂં છું. મ્હારા જેવો

અભાગી પિતા જગતમાં ભાગ્યેજ કોઇ બીજો હશે. વત્સ! આ ઉપરથી ત્હારે એમ સમજવું નહિ કે: હું ત્હને કોઇ લોભને ખાતર દેશનિકાલ કરૂં છું. ત્હારે માટે સાક્ષાત્ યમરાજ આવે તો ત્હેની સ્હામે પણ યુદ્ધ કરી શકું, અને ત્હારે માટે મ્હારૂં સર્વનાશ કરવા પણ તૈયાર છું, પરંતુ ત્હારે ખાતર મ્હારી પ્રજાને અપ્રસન્ન રાખવા હું તૈયાર નથી! પ્રજા એ તો મ્હારો પ્રાણ—આત્મા છે. પ્રજા વિના હું નિર્જીવ પૂતળા જેવો છું. જાઓ વત્સ! સિધારો! જે દેશ તરફ જવાની ઇચ્છા થાય તે તરફ ખુશીથી ચાલ્યા જાઓ, પરંતુ એટલું યાદ રાખવું કે પ્રજા પુનઃ તને બોલાવે તોજ અહિં આવી ત્હારે મ્હને મુખ બતાવવું, નહિ તો મ્હારા રાજ્યમાં ત્હારે પગ મૂકવો નહિ! જા વત્સ! ત્હારૂં કલ્યાણ થાઓ." એટલું કહેતાં કહેતાં રાજા પુત્રપ્રેમથી પૃથ્વી ઉપર ગબડી પડયા. તેમને મૂર્છા આવી. પુત્ર પ્રેમ એવોજ છે. એક તરફ કર્ત્તવ્ય ધર્મ અને બીજી તરફ પુત્ર વાત્સલ્ય! શું કરવું તે કોઇને સમજાતું નહિ. સઘળાં રાજા પાસે દોડી આવ્યાં. રાજાને સચેત કરવાના ઉપાયો યોજાવા લાગ્યા. પુત્ર અમરસિંહે મહારાજ ગજસિંહના એક વખત દર્શન કર્યા. તેઓ સચેત થયા હતા. તેમને પ્રણામ કરી અમરસિંહે પ્રયાણ કર્યું. રાજમંદિરની બ્હાર ત્હેને માટે એક કાળો ઘોડો સજીને તૈયારજ રાખ્યો હતો. તે ઉપર સ્વાર થઇ અમરસિંહે પૂર્વના રાજ્યદ્વારમાંથી પ્રયાણ કર્યું.

૩

કાળાં વસ્ત્ર ધારણ કરી, કાળા ઘોડાપર સ્વાર થઇ, અમરસિંહ નગરદ્વારથી બ્હાર નિકળ્યો. આ સમયનો દેખાવ કંઇક વિચિત્ર હતો. કાળા ઘોડા પર બેસી કાળાં વસ્ત્ર ધારણ કરવાથી તલવારનો ચળકાટ વિશેષ જણાય છે, તેથી ઘોડેસ્વારની શોભા પણ વિશેષ જણાય છે. તડકાને લીધે હાથમાં ધારણ કરેલા ભાલાની બરછી પણ ચળકે છે. આ સમયે અમરસિંહનાં નેત્ર ક્રોધાગ્નિથી ભરપૂર છે, પરંતુ વચમાં વિચિત્ર રૂપ ધારણ કરે છે. હમણાં તે કોઇ ગૂઢ વિષયના વિચારમાં મગ્ન થઇ કંઇક વિચાર કરતો ચાલ્યો જાય છે. જમણી કે ડાબી બાજુએ જવાનો કંઇ નિશ્ચય નથી. જ્યાં ઘોડાના પગ લઇ

જાય છે ત્યાં ચાલ્યો જાય છે. ઘોડાની લગામ ખેંચતો, ઉતાવળે ઘોડો ચલાવતો તે એક દિશામાં ચાલ્યો જાય છે. ક્યાં જાય છે તે તે પોતે પણ સમજી શકતો નથી. અમરસિંહ દેશનિકાલ થયો તેજ સમયે તેના કેટલાક સ્નેહિ–સ્વામીભક્ત–સરદારોની સભા ભરાઇ. તેમાં નિશ્ચય થયો કે: અમરસિંહના સુખમાં આપણે ભાગ લેતા હતા, તેમ તેમના દુઃખમાં પણ ભાગ લેવો જોઇએ. સુખમાં તેમની સાથે અનેક પ્રકારની મોજ માણવી અને તેમને આપત્તિ આવે તે સમયે મ્હોં છુપાવવું એ નામર્દનું–અરે નિમકહરામનું કામ છે! આપણે ભર દરબારમાં જોયું છે કે જેઓ તેમના સુખ વખતે તેમની સાથે મોજમઝા ઉડાવતા હતા તેઓ સર્વે હમણાં વેગળા ખસી બેઠા છે! તેઓએ મ્હોં છુપાવ્યું છે. તેમના દુઃખમાં કોઇએ ભાગ લેવાની ઇચ્છા રાખી નથી. અહા! જમાનો કેવો વિચિત્ર છે! સારી સ્થિતિ વખતે તેમના અનેક મિત્રો અનેક રીતે તેમનો લાભ લેતા હતા! અને આજે તેમની વિપત્તિ વખતે સર્વે સંતાઇ બેઠા છે! ધિક્ક છે એવા સ્નેહિઓને! ધિક્ક છે એવા મિત્રોને! એમને નરાધમ–પાષાણ–કહેવા જોઇએ! તેમને માટે નરકના રાજાએ નરક દ્વાર ઉઘાડેલાં હોવાં જોઇએ." સરદારોમાં આ પ્રમાણે વાતચિત થતી હતી તે વખતે અમરસિંહનો મિત્ર બલ્લુજી ચમ્પાવત નામક એક સરદાર છુપાઇને આ વાતો સાંભળતો હતો. ઉપરના શબ્દોએ તેના હૃદયમાં તિક્ષ્ણ લાગણી ઉત્પન્ન કરી. પોતાના મિત્ર અમરસિંહને માટે કંઇ પણ કરવાનું પોતાનું પરમ કર્તવ્ય જાણ્યું. તેણે વિચાર્યું કે: દુઃખી જનોને સ્હાય કરવી એજ ક્ષત્રિઓનો પરમ ધર્મ છે. એ આદર્શ વગર ક્ષત્રિઓ બ્હીકણ થઇ ગયા છે અને ધર્મ ચૂક્યા છે. હું મ્હારૂં તન, મન, ધન સર્વસ્વ રાજકુમારના ચરણમાં સમર્પણ કરીશ. એક સમયે જે વીર પુરૂષ રાજદરબારમાં સર્વોત્કૃષ્ટ હતો તે ભાગ્યની ગતિને લીધે કહો, કે પછી પરિવર્તનશીલ સંસારની અદ્દભૂત માયાને લીધે કહો, ગમે તેમ પણ આજે તે દુઃખી થઈ પડયા છે, તો ત્હેમને મદદ કરવાનો શું મ્હારો ક્ષત્રિય ધર્મ નથી? અમારો ક્ષત્રિઓનો તો શું પણ જગતમાં જન્મ પામેલાં સર્વે મનુષ્યોનો ધર્મ છે કે: દુઃખમાં પડેલાં મનુષ્યોને સુખી કરવા–ઉન્નતિમાં લાવવા–પોતાનું તન, મન, ધન–

સર્વસ્વ ખર્ચવું જોઇએ. એમાંજ ખરો પરોપકાર છે, એજ ખરો ધર્મ છે. પછી રાજા હો કે રંક હો, બુદ્ધિમાન હો કે અજ્ઞાન હો, ગમે તે હો પણ તેને સહાયતા આપવીજ જોઇએ; એજ ઇશ્વરી નિયમ છે. ઇર્ષાને વશ થઈ અન્યને દુઃખી થતો જોવો એ પોતાનેજ દુઃખી બનાવી લેવા સમાન છે. એવા સ્વાર્થી મનુષ્યની વર્તણુક જાણી લીધા પછી અન્ય મનુષ્યો તેને સહાયતા કરતા નથી. ગમે તેમ હો, પણ હું મ્હારો ક્ષાત્રધર્મ મિત્રધર્મ બજાવીશ. હું અમરસિંહને સહાયતા કરીશ. આવા વિચારો કરતો કરતો બલ્લુજી ચમ્પાવત પોતાના ઘર તરફ ગયો અને અશ્વશાળામાંથી એક ચપળ અશ્વ ઉપર સ્વાર થઇ અમરસિંહે પ્રયાણ કર્યું હતું તે માર્ગે વળ્યો.

૪

બલ્લુજીએ ઘોડાની લગામ ખેંચી સપાટાબંધ દોડાવી મુક્યો. એક કલાકમાં તો અમરસિંહને પકડી પાડયો. અમરસિંહને જોતાંજ તેમને નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા અને કહ્યું: "રાજકુમાર! આ દાસની એક પ્રાર્થના સ્વિકારશો તો કૃપા થશે."

કુમારે લાલ નેત્રો વડે બલ્લુજી સ્હામે જોયું, અને ઉતાવળે પૂછ્યું: "તમે શા માટે અહિં આવ્યા છો?"

બલ્લુજીએ નમ્રતાથી ઉત્તર દીધો: "રાજકુમાર! તમે એકલા ક્યાં જાઓ છો? તમે જ્યાં જાઓ છો ત્યાં જવા હું અહિં આવ્યો છું. આપના સુખદુઃખમાં ભાગ લેવા અહિં આવ્યો છું. મ્હારો ક્ષાત્રધર્મ-મિત્રધર્મ બજાવવા આવ્યો છું. મ્હને એકલા રહેવાનું ગમ્યું નહિ તેથી આપની સાથે આવવાની આજ્ઞા આપશો."

અમરસિંહે કહ્યું: "મ્હારી સાથે આવવાની શી જરૂર છે? મ્હારા જેવા અધમ-અભાગીને એકલોજ જવા દેવો જોઇએ. માતા, પિતા, ભાઇ, મિત્ર, અને માતૃભૂમિએ જેનો ત્યાગ કર્યો છે તેનો ત્હમારે પણ ત્યાગજ કરવો જોઇએ. ચમ્પાવતજી! ત્હમે પાછા ઘેર જાઓ. મ્હારી સાથે આવવામાં દુઃખજ વેઠવું પડશે."

બલ્લુજીએ ઉત્તર દીધો: "રાજકુમાર! આપ અધીરા થશો નહિ. વખત વખતની છાંયડી છે. મનુષ્ય જન્મે છે ત્યારથી તેના ભાગ્યમાં સુખ અને દુઃખ બન્ને લખાયલાંજ છે. જગત્‌માં એક પણ પ્રાણી એવું નહિ હશે કે જેણે સુખ અને દુઃખનો અનુભવ નહિ કર્યો હોય! હજુ ભારતમાંથી રાજપૂતનું અસ્તિત્વ લોપ થયું નથી. હજુ રાજપૂતોના લોહીમાંથી રાજપૂત ધર્મ લોપ થયો નથી. રાજપૂતોનો ધર્મ છે કેઃ સુખ દુઃખમાં સમાન ભાગ લેવો! રાજકુમાર! અધીરા ના થાઓ. હું તન, મન અને ધનથી તડકા-છાંયડાની પેઠે આપની સાથે રહીશ."

અમરસિંહે બલ્લુજીને ઘણું સમજાવ્યો પરંતુ તે એકનો બે થયો નહિ. ત્હેણે ત્હેમની સાથે રહેવાનોજ દ્રઢ નિશ્ચય જણાવ્યો. ઘણો આગ્રહ જોઇને અમરસિંહે પણ ત્હેને પોતાની સાથે લીધો. બન્ને જણા વાતો કરતા કરતા ચાલ્યા જાય છે. એટલામાં અમરસિંહે કહ્યું: "બલ્લુજી! આજે હું નિરાધાર છું. મ્હારે ક્યાં જવું? પાસે લશ્કર નથી કે કોઇ દેશ ઉપર ચઢાઇ કરી તે જીતી લઉં. ગજવામાં એક કોડી પણ નથી. હાય! અશ્વ અને તલવાર શિવાય આ સમયે મ્હારી પાસે બીજું કંઇ નથી."

બલ્લુજીએ ઉત્તર દીધો: સ્વામી! આપ ઉદાસ થશો નહિ. રાજપૂતોને બે મિત્ર હોય છે. એક ઢાલ અને બીજી તલવાર. માત્ર સાહસ કરવાની જરૂર છે. સાહસથી પુરૂષ શું નથી કરી શકતો? ધૈર્ય રાખો. દુઃખમાં અધીર થવું એ તો કાયરનું કામ છે."

બલ્લુજીનાં એવાં ઉત્સાહપૂર્ણ વચનો સાંભળી અમરસિંહ અતિ પ્રસન્ન થયા. અન્તે દિલ્લીશ્વર પાસે જવાનો ત્હેમણે નિશ્ચય કર્યો. અમરસિંહના એ વિચાર ઉપરથી બલ્લુજીએ કહ્યું: "શાહી રાજ્યમાં જઇ ભિક્ષા માગી કોઇ ઉચ્ચ પદવી પ્રાપ્ત કરવી એ રાજપૂત વીરતાની વિરૂદ્ધ છે. રાજપૂતોનો ધર્મ છે કે તલવારના બળ વડે ઉચ્ચ પદવી મગાવવી. આપણે શાહાનશાહ શાહજહાંને મળવા દિલ્લી જવું, પછી જે થાય તે ખરૂં."

અમરસિંહ અને બલ્લુજી દિલ્લી ગયા અને શાહજહાંના એક રાજપૂત સરદાર સાથે પોતાના આવવાની ખબર શાહને કહાવી. શાહજહાં કદર

દાન બાદશાહ હતા. તેઓએ અમરસિંહ અને બલ્લુજીને દરબારમાં આમંત્રણ કરી બહુ માન આપ્યું, તેમજ ત્હેમને શાહી દરબારમાં નોકરીએ રાખી લીધા. પ્રાચીન કાળમાં મુસલમાન અને મોગલ બાદશાહોના દરબારમાં વીર રાજપૂતોનો અતિ આદરસત્કાર થતો. રાજકાર્યમાં ત્હેમની સલાહ લેવામાં આવતી. તેઓ પણ દ્રઢ રાજભકત રૂપે શાહી દરબારની નોકરી બજાવતા, અને પોતાની ચતુરાઇ તથા બાહુ બળ વડે અનેક દેશો શાહને જીતી આપતા. ગમે તેવા પ્રબળ શત્રુને તાબે કરવામાં તેઓ એક્કા ગણાતા, અને એક રીતે કહીએ તો એવા હિંદુ નોકરોને લીધેજ ત્હેમનું રાજ્ય વિશેષ ટકી રહ્યું હતું. બાદશાહી રાજ્યમાં હિંદુઓને મ્હોટા મ્હોટા ઓદ્ધા મળતા હતા. બાદશાહ દરેક રાજકીય કાર્યમાં ત્હેમની સલાહ લેતા હતા અને કેટલીક વખત પોતાન ખાનગી કામોમાં પણ તેમની સલાહ લઇ તે પ્રમાણે વર્તતા હતા અને હિંદુ અમલદારોને બાદશાહ પોતાને હાથે તલવાર સમર્પણ કરતા હતા. તે સમયે હિંદુઓ ઉપર એટલો બધો વિશ્વાસ હતો કે રાજ્યમાં હિંદુઓજ સર્વસ્વ થઇ પડયા હતા. તેમ છતાં તેઓએ પોતાની રાજભક્તિમાં તલ માત્ર પણ ખામી આણી નહોતી. જગત્‌માં વીરતાનોજ જય છે અને વીરતાનીજ કદર છે. શાહાનશાહ શાહજહાંએ પણ અમરસિંહ અને બલ્લુજી ચમ્પાવતની વીરતાની કદર કરી તેમને પોતાના રાજ્યમાં નોકરીએ રાખી લીધા.

૫

અમરસિંહની સ્વતંત્ર વર્તણુકથી અતિ પ્રસન્ન થઇ શાહજહાંએ તેમને પોતાની રાજસેનામાં રાવની પદવી આપી. તેને રાજનગરની પાસેનાં ૫૦૦ ગામનો ઉપરી અધિકારી બનાવ્યો અને ઘણા મુસલમાન તથા રાજપૂત સૈનિકોને તેમના તાબામાં સોંપ્યા. બલ્લુજી અમરસિંહના સુખ દુઃખનો સાથી થયો હતો. તેથી આ સમયે અમરસિંહે તેને પણ થોડીક જાગીર આપી અને પોતાના શરીર રક્ષકોનો સરદાર બનાવ્યો. ધન પ્રાપ્ત થતાંજ અમરસિંહ પુનઃ પ્રથમની પેઠે ઠાઠ માઠથી રહેવા લાગ્યો. તેને મૃગયા રમવાનો ઘણોજ શોખ હતો. મૃગયા રમવાને માટે તેણે કોણ જાણે કેટલાંએ બકરાં, મેંઢાં, વાઘ, ચિત્તા, અને સિંહ વગેરે પાળ્યાં હતાં ! પરંતુ મેંઢાંની

સંખ્યા ઘણી વધી જવાથી કેટલાંક મેંઢાં ગુમ થઈ ગયાં. એ જાણી તેમણે કોઇ રક્ષક શોધવાનું કામ બલ્લુજીને સોંપ્યું કે જેથી તે રક્ષક બધાં મેંઢાંની સંભાળ રાખે અને તેને ચરાવવા જંગલમાં લઇ જાય. જ્યારે કોઇ ગડરિયો મળ્યો નહિ. ત્યારે અમરસિંહે તે કામ થોડા દિવસને માટે બલ્લુજીને સોંપ્યું. બલ્લુજીએ અમરસિંહની આજ્ઞા સહર્ષ માન્ય કરી પણ તેમના મનમાં અતિશય ખેદ ઉત્પન્ન થયો, અને મનમાંજ બળવા લાગ્યા. તેણે કહ્યું: હું સૂર્યવંશી રાજપૂત થઇને ગડરિયાનું કામ કરૂં? હું રણભૂમિમાં સહર્ષ જવાને તૈયાર છું, પણ આવું નીચ કામ કદી પણ નહિ કરી શકીશ." બલ્લુજીએ પોતાના આ વિચારો અમરસિંહને પણ કહાવી મોકલ્યા. એ સમાચાર સાંભળતાંજ અમરસિંહે બલ્લુજીને બોલાવી મંગાવ્યો. અમરસિંહે તેને મિત્રભાવથીજ કહ્યું: જૂવો ચંપાવતજી, હમણાં દિલ્લીશ્વર સાથે સન્ધિ થવાથી યુદ્ધ થવાનું નથી. આપણા મેંઢાં કેટલાં બધાં ખોવાઇ ગયાં છે? તમે તે સર્વને જંગલમાં લઇ જઇ ચરાવી આવવાનું કામ કરશો તો આપણનેજ ફાયદો છે. હમણાં તમે એ કામ કરો, સમય મળતાંજ કોઇ સારી નોકરી આપીશ."

પણ બલ્લુજી જેનું નામ! જે યુવાવસ્થાથીજ નિડર હતો તેણે તરતજ અમરસિંહને ઉત્તર દીધો: "મહારાજ! આપના દુઃખમાં ભાગ લેવો એ મ્હારૂં કર્તવ્ય હતું, તે મ્હેં બજાવ્યું છે. આપ હમણાં શ્રીમંત થઇ ગયા છો, અને આપને જાગીરો પણ મળી ગઇ છે, એટલે હવે મ્હને રજા આપો. આપની પાસે રહેવાની હવે કંઇ અગત્ય નથી. ગડરીયાનું કામ કરવા હું આપની સાથે આવ્યો નથી. બસ, હું રજા લઉં છું. પ્રણામ." બલ્લુજીએ અમરસિંહને પ્રણામ કર્યા અને તરતજ દિલ્લી તરફ ચાલ્યો ગયો. તે દિલ્લીથી બીકાનેરના રાજા કર્ણસિંહ પાસે ગયો. રાજાએ બલ્લુજીને સહર્ષ આશ્રય આપ્યો અને કેટલીક જાગીર પણ આપી; પણ બીકાનેરના રાજદરબારી અમલદારો બલ્લુજીને માન–ઇનામ મળેલું જોઇ તેના પર ઇર્ષા કરવા લાગ્યા. આ જગતમાં ઇર્ષા કરનાર મનુષ્યો ના હોત તો તે ચીર કાલને માટે સ્વર્ગીય સુખનું ધામ થઇ પડત! સરદારોમાં પરસ્પર વાતો થવા લાગી કે: "બલ્લુજીમાં એવો કયો વિશેષ ગુણ છે. કે જેને લીધે મહારાજા એના ઉપર આ-

ટલા બધા પ્રસન્ન થઇ ગયા છે ?" વગેરે અનેક વાતો ચાલવા લાગી, સર્વેએ મળી નિશ્ચય કર્યો કેઃ "કોઇ પણ રીતે બલ્લુજીનો પગ આ રાજ્યમાંથી કાઢવો જોઇએ !" વિચાર થતાંની સાથે તેમને ઉપાય પણ મળી આવ્યો. એક દિવસ રાજાએ એક સુંદર ફળ બલ્લુજીને ભેટ મોકલ્યું. એક બનાવટી સરદારે બલ્લુજી પાસે જઇને કહ્યું કેઃ તમને જે ફળ ભેટ મળ્યું છે તે રાજાના ક્રોધનું ચિહ્ન છે. જ્યારે કોઇ રાજા પોતાના કોઈ નોકરને રાજ્ય બહાર કાઢી મૂકવા ચ્હાય છે ત્યારે તેઓ તેમને આવુંજ ફળ મોકલે છે, કારણ કે કોઇ રાજપૂતનું અપમાન કરી રાજ્યની નોકરીમાંથી રજા આપવી એ રાજપૂત સભ્યતાની વિરૂદ્ધ ગણાય છે. હું આપના સારાને માટેજ કહું છું કે ત્હમે ત્હમારૂં કુશળ ચ્હાતા હો તો હવે માનપૂર્વક આ રાજ્યમાંથી વિદાય થઇ જાઓ. રાજાએ ત્હમારે મ્હોડે કંઇ પણ કહેવું અનુચિત જાણીનેજ આ ફળ મોકલ્યું છે." બનાવટી સરદારે બલ્લુજીને ભંભેરણી-ચઢાવણી-કરી !

વીર બલ્લુજી ચમ્પાવત પણ એ ભંભેરણીને વશ થઇ ગયા. તેના મનમાં પણ એવીજ ખાત્રી થઇ કેઃ "રાજા આપણા પર અપ્રસન્નજ હશે!" તેમને અપ્રસન્ન થવાનું કારણ શું હશે તે જાણવાની બલ્લુજીએ દરકાર કરી નહિ ! ઘણાં મનુષ્યો વગર વિચારે કોઇ સ્વાર્થી મનુષ્યોના ચઢાવવાથી ચઢી જાય છે અને સાહસ કર્મ કરી બેસે છે, તેમજ પરસ્પર કુસંપનાં બીજ રોપી-કલહ વધારી મૂકે છે. પણ જો તેવાં ક્રોધી-ચઢાઉ મનુષ્યો જરા શાંત જીવે-ઉંડો વિચાર કરી જૂવે કિંવા એવી ચઢામણી સંબંધી પરસ્પર મળી તપાસ કરે તો તેમાં રહેલું સત્ય સત્વર સમજાઇ જાય. જગતમાં આવાં અનેક ઉદાહરણો નિત્ય જોવામાં-અનુભવવામાં-આવે છે. ચઢાઉ મનુષ્યો બીજાની ભંભેરણીને વશ થઇ એકનુંજ નહિ પણ અનેકનું અનિષ્ટ કરી બેસે છે, અને દૈવયોગે તેવી ભંભેરણી સંબંધી ખુલાસો થતાં સત્ય જણાઇ આવે છે, ત્યારે તેમને પોતાનાં સાહસ કર્મ માટે મહાન પસ્તાવો થાય છે! ક્રોધી મનુષ્યોએ અને કાચા કાનના-ઇર્ષાખોર મનુષ્યોએ બીજા-સ્વાર્થી-ઓની-ભંભેરણીને વશ થઇ કોઇનું પણ અનિષ્ટ કરતાં પહેલાં દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરવો એજ શ્રેયસ્કર છે, તેમ નહિ કરવામાં આવે તો તેનું અનિષ્ટ

પરિણામ પોતાનેજ ભોગવવું પડશે એમાં સંદેહ નથી.

બલ્લુજીએ બનાવટી સરદારની ભંભેરણીને વશ થઇ, કાંઇ પણ ઉંડી તપાસ કર્યા વિનાજ મહારાજા પર ગુસ્સે થઇ રાતો રાત બીકાનેરનો ત્યાગ કર્યો. બલ્લુજીના ચાલ્યા જવાની ખબર સાંભળી મહારાજાને ઘણો ખેદ થયો પણ શું કરે? તેઓ ગ્રામ ત્યાગ કરી ચાલ્યા ગયા હતા!

૬.

બલ્લુજી બીકાનેરથી ઉદયપુર ગયા. ત્યાંના મહારાણાને મળતાં તેઓએ ચમ્પાવતજીનો સારો સત્કાર કર્યો અને તેમની સ્વામીભક્તિ તથા વીરતાની પ્રશંસા કરી પોતાના રાજ્યમાં નોકરીએ રાખી લીધા. તેમને ઉચ્ચ પદવી તથા સારી જાગીરો આપી, પરંતુ દુર્ભાગ્યવશાત્ બલ્લુજીની પાછળ પડેલા કુટિલ દ્વેષરૂપી શનિશ્ચરે અહિં પણ પીછો છોડયો નહિ. આ રાજ્યના સરદારોએ પણ તેમને રાજ્યમાંથી કઢાવવાની યુક્તિ રચી. યુક્તિ સત્વર પાર પડી. એક દિવસ રાણાજી જંગલી જાનવરોનું યુદ્ધ જોતા હતા. એ સમયે સરદારોએ બલ્લુજીની નિન્દા કરતાં કહ્યું કે: મહારાણાજી! યુદ્ધ રમવા માટે બલ્લુજીને ઘણો અહંકાર છે. તેઓ કહે છે કે હું વીરતાપૂર્વક યુદ્ધ કરી શકું છું એટલુંજ નહિ પણ ઢાલ લીધા વગર માત્ર એકલી તલવારથીજ સિંહ સાથે પણ યુદ્ધ કરી શકું છું! મહારાજ! બલ્લુજીની એ બડાશ માટે તેમની પરીક્ષા લેવી જોઇએ."

રાણાજીએ કહ્યું: શું એ સત્ય કહો છો? જો એમજ હોય તો આપણે તેમની વીરતા જોઇએ. રાજપૂતોનાં પરાક્રમ એવાં હોય એમાં આશ્ચર્ય શું? કોઇ દિવસ એમની પરીક્ષા કરીશું."

રાણાજીના વિચારો સાંભળી સરદારોને પણ હર્ષ થયો અને એક દિવસ બલ્લુજીનો ઘાટ ઘડવાનો નિશ્ચય કર્યો. એક દિવસ લાગ જોઇને તેઓએ બલ્લુજીને કહાવી મોકલ્યું કે: "રાણાજી આપનું સિંહ-યુદ્ધ જોવા ચ્હાય છે." એ સાંભળી બલ્લુજીએ પણ અભિમાન સાથેજ ઉત્તર દીધો કે: હા, હું તૈયારજ છું. રાજપૂતો સિંહ સાથે યુદ્ધ કરવામાં બ્હીતા નથી!

બલ્લુજીએ તત્ક્ષણ ખીંટી ઉપર લટકતી તલવાર ઉતારી લીધી અને

તેજ દૂત સાથે રાણાજી પાસે ગયા. સર્વે સરદારો સહિત રાણાજી જંગલમાં ગયા. બલ્લુજીએ મહારાણાને કહ્યું: " મહારાજ! સિંહ કયાં છે ? "

ચમ્પાવતજીના હિમ્મત ભરેલા આ શબ્દો સાંભળતાંજ અન્ય સરદારો તો વૃક્ષ ઉપર ચઢી ગયા. બલ્લુજી વિકાળ મૂર્તિ ધારણ કરી વૃક્ષ નીચે એકલાજ સિંહના આગમનની વાટ જોતા ઉભા હતા. જંગલમાંથી સિંહને બહાર હાંકી લાવનાર મનુષ્યો ઝાડીઓ તરફ ગયાં અને ઢોલ, ભેરી જેવાં વાજીંત્રો વગાડી સિંહને બહાર કાઢવાની તજવીજ કરવા લાગ્યા. એક સિંહ એક ઝાડીમાંથી નિકળી મેદાનમાં બલ્લુજીના સ્હામું આવતો જણાયો. બલ્લુજી પણ સિંહની વાટજ જોતા ઉભા હતા. સિંહને જોઇ તેઓ ખુશી થયા. તલવાર મ્યાનમાંથી બહાર કાઢી બોલ્યા: "આવ! જંગલના રાજા આવ! તું જંગલનો રાજા છે તો હું ક્ષત્રિય પુત્ર છું. યુદ્ધ કરવું એ તો મ્હારો ધર્મજ છે! આવ! ત્હારામાં શક્તિ હોય તો મ્હારા પર હુમલો કર." સિંહે બળપૂર્વક બલ્લુજી પર હુમલો કર્યો. બલ્લુજી ચપળતાથી એક બાજુ પર ખસી ગયા અને તલવાર વડે સિંહને એક એવો ઘા માર્યો કે ત્હેનું માથું ધડથી છૂટું પડી ગયું! બલ્લુજી એક બાજુ પર ઉભા ઉભા બીજા સિંહની વાટ જોતા હતા. ત્હેમની એવી અસાધારણ વીરતા જોઈ રાણાજી આત વિસ્મિત થયા અને ત્હેમની બહાદુરી ઉપર મોહ પામી કહ્યું: "ચમ્પાવતજી! ધન્ય છે ત્હમારી વીરતાને! ત્હમે ક્ષત્રિયનું નામ દિપાવ્યું છે! ત્હમે આજે ખરી રણવિદ્યા બતાવી આપી છે. ખરો ક્ષત્રિય બચ્ચો સિંહથી પણ ડરતો નથી એ કહેવત આજ ત્હમે સિદ્ધ કરી આપી છે. આજથી ત્હમને હું એક મ્હોટી જાગીર આપું છું." આ સાંભળી સર્વે સરદારો વિચારમાં પડી ગયા. તેઓ ચમ્પાવતજીની યુદ્ધકળા જોઇને ચકિત થયા હતા પણ જ્યારે ત્હેમને જાગીર મળી ત્યારે તેઓને વિશેષ ઇર્ષા થઇ. બલ્લુજીએ જાણી લીધું કે: "આજનો બનાવ સરદારોનેજ આભારી છે. તેઓની જ કોશિષથી આ સિંહયુદ્ધ થવા પામ્યું છે. મહારાણાને પણ તેઓએજ ઉશ્કેર્યા છે." બલ્લુજીના ક્રોધની સીમા ન રહી. ત્હેમણે રાણાજીને કહ્યું: મહારાજ! આપ જેવા પણ જ્યારે પ્રપંચ જાળમાં ફસી પડે ત્યારે સાધારણ મનુષ્યનું

તો કહેવુંજ શું ? આવી વીરતા અને સાહસથી શો લાભ ? આ યુદ્ધમાં મ્હારી સહજ પણ સરતચુક થઇ હોત તો મ્હારા પ્રાણ જાત ! એ શિવાય બીજું મ્હને શું મળત ! મહારાજ ! આ યુદ્ધથી આપને શો લાભ થયો ? આવી રમતો તો જંગલી રાજાઓને માટે છે કે જેઓ રાજપૂત બચ્ચાનું જીવન એક મરઘીના જેવું સમજે છે ! આપ તો આર્ય પુત્ર છો. આપે મ્હારા જીવન પ્રત્યે વિશેષ કાળજી રાખવી જોઇએ. અમારા જેવા રાજપૂતોનું જીવન આપની સ્વાધીનતાને માટે, આર્યધર્મને માટે, આપના રાજ્યને માટે અને જનનિ જન્મભૂમિને માટે છે. મહારાજ ! રાજપૂતોના જીવનને આવાં વ્યર્થ યુદ્ધોમાં વ્યય કરવું ઉચિત નથી પણ શત્રુઓ સાથે સમરભૂમિમાં વ્યય કરવું ઉચિત છે.”

રાણાજીએ વીર બલ્લુજીના કથન તરફ વિશેષ લક્ષ્ય આપ્યું નહિ. ત્હેમણે જાણ્યું કેઃ બલ્લુજી આત્મશ્લાઘા કરે છે, તેથી તેઓ ચુપ રહ્યા અને ઉત્તર દીધો નહિ. રાણાજીએ કંઇ ઉત્તર આપ્યો નહિ તેથી બલ્લુજીને ઘણો ગુસ્સો ચઢયો. તે એમ સમજ્યા કે રાણાજી મ્હારા ઉપર ગુસ્સે થયા છે. બસ ! હવે બલ્લુજીને એ રાજ્યમાંથી વિદેશ જવાનીજ ઇચ્છા થઇ. બીજે દિવસે બલ્લુજી દિલ્લી તરફ ચાલ્યા ગયા. દિલ્લીશ્વરે પુનઃ બલ્લુજીને પોતાની નોકરીમાં રાખી લીધા અને પાંચસો ઘોડેશ્વારના સરદાર બનાવ્યા. બલ્લુજી દિલ્લીમાં નિવાસ કરવા લાગ્યા. બલ્લુજીએ રાણાજીની નોકરી છોડી દિલ્લી પ્રયાણ કરવા માંડયું તે વખતે રાણાજીએ ત્હેને કંઇ કહ્યું નહોતું પરંતુ ત્હેમના ગયા પછી રાણાજીને ઘણું દુઃખ થયું.

એક દિવસ રાણાજી પાસે એક ઘોડાનો વ્યાપારી ઘોડા વેચવા આવ્યો. તેની પાસે એક ઘોડો ઘણો સુંદર હતો, તેથી રાણાએ તે ખરીદી લીધો. રાણાજીએ પોતાના સરદારોને પુછયું કેઃ આ ઘોડો ક્યા સરદારને લાયક છે ? સરદારોમાંથી કોઇએ કોઇનું નામ લીધું અને કોઇએ કોઇનું નામ લીધું. પણ અંતે મહારાણાએ કહ્યું કેઃ “ નહિ, નહિઃ એના ઉપર વીર બલ્લુજી સ્વાર થવા યોગ્ય છે. અન્ય કોઇ સરદાર એના પર બેસવા લાયક નથી. ” એટલું કહીને રાણાજીએ તે ઘોડો પોતાના એક સિપાહી સાથે

વીર બલ્લુજી પાસે દિલ્હી મોકલી દીધો. વીર પુરૂષોની આવી રીતે કદર થતી એ આ જમાનામાં તો દુર્લભ્ય થઇ પડયું છે.

૭

આગ્રામાં કંઇ જાુદોજ બનાવ બન્યો છે. બીકાનેરના મહારાજા અને અમરસિંહ વચ્ચે રાજ્યની હદ બાબત ઝગડો ઉઠયો. બન્નેએ દિલ્હીશ્વર ઉપર પત્ર લખ્યો કે " રાજ્યની હદ બાબત જે તકરાર ઉભી થઇ છે તેનો નિકાલ કરવા માટે યોગ્ય બંદોબસ્ત કરવો." આ તકરારનો નિર્ણય કરવા માટે શાહજહાંએ સલાબતખાંને ન્યાયાધીશ નિમ્યો. સલાબતખાંએ બન્ને પક્ષ તરફની સર્વ તકરાર સાંભળી લઇ બીકાનેરના મહારાજાની તરફેણમાં ન્યાય આપ્યો, અને અમરસિંહને કંઇક દણ્ડ કર્યો. એક દિવસ સલાબત-ખાંએ અમરસિંહને યાદ દેવડાવ્યું કેઃ "ત્હમે હજુ સુધી દણ્ડ ભર્યો નથી." આ અપમાનથી અમરસિંહનો ક્રોધ ભારે ઉશ્કેરાઈ ગયો, અને દરબારમાં શાહજહાંના સ્હામુંજ કહ્યું કેઃ " હું ઢાલ અને તલવારથી દણ્ડ પૂરો કરી આપીશ." આ ઉત્તર સાંભળી સલાબતખાંને પણ ગુસ્સો ચઢયો. તેણે પણ કહ્યુંઃ " રાજાજી ! ગુસ્સો કરવાનું શું પ્રયોજન છે ? ત્હમારે દણ્ડ આપવોજ પડશે. " આ શબ્દો અમરસિંહથી સહન થયા નહિ. તેનો ક્રોધાગ્નિ ભડકી ઉઠયો. તેમણે તરતજ કમ્મરે લટકતી તલવાર મ્યાનમાંથી બહાર કાઢી બકરા ઉપર વાઘ ટૂટી પડે તેમ સલાબતખાં ઉપર તેઓ ટૂટી પડયા. સલાબતખાં અમરસિંહની તલવાર રોકી શકયો નહિ. ક્ષણ વારમાં સલાબ-તખાંનું ગળું ધડથી જાૂદું પડી ગયું ! સલાબતખાં ખુદાની હજુરમાં ગયો !

સલાબતખાંને મરણ પામેલો જોઇ શાહજહાંને ઘણો ક્રોધ ચઢયો. બાદશાહે અમરસિંહને ઘણો ધિક્કાર આપ્યો. અમરસિંહે શાહજહાં પણ તલવારનો ઘા કર્યો, પરંતુ તે બાદશાહને નહિ વાગતાં બાજુના એક થાંભલામાં ઘા લાગ્યો. બાદશાહના અંગરક્ષકો ભૂખ્યા વાઘની પેઠે અમર-સિંહ ઉપર ટૂટી પડયા. એ જોઈ અમરસિંહ જરા પણ ગભરાયો નહિ પણ હિમ્મતથી તેમની તલવારોના ઘા ચૂકવવા લાગ્યો. વિજળી પેઠે ચમકારા મારતી અમરસિંહની તલવારે બાદશાહના આઠ દશ અંગરક્ષકો-

ને કાપી નાખ્યા અને તે કિલ્લાના દરવાજા તરફ ચાલ્યો ગયો. ત્યાં પોતાના અંગરક્ષકો જોયા, પરંતુ એ સ્થળે પણ તેને ઇર્ષાએ ઘેર્યો. બાદશાહને ખુશી રાખવા માટે અમરસિંહના સાળા અર્જુનસિંહે અમરસિંહને વિશ્વાસઘાત કર્યો ! કિલ્લાના દરવાજામાંથી અમરસિંહે પોતાના અંગરક્ષકોને બુમ પાડી તેજ ક્ષણે અર્જુનસિંહે અમરસિંહ ઉપર તલવારનો ઘા માર્યો અને તેના બે ટુકડા કરી નાંખ્યા ! હાય લોભ ! તુ મનુષ્યને પિશાચ બનાવી દે છે ! તું જેને ત્હારે વશ કરી લે છે તેને પોતાનું, પારકું, સ્વદેશ, વિદેશ આદિ કોઇ વસ્તુનું જ્ઞાન રહેતું નથી ! ક્ષુદ્ર લોભને ખાતરજ મ્હોટાં મ્હોટાં રાજ્ય રસાતળ ગયાં છે ! માન ગૌરવવાળી પવિત્ર ભૂમિ અપવિત્ર થવા પામી છે ! અને દુષ્ટ લોભને લીધે મ્હોટા મ્હોટા વીર યોદ્ધાઓને તુચ્છ મનુષ્યોને હાથે પોતાના પ્રાણ ગુમાવવા પડયા છે ! એજ અધમ લોભને ખાતર મહાન દાનેશ્વરી રાજાઓને દયાજનક સ્થિતિ ભોગવવી પડી છે ! ઓ દુષ્ટ લોભ ! ત્હારે લીધે કેટલા અનર્થ થયા છે તેની ગણત્રી ક્યાં છે ? ત્હારે લીધેજ મનુષ્યો દેશભક્તિ, રાજભક્તિ ભૂલ્યા છે ! ત્હારે લીધેજ વીર પુરૂષો બાયલા બની પારકાના દાસ બન્યા છે અને ત્હારે લીધેજ તેમણે પોતાનાં સામ્રાજ્યો પારકાના હાથમાં સોંપાવ્યાં છે ! ! અરે પાપી લોભ ! ત્હારે લીધેજ આનંદ ભોગવતા પિતા–પુત્ર વચ્ચે અને ભાઇઓ ભાઇ વચ્ચે કલહના કાંટા રોપાયા છે અને ત્હારે લીધેજ પતિવ્રતા નારીઓને અપવિત્ર થવું પડયું છે ! ઓ લોભી મનુષ્યો ! ત્હમારા લોભને ખાતર કેટલા રાજાઓ, કેટલાં રાજ્યો અને કેટલાં કુટુંબો રસાતાળ ગયાં છે ત્હેનો એક વખત વિચાર કરો ! તોજ તમને "લોભ એ પાપનું મૂળ" છે એમ સ્પષ્ટ સમજાશે. ક્ષુદ્ર માન મેળવવાના લોભને ખાતર અર્જુનસિંહે પોતાના પૂજ્ય બનેવીનું ખુન કર્યું ! આવા દુષ્ટ લોભીઓને માટે આ લોકના રાજાઓ ગમે તેટલું માન આપે પણ જગતના સર્વ રાજાઓનો પણ રાજા–મહારાજા, પરમેશ્વર તેમને ભયંકર નરકની શિક્ષા કરશે એમ અમારૂં માનવું છે.

અર્જુનસિંહે અમરસિંહની અજાણમાં તેને તલવાર મારી ત્હેના બે કટકા કરી નાંખ્યા અને પછી તે હસતે ચ્હેરે બાદશાહ શાહજહાં પાસે ગયો.

બાદશાહે ત્હેને ઘણું માન આપ્યું અને મ્હોટું ઇનામ આપ્યું. પોતાના પાંચ સારા અંગરક્ષકોના સ્વર્ગવાસથી બાદશાહને અમરસિંહ ઉપર ઘણો ક્રોધ ચડયો હતો. તેથી તેમણે આજ્ઞા કરી કે: "અમરસિંહનું મુડદું કિલ્લાના દરવાજાની વચમાંજ પડયું રહેવા દેવું. તેને કોઇએ અગ્નિદાહ દેવો નહિ. ત્હેના શરીરને ગીધ અને કાગડા કૂતરાં ખાઇ તૃપ્ત થાય એવી વ્યવસ્થા કરવી! મ્હારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે ત્હેને પ્રાણદણ્ડની શિક્ષા થશે!"

૮

બાદશાહની એ આજ્ઞાના સમાચાર અમરસિંહની હાડી રાણી પાસે પહોંચ્યા. રાણીએ પોતાની પાસેના મુખ્ય સરદાર ભાણુજી ચમ્પાવતને કહાવી મોકલ્યું કે: વીર ભાણુજી! શાહજહાંએ મ્હારા પતિને મારી નંખાવી તેમનું મુડદું કિલ્લાના દ્વાર આગળ રખડતું મુકાવ્યું છે! શાહે આજ્ઞા કરી છે કે તેમના મુડદાને કોઇ બાળી શકે નહિ! આજ્ઞા ભંગ કરનારને પ્રાણ દણ્ડની શિક્ષા થશે. તેમનાં મુડદાને ગીધ, કાગડા ખાય છે! જો આપ કોઇ પણ રીતે મ્હારા પતિનું શબ મ્હને લાવી આપો તો હું આપનો ઘણો ઉપકાર માનીશ. સતી થવાની મ્હને પ્રબળ ઇચ્છા છે. આપ વીર પુરૂષ છો તેથી આપને પ્રાર્થના કરી છે." આ સમાચાર સાંભળતાંજ વીર ભાણુજીનું ક્ષત્રિય લોહી શરીરમાં સર્વત્ર ઉછળી ઉઠયું! ક્રોધને લીધે નેત્રો લાલચોળ થઇ ગયાં, તેના બાહુ ફરકી ઉઠયા અને ઝટ ખીંટીએ લટકતી તલવાર ખેંચી લીધી! તરતજ પાંચસો વીર રાજપૂતોને લઇ વીર ભાણુજીએ અમરસિંહનું શબ લાવવા પ્રયાણ કર્યું. વીર ભાણુજી જાણતો હતો કે: આગ્રાનો કિલ્લો વિકટ અને મજબૂત છે. એ કિલ્લાપર ચઢાઇ કરવી એ કંઇ સામાન્ય વાત નથી; તેથી તેણે પોતાની સહાયતામાં વીર બલ્લુજી ચમ્પાવતને બોલાવવા દૂત સાથે પત્ર મોકલ્યો. પત્રમાં વીર ભાણુજીએ જે લખ્યું હતું તે (મિસિસ એનીબિસેન્ટે સેન્ટ્રલ હિંદુ કૉલેજ મૅગેઝીન)માં લખ્યું હતું કે: "વીર રાજપૂત! જે અમરસિંહે સત્યને માટે પોતાના પ્રાણને તૃણવત્ ગણ્યો છે તે મહાન વીર પુરૂષના મૃતક શરીરને બાદશાહે કઠોર આજ્ઞા ફરમાવી અગ્નિ સંસ્કાર કરવા દીધા નથી! તેમજ તેમનું મુડદું ગીધ, કાગડા,

કૂતરાંનો આહાર થઇ પડયું છે! જ્યારે ઇશ્વરે ત્હમને અને અમને આ પૃથ્વી ઉપર જીવતા રાખ્યા છે ત્યારે એ સમાચાર શું આપણે માટે મહાન કલંક સમાન નથી? આપણાં પ્રતાપશાલિની હાડી રાણીજી સતી થવા અને સ્વર્ગમાં પોતાના પૂજ્ય પતિનાં દર્શન કરવાની વાટ જોઇ રહ્યાં છે! હું એકલો છું તેથી ત્હમારી સહાયતા માગું છું, જે માટે ક્ષમા કરશો. સાચા ક્ષત્રિય હો તો તમારો ધર્મ બજાવશો."

દૂત એક ચપળ અશ્વ પર સ્વાર થઇ બલ્લુજી પાસે પહોંચ્યો. બલ્લુજીએ પત્ર વાંચતાંજ પોતાના સેનાપતિયોને તૈયાર થવાની આજ્ઞા ફરમાવી. આજ્ઞા મળતાંજ સર્વ રણવીરો રણક્ષેત્રમાં ઘૂમવા–ઝઝૂમવા–તૈયાર થઇ ગયા. થોડી વારમાં સર્વ સેનાપતિયો પોતપોતાનું સૈન્ય લઇને મેદાનમાં ભેગા થયા. વીર બલ્લુજી પણ ઇષ્ટદેવને પ્રણામ કરી, મસ્તક ઉપર દહીં–ચોખા ચોંઢી ઢાલ તલવાર ઉપાડી મેદાનમાં આવી પહોંચ્યા. તેમણે સર્વને કુચ કરવાની આજ્ઞા આપી. બસ, પછી પૂછવુંજ શું? આજ્ઞા મળતાંજ સર્વ વીર યોદ્ધા તલવાર ચમકાવતા ઘોડે સ્વાર થઇ ગયા. તેઓ થોડેક ગયા એટલામાં મહારાજ કર્ણસિંહનો એક દૂત એક ચપળ અશ્વ લઇને આવી પહોંચ્યો. તેણે બલ્લુજીને અશ્વ અર્પણ કરતાં કહ્યું: "વીર બલ્લુજી! વીર શિરોમણિ રઘુકુલ મહારાજ કર્ણસિંહે આ અશ્વ આપને ભેટ મોકલ્યો છે." બલ્લુજીએ દૂત પાસેથી અશ્વ અને પત્ર બન્ને લીધાં. પત્ર વાંચતાં પ્રથમ તો બલ્લુજી સ્થિર થઇ રહ્યા, પરંતુ ક્ષણવાર પછી રાણાના ઘોડાની લગામ પકડી તે પર સ્વાર થયા. તેમણે દૂતને કહ્યું: "તમે જૂવો છો કે હમણાં હું યુદ્ધમાં જાઉં છું. તેથી રાણાજીની ભેટ માટે હમણાં ઉપકાર પત્ર લખી શકતો નથી. પરંતુ તમે રાણાજીને કહેજો કે ત્હમારી ભેટ મ્હેં હર્ષપૂર્વક સ્વિકારી છે. દુર્ભાગ્યવશાત્ મુસલમાનો ત્હમારા ઉપર ચઢી આવશે તો મ્હારી તલવારની પ્રતિજ્ઞા લઇને કહું છું કે: હું આપની સહાયતા કરીશ. રાણાજીનો ઘણો ઉપકાર થયો છે. હું ત્હેમને ખાતર રણક્ષેત્રમાં પ્રાણત્યાગ કરીશ ત્યારેજ આ ઉપકારનો બદલો વળ્યો માનીશ." રાણાના દૂતને વિદાય કર્યા પછી બલ્લુજીએ પોતાના સૈનિકોને ઉદ્દેશીને કહ્યું:–"વીર રાજપૂતો! આજે આ-

પણે આપણા એક સ્વદેશી વીર રાજકુમારના માન–ગૌરવનું રક્ષણ કરવા જઇએ છીએ. તેમ કરતાં આપણે જાણે યમરાજની ભયંકર ગુફામાંજ પદાર્પણ કરીએ છીએ! પરંતુ ત્હમે સર્વે વીર ક્ષત્રિય છો. વીર જનેતાનાં વીર દુધડાં પીને મસ્ત થયા છો. ત્હમે રણ રંગનેજ ચ્હાનારા વીરબાહુ છો. ત્હમે સુભટો છો. ત્હમે જનાનખાનાની કોમળ શય્યાઓમાં શયન કરવા કરતાં તિક્ષ્ણ ધનુષ્ય બાણનો માર ખાઈ રણભૂમિની ઉત્તમ શય્યાપર શયન કરવામાં મહાન આનંદ માનો છો! એજ ખરો ક્ષાત્રધર્મ છે, અને એજ ક્ષાત્રધર્મને પ્રતાપે મેવાડનો ટેક અવટંક રહ્યો છે. વીર સૈનિકો! આપણે જે મહાન પવિત્ર કાર્યને માટે આગળ ધસીએ છીએ ત્હેમાં આપણને સખ્ત રીતે વીરત્વ બતાવવું પડશે. શાહજહાંની વિશાળ સેના સાથે યુદ્ધ કરવું પડશે. તેઓને પરાજિત કરવાનું કાર્ય ઘણું મુશ્કીલ છે, તેમ છતાં ક્ષત્રિય રાજકુમાર અમરસિંહના મૃતક શરીરને લઇ આવવાનું કાર્ય આપણી તિક્ષ્ણ તલવારોની શક્તિવડે અવશ્ય બને એવું છે! બહાદુરો! ધારીએ તો આપણે મુઠ્ઠીભર વીર ક્ષત્રિયો, સમુદ્ર જેટલા દુશ્મન–સૈન્યને મારી હઠાવીએ! પરંતુ ત્હમારા હૃદયમાં ત્હમારા જાતિય બંધુનું માન હોવું જોઇએ. ત્હમને ત્હમારા દેશ પ્રત્યે અભિમાન હોવું જોઇએ, અને ગમે તે યત્ને પણ જાતિય–માન જાળવવાનો ત્હમારે દ્રઢ સંકલ્પ કરવો જોઇએ. આપણે ગૌરવ સહિત આપણું કર્ત્તવ્ય બજાવવું જોઇએ. આપણી પવિત્ર અબળાઓના સતીત્વનું રક્ષણ કરવા માટેજ ભારતવર્ષમાં આપણો–ક્ષત્રિયોનો–જન્મ થયો છે. રંગમહેલોમાં નાના પ્રકારની શૃંગારિક રમતો કરવાને કે મિષ્ટાન્નો ઉડાવી મોજમઝા કરવા માટેજ માત્ર આપણો જન્મ નથી! આપણે માટે તો રણભૂમિમાં બાણશય્યા તૈયારજ હોવી જોઇએ. ક્ષણે ક્ષણે માતૃભૂમિનું અને જાતિબંધુનું માન જાળવવાને આપણી તલવારોની તિક્ષ્ણ ધાર તૈયારજ હોવી જોઇએ. બંધુઓ! આપણું જાતિય માન જાળવવાને આપણાં શરીર પણ વજ્ર સમાન હોવાં જોઇએ. આપણે જાણીએ છીએ કે અમરસિંહનું શબ લાવવામાં શાહજહાંની વિશાળ સેના સાથે યુદ્ધ કરીને મરવું પડશે. પરંતુ ઓ વીર પુરૂષો! કર્ત્તવ્ય બજાવતાં બજાવતાં મરણ થાય તો તેને માટે આપણે મહાન આનંદજ માનવો

જોઇએ! અને એવા મૃત્યુને સાધારણ મૃત્યુ કરતાં સહસ્ત્રગણું શ્રેષ્ઠજ માનવું જોઇએ! એવાં શ્રેષ્ઠ મૃત્યુ જેના ભાગ્યમાં હોય છે તેનેજ પ્રાપ્ત થાય છે! વીર બંધુઓ! આપણે આજે એવાજ મહાન પવિત્ર મૃત્યુને આલિંગન દેવા જઇએ છીએ! ચાલો! આવો! આપણે આપણી તલવારોની પ્રતિજ્ઞા લઇએ કેઃ "જ્યાં સુધી અમે અમરસિંહનું શબ ના લાવીએ ત્યાં સુધી રણક્ષેત્રમાંથી અમે પાછા ફરીશું નહિ. ત્યાં સુધી અમે જગતને અમારૂં મુખ દેખાડીશું નહિ!"

૯

બલ્લુજીનાં એ શૂર વાક્યો સાંભળી પ્રત્યેક રાજપૂત સૈનિકને નવો જુસ્સો ચઢયો. તેઓએ ખોંખારો મારી પ્રતિજ્ઞા કરી કેઃ "અમરસિંહના શબને લીધા વગર અમે પાછા ફરીશું નહિ." સર્વ એકલિંગ ભગવાનની જય બોલાવતા આગળ વધ્યા. બલ્લુજી ભાણુજીની છાવણીમાં ગયા. ભાણુજીએ તેમનો આદરસત્કાર કરી કહ્યું: "બલ્લુજી! આ સમયે બે કાર્ય અવસ્ય થવાં જોઇએ. પ્રથમ તો અમરસિંહનું મુડદું કોઈ પણ યત્ને આગ્રેથી લાવવું જોઇએ, અને બીજું હાડી રાણીને સતી થવા માટે ચિતા તૈયાર રાખવી જોઇએ." બલ્લુજી અને ભાણુજી વચ્ચે થોડો વખત કાંઇક વાત-ચિત થઇ, ત્યાર પછી બલ્લુજી પોતાના સૈન્યસહિત આગ્રા તરફ કુચ કરી ગયા. જતી વખતે ભાણુજીએ કહ્યું: "બલ્લુજી! તમે રણમાં દક્ષ અને નિપૂણ છો, તેથી અમરસિંહનું મૃતક–શરીર નાગોર–રાજ્યમાં લાવજો. ત્હમેજ એ કાર્યમાં ફળિભૂત થઇ શકશો. ત્હમે ત્યાં મૃતક શરીર લાવો અને હું ત્યાં ચિતા તૈયાર રાખીશ." બલ્લુજીએ ભાણુજીના વિચાર પ્રમાણે કાર્ય કરવાનુ વચન આપ્યું, અને પોતાની પાસેના એક હજાર રાજપૂત યોદ્ધામાંથી પાંચસો ભાણુજી પાસે રાખી પોતે પાંચસો યોદ્ધાને લઇ આગ્રા તરફ પ્રયાણ કર્યું. કિલ્લા આગળ પહોંચતાંજ તેઓએ કિલ્લાનાં દ્વાર ઉપર સખ્ત હુમલો કર્યો અને ત્યાં આગળના સિપાહીઓને કાપી કિલ્લાનાં દ્વાર તોડી નાં-ખ્યાં! દ્વાર તૂટતાંજ સર્વ રાજપૂત યોદ્ધા કિલ્લામાં પેઠા. બલ્લુજીએ એકાએક જોયું કેઃ એક ઠેકાણે અમરસિંહનું શરીર અતિ શોચનીય દશામાં રખડતું પડયું છે! ગીધ અને કાગડા તેમાંથી ભક્ષ મેળવે છે! એ

દેખાવ જોઇ બલ્લુજીનું ક્ષાત્ર લોહી ઉકળી ગયું! ક્રોધ ભરેલાં લાલ નેત્રોમાંથી અગ્નિ વર્ષવા લાગ્યો. હ્હેમણે અમરસિંહના શરીરને ઉપાડી ઘોડા ઉપર મૂકી વિજળીને વેગે કિલ્લામાંથી બહાર નિકળી નાગોર તરફ પ્રયાણ કર્યું. બલ્લુજીએ બસો સૈનિકોને કિલ્લાના દ્વાર આગળ જ રહેવા દીધા કે જેથી તેઓ શાહજહાંના લશ્કરને રોકી શકે! બલ્લુજી ભાણુજી પાસે જઇ પહોંચ્યા. શાહજહાંને પણ એ બાબતના સમાચાર મળ્યા. ભાણુજીએ ચિતા તૈયાર જ કરાવી હતી. માત્ર મૃતક–શરીર આવવાનીજ વાટ જોવાતી હતી. શબ આવતાંજ સતીને માટે જોઇતી સામગ્રી તૈયાર કરવા માંડી. પતિવ્રતા હાડીરાણીએ પોતાના પ્રાણાધાર સ્વામી અમરસિંહનું મૃતક–શરીર આવી પહોંચતાંજ ચિતામાં પ્રવેશ કર્યો. આસપાસ વાજીંત્રોની ગગનભેદી ગર્જના થવા લાગી. બીજી તરફ પ્રેક્ષક મંડળી "સતી માતાકી જય"ના પોકાર કરવા લાગી. બ્રાહ્મણો શાસ્ત્રના મંત્રો બોલી સતી માતાને ઘી, જવ, તલની આહુતિ આપવા લાગ્યા. ચિતાના અગ્નિનો ધુમાડો દૂર દેશ પર્યંત પહોંચી એક પતિવ્રતા ક્ષત્રાણીના સતી થવાના સમાચાર પહોંચાડવા લાગ્યો. સતી માતા સર્વને આશિર્વાદ દેતાં ભસ્મ થઈ ગયાં!

બલ્લુજી પુનઃ પોતાના સૈનીકોને જઇ મળ્યા. કિલ્લાના દ્વાર પર રાજપૂત અને મુસલમાનો વચ્ચે હૃદય વિદારક યુદ્ધ થયું. ભૂખ્યા વાઘની પેઠે ઉછળી ઉછળીને રાજપૂતો, પોતાની તલવાર વડે મુસલમાન સિપાહીઓને ચીરવા લાગ્યા! શૂરા મુસલમાન સિપાહીઓ પણ ઝનુનમાં આવી રાજપૂત સિપાહીઓને ઘાસ પેઠે કાપવા લાગ્યા! બન્ને પક્ષ વચ્ચે ઘનઘોર યુદ્ધ થયું. જોતજોતામાં રણભૂમિએ અતિ હૃદય વિદારક ભયંકર રૂપ ધારણ કર્યું! કિલ્લાની અંદર અને બહાર મ્હોટો કોલાહલ મચી રહ્યો. તલવાર અને બરછીના આઘાતથી બન્ને પક્ષમાં હાહાકાર મચી રહ્યો. જોકે રાજપૂતો થોડા હતા તેમ છતાં અમરસિંહને માટે મરવામાંજ પોતાનું પરમ કર્ત્તવ્ય માનતા હતા, તેથીજ તેઓ અતિ વીરતાપૂર્વક યુદ્ધ કરતા હતા! પોતાના એક દેશી રાજકુમારના શબને અપમાન થતું જોઇ તેમની નસેનસમાં રાજપૂત લોહી ઉછળી રહ્યું હતું. તેઓ "મારવું કે મરવું" એજ મંત્ર જપી રહ્યા હતા.

તેઓ ભાડુતી લડવૈયા નહોતા કે માત્ર પગારને ખાતર લડતા નહોતા. તેઓ તો **લડવાને ખાતરજ લડતા** હતા. લડવું એજ ધર્મ એમ સમજીને લડતા હતા. પોતાના એક-લોહીને ખાતરજ લડતા હતા. પોતાના હૃદયની ઉંડી લાગણીને ખાતરજ લડતા હતા. તેથી પાંચસો મોગલ સિપાહીઓને કાપી નાંખવા છતાં અંતે સર્વ રાજપૂતો કપાઇ મુઆ ! મોગલોની વિશાળ સેના આગળ મુઠ્ઠીભર રાજપૂતોનું શું જોર ? શાહજહાંએ અમરસિંહની ચિતા વિખેરી નાંખવા મુસલમાન સેના મોકલી. તેઓ ત્યાં ગયા અને ભાણુજી ઉપર ટૂટી પડયા ! રાજપૂતોમાંથી એક પણ બચ્યો નહોતો, કે જે ભાણુજીને મુસલમાન લશ્કરના આવવાની ખબર આપે. થોડા સમયમાંજ મુસલમાન સેના ચિતા નજીક આવી પહોંચી. એ જોઇ ભાણુજી ઘણો ગભરાયો. શબ દાહ સંબંધી અરધી ક્રિયા હજુ બાકી હતી. વીર બલ્લુજીએ આ સમયે ધૈર્ય ધારણ કરી ભાણુજીને કહ્યું: "તમે નિશ્ચિંત જીવે ક્રિયા કર્મ કરો. હું થોડુંક લશ્કર લઇ યવનોને રોકું છું." બલ્લુજીએ તરતજ નગારૂં વગડાવ્યું. એ સાંભળી રાજપૂત યોદ્ધા ત્યાં આવી પહોંચ્યા. બલ્લુજીએ ત્હેમને ચિતાની આસપાસ ઉભા રહેવાનું ફરમાવ્યું. આજ્ઞા મળતાંજ રાજપૂત વીર સૈનિકો મ્યાનમાંથી તલવાર બહાર કહાડી ચિતાની આસપાસ ઉભા રહ્યા. મુસલમાનો તેઓના એક વિભાગ ઉપર ટૂટી પડયા. રાજપૂત વીરોએ પ્રાણની માયા છોડી દઇ ચિતા વિધ્વંસ કરનાર મુસલમાન સિપાહીઓ ઉપર હુમલો કર્યો. જોતજોતામાં લોહીની ન્હાની મ્હોટી ધારાઓ વહેવા લાગી. સ્મશાન ક્ષેત્રે રણક્ષેત્રનું ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. કોઇક સ્થળે કોઇનું માથું કપાઇ પડયું છે તો કોઇક સ્થળે કોઇનો હાથ, કોઇનો પગ, કોઇનું અડધું શરીર કપાઇ પડેલું જણાય છે! કોઇને ઘા વાગતાં રણભૂમિ ઉપર ધડાક દઇને પડતા જણાય છે ત્યારે કોઇક ઘા વાગતાં ભયંકર ચિચિયારીઓ પાડતા જણાય છે! કોઇની ખોપરી ફાટેલી પડેલી જણાય છે ત્યારે કોઇનું પેટ ચીરાઇ તેમાંથી આંતરડાં બહાર નિકળી પડેલાં જણાય છે. જાણે દહીંનાં માટલાં ફુટી જતાં ત્હેમાંનું દહીં આસપાસ વિખરાયું હોય તેમ વીર યોદ્ધાઓના માથાં તથા પેટમાંથી લોહી-માંસ નિકળતું જણાય છે! મુસલમાન સિપાહીઓ પણ બળ-

પૂર્વક ચિતા વિખેરી નાંખવાની રાજાજ્ઞા પાળવાનો યત્ન કરી રહ્યા છે. રાજપૂત બહાદુરો વીરતાપૂર્વક ત્હેમનો વેગ રોકી રહ્યા છે! પૃથ્વીપર ઘાયલ થઇ પડેલા રાજપૂત યોદ્ધાઓ પણ પડયા પડયા પોતાની નજીક થઇને યુદ્ધમાં ધસતા મુસલમાનોના પગમાં તલવાર-બરછી ઘોચી દઇ ત્હેમને ઘાયલ કરે છે! લડતાં લડતાં રાજપૂત અને મુસલમાનો બન્ને કપાવા લાગ્યા, પરંતુ મુસલમાનોની સંખ્યા વધારે હોવાથી રાજપૂતોની શક્તિ ઓછી થવા લાગી. લડતી વખતે જે રાજપૂત તલવાર-બરછીથી ઘાયલ થઇ પડતો તે સમયનો દેખાવ ઘણો વિચિત્ર જણાતો. તે સમયે તે એક વખત ચિતા તરફ જોયા પછીજ પૃથ્વીપર પડતો! જાણે તે એવું જોતો કે અમે જે પવિત્ર કાર્યને માટે પ્રાણ સમર્પણ કરીએ છીએ તે કાર્ય પરિપૂર્ણ થયું કે નહિ? અને હાડી રાણી સતી થઇ કે નહિ?

વીર બલ્લુજી પણ અતિ વીરતાપૂર્વક એક બાજુથી મુસલમાનોને અટકાવતા હતા. યુદ્ધ કરતાં કરતાં તેઓ પણ થાકી ગયા હતા. તેમણે જાણી લીધું કેઃ હવે મરણ નક્કીજ છે. તેથી અમરસિંહનું શરીર ભસ્મ થયું કે નહિ અને હાડી રાણી સતી થઇ કે નહિ તે જાણવા માટે તેમણે એક વખત ચિતા તરફ દ્રષ્ટિ ફેંકી. પુરોહિતજીએ પણ બલ્લુજી સ્હામુ જોઇ નેત્ર વડે સંકેત કર્યો કે, "હવે થોડી વાર છે." બલ્લુજીને ખરો બળવાન-વીર યોદ્ધા જાણી સર્વ મુસલમાન સિપાહીઓ તેમના ઉપરજ તૂટી પડયા અને તેમની સાથેના સિપાહીઓને તલવાર વડે કાપવા લાગ્યા! બલ્લુજીએ દુશ્મનોના કેટલાક ઘા પોતાની ઢાલ ઉપર ઝીલ્યા અને કેટલાક ખાલી જવા દીધા, પણ અધિક મુસલમાનો સ્હામે તે શી રીતે ટકી શકે? અંતે એક મુસલમાન સિપાહીની તલવારના ઘા વડે બલ્લુજી પૃથ્વીપર પડયા! પડતી વખત તેમણે કહ્યુંઃ "હાય! મ્હારો સર્વ પરિશ્રમ નિષ્ફળ થયો!" બલ્લુજીના પડવા સાથે પુરોહિતજીનું કાર્ય પણ પુરૂં થયું. બલ્લુજીના શબ્દો પુરોહિતજીએ સાંભળ્યા હતા તે તેમનાથી સહન થયા નહિ. તેમણે વિચાર્યું કેઃ જે વીર બલ્લુજીએ અમરસિંહના શબને પુરેપુરો અગ્નિદાહ થવા માટે અને હાડી રાણીને સતી થવા માટે જીવતોડ યુદ્ધ કર્યું તે વીર પુરૂષને મરતાં સુધી

ચિંતા રહી ગઇ કે: "દુશ્મનો ચિતાને સ્પર્શે કરશે." એવા વિચાર કરતો બ્રાહ્મણ પુરોહિત, યવનોની તલવારના ઘા ખાતો ખાતો બલ્લુજીની પાસે આવી પહોંચ્યો. ત્યાં પહોંચતાં પહોંચતાં મુસલમાનોએ તેને કેટલાક ઘા માર્યા છતાં પુરોહિત ત્યાં પહોંચીજ ગયો અને બલ્લુજીના કાનમાં કહ્યું કે: " હાડી રાણી સતી થઇ છે. અગ્નિદાહનું કામ પરિપૂર્ણ થયું છે." બ્રાહ્મણના આ શબ્દો સાંભળતાંજ બલ્લુજીના નિસ્તેજ મુખ ઉપર કંઇક તેજ જણાયું, અને તેણે એક ઉંડો નિઃશ્વાસ મૂકી સહર્ષ પ્રાણત્યાગ કર્યો! બ્રાહ્મણ પુરોહિતે પણ ત્યાંજ પ્રાણત્યાગ કર્યો! 'બાળવા જાય તે બળી મરે' એ કહેવત અનુસાર ધર્મ-પ્રાણ પુરોહિતજીએ અગ્નિદાહનું કાર્ય પરિપૂર્ણ કરવાની કાળજીમાં પોતાના પ્રાણ ગુમાવ્યા! કહો કે પોતાના યજમાનને ખાતર પુરોહિતજીએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છતાં અગ્નિદાહનું કામ અપૂર્ણ રાખ્યું નહિ! ધન્ય છે એવા ધર્મકર્મ પ્રિય નિઃસ્વાર્થી બ્રાહ્મણોને! અને ધન્ય છે વીર બલ્લુજી જેવા સ્વદેશ, સ્વધર્મ અને સ્વજાતિ પ્રિય વીર પુરૂષને! વાંચક! આવા આદર્શ પુરૂષરત્નો ભારતવર્ષની પવિત્ર ભૂમિમાંજ ઉત્પન્ન થયાં છે! એજ આપણું મહદ્ ભાગ્ય, એજ આપણું સૌભાગ્ય!

૧૦.

રાજપૂત રાજકુમાર અમરસિંહના મૃતક શરીરને પૂરેપૂરો અગ્નિદાહ કરવા માટે અને હાડી રાણીના સતીત્વનું રક્ષણ કરવા માટે વીર બલ્લુજી ચમ્પાવતે પોતાના હજારો વીર સૈનિકો સાથે પોતાના પ્રાણની આહૂતિ આપી દીધી! સત્ય છે. જે મનુષ્યે પોતાની જન્મભૂમિ, સ્વજાતિ, ભાઇ, મિત્ર, રાજા, પ્રજા અથવા કોઇ અન્ય વ્યક્તિને માટે પોતાના પ્રાણ વિસર્જન કર્યા છે તેજ મનુષ્યનું જગતમાં જન્મવું સાર્થક છે. જોકે બલ્લુજીને વિજય મળ્યો નહિ અને તેના અનેક સૈનિકો કપાઇ મુવા તેનો સ્મારક સ્તમ્ભ નથી એ ખરૂં, પરંતુ તેનો અદ્ભૂત "આત્મોત્સર્ગ" એજ તેના ચાર સ્મારક-સ્તમ્ભ છે. એજ સ્મારક, ભારતવર્ષના ઇતિહાસનાં પૃષ્ઠોમાં ચીરકાલને માટે સોનેરી અક્ષરે ચળકી રહેશે અને આદર્શ વીર પુરૂષોની અદ્ભૂત જીવન કથાઓ ઇતિહાસ વાચકોના હૃદયમાં આનંદ-ઉત્સાહ પ્રેરશે. એમાં કંઇ નવાઇ નથી.

બલ્લુજીની વીરતાના સમાચાર શાહજહાંને મળ્યા ત્યારે તેઓ પણ મુગ્ધ થઇ ગયા! અને પોતાના સિપાહીઓને ધિક્કાર આપતાં કહ્યું: "તમે બે હજાર સિપાહીઓ હોવા છતાં મુઠ્ઠીભર રાજપૂતોને પાછા હઠાવી ચિતા નષ્ટભ્રષ્ટ કરી શકયા નહિ! ધિક્ છે તમને!" અમરસિંહ કિલ્લાના જે દ્વાર આગળ મરાયો હતો અને તેના શરીરને જે દ્વાર આગળથી બલ્લુજી લઇ ગયા હતા તે દ્વારનું નામ "અમરસિંહ કા ફાટક" રાખવામાં આવ્યું. તે દરવાજો હમેશાં બંધ રાખવામાં આવતો હતો. કારણમાં એવું કહેવાય છે કે: અમરસિંહના મૃત્યુના દિવસથી ત્યાં આગળ એક મ્હોટો કાળો નાગ ફર્યા કરતો, અને દરવાજામાંથી પસાર થનારને કરડવા દોડતો! પરંતુ ઈ. સ. ૧૮૩૬ માં કૅપ્ટન જ્યૉર્જ સ્ટીલ ત્યાં ગયા તે વખતે "અમરસિંહ કા ફાટક" બંધ રાખવાનું કારણ પૂછતાં સર્વ હકિકત જાણવામાં આવી. તેઓએ કિલ્લાના દરવાજામાં પ્રવેશ કરી દ્વાર ઉઘાડી નાંખ્યાં. તેજ વખતે એક મ્હોટો કાળો નાગ ત્યાંથી ક્યાંક અદ્રષ્ય થઇ ગયો એમ કહેવાય છે.

વીર બલ્લુજી ચમ્પાવતના આત્મોત્સર્ગની કથા, વાસ્તવિક રીતે જોતાં અતિશય હૃદયગ્રાહી છે! અહા! જે દેશમાં એવા વીર પુરૂષોએ જન્મ ધારણ કરી પોતાની જનની જન્મ ભૂમિની યશપતાકા ભૂમણ્ડલમાં ફરકાવી મૂકી છે તે દેશને ધન્ય છે! તે વીર પુરૂષોને અને વીર નારીઓને પણ ધન્ય છે! પૃથ્વીનો ઇતિહાસ જોતાં ભારતવર્ષ શિવાય અન્ય દેશ એવો ધન્યવાદ મેળવવા લાયક જણાતો નથી! અને ભારતવર્ષની વીર નરનારીઓ શિવાય અન્ય જાતિ "આત્મોત્સર્ગ" ના પવિત્ર કાર્ય માટે ધન્યવાદ મેળવવા લાયક નથી. મારવાડ દેશમાં ભાટ લોકો અગાઉ વીર બલ્લુજી ચમ્પાવતનાં કીર્તિ ગાન ગાતા જણાતા હતા, પરંતુ હમણાં વિશેષ પ્રચાર જોવામાં આવતો નથી. મારવાડ દેશની ધીરવીર મહિલાઓ પણ હજુ પોતાના બાળકોને રમાડતી વખતે કહે છે કે:—

"वल्लू कहै गोपालरो सतियां हाथ संदेश ।
पतसाही घड मोड कर आवाछां अमरेश ॥"

એ સિવાય એક બીજો દુહો પણ મારવાડ દેશમાં પ્રચલિત છે:—

"इक मुखतें गग्गा कढो, उतै कढो जम धार ।
वार कहन पायो नहीं, भई कटारी पार ॥"

વાંચક ! વનમાલી કવિનું જે કવિત રાજપૂત કિર્તિની વિશેષ વૃદ્ધિ કરે છે તે આ પ્રમાણે છે:—

जबहीं सलाबतखां जोरिके जनाई बात,
तीर धर पिंजर कलेजे जाय करकी ।
दिल्लीपति नाहके चरण चलते ही भये,
गाजो गर्जसिंह छौना सुनि बात वरकी ॥
कहूं वनमाली शाहजहांके तखत पर,
फरकि फरकि लोथ लोथन सों फरकी ।
हिन्दुनकी हद्द सदा राखी है अमरसिंह,
करकी बडाई वा कड़ाई जम घरकी ॥

રાજકુમાર અમરસિંહે દણ્ડ આપવાને બદલે અનેક મનુષ્યોને કાપી નાંખી અંતે પોતાના પ્રાણુ ગુમાવ્યા છતાં મોગલ બાદશાહનું અપમાન સહન ન કર્યું ! રાજપૂત ટેક રાખવા માટે અનેક વીર પુરૂષો વચ્ચે રણ સંગ્રામ જામ્યું, અને લોહીની નદીઓ વહી; તેમ છતાં બહાદુર રાજપૂતોએ નમ્યું ન આપ્યું ! અમરસિંહ, બલ્લુજી અને પુરોહિતનાં આદર્શ ચરિત્રો ભારતવર્ષની પ્રજાને માટે ગૌરવ સમાન છે !*

---

* આ ન્હાની કથા સંબંધી અમારા તરફથી પ્રસિદ્ધ થયેલી તારા અથવા જોધપુરનું રમણી રત્ન " નામક નવલકથામાં વિસ્તારથી લખવામાં આવ્યું છે. અમરસિંહને દેશનિકાલ થવાનું અને બાદશાહ સાથે વિરોધ થવાનું કારણ અમરસિંહની પુત્રી તારા ઉપર શાહજાદા દારાની કુદ્રષ્ટિ થવાનું તેમાં જણાવ્યું છે. તારા નવલકથાની ઉપરોક્ત હકીકત કરતાં આ વસ્તુસંકલનામાં ઘણો પાઠફેર છે. રાજપૂત પ્રતિભાનું હૃદય વિદારક અને અનુપમ દિગ્દર્શન કરાવનાર ઉક્ત નવલ કથા અપ્રાપ્ય છે. થોડા વખતમાં પુનઃ છપાશે. લેખક.

वीरनारी ताराबाई. ७

૧

"દુષ્ટ, નરાધમ, કુલાંગાર! અમારે શરણે રહીને અમારી સાથેજ દુષ્ટતા? મહારાજ! હવે એને જીવતો રાખવો ઉચિત નથી!"

"સત્ય છે વીરસિંહ! ત્હમે સત્યજ કહ્યું છે. જે પાત્રમાં ભોજન કરવું તેજ પાત્રમાં છેદ કરવો? જોઇએ છીએ કે અહિંથી નિકળી હવે તે બીજા કોને શરણે જાય છે તે?"

"નહિ, નહિ. કપટીને કપટાચરણનું ફળ અવશ્ય મળવું જોઇતું હતું. મ્હારો પુત્ર હો કે પછી બીજો કોઇ હો, તેની સાથે મ્હારે પ્રયોજન નથી. જેણે કપટ કરવા ધાર્યું હતું તેને ઉચિત દણ્ડ મળ્યો. વિપત્તિમાં પડેલા શરીર સાથે અને તે પણ શરણાગત મનુષ્ય સાથે અનુચિત વર્તન કરવું એના કરતાં કોઇ વિશેષ નિન્દિત કાર્ય હોઇ શકે નહિ! રાવ શૂરથાન! તમે ઘણું સારૂં કર્યું. મંત્રી! રાવ શૂરથાનને એક બક્ષિસ-પત્ર લખી મોકલો કે: ત્હમારી સાથે અનુચિત વર્તન ચલાવ્યું તેના બદલામાં ત્હમારે હાથે અમારા પુત્રનું મૃત્યુ થયેલું જાણી ઘણો સંતોષ પામ્યા છીએ, અને ત્હમારા એ સ્વાભિમાનથી પ્રસન્ન થઇ અમે તમને બદનોરનું રાજ્ય અર્પણ કરીએ છીએ."

મહારાણા રાયમલ્લનાં એ વાક્યો સાંભળતાંજ સમસ્ત રાજસભા સ્તબ્ધ થઇ ગઈ! તેઓ ઘણા પરાક્રમી અને ન્યાયશીલ રાજા હતા. રાજસ્થાનમાં તેમની ન્યાયશીલતા અને પરાક્રમ માટે મ્હોટી પ્રસિદ્ધિ હતી. તેમના ન્યાયનો પરિચય આપણને એટલા ઉપરથીજ મળી શકે છે કે: એક અનુચિત કાર્ય કર્યાથી પોતાના ઉત્તરાધિકારી પુત્રને મારી નાંખનાર મનુષ્યને માત્ર ક્ષમા આપી એટલુંજ નહિ પણ તેના વીરોચિત કાર્યથી પ્રસન્ન થઇ તેને એક રાજ્ય પણ અર્પણ કર્યું હતું.

ચિત્તોડના સુપ્રસિદ્ધ મહારાણા રાયમલને ત્રણ પુત્ર હતા. ૧-ઇતિહાસ પ્રસિદ્ધ રાણા સંગ, ૨-સમરવિજયી પૃથ્વીરાજ અને ૩-સૌથી ન્હાના જયમલ. એ ત્રણે બંધુઓ ક્રોધી અને યુદ્ધપ્રિય હતા. એક સમયે તેઓમાં પરસ્પર તકરાર ઉપસ્થિત થઇ કેઃ રાજગાદીનો અધિકાર કોને મળવો જોઇએ? હરેકે રાજગાદી પર પોતાનો અધિકાર બતાવ્યો, પરંતુ છેવટે રાણા સંગે કહ્યું કેઃ આ તકરારનો નિવેડો આપણે ભવાની માતાના મંદિરમાં જઇને કરવો જોઇએ. ત્યાં નિવાસ કરતી યોગિની જેને રાજગાદીનો અધિકારી ઠેરવે તેને સર્વેએ મસ્તક નમાવવું અર્થાત્ તેને રાજા સમજવો. એ સાંભળી સર્વે એક મત થયા, અને દેવીના મંદિરમાં ગયા. મંદિરમાં પ્રવેશ કરતાંજ વીર સંગ એક વાઘામ્બર ઉપર ઝટ બેસી ગયા. બીજા ભાઇઓ બાજુમાં પડેલા મૃગચર્મ પર બેઠા. તેમના કાકા સૂર્યમલ પણ તેમની સાથેંજ હતા. તેમની એક ઝાંધ વાઘામ્બર ઉપર હતી. સર્વેએ યોગિની મૈયાને ત્યાં આવવાનું પ્રયોજન કહી સંભળાવ્યું. તેણે વાઘામ્બર તરફ આંગળી બતાવી કહ્યુંઃ જે વીર પુરૂષ વાઘામ્બર પર બેઠો છે તેના શિર પર રાજમુકુટ શોભા આપશે. એટલું સાંભળતાંજ પૃથ્વીરાજ પોતાની તલવાર ખેંચી સંગ ઉપર ધસ્યા. સૂર્યમલે તેને રોકયો. ચારે જણા પોતપોતામાં યુદ્ધ કરવા લાગ્યા. સંગ ઘાયલ થઇને ત્યાંથી ન્હાસી ગયો. પૃથ્વીરાજ અને જયમલ મૂર્ચ્છિત થયા અને સૂર્યમલ સખ્ત ઘાયલ થયા.

૨.

પૃથ્વીરાજ મહાવીર યોદ્ધા હતા. ત્હેમના જીવનચરિત્ર સાથે ભારતના છેલ્લા સમ્રાટ્ મહારાજ પૃથ્વીરાજનું જીવનચરિત્ર ઘણું મળતું આવે છે. તેઓ સમ્રાટ્ પૃથ્વીરાજના જેવાજ વિકટ અસ્ત્રધારી, પરાક્રમી, અને ધીર વીર હતા. રાણા સંગ ત્હેમને સારી પેઠે ઓળખતા હતા. ત્હેમને શત્રુ જાણી પોતાના પ્રાણ બચાવવાનો એકજ માર્ગ એ હતો કેઃ તેઓએ ત્યાંથી ન્હાસી જવું. રાણા સંગે તેમજ કર્યું. તેઓ રાજ્યમાંથી ગુપ્ત વાસને માટે ચાલ્યા ગયા. અહો ! સંસારમાં સુખ દુઃખ એ કેવી વસ્તુ છે ! અને સુખ દુઃખને માટે બલબલા મનુષ્યને કેવી સ્થિતિ ભોગવવી પડે છે ? રાણા સંગ્રામસિંહ

મેવાડ રાજનાં દસ હજાર નગરના સત્ય રીતે અધિકારી હતા. તેજ આજે પેટ ભરવાને માટે ભરવાડોને ઘેર દાસત્વ કરે છે ! સમય, ત્હારો અદ્‌ભૂત મહિમા કોણ જાણી શકે છે ? દૈવ, ત્હારી અકળિત ગતિ કોણ કળી શકે છે ? પ્રથમ તેઓને ગાય–ભેંસો ચરાવવાના કાર્ય ઉપર રાખ્યા હતા, પરંતુ સાયંકાળે તેઓ ઘેર પાછા આવતા તે સમયે એક બે પશુ જંગલમાં ગુમાવી આવતા. તે જાણીને ભરવાડો તેમને ઘણા નઠારા શબ્દો કહી તિરસ્કાર કરતા, એટલે રાણાજી પુનઃ જંગલમાં જઇ ગુમાવેલાં પશુ મહા મહેનતે પાછાં શોધી લાવતા. તેમનાથી ઢોર ચરાવવાનું કામ બરોબર થઇ શક્યું નહિ, ત્યારે તેમને રસોઇ કરવાનું કામ સોંપ્યું. પરંતુ તેઓ કાચી પાકી રસોઇ બનાવવા લાગ્યા. તેમ થવાથી સર્વે તેમનો તિરસ્કાર કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કેઃ "બેવકુફને ખાવાનું અઢી શેર જોઇએ છે અને કામ તો રતીભાર પણ થતું નથી." આવાં તિરસ્કારયુક્ત વચનો તેમણે ઘણો વખત સાંભળ્યાં કર્યાં ! શું કરે ? તેમ કર્યા શિવાય બીજો ઉપાયજ ન હતો.

એક દિવસ કેટલાક રાજપૂતોએ રાણા સંગને ઓળખ્યા. તેમણે તેઓને એક ઘોડો અને કેટલાંક હથિયાર આપી શ્રીનગરના પ્રસિદ્ધ લૂંટારા કર્મચંદ પાસે લઇ ગયા. તે સમયથી રાણા સંગ શ્રીનગરના લૂંટારાઓમાં ભળી ગયા. એક દિવસ તેઓ લૂંટ કરીને આવતા હતા. માર્ગમાં એક વૃક્ષ નીચે તેઓ નિદ્રાવશ થઈ ગયા. તેમના બીજા સાથીદાર થોડે વેગળે ભોજન બનાવતા હતા. રાણા સંગના મ્હોં ઉપર સૂર્યનાં કિરણો પડવા લાગ્યાં. એક કાળો નાગ વૃક્ષના મૂળમાંજ બેઠો હતો. રાણા સંગના મુખ ઉપર તડકો પડતો જોઇ નાગ દેવતાએ પોતાની ફણા વડે તેમને છાયા કરી. તેજ ક્ષણે વૃક્ષ ઉપર બેઠેલું એક પક્ષી જોરથી બોલવા લાગ્યું. કર્મચન્દનો એક નોકર ત્યાં થઇને પસાર થતો હતો તેણે આ બનાવ જોયો. સંગ્રામસિંહની આંખ ઉઘડી ગઇ. તેઓ પણ ઉઠીને બેઠા થયા. પક્ષી ઉડી ગયું. પેલા લૂંટારાએ નીચે નમીને સંગ્રામસિંહને પ્રણામ કર્યા. તેઓ એમ કરવાનું કારણ જાણી ગયા પરંતુ કંઇ ઉત્તર દીધો નહિ. તે લૂંટારાએ આ વાત કર્મચન્દને કહી

સંભળાવી. એટલે તેણે ભવિષ્યની સારી આશામાં પોતાની પુત્રી સંગ્રામસિંહને પરણાવી દીધી.

૩

રાણા રાયમલ્લને પુત્રોના કલહના સમાચાર મળ્યા ત્યારે તેમણે પોતાના કલહપ્રિય પુત્ર પૃથ્વીરાજનેજ કલેશનું મૂળ કારણ જાણી તેને સદાને માટે દેશનિકાલ કરવાની આજ્ઞા ફરમાવી. વીરવર પૃથ્વીરાજને પોતાના બાહુબળને માટે ઘણો અહંકાર હતો-વિશ્વાસ હતો. તેઓ હમેશાં કહેતા હતા કે: "મ્હારા જીવતાં ચિત્તોડના રાજસિંહાસન પર કોઇ અન્ય પુરૂષને કદી પણ બેસવા દઇશ નહિ." પિતાની આજ્ઞા સાંભળતાંજ તેઓએ પોતાના પાંચ મિત્રો સહિત દેશ ત્યાગ કર્યો. ગુરૂદ્વાર દેશ મેવાડના તાબામાંજ ગણાતો હતો, પરંતુ કોઇક કારણને લીધે મેવાડના સર્વ પ્રદેશોની પેઠે તે દેશ ઉપર પણ માત્ર નામનુંજ હિંદુ રાજાનું આધિપત્ય હતું. આરાવલીના મીના વંશજોએ તે પ્રદેશ પર પોતાનો અધિકાર જમાવી દીધો હતો. પૃથ્વીરાજ તેજ પ્રદેશ તરફ ચાલ્યા અને રાજધાનીના શહેરમાં પ્રવેશ કરી એક ઝવેરીને ત્યાં પોતાની વીંટી વેચવા લાગ્યા. કોઇ એક સમયે તેજ ઝવેરી પાસેથી તેમણે એ વીંટી ખરીદી હતી. તેથી ઝવેરીએ વીર પૃથ્વીરાજને ઓળખ્યા અને સર્વ વાતચિત થતાં તેમને મદદ કરવાનું ઝવેરીએ વચન આપ્યું. મહારાજે ઝવેરીને પણ પોતાની સાથે લીધો અને તેની સલાહ પ્રમાણે મીના રાજ વંશમાં નોકરી સ્વિકારી લીધી. મીનાઓને ત્યાં પ્રતિવર્ષે "આહેરિયા મહોત્સવ" (Hunter's festival) ઉજવાતો હતો. તે સમયે સર્વ સેવકોને પોતાની ઇચ્છાનુસાર વર્તવા માટે રજા મળતી હતી. પૃથ્વીરાજ અને તેમના સાથીદાર મિત્રોને પણ હમણાં રજા મળી. આ પ્રસંગે તેઓએ ગુરૂદ્વારને મેવાડ રાજ્ય સાથે મેળવી દેવાનો શુભ અવસર જાણી એક યુક્તિ રચી. જે સમયે મીનાવંશનો "રાવ" રાજા પોતાની રાજધાની નદાલય નગરીમાં ઉત્સવ ઉજવી રહ્યો હતો તે સમયે પૃથ્વીરાજે પોતાના રાજપૂત યોદ્ધાઓને તેમના પર હુમલો કરવાની આજ્ઞા ફરમાવી, અને પોતે નગરના મુખ્ય દરવાજા આગળ ઉભા રહ્યા. રાજપૂતોએ મીનાઓને મારવા-કાપવાનો આરંભ કર્યો.

કેટલોક સમય સુધી યુદ્ધ થયું. અંતે મીનાઓ પરાજય પામી ન્હાસી ગયા. મીનાનો રાજા પણ પોતાના પ્રાણ બચાવવા નગર બહાર ન્હાઠો. પૃથ્વીરાજ દરવાજા પાસેજ ઉભા હતા. તેમણે તેની છાતીમાં પોતાનો ભાલો ઘોંચી દઇ તે ભાલા વડેજ તેને એક વૃક્ષ ઉપર ફેંકી દીધો! સમસ્ત ગુરૂદ્વારમાંથી મીનાઓને હાંકી કહાડી વીર પૃથ્વીરાજે એક રાજપુતને ત્યાંનો રાજા નિમ્યો, અને મેવાડ રાજ્યને એક પ્રાર્થના પત્ર લખી જણાવ્યું કે જેથી આ રાજ્ય તે રાજપુત રાજા પાસેથી લઇ શકે નહિ.

પૃથ્વીરાજ પોતાનું કાર્ય સિદ્ધ કરીને મારવાડ રાજ્યમાં ચાલ્યા ગયા, અને ત્યાંજ નિવાસ કરવા લાગ્યા. રાણાજી પાસે માત્ર એકજ પુત્ર જયમલ રહ્યો હતો. તેજ રાજ્યનો ઉત્તરાધિકારી હતો.

૪

દિલ્લીપતિ અલ્લાઉદ્દીને જે સમયે અણુહીલવાડ પાટણના રાજ્યને નષ્ટ ભ્રષ્ટ કરી નાંખ્યું હતું, તે સમયે ત્યાંના ચાલુક્ય વંશના રાજપૂત રાજા તક્ષશિલા અથવા તોડાતંકમાં નિવાસ કરી ત્યાંજ રાજ્ય કરતા હતા, પરંતુ તેમને ત્યાં પણ ઘણા દિવસ સુખ મળ્યું નહિ. લયલા નામના એક અફગાન સરદારે રાવ શૂરથાનને ત્યાંથી હાંકી કહાડયા ત્યારે તેમણે મેવાડ રાજ્યમાં આવીને તેમનું શરણ લીધું, અને બેદનુર સ્થાનમાં નિવાસ કરવા લાગ્યા. તેમને તારાબાઇ નામની એક કન્યા હતી. એ કન્યાના સોંદર્યની પ્રશંસા સમસ્ત રાજસ્થાનમાં પ્રસરી ગઇ હતી. બાલ્યાવસ્થામાં રાવ શૂરથાન કન્યા તારાબાઇને આર્યપુત્ર અને પુત્રિયોની અદ્દભૂત વીરતા, સાહસ અને જ્ઞાનની કથાઓ સંભળાવતા હતા. તારાબાઇ પિતાની વાર્તાઓ એક ચિત્તે સાંભળતી હતી, અને જ્યારે સમય મળતો ત્યારે પિતાની પાસે જઇને નવીન નવીન વૃતાન્ત સાંભળી તે ચરિત્રો ઉપર એકાંતમાં બેસી વિચાર કર્યા કરતી. વીર પુરૂષોનાં અને વીર રમણીઓનાં અદ્દભૂત જીવનચરિત્રો સાંભળવાથી તેના ઉછરતા લોહીમાં નવું જોશ ઉત્પન્ન થયું હતું. ગમે તેમ પણ તે રાજપૂતાણી હતી. તેથી વીરતા અને સાહસ ભરેલાં ચરિત્રો સાંભળી તેવીજ રીતે વીરત્વ અને સાહસ બતાવવાની તેને ઇચ્છા થઇ આવતી હતી. વારં-

વાર હેના મગજમાં વીરતા અને સાહસના વિચારોજ ઘૂમ્યા કરતા હતા. શરથાનને જે સમયે તોડાતંકથી કહાડી મૂકવામાં આવ્યા તે સમયે તારાબાઇનું વય ન્હાનું હતું, છતાં તે સમયે પણ પિતાનું ઉતરી ગયેલું મુખ જોઇને હેના હૃદયમાં અનેક ચિન્તા થતી હતી. તે ઘણી વખત મનમાંજ કહેતી કે: "જો હું પુત્ર હોત તો મ્હારા પિતાનાં સર્વ દુઃખ ક્ષણ વારમાં મોચન કરત. દૈવે મ્હને શા માટે સ્ત્રીનું શરીર આપ્યું?"

તારાબાઇ પોતાના પિતાને પ્રસન્ન રાખવાનો યત્ન કરતી હતી. પરંતુ જેની સ્વતંત્રતા અને જેનું રાજ્ય શત્રુઓના તાબામાં ગયું હોય અને જે પોતેજ અન્યના શરણમાં હોય હેને સ્વપ્ને પણ સુખ ક્યાંથી? જો કે રાણા રાયમલ પોતાને શરણે આવેલા રાવ શરથાનને સર્વ પ્રકારનું સુખ આપવાનો યત્ન કરતા હતા—હેમને યોગ્ય સન્માન આપતા હતા, અને હેમને જરા પણ ઓછું આવે નહિ તેવી વ્યવસ્થા કરતા હતા. તેમ છતાં પણ સ્વતંત્રતા ગુમાવી બેઠેલા એક રાજાના દુઃખનો તેઓ શી રીતે ઉદ્ધાર કરી શકે? અને હેને શી રીતે સંપૂર્ણ સુખી કરી શકે? રાવ શરથાનના જે સરદારો એક સમયે સ્વતંત્રતાના વાતાવરણમાં મોજ કરતા હતા. તેઓને હમણાં પરતંત્ર રહેવું પડતું હોવાથી મનમાં ને મનમાંજ અકળાતા હતા. પોતાની સ્વતંત્રતાને પાછી લાવવા માટે હેમણે અફગાનો ઉપર કેટલીક વાર ચઢાઇઓ પણ કરી હતી, પરંતુ દુર્ભાગ્યે હેમાં તેઓને પરાજય મળ્યો હતો. આ સમયે સૌ કરતાં તારાબાઇને અતિશય દુઃખ થતું હતું. પિતાની પરતંત્રતા જોઇ તે હમેશાં ચિન્તાગ્રસ્ત રહેતી. એક વખત વિચાર કરતાં કરતાં એકાએક બોલવા લાગી: "હજુ સુધી હું તર્ક વિતર્ક શા માટે કર્યા કરૂં છું? હું પુરૂષ નહિ પણ સ્ત્રી છું એમ જાણીને હાથ પર હાથ રાખી બેસી રહી છું શા માટે? શું પુરૂષોજ આવી સ્થિતિ વખતે પરાક્રમ બતાવી શકે છે? ઘણી વીરનારીઓએ પુરૂષ યોદ્ધાને લજાવે એવાં પરાક્રમો બતાવી જયમાળ પ્રાપ્ત કરી છે."

પ્રાચીન આર્ય બાળાઓનાં સાહસ-પરાક્રમની કથાઓ સાંભળતાં એજ નિશ્ચય થાય છે કે તેમણે પણ મ્હોટા મ્હોટા યોદ્ધાઓને રણભૂમિમાં રોળી નાંખ્યા છે! તેમના બાહુબળ આગળ વીર પુરૂષોને માથું નમાવવું

પડયું છે! વીર નારીઓએ પુરૂષોના કરતાં ચઢતી વીરતા, દેશભક્તિ, અને ઉદારતા બતાવી છે. યુદ્ધમાં જઇને સૈન્યને ઉત્સાહ પ્રેર્યો છે. પોતાના કોમળ કર વડે શસ્ત્ર ધારણ કરી શત્રુઓની છાતી ચીરી નાંખી સખ્ત હૃદયનો પરિચય આપ્યો છે. દયાની દેવી કહેવાતી વીરનારીઓએ સ્વતંત્રતાનું, પતિવ્રતનું, અને દેશનું રક્ષણ કરવા માટે કઠોરતા ધારણ કરી છે! જે સ્ત્રી પરપુરૂષના સ્હામુ ઉભા રહેતાં લજ્જા પામતી, ત્હેણે રણક્ષેત્રમાં અનેક યોદ્ધાઓની સ્હામા જઇ શસ્ત્રના પ્રહાર કર્યા છે! એક પુરૂષ યોદ્ધા કરતાં તેણે વિશેષ વીરતા બતાવી છે! અને યુદ્ધમાં વિજય પ્રાપ્ત કર્યો છે! એવી અનેક વીર નારીઓએ સર્વત્ર પોતાનો સુયશ ફેલાવ્યો છે. તેમણે રણભૂમિમાંજ વીરતા બતાવી યશ પ્રાપ્ત કર્યો છે એટલુંજ નહિ પણ શાસ્ત્રાર્થ કરવામાં પણ મ્હોટા મ્હોટા પણ્ડિતોને પરાજય પમાડયો છે! જેટલાં જેટલાં મ્હોટાં કાર્ય છે તે સર્વને આર્ય નારીઓએ ઉત્તમ રીતે પરિપૂર્ણ કર્યાં છે. અરેરે! અત્યાર સુધી મ્હારી બુદ્ધિ કયાં ગુમ થઈ હતી! મ્હેં પિતાજીને મ્હોડેથી એવાં અનેક દ્રષ્ટાંતો સાંભળ્યાં હતાં છતાં મ્હેં આજ સુધી માત્ર વિચારોજ કર્યા! ખરેખર, હું પાતકી છું. શું હું એવી વીરતા બતાવી શકીશ નહિ? અરેરે! હું મુર્ખજ છું. શું મ્હારા શરીરમાં જીવ નથી? શું મ્હને ભગવાને હાથ, પગ, કાન, નાક વગેરે અવયવો આપ્યા નથી? મ્હને પુરૂષ કરતાં કઇ વસ્તુ ન્યૂન છે? જેની જરૂર છે તે બે હાથ, બે પગ અને કાન હૃદય આપ્યું છે, પછી બીજાની શી જરૂર? મ્હેં શા માટે આટલો બધો સમય નષ્ટ કર્યો? મનુષ્ય ધારે છે તે કાર્ય કરી શકે છે. એવું આર્યશાસ્ત્રમાં લખેલું મ્હેં સાંભળ્યું છે. હું પણ મનુષ્ય છું. નિરાશ થઇને વિચારોના જાળાંમાં ગુંચવાઇ બેસી રહેવું એ તો કાયરોનુંજ કામ છે. જો મ્હેં યત્ન કર્યો હોત તો અત્યારે કંઇનું કંઇ કરી નાખ્યું હોત! ઓહ! આજે મ્હારાં નેત્રો પરથી અજ્ઞાનનો પડદો દૂર થયો છે. આજેજ મ્હને ભાન થયું કે પુરૂષોની પેઠેજ મ્હારામાં પણ જીવ છે. મ્હને પણ પરમેશ્વરે પોતાનેજ હાથે રચી છે. સંસારમાં પુરૂષો જે કંઇ કરી શકે છે તે હું પણ અવશ્ય કરી શકીશ."

આટલું બોલતાં બોલતાં તેનું શરીર કમ્પી ઉઠયું. જુસ્સામાં ને જુસ્સામાંજ તે ઉભી થઇ ગઇ અને બોલવા લાગી: "હા, હું કરી શકીશ. પુરૂષો જે કાર્ય કરી શકે છે તે હું પણ કરી શકીશ. અવશ્ય! અવશ્ય!" ત્હેણે પોતાના હાથ સ્હામું જોઇ કહ્યું: "હા હા, આ કોમળ જણાતા હાથ વજ્રસમાન કઠિન શસ્ત્ર ધારણ કરી શકશે, અને શત્રુઓનાં માથાં ધડથી જૂદાં પાડી શકશે. ત્હેણે પોતાના શરીર સ્હામુ જોઇ કહ્યું: "હા, હા, જે સુકોમળ દેહ અત્યારે એક કાંટો વાગતાં તેનું દુઃખ સહન કરી શકતો નથી, તેજ દેહ રણભૂમિમાં શત્રુઓના ઘા સહન કરી શકશે! એજ શરીર અત્યારે થોડું કાર્ય કરતાં થાકી જાય છે પણ રણભૂમિમાં ઘોડેસ્વાર થઇ, સહજ પણ વિશ્રાંતિ લીધા વગર ચારે તરફ ઘૂમશે અને દેહને આમતેમ ઝઝુમાવી દેશે! એજ શરીર શત્રુઓના તાબામાંથી તોડાતંકના રાજ સિંહાસનનો ઉદ્ધાર કરી તેનાપર પૂજ્ય પિતાજીના પવિત્ર ચરણ પધરાવશે, અને જે રાજ્યમાં અત્યારે શત્રુઓ આનંદ કરી રહ્યા છે તે રાજ્યમાંથી તેમને ન્હસાડી મૂકી ત્યાં પુનઃ રાવ શૂરતાનજીનો જય ડંકો ગડગડશે." તારાબાઇના મુખ ઉપર તેજ ઝળકવા લાગ્યું. ત્હેણે પોતાનો ડાબો પગ આગળ કરતાં કહ્યું: "હું વીર પ્રતિજ્ઞા કરૂં છું. શત્રુઓ સાથે યુદ્ધ કરીશ. રણભૂમિમાં તોડાતંકનો ઉદ્ધાર કરીશ. હિંદુ પ્રજાનું રક્ષણ કરીશ. સંસારને કમ્પાયમાન કરી દઇશ. જોઉં છું. હવે મ્હારા સ્હામુ કોણ ટકી શકે છે? પૃથ્વી સાંભળે છે. આકાશ સાંભળે છે. સૂર્ય, ચંદ્ર સાંભળે છે. ત્રિભુવન સાંભળે છે! હું વારંવાર ગર્જના કરી કહું છું. હું મ્હારા પરાક્રમથી સમસ્ત સંસારને બતાવી આપીશ કે: ભારતવર્ષની સ્ત્રીઓએ કેવાં વિકટ કાર્યો કર્યાં છે, અને કેવાં વિકટ કાર્યો કરી શકે છે! હું પ્રતિજ્ઞા કરૂં છું કે: જ્યાં સુધી મ્હારા પિતા તોડાતંકના સિંહાસન પર આરૂઢ થાય નહિ ત્યાં સુધી હું સંસારનાં સુખ વૈભવનો ત્યાગ કરીશ. દેવલોક સાંભળે છે. નરલોક સાંભળે છે. નાગલોક સાંભળે છે. સૂર્યભગવાન! આજે ત્હમે મ્હારા સાક્ષી છો. પૃથ્વી માતા! આજે ત્હમે મ્હારાં સાક્ષી છો! આજે ત્હમારા સ્હામુ હું પ્રતિજ્ઞા કરૂં છું કે: "જ્યાં સુધી તોડાતંકના રાજસિંહાસન ઉપર મ્હારી

જાતીય પતાકા નહિ ફરકરે ત્યાં સુધી હું પરણીશ નહિ. હું તેજ વીર પુરૂષ સાથે પરણીશ કે જે મ્હારા દેશમાંથી દુષ્ટ શત્રુઓને હાંકી કહાડે ! મ્હારી પવિત્ર ભૂમિનો ઉદ્ધાર કરી મ્હારા પિતાને પુનઃ તોડાતંકના સિંહાસન ઉપર પ્રતિષ્ઠિત કરે. બસ, હવે હું જાઉં છું. જે પ્રતિજ્ઞા કરી છે તેને પરિપૂર્ણ કરવાનો ઉદ્યોગ કરીશ. મ્હારી માતૃભૂમિનો ઉદ્ધાર કરવાને જીવતોડ મ્હેનત કરીશ. મ્હારી પિતૃભૂમિને સ્વતંત્ર કરવાને પ્રાણ પાથરીશ, અને મ્હારી પવિત્ર પ્રજાને સુખી કરવા અનેક કષ્ટો સહન કરીશ. બસ, જાઉં છું."

૫.

રાજકુમારી તારાબાઇએ તેજ દિવસથી શસ્ત્ર વિદ્યા શીખવાનો આરંભ કર્યો. ઘોડા ઉપર સ્વાર થવામાં તે અતિ કુશળ થઈ. થોડા સમયમાંજ તેના સરદારોમાંથી, ઘોડેસ્વાર થવાના કાર્યમાં કોઇ પણ તેની બરોબરી કરી શકતા નહિ ! ખરેખર, તારાબાઇએ તે સમયની ભારત લલનાઓનાં મુખ ઉજ્વળ કરવા માટેજ જન્મ ધારણ કર્યો હતો. થોડા સમયમાં તીર, તલવાર, ભાલા, બરછી આદિ શસ્ત્ર ચલાવવાની વિદ્યા શીખી લીધી. તેમાં નિપૂણતા મેળવ્યા પછી એક દિવસ પિતાજી પાસે અફગાનો ઉપર ચઢાઇ લઇ જવાની પ્રાર્થના કરી. પિતાજીની સમ્મતિથી ચઢાઇ લઇ જવામાં આવી, પરંતુ તારાબાઇનો મનોરથ સિદ્ધ થયો નહિ. બે ચાર વખત ચઢાઇઓ કરી તેમ છતાં તારાને વિજય મળ્યો નહિ. પ્રબળ મુસલમાની લશ્કર આગળ બહાદુર વીર પણ મુઠ્ઠીભર રાજપૂતોનું શું ગજું ? ક્યાં સુધી શત્રુઓની સમુદ્રના ઉછળતાં મોજાં જેવી સેના સાથે યુદ્ધ કરે ? તેમને વારંવાર પરાજય મળતો હતો. તેમ છતાં પણ વીર તારાબાઇ કદાચિત્ પણ નિરાશ થતી નહોતી. તે જેમ જેમ પરાજય પામતી હતી તેમ તેમ તેને બમણો ગુસ્સો–બમણો ઉત્સાહ–ચ્હડતો હતો અને તેમ તેમ વિજય પ્રાપ્ત કરવાનો સંકલ્પ દ્રઢ થતો હતો. તેણે નિશ્ચય કર્યો હતો કેઃ મ્હારી પાસે થોડું લશ્કર હોવા છતાં પણ શત્રુઓને સુખે નિદ્રા લેવા દઇશ નહિ. ખરેખર, વીર તારાએ અફગાન સરદાર લલ્લાને સુખે નિદ્રા કે આહાર લેવા દીધો નહિ !

તારાબાઇનાં સૌંદર્ય અને વીરતાની વાર્તા ભારતવર્ષમાં સર્વત્ર ગવાતી

હતી. એટલુંજ નહિ પણ નિત્ય તેના ગુણગાનમાં વૃદ્ધિ થતી હતી. સર્વ રાજા મહારાજા તેનું પાણી ગ્રહણ કરવાની અભિલાષા ધરાવતા હતા, પરંતુ તારાની પ્રતિજ્ઞા સાંભળીને નિરાશ થતા હતા. યુવરાજ જયમલે રાવ શરથાન પાસે તારાબાઇની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની ઇચ્છા દર્શાવી. રાવે જયમલ સમક્ષ તારાબાઇને પૂછ્યું. તારાએ જયમલને કહ્યું: યુવરાજ! શું આપ મ્હારી પ્રતિજ્ઞા જાણો છો? શું આપ મ્હારા કાર્યમાં સહાયતા કરશો?

જયમલે દ્રઢતાથી ઉત્તર દીધો: હા, રાજકુમારી! એ શું મ્હોટું કામ છે?

તારા: યુવરાજ! એક વખત પુનઃ વિચાર કરી જૂવો. આ કાર્ય જેવું તેવું નથી. શિર સાટાંનાં કામ છે. શત્રુઓની સમુદ્ર જેવી વિશાળ સેના સાથે આપણી થોડી સેના લઇ યુદ્ધ કરવાનું છે. ત્યાં યુવતિઓની સુંદરતા જોઇ મોહ પામવાનું કાર્ય નથી. ત્યાં તો શત્રુઓનાં માથાં ધડથી જૂદાં કરવાનું કાર્ય છે! ત્યાં શરીરની કોમળતા સાચવવાનું કામ નથી પણ શત્રુઓના ઘા સહન કરવાનું કઠિન કામ છે! જો બને તેમ હોય તોજ હા કહેજો નહિ તો તમારી મશ્કરી થશે. તમારી આબરૂ જશે અને જીવન પર્યંત તમને ખેદ થશે તે નફામાં! કેમ, યુવરાજ શી ઇચ્છા છે?

આ શબ્દો બોલાતા હતા તે સમયે તારાબાઇનું મુખ વિશેષ તેજસ્વી થઇ ઉઠયું. ત્હેના તેજ ગર્વ પૂર્ણ શબ્દો તરફ લક્ષ નહિ કરતાં જયમલથી ક્ષત્રિય વ્યવહાર વિરૂદ્ધ શબ્દો બોલાઇ ગયા! ત્હેણે તારાને એકાંત મળવાની માંગણી કરી. એથી રાવ શરથાનને અપમાન લાગ્યું. જયમલના શબ્દો અપમાનજનક બોલાયા હોવાથી રાવે તરતજ મ્યાનમાંથી મહાકાળની જિહ્વા જેવી ચળકતી તલવાર કહાડી જયમલનું માથું ઉડાવી દીધું! ક્ષણવારમાં જયમલનું માથું જમીન પર પડયું! સર્વમાં હાહાકાર મચી ગયો! મેવાડ રાજ્યના ઉત્તરાધિકારીનો રાવ શરથાને વધ કર્યો હતો! એથી રાણાજીને કેટલો ક્રોધ ચ્હડશે? તેઓ રાવને શું કરી નાંખશે? ત્હેને કેવી ભયંકર શિક્ષા થશે? સર્વમાં એ વિચારો થવા લાગ્યા. જે જે રજવાડાનાં એ ભયંકર સમાચાર પહોંચ્યા ત્યાં અનેક કલ્પના થવા લાગી. પરંતુ ધન્ય છે રાજપૂત હૃદયને! રાણાજીને રાજસભામાં એ સમાચાર પહોંચ્યા. તે સાંભળીને સર્વ

સરદારો ક્રોધને લીધે પોતપોતાની તલવાર ખેંચી ઉભા થઇ ગયા તથા શૂરથાનના વંશને નિર્મૂળ કરવા રાણાજીને ઉત્તેજિત કરવા લાગ્યા. તે સમયે રાણાજીએ દીર્ઘદ્રષ્ટિ વાપરી સર્વને સમજાવી ઠંડા પાડયા ! તેમણે પોતાના પુત્રનો અનુચિત વ્યવહાર અને ક્ષત્રિય ધર્મ કહી સંભળાવ્યો. અહા ! ધન્ય રાજપૂત હૃદય ! ધન્ય ત્હમારો ધર્મ-વિવેક ! આવી અપૂર્વ ક્ષમા અને ઉદારતા આજના સુધરેલા રાજ્યમાં કયો રાજા બતાવી શકે તેમ છે ? પોતાના એકજ પુત્રનો વધ કરવા માટે કયો રાજા વધ કરનારને ક્ષમા અને જાગીર આપે તેમ છે ? ક્વચિદ્ આર્ય રાજાઓમાં એ મહાન ગુણ સંભવે પરંતુ અન્ય દેશના સુધરેલા રાજાઓમાં આવો અપૂર્વ ગુણ હોવાનું સંભવિત નથી! રાણાજીએ પોતાના પુત્રનો વધ કરનાર રાવ શૂરથાનને ક્ષમા કરવા સાથે બેદનોરના જે સ્થાનમાં તેઓ નિવાસ કરતા હતા તે સ્થાન તેમને અર્પણ કરી દીધું ! ધન્ય છે ન્યાયપ્રિય અને ધર્મપ્રિય ક્ષત્રિય મહારાજ! મેવાડની પવિત્ર ભૂમિમાં જે સમયે એવા રાણા-મહારાણા હતા તે સમયે તેનું ગૌરવ પૃથ્વિની દ્રષ્ટિમાં દ્વેષ ઉત્પન્ન કરતું હતું ! જે રાણાએ દિલ્લીશ્વરને વિકટ યુદ્ધોમાં પરાજય પમાડયો હતો, જે રાણાનું નામ સાંભળતાં શત્રુ રાજાઓનાં હૃદય કમ્પાયમાન થતાં હતાં, જે રાણાના ચરણ આગળ સમસ્ત ભારતવર્ષના રાજા, મહારાજા પોતાનું મસ્તક નમાવતા હતા, જે રાણાના તેજથી હજુ સુધી આર્ય નામ શોભાયમાન થઇ રહ્યું હતું, તેજ રાણાએ "સત્ય" ને પુત્ર કરતાં પણ અધિક જાણીને " હિંદુ પતિ " ના નામનું સાર્થક કરી બતાવ્યું. પુત્ર શોક કોને નથી થતો ? તેમ છતાં આર્ય વીર પુરૂષો, સાંસારિક મોહમાં પડીને "સત્ય"નો કદી પણ ત્યાગ કરતા નથી. "સત્ય"નું પાલન કરવામાં તેઓ જીવન આદિને તુચ્છજ સમજે છે ! એવા " સત્ય પ્રેમી " રાજાઓ શું ન કરે ?

૬

વીરવર પૃથ્વીરાજનો યશ દિવસે દિવસ અધિક ફેલાતો હતો. ચારે દિશામાં તેમનું નામ ગવાઇ રહ્યું હતું. નિત્ય નવાં નવાં કૌતુક બતાવી તેઓ યશ મેળવતા હતા. તારાબાઇએ મનમાં ને મનમાંજ તેમને પોતાના

પતિ તરીકે સ્વિકારી લીધા હતા. તે જાણતી હતી કેઃ મ્હારી પ્રતિજ્ઞા કોઇ પૂરી કરી શકે એમ હોય તો તે મહાવીર પૃથ્વીરાજ જ છે. મ્હારૂં કાર્ય સિદ્ધ કરવા યોગ્ય કોઇ પણ પુરૂષ હોય તો પરમાત્માએ વીરવર પૃથ્વીરાજનેજ નિર્માણ કર્યા છે. જો હું લગ્ન કરીશ તો એવા મહાન્ વીર શિવાય અન્ય કોઇ સાધારણ પુરૂષના ગળામાં જયમાળ પહેરાવીશ નહિ. પરંતુ તેના મનમાં ચિન્તા થયા કરતી હતી કેઃ " શું હું એવા વીર પુરૂષની પત્ની થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકીશ ? શું પૃથ્વીરાજ મ્હારે લીધે વિકટ સંકટો સહન કરવાનું કબૂલ કરશે ? શું તેઓ મ્હને સહાય કરશે ? " બીજી તરફ મહારાજ પૃથ્વીરાજે પણ તારાબાઇની ઘણી પ્રશંસા સાંભળી હતી. તેનામાં વિધાતાએ રૂપ અને ગુણનું સંમિલન કર્યું છે તે પણ તેમણે સાંભળ્યું હતું. નારી જાતિને યોગ્ય એવી અનુપમ સુંદરતા સાથે ક્ષત્રાણીને યોગ્ય એવા અનુપમ ગુણો પણ તેનામાં હતા. આકાશના નક્ષત્ર મંડળમાં ધ્રુવ તારો જેમ તેજસ્વી અને ઉત્તમ ગણાય છે તેમ પૃથ્વી મંડળ ઉપર વિરાજતી રાજકુમારી તારા તે એક તેજસ્વી અને ઉત્તમ તારા રૂપજ હતી. પૃથ્વીરાજ પણ ઉત્તમ ક્ષત્રિય હતા. સર્વાંગ સુંદરી તારાબાઇ પ્રાપ્ત કરવા માટે રાજસ્થાનના અનેક રાજકુમારનાં ચિત્ત વ્યાકુલ થઇ રહ્યાં હતાં તેનેજ પ્રાપ્ત કરવા માટે વીર પૃથ્વીરાજનું ચિત્ત પણ ચંચળ થઇ ઉઠયું હતું. તેનું કારણ તારાના અદ્ભૂત ગુણ જ હતા. વીર પુરૂષો રૂપ કરતાં ગુણનેજ પૂજે છે. પૃથ્વીરાજ ગુણનાજ પૂજારી હતા. તેમને ક્ષાત્રધર્મ યુક્ત પત્ની મળે તોજ તેમના જીવનનું સાર્થક જણાતું હતું, અને તેથી તેઓ તેવીજ પત્ની શોધતા હતા. કર્મ સંયોગે તારા તેમને તેવાજ ગુણયુક્ત જણાતી હતી. તેનામાં અદ્ભૂત વીરતા, રણશિક્ષા નિપુણ, જ્ઞાનશીલતા અને મહાન ઉદ્દેશ જેવા ઉત્તમ ગુણ હતા. પૃથ્વીરાજ તેના એ ગુણની પ્રશંસા સાંભળી અતિ આનંદ પામતા હતા, અને તેને પોતાને યોગ્ય જાણતા હતા. રાણાજી પણ પોતાના વીર પુત્રનાં પરાક્રમની વાતો સાંભળી પ્રસન્ન થયા હતા અને જયમલના સ્વર્ગવાસ પછી તેમને દેશમાં બોલાવી લીધા હતા. જે પૃથ્વીરાજને રાણા રાયમલે દેશનિકાલ કર્યા હતા તેમને પુનઃ પ્રાપ્ત કરવાથી રાણાને બહુ આનંદ

થયો. પિતા પુત્રે હૃદયનાં દ્વાર ઉઘાડી અનેક વાતોચિતો કરી. પુત્રના ગૌરવને પોતાનુંજ ગૌરવ માન્યું અને તેના વીર મુખને વારંવાર નિહાળી પોતાનાં નયનો તૃપ્ત કરવા લાગ્યા. કેટલાક સમય પછી તારાબાઇની કઠોર પ્રતિજ્ઞા તરફ પૃથ્વીરાજનું ધ્યાન ખેંચાયું. તેની સાથે લગ્ન કરવા ઇચ્છતા વીરરત્નની યોગ્યતા સંબંધી તેમણે સર્વ હકીકત જાણી. પૃથ્વીરાજ જ્યારથી દેશમાં આવ્યા ત્યારથી તેમને યુદ્ધ કરવાની તક મળી નહોતી તેથી તેઓ ઉદાસ રહેતા હતા. તલવારને મ્યાનમાં પડી રહેવા દેવી એ તેમને બહુ કઠિન જણાતું હતું. તેનાપર કાટ ના ચ્હડે એ હેતુથી તેઓ પોતાની તલવારને વારંવાર મ્યાનમાંથી કહાડી જોતા હતા અને પુનઃ મ્યાનમાં રાખતા હતા. આજે તલવારની ધાર જોતાં જોતાંજ કહ્યું: " ઠીક છે, તારાને પ્રાપ્ત કરવાને બ્હાને રણક્ષેત્રમાં યુદ્ધ કરવાનો પ્રસંગ મળશે અને રાજસ્થાનની સર્વથી શ્રેષ્ઠ રૂપવતી–ગુણવતી સ્ત્રી પણ હાથમાં આવશે."

૭

ઉપર પ્રમાણે વિચાર કરી વીરબાહુ પૃથ્વીરાજે બેદનોર તરફ પ્રયાણ કર્યું. તેમના આગમનના સમાચાર સાંભળી રાજકુમારી તારાબાઈના આનંદનો પાર રહ્યો નહિ. આટલા દિવસ પર્યંત જે મહાવીર નરરત્નની ઉપાસના તેણે પોતાના હૃદયમંદિરમાં કરી હતી, તેજ તેજસ્વી પુરૂષ શું આજે પોતાને ઘેર આવે છે ? તારાને નિશ્ચય થયો કે " હવે મ્હારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે." પૃથ્વીરાજ રાવ સુરથાનને મળ્યા. રાવે તેમનો ઉચિત આદર સત્કાર કર્યો અને પૂછ્યું: " રાજકુમાર ! શું આપ શત્રુઓને મ્હારા દેશમાંથી હાંકી કહાડશો ? " પૃથ્વીરાજ વાકપટુતામાં નિપુણજ હતા. તેમણે ત્રણ શબ્દમાંજ ઉત્તર આપ્યો. " માત્ર ત્રણ અઠવાડિયામાં ! " કેટલીક વાતચિત કર્યા પછી પૃથ્વીરાજ તારાબાઇને મળવા ગયા. તેમનાં દર્શન કરતાંજ તારાનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. તેનો કંઠ ગદ્ગદ થઈ ગયો. પૃથ્વીરાજ પણ સુંદરતાની અધિદેવી તારાની મોહિની મૂર્તિ જોઇ ગદ્ગદ કંઠ થઈ ગયા. તેઓ મનમાંજ વિચારવા લાગ્યા: " અહા ! શું આ કોમળ અને સુંદર શરીરમાંજ વિદ્યા, સાહસ, બળ અને જ્ઞાન ભર્યું

છે? જો એમજ હશે તો રાત્રના શત્રુઓને હાંકી કહાડવા માટે ઉત્તમ પ્રકારનું ઈનામ મળ્યું કહેવાશે. મ્હારૂં જીવન સફળ થશે." તારાએ પ્રસન્ન મુખે કહ્યું: "મહારાજ! શું આપ અમારા દેશનો ઉદ્ધાર કરશો?" પૃથ્વીરાજે ઉત્તર દીધો: "દેશનો ઉદ્ધાર તો અવશ્ય કરીશ, પરંતુ ત્હમે ત્હમારી પ્રતિજ્ઞા ભૂલશો નહિ, જેથી મ્હારો પણ ઉદ્ધાર થાય." તારાબાઇએ તો પ્રથમથીજ પૃથ્વીરાજને પોતાના પતિ તરીકે સ્વિકાર્યા હતા, તેમાં તેમના ઉત્સાહવર્ધક શબ્દો સાંભળી તેને વિશેષ આનંદ થયો. તેને પૃથ્વીરાજ ઉપર અધિક પ્રેમ ઉત્પન્ન થયો. તારાએ તેમને પ્રાર્થના કરી: "મહારાજ! હું પણ આપની સાથે યુદ્ધમાં આવીશ." એ સાંભળી પૃથ્વીરાજ વિશેષ પ્રસન્ન થયા, તેઓએ પરસ્પર સલાહ મસલત ચલાવી અને પઠાણો સાથે યુદ્ધ કરવા માટે મોહરમ (તાબુત) નો દિવસ નક્કી કર્યો. પૃથ્વીરાજ ૫૦૦ વીર રાજપૂત સિપાહીઓને પોતાની સાથે લઇ મોહરમને દિવસેજ તોડાતંકમાં જઈ પહોંચ્યા. સિપાહીઓને નગર બહાર રહેવા દઇ પૃથ્વીરાજ, તારા અને સેનાપતિ એમ ત્રણ જણે ગુપ્તવેશે નગરમાં પ્રવેશ કર્યો. એ દિવસે નગરમાં જ્યાં ત્યાં તાબૂતોની ધમાલ મચી રહી હતી. સમસ્ત મુસલમાન પ્રજા મોહરમને લીધે દિલગીરીમાં હતી. હમણાં તાબૂત રાજમહેલ સ્હામું લાવવામાં આવ્યાં હતાં. સર્વ મુસલમાનો તાબૂત આગળ ભેગા થઇને "હાય હસન! હાય હસન!" કહીને છાતી કૂટતા હતા! તેમના શોક ધ્વનિ વડે સાંભળનારના હૃદયમાં ખિન્નતા ઉત્પન્ન થતી હતી. અફગાન સરદાર મહેલના ઓટલાપર ઉભો રહી વસ્ત્ર પહેરતો હતો. તેણે પાસે ઉભેલા સિપાહીને પૂછ્યું: "પેલાં ઉભેલાં ત્રણ મનુષ્ય કોણ છે?"

સિપાહી: ક્યાં હઝુર?

સરદાર: પેલાં ઉભાં, પેલા જો-જો.

"જો-જો." એ શબ્દ બોલાતા હતા એટલામાં સનસન્ કરતું એક તીર આવી અફગાન સરદારની છાતીમાં પેસી ગયું! સરદાર પુનઃ આંખ ઉઘાડીને જૂવે તે પહેલાં તો પૃથ્વીરાજના ચળકતા ભાલાની તીક્ષ્ણ અણીએ તારાના તીરનું કાર્ય પરિપૂર્ણ કરી દાધું! સરદાર ધડાકૂ દેતો પૃથ્વી ઉપર

પડયો. તે જોઇ સર્વમાં હાહાકાર મચી રહ્યો! પ્રજાજનમાં અનેક કલ્પનાઓ થવા લાગી. તાબૂત તેજ સ્થળે રહેવા દઈ સર્વ આમ તેમ ન્હાસવા લાગ્યા! "હાય હસન"ને બદલે "હાય મુવા" એ શબ્દો સંભળાવા લાગ્યા. કોઇનું ચિત્ત ઠેકાણે નહોતું નહિ તો લાખો મનુષ્યોની મેદનીમાં થઇને ત્રણ જણ ન્હાસી જાય ખરાં કે? ત્રણ જણને ચટણીની પેઠે વાટી નાંખતાં વિલંબ કેટલો? પૃથ્વીરાજની તલવારે ઘણા દિવસ આરામ ભોગવ્યો હતો તેથી ત્હેને આજે મન માન્યું કામ કરવાનો અવસર મળ્યો હતો. તારાબાઈ પૃથ્વીરાજની તલવારની ગતિ જોઇને મનમાંજ મગ્ન થતી હતી. તેજ પ્રમાણે પૃથ્વીરાજ પણ તારાબાઈની તલવાર વડે કપાતા શત્રુઓને જોઈ ત્હેના ઉપર પોતાના પ્રાણ પાથરવા તૈયાર હતા. બન્નેમાંથી કોઈ ઉતરે તેમ નહોતું. બન્નેની શૂર વીરતા એક સરખીજ હતી. ત્હેમના હાથની ચપળ ગતિ વડે વાડ પરથી કપાતાં ચીભડાંની પેઠે શત્રુનાં માથાં ધડાધડ પૃથ્વી પર પડતાં હતાં. પૃથ્વીરાજે તારાબાઇની ઘણી પ્રશંસા સાંભળી હતી પણ ત્હેમણે સ્વપ્ને પણ નહોતું ધાર્યું કે: તારા, આવા અદ્‌ભૂત ગુણથી વિભૂષિત છે!

અન્તે મુસલમાનોને ત્રણ મનુષ્યજ લડતાં જણાયાં, તેથી ત્હેમણે અસ્ત્ર શસ્ત્ર લઇને ત્હેમના પર ચારે તરફથી હુમલો કર્યો, પરંતુ તારા અને પૃથ્વીરાજ તલવારને એકે ઝપાટે કેટલાંએ માથાં ધડથી જૂદાં કરી નાંખતાં હતાં! શત્રુની કેટલીએ તલવારોના ઘાને નિષ્ફળ કરતાં હતાં! તેઓ તલવારને એવી ખુબીથી વિંઝતાં હતાં કે કોઇ ત્હેમની પાસે સુદ્ધાં જઇ શકતું નહોતું! અનેક શત્રુઓ સાથે યુદ્ધ કરતાં કરતાં તે ત્રણે વીર મનુષ્યો નગરનાં દ્વાર સુધી જઇ પહોંચ્યાં. ત્યાં ત્હેમણે જોયું કે એક પ્રચંડ હાથી રસ્તો રોકી ઉભો છે! આ સમયે મુસલમાનોએ તે ત્રણેને ખુબ ગભરાવી દીધાં. બન્ને વચ્ચે ઘનઘોર યુદ્ધ ચાલ્યું. એટલામાં પૃથ્વીરાજે જોરથી કહ્યું: "હાથીની સુંઢ કાપી નાંખો." તારાએ એ શબ્દો સાંભળ્યા કે તરતજ તેણે તલવારને એકે ઝટકે હાથીની સુંઢ કાપી વેગળી કરી! હાથી મ્હોટી ચીસો પાડતો ત્યાંથી ન્હાઠો. ત્હેણે પોતાના પગ નીચે સેંકડો મુસલમાનોને કચડી નાંખ્યા! એ લાગ જોઇ ત્રણે રાજપૂત રત્નો નગર બહાર નિકળી ગયાં. પૃથ્વીરાજે તરત જ

પોતાના સિપાહીઓને નગર ઉપર હુમલો કરવાની આજ્ઞા આપી. રાજપૂત ઘોડેસ્વારોએ "હર હર મહાદેવ" નો ગગનભેદી ધ્વનિ કર્યો અને તે સાથેજ ધસારાબંધ નગરમાં પ્રવેશ કર્યો. તેમણે નગરના સર્વે દરવાજા બંધ કરી દીધા અને સર્વે શત્રુઓને કાપી નાંખ્યા. એકને પણ જીવતો રહેવા દીધો નહિ. પૃથ્વીરાજે નગરમાં પડેલાં મુડદાંને એક બાજુએ ખસેડાવી સર્વત્ર સાફસુફ કરાવ્યું અને તારાની ઇચ્છાનુસાર તેના પિતા રાવ શૂરથાનજીને તેડવા કેટલાક ઘોડેસ્વાર મોકલ્યા. જ્યારે શૂરથાનજી નગર નજીક આવી પહોંચ્યા ત્યારે તારાબાઇ પોતેજ તેમને તેડવા ગઇ અને પિતાનો સારી પેઠે આદરસત્કાર કરી નગરમાં તેડી લાવી. શૂરથાનજીની પ્રજાએ સહૃદયતાપૂર્વક તેમનું સ્વાગત કર્યું. સર્વેએ મળી મ્હોટી ધામધૂમ સહિત રાવને પુનઃ ગાદી પર બેસાડયા. હવે તેઓ અધિક સાવચેતીથી પોતાના દેશ ઉપર રાજ્ય કરવા લાગ્યા. સ્વતંત્રતાનું સુખ સ્વતંત્ર રહેલાં મનુષ્યોથીજ જાણી શકાય છે. શૂરથાનને તો માત્ર સ્વતંત્રતાજ નહિ પણ તેમને પોતાનું રાજ્ય પુનઃ મળ્યું હતું તેથી તેમના આનંદનો પાર નહોતો. પોતાના રાજાના પુનઃ દર્શન કરતાં તેમની પ્રજામાં પણ જે આનંદ ફેલાયો હતો તેનું વર્ણન કરવું અશક્યજ છે. તારાના આનંદની અવધિજ નહોતી. જે મનુષ્યે દૃઢવ્રત ધારણ કર્યું હશે અને તે વ્રતમાં સફળતા મળી હશે તેજ મનુષ્યો તેના આનંદનું ખરૂં સ્વરૂપ જાણી શકશે. તારાને પોતાના વ્રતની સફળતા થવા સાથે એક વીર પુરૂષનો લાભ થયો હતો. તે પૃથ્વીરાજના ગુણ ઉપર મોહ પામી હતી. આજે તે ગુણ પ્રત્યક્ષ થયા હતા અને તે તેથી પૃથ્વીરાજની પત્ની થઇ ચૂકી હતી. આજે તે પોતાના જીવનને ધન્ય માનતી હતી. આવા એક મહાવીર નરરત્નને મેળવવાથી તે પોતાના જીવનની સફળતા માનતી હતી. તેના આનંદનો આજે પાર નહોતો. પૃથ્વીરાજની પણ તેવીજ સ્થિતિ હતી. આજે તેમણે સારી પેઠે તલવાર ચલાવી હતી. વળી જે વીર બાળાના રૂપ ગુણની પ્રશંસા સાંભળી હતી તેને આજ તેમણે પોતાની અર્ધાંગના બનાવી હતી ! તારાબાઇને મેળવી તેઓ સ્વદેશ ગયા. ત્યાં તેમણે એક નવો ગઢ બનાવ્યો અને તેમાંજ બન્ને નિવાસ કરવા લાગ્યાં.

૮

જયમલનો સ્વર્ગવાસ થવાથી સૂર્યમલની ખાત્રી થઈ હતી કે: દેવી મંદિરની યોગિનીએ કહેલું ભવિષ્ય સત્ય થશે. તેમણે વિચાર્યું કે: "મેવાડ રાજ્યમાં મ્હારો ભાગ છે," પણ પૃથ્વીરાજના આવ્યાથી તેઓ નિરાશ થઈ ગયા. તેમ છતાં તેઓએ પોતાનો ભાગ લેવા પોતાની શક્તિના પ્રમાણમાં પ્રયત્ન કરવાનો નિશ્ચય કર્યો. શું કોઇ મનુષ્ય મેવાડનાં દશ હજાર નગરો ઉપરથી પોતાનો હાથ ઉઠાવી શકે ? શું તેમાંથી કાંઇ પણ બદલો મેળવી શકશે નહિ ? બદલો મેળવ્યા વગર તેના ઉપરથી હાથ કેમ ઉઠાવી શકાય ? આ વિચાર આવતાંજ રાણા રાયમલે માળવાના બાદશાહ મુજફ્ફરશાહની સહાયતા મેળવી ચિત્તોડ ઉપર ચઢાઇ કરી. બન્ને પક્ષ વચ્ચે ઘનઘોર યુદ્ધ મચી રહ્યું હતું. એટલામાં પૃથ્વીરાજ એક હજાર ઘોડેસ્વાર લઇ ત્યાં આવી પહોંચ્યા. રાણા રાયમલ યુદ્ધ કરતા હતા. તેમના શરીરે ૨૩ ઘા પડી ચૂકયા હતા. પૃથ્વીરાજે તેમને વેગળા ખસેડયા અને તેમને બદલે પોતે યુદ્ધ કરવા લાગ્યા. તેઓ સૂર્યમલ ઉપર તૂટી પડયા. તેમણે શસ્ત્રનો એવો વર્ષાદ વર્ષાવ્યો કે સૂર્યમલને તેમનાપર હુમલો કરવાનું સૂઝયું નહિ, પણ ઉલટું પોતાનું રક્ષણ કરવું ભારે પડી ગયું. તેના શરીરમાંથી રક્તની ધારાઓ વહેતી હતી. સન્ધ્યા સમય થયો. યુદ્ધ બંધ પડયું. થોડો સમય આરામ લીધા પછી પૃથ્વીરાજ સૂર્યમલના તંબુમાં ગયા. સૂર્યમલ એક સાધારણ ખાટલા ઉપર પડયા હતા. એક હજામ તેમના શરીરના ઘા ધોતો હતો અને તેના પર મલમપટા કરતો હતો. પૃથ્વીરાજને આવતા જોઈ સૂર્યમલ હર્ષને લીધે એકદમ ઉઠી બેઠા થયા. ઉઠતાં શરીરે જોર પડયું, તેથી ઘાના ટાંકા તૂટી ગયા. ઘામાંથી પુનઃ રક્તધારા નિકળવા લાગી. એ જોઈ પૃથ્વીરાજના હૃદયમાં દુઃખ થયું પણ સૂર્યમલના મુખ ઉપર દરદનું ચિહ્ન જણાતું નહોતું. પૃથ્વીરાજે આગળ આવી તેમને પ્રણામ કર્યા. સૂર્યમલે સ્નેહપૂર્વક તેમને આલિંગન કર્યું. પૃથ્વીરાજે કહ્યું: "કાકા, હવે આપના શરીરે કેમ છે ?"

સૂર્યમલઃ બેટા ! ત્હને જોતાંજ સર્વ દુઃખ દૂર થઈ ગયાં.

પૃથ્વીરાજઃ કાકા, હજુ હું દિવાનને* મળ્યો નથી. આપને મળવા ચાલ્યો આવું છું. કંઇ ખાવાનું હોય તો મંગાવો. ક્ષુધા લાગી છે. આજે કશું ભોજન કર્યું નથી."

"સારૂ બેટા." એમ કહીને ભોજન મંગાવ્યું. બન્નેએ એક સાથે બેસી સ્નેહપૂર્વક ભોજન કર્યું. ત્યાર પછી પાનસોપારી ચાવ્યાં. પૃથ્વીરાજે પાનસોપારી લીધાં. કેટલીક વાતચિત કર્યા પછી પૃથ્વીરાજે કહ્યું:-"કાકાજી! કાલે આપણું યુદ્ધ સમાપ્ત થશે."

"હા બેટા! જરા વહેલા આવજે."

"સારૂં કાકા! પ્રણામ."

"ચિરંજીવ રહો બેટા."

અહો ભારત! હમણાં ત્હારૂં તે સત્યવ્રત ક્યાં ગયું? હમણાં ત્હારો તે ધર્મ ક્યાં ગયો? હમણાં ત્હારી તે નીતિ ક્યાં ગઇ? હમણાં ત્હારો તે સ્નેહભાવ ક્યાં ગયો? પવિત્ર આર્યો! ત્હમે તેજ પવિત્ર ભૂમિના સંતાન છો. ત્હમારી તે પ્રાચીન સત્યપ્રિયતા પુનઃ લાવો! ત્હમારો તે પવિત્ર ધર્મ અને પવિત્ર નીતિ પુનઃ લાવો! ત્હમારો તે પ્રાચીન દયા-માયા ભાવ પુનઃ ઉત્પન્ન કરો. અહા! પવિત્રતા, શાંત પવિત્રતા! આર્યોની મહાન ગૌરવાન્વિત પવિત્રતા! આવ, તું પુનઃ આવ! અને આધુનિક આર્યોને પવિત્ર-શાંત માર્ગ પર ચલાવ. આર્યો! પૃથ્વીરાજ અને સૂર્યમલ વચ્ચે અત્યારે જેવો સ્નેહભાવ જણાય છે તેવો સ્નેહભાવ સર્વત્ર વ્યાપે તો કેટલો આનંદ? પૃથ્વીરાજ જેવા વિશુદ્ધ હૃદયના બધાજ યોદ્ધા લડવૈયા હોય તો કેવો આનંદ! હા, પણ અમે સૂર્યમલ જેવા કપટી કાકાઓનાં અસ્તિત્વ જોવા ચ્હાતા નથી. વાંચક! સત્યવ્રત પાલન કરનાર-ભારતીય-વીર નર નારીનાં નામ ઉપર ક્વચિદ્ ક્વચિદ્ બે અશ્રુબિંદુ ટપકાવ્યા કરો! આપણા પૂર્વજોનાં પવિત્ર ચરિત્રને એકદમ ભૂલી જાઓ નહિ. કોઇ વખત તો યાદ કરો કે ત્હમે ક્યા પવિત્ર વંશમાં જન્મ પામ્યા છો? ક્યા ક્યા

* ઉદેપૂરના મહારાણાને શ્રીએકલિંગજી મહાદેવના "દિવાન" કહેવામાં આવે છે.

ઋષિ મહર્ષિયોએ ત્હમારી ભૂમિને પવિત્ર કરી છે? કેવા કેવા વીરોને ત્હમારી જન્મભૂમિ માતાએ પોતાના ખોળામાં પાળીપોષી મ્હોટા કર્યા છે? કેવી કેવી વીર નારીઓએ આ દેશને ગૌરવાન્વિત કર્યો છે? શું ત્હમારા મનમાં કદી પણ એવો વિચાર આવે છે કે: ત્હમે તેજ વીરબાળાઓના સંતાન છો? ત્હમે તેનાજ વંશજ છો, અને તેનાજ પ્રતિનિધિ છો?

ધનઘોર યુદ્ધ થયા પછી પૃથ્વીરાજે સૂર્યમલને હરાવી ન્હસાડી મૂક્યો. તેણે ત્યાંથી જઇ પ્રતાપગઢ દેવલ નામક એક નવું રાજ્ય વસાવ્યું, અને ત્હેમણે ત્યાંજ નિવાસ કર્યો. તારા બહુધા પૃથ્વીરાજની સાથેજ રહેતી અને યુદ્ધમાં જતી હતી. તેમજ પતિને તેના દરેક કાર્યમાં સહાયતા કરતી હતી. પૃથ્વીરાજ અને તારા એ બન્ને સમાન પ્રસિદ્ધ હતાં. ઉત્કટ જ્ઞાન અને રૂપને લીધે તારાની વિશેષ પ્રશંસા થતી હતી. વાસ્તવિક રીતે તારા સર્વ શુભ ગુણ સમ્પન્ન હતી.

૧૦.

એક દિવસ પૃથ્વીરાજની ભગિનીનો પુત્ર ત્હેમની પાસે આવ્યો. શિરોહીના મહારાજ પ્રભોસિંહ સાથે ત્હેમની ભગિનીનાં લગ્ન કરવામાં આવ્યાં હતાં, પરંતુ પ્રભોસિંહનાં આચરણ સારાં નહોતાં. તેઓ મધપાન કરતા હતા અને તેની કેફમાં મહારાણીને અનેક કટુ વચનો કહેતા, પુષ્કળ મારતા અને જમીનપર આળોટાવતા હતા! તે બિચારીએ ઘણા યત્નો કર્યા છતાં મહારાજ સુધર્યા નહિ. દિન પર દિન ત્હેમણે પુષ્કળ મધપાન કરવા માંડ્યું. ત્હેણે મહારાજને ઘણી વખત સમજાવ્યા. ઘણા કાલાવાલા કર્યા પણ તેઓ જ્યારે મધપાન કરી ઉન્મત્ત થતા તે વખતે મહારાણીને અત્યંત દુઃખ દેતા હતા. મહારાણીથી એ દુઃખ સહન થયું નહિ. ત્હેમણે સર્વે વૃત્તાંત એક દિવસ પોતાના બંધુ પૃથ્વીરાજને લખી જણાવ્યું. પત્ર મળતાંજ પૃથ્વીરાજ શિરોહી જવા નિકળ્યા. રાત્રિનો અંધકાર થતાંજ શિરોહી પહોંચ્યા. કોટનાં દ્વાર બંધ હતાં. તેઓ કોટની દિવાલ કુદીને નગરમાં ગયા અને રાજભુવનમાં પહોંચી ગયા. ત્યાં તેમણે પોતાની નજરે ભગિનીની દુર્દશા જોઇ. તે જમીન ઉપર પડી નેત્રમાંથી આંસુ પાડતી હતી. મુખ મલીન થઇ ગયું હતું. માથાના વાળ વિખરાઇ

ગયા હતા અને પતિની બ્હીકથી થરથર કમ્પતી હતી ! પોતાના ભાઇને જોતાંજ તેનું હૈયું ભરાઇ આવ્યું અને છુટે મ્હોડે રડવા લાગી. બ્હેનની દુર્દશા જોઇ પૃથ્વીરાજનું મ્હો લાલ થઇ આવ્યું. તેમનાં નેત્રમાંથી અગ્નિની ચિણગારીઓ ઉડવા લાગી. તેમના ક્રોધનો અત્યારે પાર નહોતો. પૃથ્વીરાજે પોતાની તલ્વાર ઉગામી પ્રભોસિંહના ગળાપર મૂકી ! પૃથ્વીરાજને અતિશય ક્રોધ ચ્હડયો હતો. જો તેમની ભગિનીએ દોડીને તેમનો હાથ ઝાલી લીધો ના હોત તો પ્રભોસિંહના પ્રાણ પરલોકમાં ચાલ્યા ગયા હોત. બ્હેને કહ્યું: "ભાઇ ! મ્હેં વિધવા થવા માટે તમને બોલાવ્યા નથી. મ્હારૂં દુઃખ ટાળવા તમને કષ્ટ આપ્યું છે." પૃથ્વીરાજનું ભયંકર મુખ જોઇને અને તેમની પ્રસિદ્ધ તલ્વાર પોતાના ગળાપર જોઇને પ્રભોસિંહની કેફ ક્યારનીએ ઉતરી ગઇ હતી ! તેઓ હાથ જોડીને પૃથ્વીરાજ પાસે ક્ષમા માગવા લાગ્યા. પૃથ્વીરાજ ક્રોધને લીધે વિશેષ બોલી શકયા નહિ. પ્રભોસિંહને માટે તો તેઓ કાળની મૂર્તિ રૂપજ હતા. પૃથ્વીરાજે કહ્યું: "મ્હારી બ્હેનના પગને સ્પર્શ કરો." એ સાંભળી પ્રભોસિંહે નીચા વળી પત્નિના પગને સ્પર્શ કર્યો. પૃથ્વીરાજે કહ્યું: "મ્હારી બ્હેનનાં પગરખાં (જોડા) તુમારે માથે ચ્હડાવો." પ્રભોસિંહે તેમ પણ કર્યું. માર બડા દાતાર! એ કંઈ ખોટું નથી. હવે પ્રભોસિંહની બુદ્ધિ ઠેકાણે આવી. પૃથ્વીરાજે તેમને દમ ભરાવ્યો કે: "જો હવે મ્હારી બ્હેનને કષ્ટ આપ્યું તો તુમને પાયમાલ કરી નાંખીશ." પ્રભોસિંહે બ્હીકને લીધેજ નમ્ર થઈ પૃથ્વીરાજની પાંચ દિવસ સુધી મિત્રભાવે–સારી પેઠે–પરોણા ચાકરી કરી. અંતે જતી વખત પોતાના સાળાને શિરોહીની પ્રસિદ્ધ મિઠાઇ ભેટ આપી. પૃથ્વીરાજે તેમને ઘણો ઉપદેશ આપ્યો. પ્રભોસિંહે તે સાંભળી "હા જી હા" કર્યા કર્યું. પ્રવાસમાં એક સ્થળે પૃથ્વીરાજે આરામ લીધો અને ક્ષુધા લાગવાથી બનેવીએ આપેલી થોડીક મિઠાઇ ખાધી. એકાદ પહોર થતાં પહેલાં તો પૃથ્વીરાજનું માથું ફરવા લાગ્યું ! ત્હેમણે વિચાર્યું કે: મિઠાઇમાં વિષ તો નહિ હોય ? તેમણે મહારાણી તારાબાઇને બોલાવવા દૂત મોકલ્યો. પૃથ્વીરાજ ! સર્વ મનુષ્યો સરખાં નથી. આ જગતમાં કપટી–વિશ્વાસઘાતી મનુષ્યોની ખોટ નથી ! આજે ત્હમે

જેનું ભલું કર્યું તેજ કાલે ત્હમારૂં અનિષ્ટ કરવા તૈયાર ! જગતમાં ઉપકારનો બદલો અપકારમાં વાળનાર હૈયાફુટાનો ટોટો નથી ! કપટી અને દુરાચારી મનુષ્યો પોતાનાં પાપાચરણ ત્યાગ કરતા નથી. તેવાં કર્મ કરતાં સપડાય છે ત્યારે સાધુવૃત્તિ બતાવી છટકી જઇ પાછા તેવાંજ કાળાં કર્મ કરવા મંડે છે! હશે, આપણે શું ? જે જેવું કરશે તે તેવું ભરશે ! વાવશે તેવું લણશે ! પૃથ્વીરાજે ધીમે ધીમે આગળ ચાલવા માંડયું. સ્હામે દેવીનું મંદિર હતું ત્યાં પહોંચતાંજ તેમના પગ લથડાઇ ગયા અને દેવીના આશ્રમમાં વિશ્રાંતિ લીધી. તારાને સમાચાર મળતાંજ પોતાના તેજસ્વી ઘોડા પર સ્વાર થઇ ત્યાં સત્વર આવી પહોંચી, પરંતુ મૃત્યુ તો ત્હેના કરતાં પણ વ્હેલું આવી પહોંચ્યું હતું ! મૃત્યુનો ઘોડો તારાના ઘોડા કરતાં અનેક ગણો સત્વર દોડયો હતો ! તારા પોતાના પ્રાણપતિને જીવતો જોઈ શકી નહિ. બીજા પણ રાજપૂતો આવી પહોંચ્યા હતા. તારાએ અન્ય રાજપૂતોને આજ્ઞા ફરમાવી કે: "ચિતા તૈયાર કરો. મ્હારે મ્હારા પતિ સાથે સ્વર્ગગમન કરવું છે." જે વીર રાજપૂતોએ અનેક યુદ્ધમાં તારા અને પૃથ્વીરાજ સાથે વિજય મેળવ્યો હતો તેઓ એ બન્નેને આ સંસારમાંથી ચાલ્યાં જતાં શી રીતે જોઈ શકે ? સર્વેએ અશ્રુપાત કરતાં કરતાં ચિતા તૈયાર કરી. અરેરે ! હવે થોડા સમયમાંજ તેઓની આશા નષ્ટ થઇ જશે ! હવે તેઓ કોના બાહુબળ ઉપર આધાર રાખી શત્રુઓ સ્હામું યુદ્ધ કરવા તૈયાર થશે ! હવે તેમને યુદ્ધમાં જતાં કોણ ઉત્તેજીત કરશે ? હવે તેમને પોતાના "વીર" કહીને કોણ સંબોધન કરશે ? તેઓને સંસારમાં અંધકાર જણાવા લાગ્યો. હવે તેમનું પૃથ્વી ઉપર કોઈ રહ્યું નહિ. ચિતામાં અગ્નિ સળગ્યો. તારાએ પોતાના પતિનું મૃતક શરીર લઇ હાસ્ય કરતાં કરતાં ચિતામાં પ્રવેશ કર્યો. તારાએ ભારત લલનાઓનાં મુખ ઉજ્વળ કરી સ્વર્ગગમન કર્યું અને પોતાના પ્રાણપ્રિય પતિ પાસે જઈ પહોંચી.

પૃથ્વીરાજના સ્વર્ગગમન પછી સગરસિંહ પુનઃ મેવાડમાં આવ્યા અને સંવત ૧૫૬૫ (ઇ. સ. ૧૫૦૯) માં ચિત્તોડના સિંહાસન પર આરૂઢ થયા. મોગલ સમ્રાટ્ બાબરના આ દેશમાં આવતાં પહેલાં ભારતવર્ષમાં પ્રબળ રાજા

ગણાતા હતા તેજ એ સગરસિંહ ઉર્ફે રાણા સંગ હતા. ત્હેમણેજ ઇબ્રાહીમ લાદી સાથે ભયંકર યુદ્ધ કરી તેને હરાવ્યો હતો. ત્હેમને ભારતના સર્વ રાજા પોતાના શિરોમણિ માનતા હતા. પરસ્પર ફાટફુટ અને કપટાચરણને લીધેજ શેહેનશાહ બાબરે ત્હેમને સીકરીના રણમેદાનમાં હરાવ્યા હતા અને ફત્તેહપુર સીકરી શહેર વસાવ્યું હતું. શેહેનશાહ બાબર અને મહારાણા સંગના યુદ્ધનું સ્મરણ કરાવી આપવા માટે હજુ સીકરીની યુદ્ધભૂમિ તૈયાર છે! બુદ્ધિમાન મહારાણા સંગની સાથે જો વીરબાહુ પૃથ્વીરાજ અને મહારાણી તારા એ યુદ્ધમાં હાજર હોત તો રાજપૂત અને મોગલના ઇતિહાસમાં કોણ જાણે કેવાં વીર રસાત્મક વર્ણનો વાંચવા આપણે ભાગ્યશાળી થાત! ભારતવર્ષમાં મોગલ વંશનાં જડમૂળ જમાવનાર શેહેનશાહ બાબરને, પૃથ્વીરાજ અને તારાના અલૌકિક બાહુબળનું કંઇક ભાન થાત, એટલુંજ નહિ પણ ભારતવર્ષની રાજગાદી પર મોગલ શેહેનશાહતનું વંશવૃક્ષ આપણે જોવા પામત કે કેમ તેજ એક પ્રશ્ન થઇ પડત! તે સમયે આર્ય યવનના યુદ્ધમાં વીરવર પૃથ્વીરાજનીજ પવિત્ર વિજયપતાકા ચિત્તોડનાં ઉચ્ચ શિખર અને ઇન્દ્રપ્રસ્થની પવિત્ર ભૂમિ ઉપર ઉડી રહેત! પરંતુ વિધાતાએ જે ભાગ્યમાં લખ્યું હોય છે તેજ થાય છે. મહારાજ પૃથ્વીરાજ આ લોક છોડી પરલોકમાં ચાલ્યા ગયા તે સાથે વીરનારી તારાબાઇ પણ ચાલ્યાં ગયાં. તેથીજ રાણા સંગને મોગલ સમ્રાટે પરાજય પમાડી દિલ્હીનું રાજસિંહાસન પ્રાપ્ત કર્યું. અહો ભારત માતા! ત્હારી કૂખમાં કેવાં વીર નર નારી પાક્યાં છે! દેવી! જગતને ચકિત કરી નાંખે એવાં તેમનાં પરાક્રમને લીધેજ હજુ ત્હમે પૃથ્વીમાં આદરસત્કાર પામો છો!

सन्यासिनी. ८.

१.

નદીને કિનારે વિશાળ સ્મશાનભૂમિ જણાય છે. સ્મશાનને એક ખૂણે, ચિતાની ભસ્મ સ્હામુ આ કોણ ગરિબડી રમણી બેઠી છે? તેના માથાના વાળ છૂટા છે. તે કોઈ સન્યાસિની હોય એવું અનુમાન થાય છે! નિર્જીવ, નિષ્પ્રાણ ચિતા–ભસ્મની પેઠે જાણે તેનું હૃદય પણ આજે સુખદુઃખ વગરનું જણાય છે. જાણે પોતાના શરીરના લોહી વડે ચિતાગ્નિ ઓલવી હોવાથી તે જીવતી છતાં જીવનહીન જણાય છે. અરેરે! હજુ તે યુવતિ છે. તેનું કોમળ હૃદય નવીન પ્રેમ, નવીન આશા અને નવીન વાસના વડે પ્રફુલ્લિત થઇ ઉઠયું હતું, તેમાંથી અણચિન્તવ્યો યૌવનસૂર્ય અસ્ત પામતાં પહેલાંજ, સુકાં પાંદડાંની પેઠે પૃથ્વીપર ખરી પડવા જેવુંજ પરિણામ આવશે તેની કોને ખબર હતી?

નલિનીનું મુખ ખિલેલા કમળ ફુલ જેવું સુંદર જણાતું હતું. તે અત્યારે પોતાના બાલ્યસખા કુમારનો હાથ ઝાલી હાસ્ય કરતી એજ નદીને કિનારે આવી વાર્તાલાપ કરતી. નદીના જલમાં ફુલ તરાવતી. જળમાં ન્હાના બે પગ હલાવતી. જળનાં તરંગ સાથે ફુલને નચાવતી. નદીના જળમાં સ્નાન કરી નલિની અને કુમાર તરતાં અને બન્ને જણ આનંદ કરતાં. તે સમયે કોણ જાણતું હતું કે તેનું આવું પરિણામ આવશે! જે દિવસે એજ નદી કિનારે બેસી કુમાર તેને ભવિષ્ય વાર્તા સંભળાવતો હતો તે દિવસે એ બન્ને કલ્પનાના બળ વડે સુખની છબી ચિતરતાં હતાં. તે દિવસે નલિનીએ સ્વપ્ને પણ ધાર્યું નહોતું કે તેને એક દિવસ સ્મશાનવાસી સન્યાસિનીના રૂપમાં નદી કિનારે આવવું પડશે!

વસન્ત ઋતુના દિવસો હતા. પ્રાતઃકાળનો સમય હતો. નદીની છાતી ઉપર નાચતાં ચંચળ જળતરંગ ઉપર સૂર્યનાં કિરણો પડતાં હોવાથી અતિ સુંદર જણાતું હતું. નદીને કિનારે ઉગેલા આમ્રવૃક્ષની ડાળમાં બેઠેલો એક બપૈયો મધુર સ્વરે પિયુ, પિયુ, પોકારી રહ્યો છે. વૃક્ષ નીચે કુમાર અને નલિની બેઠાં છે. નલિનીના મુખ ઉપર આજ હાસ્ય જણાતું નથી. તેનાં નેત્રમાં અશ્રુજળ જણાય છે. મેવાડનો સેનાપતિ અજયસિંહ એજ માર્ગે થઇને યવન સેનાપતિ મહોબતખાંનો હુમલો અટકાવવા જનાર છે. કુમાર પણ તેમાં જવાનો છે, એ સમાચાર સાંભળતાંજ નલિનીનું હૃદય ખિન્ન થયું છે. એક ડાંખળી ઉપર ખિલેલાં બે પુષ્પની પેઠે તેઓ બન્ને સાથે સાથેજ મ્હોટાં થયાં છે. કુમારના ગયા પછી નલિની એકલી શી રીતે રહી શકશે ? એ વિચારથીજ નલિનીના નેત્રમાં અશ્રુજળ જણાય છે.

કુમારસિંહ નલિનીનાં નેત્રનું જળ લુછતાં બોલ્યો "નલિની ! રડે છે શા માટે ? હું સત્વર પાછો આવી પહોંચીશ."

નલિનીએ ઉત્તર દીધો નહિ. તેણે આંસુ ભરેલે નેત્રે, મુંગે મ્હોડે કુમારના મુખ સ્હામુ જોયાજ કર્યું. કુમારે કહ્યું: "જે સમયે શત્રુને પરાજય પમાડી મહારાજ પાસેથી ઇનામમાં વિજયમાળ મેળવી ત્હારા અંબોડામાં પહેરાવીશ તે સમયે—" એટલું બોલતાં બોલતાં કુમારના નેત્રમાં પણ આંસુ ભરાઈ આવ્યાં. તેનું મુખ તેજસ્વી થઇ ઉઠયું. તેની જન્મ પર્યંતની આશા અને સફળતા જાણે દ્રષ્ટિ સમક્ષ તરવરવા લાગી. તેણે એક વખત ધીમે સાદે કહ્યું: "તે સમયે–નલિની, તે સમયે."

નલિનીએ સજળ નેત્રે હસી દીધું. કુમાર વિશેષ બોલી શકયો નહિ. નલિનીએ કુમારના બે હાથ પોતાના બન્ને કોમળ હાથમાં ભેરવી, આનંદ વિહ્વળ નેત્રે, મુગ્ધની પેઠે માત્ર તેના સુંદર વદન મંડલ સ્હામુ જોયા કર્યું. કુમારે પણ પોતાની પ્રિયતમાના સુંદર મનોહર મુખ સ્હામુ જોયા કર્યું. બન્નેએ એક બીજાના સ્હામુ જોઇ કોણ જાણે કેટલુંએ અમૃતપાન કર્યું. કેટલો સમય વીતી ગયો તે કોણ જાણે ? એકાએક ધોરી માર્ગમાં સૈન્યનો કોલાહલ, ઘોડાનાં પગલાં અને રણવાજીંત્રના નાદ સંભળાયા. કુમાર જાણે

સ્વપ્નમાંથી જાગૃત થયો હોય તેમ ચમકયો અને કહ્યું: નલિની, રાજધાની· માંથી સૈન્ય આવતું હોય એમ જણાય છે. આવ, આપણે જોઇએ. ”

બન્ને જણ ત્યાંથી ઉઠી રાજમાર્ગ પાસે આવી ઉભાં રહ્યાં.

૨.

આજે રસ્તાપર મ્હોટી ભીડ જામી ગઇ છે. મ્હોટી ધામધુમ થઇ રહી છે. પર્વતની તળેટીમાં આવેલા ન્હાના ગામડામાં આવો કોલાહલ કોઇ દિવસ થયો નહોતો. રાજધાનીમાંથી લશ્કર આવ્યું છે. હથિયાર સજેલા ઘોડેસ્વાર સિપાહીઓ હારબંધ ચાલે છે. તેમના ભાલા ઉપર સૂર્યનાં કિરણ પડતાં તે ચળકાટ મારે છે. ગામનાં આબાલ વૃદ્ધ સઘળાં ઘર છોડી લશ્કર જોવા માટે માર્ગમાં આવી ઉભાં છે. નલિની પણ આ નવું દ્રષ્ય જોવામાં એવી તલ્લીન થઇ છે કે, તેની પાસે ઉભેલો રાજકુમાર મનુષ્યોની મેદની ઠેલીને કઇ વખતે ચાલ્યો ગયો તેની તેને ખબર પડી નહિ! એકા-એક બાલિકાનાં સ્થિર નેત્રમાં ભયવિહ્વલતા જણાઇ. તેની કોમળ દેહલતા કમ્પાયમાન થઇ ઉઠી. તેણે જોયું કે મનુષ્યોની ભીડમાં થઇને એક અશ્વ ઉતાવળે તેની પાસેજ આવે છે. એવીજ ગતિથી બે ચાર ફલંગો મારી ઘોડો નજીક આવી પહોંચ્યો તો બસ, નલિનીનું આયુષ્ય પુરૂં થયુંજ સમજવું! બાલિકાએ ભયને લીધે મ્હોટી ચીસ પાડી અને પૃથ્વીપર ઢળી પડી–મૂર્છાગત થઈ! એક ઘોડેસ્વાર ક્ષણવારમાં ત્યાં આવી પહોંચ્યો અને તેણે તે કોમ-ળાંગી બાલિકાને પોતાના ખોળામાં લઈ લીધી.

થોડી વારે બાલિકાની મૂર્છા ભંગ થઇ, ત્યારે તેણે જોયું કે તે પો-તાના પિતાના ઘરમાં સૂતી છે. તેની પાસે એક સુંદર યુવક આતુર નેત્રે ત્હેના મુખ સ્હામુ જોઇ રહ્યો છે.

૩.

આજે કુમાર એકલો બેઠો છે. નદીને કિનારે બકુલ વૃક્ષ નીચે ફુલની પથારી થઈ રહી છે. નલિની હજુ પણ માળા ગુંથવા આવી નથી. તેથીજ કુમાર એકલો બેઠો છે. હમણાં નલિની પ્રથમની પેઠે દરરોજ એકલી રમવા આવતી નથી. ક્વચિત આવે છે ત્યારે પ્રથમની પેઠે કુમાર સાથે મન ભરીને વાતો કરતી નથી. તે પ્રથમની પેઠે ફુલ વીણી માળા ગુંથી કુમારના ગળામાં

પ્રેમપૂર્વક પ્હેરાવતી નથી. કુમારસિંહ તેને ફુલ વીણી આપે છે છતાં તે પ્રથમની પેઠે મધુર હાસ્ય કરતી કુમારના મુખ સ્હામું જોતી નથી. કુમાર અનેક યત્ન કરે છે છતાં તે પ્રથમની પેઠે તેના તરફ સ્નેહપૂર્ણ દ્રષ્ટિથી જોતી નથી. હમણાં કુમારને જોતાંજ તેનું મુખ પ્રથમની પેઠે સરલ હાસ્ય કરતું જણાતું નથી; પરંતુ અજયસિંહને વેગળેથી જોતાંજ તેના એ ભાવ બદલાય છે. તેનાં નયનની સાધારણ જ્યોતિ અને હોઠ ઉપર સ્નેહભરિત હાસ્ય એની મેળેજ વિકસિત થઇ ઉઠે છે. નલિની હવે બાલિકા નથી. હવે તે યુવતિ થઇ છે. તેના શરીરના અવયવો વિકાસ પામ્યા છે. તેજ પ્રમાણે તેના હૃદયના વિચારો પણ વિકાસ પામ્યા છે. તેના આચાર વિ-ચારમાં ગંભીરતા આવી છે. તેના હૃદયના પ્રેમમાં પણ ગંભીરતા આવી છે. કારણ? હવે તે બાલક નથી. હવે તે યુવતિ થઇ છે.

કુમાર અને નલિની એ બન્ને બાલ્યાવસ્થાથીજ એક સાથે ઉછર્યાં છે. એક સાથે રમ્યાં છે. એક સાથે આહારવિહાર કર્યો છે. તેથીજ બન્નેનાં હૃદયની ગાંઠ સ્નેહ બંધનમાં દ્રઢ બંધાઇ છે. વિધાતાએ તેમનું જીવન અછેદ્ય દોરી વડે ગુંથી લીધું છે. તેમનાં હૃદય એક બીજાથી ગુપ્ત નથી. બન્નેએ એક બીજાના હૃદયસાગરમાં ડુબકી મારી છે. એકનું માથું દુઃખતાં બીજાનું સમસ્ત શરીર દુઃખે છે. તે બન્ને વચ્ચે એવો અખંડનીય પ્રેમ બંધાયો છે. બન્નેને એક બીજાના પ્રેમ ઉપર શ્રદ્ધા છે. અવિશ્વાસ નથી તેમ છતાં તેમનાં લગ્ન થયાં નથી તેનું કારણ એ છે કેઃ કુમારેજ નિશ્ચય કર્યો છે કેઃ નલિ-નીને યોગ્ય થયા પછી નલિનીના પિતા પાસે તેની ભિક્ષા માગીશ. હમણાં તે સમય હાથ આવ્યો છે. યુદ્ધમાં જઇ વિરત્વ બતાવીને વિજયમાળ લાવી નલિનીના ગળામાં પહેરાવ્યા પછીજ વરમાળ ગ્રહણ કરવાની તેણે આશા રાખી હતી. પરંતુ હમણાં તેનું તે સ્વપ્ન અદ્રશ્ય થયું છે. તેની આશાનો ભંગ થયો છે. તેણે જાગ્રત થઇને જોયું તો જણાયું કેઃ હવે નલિની તેની નથી. નલિની અજયસિંહની થઇ ચૂકી છે. જગતમાં આવા અનેક બનાવો બને છે. એક વસ્તુ એકની આશા પૂરે છે અને તેજ બીજાને નિરાશ કરે છે!

કુમાર એકલો બેઠો બેઠો એજ વિચારો કરે છે, અને નલિનીના આવવાની વાટ જૂવે છે. યુદ્ધમાં જવા પહેલાં એક વખત હેનાં દર્શન કરવાની હેની ઇચ્છા છે. તેણે નિશ્ચય કર્યો છે કેઃ યુદ્ધમાં ગયા પછી નલિનીને ભૂલી જવાશે તો દેશમાં પાછું આવવું છે, નહિ તો બસ, આજે છેલ્લીજ મુલાકાત ! તે કેમ ભૂલાશે નહિં ? તેણે જીવનની એક માત્ર આશાનો ભંગ કર્યો છે. હૃદયમાં પ્રજળતા સ્નેહ–દિપકને તેણે ઓલવી અંધકાર કર્યો છે ! શા માટે તેને ભૂલાશે નહિ ? ના. એક વખત પ્રેમનું અમૃત ચખાડી તેજ અમૃત બીજાને આપનાર નલિની સહજે ભૂલાશે નહિ. તે ગમે તેટલી ભૂલી જાય પણ કુમાર તેને ભૂલી શકશે નહિ. સમર ક્ષેત્રમાં વિજય મેળવવાનું એક બીજું પણ કારણ છે. બાલ્યાવસ્થામાં તેણે માતાના ખોળામાં બેસી રાજસ્થાનના વીર પુરૂષોનાં ચરિત્રો સાંભળ્યાં હતાં. તે વખતથીજ તેનું લોહી ઉકળી રહ્યું હતું. ત્યારથીજ તે પોતાને "વીર" કહેવડાવવા આતુર હતો. હેને બાલ્યાવસ્થાથીજ ઇચ્છા હતી કેઃ "રાજસ્થાનની પવિત્ર ભૂમિમાંથી શત્રુઓનો પગ કહાડવો જોઇએ. અત્યાચારી શત્રુઓને સખ્ત શિક્ષા આપવી જોઇએ. દેશમાં થતો હાહાકાર અટકાવવો જોઇએ. રાજપૂત નૃપતિઓની ભૂમિમાં રાજપૂતોનુંજ રાજ્ય રહેવું જોઇએ. " વીર " થવા આગળ નલિનીનો પ્રેમ પણ તુચ્છ છે." આવા અનેક વિચાર કરતો કુમાર વારંવાર પાછળ જુવે છે પણ નલિની કયાં ? એક તરફ નલિનીનો પ્રેમ, બીજી તરફ " વીર " થવાથી આકાંક્ષા. તેના પ્રેમે તેની એ આકાંક્ષા વધારી દીધી છે. તે જાણતો હતો કે યશ–ગૌરવ એજ નલિની જેવું નારીરત્ન મેળવવાનો માર્ગ છે. તેથીજ આટલા દિવસ થયા તેના હૃદયની આકાંક્ષાનું અને પ્રેમની આકાંક્ષાનું એક અપૂર્વ રાસાયણિક મિશ્રણ થયું હતું. વચમાંજ એકાએક અજયસિંહે કુમારની તે ઐક્યતા છિન્ન ભિન્ન કરી નાંખી ! તે મધુર મિશ્રણ તેણે વિચ્છિન્ન કરી નાંખ્યું ! હવે કુમારના હૃદયમાં માત્ર યશની આકાંક્ષાજ પ્રબળ થઇ ઉઠી છે. શા માટે નહિ ? પ્રેમની આકાંક્ષા પૂર્ણ થાય તેમ નથી તો પછી તે આકાંક્ષા શા માટે રાખવી જોઇએ ? નલિની હમણાં અજયને ચ્હાય છે ! નલિનીએ હમણાં અજયને વાગ્દાન દીધું છે. યુદ્ધ પુરૂં થતાં

અજયસિંહ દેશમાં આવી તેની સાથે લગ્ન કરશે, ત્યાર પછી નલિની તેની સાથે રહેશે. તેની પત્ની થશે.

કુમાર એકલો બેઠો છે. નદી પ્રથમની પેઠે કલ્ કલ્ શબ્દ કરતી વહી રહી છે. અસ્ત પામતા સૂર્યનાં સોનેરી કિરણો વડે નદીનાં જળ ઉપર પહેલાંની પેઠેજ સુવર્ણ રેખા પથરાઇ રહી છે, તેથી જાણે નદીમાંજ સૂર્ય સમાઇ જતો હોય તેમ જણાય છે. વટ વૃક્ષની એક લાંબી ડાખળી પહેલાંની પેઠેજ આજે પણ જળના સોનેરી પ્રવાહ ઉપર કાળી છાયા પ્રસારી રહી છે. કુમાર એકલોજ તે છાયા તરફ જોતો બેઠો છે. સંધ્યા સમયનો સૂર્ય પ્રકાશ આકાશના ગર્ભમાં સંતાઇ જવાની તૈયારીમાં હતો તે સમયે વટવૃક્ષની કાળી છાયા ઉપર જળમાં એક બીજી છાયા જણાઇ. તે જોઇ કુમારનું હૃદય ધડક ધડક થવા લાગ્યું. થોડી વાર સુધી તેણે તે છાયા તરફ જોયા કર્યું. ત્યાર પછી નદી કીનારેથી ઉઠી વટ વૃક્ષ નીચે આવી ઉભાં. તેણે જોયું કેઃ પશ્ચિમ આકાશમાંથી આવતા લાલ પ્રકાશે, નલિનીનુંશોકગ્રસ્ત મુખ ઉજ્વળ કર્યું છે. નલિની આકાશ તરફ જોઇ અશ્રુપાત કરે છે! નલિનીનાં આંસુ જોઇ પ્રથમ કુમારનું હૃદય ચીરાઇ જતું. આજે પણ તેમજ થયું. નલિનીના નેત્રમાં અશ્રુજળ જોતાંજ કુમારના પ્રાણ છટ્ ફટ્ થવા લાગ્યા. તેનાથી સહન થયું નહિ. તે પોતાનું દુઃખ ભૂલી ગયો અને આતુર સ્હેરે પુછવા લાગ્યોઃ " નલિની ! શા માટે રડે છે ? "

કુમાર નલિનીને ચ્હાય છે. નલિની પણ એક દિવસ કુમારને ચ્હાતી હતી. તેનો પ્રેમ હમણાં જૂદા પાત્રમાં સમર્પણ થયો છે તે જોઇ કુમારના હૃદયમાં વ્યથા થશે એ વિચાર ત્હેના હૃદયમાં ઉત્પન્ન થયો નહિ. તેણે તો આકુળ હૃદયે પ્રથમની પેઠેજ વિશ્વાસ રાખી પોતાના બાલ્યસખા કુમાર પાસે હૃદય ઉઘાડી કહ્યું: " કુમાર, અજય યુદ્ધમાં જાય છે. પુનઃ તેમનાં દર્શન થવાની આશા નથી ! "

કુમારના હૃદયમાંથી ધીમે ધીમે એક ઉંડો નિઃશ્વાસ નિકળ્યો. પરાણે બળ લાવી, ચિત્તને સ્થિર કરી, કુમારે ઉત્તર દીધોઃ " થશે. કેમ નહિ થાય ? "

૪.

હવે આશા નથી. અજયસિંહ શત્રુની ગતિ રોકવા અસમર્થ થયો છે. શત્રુના લશ્કરે મેવાડના સૈન્યને તીડનાં ટોળાં પેઠે ચારે તરફથી ઘેરી લીધું છે. અજ્ઞાન અને ઉચ્છૃંખલ સૈનિકો પણ કોઇ ઉભા ઉભા તલવારના ઘા સહન કરે છે! કોઇ ફક્ત તલવાર ઉગામી આમ તેમ જૂવે છે ! કોઇ સેનાપતિની આજ્ઞા તરફ હાસ્ય કરે છે! કોઇ રૂદન કરે છે ! અને કોઇ નાસી જાય છે! રાજપૂત સૈન્યમાં આવી ગડબડ મચી રહી છે. ચારે તરફ હાહાકાર મચી રહ્યો છે. અજયસિંહે નિરાશ થઇ યવનો સાથે સંધિ કરવાનું કહાવી મોકલ્યું. યવન સૈન્ય ગર્વિષ્ટ ઉન્મત્ત—થઇ જય ગર્જના કરવા લાગ્યું. કુમારસિંહ બે હજાર સિપાહીઓની એક ટુકડી લઇ એક તરફ શત્રુ સૈન્ય સાથે યુદ્ધ કરતો હતો. તેઓનો પરાજય કરી અજયસિંહની સહાયતા માટે આવી પહોંચ્યો. કુમારના સૈન્યનો વિજયધ્વનિ સાંભળી અજયસિંહના નિરાશ થઇ ન્હાસી જતા સૈનિકોમાં આશાનો સંચાર થયો. તેઓ પુનઃ હારબંધ એકઠા થયા. કુમારે તેમને જાતીય અભિમાન અને દેશનું રક્ષણ કરવાની તેમની ફરજ સંબંધી શૌર્યોત્પાદક સંભાષણ કહી સંભળાવ્યું. તે સાંભળી અજયના સિપાહીઓને જોસ ચ્હડયું. કુમારે તેમના સેનાપતિનું કાર્ય કર્યું અને તેમને યુદ્ધ કરવા માટે આજ્ઞા આપવાની શરૂવાત કરી. તેઓએ ઉત્સાહમાં આવી, પ્રબળ પ્રતાપ પૂર્વક હથિયાર ચલાવવા માંડયાં. તેઓએ યવન શત્રુઓ સાથે જુસ્સાભેર લડવા માંડયું. તેઓની ચળકતી તલવારે અનેક શત્રુઓનાં માથાં રણભૂમિ ઉપર રખડાવી દીધાં ! જાત્યાભિમાન અને દેશાભિમાનની એકત્ર લાગણીથી વીર રાજપૂતોએ યુદ્ધ કર્યું. પરિણામ એ આવ્યું કે વિજયલક્ષ્મી હિંદુઓ ઉપર પ્રસન્ન થઇ. ભાગ્યનો પ્રવાહ ફર્યો. મુસલમાન સેનાપતિ મહોબતખાં ન્હાસી ગયો. તેના લશ્કરમાં પણ ભંગાણ પડયું. રાજપૂત વીર સિપાહીઓના મારા આગળ તેઓ ત્રાહ ત્રાહ કરવા લાગ્યા. અને તેઓ પણ ન્હાસવા લાગ્યા. વીર કુમારસિંહે મહોબતખાંની પૂઠ પકડી તેની પાછળ પોતાનો અશ્વ દોડાવ્યો. મહોબતખાંનો અશ્વ ઘાયલ થયેલો હોવાથી કેટલેક દૂર જતાંજ પૃથ્વી ઉપર પડી ગયો. એ સમયે કુમા-

રસિંહ તેની પાસે જઈ પહોંચ્યો. મહોબતખાં અચેત સ્થિતિમાં પડેલો જણાયો. કુમારે મહોબતખાંને ઉઠાવી લઇ જવાની સિપાહીઓને આજ્ઞા ફરમાવી અને છાવણી તરફ પ્રયાણ કર્યું. અર્ધે રસ્તે જતાંજ એક વૃક્ષ તળે અજયસિંહને જોઇ કુમારસિંહ તેની પાસે ગયા. તેમણે જોયું કે અજયસિંહ ઘાયલ થઇ વૃક્ષ તળે પડયો છે. આ સ્થિતિ જોઈ રાજપૂત સૈન્યનો સેનાપતિ કુમાર અશ્વ ઉપરથી નીચે ઉતર્યો. અજયસિંહ અને કુમાર વચ્ચે ચારેક હાથનું છેટું હતું એટલામાં પાછળથી યવન સેના અજયસિંહ તરફ તીર છોડતી જણાઇ. તત્ક્ષણાત્ કુમાર અને તેના સિપાહીઓ અજયસિંહની આસપાસ ઉભા રહ્યા. એક બાણ આવી કુમારના શરીરે વાગ્યું. કુમાર તરતજ ઘાયલ થઇ પૃથ્વી ઉપર પડયો. પડતાં પડતાં નલિનીનું તે દિવસે નદીને કિનારે જોયેલું અશ્રુપૂર્ણ કોમળ મુખ યાદ આવ્યું.

૫

યુદ્ધમાં રાજપૂતોને વિજય પ્રાપ્ત થયો છે. અજયસિંહ સૈન્ય લઇને રાજધાનીમાં આવી પહોંચ્યો છે. ઘાયલ થયેલો કુમારસિંહ પણ રાજધાનીમાં આવી ઔષધ સેવન કરે છે. તીરના ઘા વડે તેનું મૃત્યુ થયું નથી તેમ છતાં તેની બચવાની આશા થોડી છે. હજુ ઘામાંથી થોડું લોહી નિકળે છે. દરરોજ તે પર મલમપટાનું કામ ચાલે છે.

સંસાર એ એક પ્રકારની ઈંદ્રજાળની બાજી છે. અદ્રષ્ટ બાજીગર કેવી કુશળતાથી એ બાજી રમે છે તે જાણવું દેવતાઓને માટે અસાધ્ય છે તો પછી મનુષ્યની શી ગણત્રી? કુમારસિંહના બળ પરાક્રમ વડેજ આ વખતના યુદ્ધમાં રાજપૂતોને વિજય પ્રાપ્ત થયો છે તેમ છતાં રાજધાનીમાં સર્વત્ર અજયસિંહને યશ ગૌરવ મળે છે. સર્વત્ર સત્તાની પૂજા થાય છે. ન્યાય પણ તેના મ્હોં આગળ માથુ ઝુકાવી ઘડી ભર બાજુએ ઉભો રહે છે. આજે કુમારસિંહના સૈનિકો પણ અજયસિંહની પ્રશંસા વિરૂદ્ધ કંઇ બોલી શકતા નથી. તે સેનાપતિ હતો. આજે સત્તાવાળા પુરૂષો જુઠું કહે તોપણ તેને કોઇ રોકી શકે એમ નથી! સત્ય કહેવામાં અજયસિંહનું માન ખંડિત થાય છે. તેવું કોણ કહી શકે? આજે તો સઘળા સત્તાના દાસ છે. સત્તાના મ્હોં

આગળ શાણુપણુ ચાલતું નથી ! સત્તાએ તો ભલભલા વીર અને સત્યવાદી પુરૂષોને પાયમાલ કર્યા છે ! આજે રાજધાનીમાં કુમારસિંહનું માન ગૌરવ નથી તેનું કારણુ પણુ એજ સત્તા ! અજયની સત્તાએ તેના માનને એક ખૂણામાં દાબી દીધું છે ! જો કોઇ યુદ્ધમાં વિજય મળવાનું ખરૂં કારણુ કહે તો અજયસિંહની તીક્ષ્ણુ તલવાર તેના ગળાપર લટકીજ સમજવી. તેથીજ કોઇ સત્ય વાત કહેવાનું સાહસ કરતા નથી. કુમારસિંહના તાબાના સૈનિકો સત્ય વાત કહેવા થોડી ઘણી હિમ્મત રાખતા હતા, પરંતુ તેમને ધાસ્તી હતી કે તેમની સત્ય વાત, કદાચ સાંભળનાર હસવામાંજ ઉરાડી દેશે તો ! અને કદાચ રાજા ફાંસીને લાકડે ચ્હડાવી દેશે તો ! તેથીજ તેઓ સત્ય વાત પોતપોતામાંજ કહીને ચુપ રહેતા અને પ્રકટ રીતે અજયસિંહની પ્રશંસા કરવામાં સામેલ થઇ જતા! કુમારસિંહ માંદગીને ખાટલે પડયો હતો. સત્તાથી વેગળો પડયો હતો, તેથી તેનો પક્ષ કોણુ કરે ? અને કોણુ દુઃખના ડુંગર તળે કચડાય ?

આજે રાજધાનીમાં મહોત્સવ થઈ રહ્યો છે. આજે મહારાણા સેનાપતિ અજયસિંહને ઇનામ આપવાના છે. કિલ્લાના મેદાનમાં મ્હોટી સભા ભરાઇ છે. હજારો સૈનિકો, અને હજારો નાગરિકો સભામાં બિરાજ્યા છે. તેઓ સ્થિર નેત્રે, મહારાજ અને સેનાપતિના મુખ તરફ જોયા કરે છે. કમ્મરે લટકતી રત્નજડિત તલવાર મ્યાનમાંથી બહાર કહાડી, ઉભા થઇ મહારાજે કહ્યું:-સેનાપતિ અજયસિંહ, તમારી વીરતાને પ્રતાપેજ આજે મેવાડ શત્રુ રહિત થયું છે. તમે જે વીરતા બતાવી છે તેને લાયક યોગ્ય ઇનામ આ નથી. આ તો માત્ર—"

રાજાના શબ્દો પૂરા થતા પહેલાંજ સભાસદોના જયધ્વનિ વડે ચારે દિશા કમ્પાયમાન થઇ રહી. જયધ્વનિ બંધ પડતાં પહેલાંજ એક વૃદ્ધ સૈનિક ઉતાવળે પગલે આગળ આવી ઉંચે સ્વરે કહેવા લાગ્યોઃ-મહારાણાજી, રાજાધિરાજ ! આપ જે કાર્યને માટે જે મનુષ્યને ઇનામ આપો છો તે સત્ય રીતે જોતાં આપના ઇનામને લાયક નથી. અજયસિંહે યુદ્ધમાં વિજય મેળવ્યો નથી. તેણે તો યુદ્ધમાં પરાજય મેળવી શત્રુઓ સાથે સંધિ કરવાની

તૈયારી કરી હતી. તે સમયે કુમારસિંહે પોતાના બાહુબળ વડે યુદ્ધમાં જય મેળવ્યો છે મહારાજ."

વૃદ્ધના આ શબ્દોથી ચારે દિશામાં સ્તબ્ધતા પથરાઇ ગઇ. અજય-સિંહનું મુખ લાલચોળ થઇ ઉઠયું. મહારાજે તલવાર મ્યાનમાં નાખી કહ્યું: સેનાપતિ, આ વાતમાં કેટલું સત્ય છે!

અજયસિંહનું લાલ મુખ જરા ફિકકુ થયું. તે ક્ષત્રિય હતો. ક્ષત્રિયના મુખમાંથી એકાએક અસત્ય વચનો કેમ નિકળે? પરંતુ જે યશ–ગૌરવ તેણે અત્યાર સુધી ભોગવ્યું છે અને જેને તેણે અત્યાર સુધી પારકાનું ધન માન્યું નહોતું, તેનો ચોરની પેઠે ત્યાગ પણ કેમ કરી શકાય? અજયસિંહ વિસ્મય થઇ બોલ્યો: મહારાજ! જે મનુષ્ય મ્હને અપરાધી ઠેરવે છે તેણે કંઇક પુરાવો આપવો જોઇએ. એક મનુષ્ય કહે તેજ સત્ય માનવું અયોગ્ય કહેવાય."

અજયસિંહના એ ખુલાસાથી સર્વ સભાસદો ત્હેને ધન્યવાદ આપવા લાગ્યા. સત્ય વાત છે. જે મનુષ્ય બીજાને અપરાધી ઠેરવતો હોય તેણે અપ-રાધ માટે પુરાવો લાવવો જોઇએ. અર્થાત્ કોઇ સાક્ષી હાજર કરવો જોઇએ એવી એક રૂઢી છે. મહારાજાએ વૃદ્ધ સૈનિકને કહ્યું: "સિપાહી! કુમાર-સિંહે યુદ્ધમાં જય મેળવ્યો છે ત્હેનો ત્હારી પાસે પુરાવો છે?"

વૃદ્ધ સૈનિકનું નામ રણસિંહ હતું. મહારાજના શબ્દો સાંભળતાંજ તેના શરીરમાં કંઇક જુસ્સો આવ્યો. તેણે મ્હોટે અવાજે કહ્યું: મહારાજ, હું ક્ષત્રિય છું. મ્હારૂં કહેવું સત્ય માનવું જોઇએ. મ્હારૂં કહેવું એજ મ્હારો પુરાવો. ક્ષત્રિયો કદી જૂઠું બોલતા નથી."

મહારાજ: એ સત્ય, પરંતુ અજયસિંહ પણ ક્ષત્રિયજ છે. ત્હમારી વાત સત્ય ઠરે તો તેઓ જૂઠા ઠરશે અને અપરાધી કહેવાશે.

રણસિંહ આ વખતે ક્રોધ સમાવી શકયો નહિ. તેણે બે હાથ જોડી લાલ નેત્રો કરી કહ્યું: મહારાજ! વધારે શું કહેવડાવો છો? અજયસિંહ ચોર કરતાં પણ અધમ છે. જૂઠાનો સરદાર છે. તેણે રણભૂમિમાં વિજય મેળવ્યો નથી, એટલુંજ નહિ પણ તે તો ત્યાંથી ન્હાસી ગયો. હતો. કુમા રસિંહે તેના પ્રાણ બચાવ્યા છે.

એ સાંભળી મહારાજને પણ ક્રોધ ચ્હડયો, તેમણે રણુસિંહને કહ્યું: ચુપ રહે. આ રાજસભા છે. ગાળો દેવાનું સ્થળ નથી. પુરાવો હોય તો લાવી હાજર કર નહિતો અહિંથી ચાલ્યો જા.

રણુસિંહે નમ્ર અવાજે ઉત્તર દીધો: મ્હારા કથનનો પુરાવો જોઇએ તો કુમારસિંહના તાબાના બે હજાર સૈનિકો હજુ જીવતા છે.

મહારાજ: બે હજારની જરૂર નથી. માત્ર બે જણુનેજ બોલાવ.

રણુસિંહ બે સિપાહીઓને બોલાવવા જતો હતો તેજ ક્ષણે મહારાજે કહ્યું: રણુસિંહ, સબૂર કર. ત્હારે જવાની જરૂર નથી. બીજો સિપાહી બોલાવી લાવશે.

એક સિપાહીએ સભાની વચમાં આવી કહ્યું: કુમારસિંહના તાબાના સિપાહીઓ કયાં છે? તેમાંના બે સિપાહીઓ આગળ આવો. તેમણે સાક્ષી આપવી પડશે.

કુમારસિંહના તાબાના સિપાહીઓમાં ત્રાસ ઉત્પન્ન થયો. તેમણે જાણી લીધું કે: અજયસિંહના વિરૂદ્ધ તેઓ જે કંઇ ગુપ્ત રીતે બોલ્યા છે તે પ્રકટ થયું છે તે સંબંધી ન્યાય થશે. પ્રથમ સાક્ષી લેવાશે, ત્યાર પછી ફાંસીને લાકડે! સિપાહીની બુમ સાંભળવા છતાં કોઈ સાક્ષી આપવા આવી શકયું નહિ. સિપાહીએ પુનઃ બુમ પાડી: કુમારસિંહના સિપાહીઓ કયાં છે? ઝટ આગળ આવો. બે સિપાહીઓને મહારાજ સમક્ષ સાક્ષી આપવી પડશે. ઝટ આગળ આવો.

ચારે દીશા શાંત થઇ રહી છે. પ્રત્યેક મનુષ્યો ગુપચુપ ઉભાં રહ્યાં છે. કોઈ આગળ આવી શકતું નથી. આખરે સિપાહી થાકીને પાછો ગયો. તેણે મહારાજને કહ્યું: કુમારસિંહના કોઇ સિપાહીઓ અહિં જણાતા નથી. બુમો પાડવા છતાં ઉત્તર મળતો નથી.

આ સમયે રણુસિંહને ઘણો ગુસ્સો ચઢયો, છતાં તે કંઇ બોલ્યો નહિ. મહારાજે કહ્યું: રણુસિંહ, કોઇ પ્રકારનો પુરાવો લાવી શકે એમ છે?

રણુસિંહ: મહારાજ, કુમારસિંહ પોતેજ એનો પ્રત્યક્ષ પુરાવો. તેમની સાક્ષી લેવી જોઇએ.

અજયસિંહે ધીમેથી ઉત્તર દીધો: હમણાં તેઓ માંદા છે. જો તેમને આ સ્થળે લાવવામાં આવશે તો તેમનું મૃત્યુ થશે.

રણુસિંહ: ક્ષત્રિયના જીવન કરતાં તેને તેનું નામ, યશ, અને વીરત્વ અધિક મૂલ્યવાન જણાય છે. તેના યશ–ગૌરવનું રક્ષણ થવુંજ જોઇએ. તેમનો યશ અન્યને મળવો જોઇએ નહિ. મહારાજ, તેમને આ સ્થળે લાવવા જોઇએ.

મહારાજે આજ્ઞા ફરમાવી: સિપાહીઓ, જાઓ, તેમને મ્યાનામાં બેસાડી આ સ્થળે લાવો.

રણુસિંહ બે સિપાહીઓ સાથે કુમારસિંહને બોલાવવા ગયો. સિપાહીઓને મ્યાનો લાવવા મોકલ્યા. રણુસિંહ કુમારસિંહના ઓરડામાં જઇ તેમની પાસે ઉભો. કુમારે કહ્યું: રણુસિંહ, કેટલીક વાર થયાં તમે ક્યાં ગયા હતા? ઘણો વખત થયાં હું તમને બુમો પાડું છું પણ કોઇ ઉત્તર આપતું નથી.

રણુસિંહે ઉતરેલે ચ્હેરે ઉત્તર આપ્યો: "મહારાજ સર્વત્ર એવી વાત ફેલાઇ છે કે અજયસિંહેજ યુદ્ધમાં જય મેળવ્યો છે. તેને આજે મહારાણાને હાથે ઇનામ મળવાના સમાચાર સાંભળી હું રાજસભામાં ગયો હતો. જેણે યુદ્ધમાં જય મેળવ્યો છે તે વીર પુરૂષ તો પથારીવશ પડયા છે. તેનું નામ તો કોઇને મુખે સંભળાતું નથી અને તેને બદલે પાખંડી અને બ્હીકણ અજયસિંહને યુદ્ધમાં જય મેળવવા માટે ઇનામ મળવાની વાત મ્હારાથી સહન થઇ શકી નહિ. તેથીજ આપને એકલા રહેવા દઇ હું રાજસભામાં ગયો હતો. ત્યાં જઇ મ્હેં સત્ય વાત પ્રકટ કરી છે."

કુમાર વિસ્મય પામ્યો. યુદ્ધમાં જય મેળવનારનું નામ વેગળું રાખી અજયને જય મળતો જાણી તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેમને વધારે અજાયબી તો એ થઇ કે અજય ખુશીથી ખોટું માન ગ્રહણ કરે છે!

રણુસિંહે કહ્યું: મહારાજ! મ્હારી વાત મહારાણા માનતા નથી. આપને દરબારમાં આવી સાક્ષી આપવી પડશે.

એ સમયે કુમારસિંહનું શરીર ક્રોધને લીધે કમ્પી ઉઠ્યું! પોતાની પ્રાણેશ્વરી નલિની મેળવવા છતાં અજયને શાંતિ થઇ નહિ. હવે બીજાનો

મેળવેલો યશ અને ગૌરવ પણ ચોરની પેઠે તે લૂંટી લેવા માંગે છે? ક્ષત્રિયોનું અમૂલ્ય ધન યશ–ગૌરવ તે પણ સુખે ભોગવવા દેવું નથી! એ જાણી કુમાર પથારીમાંથી જુસ્સા ભેર બેઠો થયો. તેજ ક્ષણે તેની છાતીમાં પડેલા ઘામાંથી લોહીની ધારા પુનઃ વહેવા લાગી. પાછો તે પથારીમાં ધીમે ધીમે સુઇ ગયો. રણસિંહને કહ્યું: "મ્યાનો લાવ, હું રાજસભામાં આવવા તૈયાર છું."

કુમારનું દુઃખ જોઇ રણસિંહના નેત્રમાં આંસુ ભરાઇ આવ્યાં. તેણે કહ્યું: મ્યાનો લેવા સિપાહીઓ મોકલ્યા છે.

* * * * *

થોડીવાર સુધી રાજસભા સ્તબ્ધ થઈ રહી હતી. સર્વની ઉત્કંઠા વચ્ચે રાજસભામાં એક મ્યાનો લાવવામાં આવ્યો. કુમારસિંહનું ક્ષીણ શરીર સર્વેના જોવામાં આવ્યું. પગે, છાતી પર, અને માથે વાગેલા ઘા પર મલમ-પટા બાંધ્યા હતા. કુમાર ધીમે ધીમે મહારાણાની પાસેનાં આસનપર બેઠો. તેની ઉદાર અને ભવ્ય મૂર્તિ જોઇ સભાસદોના હ્રદયમાં આનંદ થયો. માત્ર અજયસિંહનું મ્હો ઉતરી ગયું હતું. કુમારને જોઇ ત્હેને આનંદ થતો નહોતો. તે કુમાર તરફ તીવ્ર દ્રષ્ટિ વડે જોતો હતો.

કુમારના સ્વાસ્થ્ય સમાચાર પૂછ્યા પછી મહારાણાએ કહ્યું: કુમાર-સિંહ! તમે ક્ષત્રિય છો. મૃત્યુને બિછાને પડયા છો. ત્હમે જે સ્થળે જવાના છો તે સ્થળે આ પૃથ્વીનાં માન–યશ ત્હમારી સાથે આવશે નહિ. માત્ર એક "સત્ય" ત્હમારી સાથે આવશે. સત્ય કહેજો. યુદ્ધમાં કોણે જય મેળવ્યો? ત્હમે કે અજયસિંહે?

કુમારસિંહે ઉત્તર દેતાં પહેલાં એક વખત અજયસિંહના ફિક્કા–ઉતરેલા મુખ તરફ જોયું. જોતાં જોતાં ત્હેના મનમાં વિચાર થયો કેઃ "એને એક વખત "પ્રાણ" આપ્યો છે, હવે તેનો બદલો લઉં? શું બદલો? કોના પ્રત્યે બદલો? અજય પાસે કે નલિની પાસે? અજયના આજના અપમા-નની વાત સાંભળીને કોના હ્રદયમાં સખ્ત આઘાત થશે? કોના જીવનનું સુખ નષ્ટ થશે? નલિનીનો પિતા અજયની આજની વાત સાંભળી તેને નલિની નહિ પરણાવે તો કોનું હ્રદય નિરાશાના દાવાનળથી બળી મરશે?

વિવાહ પછી પણ નલિની અજયના આ અપમાનની વાત સાંભળે અને તેને એક ઠગારા ચોર તરીકે ઓળખે તો તેને કેવું ભયંકર દુઃખ થાય? આવા વિચારો કરતાં કરતાં કુમારના મનમાં નલિનીની તે દિવસની અશ્રુ-પૂર્ણ, શોકાંકિત મૂર્તિ જાગૃત થઇ. નલિનીને ભવિષ્યમાં શોકસાગરમાં ડુબાવવાની તેને ઇચ્છા થઇ નહિ. અજયસિંહે ગમે તેમ કર્યું પણ પોતાની એક વખતની પ્રિયતમાને ચિરકાલને માટે દુઃખી કરવાની તેને વાંચ્છના થઈ નહિ. કુમારે મહારાણાને સત્ય કહ્યું નહિ. તેણે કહ્યુંઃ મહારાજ! મ્હને એ વાત પૂછશો નહિ. લોભને વશ રાખવો એ કાર્ય મહા કઠિન છે!"

મહારાણાઃ મૃત્યુ શય્યામાં પડવા છતાં પણ!

કુમારઃ હા મહારાજ.

મહારાણાઃ ત્યારે હવે ત્હમને અન્ય પૂછવું નથી. અજયસિંહને યુદ્ધમાં જય મેળવવા માટેનું ઇનામ આપવામાં આવશે.

કુમારઃ ઘણી ખુશીથી મહારાજ.

મહારાણાએ ઉચ્ચ સ્વરે કહ્યુંઃ યુદ્ધમાં અજયસિંહેજ જય મેળવ્યો છે એમાં શંકા નથી.

એ સાંભળતાંજ રાજસભામાં ચારે તરફથી અજયસિંહના નામનો વિજય ધ્વનિ થયો. હૃદયનું સમસ્ત બળ સંગ્રહ કરી કુમારે શાંત રીતે તે ધ્વનિ સાંભળ્યો. તેના વીરત્વ ગૌરવનો યશ અન્યને મળ્યો. વીરને બદલે બ્હીકણને યશ મળ્યો. તેના પ્રાણની નિષ્ફળ આકાંક્ષાએ પ્રાણને હચમચાવી મૂક્યા. એક ઉંડા નિઃશ્વાસ સાથે શરીરની કેટલીક શક્તિ વાયુ મંડળમાં ઉડી ગઇ! કુમારે રણસિંહને કહ્યુંઃ "મ્હને અહિંથી સત્વર ઘેર લઇ જા."

કુમાર મ્યાનામાં બેસી ઘેર ગયો. રણસિંહના નેત્રમાં અત્યારે ચોધાર આંસુ ચાલ્યાં જાય છે. કુમાર મ્યાનામાં અર્ધ મુર્ચ્છિત અવસ્થામાં પડયો પડયો નલિનીનું નામ સ્મરણ કરે છે. તેને સુખી થવાના આશિર્વાદ આપે છે. ધન્ય પ્રેમ! સાચા પ્રેમીઓ એવુંજ ઉત્તમ દાન કરી શકે છે. સાચાં પ્રેમીઓ એટલાં બધાં ઉદારજ હોય છે. પ્રેમના રાજ્યમાં શું અશક્ય છે!

મહારાણાએ અજયસિંહની કમ્મરે ઇનામવાળી કિંમતિ તલવાર લટ-

કાવતાં કહ્યું: "અજયસિંહ, ત્હમે જે મહાન કાર્ય કર્યું છે તેના બદલામાં ધન રત્ન આપવું એ યોગ્ય ઇનામ કહી શકાશે નહિ. દેશને માટે ત્હમે ઘણું કર્યું છે. યવન શત્રુઓને ન્હસાડયા છે. માતૃભૂમિનું માન–ગૌરવ સાચવ્યું છે. જનની જન્મભૂમિનું મુખ ઉજ્વળ કર્યું છે. દેશના સાચા વીર પુરૂષો દેશ સેવામાંજ જીવનનું સાર્થક માને છે. ત્હમે આજે જીવનનું સાર્થક કર્યું છે. ત્હમારા જેવા દેશભક્ત રાજભક્ત વીર પુરૂષોની સેવાથી હું મ્હને પોતાને ધન્ય માનું છું. યુદ્ધમાં જય મેળવવાના સ્મર્ણ ચિહ્ન તરીકે આ રત્નજડિત તલવાર ત્હમારી કમ્મરે લટકાવીને અને એથી વિશેષ ઇનામમાં, પોતાની ઉજ્વળ જ્યોતિથી મ્હારા હૃદયને પ્રકાશિત કરનાર, મ્હારા રાજમહાલયનું સર્વ શ્રેષ્ઠ અસામાન્ય કન્યા રત્ન ત્હમને અર્પણ કરીને કૃતાર્થ થાઉં છું."

તેજ દિવસે રાજમહાલયમાં મ્હોટી ધામધુમ થઇ રહી. સર્વત્ર આનંદ ઉત્સવ થવા લાગ્યો. ઇન્દ્રને ઘેરથી ભૂલી પડેલી એકાદ અપ્સરા જેવી, સુંદરતાના નમુના સ્વરૂપ, રાજકન્યા માયાવતીનાં લગ્ન અજયસિંહ સાથે કરવામાં આવ્યાં. નાગરિક જનોમાં આનંદ ઉત્સવ થઇ રહ્યો.

૬.

યુદ્ધ પરિપૂર્ણ થયું છે. નગરમાં કહેવાય છે કે યુદ્ધમાં અજયસિંહે મહાન વિજય પ્રાપ્ત કર્યો છે. તેની પ્રશંસા સાંભળી નલિનીનું હૃદય દોઢ વેંત પ્રફુલ્લ થયું છે. કેમ નહિ? પોતાના પ્રાણેશ્વરે યુદ્ધમાં જય મેળવ્યો એ વાત કંઇ જેવી તેવી નહોતી! રણક્ષેત્રમાં શત્રુ પક્ષના યોદ્ધાઓ સ્હામું લડવું એ મહા કઠિન કાર્ય છે. ત્યાંજ બુદ્ધિ, બળ, અને ચતુરાઇની પરિક્ષા છે. એ કઠિન પરિક્ષામાં ત્હેનો હૃદયવલ્લભ પાસ થયો છે. મહારાણાએ તેને રાજસભામાં પોતાને હાથે રત્નજડિત તલવારનું ઇનામ આપ્યું છે. એથી વિશેષ શું જોઇએ? હવે તે માત્ર અજયસિંહના આગમનનીજ વાટ જુવે છે! તે આવે તો નલિની તેના મુખનું દર્શન કરી કૃતાર્થ થવા તૈયાર થઇ રહી છે. તેના પ્રાણેશ્વરને યુદ્ધમાં જય મળવાથી આજે તેને અભિમાન થયું છે. તે ઉત્સુક હૃદયે અજયના આવવાની વાટ જુવે છે, પરંતુ દિવસ પર દિવસ જવા છતાં અજય આવ્યો નહિ. ઘણા દિવસથી તેનો પત્ર પણ આવ્યો નથી.

નલિનીનું પ્રફુલ્લ મુખકમળ દિવસે દિવસે સુકાઇ જવા લાગ્યું. તેના ચકિત હ્રદયની આશા, દિવસે દિવસે નિરાશાના રૂપમાં ફેરવાતી ગઇ! ગામની ભાગોળે જે સ્થળે તેણે લશ્કર સાથે અજયને જોયો હતો તે સ્થળે જઈ એક વૃક્ષ નીચે ઉભાં રહી તે રોજ અજયની વાટ જોતી હતી. વેગળે કોઈનાં પગલાં સંભળાતાં નલિની ક્ષણે ક્ષણે પાછું વાળી જોઇ ચમકી ઉઠતી. અંતે સન્ધ્યા સમયે બિચારી નિરાશ થઇ દુઃખી હ્રદયે ઘેર પાછી ફરતી. એક દિવસ તેનું અનુમાન સત્ય ઠર્યું. તેણે સાંભળેલો ધ્વનિ, કલ્પના નહિ કરતાં, ધીમે ધીમે નજીક આવતો જણાયો. એ જોઇ નલિનીના આનંદનો પાર રહ્યો નહિ. તેનું હ્રદય હર્ષથી પ્રફુલ્લ થયું. તેનું કરમાયલું મુખ પુનઃ પ્રફુલ્લિત કમળ સમાન તેજસ્વી જણાવા લાગ્યું. અંતે એક ન્હાનો વરઘોડો તેના સ્હામુ આવતો જણાયો. તેણે જોયું કે ઘણા લશ્કરી ઘોડેસ્વાર એક સુસજ્જિત પાલખીની આસપાસ ચાલે છે. પાલખીમાં વરરાજા અજયસિંહ આવતો હોય એવું અનુમાન કરી બાલિકા નલિનીનું હ્રદય આનન્દમાં નાચી ઉઠ્યું. ત્હેણે માની લીધું કેઃ અજયસિંહજ ઘણે દિવસે મળવા આવે છે. તેનું હ્રદય બોલવા લાગ્યું: " આવો હ્રદયેશ્વર! આટલે બધે દિવસે હિન-ભાગ્ય નલિની યાદ આવી એ પણ સૌભાગ્યનીજ વાત! આટલે દિવસે કરમાયલા હ્રદયમાં પ્રેમજળનું સિંજન થશે એજ મહદ્ ભાગ્ય! આવો પ્રાણેશ્વર! આ હ્રદય પાથરી કયારનીએ વાટ જોઉં છું. આવો, પધારો."

પાલખી એક વૃક્ષ નીચે ઉભી રાખવામાં આવી. નલિની હવે થોભી શકી નહિ. તેનાથી વરરાજાના દર્શનમાં થતો વિલંબ સહન થયો નહિ. વરરાજા પાલખીમાંથી બહાર આવે ત્યાંસુધી તે થોભી શકી નહિ. તે ચપ-ળતાથી કમ્પતે હ્રદયે પાલખી નજીક આવી પહોંચી. તેણે જોયું કેઃ પાલખી પર ઢાંકેલું કિમતી વસ્ત્ર અર્ધું ઉઘાડી રણસિંહ પાલખીમાં નજર નાંખે છે. નલિની જાણતી હતી કે રણસિંહ કુમારસિંહનો નોકર છે. કુમારસિંહનો નોકર અજયસિંહની નોકરીમાં શા કારણથી આવ્યો છે તેનો તેને વિચાર પણ થયો નહિ. વરરાજાનાં દર્શન કરવા તેનું હ્રદય અતિ આતુર અધીર થઇ ઉઠ્યું. તેણે તરતજ પાલખી ઉપરનું લુગડું ઉઘાડી જોયું. તેણે જે જોયું

તે જોતાંજ પત્થરની પૂતળી પેઠે સ્તબ્ધ થઇ ગઇ! પાલખીમાં વરરાજા અજયસિંહ નથી પણ કુમારસિંહ સૂતો છે. તેના મુખ ઉપર મૃત્યુની શાંત છાયા પથરાઇ રહી છે.

* * * * *

નલિનીના ઉતરેલા ચ્હેરા તરફ જોઇ રણુસિંહે તેને યુદ્ધમાં જય મેળ-વવા સંબંધી સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. કુમારસિંહની વીરતા અને યશ અજયસિંહે ચોરી લીધાં હતાં તે પણ તેણે જણાવ્યું. યુદ્ધમાં કુમારસિંહે અજયના પ્રાણ કેવી રીતે બચાવ્યા હતા તેનું પણ તેણે વર્ણન કર્યું. અજ-યસિંહ રાજકન્યાના મોહમાં ડૂબી જઇ નલિનીને ભૂલી ગયો છે તે પણ તેણે કહ્યું. કુમારસિંહે નલિનીને ખાતરજ પોતાનું વીરત્વ–ગૌરવ અજયસિં-હને અર્પણ કર્યું હતું તે પણ તેણે કહ્યું. અને અન્તે નલિનીને સુખી કરવાને ખાતરજ કુમારસિંહે ભર સભામાં મહારાણાને અસત્ય કહ્યું હતું તે પણ કહી સંભળાવ્યું. આ સર્વ મર્મવિદારક કથા સાંભળવાથી નલિનીના હૃદ-યમાં અજયસિંહની શઠતા અને કુમારસિંહની ઉદારતા તથા નિર્મળ પ્રેમ જણાઇ આવ્યાં છે. તેણે આજેજ કુમારસિંહના ખરા પ્રેમને જાણ્યો છે. તેથીજ તે આજે સ્મશાનમાં સન્યાસિની થઇ બેઠી છે. તેથીજ તેણે સ્મશાનમાં નિવાસસ્થાન રાખ્યું છે. કુમારસિંહની ચિતાભસ્મ એજ સંસા-રમાં તેના ઉપર ભોગની વસ્તુ થઇ પડી છે. નિર્મળ પ્રેમને ધન્ય છે.

प्रेममंदिर. ९.

૧. મુક્તતા.

"દોડો ! દોડો ! રક્ષણ કરો ! કોઇ દોડી આવો ! મ્હને બચાવો !" કોઇ એક તરૂણ સ્ત્રીએ અત્યંત કરૂણ સ્વરે મ્હોટી બુમો પાડવાથી કનકગઢની આસપાસનો ડુંગરાળ પ્રદેશ હચમચી ગયો. પર્વતની પ્રત્યેક ખીણમાં અને પ્રત્યેક જંગલોમાં એ કરૂણ સ્વરનો પ્રતિધ્વનિ ઘૂમવા લાગ્યો.

જે સ્થળેથી ઉપલો કરૂણ સ્વર આવતો હતો ત્યાંથી થોડે વેગળે ડુંગરાળ પ્રદેશમાં રસ્તાની એક બાજુએ વહેતા એક સ્વચ્છ પાણીના ઝરાને કિનારે બેસી, એક અતિ તૃષાતુર પ્રવાસી તરૂણ સિપાહી મધુર જળપાન કરી રહ્યો હતો. તેણે આજે લાંબી મુસાફરી કરેલી હોવાથી ઘણો થાકેલો જણાતો હતો. તેના પગ સુજી ગયા હતા. તેના મુખ ઉપર પરસેવાનાં બિંદુ સુકાયલાં જણાતાં હતાં. તેનો કંઠ અને તાળવું સુકાઇ ગયાં હતાં. તૃષાએ ત્હેને અતિશય વ્યાકુળ બનાવી દીધેલો હોવાથી જળ માટે તેણે આસપાસ ઘણી શોધ કરી હતી. ઘણા પ્રયાસને અંતે ત્હેને એક ન્હાનો ઝરો જડયો હતો. એક બે વખત કોગળા કરી મુખ ધોયું અને જળના બે ખોબા પીધા હશે એટલામાં કોઇએક તરૂણ સ્ત્રીના કરૂણ સ્વરવડે સમસ્ત ડુંગરાળ પ્રદેશ કમ્પી ઉઠયો અને તેજ સ્વર તરૂણ સિપાહીને કાને અથડાયો ! એ સમયે આપણા તરૂણે પોતાની તૃષા શાંત કરવાનું કામ થોભાવ્યું, અને ખોબામાં ભરેલું જળ પાછું ઝરામાં રેડી ઝટ ઉઠી ઉભો થયો.

એક વૃક્ષના થડ સાથે તેણે પોતાનો ઘોડો બાંધ્યો હતો. ઉતાવળે પગલે તરૂણ સિપાહી તેની પાસે ગયો અને ઘોડેસ્વાર થઈ એડી મારી કહ્યું:

ચાલ બેટા અજય! આપણને વિશ્રાંતી કેવી? આપણને સુખે અન્નજળ લેવાનાં કેવાં?"

અજયે પણ છલાંગ પર છલાંગ મારી આગળ ધસવા માંડયું. જે સ્થળેથી કરૂણ સ્વર આવતો હતો તે તરફ ઘોડો ચલાવ્યો. ડુંગરાળ પ્રદેશના આડા અવળા-સાંકડા ખડબચડા વિકટ માર્ગ પસાર કરતાં થોડો સમય વિત્યો. કરૂણ સ્વર આવતો હતો તેજ સ્થળે પહોંચતાં એક વિલક્ષણ દેખાવ ત્હેની નજરે પડયો. તેણે જોયું કે: એક અત્યંત રૂપવતી તરૂણ સ્ત્રીને એક વૃક્ષ સાથે કોઇએ સખ્ત રીતે બાંધેલી છે. ત્હેના સ્હામુ એક લાલ ડોળા ઘુરકાવતો, પિશાચ આકૃતિનો પુરૂષ ઉભો છે. તે જોતાં તેને ભાસ થયો કે એ પુરૂષ ભયંકર નર્કનો દ્વારપાળ હોવો જોઇએ. બાજુમાં એક ભાંગેલો મ્યાનો પણ પડેલો જણાયો.

આપણા તરૂણ વીરે મ્યાનામાંથી ઝટ એક તલવાર ઉંચકીને જમણે હાથે ઉભેલા મનુષ્યની ખાંધ ઉપર જોરથી ઘા માર્યો. અને ક્રોધથી કમ્પતાંજ પૂછ્યું: તું કોણ છે?

ભયથી કમ્પતાં કમ્પતાં તે પુરૂષે ઉત્તર દીધો: ક્ષમા કરો. હું તો આજ્ઞાનો દાસ છું. મ્હારો કંઇ અપરાધ નથી.

"ત્હારો સ્વામી ક્યાં છે?"

"મ્યાનો ઉંચકનાર ભોઇઓની પાછળ ગયો છે."

"આ ભાંગેલો મ્યાનો કોનો છે? ભોઇઓ કયાં ગયા છે?"

"પ્રાણના ભયથી તેઓ ન્હાસી ગયા છે. મ્યાનો આ સ્ત્રીનો છે. દેવદર્શન કરીને એ લોકો આ રસ્તેથી પાછાં સ્વગૃહે જતાં હતાં. અમારા સ્વામીએ ભોઇઓને મારી ન્હસાડી મૂકયા."

"તું કોણ છે? રાજપૂત છે?"

"હા, હું ચંદાવત."

"અને ત્હારો દુષ્ટ સ્વામી?"

"તે પણ ચંદાવતજ છે."

"ખરેખર, ત્હમે ચંદાવતો રાજપૂત જાતીમાં કલંક સ્વરૂપ છો. આ

સ્રી કોણ છે તે તું જાણે છે?"

"ના."

તરૂણ સિપાહીએ તેના ગળા ઉપર તલવાર રાખી કહ્યું: "સાચું બોલ કૂતરા, નહિ તો હમણાંજ—"

તે પુરૂષે કમ્પતે સ્વરે કહ્યું: "એકલિંગજી ભગવાનના સોગન ખાઇને કહુંછું કે મ્હને કંઇ ખબરજ નથી."

"એને ઝાડ સાથે કોણે બાંધી?"

"મ્હારા સ્વામીએ."

તેની ખાંધ ઉપર મૂકેલી તલવાર તરૂણે ઉંચકી લીધી, અને કડક સ્વરે તેને ધમકી આપતાં કહ્યું: "જો ન્હાસી જવાનો યત્ન કર્યો તો જીવથી ગયોજ સમજજે બચ્ચા! મ્હારૂં કામ પરિપૂર્ણ થતાં સુધી ગુપચુપ અહિંજ ઉભો રહેજે."

એમ કહી તરૂણ સિપાહીએ વૃક્ષ સાથે સખ્ત બાંધેલી, મરવા જેવી થઇ ગયેલી રમણીનાં બંધન તોડી નાંખ્યાં અને તેને મુક્ત કરી. ચોર લોકોએ તે કોમળાંગી તરૂણીની એવી સ્થિતિ કરેલી હોવાથી ભયને લીધે હજુ તે થરથર કમ્પતી હતી. અને નવા આવેલા તરૂણ વીર તરફ જોયા કરતી હતી.

તરૂણ વીરે તેને આશ્વાસન આપતાં કહ્યું: "હવે ત્હમે બ્હીશો નહિ, હવે તમે સંકટમાંથી તદ્દન મુક્ત થયાં છો. નિર્ભય હૃદયે ત્હમારો પરિચય આપો. મ્હારૂં નામ કરૂણસિંહ. હું અકબર બાદશાહનો એક સેનાપતિ છું. મોગલોએ રાજપૂતાનામાં નવા જીતેલા રાજ્યનો હું એક મુખ્ય અધિકારી છું. મ્હારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખજો."

કરૂણસિંહની ઓળખાણ સાંભળી તે સ્રી એકાએક ખંચાઇ. "કરૂણસિંહ! કરૂણસિંહ! શું આ તેજ કરૂણસિંહ?" તે રમણીના હૃદયમાં ભયને બદલે આનંદ નૃત્ય કરવા લાગ્યો. અન્ય કોઇ પુરૂષને પોતાનો પરિચય આપવામાં અડચણ નહોતી, પણ આ વીરને ઓળખ આપવાની ત્હેની ઇચ્છા થઇ નહિ. રમણીએ કહ્યું: "વીરશ્રેષ્ઠ! આપનો મ્હારા ઉપર જે ઉપકાર થયો છે તે જન્મોજન્મ ભૂલાય તેમ નથી. આપે વીર પુરૂષને છાજે

એવો ધર્મ બજાવી ભયંકર સંકટમાંથી મ્હારૂં રક્ષણ કર્યું છે, પરંતુ હું મ્હારી ઓળખાણ ત્હમને આપવા ખુશી નથી તે માટે મ્હને ક્ષમા આપશો. કૃપા કરીને મ્હને આ ડુંગરાળ પ્રદેશમાંથી બ્હાર મુકી જાઓ. પછી હું ચાલી જઇશ. ગામ નજીકજ છે. ત્યાંથી એકાદ મ્યાનો કે ડોલી મળશે."

"જેવી તમારી ઇચ્છા! પણ તમે એકલાં છો. પુનઃ કદાચ આવુંજ ભયંકર સંકટ આવી પડયું તો?"

સ્મિત હાસ્ય કરતાં તે રમણીએ કહ્યું: "બાદશાહના નવીન સેનાપતિએ દુર્બળ હાથમાં તલવાર ધારણ કરી નથી, તે હું સારી પેઠે જાણું છું."

તરૂણ તે રમણીની અતુલ સુંદરતા જોઇ ત્યારથી તે તેના ઉપર મોહ પામ્યો હતો. તેને પોતાના દેહનું પણ ભાન રહ્યું નહોતું. સુંદરતા એવીજ વસ્તુ છે. સુંદરતા જોઇને મ્હોટા મ્હોટા ઋષિ મુનિઓ મોહ પામ્યા છે તો એક સાધારણ તરૂણ સિપાહીની શી ગતિ? તેનો મધુર કંઠ સ્વર સાંભળીને મંત્રમૂઢ થયલા મનુષ્યની પેઠે તે સ્તબ્ધજ થઇ ગયો હતો! એટલામાં કંઇક યાદ આવ્યું હોય તેમ પાછું ફરીને જૂવે છે તો તેણે શું દીઠું? લાગ જોઇને પેલો ચંદાવત ક્યારનોએ ન્હાસી ગયો હતો! તરૂણ સિપાહીને ડુંગરાળ પ્રદેશની બરોબર માહિતી નહોતી. હવે શું કરવું? વિકટ ડુંગરાળ પ્રદેશમાંથી બહાર શી રીતે જવાશે?

વીણાને લજાવે એવા કોમળ સ્વરે સુંદરીએ કહ્યું: શો વિચાર કરો છો રાજકુમાર! ચાલો આપણે આ પ્રદેશમાંથી સત્વર બહાર નિકળી જઇએ. તે અધમ ચંડાળોનું એક મ્હોટું ટોળું છે. પુનઃ આવી આપણ બન્નેને કદાચ ભયંકર સંકટમાં નાંખશે!

અહા! કેવો મધુર સ્વર! જાણે સપ્ત સૂર મેળવવા સતાર ઉપર કોઇએ આંગળાં ફેરવી સુંદર સંગીતજ ગાયું હોયની! અહા! તે રમણીનું રૂપ કેટલું રમણીય–કેટલું સુંદર! પ્રાતઃકાળમાં ખિલેલાં કમળ જેવું તેનું નિષ્કલંક મુખ જાણે ભગવાન પ્રેમ દેવતાને વિલાસ કરવાનું ક્રિડા સ્થાન હોય તેવું મનોહર જણાતું હતું! તેજસ્વી અને વિશાળ નેત્રોની દ્રષ્ટિ અતિચંચળ અને મોહક જણાતી હતી. જાણે કાળા ભમરાને હારબંધ ગુંથી

લીધા હોય એવું સુશોભિત વેણીબંધન અતિ મનોહર જણાતું હતું. તેના બન્ને હાથ ગોળ, ચઢ ઉતર ઘાટના રમ્ય જણાતા હતા. ઘણી ઉંચી નહિ અને નીચી નહિ એવી તેના કોમળ દેહની આકૃતિ કેવી નાજુક જણાય છે! તેના શરીરનો રંગ ચંપક પુષ્પની મોહકતા ધારણ કરી જોનારને મોહ પમાડે છે! વિધાતાની એ સુંદર કૃતિ તરફ જોતાં નેત્રની પાંપણો સુદ્ધાં હાલતી નથી! એક વખત જોયા પછી પુનઃ પુનઃ તેનાંજ દર્શન કરવાની ઇચ્છા થયા કરે છે. વારંવાર તેના સુંદર મુખકમળ તરફ દ્રષ્ટિ ખેંચાય છે! કોણ જાણે તે તરૂણીમાં કેવી આકર્ષણ શક્તિ છે કે જેથી તેના દર્શનામૃતથી જોનાર મનુષ્ય તૃપ્ત થતું નથી. જન્મ જન્માંતરમાં તેનાંજ દર્શન કરવાની ઇચ્છા થાય છે!

પ્રિય વાચક! વસંત ઋતુના મધુર શીતળ વાયુએ, પ્રેમના આવેશમાં જેનું ચુંબન કર્યું હોય એવાં અર્ધાં ખિલેલાં ગુલાબનાં પુષ્પનું સૌંદર્ય તમે જોયું છે? હેમંત ઋતુમાં ઠંડા ઝાકળનું જેણે સ્નાન કર્યું હોય એવી જાઇની મુગ્ધ કલિકાનું મનોહર લાવણ્ય ત્હમે કદી અવલોકન કર્યું છે? વર્ષા કાલના ઝરમર ઝરમર વર્ષતા વર્ષાદવડે સ્નાન કરી સ્વચ્છ થઇ, હાસ્ય કરતાં ચંપક પુષ્પની સુંદર રમ્ય છટા ત્હમે કદી લક્ષ્યપૂર્વક જોઇ છે? ઘોર કાળાં વાદળાંથી ભરપૂર થયેલા વિશાળ આકાશમાં ચમકાર કરતી વિજળીની પ્રખર રૂપજ્યોતિ ત્હમે કદી જોઇ છે? બ્રહ્મદેવની એ સર્વ મનોહર—સુંદર—રચના જોઈને તમારા મનમાં મોહ ઉત્પન્ન થશે નહિ, પરંતુ આ રાજપૂત બાલિકાની સુંદરતા જોતાંજ વિધાતાની રચના—ચાતુર્ય ઉપર તમને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન થશે, અને સુંદરીના લાવણ્ય—માધુર્યને જોઇ ત્હમે દેહભાન ભૂલી જશો એવી અમને ખાત્રી છે.

એ મનોમોહિનીનાં સ્થિર અને ઉજ્વળ નેત્ર કટાક્ષ બાણના મારામાં આપણો તરૂણ સિપાહી સપડાયો કે નહિ તે અમે કહી શકીશું નહિ. તેમ છતાં પણ કરૂણસિંહના જે હૃદય ઉપર રમણી પ્રેમની અમોઘ શક્તિની લેશ માત્ર અસર થતી નહોતી તેજ કરૂણસિંહનું અભેદ્ય હૃદય આજે કમ્પાયમાન થતું હતું, એમ અમે ખાત્રીપૂર્વક કહીએ છીએ. થાક લાગવાથી કરૂણસિંહ અતિશય કંટાળ્યો હતો તે પ્રથમ કહેવામાં આવ્યું છે. એવો વિકટ પ્રસંગ આવી

પડયો હતો કે જેથી તે બરોબર તૃષા પણ મટાડી શકયો નહિ, એટલું છતાં પણ ત્હેના મુખ ઉપર આનંદની છટા જણાતી હતી. થોડા સમય પહેલાં આપણો તરૂણ નજીક ઉભેલી રાજપૂત રમણી સાથે નિઃસંકોચપણે વાતચિત કરતો હતો પણ હમણાં એકાએક તેના હૃદયમાં સંકોચ ઉત્પન્ન થયો. થોડા સમય પછી તેને છોડીને જવું પડશે એવા વિચારથી તેના હૃદયમાં દુઃખ થતું હતું. જે કર્ત્તવ્ય પાલન કરવા માટે કરૂણસિંહ વિકટ ડુંગરાળ પ્રદેશમાં એકલો ચાલતો હતો તે કર્તવ્યને પણ હમણાં ભૂલી ગયો હતો.

નિશાદેવીની ભયંકર કાળી છાયા ધીમે ધીમે જગત્માં ગંભીરપણે પસરવા લાગી હતી, એ હમણાંજ આપણા તરૂણના જાણવામાં આવ્યું. પર્વત-પ્રદેશની નૈસર્ગિક સુંદરતા ઉપર ધીમે ધીમે કાળા રંગનો પડદો પડવા લાગ્યો હતો. કરૂણસિંહના મનમાં કંઇક ચિંતા થતી હતી.

તેણે પ્રેમપૂર્વક તરૂણીને કહ્યું: સુંદરિ! આવા ડુંગરાળ રસ્તા પર ચાલવાનો શ્રમ અને કષ્ટ ત્હમે શી રીતે સહન કરી શકો છો તે હું સમજી શકતો નથી. મ્હારો હાથ ઝાલો. મ્હારો ઘોડો નજીકમાંજ બાંધેલો છે.

એકાદ બીજો પ્રસંગ હોત તો તે તરૂણીએ પરપુરૂષના હાથને સ્પર્શ કર્યો ન હોત, પરંતુ અત્યારે તે નિરૂપાય હતી. રસ્તો ડુંગરાળ, વિકટ અને ભયંકર! સંધ્યાકાળ થઇ ગયો હતો. સર્વત્ર અંધારી ચાદર પથરાતી હતી. થોડીવાર પહેલાં જે વૃક્ષો સુંદર જણાતાં હતાં તે હમણાં કાળાં ધાબાં જેવાં બિહામણાં જણાતાં હતાં. શત્રુઓ કયારે હુમલો કરશે તે નક્કી કહી શકાય એમ નહોતું. તરૂણીએ કરૂણસિંહનો હાથ ઝાલ્યો. બન્ને સાવચેતીથી ચાલવા લાગ્યાં.

ચાલવાનો માર્ગ પણ વિકટ હતો. જ્યાં ત્યાં ન્હાના મ્હોટા પત્થર પડેલા હતા અને ખાડા ટેકરાની ગણત્રી થાય તેમ નહોતું! ચાલતાં ચાલતાં પગમાં પત્થરની અણિ ભોકાતાં તરૂણીને જે દુઃખ થતું હતું તે તેનું મનજ જાણતું હતું! બન્ને બાજુએ ઉંચા ટેકરા! રસ્તાની આસપાસ, વચમાં અને નીચે ન્હાનાં મ્હોટાં સેંકડો વૃક્ષ હતાં. ચારે તરફ સ્તબ્ધતાનું રાજ્ય હતું. અસ્તાચલ પર ગયેલાં સૂર્યનાં રાતાં કિરણ આકાશને અને વૃક્ષનાં ઝુંડોને એક

વખત અપૂર્વ સુશોભિત કર્યાં પછી પાછાં આકાશમાંજ સમાઇ ગયાં હતાં.

બન્ને ચાલતાં હતાં એટલામાં એક ખીણની તળેટીમાંથી એકાએક આઠ દશ મનુષ્યોએ આવી તેમનો રસ્તો ઘેર્યો. તેમની સ્હામુ આઠ દશ નગ્ન તલવારો ક્ષીણ અંધકારમાં ઝાંખો ચળકાટ મારવા લાગી! કરણસિંહ એકલોજ હતો અને તેની સાથે વળી એક અનાથ અબળા હતી. એથી બન્નેપર આટલાં બધાં મનુષ્યોએ હુમલો કર્યો. સ્ત્રીને પીઠ પાછળ ઉભી રાખી કરણસિંહે પરમેશ્વરનું નામ દઇ, હિમ્મત રાખી, મ્યાનમાંથી તલવાર બહાર કાઢી તેમના સ્હામુ થયો.

ચઢી આવેલા મનુષ્યોમાં ન્હાસી ગયેલો પેલો ચંદાવત્ પણ હતો. કરણસિંહે જાણી લીધું કે તે અધમેજ આ સંકટ ઉભું કર્યું છે. કરણસિંહે તલવારને એકે ઝટકે સૌથી પહેલાં તેનું મસ્તક ઉડાવી દીધું! એમ થવાથી બીજાઓએ કરણસિંહ ઉપર હુમલો કર્યો. આઠ દશ શત્રુઓની વચમાં તેની તલવાર એવી ચપળતાથી ચાલતી હતી કે તેઓ નજીક આવવાની હિમ્મત કરતા નહોતા. તેમ છતાં પણ કરણસિંહ એકલોજ હતો.

આપણો તરૂણ રાજપૂત સિપાહી એ સંકટમાં સપડાયો હતો તે સમયે પર્વત પ્રદેશ ઉપર કંઇ અન્ય બનાવ બનતો હતો. એક વીર પુરૂષ, પચાસ સિપાહીઓ સહિત પર્વત ઉપરથી નીચે ઉતરતો હતો. કરણસિંહ અને ચોર–લૂંટારાઓ વચ્ચે બનેલો બનાવ થોડો ઘણો તેના જોવામાં આવ્યો હતો. ઘોર અંધકાર હોવાથી પર્વત પરથી નીચે ઉતરવાનું તેને કંઇક વિકટ થઇ પડયું હતું. તે વીર પુરૂષે ગંભીર સ્વરે પોતાની સાથેના સિપાહીઓને આજ્ઞા ફરમાવી કે: "તમારામાંથી પંદર વીસ મનુષ્યો એકદમ નીચે જાઓ, અને તેનું રક્ષણ કરો."

એકાએક "અલ્લા હો અકબર" નામનો પ્રચંડ ધ્વનિ થવાથી સર્વ પ્રદેશમાં તેનો પ્રતિધ્વનિ થઇ રહ્યો. મનમાં ને મનમાં પરમેશ્વરને અનેક ધન્યવાદ આપી કરણસિંહે સ્હામુ ઉભેલા બે લૂંટારાને કાપી નાંખ્યા.

પોતાના કરતાં વિશેષ મોગલ સૈન્ય જોઈ લૂંટારાઓ ન્હાસવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ હવે તેમનો રસ્તો સહિ સલામત નહોતો. તેમાંના

ઘણાને મોગલ સિપાહીઓએ ત્યાં ને ત્યાંજ ઠાર કર્યા. તેમના લોહીવડે ખીણુમાં ન્હાનો પ્રવાહ ચાલી રહ્યો.

એક સુંદર બાંધાનો દેખાવડો પુરૂષ કરૂણુસિંહ સમક્ષ આવી ઉભો. તેણે પોતાના સાથીદારોને કહ્યું: "મ્હારા શૂરવીર બહાદુરો! શાંત થાઓ. હવે રક્તપાત કરવાનું કારણ નથી. આ ડુંગરાળ ઉંદરડાઓને કેદ પકડો."

આ બનાવ બનતા પહેલાંજ આપણા રાજપૂત વીરની ખાંધ ઉપર એક ઉંડો ઘા વાગ્યો હતો. તેમાંથી લોહીનો પ્રવાહ વહેતો હોવાથી તરૂણને અશક્તિ થઇ હતી. પાછળથી આવેલા વીર પુરૂષે પોતાનું કિમતિ વસ્ત્ર ફાડી તેવડે પોતાને હાથે કરૂણના ઘા ઉપર પાટો બાંધ્યો, અને પ્રેમળ સ્વરે કહ્યું: કરૂણ, ઘા મ્હોટો પડયો જણાય છે. ત્હને અહિં એકલો મોકલ્યો એ મ્હને યોગ્ય નહિ જણાયાથી હું પણ ત્હારી પાછળજ નિકળ્યો. ત્હારો ઘોડો જોઇને અમને રસ્તો જણાયો. કરૂણ, જો આ અણિને પ્રસંગે હું આવી પહોંચ્યો ના હોત તો ત્હને ગુમાવી બેસત!"

કરૂણસિંહે કૃતજ્ઞતા દર્શાવતાં કહ્યું: "જહાંપનાહ! ઇશ્વર આપનું મંગલ કરો. આપની સપ્રેમ દયા હું જન્મપર્યંત ભૂલીશ નહિ."

નવીન-આવનાર વીર પુરૂષે અત્યાર સુધી વૃક્ષ પાછળ ઉભેલી તરૂણીને જોઇ નહોતી; તે હમણાંજ તેના જોવામાં આવી. તેણે આશ્ચર્ય પામતાં કરૂણસિંહને પૂછ્યું: કરૂણ! આ તરૂણી કોણ?

કરૂણસિંહે તે વીર પુરૂષને સર્વ બનાવનું વર્ણન કહી સંભળાવ્યું. મોગલ વીરે એક હિંદુ સૈનિકને આજ્ઞા કરી કે: "કરૂણ અને આ તરૂણીને લઇ એક હિંદુ મકાનમાં જાઓ. હું ત્હમારી પાછળજ આવું છું."

આજ્ઞા પ્રમાણે સર્વ વ્યવસ્થા થઇ. મોગલ વીર બીજો કોઇજ નહિ પણ શેહેનશાહ અકબર પોતેજ હતા! કરૂણસિંહ એ તેમનો નવીન સેનાપતિ હતો!

૨–પ્રેમસંચાર.

એક તૃણ શય્યા પર કરૂણસિંહ નિદ્રા લેતો હતો. તેની પાસેજ એક તરૂણ સુંદરી બેઠી હતી. ચૈતન્ય હીન થઇ પડેલા કરૂણસિંહના ફિક્કા ચ્હેરા સ્હામુ

તે એકી ટસે જોઇ રહી હતી. કરૂણના શરીરપર પડેલા ઘામાં થોડી થોડી વારે તે કાળા રંગનો મલમ ચોપડતી હતી.

ઝુંપડી તદ્દન નિર્જન પ્રદેશમાં હતી. કરૂણસિંહની નજીક બેઠેલી તરૂણીના ધીમા શ્વાસોશ્વાસ સિવાય ત્યાં બીજો કંઇ શબ્દ સંભળાતો નહોતો. સુંદરી તદ્દન એક ચિત્તે કરૂણસિંહની સેવા કરવામાંજ ગુંથાઇ હતી.

એ પ્રસંગે એક જટાજૂટધારી યોગીરાજ ત્યાં આવી પહોંચ્યા. તેમણે પ્રેમયુક્ત સ્વરે તરૂણીને પૂછ્યું: વત્સ, કરૂણની તબીયત કેવી છે?

યોગીરાજ ઝુંપડીમાં આવ્યા કે તરતજ તરૂણી શય્યા પાસેથી થોડે વેગળે ખસી ગઇ અને ઉત્તર દીધો: "મહારાજ, પહેલાં કરતાં ઘણું સારૂં છે. ઘા રૂઝાવા આવ્યો છે. અશક્તિ ઘણી છે. થોડા વખત ઉપર શુદ્ધિમાં આવ્યા હતા. હમણાં નિદ્રાવશ થયા છે."

સ્ત્રીના એ શબ્દો સાંભળી યોગીરાજના ચ્હેરા ઉપર આનંદનાં ચિહ્ન જણાયાં. તેમણે સ્મિત હાસ્ય કરતાં કહ્યું: "મા! જગદંબાની કૃપાથી કરૂણસિંહના જીવ પર આવેલું સંકટ ટળ્યું એમજ સમજ બેટા. ઔષધે સારી અસર કરી ને?"

"હા પ્રભો." એટલું કહીને સ્ત્રીએ તેમને પ્રણામ કરી નીચું જોયું. સંન્યાસી ત્યાંથી ચાલ્યા ગયા. સ્ત્રીનું નામ લલિતા. તે પોતાના જીવનું રક્ષણ કરનાર રાજપૂત વીરના મુખ તરફ પુનઃ કરૂણામય દૃષ્ટિયે જોવા લાગી. કેટલીએ વાર સુધી તેના મુખ તરફ જોવા છતાં લલિતાની દર્શન–આશા તૃપ્ત થતી નહોતી! એક વખત તેને જોયા પછી આંખની પાંપણો બંધ કરતી પરંતુ તેજ ક્ષણે પુનઃ તે તરૂણને જોવાની ઇચ્છા થઇ આવતી. દેવ દાનવના યુદ્ધમાં ઘાયલ થઇ પડેલા દેવેન્દ્રકુમાર જયન્તજ જાણે આ પર્ણકુટીમાં વિશ્રાંતિ લે છે, એવો લલિતાને ભાસ થયો!

રાજકુમારી લલિતા મનમાંજ વિચારવા લાગી: હે ભગવાન! ત્હમે મ્હારો અંત જોવા ચ્હાઓ છો? આ રૂપ–અગ્નિમાં મ્હેં શા માટે ભૂસકો માર્યો? અપૂર્વ બનાવ બનતાં શા માટે મ્હારી દ્રષ્ટિયે આ રાજકુમાર પડયા? જે મ્હને કદી પણ પ્રાપ્ત થાત નહિ, જેની હું સ્વપ્ને પણ આશા કરી શકું

નહિ, તેને માટે મ્હારા હૃદયની આવી ઉન્મત્ત સ્થિતિ કેમ થાય છે ? ચોહાણુ અને ચંદાવત વંશ એ બન્ને એક બીજાના કટ્ટા શત્રુ છે. તેમાં મ્હારા પિતા વીરશ્રેષ્ઠ કરૂણુસિંહના મુખ્ય શત્રુ છે ! તેમણે આ કુમારનું સર્વસ્વ લૂંટી લીધું છે. પિતાના અત્યાચારને લીધેજ કરૂણુસિંહનું સર્વ નાશ થયું છે અને તેને બાદશાહના સેનાપતિની નોકરી સ્વિકારવી પડી છે. કુમારને હું મ્હારા બનાવી શકું પણુ પિતાની રજા શી રીતે મળે ?"

રાજનંદિની લલિતાના વિચારને પ્રવાહ એકાએક બંધ પડયો. પાંદડાંની શય્યાપર નિદ્રા લેતાં રાજકુમારે ધીમે ધીમે નેત્રો ઉઘાડયાં. તેણે લથડતી જીભે કહ્યું: " હું કયાં ? આ મોહક પ્રદેશમાં મ્હને કોણુ લાવ્યું ? દેવબાલા ! ત્હમે કોણ છો ? શા માટે મ્હારી શય્યા પાસે બેઠાં છો ?"

લલિતા વિચારમાં પડી. લજ્જાને લીધે તેનો કંઠ રૂંધાઇ ગયો. તેને કુમારની શરમ આવે એ સ્વાભાવિકજ હતું. તેમ છતાં સમયે ત્હેના કાનમાં વારંવાર કહ્યું હતું કે: "ઓ ગાંડી ! જેણે ત્હારા પ્રાણુ બચાવ્યા છે તેની શરમ કેવી ?" લલિતાએ મૃદુ પણુ કંપિત સ્વરે કહ્યું: " કશી ચિંતા કરશો નહિ. તદ્દન સુરક્ષિત સ્થળમાંજ છો."

" ત્હમે કોણુ છો ? આટલા બધા પ્રેમથી શા માટે મ્હારી સેવા કરો છો?"

" આપને જે યોગિરાજે આશ્રય આપ્યો છે તે યોગિરાજની આજ્ઞા શિરમાન્ય કરનાર હું તેમની એક શિષ્યા છું. આપની સેવા કરવા માટેજ તેમણે મ્હને આજ્ઞા ફરમાવી છે."

" ત્હમને કોણે આજ્ઞા ફરમાવી છે ?"

" તેજ યોગીરાજે."

" તે યોગી કોણુ ?"

" તેઓ એક મહાન તપસ્વી પુરૂષ છે."

" ઠીક, પણુ હું અહિં શી રીતે આવ્યો ?"

રાજકુમારી લલિતાએ કરૂણુસિંહને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તેને પણુ ધીમે ધીમે બનેલો બનાવ યાદ આવ્યો. તેણે પુનઃ પૂછ્યું: " શેહેનશાહ કયાં છે ?"

"આપની સેવા કરવાની ગોઠવણ કરી દિલ્હી ગયા છે. ગાડીની વ્યવસ્થા કરી છે. સારૂં થયા પછી આપની ઇચ્છામાં આવે ત્યાં જઇ શકશો."

"પ્રાણ સંકટમાંથી ત્હમે મ્હારૂં રક્ષણ કર્યું છે. તે ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ? ત્હમારા પ્રત્યે ઉત્પન્ન થતી કૃતજ્ઞતા શી રીતે બતાવી શકું? ત્હમે સ્વર્ગનાં કોઇ દેવકન્યા છો? તમારી સેવા સુશ્રૂષા વડે મ્હારૂં સર્વ દુઃખ દૂર થયું છે."

આ શબ્દો સાંભળી લલિતાએ લજ્જાને લીધે નીચું મુખ કર્યું. તેણે ગદ્દ ગદ્દ કંઠે ઉત્તર દીધો: "આપેજ પ્રથમ મ્હારા પ્રાણનું રક્ષણ કર્યું છે. મ્હારા ક્ષુદ્ર પ્રાણ ઉપર હવે આપનીજ સંપૂર્ણ—"

લલિતાના મુખમાંથી આગળના શબ્દો નિકળ્યા નહિ. મનમાંજ પસ્તાતી બોલવા લાગી. "અરેરે! આ શું કર્યું? કયા શબ્દોને બદલે કયા શબ્દો બોલાઇ ગયા! દુષ્ટ જીભડી! જે મનમાં રાખવાનું તે પ્રકટ રીતે બોલી ગઇ! અરેરે!"

કરૂણસિંહે ધીમે ધીમે પુછયું: "સુંદરિ! ત્હમારી ઓળખ આપવામાં ત્હમને કંઇ અડચણ છે કે?"

કરૂણના એ પ્રશ્નનો ઉત્તર આપતાં તેના હૃદયના હજારો કટકા થવા લાગ્યા! તેનું હૃદય ચિરાવા લાગ્યું! તે બિચારી નિર્દોષ અબળા એ પ્રશ્નનો શો ઉત્તર આપે? તેના પિતાના નિષ્ઠુર અને નિંદ્ય કર્મને લીધે જે કરૂણસિંહ ભિખારી થઇને દેશેદેશ અને વનેવનમાં ભટકતો ફરે છે તેને રાજ્ય હતું. વિપુલ ઐશ્વર્ય હતું, માન મરતબો હતો, ચારે દિશામાં તેની વિશાળ કીર્તિ હતી તેજ રાજકુમારે આજે સર્વસ્વ ગુમાવ્યું છે. અરે! લલિતાના પિતાએજ તેની આવી દયાજનક સ્થિતિ કરી છે! દુર્ગાધિપતિ વિમલસિંહનો ઐશ્વર્યશાલી પુત્ર કરૂણસિંહ આજે માત્ર ઉદર પોષણને માટેજ બાદશાહની સેવામાં એક સામાન્ય સેનાપતિ તરીકે નોકરી કરે છે! યોગીરાજ કરૂણસિંહનું પૂર્વ વૃત્તાંત અને તેનું ચરિત્ર સારી પેઠે જાણતા હતા. તેમણેજ એ સર્વ વૃત્તાંત લલિતાને કહ્યું હતું. વૃત્તાંત સાંભળ્યા પછી લલિતાને કરૂણસિંહની કૃતજ્ઞતા અનેક ગણી વિશેષ જણાઇ. તેની સહાનુભૂતિનું ધીમે

ધીમે પ્રેમધર્મમાં રૂપાન્તર થવા માંડયું. એક તરફ પિતા, માતા, પિતૃસ્નેહ એ સર્વ અને એક બાજુએ એકાન્ત પ્રદેશમાં આવેલી ક્ષુદ્ર ઝુંપડીમાં પાંદડાંની શય્યા પર સુતેલા રાજકુમારની તેના મનમાં સરખામણી થવા લાગી. લલિતાના મનમાં વિચાર ઉત્પન્ન થયા કેઃ "જો કરૂણસિંહ મ્હારા હૃદયનો સ્વિકાર કરશે, જો મ્હારૂં તુચ્છ શરીર અને ક્ષુદ્ર પ્રાણ, કરૂણસિંહના કિંચિત્ પણ ઉપયોગમાં આવશે, અને મ્હારા જેવી હતભાગિનીના હૃદય દાનનો એ રાજપૂત કુમાર સ્વિકાર કરશે તો મ્હારા પિતાના પાપનું પ્રાયશ્ચિત થયું કહેવાશે."

લલિતાને ચિંતામગ્ન જોઇ કરૂણે જાણ્યું કેઃ પોતાની ઓળખ આપવામાં તેને કંઇક અડચણ હોવી જોઇએ. તેથી તેણે તેજ પ્રશ્ન બીજી વખત રાજકુમારીને પૂછ્યો નહિ. પોતાના પ્રશ્નનો ઉત્તર નહિ મળવાથી રાજકુમાર કરૂણસિંહને કંઇક દિલગીરી થઇ, તેથી તેણે પોતાનાં નેત્ર મિચતાં કહ્યુંઃ "ઘણી તરસ લાગી છે, ગળું સુકાય—"

ભુવનસુંદરી લલિતા સુગંધિત ઔષધના મિશ્રણવાળું મધુર શરબત કરૂણસિંહના ગળામાં રેડવા લાગી. આ સમયે કરૂણસિંહને એમજ જણાયું કેઃ જાણે દેવ લોકમાંથી આવેલી કોઇ અપ્સરા તેના મુખમાં અમૃત પાન કરાવી નવજીવન દાન આપે છે. અમૃતપાન કર્યાથી કરૂણસિંહને સત્વર નિદ્રા આવી ગઇ.

૩–ચિત્ત દમન.

'વત્સ! ત્હને હું ભવાની માતાનો આદેશજ કહું છું. તેની કૃપાથી મ્હને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે તેજ આ સમયે હું ત્હને કહી સંભળાવું છું. ત્હમારૂં બન્નેનું સંમિલન કદી પણ સુખમય થશે નહિ. કાલે આખી રાત ઉજાગરો કરી મ્હેં ગણિત કરી જોયું છે."

"આપનું ગણિત શું કહે છે?"

"એજ કે, તમારા લગ્નમાં ડગલે ડગલે વિઘ્ન આવશે!"

નિર્જન પ્રદેશમાં આવેલી પેલી ઝુંપડી બહાર એક તમાલ વૃક્ષ નીચે બેઠેલા યોગીરાજ, લલિતા સાથે ઉપર પ્રમાણે વાતચિત કરે છે. રાજનંદિની

લલિતા નીચું મસ્તક કરી શોકગ્રસ્ત ચ્હેરે, હાથમાં એક સુકું તમાલપત્ર લઇ, તેના કટકે કટકા કરતી યોગીરાજનો આદેશ સાંભળે છે.

*　　*　　*　　*　　*

પાછલા પ્રકરણમાં બનેલા બનાવને પાંચ સાત દિવસ વીતી કાળ પ્રવાહમાં મળી ગયા હતા. કરૂણસિંહ સાધારણ રીતે સારો થઇ દિલ્લી તરફ રવાના થયો હતો. લલિતાના પિતા દુર્ગાધિપતિ ભીમસિંહને યોગીરાજે પત્ર લખી સર્વ હકીકત જણાવી હતી અને તેમની પરવાનગીથીજ લલિતાને પોતાના આશ્રમમાં બે ચાર દિવસ વધુ રાખી હતી. તીક્ષ્ણબુદ્ધિના મહાન યોગીરાજ ચંદ્રચૂડને ભવિષ્ય જણાઇ ચૂક્યું હતું. કરૂણસિંહ અને લલિતા વચ્ચે પ્રેમનું દૃઢ બંધન બંધાયું છે તે પણ યોગીરાજે જાણી લીધું હતું. તેથીજ કરૂણસિંહના જખ્મ બરોબર રૂઝાય તે પહેલાંજ તેમણે તેને દિલ્લી તરફ રવાના કરી દીધો હતો.

ચંદ્રચૂડની મુખમુદ્રા તરફ જોઇ લલિતાએ ગરિબડે ચ્હેરે કહ્યું: "પિતાજી! ત્યારે શું એ કામમાં બીજો કોઇ ઉપાય ચાલે તેમ નથી ?"

ચંદ્રચૂડે ખિન્ન મુખે કહ્યું: "ના બેટા ! કંઇ ઉપાય નથી. કુમાર સાથે ત્હારાં લગ્ન થશે તો ત્હારા ભાગ્યમાં વૈધવ્ય ભોગવવાનો યોગ છે. આજથી એક વર્ષ પર્યંત ત્હમારે એક બીજાનાં દર્શન કરવાં નહિ એવી મ્હારી ત્હમને આજ્ઞા છે. ત્હમારી પરસ્પર મુલાકાત થતાં અનિષ્ટ થાય એવો સંભવ છે. દૈવની ઇચ્છા કદી મિથ્યા થતી નથી. બેટા લલિતા, ક્લેશ કરવાથી કશો ફાયદો નથી."

લલિતાનાં નેત્રમાંથી અશ્રુજળ ટપકવા લાગ્યું. તેણે રડતાં રડતાંજ કહ્યું: "ત્યારે હવે શું કરવું પિતાજી ? હું હવે કિલ્લામાં જઇશ નહિ. સંન્યાસિની થઇને આપની સેવામાંજ મ્હારૂં આયુષ્ય વ્યતીત કરીશ."

ચંદ્રચૂડના હૃદયમાં પ્રેમ વાત્સલ્ય ઉભરાઇ આવ્યું. તેણે કહ્યું: "બેટા ! એવું બોલવું નહિ. હું સંસાર ત્યાગી સાધુ. જગત્ સાથે મ્હારો સંબંધ ઘણોજ થોડો છે. હું ક્યાં રહું છું, ક્યાં ભટકું છું, શું કરૂં છું ? તેનો કંઇ નિયમ નથી. મ્હારા આયુષ્યક્રમનો કંઇ નિયમ નથી. બેટા લલિતા ! તું

મ્હને માયાના બંધનમાં શા માટે બાંધવાની ઇચ્છા રાખે છે ?"

ચંદ્રચૂડના એ પ્રશ્નનો શો ઉત્તર આપવો તે લલિતાને સૂઝયું નહિ. તેના પર ભારે વિપત્તિ આવી પડી હતી. "બાપરે! એક વર્ષ બધું! કેટલો બધો લાંબો સમય? એટલો બધો સમય શી રીતે જશે? તેમનાં દર્શન વગર ક્ષણ પણ કેમ રહેવાશે? હવે કિલ્લામાં જઇને માતા પિતાને શામાટે દુઃખ દેવું? હૃદયમાં નિર્મળ પ્રેમની સ્મૃત્તિ–સાથે હૃદયમાં ભડભડતા પ્રખર વિરહ અગ્નિને ધારણ કરી એટલો બધો લાંબો સમય કોઇ પણ રીતે હું વિતાડીશ અને અંતે મ્હારા હૃદયેશ્વરને હું મેળવી જીવન પર્યંત સુખ ઉપભોગ કરીશ. દૂર્ભાગ્યવશાત્ તેમ નહિ થાય તો સ્વર્ગમાં મળી અમે ચિરકાલ સુખ ભોગવીશું. તેમાં કોઇ વિઘ્ન નાંખી શકશે નહિ!"

લલિતાના હૃદયસાગરમાં એવા વિચાર તરંગ ઉઠતા અને તેના હૃદયને હચમચાવી દેતા હતા.

"વત્સ! ગાંડાઇ કરવી નહિ. જા, દુર્ગમાં જઇ માતા પિતાને અને મ્હને સંતોષ આપ. વિના કારણ અમને સર્વને ક્લેશ આપવો નહિ." ચંદ્રચૂડે પ્રેમપૂર્વક કહ્યું. લલિતાના નેત્રમાં આંસુની ધારાઓ ચાલતી હતી. તેણે કહ્યું: "પિતાજી! આપની ઇચ્છા છે તો હું ઘેર જવા તૈયાર છું."

"હા, બેટા! જાઓ, ઘેર જાઓ." લલિતાને આશ્વાસન આપતાં ચંદ્રચૂડે રજા આપી.

મ્યાનો તૈયારજ હતો. ભોઇ લોકો વાટ જોતા બેઠા હતા. ચંદ્રચૂડના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કરી લલિતા મ્યાનામાં બેઠી. ભોઇઓએ મ્યાનો ઉચક્યો.

"જા, બેટા! ભવાની માતા ત્હારૂં કલ્યાણ કરો. ત્હારા મનોરથ પરિપૂર્ણ થાઓ." ચંદ્રચૂડે બે હાથ ઉંચા કરી તેને આશિર્વાદ આપ્યો. એટલે ભોઇઓ મ્યાનો લેઇ ચાલતા થયા. મ્યાનો જ્યાંસુધી દ્રષ્ટિયે પડયો ત્યાંસુધી આશ્રમ બહાર ઉભા રહી, ચંદ્રચૂડે તેના તરફ સ્થિર નેત્રે જોયા કર્યું. આ સમયે જાણે મહર્ષિ કણ્વ શકુંતલાને સાસરે વળાવી તેના જવાના માર્ગ તરફ દ્રષ્ટિ કરતા ઉભા હોય એવું જણાયું હતું. થોડા સમયમાં લલિતાનો મ્યાનો જણાતો બંધ થયો. વનનાં વૃક્ષલતાને લીધે દ્રષ્ટિમાર્ગ

બંધ થતાં ચંદ્રચૂડે નેત્રમાં આવેલાં અશ્રુબિંદુ લૂછી નાંખી આશ્રમમાં પ્રવેશ કર્યો.

આશ્રમના દ્વારમાં પગ મૂકતાંજ ચંદ્રચૂડે કોમળ સ્વરે બૂમ પાડી: "કૃષ્ણા!"

બૂમ સાંભળતાંજ, ભગવાં વસ્ત્ર ધારણ કરેલી એક સુંદર યુવતી આશ્રમના દ્વાર આગળ આવી ઉભી. ભગવાં વસ્ત્રને લીધે તરૂણીનું નૈસર્ગિક સૌંદર્ય અધિક ઉજ્વળ જણાતું હતું. તે રૂપવતીની લાવણ્યતામાં કોમળતા નહોતી પણ એક પ્રકારની તીવ્રતાજ જણાતી હતી. વાચક! શ્રાવણ માસના ભરચોમાસામાં, મુસળધાર વર્ષતા વર્ષાદમાં, બન્ને કાંઠે ભરપૂર વહેતી ગંગા નદિના ભયંકર પ્રવાહની કલ્પના કરો. તેના પ્રવાહનો ઉછળતો વેગ યાદ કરો, અને ત્યાર પછી કૃષ્ણકુમારીના મુખ તરફ જુવો, એટલે ગંગાના તે ગંભીર ઉચ્છૃંખલ અને ચંચળ ભાવ સાથે સરખામણી કરવાનું બનશે.

ચંદ્રચૂડે તેને જોતાંજ મમતાથી પૂછ્યું: " વત્સ! મનને જીતવાના કામમાં અંતે ત્હને યશ મળ્યો કે નહિ ? "

કૃષ્ણાકુમારી કેટલોક સમય સુધી સ્તબ્ધ ઉભી રહ્યા પછી નીચું મુખ કરી બોલી: " પિતાજી! આપની પાસે સત્ય વાત છુપાવીશ નહિ. પ્રતિજ્ઞાપૂર્વક કહુંછું કે: હજુ હું હૃદયના વેગને રોકી શકતી નથી. મ્હને રજા આપો. હું આશ્રમ ત્યાગ કરી જઇશ. મ્હારા જેવી અભાગિની–પાપિણી–દ્વારા આ પવિત્ર સ્થાન પુનઃ કલંકિત થશે નહિ ! "

ચન્દ્રચૂડે કલ્પના પણ કરી નહોતી કે: કૃષ્ણા તરફથી એવો ઉત્તર મળશે. કૃષ્ણાનો ઉત્તર સાંભળી તેમના હૃદયમાં દુઃખ થયું. તેમણે ક્રોધના આવેશમાં કહ્યું: " પાપિણી ! ત્હારા અદ્રષ્ટમાં શું લખાયલું છે તે જાણશે ત્યારેજ ચિત્તને દમન કરશે એમ જણાય છે. કૃષ્ણા ! ત્હારો એ અહંકાર સત્વર ચૂર્ણ વિચૂર્ણ થશે. ત્હારો ભ્રમ સત્વર દૂર થશે. જે ભયંકર બનાવને વેગળો કરવા હું યત્ન કરૂં છું તે પણ બન્યા સિવાય રહેશે નહિ ! "

કૃષ્ણાકુમારી નીચું મ્હો કરી સ્તબ્ધ થઇ ઉભી રહી હતી. બાજુમાં પડેલા એક મ્હોટા કાળા પત્થર ઉપર બેસી ચંદ્રચૂડે પુનઃ કહ્યું: " કૃષ્ણા! કુમાર કરૂણસિંહ કોણ છે તે ત્હને કહું છું સાંભળ. દુર્ગાધિપતિ વિમળસિંહ

મ્હારો શિષ્ય હતો. હમણાં તેનો કિલ્લો ચંદ્રાવત્ ભીમસિંહના તાબામાં છે. ભીમસિંહ ખરેખરો દાંભિક, મ્હોટો કાવત્રાંખોર કપટી અને ભયંકર મનુષ્ય છે! દિલ્લીપતિને આડી અવળી કાન ભંભેરણી કરીને વિમલસિંહના વિરૂદ્ધ તેમને ઉશ્કેર્યા અને તેના તાબાનો કિલ્લો પોતાના તાબામાં લીધો. આથી વિમલસિંહનું હૃદય બહુ ખિન્ન થયું. તે સ્વાભિમાનને ખાતર સર્વસ્વનો ત્યાગ કરી રાત્રિને સમયે કિલ્લો છોડી ચાલ્યો ગયો. હું તે સમયે તીર્થ યાત્રાએ ગયો હતો."

"વિમલસિંહ નૌકામાં બેસી મુક્તાવલિ નદીમાં થઇને જતો હતો એટલામાં દૈવ સંયોગે એક ખડક સાથે અફળાતાં નૌકા ભાંગી ગઇ. નૌકામાં એક બાળક અને એક બાલિકા હતી. બાળક તે વિમળસિંહનો એકનો એક પુત્ર કરૂણસિંહ અને બાલિકા તેજ તું કૃષ્ણા! સમજી?"

"વિમળસિંહને તેની જાગીર અને કિલ્લાનો વિયોગ થયો તે સમયે તે વિધુર હતો. તેની પ્રથમ પત્નીનો સ્વર્ગવાસ થયા પછી એક સુંદર રૂપવતી તરૂણી સાથે તેણે દ્વિતીય લગ્ન કર્યાં. એ તરૂણીની વર્તણુક સંબંધી નગરમાં સારી નઠારી વાતો ચાલતી હતી! દુર્ગાધિપતિ ભીમસિંહ તે વખતે વિમળસિંહનો સેનાપતિ હતો. તે અને નવીન રાણી વચ્ચે સ્નેહ સંબંધ હોવાની વાર્તા જ્યાં ત્યાં પસરી ગઇ. વિમળસિંહને કાને આ વાત પહોંચતાંજ તેણે વિષ આપી પત્નીને ઠાર કરી."

"એ બનાવ બન્યા પછી થોડાજ દિવસમાં વિમળસિંહનું નશીબ ફુટ્યું! ભીમસિંહના પ્રપંચવડે દિલ્લીપતીની આજ્ઞાથી કિલ્લો તેના હાથમાંથી ગયો. તેજ રાત્રે વિમળસિંહ ન્હાસી ગયો. તું ભીમસિંહની કન્યા હોવા છતાં ત્હારા ઉપર વિમળસિંહને માયા હતી તેથી તેણે ત્હારો ત્યાગ કર્યો નહિ. તમારી નૌકા ભાંગી ગયા પછી મુક્તાવલિ નદીને કિનારે આવેલા એક શિવાલયમાં નિવાસ કરતા એક સાધુએ ત્હને બચાવી. કૃષ્ણા! તે સાધુને તું ઓળખે છે? નેત્રો ઉઘાડી જો, હુંજ તે સાધુ!"

"હું સંસાર ત્યાગી સાધુ. ત્હને પાસે રાખીને શું કરૂં? પરંતુ વિમળસિંહ ઉપરના પ્રેમને લીધે ત્હારો ત્યાગ કર્યો નહિ. મ્હારે નિત્ય અકબર

બાદશાહ પાસે આગ્રા જવું પડતું. ત્યાંનો એક શાહુકાર મ્હારો મુખ્ય શિષ્ય હતો. તેના પરજ ત્હમારો ઉભયનો પાલનપોષણ કરવાનો ભાર સોંપ્યો હતો.

"હજુ મ્હને યાદ છે. એક વખત માઘ માસની પુર્ણિમા ઉપર હું આગ્રે ગયો હતો. કરૂણ બાદશાહના હાથ નીચે કામ કરે છે, એ સાંભળી મ્હારો જીવ હેઠો બેઠો. હું નિશ્ચિંત થયો, પરંતુ તે શાહુકારની સ્ત્રીએ મ્હને કહ્યું કેઃ ત્હમારા બન્નેનો બાલ્યસ્નેહ, યૌવનના પ્રેમમાં બદલાયો છે. ત્હમારા બન્ને વચ્ચે અલૌકિક પ્રકારનો પ્રેમ બંધાયો છે. એ સાંભળી મ્હને ઘણું દુઃખ થયું.

"કૃષ્ણા! દિલગીર થઇશ નહિ. ત્હારી માતાનું કલંક ભૂલાય તેવું નહોતું. ત્હારી સાથે કરૂણસિંહનું લગ્ન થાય એ અશક્યજ હતું, અને તે માત્ર હુંજ જાણતો હતો. ભવિષ્યની આપત્તિ ટાળવા માટે ત્હમને બન્નેને જૂદાં રાખવાં જોઇએ એ વિચારથીજ મ્હેં ત્હને મ્હારા આશ્રમમાં લાવી રાખીછે.

"દૈવેચ્છાથી કરૂણસિંહ ઘાયલ થઇને મ્હારા આશ્રમમાં આવ્યો. તે સમયે ત્હને વારંવાર ના કહેવા છતાં, લલિતા નિદ્રાવશ થઇ તે સમયે ત્હેં કુમાર કરૂણસિંહની મુલાકાત લીધી! મ્હારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ત્હેં મહા પાતક વ્હોર્યું છે! તે પાપનું પ્રાયશ્ચિત મનનો સંયમ–ચિત્તનું દમન! ત્રણ દિવસ ત્હને અપવાસી રાખી અને મન સ્થિર કરવાનું કહ્યું પણ તું તે પ્રમાણે કરી શકી નહિ. કૃષ્ણા! ત્હારા અદૃષ્ટમાં શું લખ્યું છે તે જાણ્યા પછી હવે સાવધ થા. કુમાર કરૂણસિંહ સાથે ત્હારાં લગ્ન નહિ થવાનું કારણ ત્હને સમજાવ્યું છે. કરૂણને પિતા નથી, માતા નથી. હુંજ ત્હેનો પાલક છું. હું ત્હેના હિત તરફ લક્ષ નહિ રાખું તો કોણ રાખશે? પુનઃ ત્હને ચાર પ્રહરનો વખત આપું છું. કાલે સ્હવારે મ્હને પુનઃ મળજે."

ચંદ્રચૂડે બન્ને નેત્રો કડક ફેરવી રીતે ત્યાંથી ચાલવા માંડયું. કૃષ્ણાકુમારીએ ઉંડો નિઃશ્વાસ નાંખ્યો અને પોતાના મન સાથેજ વિચાર કરવા લાગી. બે હાથ જોડી આકાશ તરફ જોઇ તેણે કહ્યું: "પ્રભો, દયામય! મ્હારા હૃદયની પ્રબળ પ્રેમાકાંક્ષાને! હું કેવી રીતે ત્યાગ કરૂં? કરૂણસિંહ ઉપરનો પ્રેમ હૃદયમાં જાગૃત રાખીનેજ હું મરણ પામું તો તેમાં ખોટું શું છે? આ વિશાળ જગતમાં મ્હારૂં કોણ છે? માત્ર પ્રેમચિન્તા એજ મ્હારી બ્હેન-

મણી થઇ છે. ચંદ્રચૂડ પિતા ! ત્હમે સંસાર ત્યાગી સાધુ ! ત્હમને હૃદય ક્યાં છે? ત્હમે યોગી ! ત્હમારૂં હૃદય સંસારમાં ક્યાં છે? ત્હમને પ્રેમનું રહસ્ય શી રીતે સમજાય? અહો ! કરૂણસિંહ ! ત્હમારૂં નિર્મળ મુખ, ત્હમારો મધુર કંઠ, ત્હમારો અલૌકિક પ્રેમ !"

કૃષ્ણાકુમારીના બન્ને નેત્રમાંથી દડ્ દડ્ અશ્રુ પડવા લાગ્યાં. કાળા પત્થર ઉપર બે–ચાર અશ્રુ બિંદુ પડયા છતાં નેત્ર જળથી પત્થર ભિંજાય શી રીતે? કૃષ્ણા ઉઠીને ઉભી થઇ. ધીમે ધીમે આશ્રમમાં ચાલી ગઇ. જતાં જતાં તેણે મન સાથેજ પ્રતિજ્ઞા કરીઃ "જો કુમારનો ત્યાગજ કરવાની ફરજ પડશે તો તે સ્વર્ગીય સુંદર રૂપજ્યોતિનાં પુનઃ એક વખત દર્શન કરીશ અને પતંગિયાંની પેઠે તેમાં કુદી પડી બળી મરીશ !"

આ બનાવ બન્યા પછી બીજેજ દિવસે ચંદ્રચૂડને કૃષ્ણાકુમારીનો ક્યાંય પણ પત્તો લાગ્યો નહિ ! આશ્રમમાંથી કોણ જાણે ક્યાંયે ચાલી ગઇ?

૪. ગુપ્ત ભેટ.

સન્ધ્યાકાલનો સમય થયો છે. આકાશમાં ક્ષીણ લાલ રંગની છટા પસરેલી હોવાથી એક પ્રકારની ઉદાસીનતા જણાય છે. લાલ, કાળાં, પીળાં, લીલાં અને સફેદ આદિ રંગનાં વાદળ એક પર એક ગોઠીમડાં ખાતાં હતાં. તેમાં કેટલા બધા રંગ ! કેવી વિચિત્રતા ! અનેક વાદળાંથી ભરેલું આકાશ અતિ વિશાળ હોવા છતાં પણ મુક્તાવલિ નદીના ન્હાના જળ પાત્રમાં તેનું પ્રતિબિંબ પડતું હતું. જાણે મુઠ્ઠીમાં સમુદ્ર ! ન્હાની નદી વિશાળ આકાશની છાયા પોતાની છાતી ઉપર ધારણ કરી જાણે તેના વિશાળત્વનો મદ ઉતારતી હોય તેમ જણાતું ! આકાશને પણ દુઃખસ્તો !

સન્ધ્યા સમયે સૃષ્ટિનું અનુપમ સ્વરૂપ જોઇ પ્રેમી મનુષ્યના હૃદયમાં નાના પ્રકારની કલ્પના ઉત્પન્ન થાય એ સ્વાભાવિકજ છે. મુક્તાવલિને કિનારે આકાશને સ્પર્શ કરવા માથું ઉંચું કરી ઉભેલો જે કિલ્લો જણાય છે, તેની એક ઉચ્ચ અગાશીમાં એક સોળ વર્ષની સુંદર તરૂણી બેઠી હતી. તે આકાશમાં ક્ષણે ક્ષણે બદલાતા મધુર અને વિચિત્ર દેખાવ નિહાળતી હતી. તેના હૃદયમાં કેવા વિચારના તરંગો ઉત્પન્ન થતા હશે તે કોણ જાણે ?

સંધ્યાકાલને સમયે ગગન મંડલની શોભા નિહાળવા માટે અને વિરહાગ્નિમાં બળતા હૃદયને શાંતિ પમાડવા માટે જે તરૂણી અગાશીના સંગેમરમરના ધોરા ઉપર બેઠી હતી તે બીજી કોઈજ નહિ પણ દુર્ગાધિપતિ ભીમસિંહની એકની એક કન્યા લલિતા હતી.

આપણી વાર્તાની નાયિકા લલિતા દેવ દર્શને ગઈ હતી ત્યાંથી માર્ગમાં લુંટારાઓના હાથમાં કેવી રીતે સપડાઇ અને કુમાર કરૂણસિંહે હેને કેવી રીતે મુક્ત કરી તથા ચંદ્રચૂડે ઘાયલ થયેલા કુમારના પ્રાણ શી રીતે બચાવ્યા તે બીના વાચકો સારી પેઠે જાણે છે.

અગાશીના એકાંત વિભાગમાં બેઠેલી લલિતા, આ સમયે કુમાર કુરૂણસિંહ સંબંધી વિચાર કરતી હતી. મુક્તાવલિ નદીના ઠંડા જળ ઉપરથી વહેતા વાયુવડે પણ તેના વિરહાગ્નિથી તપેલા હૃદયને શાંતિ થતી નથી. પિતાજી શત્રુ પુત્રને પોતાની કુમારિકા આપશે નહિ એવી તેની ખાત્રી હતી. કુમાર પણ સાહસ કરીને કિલ્લામાં પ્રવેશ કરશે એ બનવા જોગ નહોતું. તેમ છતાં પણ લલિતા, ચંદ્રચૂડના આશ્રમમાંથી કિલ્લામાં આવ્યા પછી કરૂણસિંહ તેને એક વખત મળી ગયો હતો.

ગમે તેમ હો, પણ પ્રિયજનના ચિંતનમાં લીન થયેલી લલિતાના હૃદયમાં શાંતિ ક્યાં હતી ? જાણે મુક્તાવલિ નદીના ગર્ભમાં રહેલી શીતળતા લઇને વાયુદેવતા લલિતાના તપ્ત હૃદય સુધી જઇ પહોંચવા અને તેને શાંતિ પમાડવા ! શક્તિમાન નહોતા ! તરૂણી અગાશીમાંથી નીચે ઉતરી એક ઝરૂખામાં ગઇ. આટલો શ્રમ પડતાં તો લલિતાના કોમળ કમળ જેવા શોભતા મુખ ઉપર શિશિરબિંદુ જેવાં પ્રસ્વેદનાં બિંદુ જણાવા લાગ્યાં. ઓઢણીના છેડાવડે મુખ લુછી લલિતાએ એક વખત આકાશ સ્હામુ જોયું અને મનમાંજ બોલી: " હા, આ સ્થળેજ અને આ સમયેજ મ્હને તેમનાં દર્શન થયાં હતાં. દોરડાંની નિસરણી વડે કિલ્લાની દિવાલ ઉપર ચઢી તેમણે મ્હને આ સ્થળેજ પોતાના સુખ દાયક મેળાપનો લાભ આપ્યો હતો. અહા ! તે સમય ! ખરેખર સ્વર્ગીય સુખનો તે સમય ! તે ક્ષણનું અપૂર્વ સુખ ! તેમનાં મુખનું દર્શન જાણે અમૃતપાન હોય તેમ અનુપમ શાંતિ આપતું

હતું ! અરેરે ! તેમણે મ્હારા હાથમાં હાથ ભેરવીને મધુર વચનો કહ્યાં છે તે હું ક્યમ ભૂલું ? અહા ! તે સ્પર્શ લાભ ! પ્રિય જનનો સ્પર્શ લાભ ! કેમ ભૂલું ! તેમની સાથે રહેવાનું જે સુખ ! અહા, તે હું કેમ ભૂલું ! અરેરે ! તે સુખ કેટલું સત્વર લોપ થઇ ગયું ! જાણે સ્વપ્નવતજ ! ચંદાવત વંશ સાથે ચૌહાણ વંશને પ્રથમથીજ શત્રુતા ચાલી આવે છે. પ્રાણ જતાં સુધી પિતાજી પોતાના શત્રુ પુત્ર સાથે મ્હારૂં લગ્ન કરશે નહિ. ત્યારે પછી જીવીને શું કરવું ? ત્યારે તો મુક્તાવલિના ભયંકર કાળા જળ-પ્રવાહમાં ભૂસકો મારી મરવું એજ મ્હારે માટે શ્રેયસ્કર છે ! પરંતુ તેમ કરવા પહેલાં મ્હારા જેવી હતભાગિનીને તે સુંદર મુખ ચંદ્રનાં દર્શન થાય તો કેવું સારૂં ? પ્રભો ! એકજ વખત જો તેમનાં પવિત્ર દર્શન થાય તો—"

એટલામાં ઝરૂખાની નીચેથી કોઇએ પ્રેમ ભરેલે શબ્દે બુમ પાડી. " લલિતા !"

લલિતા એકાએક ચમકી. તેણે પુનઃ સાંભળ્યું " લલિતા ! હું આવ્યો છું." તત્ક્ષણ લલિતાએ તે સ્વર ઓળખ્યો. કરૂણસિંહ સાહસ કરીને તેને મળવા આવ્યો છે તે પણ તે જાણી ગઇ. દોરડાની નિસરણી ઉપર ચઢી ઝટ રાજકુમાર ત્હેના સ્હામુ આવી ઉભો. રાજકુમારને જોઇ લલિતાએ શરમને લીધે નીચું જોયું.

થોડો સમય બન્ને જણ સ્તબ્ધજ ઉભાં રહ્યાં. અંતે એક ઉંડો નિઃશ્વાસ મૂકીને કરૂણસિંહે કહ્યું: "લલિતા ! તમારાં દર્શન માટે હજુ કેટલા દિવસ સુધી ચોરની પેઠે આ કિલ્લામાં આવવું પડશે ? ઘણા દિવસથી એવો વિચાર થાય છે કે ત્હારા પિતાજી પાસે મનનો વિચાર નિવેદન કરૂં અને ખુલ્લી રીતે ત્હારી માંગણી કરૂં. પરંતુ ભીમસિંહનો ઉદ્ધત અને તામસી સ્વભાવ મનમાં યાદ આવતાંજ મ્હારા વિચાર બંધ રાખવા પડે છે. ભીમસિંહ એ મ્હારી પ્રાણપ્રિય લલિતાના જન્મદાતા પિતા છે તેથીજ તેમની સાથેનો શત્રુભાવ હું ભૂલી ગયો છું. તેઓ મ્હારા મુરબ્બી કિંવા મિત્ર છે એમજ હું સમજું છું. પ્રિય લલિતા ! ચંદ્રચૂડ મહારાજે નિષેધ કર્યો છે છતાં અનેક અડચણો વેઠીને પણ શત્રુના કિલ્લામાં આવી ત્હારાં દર્શન કરી તૃપ્ત થાઉં છું. વ્હાલી લલિતા !

ચાલ મ્હારી સાથે! આ સ્થાનનો ત્યાગ કરી મ્હારી સાથે ચાલ. પ્રિય દેવી! મ્હારી હૃદયેશ્વરી! હવે ત્હારો વિયોગ ક્ષણુ પણુ સહન થશે નહિ. ચાલ વ્હાલી! ત્હારે ખાતર મોગલ શેહેનશાહનું સેનાપતિત્વ ત્યાગ કરવા તૈયાર છું. ત્હારી સાથેના સ્વર્ગીય સહવાસ માટે એકાદ ક્ષુદ્ર ઝુંપડી હશે તોપણુ ત્યાં મ્હને અપૂર્વ સુખ જણુાશે. ત્હારા પ્રેમળ સંયોગથી નિર્જન વન પણુ સુંદર નંદનવન જેવું લાગશે! ચાલ વ્હાલી, પ્રાણેશ્વરી ચાલ મ્હારી સાથે."

લલિતા થોડીવાર સુધી કંઇ બોલી શકી નહિ. કુમારના પ્રેમ ભરેલા શબ્દો સાંભળી સ્તબ્ધ થઇ. થોડીવાર પછી કહ્યું: "રાજકુમાર! હૃદયેશ્વર! આ જન્મમાં આપણુને સુખ મળવું તદ્દન અશક્ય જણુાય છે. આપણુા સુખના માર્ગમાં મ્હને એટલાં બધાં વિઘ્ન-વિપત્તિ જણુાય છે કે તેથી હું તદ્દન કંટાળી ગઇ છું. આપણુા પ્રેમ બંધનનું કેવું પરિણુામ આવશે તેની હું કલ્પના પણુ કરી શકતી નથી. આપ મ્હને જ્યાં લઇ જશો ત્યાં કાંટાવાળું જંગલ હશે તોપણુ ત્યાં હું અપાર સુખજ માનીશ, પરંતુ તેવું સુખ મ્હારા ભાગ્યમાં લખાયું નથી. આપણુા માર્ગમાં એક નવીન ભયંકર સંકટ ઉપસ્થિત થયું છે. મ્હારા લગ્નનું મુહુર્ત નક્કી કરવા માટે પિતાજી સરતાનસિંહ જોડે વાતચિત કરવા ગયા છે. મ્હારા સાંભળવામાં આવ્યું છે કે સરતાનસિંહના યુવરાજ દુર્જયસિંહને સાથે લઇનેજ પિતાજી અત્રે આવશે. કુમાર! એજ સંકટમાંથી જો આપ મ્હને બચાવશો નહિ તો પછી આ જગતમાં જીવતાં રહીને મ્હારે શું કામ છે? ગુપ્ત રીતે ન્હાસી જવું એ મ્હારા વંશને કાળુ કલંક લગાડવા સમાન છે. બીજું બધું સહન કરીશ પરંતુ મ્હારા સમસ્ત કુળને કાળો ડાઘ લાગે તે સહન કરી શકીશ નહિ! ન્હાસી જવા શિવાય આવી પડેલા સંકટમાંથી બચવાનો અન્ય કોઈ ઉપાય નથી કુમાર?"

કુમાર કરૂણુસિંહે હૃદય સ્થિર કરીને ઘણો વખત સુધી વિચાર કર્યો. ત્યાર પછી પોતાની પ્રાણેશ્વરીના કરૂણા ભરેલા મુખ કમળ સ્હામુ જોઈ કહ્યું: "પ્રિય દેવી! પુષ્કળ વિચાર કરવા છતાં અન્ય કોઇ ઉપાય જણાતો નથી. આજથી આઠમે દિવસે આવી ત્હારાં દર્શન કરીશ."

" કયે સ્થળે!"

" આ કિલ્લામાંજ."

" કુમાર! આવું સાહસ કરવું યોગ્ય નથી. તમે પ્રથમ આવ્યા તે વખતથીજ કિલ્લાના મનુષ્યોને કંઈક સંશય આવ્યો હોય એમ જણાય છે. તે દિવસથી કેટલાક દિવસ સુધી નદીના કિનારા તરફ પહેરેગીરનો સખ્ત પહેરો રહ્યો હતો. પિતાજી બહાર ગામ ગયા છે ત્યારથી પહેરેગીરોની ત્યાં સખ્તાઇ નથી, તેથી આટલી સ્હેલાઇથી તમે આજે અહિં આવી શક્યા છો. ઇશ્વરેજ રક્ષણ કર્યું નહિ તો—"

" ત્યારે હવે કિલ્લામાં શી રીતે આવી શકાશે ?" કરૂણસિંહે ચિંતાતુર ચ્હેરે પૂછ્યું.

થોડી વાર સુધી વિચાર કર્યા પછી રાજકન્યાએ કહ્યું: "એક બે દિવસમાં કોઇ યુક્તિ શોધી કહાડી આપને ખબર આપીશ."

કરૂણસિંહે એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો અને લલિતાના સુંદર મુખ પર ચુંબન કરી દોરડાની નિસરણી વડે નીચે ઉતરી ચાલ્યો ગયો.

મુક્તાવલિના કિનારા ઉપર કરૂણસિંહનો વિશ્વાસુ નોકર તેની વાટ જોતો બેઠો હતો. કરૂણસિંહે કહ્યું: " સુંદર! ચાલ, ઝટ નૌકા તૈયાર કર."

નૌકા કિનારા નજીક આવતાંજ કરૂણસિંહ તેમાં બેઠો. નૌકા પવન વેગે હંકારી દીધી.

કરૂણસિંહને જતો જોઇ લલિતાનું હૃદય ચીરાવા લાગ્યું હતું. પોતાના પ્રાણેશ્વરનો વિયોગ તેનાથી સહન થાય તેમ નહોતું, પરંતુ તે બિચારી શું કરે ? તેના ગયા પછી લલિતાએ નિરાશ હૃદયે ઝરૂખામાં ફેરા મારવા માંડયા. કેટલાક વખત સુધી તેના જવાના માર્ગ તરફ જોયાં કર્યું. અંતે દોરડાંની નિસરણી વડે કરૂણસિંહ ઉતર્યો હતો તે સ્થળે ઉભી ઉભી કરૂણસિંહની મોહિની મૂર્તિનું ધ્યાન ધરવા લાગી. એટલામાં અંધકાર ભેદીને કોઇ મનુષ્ય ધીમે ધીમે તેના તરફ આવતું જણાયું.

તે મૂર્તિને જોતાંજ રાજકન્યા ચમકી! પરંતુ બ્હીધી નહિ. અંધકા-

રમાં ઝાંખી દેખાતી અજાણી મૂર્તિ થોડે વેગળે હતી તેજ સમયે લલિતાએ પૂછ્યુંઃ "તું કોણ છે?"

સ્હામુથી આવતી મૂર્તિએ લલિતાના પ્રશ્નનો કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. તે ધીમે ધીમે તેના સ્હામુજ આવવા લાગી. અંધકારમાંથી એકાએક ચમત્કારિક હાસ્ય ધ્વનિ સંભળાતાં લલિતાને બ્હીક લાગી. તે મૂર્તિને જોઇ લલિતા થરથર કંપવા લાગી.

ધીમે ધીમે તે મૂર્તિ લલિતા પાસે આવી ઉભી. નજીક આવતાંજ તેણે લલિતાનો હાથ પકડયો અને તેને મૃદુ સ્વરે કહ્યુંઃ "રાજકન્યા! જરા પણ બ્હીશો નહિ હું પણ તમારા જેવીજ એક સ્ત્રી છું."

તે મૂર્તિએ હાથ પકડવા છતાં લલિતાએ બુમ પાડી નહિ તેણે અધિ-રાઇથી પૂછ્યુંઃ "પણ તું છે કોણ! મ્હને ઘણું આશ્ચર્ય થાય છે! કિલ્લામાં તેં શી રીતે પ્રવેશ કર્યો? તું સ્ત્રી હોવા છતાં ત્હારૂં સાહસ વિલ-ક્ષણ છે! આવા એકાન્ત સ્થળમાં મ્હારી પાસે આવવાનું પ્રયોજન શું?"

એ સાંભળી અજાણી સ્ત્રીએ ખડખડાટ હસી દીધું. તેનું હસવું સાંભળી લલિતાને આશ્ચર્ય લાગ્યું. લલિતાનું આશ્ચર્ય જોઇ તે સ્ત્રીને ગમ્મત ઉપજી. તેણે પુનઃ હાસ્ય કર્યું અને કહ્યુંઃ "રાજકન્યા! કિંચિત્ પણ બ્હીશો નહિઃ લલિતા! શું હું કાંઇ વાઘ કે સાપ છું કે જેથી ત્હમને મ્હારી બ્હીક લાગે? હું ત્હમારૂં ખુન કરવા આવી નથી! હું તમારી શત્રુ નથી!"

લલિતાનું આશ્ચર્ય ઓછું થયું નહિ. અજાણી સ્ત્રીના બોલવાથી તેને કંઇક ગભરામણ પણ થઇ હતી. શત્રુ નથી તેમ પોતાની ઓળખાણ આ-પવા ચ્હાતી નથી એનો અર્થ શું? ત્યારે એ સ્ત્રી હશે કોણ?

અજાણી સ્ત્રીએ લલિતાને કહ્યુંઃ "રાજકન્યા! તમને એક પ્રશ્ન પૂછુંછું જે માટે ક્ષમા કરશો. તમને જોતાંજ જણાય છે કે તમે ચતૂર છો, પરંતુ સત્ય કહો કે તમે પ્રેમનો ધર્મ અને મર્મ જાણો છો?"

તેના આ પ્રશ્નથી લલિતાને અતિશય આશ્ચર્ય લાગ્યું. ઓળખાણ નથી. પિછાણ નથી. કોઇ સ્થળે બન્ને મળ્યાં ભેટયાં નથી. તેમ છતાં આ સ્ત્રી ઓચિંતિ એકદમ પ્રેમ સંબંધી પ્રશ્ન કરે છે તેનું કારણ શું? લલિતાએ

કહ્યું: "તુ ગમે તે હો પણ ત્હારૂં આવું સાહસ જોઈ મ્હને આશ્ચર્યજ લાગે છે! તુ મ્હને ઓળખતી હશે પણ હું ત્હને ઓળખતી નથી. ત્હારી સાથે કંઇ સંબંધ હોય એમ પણ કંઇ યાદ આવતું નથી. પછી તુ આવો પ્રશ્ન એકદમ પૂછે છે એ ત્હારી કેટલી મૂર્ખતા?"

અજાણી સ્ત્રીએ સ્મિત હાસ્ય કરી, હોઠે આંગળી લગાડી કહ્યું: "તમે મને ઓળખતાં નથી તેથી તમને પ્રેમના ધર્મ-મર્મ સંબંધી પ્રશ્ન શા માટે ના પૂછવો? રાજકન્યા! હું તમને એક ચતુર સ્ત્રી ધારતી હતી—"

"હું ચતૂર નહિ હોઉં તેની ત્હને શી પંચાત! એ પ્રશ્ન પૂછવાની ત્હને જરૂર શી?"

"પણ એ પ્રશ્નનો ઉત્તર આપવામાં ત્હમને નુકશાન શું છે?"

લલિતાએ ઉત્તર આપ્યો નહિ. તે સ્ત્રી તરફ એક વખત તીક્ષ્ણ દ્રષ્ટિ ફેંકી. તેમાં તેણે ક્રોધ સાથે તુચ્છતાજ દર્શાવી.

અજાણી સ્ત્રીએ પોતાના પ્રશ્નના ઉત્તરની વાટ જોઇ પણ ઉત્તર મળ્યો નહિ. ત્યારે તેણે કહ્યું: "રાજકન્યા! મ્હારા પ્રશ્નનો ઉત્તર દીધો નહિ. તેમ કરવામાં ત્હને લાભ નથી એ નક્કી સમજજો."

તેના આ શબ્દો સાંભળી લલિતાને તેના ઉપર વિશેષ ક્રોધ ચ્હડયો. તેણે ગુસ્સામાંજ ઉંચે સ્વરે કહ્યું: "ત્હારા જેવી મૂર્ખ સ્ત્રી સાથે શું બોલવાનું હોય? ત્હારી સાથે એક અક્ષર પણ બોલવાની મ્હારી ઇચ્છા નથી! હું ચાલી જાઉં છું અહિંથી સમજી?"

લલિતા ગુસ્સામાં ને ગુસ્સામાંજ ત્યાંથી ચાલવા લાગી. અજાણી સ્ત્રી લલિતા સાથે કંઇ વાતચિત કરવા ત્યાં આવી હતી. પરંતુ પોતાનો મનોરથ નિષ્ફળ થતો જોઇ તેને દિલગીરી ઉત્પન્ન થઇ. તેણે વચમાં પડી લલિતાને અટકાવતાં કહ્યું: "હાં-હાં રાજકન્યા! જશો નહિ-જશો નહિ-મ્હારે-મ્હારે—"

લલિતા જ્યાં ઉભી હતી ત્યાંજ થોભી. અજાણી સ્ત્રીના પ્રશ્નથી તેને જતા રહેવાની ઇચ્છા થઇ હતી તેમ છતાં તેના કાલાવાલાથી ઉભા રહેવાનીજ તેને ફરજ પડી. લલિતાએ તેને તિરસ્કાર કરતાં કહ્યું: "મૂર્ખ! હવે

શું કરવું તે સૂઝતું નથી! મ્હારી પૂઠે લાગેલી તું કોણ મુઈ છે તે તો કહે? આટલું બધું તું બોલી ગઇ પરંતુ ત્હારી ઓળખ આપતી નથી તેનું કારણ શું? હું તો ત્હારાંથી થાકી ગઈ! કહે તો ત્હારે પગે પડું બ્હેન! પણ મ્હારો પીછો છોડ હવે! તું કોણ છે તે તો કહે?"

અજાણી સ્ત્રીએ પુનઃ હાસ્ય કરતાં કહ્યું: "અને હું તમને મ્હારી ઓળખાણ નહિ આપું તો રાજકન્યા!"

લલિતાને એ સાંભળી ઘણો ત્રાસ ઉત્પન્ન થયો. કપાળ ઉપર કરચલીઓ ચઢાવતાં કહ્યું: "હું ત્હને બીજું કંઇ કરીશ નહિ. માત્ર—"

"માત્ર શું? શું કરશો તે કહો રાજકન્યા!"

"હમણાં ને હમણાંજ પહેરેગીરને બોલાવી ત્હને—"

લલિતાના ક્રોધની તેના ઉપર કંઇ અસર થઇ નહિ. તેણે હસતાં હસતાંજ રાજકન્યાને કહ્યું: "પહેરેગીર મ્હને શું કરશે? હું એક અબળા છું. ત્હમારો પહેરેગીર મ્હારા શરીરને સ્પર્શ પણ કરી શકશે નહિ!"

તે વિલક્ષણ સ્ત્રી પાસે પોતાનું કંઇ ચાલતું નથી, એ જોઇ લલિતાએ પોતાનો ક્રોધ શાંત પાડયો. તેણે શાંત રીતે પુછ્યું: "ઠીક, હું પહેરેગીરને બોલાવીશ નહિ. મ્હને માત્ર એટલુંજ કહે કે આ વખતે તું કયાંથી આવી પહોંચી?"

મનની વાત લલિતાને કહેવી કે નહિ તેની અજાણી સ્ત્રીને ભાંજગડ થઇ પડી. થોડી વાર પછી તેણે રાજકન્યાને કહ્યું: "મ્હારે ત્હમારી પાસે કંઈ યાચના કરવી છે."

"શું યાચના છે? મ્હારી પાસેથી કઇ વસ્તુ જોઇએ છે?" લલિતાએ આશ્ચર્ય પામતાં પૂછ્યું:

"મ્હારે શું જોઇએ છે? ખરેખર, મ્હારે શું જોઇએ છે?" તે સ્ત્રી વિચારમાં પડી ગઈ હોય એમ જણાવા લાગી.

લલિતાને શંકા થઈ કે: તે સ્ત્રી ગાંડી હોવી જોઇએ. તેની એવી સ્થિતિ જોઇને અત્યાર સુધી તેના મનમાં તેના પર જે તિરસ્કાર ઉપજ્યો હતો તે નાશ પામ્યો અને ઉલટી દયા ઉત્પન્ન થઇ. લલિતા ત્હેની પાસે

ગઇ અને સ્નેહપૂર્વક તેના ખભાપર હાથ મૂકી પૂછયું: " ત્હારે શું જોઇએ છે કહે જોઉં."

" મ્હારે જે જોઇએ છે તે ત્હમને કહું કે રાજકન્યા ? જે મ્હને કદી પણ પ્રાપ્ત થાય તેમ નથી અને જેની મ્હેં આશા છોડી દીધી છે, જે મ્હને પ્રાપ્ત થવા છતાં સત્વર અંતર્ધ્યાન થયું છે અને જે પુનઃ પ્રાપ્ત થવાની કદી પણ આશા નથી તેજ—રાજકન્યા તેજ મ્હને જોઇએ છે ! ત્હમે મ્હને તે મેળવી આપશો ?" એટલું કહેતાં કહેતાં તેના મુખ ઉપર ક્રોધ જણાયો. તેનાં નેત્રમાં રક્તતા જણાઇ. તેના મુખમાંથી હવે એક શબ્દ પણ બોલાતો નહોતો. તેણે લુગડાના છેડા વડે નેત્રનાં આંસુ લુછ્યાં હોય એવું લલિતાને જણાયું.

કોમળ હૃદયની લલિતાને તે સ્ત્રી ઉપર દયા ઉત્પન્ન થઇ. સ્નેહપૂર્ણ સ્વરે તેને કહ્યું: " મ્હને જરા સ્પષ્ટ રીતે કહે. ત્હને શું જોઇએ છે ? ત્હારા કહેવામાં મ્હને કંઇ સમજણ પડી નહિ."

તે સ્ત્રી કંઇક શાંત થઇ હતી. તેણે ખિન્ન સ્વરે કહ્યું: " લલિતા ! હું તમને એક પ્રશ્ન પુછું છું. મ્હને વચન આપો કે તેથી ત્હમે મ્હારા ઉપર ગુસ્સે થશો નહિ."

પળ વાર વિચાર કર્યા પછી લલિતાએ ઉત્તર દીધો: " વારૂ, હું ત્હારા ઉપર ગુસ્સે નહિ થાઉં. પછી કંઇ ?"

તે સ્ત્રીએ એક ઉંડો નિઃશ્વાસ નાંખી લલિતાના નેત્ર સ્હામુ એક વખત જોયા પછી કહ્યું: " લલિતા ! મ્હને સત્ય કહેજો. ચૌહાણ રાજકુમાર કરૂણસિંહ ઉપર ત્હમારો આટલો બધો પ્રેમ શા માટે ?"

અણધારેલો પ્રશ્ન સાંભળી લલિતા આશ્ચર્યચકિત થઇ ! તેને કલ્પના પણ નહોતી કે કુમાર કરૂણસિંહ અને તેના વચ્ચે બંધાયલા પ્રેમની વાર્તા અન્ય કોઇ મનુષ્ય પ્રાણી જાણતું હશે ! તેણે વિસ્મય પામતાં કહ્યું: " ત્હારો એ ચમત્કારિક પ્રશ્ન સાંભળી હું અજબ થઇ છું ! કુમાર પર મ્હારો પ્રેમ છે એવું ત્હને કહ્યું કોણે ? તેજ હું પ્રથમ ત્હને પુછુંછું."

રાજકુમારીના પ્રશ્નથી અજાણી સ્ત્રીને ગુસ્સો ચ્હડયો હોય અને તેના

હૃદયમાં કંઈ ખળભળાટ થતો હોય એવું અનુમાન થઈ શકતું હતું. તેણે લલિતા ઉપર બળપૂર્વક ધસારો કરતાં ગુસ્સામાંજ કહ્યું: "લલિતા! લલિતા! શું તું મ્હારાથી એ વાત છુપાવે છે? ત્હારો એ યત્ન કદી પણ સિદ્ધ થનાર નથી સમજી? ત્હમારા બન્નેની પ્રેમ કથા હું સારી પેઠે જાણું છું. મ્હારી પાસે શા માટે છુપાવે છે? હું ત્હને એક નિશાની આપું છું તેથી મ્હારી સત્યતાની ત્હને ખાત્રી થશે."

"કહે—ઝટ કહે—શી નિશાની?" લલિતાએ કંઇક અધીરતાથી અને કંઇક આશ્ચર્યતાથી પૂછ્યુ:

પેલી અજાણી સ્ત્રીએ હાસ્ય કરતાં કરતાં કહ્યું: "કુમાર કરણસિંહ હમણાંજ અહિંથી ચાલ્યા ગયા એ વાત સત્ય કે? રાજકન્યા! ત્હમારા બન્ને વચ્ચે થયેલી વાતચિત મ્હેં આદિથી અંત સુધી સાંભળી છે સમજી!"

લલિતાના આશ્ચર્યનો હવે પાર રહ્યો નહિ. તેને તેના પર ઘણો ક્રોધ ચ્હડયો. તેમ છતાં ક્રોધને દબાવી તેણે પૂછ્યું: "વારૂ, તું કહે છે તેમ કદાચ હશે તો તું કહેવા શું માંગે છે? મ્હારી પાસે ત્હારી શી યાચના છે?"

હવે તે સ્ત્રીએ સ્વભાવ બદલી નાંખતાં જાણે લલિતા ઉપર પોતાનો અધિકાર હોય તેમ કહ્યું: "રાજકન્યા! હું ત્હને ત્હારા હિતની વાત કહુ છું તે ધ્યાન દઇને સાંભળ. કુમાર ઉપર પ્રેમ રાખવાનું તું આ ક્ષણથી ત્યાગ કર. ત્હેનું પરિણામ કદી પણ સારૂં આવશે નહિ. મ્હને વચન આપ-કે: "કુમારને ભૂલી જઇશ." તેનાં પુનઃ દર્શન પણ કરશે નહિ એવી પ્રતિજ્ઞા કર. કુમારનાં દર્શન કરવાનો યત્ન પણ કરીશ નહિ."

તે સ્ત્રી વિશેષ બોલી નહિ. આટલેથીજ થોભી. લલિતા આશ્ચર્યમાં ગરક થઈ જે સ્થળે ઉભી હતી ત્યાંજ દિગ્મૂઢ જેવી—પત્થરના પૂતળા પેઠે સ્તબ્ધ થઈ ગઈ. તેના મુખમાંથી એક શબ્દ પણ ફુટયો નહિ!

પ્રશ્નનો ઉત્તર નહિ મળવાથી પેલી અજાણી સ્ત્રીએ આગળ બોલવાનું શરૂ કર્યું: "લલિતા, જેના ઉપર ત્હારો પ્રેમ છે તે કુમાર કરણસિંહ મ્હારો છે. તેના પ્રેમ ઉપર મ્હારી સંપૂર્ણ સત્તા છે. અમે બન્ને બાલ્યાવસ્થાથીજ એક સાથે રહ્યાં છીએ, એક સાથે રમ્યાં છીએ, અને એક

સાથે ઉછર્યાં છીએ. તે સમયથીજ કુમાર મ્હારો હૃદયેશ્વર થયો છે. તે સમયથીજ તેમના ઉપર મ્હારો દઢ પ્રેમ બંધાયો છે. રાજકન્યા! મ્હારા હૃદયેશ્વરને તું મ્હારી પાસેથી ઝુંટાવી લે છે! તેમ થવાથી મ્હારા પ્રેમવૃક્ષના અને તેનાં અતિશય ઉંડાં રોપાયલાં મૂળવાળા મ્હારા હૃદયના હજારો કટકા થાય છે! મ્હારા કુમાર માટે—ત્હેના પ્રેમની પ્રાપ્તિને માટે—હું ભિખારિણી થઈ, ગાંડી પેઠે દેશેદેશ ભટકતી ફરીશ! મ્હારા હૃદયમાંથી મ્હારા પ્રાણેશ્વર રાજકુમારને તું ખેંચી શકીશ નહિ! ત્હને મ્હારો શ્રાપ લાગ્યા વગર રહેશે નહિ! લલિતા! મ્હારી વસ્તુ તું લઇશ નહિ! મ્હારા પ્રાણને મ્હારા શરીરમાંજ રહેવા દે લલિતા! એમાં ત્હને શું ફળ મળશે લલિતા! એકનું કાળજું કાપી આનંદ માનવો એ તો કસાઇનું કામ છે રાજકન્યા!"

લલિતા આશ્ચર્યમાંજ સ્તબ્ધ થઇ ગઇ હતી છતાં તે સ્ત્રીના કહેવાનો ભાવાર્થ ધીમે ધીમે તેને સમજાયો. લલિતા સ્તબ્ધજ ઉભી હતી. તેના મુખમાંથી એક પણ શબ્દ બોલાતો નહોતો. તેણે નીચું જોયાંજ કર્યું. આ સમયે તેના હૃદયસાગરમાં અનેક વિચાર તરંગ ઉછળી પાછા સમી ગયા!

થોડી વાર પછી લલિતાને ભાન આવ્યું. વિચિત્ર ગાંડી સ્ત્રીને સારી પેઠે ઝાટકી નાંખવાની ઇચ્છાથી તેણે ઉંચું જોયું. પણ તે સ્ત્રી ક્યાં ? તે તો અદ્રષ્ય થયેલી જણાઇ! જે રીતે તે એકાએક આવી હતી તેજ પ્રમાણે એકાએક ત્યાંથી અદ્રષ્ય થઇ ગઇ!

૫ ભૈરવી.

લલિતાનું આશ્ચર્ય કંઇક ઓછું થયું. પ્રાણવલ્લભનાં દર્શનથી ત્હેનું અંતઃકરણ પ્રફુલ્લિત થયું હતું. પરંતુ ત્યાર પછી બનેલા બનાવે તેને ખિન્ન બનાવી દીધી હતી. એક અજાણી સ્ત્રીના આવાગમનથી અને તેની સાથે થયેલી વાતચિતથી તેના હૃદયમાં અત્યંત દુઃખ થતું હતું.

ઝરૂખામાંથી ખિન્ન હૃદયે લલિતા મહેલમાં ગઇ. તેના અંતઃકરણમાં અજાણી સ્ત્રીના શબ્દો ઉપર અનેક વિચાર ચાલતા હતા. મહેલમાં આવતાંજ એક દાસી સ્હામુ મળી. દાસીએ કદાચ તે અજાણી સ્ત્રીને જોઇ હશે એવા વિચારથી લલિતાએ ત્હેને પૂછ્યુંઃ "મોહના! થોડા સમય પહેલાં છજાની

પાછળના રસ્તા પરથી કોઇ નવીન સ્ત્રીને જતાં ત્હેં જોઇ છે?"

"ક્યારે બ્હેન સાહેબ?"

"હમણાંજ—અર્ધા કલાક પહેલાં."

"ના બ્હેન સાહેબ. મ્હેં એવી કોઇ પણ સ્ત્રીને જતાં જોઇજ નથી."

મોહનાના પ્રતિ ઉત્તરથી લલિતાને વધારે આશ્ચર્ય થયું. તે સ્ત્રી સંબંધી તેના હૃદયમાં પ્રબળ જીજ્ઞાસા ઉત્પન્ન થઇ. મહેલ ઉપરના પહેરગીરોને બોલાવી લલિતાએ પેલી અજ્ઞાત સ્ત્રી સંબંધી તપાસ કરી. તેમણે પણ મોહનાના જેવોજ ઉત્તર આપ્યો.

લલિતાને વિશેષ ચિંતા થવા લાગી. રાજકન્યા નૈસર્ગિક રીતેજ નિર્ભય હૃદયની હતી, પરંતુ હવે તેના હૃદયમાં ભય ઉત્પન્ન થયો. "એ સ્ત્રી કોણ? તેને રાજકુમાર સાથેની પ્રેમકથાની ક્યાંથી ખબર? કુમાર ઉપર પ્રેમ નહિ રાખવાની અને તેમનાં દર્શન સુદ્ધાં નહિ કરવાની આવી આજ્ઞા ફરમાવવાનું શું કારણ? એના કહેવાનો અથ શું? વળી આટલો સખ્ત બંદોબસ્ત છતાં મહેલના જનાનખાનામાં પ્રવેશ કરી કોઇને પણ ખબર પડયા શિવાય ગુપચુપ પાછી ચાલી ગઇ શી રીતે?" લલિતાના હૃદયમાં એવા અનેક પ્રશ્નો ઉત્પન્ન થયા. તેને એ સર્વમાં વિલક્ષણતા અને આશ્ચર્યજ જણાયું. એ પ્રશ્નોના ઉત્તર શોધતાં લલિતાનું માથું ફરવા લાગ્યું.

લલિતાને એ એકજ બાબતના વિચારમાં પડી રહેવાની ફુરસદ નહોતી. દુર્ભાગ્યવશાત્ તેના આયુષ્યનો અત્યંત મહત્વનો પ્રશ્ન હમણાં ઉપસ્થિત થયો હતો. તેનો પિતા ભીમસિંહ તેનાં લગ્ન કરવા માટે સરતાનસિંહ પાસે ગયો હતો. બે ત્રણ દિવસમાં સરતાનસિંહ અને દુર્જયસિંહને લઇ ભીમસિંહ કિલ્લામાં આવી પહોંચવાનો છે. તેમના આવ્યાથી લલિતાની સર્વ આશાઓ બળીને ભસ્મ થઈ જવાનો સંભવ હતો! બે ત્રણ દિવસમાંજ કુમારનાં દર્શન નં થયાં તો પછી શો ઉપાય? પિતાની આજ્ઞા પ્રમાણે દુર્જયસિંહ સાથ લગ્ન કર્યા વગર છૂટકો થશે? અને તેમ થયાથી પ્રેમને અખંડિત રાખવા માટે વીંટીમાંનો હીરો ચૂસી પ્રાણ કાઢયા શિવાય બીજો રસ્તો શો?

લલિતાના ! મસ્તકમાં એવા અનેક ભયંકર વિચારો ઘોળાયા કરતા હતા. પોતાના મનની સ્થિતિ અન્ય મનુષ્યોના જાણવામાં ન આવે તે માટે બે કોળિયા ભોજન કરી શયન મંદિરમાં જઇ પલંગ ઉપર પડતી. એ પ્રમાણે તે મહેલનાં ભોળાં મનુષ્યોને સમજાવી દેતી, પરંતુ સર્વાન્તર વ્યાપી નિદ્રા દેવીને તે કેવી રીતે ઠગી શકે ! રાજકન્યાને એવી સ્થિતિમાં નિદ્રા આવે એ શકયજ નહોતું. તે જેમ જેમ નિદ્રા દેવીની પ્રાર્થના કરતી તેમ તેમ તે દેવી તેનાથી વેગળી જતી રહેતી !

લલિતા એક ખુરસી ઉપરથી બીજી પર જઇ બેસતી. એક પલંગ પરથી બીજા પર જઇ આળોટતી. એક બારીમાંથી બીજીમાં જઈ ઠંડા વાયુનું સેવન કરતી તેમ છતાં તેનું હૃદય શાંત થયું નહિ. વિચારનો આવેગ તેને અસહ્ય થઇ ઉઠયો. એવી સ્થિતિમાં કેટલોક સમય વીત્યા પછી શયનમંદિરમાં આમતેમ ટહેલવા લાગી, અને બારીમાંથી નીલ આકાશ તરફ દ્રષ્ટિ રાખી, પોતાની દુઃખી સ્થિતિ તરફ હાસ્ય કરતા તારાઓ તરફ જોવા લાગી. એમ કરવાથી પણ તેના મસ્તકમાં ઘોળાતા વિચારનું સામ્રાજ્ય ઓછું થયું નહિ. બારીનાં બારણાં ધડાક દઇને બંધ કરી લલિતા પલંગપર આળોટતી અને વિચાર–દુઃખમાંથી મુક્ત થવા માટે નિદ્રા દેવીની પ્રાર્થના કરતી પરંતુ પાષાણ—હૃદયની નિદ્રા દેવીને તે અભાગિનીની કિંચિત્ પણ દયા આવતી નહોતી ! ઉલટું તે વધારે વેગળે જતી રહી !

આ પ્રમાણે લલિતાનો ઘણો વખત જાગૃત અવસ્થામાંજ પસાર થયો. એટલામાં રાત્રિની ગંભીર નિસ્તબ્ધતાનો ભંગ કરી, કિલ્લાના મુખ્ય દ્વાર પરનાં નગારખાનામાંથી નોબતનો ગંભીર ધ્વનિ ચારે તરફ ગડગડવા લાગ્યો, એટલે ત્રણ પ્રહોર રાત્રિ વીતી ગયાની લલિતાને ખાત્રી થઇ. આકાશ તરફ એક વખત જોઇ લીધા પછી તેણે બારીનાં બારણાં બંધ કર્યાં અને પુનઃ પલંગ પર પડી. લલિતાના મસ્તકમાં પુનઃ અનેક ચિંતાના નવા તરંગો ઉઠયા પરંતુ હવે તેને વધારે કષ્ટ સહન કરવું પડયું નહિ. પાછલી રાતના ઠંડા મધુર પવને તેનાં નેત્રો બંધ કરી દીધાં. તેને મીઠી નિદ્રા આવી ગઈ. તેમ છતાં તે શાંતપણે નિદ્રાનું સુખ ભોગવી શકી નહિ. સાયંકાળથી જે જે

બનાવો બન્યા હતા તેનાં તેને સ્વપ્ન આવવા માંડયાં.

અરૂણોદય થવાની તૈયારી હતી તેજ સમયે લલિતાને એક ભયંકર સ્વપ્ન આવતાંજ તે જાગૃત થઇ. બારીએ ટાંગેલા પડદામાંથી પ્રાતઃકાળનો મંદ પ્રકાશ પડેલો જોઇ લલિતા જાગૃત થઇ. ઘરનાં મનુષ્યો સાથે કંઇ પણ બોલ્યા વિના લલિતાએ પોતાના નિયમ પ્રમાણે પ્રાતઃ કર્મ સમાપ્ત કર્યું અને પોતાના શયન મંદિરમાંથી બહાર આવી.

કિલ્લાની ઉત્તર દિશામાં થોડે વેગળે મુક્તાવલિ નદીને કિનારે શાંત-વૃક્ષ લતાના મધ્ય ભાગમાં પત્થરનું બનાવેલું કલ્યાણીદેવીનું એક ન્હાનું મંદિર હતું. તે રાજપૂતાનાના ચૌહાણ અને ચંદ્રાવત્ કુળની કુળદેવી હતી. એ બન્ને કુળનાં આબાલ વૃદ્ધ સ્ત્રી પુરૂષોની એવી દ્રઢ માન્યતા હતી કેઃ એ દેવીની આરાધના કરવાથીજ આપણા કુળનું કલ્યાણ અને માન ગૌરવ અખ-ણ્ડિત રહે છે. વર્ષના કેટલાંક પર્વને દિવસે, કિલ્લાનો સરદાર પોતે કલ્યાણી મંદિરમાં આવી ષાડશોપચાર પૂજન કરતો હતો.

સ્નાન કરી ઝીણું સફેદ રેશમી વસ્ત્ર ધારણ કરી, રાજકુમારી લલિતા પૂજાનું સાહિત્ય લઈ મહાલયમાંથી બ્હાર નિકળી અને કલ્યાણી દેવીના મંદિરમાં જઇ પહોંચી. તેની સાથે એક બે દાસ દાસીએ જવાની ઇચ્છા દર્શાવી હતી છતાં તેણે કોઇને પોતાની સાથે લીધાં નહિ, માત્ર તે એકલીજ દેવી મંદિરમાં ગઇ.

મંદિરમાં જઈ લલિતા દેવીના ચરણ આગળ બેઠી. ભક્તિ પૂર્ણ હૃદયે દેવીની પૂજા કર્યા પછી લલિતાએ બે હાથ જોડી નેત્ર બંધ કરી એક ચિત્તે દેવીનું ધ્યાન ધર્યું. જાણે એક સ્થિર નિશ્ચલ સુવર્ણ પ્રતિમા, શાંત ચિત્તે કલ્યાણી દેવીની કૃપા ભિક્ષા માગતી હોય તેમ જણાતું હતું ! પ્રાર્થના દ્વારા પોતાના મનોભાવ કલ્યાણી દેવીને જણાવ્યા પછી લલિતાએ પોતાનાં કમળ જેવાં સુંદર નેત્ર ઉઘાડયાં અને ભક્તિ પૂર્ણ નિશ્ચલ–દ્રષ્ટિથી દેવી સ્હામુ જોઇ સાષ્ટાંગ પ્રણામ કર્યાં.

પ્રાર્થનાનું કાર્ય પરિપૂર્ણ થયા પછી લલિતા ત્યાંથી ઉઠી ઉભી થઇ, અને દેવીની મનોહર મૂર્તિ સ્હામુ બે ચાર વખત જોયા પછી મંદિર બ્હાર

નિકળી ગઇ. મંદિરની પશ્ચિમ દિશામાં, થોડે વેગળે, એક ન્હાની પર્ણકુટી હતી તેના સ્હામુ જઇ ઉભી. પર્ણકુટીનાં દ્વાર બંધ હતાં. થોડી વાર વાટ જોયા પછી લલિતાએ પોતાનાં કોમળ આંગળાં વડે દ્વાર ખખડાવ્યાં. પર્ણકુટીમાં કોઈ હતું કે નહિ તે તો કોણુ જાણે !

થોડીવાર સુધી કંઇ ઉત્તર નહિ મળ્યાથી લલિતાએ પુનઃ દ્વાર ખખડાવ્યાં, એટલે પર્ણકુટીમાંથી ગંભીર સ્વર સંભળાયો: " કોણુ છે ? "

" એ તો હું માતાજી. " લલિતાએ ઉત્તર દીધો.

" અંદર આવ બેટા ! "

આજ્ઞા મળતાંજ લલિતાએ પર્ણકુટીનાં દ્વાર ઉઘાડયાં અને અંદર પ્રવેશ કર્યો. ઝુંપડી ન્હાની હતી. તેના વચમાંથી બે વિભાગ પાડયા હતા. અંદર પ્રવેશ કરતાંજ લલિતાની દ્રષ્ટિએ જે દેખાવ જણાયો તે જોઇ કોઇ અપરિચિત મનુષ્ય મૂર્ચ્છા પામ્યા શિવાય રહે નહિ પરંતુ લલિતાને તેવા દેખાવનો અનુભવ થયેલો હોવાથી અને ત્યાં એવા દેખાવ વારંવાર નજરે પડવાનો સંભવ હોવાથી તે જરા પણુ ગભરાઇ નહિ.

ઝુંપડીના અંદરના વિભાગમાં, એક ભયંકર વન પશુના ચર્મ ઉપર એક પ્રૌઢ વયની ભૈરવી બેઠી હતી. હેની મુખ મુદ્રા ઉગ્ર નહોતી પણુ શાંત અને વિવેકયુક્ત જણાતી હતી. ભૈરવીના સ્હામુ સિંદુર ચોપડેલી અષ્ટભુજા દેવીની એક મૂર્તિ હતી. તેજ તેની ઉપાસ્ય દેવતા હોય એમ લાગતું હતું. ભૈરવીની એક દિશામાં સિંદુર ચોપડેલું ત્રિશૂળ હતું અને બીજી દિશામાં માણુસની ખોપરીઓ પડેલી હતી. એક બાજુએ એક મરણુ પામેલી સ્ત્રીનું મુડદું પડયું હતું. એક બાજુએ ભસ્મનો ઢગલો પડયો હતો. મ્હોટા રૂદ્રાક્ષની માળા વડે ભૈરવીનું ગળું ભરાઇ ગયું હતું. તેના કપાળમાં સિંદુરની લાંબી આડ કરેલી હતી અને તેની વચમાં સફેદ ચંદનનાં કેટલાંક ટપકાં કર્યાં હતાં. ભૈરવીએ પોતાને સર્વ શરીરે વિભૂતિ ચોળી હતી.

લલિતાને ઝુંપડીમાં આવેલી જોઈ ભૈરવીએ સ્મિત હાસ્ય કર્યું, પરંતુ વિચારમાં મગ્ન થયેલી લલિતાએ તે જોયું નહિ. તેણે ભૈરવી નજીક જઇ સાષ્ટાંગ પ્રણામ કર્યા. ભૈરવીનું ગંભીર મુખ હમણાં અધિક ગંભીર જણાવા લાગ્યું.

ભૈરવી સ્તબ્ધ થઈ બેઠી હતી. લલિતાએ આતુરતાથી પૂછયું:– "માતાજી ! મ્હારૂં કામ પરિપૂર્ણ થયું ?"

ભૈરવી હજુ પણ સ્તબ્ધ બેઠી હતી તેના મનમાં કયા વિચાર ચાલતા હતા તે કહેવું કઠિન છે. પરંતુ રાજકન્યાનો પ્રશ્ન સાંભળતાં તેના કપાળ ઉપર ચિંતાની કરચલીઓ જણાતી હતી એ તો સત્ય ! લલિતાએ પણ તે જોયું.

પ્રશ્નનો ઉત્તર નહિ મળ્યાથી લલિતાએ પુનઃ પૂછયું: " માતાજી !"

ભૈરવી એકદમ ચમકી ઉઠી અને કહ્યું: " કેમ બેટા ?"

" મ્હારી વિનતિ પ્રમાણે મ્હારૂં કામ કર્યું કે ?"

" હા."

" આપને શું જણાયું ?"

ભૈરવી થોડો વખત વિચારમાં સ્તબ્ધ બેઠી, ત્યાર પછી તેણે રાજકન્યાને કહ્યું: " બેટા ! એ ભાંજગડમાં ત્હારે પડવાની જરૂર નથી. ભવિષ્ય જાણીને ત્હારે શું કરવું છે ? લલિતા-! હું કહું છું તે પર ધ્યાન આપ. એ ફંદમાં પડવાની જરૂર નથી. સુખનો જીવ દુઃખમાં નાંખવાથી શો ફાયદો બેટા ?"

પરંતુ લલિતાને ભૈરવીની સલ્લાહ પસંદ પડી નહિ ! પોતાના નશિબમાં શું લખ્યું છે તે જાણવાની તેને અત્યંત ઉત્કંઠા થઈ હતી, તેનું દમન થાય તેમ નહોતું. લલિતાએ ગદ્દગદ્દ કંઠે કહ્યું: માતાજી આપને મ્હેં વિનતિ કરી તે વખતેજ મ્હેં બરાબર વિચાર કર્યો હતો. આપની ગણત્રીમાં જે જણાતું હોય તે મ્હને સ્પષ્ટ રીતે કહો. કંઇ પણ ગુપ્ત રાખશો નહિ. નહિ કહેશો તો સંશયમાં ને સંશયમાં રહેવાથી મ્હને જે દુઃખ થશે તેના જેવું દુઃખ બીજા કશાથી થશે નહિ. પ્રારબ્ધમાં લખેલું હોય તે આનંદપૂર્વક કહો મા !"

ભૈરવીએ ક્ષણવાર તેના સ્હામુ જોયા પછી ગંભીર સ્વરે કહ્યું: "વત્સ ! હવે કહ્યા શિવાય મ્હારો છૂટકોજ નથી. કાલે આખી રાત્રિ ત્હારૂં ગણિતજ કર્યું છે—"

લલિતાએ બે હાથ જોડી કહ્યું: " આપનો એ કેટલો બધો ઉપકાર માતાજી !"

ભૈરવીએ સ્નેહ-મમતા બતાવતાં કહ્યું: "લલિતા, એમાં ઉપકાર શો! ત્હારા જેવી સદ્દગુણી અને સાક્ષાત્ લક્ષ્મી-સરસ્વતી જેવી કુમારિકા ઉપર કોને પ્રેમ ના થાય ?"

લલિતાએ શરમાઇને ઉત્તર દીધો: "એ વાત જવા દો માતાજી ! પ્રથમ ક્હો કે આપની ગણત્રીમાં મ્હારૂ ભવિષ્ય કેવું જણાય છે !"

"લલિતા ! ત્હારા અને કરૂણસિંહના પ્રેમનું અંતે સંમીલન થવુંજ જોઇએ એવું મ્હને જણાય છે."

રાજકન્યા હર્ષ પામતી બોલી: "એમ કે માતાજી ! ત્યારે પછી એ કહેવામાં આટલો બધો વિચાર શો ?"

ભૈરવીએ ગંભીર સ્વરે કહ્યું: "એટલી બધી અધીર થઇશ નહિ. હું જે કહું તે સર્વ પ્રથમ સાંભળી લે. તમારૂં બન્નેનું મિલન થશે ખરૂં પણ તેનું પરિણામ મ્હને સારૂં જણાતું નથી !"

ભૈરવીની એ ભવિષ્ય વાણીએ લલિતાના હૃદયમાં ધક્કો માર્યો હોય એમ થયું. પરંતુ એ આઘાત સહન કરવાને લલિતાએ પ્રથમથીજ પોતાનું હૃદય કાઠન બનાવી રાખ્યું હતું. પ્રેમના બદલામાં વિકટ દુઃખ સહન કરવાને તો તે પ્રથમથીજ તૈયાર થઇ રહી હતી તેથી તેને એ શબ્દોથી વિશેષ દુઃખ થયું નહિ. તેણે ભૈરવીને પૂછ્યું: "એટલે શું થશે માતાજી ?"

ભૈરવી: "શું થશે તે હું પણ નક્કી કહી શકતી નથી. પરંતુ તમારો મેળાપ થયા પછી કંઇક અશુભ બનાવ બનશે એ તો નક્કીજ."

એ સાંભળી લલિતાએ એક ઉંડો નિઃશ્વાસ મૂક્યો. કેટલોક વખત સુધી તે અને ભૈરવી બન્ને વિચાર કરવા લાગ્યાં. રાજકન્યાએ કહ્યું: "માતાજી ! વિશેષ કંઇ જણાયું કે ?"

"હા, તે ત્હને આનંદ આપશે."

"તે શું માતાજી ?"

"ત્હારો અને કરૂણસિંહનો મેળાપ થયા પછી ત્હમારા બન્નેનો કદી પણ વિયોગ થશે નહિ. ત્હને વૈધવ્ય પ્રાપ્ત થશે નહિ બેટા !"

ભૈરવીનું એ એકજ આશ્વાસન વાક્ય સાંભળી લલિતા, તેનાં બીજાં કઠોર ભવિષ્ય કથન ભૂલીજ ગઈ! તેના આનંદનો પાર રહ્યો નહિ. તેના હૃદયમાં આનંદની લહરો ઉઠવા લાગી. ભૈરવીના ચરણમાં પ્રણામ કરી લલિતા પોતાના મહાલય તરફ ગઈ. તેના હૃદયમાં અનેક તરેહનાં સુખ ભોગવવાની કલ્પના થવા લાગી. કરૂણસિંહની જે પવિત્ર મૂર્તિનું હૃદય મંદિરમાં આવાહન અને પૂજન કરતી હતી તેજ પવિત્ર મૂર્તિ સાથે જીવન પર્યંત રહેવાનું સુખ મળશે એ જાણી તેને અત્યંત હર્ષ થયો. ચંદ્રચૂડ મહારાજે તેના અને કરૂણસિંહના સંમીલન સંબંધી જે ભવિષ્ય કહ્યું હતું તેની સાથે ભૈરવીના ભવિષ્ય કથનની સરખામણી કરતાં જ્યોતિષ ઉપરથી તેની શ્રદ્ધા ઉઠી ગઈ! તેના હૃદયની ખાત્રી થઇ કેઃ એ બન્નેનાં ભવિષ્ય કથન તરફ લક્ષ્ય નહિ આપતાં આપણને જે યોગ્ય લાગે તે પ્રમાણેજ વર્તવું એમાંજ ડહાપણ છે. જ્યોતિષીઓ સાચા હોત તો તેમને ઘેર મરણ થાત નહિ ! એ તો બધું ઢમઢોલ ને માંહી પોલમ્ પોલ !

૬–પુનઃપરિચય.

બે પ્રહર રાત્રિ વીતી ગઈ હતી. કૃષ્ણ પક્ષના દિવસો હોવાથી ચારે તરફ ઘોર અંધકાર પ્રસર્યો હતો. નિબિડ વન પ્રદેશના રસ્તા ઉપર તો એટલો બધો અંધકાર જણાતો હતો કે હાથ બે હાથ વેગળેની વસ્તુ પણ જણાવી મુશ્કિલ ! વૃક્ષની ટોચ પરનાં ધીચ પલ્લવો પર પડેલા અંધકાર કરતાં તેની શાખા પ્રશાખા પર અધિક અંધકાર જણાતો હતો. વૃક્ષના મૂળ આગળ ઉગેલા દર્ભના ગાલિચા ઉપર તો એટલો બધો અંધકાર વ્યાપ્યો હતો કેઃ જાણે તેનું મનોહર સુંદર લીલું સ્વરૂપ ઢંકાઇ જઈ અંધકારમાં સર્વત્ર કાળુંજ જણાતું હતું !

સમગ્ર વન ભૂમિ તદ્દન શાંત હતી. ચારે દિશા નિસ્તબ્ધ ! એક બીજાંની સાથે ખભે ખભા અડકાડી, મિત્ર પ્રમાણે સહાયાર્થે ઉભેલાં, અશ્વત્થ, શાલ, તમાલ વગેરે વૃક્ષનાં ઝુંડ વાયુનો સપાટો આવતાં ખડખડ અવાજ કરતાં અને ત્યાંની પ્રચંડ, વિરાટ્, શાંતતાનો ક્વચિદ્ ભંગ કરતાં એટલુંજ ! તે ખડખડાટ થઇ રહ્યા પછી પુનઃ સર્વત્ર શાંતતા પ્રસરી જતી !

શાંતતાની પેઠે સર્વત્ર અંધકારનું સામ્રાજ્ય પ્રસર્યું હતું ખરૂં પરંતુ તે બન્નેનાં તદ્દન એક છત્રી સામ્રાજ્ય નહોતાં. આકાશમાં ઝળકી રહેલા તારા અને પૃથ્વી ઉપર તેનું કિંચિત્ અનુકરણ કરનાર વૃક્ષ શાખાઓ ઉપર ઉડતાં સંખ્યાબંધ આગીયાં–પતંગીયાંના ક્ષુદ્ર પ્રકાશ વડે, અંધકારના રાજ્યમાં, સહજ વારમાં ન્હાસી જાય એવાં ન્હાનાં સરખાં નિર્બળ પ્રાણીઓએ, એક જાતનો બળવો જ મચાવ્યો હોય એવું ક્વચિદ્ ક્વચિદ્ દ્રષ્ટિએ પડતું હતું! શાંતતાના રાજ્યમાં પણ ક્વચિદ્ ક્વચિદ્ એકાદ ભયંકર પ્રાણીનાં દર્શન થતાં હતાં! પૂર્ણ રીતે અંધકારથી ઘેરાયલા વન પ્રદેશમાં, આકાશ પર્યંત મસ્તક પહોંચેલાં હોવાથી વિકટ જણાતાં વૃક્ષ ઝુંડનાં ઘીચ પલ્લવ સમૂહના આશ્રયમાં રહેનાર, એકાદ નિશાચર પક્ષી, વચમાં વચમાં કઠોર શબ્દ ધ્વનિ કરીને ચારે તરફ પ્રસરેલી વિરાટ્ શાંતતાનો ક્ષણ માત્ર ભંગ કરતું હતું!

મધ્ય રાત્રિનો ગંભીર સમય હતો. એક તરૂણ સ્વાર, શાંત અને નિસ્તબ્ધ વનના એક સાંકડા રસ્તા પર મહા કષ્ટે પોતાનો ઘોડો ચલાવતો હતો. ઘનઘોર અંધકાર હોવાથી માર્ગમાં તેને પગલે પગલે અડચણ નડતી હતી. બે ચાર હાથ રસ્તો પણ તેને સ્પષ્ટ રીતે જણાતો નહોતો! દિવસે લાકડાં કાપવા આવનારાં મનુષ્યોની આવ જા થતી હોવાથી માર્ગ ખાડા ટેકરાવાળો અને વાંકોચૂંકો થઈ ગયો હતો. રસ્તો સીધો નહોતો પણ ડાબે જમણે વળવાનો અને ઉંચો નીચો હોવાથી આપણા સ્વારનો ઘોડો વારંવાર અટકી જતો હતો. આપણો ઘોડેસ્વાર વન માર્ગથી પરિચિત હોવાથી તે જેમ તેમ આગળ જતો હતો. તરૂણ ઘોડેસ્વાર છાતીનો ઘણો કઠિન હોવાથીજ અત્યારે આવા ભયંકર જંગલમાં એકલો પ્રવાસ કરતો જણાતો હતો. તેને ઠેકાણે જો કોઇ અન્ય મનુષ્ય હોત તો તેજ સ્થળે ઢગલો થઈ પડયો હોત! તરૂણ સ્વારનો ઘોડો અથડાતો કુટાતો માર્ગક્રમણ કરતો હતો એ ખરૂં છતાં કોઇ ઠેકાણે અટકીને ઉભો રહેતો નહોતો. પરંતુ આગળ ચાલતાં એક સ્થળે તે અટકી ગયો. ઘણી મહેનત કરવા છતાં તે આગળ પગલું ભરતો નહોતો. આપણા તરૂણ સ્વારે મીઠા શબ્દો કહીને

ઘણી ડચકારીઓ વગાડી, તેની પીઠ થાબડી ઘણુંએ સમજાવ્યો પણ તેના સર્વ પ્રયત્ન નિષ્ફળ ગયા! એ ઘોડાએ આજ પર્યંત અનેક સમર ભૂમિમાં પોતાના સ્વામીને વિજય અપાવ્યો હતો, પરંતુ આજના જેવું બાયલાપણું તેણે કદી પણ બતાવ્યું નહોતું.

ઘોડો અટકી પડવાથી કંઈક ભયંકર બનાવની કલ્પના કરી આપણો તરૂણ ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો અને હાથમાં લગામ પકડી ચારે દિશામાં સૂક્ષ્મ દ્રષ્ટિ ફેરવતો, એક એક પગલું આગળ ચાલવા લાગ્યો. તેનો તર્ક ખોટો નહોતો. થોડાં ડગલાં આગળ જતાંજ એક વૃક્ષ નીચે એક અસ્પષ્ટ છાયા મૂર્તિ ઉભેલી હોય એવો તેને ભાસ થયો.

આપણો તરૂણ વીર જરા પણ બ્હીધો નહિ. હાથમાંનો ભાલો મજબુતીથી પકડી કડક શબ્દે પૂછયું: " કોણ ઉભું છે રે ? "

છાયા મૂર્તિએ શબ્દમાં નહિ બોલતાં માત્ર ખડખડાટ હાસ્ય કરીને પ્રશ્નનો ઉત્તર દીધો !

તરૂણ વીર ચમકયો ! તેણે ઉચ્ચ સ્વરે પુનઃ પૂછયું: "કોણ છે તે ઝટ નહિ તો ઠાર કરીશ—સાંભળ્યું ? "

તે છાયા મૂર્તિએ તરૂણ વીરના સ્હામુ આવી કહ્યું: " કુમારનો જય થાઓ ! મહારાજે હજુ મ્હને ઓળખ્યો નહિ ! "

મૂર્તિના કણ્ઠ સ્વર ઉપરથી તરૂણ વીરે તેને ઓળખ્યો. તેના સ્હામુ હાસ્ય કરતી ઉભેલી છાયા મૂર્તિ બીજી કોઈજ નહિ પણ તેનો વિશ્વાસુ સરદાર અમરસિંહ હતો.

કુમારે તેને ગંભીર સ્વરે પૂછયું: " આટલો બધો વિલંબ કેમ થયો સમર ? નક્કી કરેલે ઠેકાણે ત્હારી કેટલી બધી વાટ જોઇ ? છેવટે કંટાળીને હું પાછો ફરવાનો હતો. મ્હેં ધાર્યું કે ત્હારા સર્વ પ્રયત્ન નિષ્ફળ ગયા હશે ! "

સમરસિંહે કુમારને નમ્ર પ્રણામ કરી કહ્યું: " આપના આશિર્વાદથી હાથમાં લીધેલું કામ પરિપૂર્ણ થયું છે. યશ તો મળ્યો છે પણ તેમાં મ્હને અતિશય કષ્ટ પડયું છે મહારાજ ! "

તરૂણે તેની પીઠ થાપડી સાબાશી આપતાં કહ્યું: " સાબાશ, સાબાશ,

સમર ! ચાલ ત્યારે હવે. સંકટને બન્ને બાજુથી આલિંગન કરવા આપણે સમર્થ થયા છીએ. હવે આપણે એક પગલું પણ પાછા હઠીશું નહિ ! ”

“ આજેજ આપણે તે કાર્ય પાછળ લાગવું છે ? ”

“ હા, આજે જ. અત્યારે રાત્રે જ ! ” કુમારે ઉત્તેજિત સ્વરે ઉત્તર આપ્યો.

“ ત્યારે મહારાજ, મ્હારી એક વિનતિ છે. આ સ્થળેજ આપનો ઘોડો બાંધી આપણે આગળ જઇએ. આપણે કિલ્લા નજીક આવી પહોંચ્યા છીએ. ”

“ હા સમર ! તુ કહે છે તે સત્ય છે. પણ અજયને કયાં બાંધીશું ? ”

“ પેલા વૃક્ષ સાથે હું ત્હેને બાંધું છું. પાછા જતી વખત હું તેને લઇ જઇશ. ”

“ વારૂ ત્હારી ઇચ્છાનુસાર બધું થવા દે. પરંતુ આ ભાલો, આ તલવાર અને આ લશ્કરી પોષાકનું શું કરવું ? ”

આવા ઘોર અંધકારમાં એ પદાર્થો અથવા એ મનુષ્યો સ્પષ્ટ જોવાની અદ્ભૂત શક્તિ ધરાવનાર મનુષ્યો, આ સમયે સમરસિંહના ચ્હેરાપર ચમકતી હાસ્યની રેખા સ્પષ્ટ જોઇ શકત ! સમરસિંહ હસતાં હસતાં પોતાના મન સાથેજ બોલ્યો: “ મહારાજનો કેવો સ્વભાવ ! પ્રાણેશ્વરીનાં દર્શન કરવા જાય છે, ત્યાં તલવાર અને ભાલાની જરૂર જણાતી નથી ! ”

સમરસિંહે કુમારને કહ્યું: “ મહારાજ ! ભાલાની વિશેષ જરૂર ના જણાતી હોય તો તેને અત્રેજ રહેવા દો. જે વસ્ત્ર પ્હેરી અહિં સુધી આવ્યા છો તેજ વસ્ત્રો સહિત આપ આગળ ચાલો, પરંતુ તલવાર તો આપની સાથેજ રહેવા દો. આપની પ્રિયાનાં દર્શન કરવા જાઓ છો એ સત્ય પરંતુ શત્રુના કિલ્લામાં પ્રવેશ કરો છો એ આપના લક્ષ્યમાં છે કે મહારાજ ! ”

એટલું કહીને સમરસિંહે રાજકુમારના અજયને એક વૃક્ષ સાથે બાંધ્યો અને ઉપલી બે શાખાઓ ઉપર ભાલો ગોઠવી, કુમારને રસ્તો બતાવવા આગળ ચાલ્યો. થોડા વખત સુધી બન્ને કંઇ પણ બોલ્યા ચાલ્યા વિના રસ્તો કાપતા હતા. થોડા સમયમાંજ તેઓ બન્ને એક ચોક્કસ સ્થળે આવી પહોંચ્યા.

તે નિબિડ જંગલની પાસેજ એક ન્હાનો પહાડ હતો. પહાડ ઉપ-રથી એક ન્હાની નદી વહેતી હતી. એ નદી આગળ જતાં મુક્તાવલિ નદીને મળી ગઇ હતી, અને કિલ્લાની આસપાસ પણ તેજ વહેતી હતી. સમર-સિંહે ઘણી મહેનતે માર્ગ શોધ્યો અને કુમારને એ ક્ષુદ્ર નદીને પેલે પાર લઇ જઇ મૂક્યો.

નદીને પેલે કિનારે ગયા પછી બન્ને જણ આગળ ચાલવા લાગ્યા. ચા-લતાં ચાલતાં કરૂણસિંહે કહ્યું: "સમર! મ્હને જણાય છે કે નિયમિત વખતે આપણે કિલ્લામાં જઇ પહોંચીશું નહિ, અને જો તેમજ થયું તો તેં મ્હારે માટે કૌશલ્ય અને શ્રમ કરીને જે કંઇ કર્યું છે તે સર્વ વ્યર્થજ જશે એમ સમજવું! કદાચ ત્હારા મિત્રના પહેરાનો વખત પણ પૂરો થઇ ગયો હશે સમર!"

સમરસિંહે કુમારને કંઈ પણ ઉત્તર આપ્યો નહિ. તે તો આગળ ચા-લ્યોજ જતો હતો. કુમારનું મન પણ એક બીજી બાબતમાં ગુંથાઇ ગયેલું હોવાથી તેણે પુનઃ પ્રશ્ન નહિ કરતાં સમરની પાછળ પાછળ ચાલવા માંડયું. કેટલાક વખત પછી તેઓ બન્ને આસપાસ મજબૂત કોટ ચણેલા એક કિલ્લા નજીકના ગુપ્ત દ્વાર આગળ આવી પહોંચ્યા. ત્યાં આવી પહોંચતાંજ સમરે ધીમેથી બેચાર વખત દ્વાર ઠોક્યાં. થોડી વાર પછી કોઇએ ધીમેથી કહ્યું: "ચાલો, ઝટ આવતા રહો!"

સમરસિંહે કુમારને કહ્યું: "મહારાજ! અંદર ચાલ્યા જાઓ. બીજી કાંઇ ગડબડ કરવાની પંચાતમાં પડશો નહિ. આ પહેરેગીર કિલ્લાનો રસ્તો બતાવશે. આ સમયે ઘણી સાવચેતીથી વર્તજો. આપને વિશેષ શિખામણ આપવાની જરૂર નથી."

કરૂણસિંહે થોડો વખત વિચાર કર્યા પછી સમરસિંહના કાનમાં કહ્યું: "સમર! તું હવે પાછો જા. અજયને છાવણીમાં લેતો જજે. જઇને તરતજ સેનાપતિને કહેજે કે એકદમ એક સો ઘોડેસ્વાર અહિં મોકલી દે. પરોઢીયું થતાં પહેલાં તું અહિં આવી પહોંચજે. પાસેના જંગલમાં આપણા સ્વાર સંતાઇ રહે એવી તજવીજ કરવાનું સેનાપતિને કહેજે. હવે તું રવાના થા. મ્હારી ચિંતા કરવી નહિ."

સમરસિંહે કુમારને પ્રણામ કરી કહ્યું: "આપની ઇચ્છાનુસાર સર્વ કામ કરીશ પરંતુ હવે તમે વિલંબ કરશો નહિ."

સ્નેહપૂર્ણ દ્રષ્ટિએ એક વખત સમર સ્હામુ જોઇ કુમારે કિલામાં પ્રવેશ કર્યો. કિંચિત્ પણ અવાજ થયા વગર ગુપ્ત દ્વાર બંધ થઇ ગયાં.

* * * * *

કર્મ સંયોગ કેટલો વિલક્ષણ હોય છે તે જોઇએ! જે રાત્રિએ કુમાર કરૂણસિંહે ગુપ્ત રીતે કિલ્લામાં પ્રવેશ કર્યો તેજ રાત્રિએ કિલ્લાનો અધિપતિ ભીમસિંહ, સરતાનસિંહ અને દુર્જયસિંહને લઇ કિલ્લા તરફ જતો હતો. દુર્જયસિંહ સાથે લલિતાનાં લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. વરકન્યાને આપવા લેવાની શરતો પણ પરસ્પર નક્કી થઇ ગઇ હતી. ભીમસિંહના આગ્રહથી તેનો ભાવિ જામાત્ર અને વ્હેવાઇ કિલ્લામાં આવવા નિકળ્યા હતા.

કિલ્લા પાસેના વન પ્રદેશમાં આવતાંજ અજયના ખોંખારાથી ત્રણેનું લક્ષ્ય તે તરફ ગયું. આટલી રાત્રે કિલ્લા નજીક એક સુંદર અશ્વ બાંધેલો જોઇ ભીમસિંહના મનમાં અનેક શંકા ઉત્પન્ન થઇ. મધ્ય રાત્રે કિલ્લા નજીક ઘોડો બાંધવાનું કારણ શું ? તે કોણે બાંધ્યો હશે? વગેરે અનેક પ્રશ્નો ઉત્પન્ન થવા છતાં ભીમસિંહ કંઇ નિર્ણય કરી શકયો નહિ. ભીમસિંહના અનેક શત્રુ હતા અને તેઓ તેનું અહિત કરવા તલ્પી રહ્યા હતા. તેમાંના કોઇએક શત્રુનુંજ આ કારસ્થાન હશે એવી તેને શંકા ઉત્પન્ન થઇ!

ભીમસિંહે સરતાનસિંહને કહ્યું: "ઠાકોર! આ ઘોડો કોનો હશે વારૂ ? તમે ઓળખી શકો છો?"

સરતાનસિંહ અને દુર્જયસિંહ પણ ભીમસિંહની પેઠેજ આશ્ચર્ય ચકિત થયા હતા! તેઓ શું ઉત્તર આપે ? સરતાનસિંહે કહ્યું: "ઘણું આશ્ચર્ય લાગે છે!"

ભીમસિંહે ગંભીર સ્વરે કહ્યું: "ખરેખર, ઘણું આશ્ચર્યજ છે. આ સમયે કોણે ઘોડો બાંધ્યો હશે?"

એટલામાં નિર્જન વન પ્રદેશમાંથી તેમને કોઇના કોમળ હાસ્ય મિશ્રિત કંઠનો સ્વર સંભળાયો. કોઇએ નજીકની ઝાડીમાંથી ધીમે રહીને કહ્યું: "હું

ત્હમને તેનો પ્રતિઉત્તર આપીશ."

એ કંઠ ધ્વનિ સાંભળતાંજ ત્રણે જણા આશ્ચર્યમાં ગરક થઇ ગયા. જે ઝાડીમાંથી શબ્દ સંભળાયો તે તરફ ત્રણેનું લક્ષ્ય દોરાયું. ભીમસિંહ એ ચાર ડગલાં આગળ જઇ બરાબર તપાસ કરવા લાગ્યો. ઝાડીની ધીચ ઘટામાં કોઇ ઉભેલું હોય એમ તેને લાગ્યું પણ તે કોણ છે અને તેણે કેવાં વસ્ત્રો ધારણ કર્યાં છે તે સ્પષ્ટ જણાયું નહિ.

ભીમસિંહે ઝટ પોતાની કમ્મરે લટકતી તલવાર મ્યાનમાંથી બહાર કાઢી–ઉગામી–અને તે મૂર્તિ નજીક જઇ કહ્યું: "બોલ, તુ કોણ છે ?"

અંધકારમાં ઉભેલી મૂર્તિ ભીમસિંહના કડક શબ્દોથી બ્હીી જવાને બદલે હાસ્ય કરતી તેની નજીક આવી, પરંતુ ભીમસિંહને કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. ભીમસિંહે પુનઃ પૂછ્યું: "ઉત્તર આપ—કોણ છે તું ? નહિ તો અહિંજ ત્હને ઠાર કરીશ—"

પેલી મૂર્તિએ પુનઃ ખડખડાટ હસી દીધું અને ઉત્તર આપ્યો: "કિલ્લાનો અધિપતિ ભીમસિંહ એક અબળા ઉપર શસ્ત્ર ચલાવશે એવું હું માનતી નથી."

ભીમસિંહનો તલવાર ધારણ કરેલો હાથ ત્યાં ને ત્યાંજ રહ્યો. ક્રોધને બદલે આશ્ચર્યે તેના હૃદયમાં અધિકાર જમાવ્યો. તેણે પુનઃ પ્રશ્ન કર્યો: "તું સ્ત્રી છે ? આવા ઘોર અંધકારમાં, નિર્જન વનમાં આવેલી તું વિલક્ષણ સ્ત્રી કોણ છે ?"

"ભીમસિંહજી ! ખરેખર, હું એક સ્ત્રીજ છું. આપના ઉપર મહદ્ ઉપકાર કરવા માટેજ હું આ સ્થળે આવી છું. એથી વધારે પરિચય આપવાની શી અગત્ય !"

ભીમસિંહ થોડો વખત સુધી સ્તબ્ધ ઉભો રહ્યો. પછી તેણે પૂછ્યું: "વારૂં, તું કોણ છે તે હું પૂછતો નથી પણ આ ઘોડો કોનો છે તે તું કહી શકશે ?"

"મહારાજ ! આ ઘોડો કુમાર કરૂણસિંહનો છે ?"

"કુમાર કરૂણસિંહ ? તે કોણ ?"

"કુમાર કરૂણસિંહજી કોણ તે શું તમને ખબર નથી મહારાજ ? સ્વર્ગવાસી મહારાજ વિમલસિંહનો પુત્ર કરૂણસિંહ. હવે તેને ઓળખ્યો ? દિલ્લીપતિ અકબરશાહે રાજપૂતાનામાં નવીન જીતેલા પ્રદેશનો મુખ્ય સેનાપતિ તેજ કરૂણસિંહ ! જેનો ખરા હક્કનો કિલ્લો અને જાગીર મેળવી તમે "મહારાજ ભીમસિંહ" તરીકે ઓળખાઓ છો તે કરૂણસિંહ ! મહારાજ, હવે તેમને ઓળખ્યા ?"

તે સ્ત્રીનું ભાષણ ભીમસિંહે પુરેપુરૂં સાંભળ્યું કે નહિ તે તો કોણ જાણે ! પણ કરૂણસિંહનું નામ સાંભળીને અને તેને પોતાના શત્રુનો પુત્ર જાણીને અતિશય ક્રોધ ચ્હડયો. તેનું શરીર થરથર કમ્પવા લાગ્યું. તેનાં ક્રોધ ભરેલાં નેત્રો, ચ્હીડાયલા વાઘનાં નેત્રો પેઠે અંધકારમાં ચમકવા લાગ્યાં. પોતાની ગુપ્ત હકીકત એ સ્ત્રીના જાણવામાં શી રીતે આવી તે ભીમસિંહથી સમજાયું નહિ ! એક કૂદકો મારી ભીમસિંહ તે સ્ત્રીના સ્હામુ જઇ ઉભો અને બોલ્યો: "પાપિણી ! ત્હને ત્હારા જીવની દરકાર છે કે ? સમય આવ્યે ભીમસિંહ આ નિર્જન વનમાં અબળાના રક્તવડે પોતાની તલવાર કલંકિત કરવા આઘું પાછું જોશે નહિ એ નક્કી જાણજે."

તે સ્ત્રીએ અટ્ટ હાસ્ય કરતાં કહ્યું: "ખરેખર, તમે કહો છો તે અસંભવિત નથી. કોઇ પણ દુષ્કર્મ કરવામાં મહારાજા ભીમસિંહ પાછા હઠે તેમ નથી એ આ અભાગિની સારી પેઠે જાણે છે ! હમણાંજ મ્હારો વધ કરવા કરતાં બે કલાક મ્હને જીવતી રહેવા દેશો તો તેથી આપનુંજ કલ્યાણ થાય એમ છે."

ભીમસિંહ જે સ્થળે ઉભો હતો તેજ સ્થળે સ્તબ્ધ થઇ ઉભો અને શાંત થઇ મન સાથેજ કહેવા લાગ્યો: "અરે ! કંઇ આડું અવળું કરી બેસત તો મ્હનેજ પસ્તાવો થાત !" સ્હામુ ઉભેલી સ્ત્રીને મધુર સ્વરે કહ્યું: "તું મ્હારે માટે ગમે તેવા વિચારો બાંધે છે તે અયોગ્ય છે. રાજધર્મનું પાલન કરવા માટે મ્હારે હમેશાં સાવચેત રહેવું પડે છે. તેથીજ ત્હારી સાથે મ્હારે આવી કઠોર વર્તણુક ચલાવવી પડે છે. પણ મ્હને પ્રથમ કહે કે: "કરૂણસિંહ અત્યારે મ્હારા કિલ્લામાં શા માટે ગયો છે ? તે એકલો

છે કે તેની સાથે તેનાં માણુસો પણુ છે ?"

"તે એકલોજ તમારા કિલ્લામાં ગયો છે. કરૂણુસિંહ, સિંહનું બાળક છે તેને કોઈનો ભયજ લાગતો નથી."

ભીમસિંહે દાંત તળે હોઠ કચડયો, અને શાંતપણે પુનઃ પુછ્યું: "એમ કે ? વારૂ પણુ તેને કિલ્લામાં પ્રવેશ કરવાનું પ્રયોજન શું ?"

એક ઉંડો નિઃશ્વાસ મૂકતાં તે સ્ત્રીએ ઉત્તર દીધો: "ભીમસિંહજી, તે તમને નિવેદન કરવા માટેજ હું આ સ્થળે આવી છું. તે સાંભળતાં પહેલાં તમારે મ્હારી સમક્ષ એક પ્રતિજ્ઞા કરવી પડશે. તમને દેવદેવી ઉપર પૂજ્યભાવ છે કે ? હોય તો તમારી કુળદેવી કલ્યાણી માતાની પ્રતિજ્ઞા લ્યો."

ભીમસિંહે આશ્ચર્ય પામતાં પૂછ્યું "પણુ તુ મ્હને કયા કારણુને લીધે પ્રતિજ્ઞા લેવડાવે છે ?"

"પ્રતિજ્ઞા કરો કેઃ હું કરૂણુસિંહના જીવને જરા પણુ અડચણુ કરીશ નહિ."

ભીમસિંહ એકદમ બોલી ઉઠયો. "કરૂણુસિંહે શા માટે મારા કિલ્લામાં પ્રવેશ કર્યો છે તે હું જાણું નહિ ત્યાં સુધી પ્રતિજ્ઞા કરીશ નહિ."

"કરૂણુસિંહ શત્રુ તરીકે તમારા કિલ્લામાં ગયા નથી. કદાચ તમારી કલ્પનામાં પણુ નહિ હોય કે; કરૂણુસિંહ અને તમારી પુત્રી લલિતા વચ્ચે પ્રેમ બંધાયો છે ! લલિતાનાં દર્શન કરવાનેજ કરૂણુસિંહ હમણાં કિલ્લામાં ગયા છે. તમે તો તમારી કન્યાનું લગન નક્કી કરી પાછા પણુ આવી પહોંચ્યા છો. હવે હું કહું તે પ્રમાણે કરો, કરૂણુસિંહને કોઇ પ્રકારની અડચણુ નહિ કરતાં કિલ્લામાંથી બહાર નિકળી જવા દો. અને ત્યાર પછી દુર્જયસિંહ સાથે ખુશીથી લલિતાનું લગ્ન કરી દેજો."

ભીમસિંહે થોડી વાર વિચાર કર્યા પછી પૂછ્યું: "કરૂણુસિંહ સાથે ત્હારે શો સંબંધ છે ?"

"કરૂણુસિંહ સાથે મ્હારે બીજો કંઈ સંબંધ નથી. તે અને હું બાલ્યાવસ્થાથી એક સાથે રહ્યાં છીએ, એક સાથે ઉછર્યાં છીએ. તેથી હું તેને મ્હારા હૃદયેશ્વર અને મિત્ર માનું છું. તમારી કન્યાએ તેને પોતાના

પ્રેમની ભૂરકી નાંખી ના હોત તો તેણે ક્યારનાંએ મ્હારી સાથે લગ્ન કર્યાં હોત !"

એ સાંભળી ભીમસિંહ થોડીવાર સ્તબ્ધ ઉભો. પછી બોલ્યો: "વારૂ, ત્હારા કહેવા પ્રમાણે હું કરૂણસિંહના જીવને અડચણ કરીશ નહિ. એવી પ્રતિજ્ઞા કરૂંછું, પણ મ્હને સત્ય કહે કે તું કોણ છે ?"

"હું ? હું કૃષ્ણાકુમારી !"

જાણે પોતાની સ્હામુ એકાએક કાળા સર્પે દર્શન દીધાં હોય તેમ કૃષ્ણાકુમારી નામ સાંભળતાંજ ભીમસિંહ બે ડગલાં પાછો હઠયો, અને બોલ્યો: "કોણ ? કૃ–ષ્ણા–કુ—મા–રી ? પાપિણી ચાંડાલિણી–દૂર–જા અહિંથી !"

કૃષ્ણાકુમારીના મુખમાંથી નિકળેલા એકજ શબ્દ વડે ભીમસિંહની ચમત્કારિક સ્થિતિ થઇ. તેનું પૂર્વ વૃત્તાંત ભીમસિંહની દ્રષ્ટિ સમક્ષ જણાવા લાગ્યું. તે વિમલસિંહ, પોતે તેનો વિશ્વાસુ સેનાપતિ, અને તેની નવીન રાણી યાદ આવ્યાં. તેમની સાથેનો જૂનો કલંકિત સંબંધ, અને આ ક્ષણે સ્હામુ ઉભેલી તરૂણી કૃષ્ણાકુમારી, વગેરે સર્વ ભયંકર કાળાં કૃત્યનો ઇતિહાસ તેની દ્રષ્ટિ સમક્ષ તરવરવા લાગ્યો ! પોતાના સેનાપતિપણાના વખતનો સર્વ ઇતિહાસ તેને યાદ આવ્યો. મુક્તાવલિ નદીના જલ પ્રવાહમાં વિમલસિંહ સાથે કૃષ્ણાકુમારીને જલ સમાધિ મળી હતી અને તે સાથેજ પોતાનાં પાપની સ્મૃત્તિનું જ્વલંત સ્મારક નષ્ટ થઇ ગયું એવી ભીમસિંહની અત્યાર સુધી કલ્પના હતી, પરંતુ કૃષ્ણાનો એકજ શબ્દ સાંભળતાં તેની કલ્પના જૂઠી ઠરી. તેના હૃદયમાં અગ્નિ ભડકી ઉઠયો. ક્ષણવાર સુધી તેને કશાનું ભાન રહ્યું નહિ. તે નીચુંજ જોતો, વિચાર કરતો, ઊભો રહ્યો.

પોતાના પાપની સ્મૃત્તિનું ચિહ્ન નિર્મૂળ કરવાની ઇચ્છાથી ભીમસિંહે ક્રોધોન્મત્ત થઈ કૃષ્ણાકુમારી તરફ દ્રષ્ટિ ફેરવી પરંતુ કૃષ્ણાકુમારી કયાં ? તે તો કોણ જાણે કયાંયે ગુમ થઇ ગઇ હતી ! આમ તેમ ઘણીએ તપાસ કરવા છતાં તેનો પત્તો લાગ્યો નહિ.

* * * *

કિલ્લામાં પ્રવેશ કરતાંજ ભીમસિંહ પ્રથમ પેલા ગુપ્ત દ્વાર આગળ

આવ્યો. તેણે જોયું કે: ગુપ્ત દ્વાર નિત્ય નિયમ પ્રમાણે તાળાથી સખ્ત બંધ કરેલું છે, અને ત્યાં આગળનો સર્વ બંદોબસ્ત યથાસ્થિત છે. દ્વાર પાસે પહેરો ભરતો સિપાહી સ્વસ્થ ચિત્તે ઝોકાં ખાતો હતો તેને એક લાત મારી ભીમસિંહે જાગૃત કર્યો, અને પૂછ્યું: નિમકહરામ ! પાજી ! આ રસ્તેથી આજે કોણ અંદર ગયું છે ? બોલ ઝટ કહે. નહિ તો અજવાળું થતાંજ પેલા વૃક્ષ સાથે લટકાવી ફાંસી દેવામાં આવશે. ત્હને ફાંસી થવાથી કિલ્લાના સર્વ નોકરોમાં ત્રાસ થશે, અને પુન: કોઇ મ્હારી સાથે દગલબાજી કરશે નહિ!

પહેરેગીર સિપાહીએ થરથર કમ્પતાં કહ્યું: "મહારાજ! મ્હારી જરા પણ કસૂર નથી. મ્હારા પહેલાંનો પહેરેગીર, પોતાના એક સગાને કિલ્લામાં લઈ ગયો છે ખરો."

"ઠીક છે. કાલે ત્હારી સાથે ત્હેને પણ ફાંસીએ ચઢાવી દઇશ !"

ભીમસિંહે કરૂણસિંહની શોધ કરવા માટે કિલ્લામાં ચારે તરફ મનુષ્યો મોકલ્યાં. તે પોતાના મહેલ તરફ જતો હતો એટલામાં તેને રસ્તામાંજ સેનાપતિએ ખબર આપી કે: કરૂણસિંહ રાજકુમારીના મહેલમાં પહોંચ્યો નહોતો. તેને રસ્તામાંજ કેદ પકડી ગણેશ મહેલમાં સખ્ત પહેરામાં રાખ્યો છે."

સેનાપતિ દ્વારા ભીમસિંહને જે સમાચાર મળ્યા તે સાંભળી તેને અતિ આનંદ થયો. કરૂણસિંહ કેદ પકડાયાથી ભવિષ્યમાં આવી પડનાર વિપાત્ત નાશ પામી એમ સમજી ભીમસિંહ સ્વસ્થ થયો. તેણે સેનાપતિને કહ્યું: "સાબાશ ગંભીરસિંહ, ઠીક કર્યું. કરૂણસિંહને રાજદ્વારી પરોણો સમજી તેનું આદરાતિથ્ય કરવામાં ન્યૂનતા કરશો નહિ. જો, જો, તેનું અપમાન થાય નહિ."

७–વિલક્ષણ કુલાચાર !

ભીમસિંહને તે રાત્રીએ બિલકુલ નિદ્રા આવી નહિ ! સૂર્યોદય થતાંજ સત્વર ત્હેણે પ્રાત:કર્મ સમાપ્ત કર્યું અને પોતાના વ્હેવાઇ સરતાનસિંહની મુલાકાત લીધી. મહેલના એક વિશાળ દિવાનખાનામાં ભીમસિંહ અને સરતાનસિંહ એકાંત સ્થળે બેસી ગુપ્ત વાતચિત કરવા લાગ્યા.

ભીમસિંહે ખિન્ન મુખે કહ્યું: "ઠાકોર! હું તો મ્હોટા સંકટમાં આવી પડયો છું. તેમાંથી કેવી રીતે પાર પડવું એ સંબંધી તમારી સલાહ લેવા માટેજ તમને આ એકાંત સ્થળમાં બોલાવ્યા છે. કાલે કરૂણસિંહને કેદી બનાવ્યો છે પરંતુ તેને પ્રકટ રીતે કાંઇ પણ શિક્ષા કરવી અશક્ય છે. દિલ્લીપતિ શેહેનશાહ અકબર તેના પ્રતિપાલક છે અને તે તેના પર પ્રસન્ન છે. કરૂણસિંહના જીવને જોખમ થાય તો શેહેનશાહ મ્હારાં મૂળ ખોદી નાંખ્યા શિવાય રહે નહિ! કરૂણને એમને એમ છોડી દઇએ તે પણ ઠીક નહિ. શત્રુ સ્હેલાઇથી હાથમાં સપડાયો છે તેને વગર શિક્ષાએ છોડી દેવો એ તો સાપને દુઃખ દઇ છોડયા જેવું થાય! ઠાકોર! આ વખત તમે મ્હને યોગ્ય સલાહ આપો."

સરતાનસિંહ રાજપૂતાનામાં ઉચ્ચ કુળનો અને અમીરી વંશનો રાજપૂત નહોતો. માત્ર પોતાની પ્રચંડ સમ્પતિને લીધેજ તે આગેવાનમાં ગણાતો હતો. દુર્જયસિંહ એ તેનો એકનો એક પુત્ર હતો. તેની પાસે અઢળક દ્રવ્ય હતું, પણ તેને માન અકરામ મેળવવાની ઘણી હોંસ હતી. ભીમસિંહના કુટુંબ જોડે સંબંધ થાય તો પોતાના કુલની પ્રતિષ્ઠા વધે એવી તેની માન્યતા હતા. વળી દુર્ગાધિપતિ ભીમસિંહને પૈસાની જરૂર હતી, તેને અન્ય શાહુકારોનું અત્યંત દેવું હતું. સરતાનસિંહ જોડે સંબંધ થાય તો લેણદારોના તગાદામાંથી તે મુક્ત થઇ શકે એમ હતું. એવી સ્થિતિ હોવાથી બન્ને પક્ષને એક બીજા સાથે સંબંધ કરવાની અગત્ય હતી. પણ તેમના માર્ગમાં કરૂણસિંહે ભયંકર નવીન કાંટા રોપ્યા હતા. પોતાનો માર્ગ નિષ્કંટક કરવાને તેમણે કોઇ પણ ઉપાય યોજવાના વિચાર કરવા માંડયા.

થોડો વખત વિચાર કર્યા પછી સરતાનસિંહે કહ્યું: "કંઇ પણ કરતાં પહેલાં મ્હારા અભિપ્રાય પ્રમાણે પ્રથમ એક વાતની કાળજી રાખવી જોઇએ,

"કઈ બાબતની?"

"ભવિષ્યમાં દિલ્લીપતિનો જરાએ ઠપકો આવે નહિ તેવી યોજના ઘડવા માટે પ્રથમ કરૂણસિંહને તમારી પાસે બોલાવી હૃદયની સર્વ વાત જાણી લેવી જોઇએ. તેની પાસેથી જે સમાચાર મળે તે ઉપર વિચાર કરી

ભવિષ્યમાં આપણે કેમ વર્તવું તેનો નિશ્ચય કરીશું. એટલામાં તેનો નાશ કરવાની કોઈ સરલ યુક્તિ હાથમાં આવશે તો ઠીક છે !"

સરતાનસિંહના એ વિચારો ભીમસિંહને પસંદ પડયા. તેજ ક્ષણે કરૂણસિંહને પોતાના સમક્ષ લાવવાની સિપાહીને આજ્ઞા ફરમાવી. કરૂણસિંહ સાથે એક કેદી તરીકે નહિ પણ રાજ–પરોણા તરીકે વર્તવાનો પ્રથમથીજ બંદોબસ્ત કર્યો હતો. થોડા વખતમાંજ કરૂણસિંહને ભીમસિંહ સમક્ષ લાવવામાં આવ્યો. પરંતુ કરૂણસિંહે તેને પ્રણામ કર્યા નહિ. ભીમસિંહે બનાવટી હાસ્ય કરી પૂછયું: "કુમાર ! કાલે રાત્રે કંઇ અડચણ તો પડી નથીને ? સર્વ વ્યવસ્થા બરાબર થઇ હતી કે ?"

કુમારે ગંભીરતાપૂર્વક ઉત્તર દીધું: "હા. સર્વ વ્યવસ્થા બરાબર હતી. તમારા આતિથ્યથી મ્હને સંતોષ થયો છે."

કુમાર આવ્યો ત્યારથી હજુ સુધી ઉભોજ રહ્યો હતો. ભીમસિંહે તેને બેસવાનું કહ્યું નહિ તેમજ આસન પણ આપ્યું નહિ ! ભીમસિંહની જમણી બાજુએ સરતાન અને ડાબી બાજુએ દુર્જયસિંહ બેઠા હતા, તેમ છતાં પણ ત્યાં એક જગ્યા ખાલી હતી. ભીમસિંહે બેસવાનું કહ્યું નહિ એ કરૂણસિંહના લક્ષ્યમાં આવ્યુંજ હતું. કુળ અને ગૌરવમાં ભીમસિંહ કરતાં પોતે કિંચિત્ પણ ઉતરતો નથી એ તે સારી પેઠે જાણતો હતો. દુર્ગાધિપતિએ પોતાની સાથે જે ઉચ્છૃંખલપણું બતાવ્યું છે તે અપમાન કરવા માટેજ છે એમ પણ તેને જણાયું. ભીમસિંહના એ અપમાનથી કરૂણસિંહનું હૃદય બળવા લાગ્યું.'

કરૂણસિંહ સ્હામુ તીવ્ર દ્રષ્ટિ વડે જોઇ ભીમસિંહે તેને ગંભીર સ્વરે કહ્યું: "કુમાર ! તમે ઉચ્ચ કુળમાં જન્મેલા રાજપૂત વીર છો. દિલ્લીપતિના વિશ્વાસુ અને કૃપાપાત્ર પ્રમુખ સેનાપતિ છો તેમ છતાં એક ચોરની પેઠે તમે મ્હારા કિલ્લામાં શા માટે પ્રવેશ કર્યો ? કરૂણસિંહ, ત્હમારા આવા અપમાનકારક કૃત્યને માટે દિલ્લીશ્વર પોતાના નવીન સેનાપતિને સાબાશીજ આપશે કેમ ?"

અપમાન ઉપર અપમાન ! કુમારના હૃદયમાં ક્રોધ સમાઈ શક્યો નહિ !

તેમ છતાં ક્રોધ સમાવી શાંત રીતે ઉત્તર આપ્યો: "તમને મ્હારા જેવુંજ માન આપીને તમારા પ્રશ્નના ઉત્તર આપવાની મ્હારી ઇચ્છા નથી. તેમ કરવાનાં ઘણાં કારણો છે. તમને એટલુંજ કહું છું કે: "તમારા–હા તમારાજ–કિલ્લામાં મ્હેં એક ચોરની પેઠે, ગુપ્ત રીતે પ્રવેશ કર્યો નથી. ત્હમારી કન્યાની પ્રાર્થનાથી અને તેની રજાથી આ કિલ્લામાં પ્રવેશ કર્યો છે. આ પ્રમાણે હું તમને પ્રાર્થના કરૂં છું કે તમારી કન્યાનું પાણી ગ્રહણ કરવાની મ્હને રજા આપશો."

ભીમસિંહે કુમાર તરફ જોઇ તિરસ્કારયુક્ત હાસ્ય કર્યું, અને કહ્યું: "ચોરની પેઠે કિલ્લામાં પ્રવેશ કરનાર રાજપૂતને હું મ્હારી કન્યાનું પાણીગ્રહણ કરવાની કદી પણ રજા આપી શકતો નથી."

"ત્યારે હું પણ તમને વિદિત કરૂં છું કે: દેવધર્મને સાક્ષી રાખી મ્હેં તમારી કન્યા લલિતા સાથે વિવાહ કર્યો છે. તે મ્હારી વિવાહિતા ધર્મપત્ની થઇ ચૂકી છે!"

કરૂણસિંહના આ શબ્દો સાંભળી ભીમસિંહના મુખ ઉપર કાળાશ જણાવા લાગી. કુમાર સાથે વાતચિત નહિ કરતાં તે સરતાનસિંહને લઇને એક બીજા દિવાનખાનામાં ગયો અને કેટલાક સમય સુધી સલાહ મસલત ચલાવ્યા પછી પુનઃ પ્રથમના દિવાનખાનામાં આવ્યો.

પોતાના આસનપર બેસી ભીમસિંહે ગંભીર સ્વરે કરૂણસિંહને કહ્યું: "કુમાર! તમે અસલ ખાનદાની રાજપૂત્ર છો. રાજપૂતોએ કેવા આચાર ધર્મનું પાલન કરવું જોઇએ એ તમને કહેવાની અગત્ય નથી. અગ્નિ બ્રાહ્મણ સમક્ષ લલિતા સાથે લગ્ન કર્યા પહેલાં અમારા કુલના પ્રચલિત આચાર પ્રમાણે તમારે વર્તવું જોઇએ."

કુમાર: "હા, તે પ્રમાણે વર્તવા હું તૈયારજ છું."

ભીમસિંહ: "ત્યારે સાંભળો. કિલ્લાની ઉત્તર દિશામાં જે ઉચ્ચ પહાડ છે. અને તેના શિખર પર જે ન્હાનું મંદિર જણાય છે તેને "પ્રમોદ ભવન" કહે છે. એ "પ્રમોદ ભવન" માંજ અમારા કુળનાં પુત્ર પુત્રીના વિવાહ થાય છે. વિવાહને માટે આજે શુભ મુહૂર્ત છે. આજે આખો દિવસ

તમારે ઉપવાસ કરવો પડશે. સમસ્ત દિવસમાં જળનું પણ એક ટીપુ લેવાશે નહિ. સૂર્યાસ્ત થતા પહેલાં ત્રણ ચાર ઘડી બાકી રહે તે સમયે ક્ષણ પણ વિશ્રાંતિ નહિ લેતાં લલિતાને તમે કેડ પર ઉંચકી લઈ શિખર પર થઇને પ્રમોદ ભવનમાં જજો. અમારા કુલમાં પરંપરાથી ચાલતો આવેલો એ એક પરમ પવિત્ર આચાર છે. પ્રત્યેક લગ્ન વખતે વરને એ પ્રમાણે વર્તવું પડે છે. લલિતાને લઇ ત્હમે પ્રમોદભવનમાં જશો એટલે અગ્નિ બ્રાહ્મણ સમક્ષ લલિતા તમારી ધર્મપત્ની થશે. સાયંકાલના શુભ મુહૂર્ત સમયે હું તમને મ્હારી પ્રિય કન્યા અર્પણ કરીશ."

કરૂણસિંહે ભીમસિંહની વિનતિ કબુલ કરી. સરતાનસિંહ સાથે કેટલાક વખત સુધી સલાહ કર્યા પછી ભીમસિંહે આ પ્રમાણે વિલક્ષણ કુળાચાર બતાવેલો હોવાથી કરૂણસિંહને પણ શંકા થઇ કેઃ તેમાં કંઇ કાળું ધોળું હોવું જોઇએ ! પરંતુ તે સાહસિક વીર પુરૂષ હતો. તે શુદ્ધ રાજપૂત બચ્ચો હતો. કોઇ પણ સાહસ કરવામાં યશ મળે એવી ત્હેની ખાત્રી હોવાથી તેણે નિર્ભય ચિત્તે ભીમસિંહની વિનતિ માન્ય કરી.

ભીમસિંહના પૂર્વજોના સમયમાં એવોજ કંઇક કુલાચાર હતો એ સત્ય પણ કાળાન્તરે તે આચાર ધીમે ધીમે લોપ પામ્યો હતો અને હમણાં તો તે આખર તદ્દન બંધજ થઇ ગયો હતો. કુમારને એ કુલાચાર પ્રમાણે વર્તાવવામાં સરતાનસિંહનો એક દુષ્ટ અને ઘાતકી હેતુ હતો. આખો દિવસ જળનું એક ટીપુ પણ ગ્રહણ કર્યા સિવાય, સખ્ત ઉપવાસ કર્યા પછી એક જુવાન પુરૂષ, હૃષ્ટપુષ્ટ યુવતિને ઉંચકી ઉંચા પર્વત ઉપર ચ્હડશે શી રીતે ? તેમ કરતાં તેને અતિશય કષ્ટ થશે. એટલુંજ નહિ પણ એ કાર્ય અસંભવિતજ છે, એમ જાણીનેજ તેઓએ આ યુક્તિ શોધી હતી. કુમાર એ પ્રમાણે વર્તશે નહિ અને તેને રાજકન્યા પ્રાપ્ત થશે નહિ એવોજ તેમનો મનસૂબો હતો. ભીમસિંહના મનમાં કરૂણસિંહ ઉપર તીવ્ર દ્વેષ નહોતો, અને આ પ્રસંગે તે દ્વેષ ઓછો થઇ ગયો હતો. વીર પુરૂષને શોભાવે એવી પરીક્ષામાં પાસ થતાં તરૂણ કુમારને લલિતા અર્પણ કરવામાંજ તેને આનંદ થાય એમ હતું. પરીક્ષામાં કુમાર નાપાસ થાય તોપણ ભીમસિંહને

કંઇ અડચણુ નહોતી. ભાવિ પરિણામ માટે તે તદ્દન નિશ્ચિંત હતો!

* * * *

ગણેશ મહેલના એક રમણીય અને સુસજ્જિત દિવાનખાનામાં સુંદર પલંગ ઉપર કુમાર નિદ્રા લેતો હતો. તેના પ્રફુલ્લ મુખ મંડળ ઉપરથી જણાતું હતું કે તેને આ વખતે કોઇ સુખકારક સ્વપ્ન આવેલું હોવું જોઇએ. એ સમયે રાજકન્યા લલિતાએ દિવાનખાનામાં પ્રવેશ કર્યો અને ધીમેથી પલંગ પર ચ્હડી કુમારના ચરણુ પાસે બેઠી. તેને ત્યાં વધારે વખત એકલાં બેસી રહેવું પડયું નહિ. થોડા સમયમાંજ કુમારે જાગૃત થઇ નેત્ર ઉઘાડયાં. કુમારે લલિતાને જોઇ કે તરતજ હાસ્ય કરતાં કરતાં પ્રસન્ન ચિત્તે પૂછ્યું: "લલિતા! તું આ સમયે અહિં કયાંથી? ભીમસિંહે મ્હને મળવા માટેજ મોકલી છે કે?"

કુમારની કલ્પના સત્યજ હતી. ભીમસિંહેજ તેને કુમારની સેવા પરોણા–ચાકરી કરવા માટે ગણેશ મહેલમાં મોકલી હતી.

કુમારના પ્રશ્નનો ઉત્તર નહિ આપતાં લલિતા લજ્જાને લીધે નીચું માથું રાખી બેસી રહી. કુમારે પ્રેમના આવેગમાં કહ્યું: "લલિતા?"

લલિતાને આજે શું થયું હતું. તે કોણુ જાણે? તેણે ગદ્‌ગદ્ કંઠે "કુમાર—" એટલાજ શબ્દો કહ્યા, અને તેની સાથે તેનાં નેત્રમાંથી આંસુનો પ્રવાહ વહેવા લાગ્યો.

લલિતાના આવા વર્તનથી કરૂણુસિંહ કંઇ કળી શકયો નહિ. તેણે પોતાના રૂમાલ વડે લલિતાનાં આંસુ લૂછવા માંડયાં, અને પ્રેમના આવેગમાંજ પૂછ્યું: "પ્રિય, લલિતા! આજે ત્હને આ શું થયું? ત્હારા નેત્રમાં અમંગળકારક આંસુ કેવાં? આજે આનંદને દિવસે ત્હારા નેત્રમાંથી આંસુ પડે એ ત્હારા જેવી રાજપૂત કન્યાને શોભતું નથી!"

કુમારના પ્રેમપૂર્ણ શબ્દ સાંભળવા છતાં લલિતાના નેત્રમાંથી આંસુ બંધ થયાં નહિ. નીચુ મ્હો રાખી તે રડયા કરતી હતી. નેત્રમાંથી આંસુની ધારા પડતી હતી. એ જોઇ કુમારના હૃદયમાં અતિશય દુઃખ થવા લાગ્યું. તેણે પુનઃ લલિતાના નેત્રમાંથી પડતાં મોતીના દાણા જેવાં આંસુ લૂછ્યાં;

અને પ્રેમ ભરેલે શબ્દે કહ્યું: " લલિતા ! પ્રિય ! પ્રાણેશ્વરી ! આ શું વારૂ ? રડવાથી અપશુકન થાય છે તે ત્હને ખબર નથી? એમ કરવાનું કારણ કહે જોઉં. "

લલિતા ડુસકાં લેતી બોલીઃ " દેવ ! આપને શું કહું ? આપને ઠગવાની બાજી રચાઇ છે ! "

" ઠગવાની બાજી તે શું વળી લલિતા ? "

" પિતાજીએ કુલાચાર તરીકે જે કામ કરવાનું આપને કહ્યું છે તે દુષ્ટ સરતાનસિંહના કહેવાથીજ થયું છે. એ કાર્ય કરવાથી કેવા અનર્થ થશે તેની આપને હજુ કલ્પના પણ નથી. પ્રાણેશ્વર ! પ્રમોદભવનમાં જવા માટે પહાડ ઉપર બે માર્ગ છે, તેમાં એક સીધો અને સરળ છે અને બીજો વાંકો ચૂકો, લાંબો અને બહુ કઠિન છે. દુષ્ટ સરતાનસિંહે સરળ રસ્તો બંધ કરી દેવાની ગોઠવણ કરી છે, તેથી મ્હને ઉચકીને આપે કઠિન રસ્તે પહાડ ઉપર ચ્હડવું પડશે. શરત પ્રમાણે તમારાથી માર્ગમાં વિશ્રાંતિ લેવાશે નહિ. દૈવે ભવિષ્યમાં કેવું સંકટ લખી મુકયું છે તે કોણ જાણે ? " એટલું કહીને તે અત્યંત દુઃખી થતી, ડુસકાં લઈ રડવા લાગી.

" પ્રિય લલિતા ! ઓહો ! શું એજ ત્હારૂં સંકટ કે ? એને માટેજ તું આટલી બધી રડે છે કે ? પ્રાણેશ્વરી ! જેના હૃદયમાં નિર્મળ પ્રેમ છે અને જે પોતાના પ્રેમીને સારી રીતે ચહાય છે તેને માટે એ કઠિન માર્ગ પણ ઘણોજ સીધો જણાશે. જેના હૃદયમાં સત્ય પ્રેમ છે તેને માટે કવચિદ્ એક પહાડ ઉંચકવાની ફરજ પડે તો તે એક પુષ્પ ઉંચકવા બરાબરજ જણાય છે ! પ્રિયે ! શા માટે ચિંતા કરે છે ! પ્રેમી પુરૂષને પોતાની પ્રણયિનીનું શરીર એક જાઇના પુષ્પ જેટલું હલકું જણાય છે એ ત્હને હજુ ખબર નથી ! ત્હારે ખાતર જો સમુદ્રમાં ભૂસકો મારવાનું હોય કિંવા અગ્નિમાં થઇને ચાલ્યા જવાનું હોય તોપણ હું તેમાં કિંચિત્ કઠિનતા માનીશ નહિ ! પ્રેમ એ એવી અજબ વસ્તુ છે કે પ્રણયિનીને ખાતર તેની દ્રષ્ટિમાં કોઇ વસ્તુ અસાધ્ય જણાતી નથી ! ગાંડી રે ગાંડી ! ચિંતા કરવાનું કશું કારણ નથી ! શાંત થા અને પ્રફુલ્લ ચિત્તે વાત કર." કુમારે લલિતાના મુખ સ્હામુ જોઇ

હાસ્ય કરતાં ત્હેને ધૈર્ય આપ્યું અને તેનું કમળ સમાન કોમળ સુંદર મુખ પોતાના તરફ ફેરવી કહ્યું: " હૃદયેશ્વરી! તું રડે છે તેમ તેમ મ્હારૂં હૃદય ચીરાઈ જાય છે. રડવું બંધ કર અને કંઇ વાત કર."

લલિતાએ આંસુ લૂછી નાંખી કુમારના મુખ સ્હામુ સ્મિત હાસ્ય કરતાં કહ્યું: "જીવિતેશ્વર! ભાગ્યમાં લખેલું અવશ્ય થશે. જીવન પર્યંત કુમારિકા રહી આપના વિરહાગ્નિમાં બળી ભસ્મ થઇશ પરંતુ દુર્જયસિંહ સાથે કે કોઇ બીજા સાથે કદી પણ લગ્ન કરીશ નહિ, એજ દ્રઢ પ્રતિજ્ઞા. આપને હૃદય-પૂર્વક ચાહું છું તેજ સત્ય. દેવ! માતા પિતા, ઇશ્વર અને પતિ જેમ એક જ હોય છે તેમ પ્રતિજ્ઞા પણ એકજ!"

આટલી વાર સુધી કુમાર તેના પ્રફુલ્લ ચ્હેરા તરફ એકી ટસે જોઇ રહ્યો હતો. તેણે કહ્યું: " દેવી! મ્હારી પણ એજ પ્રતિજ્ઞા છે!"

૮. પ્રેમ મંદિર.

" કુમાર ?"

" કેમ પ્રિયે ?"

" શું થશે ? મ્હને ભવિષ્યમાં મ્હોટો અનર્થ જણાય છે !" લલિ-તાએ ગદ્‌ગદ્ કંઠે કહ્યું.

" એમાં અનર્થ શો પ્રિયે ? અર્ધે રસ્તે તો હું આવી પહોંચ્યો છું–"

"એ અર્ધો રસ્તો પસાર કરવામાં તો તમને જીવતોડ શ્રમ કરવો પડયો છે! એક એક શ્વાસ મૂકતાં તમને ઘણું કષ્ટ થાય છે. એક એક પગલું ભ-રતાં તમને અતિશય દુઃખ થાય છે ? હજુ કઠિન ચઢાણ ઉતરાણનો લગ-ભગ અર્ધો રસ્તો બાકી રહ્યો છે. તમારામાં હવે બિલકુલ શક્તિ રહી નથી એમ જણાય છે. પ્રાણેશ્વર ! આ જગતમાં મનુષ્યને પોતાના જીવ કરતાં કોઇ વસ્તુ વહાલી નથી. મ્હને હવે નીચે ઉતારી દો, અને તમે વિશ્રાંતિ લો. એજ મ્હારી નમ્ર વિનતિ છે." એટલું કહેતાં કહેતાં લલિતાનાં નેત્ર-માંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં.

કરણસિંહે લલિતાને ઉત્તર આપ્યો નહિ. અતિ કષ્ટે એક એક પગલું ભરતો કરણસિંહ આગળ ચાલતો અને પર્વત ઉપરનો અતિ કઠિન રસ્તો

કાપતો હતો ! લલિતા સાથે પ્રેમવાર્તા કરવાનો તેને અવકાશ નહોતો. હવે તેનામાં તેટલી શક્તિ પણ રહી નહોતી !

પહાડની ટોચ ઉપર ભીમસિંહ, સરતાનસિંહ અને દુર્જનસિંહ ઉભા હતા. લલિતાને કમ્મર પર ઉંચકી–બાથમાં ઘાલી–પ્રમોદ ભવન તરફ જતા રાજપૂત વીર કરૂણસિંહ તરફ તેઓ લક્ષ્યપૂર્વક જોયા કરતા હતા. આ સમયે પ્રત્યેક પ્રેક્ષકના હૃદયમાં નાના પ્રકારના વિકાર અને વિચાર થતા હતા.

પોતાની પ્રાણેશ્વરી–હૃદયેશ્વરી–પ્રાણ પ્રિયાને કેડ પર ઉંચકી કરૂણસિંહ મહામુશીબતે એક એક ડગલું આગળ ભરતો હતો ! આ સમયે તેને જે કષ્ટ થતું હતું તે માત્ર કરૂણસિંહજ જાણતો હતો ! કેડ ઉપર પ્રિયતમાનો બે અઢી મણનો ભાર, આખા દિવસનો ઉપવાસ, પર્વતનું ઉંચુ ચઢાણ, ખાડા ટેકરા અને કાંકરા પત્થરવાળી વિકટ જમીન, આ સર્વ એક સાથે આવી મળ્યું હતુ ! તેમ છતાં માત્ર પોતાની પ્રણયિની માટેજ તેણે એ મહાન કષ્ટ ઉઠાવવાનું સાહસ કર્યું હતું. ધન્ય છે એ પવિત્ર પ્રેમને ! કરૂણસિંહ મહા કષ્ટે આગળ ચાલતો હતો. લલિતા તેને વારંવાર કહેતી હતી કે: "વ્હાલા, હવે મ્હને નીચે ઉતારી વિશ્રાંતિ લો. જીવથી બીજું વ્હાલું શું ?" પણ કરૂણસિંહ તે માનતો નહોતો. તે ભીમસિંહ વગેરેને જોતો તેમ તેમ તેને વિશેષ ઉત્સાહ થતો. તેમજ કમ્મર પર બેસી ગળે વળગેલી પોતાની પ્રિયતમાના તરફ પ્રેમપૂર્ણ દ્રષ્ટિએ જોતાં તે ઉત્સાહ ચાર ગણો વધતો, અને તેના હૃદયમાં નવીન શક્તિ ઉત્પન્ન થતી.

લલિતાને લઇ કુમાર ધીમે ધીમે પોતાના ધારેલા સ્થળ તરફ જતો હતો. પ્રત્યેક પગલું ભરતાં ત્હેને અતિશય કષ્ટ થતું હતું. તેમ છતાં પણ ઘણો માર્ગ તેણે પસાર કરી દીધો હતો અને લગભગ "પ્રમોદભવન–" ના સ્હામું જઇ પહોંચ્યો હતો. કરૂણસિંહ ગમે તેટલો બળવાન અને ગમે તેટલો ઉત્સાહી હતો તો પણ તે એક સામાન્ય મનુષ્યજ હતો. તે કુદરતના નિયમને ટાળી શકે તેમ નહોતુ.

"પ્રમોદભવન" પંદર વીશ ડગલાં વેગળે રહ્યું હતુ તે સમયેજ કરૂણસિંહ તદ્દન નિર્બળ થઇ ગયો ! તેનું બળ ખૂટ્યું ! લલિતાને બાથમાં ઘાલી

ચાલતો હતો તેજ બાહુબંધન ઢીલું પડી ગયું! લલિતા જમીન પર ઉતરી પડી. ક્ષણ વારમાં કરણસિંહ મુર્છા પામી ધડાક્ દેતો કે પૃથ્વી પર પટકાઈ પડયો!

રાજકુમારી તદ્દન ગભરાઇ ગઇ! આ પ્રસંગે શું કરવું તે તેને સુઝયું નહિ! ઉતરેલ્લે ચ્હેરે કરણસિંહ પાસે બેસી તેની મુર્છા ભંગ કરવાનો પ્રયત્ન કરવા લાગી. પોતાના વસ્ત્રના છેડા વડે તેને વાયુ નાંખવા લાગી. કુમાર તદ્દન નિશ્ચલ થઇ પડયો હતો! તેના મોઢામાંથી લોહીની ઉલટી થવા લાગી! તેનું સર્વ ચૈતન્ય લુપ્ત થયું. તેના હૃદયનો રક્તકોષ જાણે ફુટીજ ગયો હતો!

લલિતાનું સૌભાગ્ય ખૂટયું! કુમાર કરણસિંહના સુંદર શરીરમાંથી પ્રાણ પંખી ઉડી ગયું! તેનો હૃદયપ્રિય મર્ત્ય લોકનો ત્યાગ કરી સ્વર્ગ લોકમાં ચાલ્યો ગયો! લલિતાએ કુમારના શરીરને બરાબર તપાસી લીધું. માત્ર શરીર એકલુંજ પડયું હતું! ચૈતન્ય નહોતુ! તેજ સમયે લલિતાનું ચિત્ત ભ્રમિત થયું. તે ગાંડી બની ગઇ! અને “કુમાર—કુમાર—” ના કરૂણ શબ્દો બોલતી જમીન પર ધૂળમાં આળોટવા લાગી! તેના સુંદર શરીર ઉપર સર્વત્ર ધૂળ ધૂળ થઇ ગઇ!

કરણસિંહને નજીક આવી પહોંચતો જોઇ ભીમસિંહ વગેરે દેવી મંદિરમાં કંઇ નવો પ્રપંચ રમવા બેઠા હતા. પરંતુ ઘણો વખત થયા છતાં તેને નહિ આવેલો જોઇ સરતાનસિંહ અને દુર્જયસિંહ બ્હાર નિકળી જૂવે છે તો સ્હામે લલિતાને ધૂળમાં આળોટતી દીઠી! તેની નજીક કરણસિંહને પડેલો જોયો. એ જોતાંજ તે દોડતો તેમની પાસે ગયો. દુર્જયસિંહને આવતો જોઇ લલિતાના હૃદયમાં બ્હીક ભરાઇ. તે વિચારવા લાગી કે: “વખતે હવે તેની સાથે મ્હારાં લગ્ન કરવામાં આવશે. એ દુષ્ટ સંકલ્પ પરિપૂર્ણ કરવાનેજ ભીમસિંહ વગેરે ચંડાળ ચોકડીએ મ્હારા હૃદય વલ્લભની આજે હત્યા કરી છે! હવે તેમનો માર્ગ નિષ્કંટક થયો છે. હવે પાષાણ હૃદયના પિતા મ્હને દુર્જયસિંહને અર્પણ કરશે. પણ ચિન્તા નહિ.” લલિતાના મનમાં અનેક વિચાર ઘોળાવા લાગ્યા. ભાવિ વિટંબનામાંથી મુક્ત થવાનો તેને માર્ગ જડતો નહોતો!

હવે બીજો ઉપાય શો? વિશાળ પૃથ્વી ઉપર જે નિરાધાર અબળાને "પોતાનું" કહેવા જેવું કોઇજ નથી તેને ભગવાન શિવાય બીજું કોણ હોય? સજલ નેત્રે, દુઃખિત હૃદયે લલિતાએ ઉંચે આકાશ તરફ જોયું. સફેદ નિર્જલ વાદળાં આકાશમાં આમ તેમ વિચરતાં હતાં. સુનીલ આકાશ જાણે શાંત, સ્થિર અને તરંગ હીન, સમુદ્ર હોય એવું જણાતું હતું. તેના એક તેજસ્વી વિભાગ ઉપર અમૂલ રત્નજડિત સિંહાસન ઉપર જાણે કરૂણસિંહની દિવ્ય ઉજ્વળ મૂર્તિ બિરાજી હોય તેમ લલિતાને જણાયું. જ્યોતિર્મય સ્વર્ગરાજ્યમાં ગયા પછી કુમારની તેજોમય મૂર્તિએ અધિકજ ઉજ્વળતા ધારણ કરી હતી. તેના ઉજ્વળ મુખ ઉપર કિંચિત્ કલંક કિંવા શોક, દુઃખ, થાક અને લોહીના ડાઘા પણ જણાતા નહોતા! તે મુર્તિના નેત્રમાં આશા, દ્રષ્ટિમાં દિવ્ય સ્નેહ, ઓષ્ઠ ઉપર સ્વર્ગીય હાસ્ય, અને હૃદયમાં જીવંત પ્રેમ નિવાસ કરી રહ્યો હોય એમ જણાતું હતું. તે અજ્ઞાત સામ્રાજ્યમાં જઈ, સ્વર્ગીય ઉજ્વળ જ્યોતિપૂર્ણ સિંહાસન ઉપર બેસીને જાણે કુમાર હાસ્ય ભરેલે મુખે લલિતા તરફ આંગળી બતાવી કહે છે કેઃ "લલિતા, હૃદયેશ્વરી!, વહાલી, આવ! અહિં આવવામાં ત્હને ભય કેવો? આ—જો! ત્હારે માટે દિવ્ય સિંહાસનનો અર્ધો ભાગ મ્હેં ખાલી રાખ્યો છે. આ સ્થળે કશી ચિંતા નથી, દુઃખ નથી, વિરહ નથી, નિરાશા પ્રપંચ, કપટ, માન—અપમાનનું નામ નિશાન નથી! આ સ્થળે દુર્જયસિંહ નથી! નકીજ નથી. પ્રિય લલિતા, આ સ્થળે ત્હારા પિતા ભીમસિંહ નથી. કોઇ બીજું આ સ્થળે આવી આપણને અડચણ કરશે નહિ. વ્હાલી, લલિતા, નક્કી માનજે કે આ સ્થળે કોઇ ઇર્ષા કરશે નહિ. કોઇ હરિફાઇ કરશે નહિ અને કોઇ પહાડ ઉપર ચ્હડાવશે નહિ! આ સ્થળે તો કેવળ ચિર શાંતિ, અનંત સ્વર્ગીય વિમલ પ્રેમ અને મધુર સ્નેહ, પૂર્ણ રીતે નિવાસ કરે છે. પ્રિયે, દેવી, આ રમણીય સ્થળે આવવામાં ત્હને શંકા કેવી?"

આવો મન કલ્પિત દેખાવ જોઇને, દુઃખી સ્થિતિ ભોગવતી લલિતાના મુખ મંડળ ઉપર એકાએક હર્ષની છટા પ્રસરી રહી. નિરાશાના ઘોર અંધકારમાં આશાનું એકાદ કિરણ ચમકતાંજ અંધકારમાં કષ્ટ પામતા પ્રા-

ણીના મુખ ઉપર જેવો ઉત્કટ આનંદ જણાય છે તેવોજ આનંદ, આ સમયે રાજકુમારીના મુખ મંડળપર જણાવા લાગ્યો. હૃદયવલ્લભની પ્રેમ પૂર્ણ બુમ સાંભળી તેના હૃદયનું અને મુખ ઉપરનું દુઃખ દૂર થયું. દુષ્ટ સરતાનસિંહ વગેરેને પાસે આવતા જોઇ લલિતાએ ઝટ કરૂણસિંહની કમ્મરે ખોશેલી તીક્ષ્ણ કટાર પોતાના હાથમાં લીધી અને કરૂણસિંહની છાતી પર માથુ રાખી " પ્રાણેશ્વર—આ—આવી ! " એમ કહીને કટાર પોતાની છાતીમાં ખોસી દીધી. પળવારમાં કુમારના શરીરમાંથી નિકળેલા રક્ત પ્રવાહમાં, લલિતાની છાતીમાંથી નિકળતો રક્ત પ્રવાહ મળી ગયો ! રાજનંદિની લલિતા, સર્વના દેખતાં મધુર હાસ્ય કરતી કરતી પોતાના હૃદયેશ્વરને મળવા સ્વર્ગમાં ચાલી ગઇ !

* * * *

ભીમસિંહ એકલોજ મંદિરમાં બેઠો હતો. સરતાનસિંહ અને દુર્જનસિંહને આવતાં વિલંબ થયો તે જાણી તે મંદિર બહાર નિકળી તપાસ કરવા લાગ્યો. તેણે થોડે વેગળે જે કરૂણાજનક દેખાવ જોયો તેથી તેનું હૃદય ચિરાઇ જવા લાગ્યું ! તેણે પાસે જઇ પોતાની લાડકી પુત્રીનું મૃત્યુ પામેલું મુખ જોતાંજ એક ભયંકર ચીસ પાડી રડવા માંડયું, અને તેના શરીર પર ઢળી પડયો. તીવ્ર પ્રશ્ચાતાપ વડે તેનું પાપી હૃદય ચૂર્ણ વિચૂર્ણ થવા લાગ્યું. જોત જોતામાં તેની લાડકી પુત્રી લલિતા તેનો તિરસ્કાર કરતી સ્વર્ગમાં ચાલી ગઇ ! પૃથ્વીમાં તેને લલિતા જેટલો અન્ય પર પ્રેમ નહતો. તે તેનું સર્વસ્વ હતી. તેને જોઇનેજ ભીમસિંહ સ્વર્ગનું સુખ માનતો હતો. એકની એક પુત્રીની આવી દશા જોઇ ભીમસિંહ ગાંડો બની ગયો. તેનું માથું ફરવા લાગ્યું. નજીકમાંજ બે શરીર—રક્ષક ઉભા હતા તેમને તેણે કઠોર આજ્ઞા ફરમાવી. " ફત્તેસિંહ, માધોસિંહ, પકડો ! પકડો ! આ પાપી ચંડાળ સરતાનસિંહ અને દુષ્ટ દુર્જયસિંહને પકડી કેદ કરો ! તેમને કેદખાનામાં નાખો ! કાલે તેમના શરીરના કટકે કટકા કરી નાંખજો ! એમની કપટી પ્રપંચ જાળમાં સપડાઇ મ્હેં મ્હારૂં જીવન સર્વસ્વ ગુમાવ્યું છે. મ્હારી પ્રાણપ્રિય પુત્રી ખોઇ છે ! લલિતા, બેટા, મ્હારી લાડકી—"

દુર્ગપતિ ભીમસિંહની આજ્ઞા પ્રમાણે તાબડતોબ સરતાનસિંહને અને દુર્જયસિંહને કેદ કરી બંદિખાને નાંખ્યા! ધૂળમાં પડેલાં અને લોહીથી ખરડાયલાં બન્ને પ્રેમીના નિશ્ચલ, નિષ્પ્રાણ શરીર તરફ આંસુ વર્ષાવતો ભીમસિંહ સ્થિર દ્રષ્ટિયે જોઇ રહ્યો હતો. બન્નેના ખરા પ્રેમનું મૂલ્ય તેને હવેજ જણાયું. લલિતાના શાંત, તેજસ્વી મુખ તરફજ તેની દ્રષ્ટિ સ્થિર થઇ રહી હતી. એટલામાં પાછળથી કોઇએ ગંભીર સ્વરે બૂમ પાડી. "ભીમસિંહ!"

દુર્ગાધિપતિએ તે બૂમ સાંભળી નહિ હોય એમ જણાય છે. પર્વત પ્રદેશ ગર્જાવી મૂકે એવા કઠોર શબ્દે પુનઃ કોઇએ તેને બૂમ પાડી. "ભીમસિંહ!"

હતભાગી ભીમસિંહ વિચાર સ્વપ્નમાંથી એકદમ ચમકી જાગૃત થયો! પાછું વળીને જોતાં જણાયું કે, એક ઉજ્વળ કાંતિનો સન્યાસી અને તેની પાસે એક શાંત તરૂણ વીર ઉભો છે. વીર પુરૂષે ક્રોધાયમાન દ્રષ્ટિએ જોઇ ભીમસિંહને કહ્યું: "અધમ, ચાંડાલ, મ્હારો કરૂણસિંહ ક્યાં છે?"

દુર્ગાધિપતિ સ્તબ્ધ–ચકિત–થઇ ગયો! તેના મુખમાંથી શબ્દ ફુટતો નહોતો. જાણે તેની સર્વ શક્તિનો લોપ થઇ ગયો હોય તેમ થઈ ગયું. તેનું શરીર થરથર કંપવા લાગ્યું. તેનું હૃદય શૂન્યકાર થઇ રહ્યું હતું. તેની દ્રષ્ટિમાંથી જાણે ચૈતન્યનો લોપ થયો હોય એમ તેનાં નેત્રો ફિક્કાં–નિસ્તેજ જણાતાં હતાં. તેનાં નેત્રમાંથી વહેતાં અશ્રુનો પ્રવાહ અટકી પડયો.

ભીમસિંહે તે વીર પુરૂષને ઓળખ્યો. તેણે તેના ચરણમાં આલોટવા માંડયું. તે વીરે પુનઃ પૂછ્યું: "ભીમસિંહ, મ્હારો કરૂણસિંહ કયાં છે?"

"જહાંપનાહ, દાસને ક્ષમા કરો. જૂવો–આ રહ્યા આપના પ્રિય સેનાપતિ કરૂણસિંહ અને આ મ્હારી લાડકી પુત્રી લલિતા! હાય હાય! આપ નામદાર અર્ધો કલાક વ્હેલા આવ્યા હોત તો—"

સૌમ્ય વીર મૂર્તિ તે બીજી કોઇજ નહિ પણ દિલ્લીપતિ શેહેનશાહ અકબર હતા. કરૂણસિંહના સંકટમાં પડવાની વાત કૃષ્ણાકુમારીએ તરતજ ચંદ્રચૂડને જણાવી હતી. કરૂણસિંહને મુક્ત કરવાનો અન્ય ઉપાય નહિ હોવાથી ચંદ્રચૂડે છાવણીમાં જઇ તે સમાચાર બાદશાહને જણાવ્યા. બાદ-

શાહ તેજ ક્ષણે સન્યાસી ચંદ્રચૂડ સાથે કિલ્લાપર થઇને પહાડપર ગયા. પરંતુ હાય, ત્હેના આવવા પહેલાંજ કરૂણુ અને લલિતાના પ્રાણુ પરલોકમાં ચાલ્યા ગયા હતા. ભાવિ કોણુ મિથ્યા કરી શકે છે ?

ભીમસિંહને મ્હોડેથી બાદશાહે સર્વ હકીકત સાંભળી પોતાના એક તરૂણુ વીર સેનાપતિને ગુમાવવાથી બાદશાહના હૃદયમાં અત્યંત દુઃખ થયું. શાહની પાસે મોગલ અંગ રક્ષકો ઉભા હતા તેમને શાહે આજ્ઞા ફરમાવીઃ "આ ચાંડાળોને તરતજ કેદ પકડો. મ્હારા પ્રિય સેનાપતિ કરૂણુની એ પાષાણુ હૃદયના કિલ્લેદારે હત્યા કરી છે. વળી દુષ્ટ સરતાનની પ્રપંચ જાળમાં ફસાઇ પોતાની પુત્રીનું ખૂન કરવામાં પણુ એણે આધું પાછું જોયું નથી. એ દુષ્ટ કૃત્ય કરતાં એના મનમાં જરા પણુ વિચાર થયો નહિ ! એ અધમને હવે કેવી શિક્ષા કરવી તેનોજ મ્હને વિચાર થઇ પડયો છે. એ સર્વ દુષ્ટોને આપણી છાવણીમાં લઇ જાઓ. કાલે એમનો ન્યાય થશે."

સેનાપતિ આસફખાંએ બાદશાહની આજ્ઞા પ્રમાણે તરતજ સર્વને કેદ કર્યા. દિલ્લીપતિએ આસફખાંને કહ્યુંઃ "આસફખાં, તમને એક બીજું કામ પણુ સોંપું છું. દુષ્ટ દુરાચારી ભીમસિંહનો આ ભવ્ય કિલ્લો, પંદર દિવસમાં નાબૂદ થઇ સપાટ મેદાન થવો જોઇએ અને એ સ્થળે કૂતરાં ગધેડાંને ચરવાનો ઉકરડો થવો જોઇએ ! કિલ્લામાં જે કાંઇ કિમતી વસ્તુઓ હોય તે સર્વ વેચી તેના મૂલ્યમાંથી આ સ્થળે એક ભવ્ય મંદિર સત્વર બંધાવવું અને તેનું નામ "પ્રેમ મંદિર" રાખવું. એ મંદિરના ઓરડામાં રત્નજડિત આસન બનાવી તેના પર આ બન્ને પ્રેમીઓનાં સંગેમરમરનાં પૂતળાં ઉભાં કરવાં. એ રીતે તેમનું પવિત્ર નામ હંમેશાં યાદ રહે તેમ કરવું. એ બન્નેના નિર્મળ પ્રેમનું સ્મરણું ચિહ્ન કાયમ રાખવા માટે એથી સારો બીજો માર્ગ મ્હને જણાતો નથી."

આ સમયે સૂર્ય ભગવાન અસ્તાચલ ઉપર જવાની તૈયારીમાં હતા. ચારે દિશામાં ખિન્નતા અને મલિનતા પ્રસરી રહી હતી. જાણે કરૂણુ–લલિતાના વિરહને લીધે પ્રકૃતિ દેવી પણુ શોકગ્રસ્ત થઈ હોય એમ સર્વત્ર નિસ્તેજ લાગતું હતું !

અકબરશાહે એક ઉંડો નિઃશ્વાસ મૂકી કરૂણસિંહ અને લલિતાના જડવત્ દેહ તરફ શૂન્ય દ્રષ્ટિએ જોઇ રહેલા ચંદ્રચૂડ મહારાજને કહ્યુંઃ "ચાલો મહારાજ, એ શોકપૂર્ણ દેખાવ તરફ ગમે તેટલા વખત સુધી આપણે જોઇ રહીશું તોપણ સ્વર્ગમાં ગયેલાં એ પ્રેમી દમ્પતિ આપણા જેવા હતભાગ્ય મનુષ્યોને પુનઃ પ્રાપ્ત થશે નહિ! હાય! કરૂણસિંહ ઉપર મ્હને મ્હારા સગા બંધુ કરતાં અધિક પ્રેમ હતો. ચંદ્રચૂડ મહારાજ! એના કોમળ દેહ ઉપર કાંટાનો ઉઝરડો ભરાતાં મ્હારા હૃદયમાં અસહ્ય વેદના થતી હતી. આ પાપી નેત્રો, હમણાં એના શરીરને ચિતાગ્નિની પ્રચંડ જ્વાળામાં બળતુ જોઇ શકશે નહિ!

* * * *

"પ્રમોદભવન" સ્હામુનો પર્વત પ્રદેશ થોડા સમયમાંજ ઘોર સ્મશાન જેવો ભયંકર થઇ પડયો. લલિતા અને કરૂણસિંહની ચિતા ભડભડાટ બળવા લાગી. તેમાંથી નિકળતી આકાશ ભેદક જ્વાળાવડે સર્વ દિગ્મંડલ લાલચોળ થઇ ગયું. કડ્ કડ્ કરતો ચિતાગ્નિ, પ્રણયિ યુગલના જડ દેહને બાળી ભસ્મ કરવા લાગ્યો. વાયુ દેવતાએ ચિતામાંથી નિકળતી જ્વાળાને વેગળે સુધી લઇ જઈ, જોનાર મનુષ્ય માત્રને તે પ્રેમી દમ્પતિની પ્રેમવાર્તા જાણવાને ઉશ્કેરી મૂક્યાં! વન પ્રદેશમાં ચારે તરફ ધુમાડાના ગોટેગોટ પ્રસરી ગયા. ધુમાડો જોનાર મનુષ્યો ચિતા—સ્થાનપર બનેલા બનાવનું રહસ્ય જાણી નિઃશ્વાસ મૂકવા લાગ્યાં અને બન્નેના પ્રેમને "ધન્ય" કહેવા લાગ્યાં.

* * * *

થોડો વખત વીતી ગયો હતો, પણ હજુ ચિતામાંનો અગ્નિ ઓલવાયો નહોતો. તેનો તાપ ઓછો થઇ ગયો હતો. હવે તેમાંથી નિકળતી જ્વાળામાં સખ્ત ગરમી નહોતી. તેમાંથી નિકળતો ધુમાડો ગોળ કુંડાળાનો આકાર ધારણ કરી હજુ આકાશને ઢાંકી દેતો!

એ સમયે ભયંકર ભગવાં વસ્ત્ર ધારણ કરેલી એક તરૂણ ભેરવી હાથમાં એક સુવર્ણ—કળસ લઇ ત્યાં આવી પહોંચી. ત્યાં આવતાંજ અરધી બળેલી ચિતા તરફ તેની દૃષ્ટિ ઠરી રહી. થોડીવાર પછી એક ગાંડી સ્ત્રીની પેઠે

દોડતી જઇ સળગતી ચિતામાં, હાથમાં પકડેલા કળશમાંનું દૂધ રેડી પવિત્ર ચિતામાં બળતા અગ્નિને તદ્દન શાંત પાડયો!

ભૈરવીની મુર્તિ તદ્દન શાંત જણાતી હતી. તેના મુખ ઉપર ચંચળતાનું નામ પણ જણાતું નહોતું. હૃદયમાં કિંચિત્ પણ બ્હીક નહોતી. ચિતાની છેક પાસે જઇ પ્રણામ કરી બોલી: "સાધ્વિ લલિતા, ખરેખર, તેં ત્હારાં આ આચરણથી સમસ્ત સ્ત્રી જાતિને ધન્યવાદ અપાવ્યો છે. આ સમયે તું ત્હારા પતિની અર્ધાંગના થઇને, સ્વર્ગમાં રત્નજડિત સિંહાસન ઉપર બિરાજી હશે. લલિતા, પતિ સાથે સહગમન કરી ત્હેં ચિર શાંતિનો લાભ મેળવ્યો છે, અને હું અભાગિણી હજુ પૃથ્વી પર જીવતી રહી નરક વાસ ભોગવું છું! જા–ઓ. સતી કુલ શિરોમણી લલિતા, જાઓ. ત્હમે અમર ધામમાં જઈ તમારા હૃદયેશ્વર સાથે તે પ્રેમ–રાજ્યનો ચિરકાલ ઉપભોગ કરો. મા, લલિતા, મન, વચન, અને કર્મ વડે જે પતિનો એક વખત સ્વિકાર કર્યો છે તેજ પતિ દેવની જીવન પર્યંત સ્તુતિ–સેવા અને આરાધના ઉપાસના કરવી એજ સ્ત્રીઓનો ખરો ધર્મ છે. તેજ સ્ત્રી સ્વર્ગનું સુખ ભોગવવાની અધિકારિણી જણાય છે. તેજ સતી સ્ત્રીઓને દેવતાઓ સુદ્ધાં પૂજે છે. તેજ પતિવ્રતા રમણીઓ આ લોકમાં અને પરલોકમાં પૂજ્ય મનાય છે, અને તેમનાંજ યશોગાન ગવાય છે. બ્હેન લલિતા, મ્હારો આશિર્વાદ છે કે તમારો બન્નેનો પુનઃ કદી પણ વિયોગ ના થાઓ!"

ભૈરવીનાં નેત્રમાંથી આંસુનો પ્રવાહ વહેતો હતો. તેણે પુનઃ કહ્યું: "કરૂણસિંહ, હૃદયેશ્વર, આટલા દિવસ પર્યંત મ્હેં તમને "હૃદયેશ્વર" કહીને કદી પણ બોલાવ્યા નથી. આજે આ સમયે નિર્જન સ્મશાનમાં તમને ઉચ્ચ સ્વરે "હૃદયેશ્વર" કહીને ઉકળતા પ્રાણને ઠંડા કરૂં છું. તરફડતા મનને શાંતિ આપું છું. આ જન્મે હું તમને મેળવી શકી નહિ. મરણ પામ્યા શિવાય તમને મેળવી શકીશ નહિ એ પણ હું જાણું છું. લલિતાએ મરવા માટે સાહસ કર્યું તેથીજ તે તમને મેળવી શકી છે ત્યારે હું પણ મરણ પામીશ અને મ્હારા હૃદયેશ્વરને મેળવીશ! નાથ, આપ મર્ત્ય લોકમાં દેવ હતા. આપનાં દર્શન અને સેવાની ઇચ્છા કોને નહિ થાય!"

આ શબ્દો બોલતી ભેરવી કૃષ્ણાકુમારી પર્વતના સૌથી ઉંચા શિખરની ટોચ ઉપર જઇ ઉભી. ત્યાંથી સ્હામુ જણાતી શાંત પ્રકૃતિદેવી તરફ નજર ફેંકી. ચારે દિશામાં ઘોર અંધકાર જણાતો હતો. આ સમયે તેના નેત્ર સમક્ષ નરકનો દારૂણ દેખાવ જણાયો! એ જોઈ ભયભીત થયેલી કૃષ્ણા પુનઃ ઉંચે જોવા લાગી. ત્યાં તેને જણાયું કેઃ "લલિતા અને કરૂણ એ બન્ને નશ્વર દેહનો ત્યાગ કરી, દિવ્ય દેહ ધારણ કરી એક બીજાના હાથમાં હાથ ભેરવી, ધીમે ધીમે આનંદપૂર્વક આકાશમાં ભ્રમણ કરી રહ્યાં છે. કાળાં, લીલાં, સફેદ, રાતાં વગેરે રંગ બેરંગી વાદળાં, તે પ્રેમી દમ્પતીનાં ચરણનું નમ્રપણે ચુંબન કરતાં કરતાં વેગળાં ચાલ્યાં જાય છે. આકાશમાં ઉગેલા તારા તેમની સ્હામુ ક્રિડા કરતા હોય એમ જણાય છે. મેઘમંડળમાં લલિતા, કૃષ્ણાકુમારીનેજ જાણે કહેતી હતી કેઃ "જો, કૃષ્ણા! કરૂણસિંહ, મ્હારાજ છે. જન્મ જન્માંતર પર્યંત, અનન્તકાલ પર્યંત કરૂણસિંહ મ્હારાજ રહેશે. તું અમારી સાથે અહિં આવી નહિ. હવે જીવનપર્યંત ત્યાંજ રહી ત્હારે વિરહાગ્નિમાં બળવું પડશે! કૃષ્ણા! ત્યાં કેટલા દિવસ વિરહાગ્નિમાં બળતી રહેશે?"

શિખર નીચે વહેતી મુક્તાવલિ નદીનાં કાળાં જળનો મૃદુમંદ કલ કલ નાદ કૃષ્ણાને કાને સંભળાતો હતો. તે જાણે કોઇક જાતનું કરૂણારસ ભરેલું ગંભીર સંગીત હોય તેમ હૃદયને શોક તપ્તજ કરતું હતું! અંધકારમાંથી નીચી દ્રષ્ટિ કરતાં જણાયું કે જાણે ચંચળ પ્રકૃતિની મુક્તાવલિ નદીનું ફીણવાળું જળ કૃષ્ણાની મસ્કરી કરે છે અને કહે છે કેઃ "અરે અભાગિની કૃષ્ણા! હજુ તું કેટલા દિવસ વિરહાગ્નિમાં બળતી પૃથ્વીપર જીવતી રહેશે?"

સર્વની સહાનુભૂતિ જોઇ કૃષ્ણાકુમારી હવે મર્ત્ય લોકમાં થોભી શકી નહિ. આ સમયે તેના હૃદયમાં નિરાશાનો પ્રલયાગ્નિ ધક્ધક્ ધિકતો હતો. તેનું હૃદય ચૂર્ણ વિચૂર્ણ થઈ ગયું હતું. હાય! તે અતિશય ભયંકર અગ્નિજવાળાની વેદના કૃષ્ણાથી સહન થઇ નહિ. ગમે તેમ પણ તે કોમળ અબળાજ હતી. ગાંડી બની ગયેલી કૃષ્ણાએ તે ઉચ્ચ શિખર પરથી મુક્તાવલિના ઉંડા જળપ્રદેશમાં પડી પ્રાણ વિસર્જન કર્યો!

મુક્તાવલિના જળ ઉપર કૃષ્ણા પડી તે સ્થળે થોડો વખત સુધી કોઇ-ના માથાના કાળા વાળ જણાયા પરંતુ થોડીવાર પછી ત્યાંનો જળ પ્રવાહ પાછો તેવો ને તેવોજ શાંત થઇ ગયો !

બીજે દિવસે પ્રાતઃકાળમાં એક ખેડુતે મુક્તાવલિના પ્રવાહ ઉપર કૃષ્ણાનું મૃતક શરીર તરતું જતું જોયું હતું ! અભાગિની મૃત્યુ પામી છતાં કરૂણ-સિંહને પ્રાપ્ત કરી શકી નહિ. જાણે તેના ઇર્ષાખોર પ્રેમને લીધે સ્વર્ગનાં દ્વાર તેને માટે હમેશનાં બંધજ થયાં હતાં !

* * * *

" પ્રેમમંદિર " કાળના ગર્ભમાં હમણાં નષ્ટ ભ્રષ્ટ થઇ ગયું છે પરંતુ કરૂણસિંહ અને લલિતાના નિર્મળ પ્રેમના સ્મર્ણ ચિહ્ન સ્વરૂપ તે પહાડ, હજુ સુધી રાજપૂતાનામાં પ્રવાસ કરનાર પ્રવાસી જનોની દ્રષ્ટિએ પડે છે. અને તે બન્નેના પ્રેમનું કરૂણારસિક કથાનક પ્રવાસીજનોને તાજું કરી આપે છે ! ધન્ય પ્રેમદેવતા ! ત્હમારી અપૂર્વ લીલાને કોણ જાણી શકે છે ?

मेवाडनो उद्धार कर्त्ता. १०.

૧.

ભારતવર્ષની પુણ્ય-ભૂમિ પર કેટલાક એવા મહાન્ પુરૂષો થઈ ગયા છે કે જેનાં ચરિત્ર જોવા-વાંચવાથી સમસ્ત જનસમૂહને અત્યંત લાભ થયો છે. સંસારમાં જન્મ ગ્રહણ કરીને સર્વને એક દિવસ મરણને શરણ થવુંજ પડશે, પરંતુ જેણે પોતાનું અમૂલ્ય જીવન પરોપકારમાં વ્યતીત કર્યું છે તેનો જન્મ અને તેનું મરણજ સાર્થક ગણાય છે. અહા ! જે પોતાનું કર્ત્તવ્ય પાલન કરતાં કરતાં આ અસાર સંસારનો ત્યાગ કરે છે તે મહાપુરૂષને ધન્ય છે ! કર્ત્તવ્ય પાલન કરવું એ તો પ્રત્યેક મનુષ્યનો ધર્મજ છે પરંતુ કેટલાક સજ્જનોએ તો પોતાના કર્ત્તવ્ય ઉપરાંતનાં સત્કાર્યો કરવામાં પોતાનાં શરીર અર્પણ કરી દીધાં છે ! વિશેષ ધન્યવાદ તો એવાજ આત્મત્યાગી મહાપુરૂષોને આપી શકાશે ! જે મનુષ્ય પારકાનું દુઃખ જોઈ તે તરફ સહાનુભૂતિ દર્શાવી, તેનાં દુઃખ નિવારણ કરવાના યત્ન કરે, અને દુઃખીઓનાં દુઃખ નિવારણ કરવાનો સામાન્ય યત્ન કરવા કરતાં તેને માટે તન, મન અને ધન સમર્પણ કરે તેજ આ સંસારમાં ખરો " મનુષ્ય " કહી શકાય. અમારી પવિત્ર ભારતભૂમિ એવાં અમૂલ્ય મનુષ્ય-રત્નોથી વિભૂષિત છે. મેવાડની ભૂમિમાં એવાં એવાં વીર મનુષ્યો થઇ ગયાં છે કે જેના દ્વારા અતિ પ્રશંસનીય કાર્યો થયાં છે; અને તે કાર્યો, ઇતિહાસનાં પૃષ્ઠમાં સોનેરી અક્ષરે હજુ સુધી કોતરાઇ રહ્યાં છે !

એક સમયે દિલ્હી પતિ સમ્રાટ્ અકબરે ક્રોધાયમાન થઇ રાણા પ્રતાપસિંહ પર પ્રચંડ સૈન્ય સહિત ચઢાઈ કરવાને આજ્ઞા ફરમાવી. શાહજાદો સલીમ અને સેનાપતિ માનસિંહ, સમુદ્રનાં ઉછળતાં મોજાં જેવું વિશાળ લશ્કર લઈ રાણા પ્રતાપસિંહ ઉપર તીડનાં ટોળાં પેઠે તૂટી પડયા !

મોગલો સાથે અનેક યુદ્ધ કરવામાં અસંખ્ય બહાદુર રાજપૂત સિપાહીઓએ રણ ભૂમિમાંજ શયન કર્યું હતું. મહારાણા પ્રતાપસિંહ પાસે હવે થોડું લશ્કર રહ્યું હતું તેમ છતાં પણ તે સર્વ પોતાની જનની જન્મભૂમિને ખાતર યુદ્ધ કરનાર મહાન યોદ્ધાજ હતા. મહારાણાએ બચેલું લશ્કર એકઠું કરી અકબરના લશ્કર સાથે યુદ્ધ કરવા માંડયું. બન્ને પક્ષ વચ્ચે ઘનઘોર યુદ્ધ મચ્યું. બન્ને પક્ષના વીર સિપાહીઓ બળપૂર્વક એક બીજાને કાપવા લાગ્યા. એ યુદ્ધમાં રાજપૂતોના બાવીશ હજાર યોદ્ધામાંથી ચૌદ હજાર યોદ્ધા રણમાં પડયા! હવે માત્ર આઠ હજાર સિપાહીઓ બચ્યા હતા! આ ભયંકર યુદ્ધ "હલ્દીઘાટી" નામક સ્થાનમાં થયું હતું. તેથી તે "હલ્દીઘાટનું યુદ્ધ" એ નામે ઇતિહાસ પ્રસિદ્ધ છે. આ યુદ્ધમાં રાણા પ્રતાપસિંહ મરણ પામ્યા હોત પરંતુ ભારતવર્ષના સદ્‌ભાગ્યે—કહો કે આર્ય જાતિના ધર્મ સંરક્ષણાર્થે કહો, પણ મહારાણાનું જીવન નાશ પામ્યું નહિ. રાણાજીનું લશ્કર યુદ્ધ કરતાં કરતાં થાકી ગયું હતું અને તેમાં વળી પોતાના અનેક સૈનિકોને રણ શૈયામાં ચિરકાલને માટે નિદ્રા લેતા જોઇ બીજા સૈનિકો કંઇક નિરાશ પણ થઇ ગયા હતા! વળી માનસિંહ અને સલીમે નિશ્ચય કર્યો હતો કેઃ કોઇ પણ યુક્તિ પ્રયુક્તિ વડે રાણા પ્રતાપસિંહનો પ્રાણ લેવો! મનુષ્યની ઇચ્છા એવી હતી પરંતુ ભગવાનની ઇચ્છા તેમ નહોતી! રાણા પ્રતાપસિંહનું લશ્કર કલાંત થઇ પડયું હતું તેજ સમયે ગ્વાલિયરાધિપતિ માના ઝાલા, પાંચસો વીર સૈનિક સહિત રણસ્થળમાં આવી પહોંચ્યો અને રાણાનો ઝુંડો પોતાની પાસે લઇ, રાણાને બદલે પોતે શત્રુઓ સાથે યુદ્ધ કરવા લાગ્યો. સલીમે રાણા પ્રતાપને મારવાનું નિશાન ધારી રાખ્યું હતું પરંતુ વીર માના ઝાલાએ તે જાણી જતાંજ મહારાણાના માથા પરનું છત્ર પોતાને માથે ધારણ કરી અદ્‌ભૂત વીરતાપૂર્વક યુદ્ધ કરવા માંડયું. આ સમયે સલીમે ભૂલથાપ ખાધી. તેણે માના ઝાલાને પ્રતાપ રાણો ધારી તેને તલવાર મારી. મહારાણા તો માના ઝાલાના માથા પર પોતાનું છત્ર ધરવા આપ્યું તે સમયથીજ રણક્ષેત્રમાંથી વેગળે ચાલ્યા ગયા હતા. તેમને ન્હાસતા જોઇ બે મોગલ સરદારો તેમની પાછળ પડયા હતા. તેમની ઇચ્છા મહા-

રાણાને મારી નાંખવાનીજ હતી. તેઓ રાણાને મારી નાંખવા શક્તિમાન થયા હોત, પરંતુ ભગવાનને રાણાનું મરણ પ્રિય નહોતું ! મહારાણાને રણક્ષેત્રમાંથી નાસતા જોઈને જે બે મોગલો તેમની પાછળ પડયા હતા તે બન્નેને મહારાણાના ન્હાના ભાઇ શક્તસિંહે દીઠા હતા, અને તેથી શક્તસિંહ મોગલોની પુંઠે ગયો હતો. રાણા પ્રતાપસિંહ ગોધુંદ ગામ આગળ આવી પહોંચ્યા તે સમયે મોગલો રાણાજી ઉપર ટૂટી પડવા તૈયાર થયા હતા પણ શક્તસિંહે અચાનક આવીને બન્નેને પરલોકમાં પહોંચાડી દીધા. આ સમયે શક્તસિંહે પોતાના જયેષ્ઠ બંધુનો પ્રાણ બચાવી ઇતિહાસમાં અમર નામ કર્યું છે. કારણ કે ઘણા વર્ષ ઉપર પ્રતાપસિંહ સાથે ખાનગી તકરાર થતાં શક્તસિંહ મેવાડ ત્યાગ કરી બાદશાહની તાબેદારી કરતા હતા. એમ કરવાથી મેવાડના રાજકુલમાં શક્તસિંહે કાળું કલંક લગાડયું એમ કહેવાતું હતું પરંતુ તેમનો ઉપાય નહોતો. આજે લાગ મળતાં પોતાના વડીલ બંધુ સાથે સલાહ કરવાનો યત્ન કર્યો. મોગલોને રામશરણ પહોંચાડી શક્તસિંહ પ્રતાપસિંહને મળ્યા. પ્રતાપ રાણાને તેના પર કંઇક શંકા ગઇ પરંતુ તેમણે ખાત્રી આપવાથી બન્ને બંધુઓ મળ્યા—ભેટયા. આ સમયે શક્તસિંહના હૃદયમાં મેવાડની ભૂમિ પ્રત્યે માન ગૌરવ ઉત્પન્ન થયું અને પોતાના બંધુને મદદ કરવાની પણ તીવ્ર જીજ્ઞાસા ઉત્પન્ન થઇ. તે બાદશાહની તાબેદારીમાંથી છૂટવાનો લાગ શોધવા લાગ્યો. બન્ને ભાઇ છૂટા પડયા. પ્રતાપસિંહ આગળ ચાલવા લાગ્યા એટલામાં તેમનો માનીતો ઘોડો "ચેતક" ઠોકર વાગતાં જમીનપર પટકાઇ પડયો અને તરફડવા લાગ્યો. શક્તસિંહે તરતજ દોડી આવી નદીમાંથી જલ લાવી ઘોડાના નાક—મ્હોમાં રેડયું. યુદ્ધમાં ચેટક એટલો બધો ઘાયલ થયો હતો કે જેથી હમણાં તેની બચવાની આશા નહોતી. થોડા વખતમાં ચેતક પરલોક સિધાવી ગયો. શક્તસિંહે પોતાનો ઘોડો રાણા પ્રતાપને આપ્યો. અને શક્તસિંહે મરણ પામેલા પેલા બે મોગલોના ઘોડા લઇ છાવણી તરફ પ્રયાણ કર્યું. થાકેલા પાકેલા પ્રતાપસિંહ ગોધુંદ ગામમાં પહોંચી ગયા. બીજી તરફ શક્તસિંહ ઉપર નવીન આફત આવી પડી ! છાવણીમાં પાછા ગયા પછી શાહજાદા સલીમે શક્તસિંહને પુછયું કે

ખુરાસાની અને મુલતાની નામના તમારા બે મિત્ર સરદારો ક્યાં છે? ઉત્તરમાં શક્તસિંહે કહ્યું:–"મ્હેં તેમને મારી નાંખ્યા છે; કારણ કે આર્ય ધર્મનો જેને શિર સર્વ ભાર છે તે મ્હારા વડિલ બંધુ પ્રતાપરાણાને તેઓ મારી નાંખવા જતા હતા. મ્હારા બંધુ ઉપરં મેવાડના વીર પુરૂષોનો સર્વ આધાર છે અને તેને માટે હજારો–લાખો રાજપૂતો પ્રાણ આપવા તૈયાર થઈ રહ્યા છે તે શું આપ નથી જાણતા?" એ સાંભળી શાહજાદા સલીમને ગુસ્સો ચ્હડયો. તેણે શક્તસિંહને છાવણીમાંથી કહાડી મૂક્યા. શક્તસિંહને એટલુંજ જોઇતું હતું. તેમણે તરતજ છાવણીનો ત્યાગ કર્યો અને પોતાના બંધુ પ્રતાપ રાણાને જઇ મળ્યા.

૨.

ગોધુંદે ગામમાં ગયા પછી રાણા પ્રતાપે પુનઃ પોતાનું લશ્કર એકઠું કર્યું. પરંતુ તે શેહેનશાહ અકબરની વિશાળ સેના આગળ સમુદ્રમાં જાણે એકાદ ક્ષુદ્ર નૌકા હોય તેમ જણાવા લાગ્યું. શેહેનશાહ અકબરે જ્યાં ત્યાં શિક્ષિત અને નિપુણ લશ્કર ગોઠવ્યું હતું. આ સમયે શાહબાજખાંના હાથ નીચે લાખો સિપાહીઓ મેવાડમાં ચારે તરફ ફરી વળી સત્યાનાશ વાળી રહ્યા હતા! રાણા પ્રતાપસિંહે પણ શુદ્ધ વીર ક્ષત્રાણીના સ્તનનું દુધ પીધું હતું. તેમની નસે નસમાં માતૃભૂમિનું અભિમાન વ્યાપી રહ્યું હતું. તેમણે ક્ષણે ક્ષણે પોતાની માતૃભૂમિનું માન ગૌરવ યાદ આવતું અને તેને પરતંત્ર નહિ થવા દેવા માટે પ્રત્યેક રાજપૂતના શરીરનું પ્રત્યેક રક્ત બિંદુ વ્યય કરવાની તેમણે પ્રતિજ્ઞા કરી હતી. તેમની નસેનસમાં એવું ઝનુન ભરાયું હતું કે પોતાના થોડા લશ્કર સાથે પણ સમય મળતાંજ શાહી લશ્કર ઉપર તૂટી પડતા અને પાછા પર્વતની ખીણ–તળેટીમાં ભરાઇ જતા.

પ્રતાપસિંહે આ પ્રમાણે ૨૦–૨૫ વર્ષ પર્યંત યુદ્ધ કર્યું, અને મેવાડની ભૂમિથી વેગળા રહી અનેક દુઃખ સહન કર્યાં. પરંતુ જનની જન્મભૂમિનો ઉદ્ધાર કરવાનો કોઈ માર્ગ જણાયો નહિ. એક દિવસ મલિન વેશે, નિરાશ હૃદયે મનમાંજ કહેવા લાગ્યાઃ "પિતાએ તો યવનોને માત્ર ઉદયપૂરજ આપ્યું હતું પરંતુ હું એવો કુલકલંક અભાગી નિકળ્યો કેઃ મ્હારા હાથમાંથી મુસલમા-

નોએ સમસ્ત મેવાડ છિનવી લીધું ! હાય, મ્હારા વંશજો મ્હને શું કહેશે ? ભવિષ્યમાં મેવાડના વીર રાજપૂતો શત્રુઓની ગુલામગીરી સ્વિકારી તેમને માથું નમાવશે ? અરે, પ્રતાપસિંહ, એ માટે ત્હારે માથેજ સર્વ કલંક ચ્હોંટશે ? શું મેવાડી પ્રજા એમજ કહેશે કેઃ " પ્રતાપે રઘુકુળની સ્વતંત્રતા મોગલ બાદશાહોને વેચી દીધી ? " અફસોસ ! અફસોસ ! જે સમયે મ્હારી મેવાડની પ્રજા એક મુષ્ટિ અન્નને માટે મોગલો પાસે હાથ ધરશે તે વખતે શું મ્હારા વંશજો એ ભયાનક દેખાવ પોતાની આંખે જોયા કરશે ? "

એવા એવા શોકજનક વિચાર કરતા મહારાણા પ્રતાપ આકાશ તરફ જોવા લાગ્યા. થોડીવાર પછી મ્યાનમાંથી તલવાર બહાર કાઢી ગાંડાની પેઠે બોલવા લાગ્યાઃ " નહિ, નહિ. વીર બાપા રાવળના વંશજો પ્રતાપના રાજત્વ કાલમાં કદી પણ શત્રુઓનું દાસત્વ સ્વિકારશે નહિ ! તેઓ પોતાનાં સન્તાનોને યુદ્ધમાં કપાઇ જવા દેશે પરંતુ " યુદ્ધમાં નહિ જવા "ની કંગાલ શિખામણ કદી પણ આપશે નહિ ! તેઓ ભૂખે તરફડી મરણ પામશે પરંતુ મોગલ શત્રુઓ પાસે કટકા રોટલા માટે કદી પણ હાથ ધરશે નહિ ! " આવા વિચારો કરતાં કરતાં પ્રતાપસિંહે જંગલોમાં અથડાઈ પચીશ વર્ષ વિતાડયાં. પરંતુ મેવાડનો ઉદ્ધાર કરી શક્યા નહિ ! માતૃભૂમિને ખાતર જેટલું કરવું જોઇએ તેટલું તેમણે કર્યું ! આજે અહિં ભોજન લીધું તો કાલે ચાર ગાઉ વેગળે જઇ એકાદ વૃક્ષની છાયા નીચે કિંવા ખેડુતની ઝુંપડીમાં ભોજન લેવાનો સમય આવતો ! આ પ્રમાણે હરરોજ પ્રવાસ, પ્રવાસ ને પ્રવાસ ! એટલુંજ નહિ પણ કોઇ કોઈ વખત તો મોગલો આવી પહોંચતાં તે વખતે ભોજન કરતાં દિવસમાં બેચાર વખત અધવચજ ન્હાસવું પડતું ! તેમણે તથા તેમના પત્નિ સંતાને કોઇ દિવસ પેટ ભરીને અન્ન ખાધું નથી ! અરે ! કેટલીક વખત તો કુટુંબ સહિત તેમને અન્ન વગર ઉપવાસો કરવા પડયા છે ! ભોજન બનાવતાંજ કોઇ વખત દુશ્મનો આવી પહોંચતા તે વખતે રાણો પ્રતાપ પોતાનાં નિરાધાર-નિરાહાર બાળકોને એકાદ વૃક્ષ ઉપર સંતાડી દઇ પોતે રાજભક્ત ભીલો તથા થોડાક શૂરા સરદારોની સહાયતા લઇ યવન સિપાહીઓ સ્હામા યુદ્ધ કરતા. કોઇક વખત

સેંકડો શત્રુઓને મારી હડાવતા અને કોઇ વખત રાણા પોતેજ ઘાયલ થઇ પર્વતની તળેટીમાં પડેલી ગુફાઓમાં સંતાઇ જીવ બચાવતા! યવનોના ચાલ્યા ગયા પછી વિશ્વાસુ ભીલોને બોલાવી જંગલની જડીબુટ્ટી વડે શરીરે પડેલા ઘાની દવા કરતા. મરણ પામેલા સરદારોના મુડદાંને ભીલો દ્વારા અગ્નિ સંસ્કાર કરાવી દેતા અને પોતે ગિરિ ગુફાઓમાં સંતાઇ રહી આત્મ રક્ષણ કરતા!

૩.

આજે સન્ધ્યા સમય થયો છે. સૂર્ય નારાયણ ભગવાન પશ્ચિમ ગગનમાં રક્તવર્ણ ધારણ કરી આકાશમાં ડુબી જવાની તૈયારી કરી રહ્યા છે. મહારાણા પ્રતાપસિંહ એક પર્વતની ટોચપર ઉભા ઉભા જનની જન્મભૂમિનો ઉદ્ધાર કરવા માટે વિચાર કરી રહ્યા છે, એટલામાં તેમની દ્રષ્ટિ સૂર્ય ભગવાન ઉપર પડી. એ જોઇ તેમના નેત્રમાંથી આંસુ પડવા લાગ્યાં. તેમણે કહ્યું: "હે સૂર્યદેવ, આજે આ અભાગી ઉપર ક્રોધાયમાન થઇ રાતા ચોળ કેમ થઇ ગયા છો? રાજ ગયું, ધન ગયું, પ્રજા ગઇ, કુટુંબ પરિવાર અને સર્વ સરદારો પણ ગયા! સ્વતંત્રતા ગઇ અને મેવાડ પરતંત્ર થયું તો પણ હજુ તમારો ક્રોધ ના ગયો? મહારાજ, હવે તો આ ભિક્ષુક પ્રતાપ ઉપર કૃપા કરો? પ્રભો, હવે બહુ થયું. હવે સહન થતું નથી. મેવાડની ભૂમએ આપનું શું બગાડયું છે મહારાજ. પ્રાતઃકાલમાં આપ મ્હારા પર પ્રસન્ન હતા પરંતુ અત્યારે આપનુ વિકટ–ભયંકર સ્વરૂપ જોઇ મ્હને ભય થાય છે. પ્રભુ, શું આપ ક્રોધે ભરાઓ એવું મ્હેં કોઇ પાપ કર્યું છે? દેવાધિ દેવ, બ્રહ્મચર્ય અને ગ્રહસ્થ ધર્મનું પાલન કરતાં કરતાંજ ક્ષાત્ર ધર્મનું પાલન કરૂં છું. રાજધર્મનું પાલન કરૂં છું. શાસ્ત્રમાં વર્ણવેલા ક્ષાત્ર ધર્મ પ્રમાણે અને કુલધર્મની નીતિ પ્રમાણે રાજ્ય ધર્મ પાળું છું. અનીતિ કે અધર્મ કર્યા નથી, પછી આપ મ્હારા ઉપર શામાટે ક્રોધે ભરાઓ છો મહારાજ! હા! આપના કુલને કલંકિત થતું જોઇ આપને ક્રોધ થતો હશે? પરંતુ એમાં પ્રતાપનો શો વાંક? અરે! એની પાસે ધન નથી! લશ્કર નથી! સાચા દેશ ભક્તો અને દ્રઢ રાજભક્તોએ પણ એને છોડી દીધો! જન્મભૂમિને સ્વત્રંત કરવા માટે તો હજારો વીર મનુષ્યોના લોહીની

નદીઓ વહેવી જોઇએ! અને ખરા દેશ-પ્રેમથી શત્રુઓ સાથે યુદ્ધ કરવું જોઇએ તોજ વિશાળ શત્રુ સેનાનો પરાજય કરી શકાય. મહારાજ, દેશનું કલ્યાણ કરવા માટે અનેક પ્રકારનું દુઃખ સહન કરવું જોઇએ. મ્હારા સરદારો સુખમાં ઉછરેલા હોવાથી તેમનાથી આવા જંગલમાં વિકટ દુઃખ શી રીતે સહન થાય? પ્રભો, દુઃખ સહ્યા વિના સુખ નથી એ હું સારી પેઠે જાણું છું! સુખની મમતા ત્યાગ કર્યા શિવાય, માયા મોહ અને લોભને ભસ્મીભૂત કર્યા શિવાય દેશની સ્વતંત્રતા ક્યાં છે? આપના વંશજો અને અમારા પૂર્વજોએ મેવાડને સ્વતંત્ર રાખવા કંઇ થોડાં દુઃખ સહન કર્યા છે પ્રભો? એ સર્વ આપથી ક્યાં અજાણ્યું છે? પૂર્વજોની પેઠે મ્હેં પણ કંઈ થોડું કર્યું નથી? મ્હેં મ્હારૂં કર્ત્તવ્ય પાલન કર્યું છે. મ્હેં મ્હારો સત્ય ધર્મ બજાવવામાં કિંચિત્ પણ પાછું જોયું નથી. અને હજુ પણ શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી મ્હારો ક્ષાત્રધર્મ-રાજધર્મ બજાવવામાં પાછાં પગલાં ભરીશ નહિ. મહારાજ, હું એકલો નિઃસહાય શું કરૂં? મ્હારી તો પ્રતિજ્ઞાજ છે કેઃ **"जब लौं नहि गढ ढाहि करि, दासिन कीडी बेच। तब लौं नहि सिरपर धरौं, सेज न पनिया पेंच॥"** મ્હારા જીવનપર્યંત હું એ પ્રતિજ્ઞાનું પાલન કરીશ. મ્હારા મરણ પછી મ્હારા વંશજોને પણ એજ પ્રતિજ્ઞા કરાવીશ પરંતુ તેઓ કેવી રીતે વર્તશે તે કળી શકાય નહિ!" એટલું કહેતાં કહેતાં મેવાડના અવટંકી મહારાણા પ્રતાપસિંહ અશ્રુપાત કરવા લાગ્યા. તેમના નેત્રમાંથી ડબ્બુડબ્બ્ આંસુ પડવા લાગ્યાં. પુનઃ બોલવા લાગ્યાઃ "ત્યારે શું મેવાડની પવિત્ર ભૂમિ મોગલોના હાથમાંજ રહેશે? જે ભૂમિ પર વેદશાસ્ત્રના ધ્વનિ થતા હતા અને જ્યાં યજ્ઞયાગ થતા હતા ત્યાં મસજીદો બંધાશે અને ત્યાં નિર્દોષ ગાય-બકરાંનો વધ થશે? શું મ્હારી માતૃભૂમિ મ્હારા હાથમાં પુનઃ નહિ આવે? પ્રતાપ! ત્હારી માતૃભૂમિ મોગલોના હાથમાં રહેવા દે તો ત્હને ત્હારી માતાના દૂધની પ્રતિજ્ઞા છે! એ ભૂમિ જો ત્હેં મોગલોના હાથમાંથી પુનઃ પ્રાપ્ત ન કરી તો યાદ રાખજે કેઃ "ત્હારૂં એ કલંક, ભારતના ઇતિહાસમાં અનેક કાળ પર્યંત કોતરાઇ રહેશે! નિરાશ ના થા! યત્ન કર! યત્ન કર!" એટલું કહેતાં પ્રતાપસિંહનાં નેત્રોમાં

ઝળાઝળ આંસુ ભરાઇ આવ્યાં ! અહા ! માતૃભૂમિ પર કેવો સ્નેહ ! તેમનું કુટુંબ અને કેટલાક સરદારો, વૃક્ષની પાછળ ઉભા રહીને મહારાણાની આ દશા જોતા હતા. એક સરદારે મહારાણા પાસે આવી પ્રણામ કરી કહ્યું: "દીનાનાથ, મેવાડપતિ, સૂર્યકુલ ભૂષણ, આપ આટલું બધું દુઃખ શા માટે વેઠો છો ? આપના રાજપૂત દેશબંધુઓનેજ પોતાના દેશનું અભિમાન નથી તો પછી આપ શા માટે દેશને માટે પ્રાણ અર્પણ કરો છો ?" એ સાંભળી પ્રતાપે કહ્યું: " વીર સરદાર ! ત્હમારૂં કહેવું કંઇક યોગ્ય છે પરંતુ વીર ક્ષત્રિય, માતાનું ઋણ ફેડવામાં પોતાનું ગૌરવ સમજે છે. અરે ! જે ભૂમિએ મ્હારૂં પાલનપોષણ કર્યું, અને જેના અન્ન દૂધથી આ શરીર હૃષ્ટ પુષ્ટ થયું તે ભૂમિને ખાતર હું કંઇ ના કરૂં તો મ્હારા જીવનને ધિઃક્કાર છે ! મ્હારાં નેત્રોવડે ચિતોડ ઉપર વિદેશી મોગલોની ધ્વજા ફરકતી જોઉં છું. એ પણ મ્હારા જીવનને ધિઃક્કાર છે ! અહા ! જ્યારે મ્હારા પૂર્વ પુરૂષોનાં અતુલ પરાક્રમ મ્હને યાદ આવે છે ત્યારે મ્હારા કાળજાના હજારો કટકા થઇ જાય છે ! એક સમયે અર્જુને ઉત્તર દિશામાં, ભીમે પૂર્વ દિશામાં, નકુલે અને સહદેવે દક્ષિણ અને પશ્ચિમ દિશામાં વિજય પ્રાપ્ત કરી પોતાના જ્યેષ્ઠ બંધુ યુધિષ્ઠિરને મહારાજાધિરાજ બનાવ્યા હતા. અહા ! તે સમય ક્યાં ગયો ? તેવા બંધુઓ ક્યાં ગયા ? ઓ મ્હારી માતૃભૂમિ !" એટલું કહીને રાણા પ્રતાપ અશ્રુપાત કરવા લાગ્યા. એક ન્હાનાં બાળકની પેઠે ડુસકાં લઇ છૂટે મ્હોડે રડવા લાગ્યા.

૪

બધા સરદારો ચુપ થઇને પ્રતાપસિંહનો વિલાપ સાંભળે છે. સર્વનાં હૃદય શોકદગ્ધ થઇ રહ્યાં છે. સર્વનાં મ્હોં ઉતરી ગયાં છે ! શાંતિનો ભંગ કરી રાણીએ કહ્યું:–" પ્રાણનાથ, હવે આ ભારતવર્ષની મોહ માયા છોડી દો. વિશાળ મોગલ સેના સ્હામુ આપણે ટકી શકીશું નહિ. મ્હારી સલાહ છે કે સિન્ધ અથવા અફગાનિસ્તાન તરફ આપણે ચાલ્યાં જઇએ. મોગલો આપણી પાછળ એટલે વેગળે સુધી આવશે નાહ. ત્યાં જઇને આપણે એક નવીન રાજ્ય વસાવીશું. આપણા ગૌરવનું રક્ષણ થતુ હોય તો ત્યાં જવું અને તેમ નહિ તો પછી મેવાડના ઉદ્ધાર માટેજ મચ્યા રહી પ્રાણ વિસર્જન

કરવા. તેમ કરવામાં હું પણ આપની સાથેજ તત્પર છું. પ્રભો! માતૃભૂમિના ઉદ્ધારને માટે યુદ્ધ કરવામાં હું પણ પ્રાણ સમર્પણ કરીશ કિંવા આપની સાથે સતી થઇશ, એ બન્નેમાં મોક્ષ છે એ હું સારી પેઠે જાણું છું દેવ!"

મહારાણીના એ શબ્દો સાંભળી સરદારોએ કહ્યું: "રાજ માતાજી! જ્યાં સુધી અમારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી આપનો વાંકો વાળ થનાર નથી. ભવિષ્યની વાત તો દૈવ જાણે!"

પ્રતાપસિંહે કહ્યું: "દૈવના વિશ્વાસ ઉપરજ સમસ્ત સંસારનો આધાર છે પરંતુ દૈવને ભરોસે રહીનેજ આપણે કામ કરતાં શિખ્યા નહિ! રાજ મહિષીએ યોગ્ય ઉપાય સુચવ્યો છે કે દૂર પ્રદેશમાં જઇને એક બીજું રાજ્ય સ્થાપન કરવું. મ્હારા શૂરા સરદારો! એ બાબત આપનો શો અભિપ્રાય છે?"

સરદારોએ કહ્યું: "મહારાજાધિરાજ, આપની ઇચ્છા તેજ અમારી ઇચ્છા. આપ આજ્ઞા ફરમાવો તેમ કરવા અમે તૈયારજ છીએ. હવે મેવાડના ઉદ્ધારનો અન્ય માર્ગ જણાતો નથી."

પ્રતાપે કહ્યું: "એ તો ઠીક, પણ વીર સરદારો, માતૃભૂમિનો ત્યાગ થઈ શકતો નથી, પગ આગળ ચાલતા નથી, અહા! જે માતૃભૂમિએ મ્હને અત્યાર સુધી પાળી પોષી મ્હોટો કર્યો અને અનેક પ્રકારનાં સુખ આપ્યાં તેના ઉદ્ધારને માટે હું શક્તિવાન નથી એ કંઇ થોડા અફ્સોસની વાત નથી! સંસાર તો સ્વાર્થી છે. પરંતુ માતૃભૂમિ તો એવી શુભચિન્તક છે કે જે આપણા મરણ પછી પણ આપણી મોહમાયા નહિ છોડતાં આપણા શરીરને ચુમ્બન કરી પોતાના ગર્ભમાં સંગ્રહ કરે છે. સરદારો, માતૃભૂમિની માયા કેમ ત્યાગી શકાય?"

સરદારોએ કહ્યું: "પરદુઃખ ભંજન મહારાજ! મેવાડની પ્રજાના પ્રારબ્ધમાં લખ્યું હતુ તે થયું અને ભવિષ્યમાં હશે તે થશે. તેમના પ્રારબ્ધમાં પરતંત્રતાનું દુઃખજ લખ્યું હશે તો તે કોઇ કાળે આપ નામદાર મિથ્યા કરી શકશો નહિ. જેના પ્રારબ્ધમાં જેવું સુખ દુઃખ લખ્યું હોય છે તેવાજ સંયોગો આવી મળે છે, પ્રારબ્ધ અને પુરૂષાર્થ બન્ને બંધુઓ છે, આપ પુરૂષાર્થ કરો છો અને પ્રારબ્ધ અનુકૂળ નથી ત્યારે એમજ જાણવુ

કે એ બન્ને બંધુઓ હજુ વેગળાજ રહેશે. આપ મેવાડની મોહ માયાનો ત્યાગ કરો. ભગવાન અનુકૂળ થશે તો પુનઃ હુમલો કરી જન્મભૂમિ મેવાડને આપણા તાબામાં લઈશું."

વાતચિત કરતાં સંધ્યા સમય થઇ ગયો.. ધીમે ધીમે નિશાદેવીએ પોતાના અનુચર અંધકારને પૃથ્વી ઉપર મોકલી પોતાનું સામ્રાજ્ય જમાવવા માંડયું. થોડી વાર પછી યુવરાજ અમરસિંહે કહ્યું: "માતાજી! આજે છેલ્લો દિવસ છે. આજે તો ખાવાનું બનાવો!"

રાણીએ ઉત્તર દીધો: "વત્સ, સર્વ સરદારો ભેગા મળ્યા છે. પચીસ ત્રીશ મનુષ્યો છે. મ્હારી પાસે ત્રણ ચાર શેર ઘાસનાં બીનો લોટ છે! બધાંને શી રીતે પુરૂં પડાશે?"

એ સાંભળી મહારાણાએ ગુસ્સે થઇ કહ્યું: "રાજમહિષી, એ લોટમાં થોડાંક પાંદડાં મેળવો. આજનું કામ તો ચલાવો. કાલે જોઇ લેવાશે."

રાણીએ ઘાસના બીના લોટમાં થોડાંક પાંદડાં મેળવી ભોજન તૈયાર કર્યું. બધા સરદારો હાથ મુખ ધોઇ એક આસન પર જમવા બેઠા. મહારાણા પ્રતાપસિંહ પણ હાથ મુખ ધોઈ જમવા બેઠા.

સરદારોએ કહ્યું: "મહારાજ, અન્ન દાતા, આજે અમને આપનો પ્રસાદ મળવો જોઇએ. કાલની વાત કાલે છે."

પ્રતાપસિંહે પ્રથમ કોળીયો ભર્યો. એક રોટલીના કેટલાક કટકા કરી સરદારોમાં પ્રસાદી વહેંચી આપી. આજે માતૃભૂમિનો ત્યાગ કરવાનો છે. તે દિવસે પોતાના અન્ન દાતાનો પ્રસાદ મેળવી સર્વ સરદારો પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. સરદારો જમવા લાગ્યા.

પ્રતાપે કહ્યું: "સરદારો, આજની રોટલી મ્હને ઘણી મીઠી લાગે છે. આજે આપણે આપણી જનની જન્મભૂમિ ઉપર બેસી છેલ્લું ભોજન કરીએ છીએ. કાલની વાત દૈવ જાણે! વહાલા સરદારો, આજે મેવાડમાં આપણી છેલ્લી રાત છે! કાલે પ્રાતઃકાલ થતાંજ આપણી વહાલી જન્મભૂમિ પાસે વિદાયગીરી લેવી પડશે! અહા! અભાગી પ્રતાપના ભાગ્યમાંજ

એવું લખ્યું હતું કેઃ "મેવાડમાં ફરકતી બાપા રાવળની ધ્વજાનો નાશ કરી વિદેશ ચાલ્યો જાય ?"

૫.

સરદારોએ કહ્યું: "ધર્માવતાર, આપણે જન્મભૂમિનો ત્યાગ કરીએ છીએ એમાં ખોટું શું છે? શત્રુઓને નમ્યું તો આપતા નથી ? જ્યારે નમ્યું આપીએ ત્યારેજ બાપા રાવળના માન ગૌરવને હાની પહોંચે ? અને ઉજ્વળ ક્ષત્રિય વંશને કલંક લાગે મહારાજ ! પ્રાણના ભયથી કે રાજ્યના લોભથી આપણે મોગલોને આપણી બેટી આપીએ તો તેથી ક્ષત્રિય વંશને કાળું કલંક લાગે! આપણે માન સહિત અન્ય દેશમાં ચાલ્યા જઇએ છીએ. સમય આવતાં પુનઃ પાછા આવીશું."

ભોજન કરતાં કરતાં આ પ્રમાણે વાતચિત ચાલતી હતી. સર્વ જમી પરવાર્યા. રાત્રિએ વિશ્રાંતિ લીધી. પ્રાતઃકાલ થતાંજ રાણા પ્રતાપ પોતાના કુટુંબ પરિવાર તથા સેવકો સહિત આરાવલી પર્વતપર ચઢયા. પ્રતાપે અશ્રુપાત કરતાં કહ્યું: "હે મેવાડ, ત્હને મ્હારા છેલ્લા પ્રણામ છે! અહા! મ્હારા પૂર્વજોએ જે માતૃભૂમિપર રક્ત વહેવડાવીને તેની પ્રતિષ્ઠા જાળવી હતી તેની પ્રતિષ્ઠા અખંડ જાળવવા માટે અને તેમાં શત્રુઓ પ્રવેશ કરી શકે નહિ તે માટે પ્રતાપ કંઈ પણ કરી શકયો નહિ! હે મેવાડનાં પશુપક્ષી અને નદી નાળાંઓ! હે પર્વતો! હે ગિરિકંદરાઓ! આજે તમે પણ કદાચ મ્હારી આ દશા તરફ તિરસ્કાર કરતાં હશો, કે મ્હેં તમારે માટે કાંઈ ના કર્યું! રે ચિત્તોડ! મ્હારા ગયા પછી ત્હારી શી દશા થશે? રે રાજપૂત જાતિ! મ્હારી ગેરહાજરીમાં ત્હમારી કેવી અવદશા થશે! રે પવિત્ર રમણીરત્નો! મ્હારા ગયા પછી ત્હમારા પતિવ્રતનું શી રીતે રક્ષણ થશે! એકલિંગ ભગવાન! આપની જેવી ઇચ્છા! ચાલો, મ્હારા વહાલા સરદારો, ચાલો! હવે આ દેશની મોહ માયા છોડી દો."

પ્રતાપસિંહ અને તેમના સાથીદારોના નેત્રમાંથી ચોધાર અશ્રુ વહેવા લાગ્યાં! મહારાણાએ જન્મભૂમિ પ્રત્યે બે હાથ જોડી વિદાયગિરી માંગી. પૃથ્વી, જળ, વાયુ, તેજ, આકાશ, વૃક્ષ, પશુ, પક્ષી, સર્વેને વારંવાર પ્રણામ

કરી તેમની ક્ષમા ભિક્ષા માંગી* ! સર્વ સરદારોએ પણ માતૃભૂમિ પાસે ક્ષમા માંગી ! સર્વેનાં નેત્રમાંથી આંસુનો અખંડ પ્રવાહ વહેતો હતો.

૬.

રાણા પ્રતાપે માતૃભૂમિને યાદ કરી કરીને ઘણું રૂદન કર્યું. ત્યાર પછી પોતાનું કુટુંબ તથા સરદારોને લઇ પહાડ પરથી નીચે ઉતર્યા અને આગળ ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં ચિતોડ અને મેવાડની પર્વત માળાઓનાં દર્શન કરતા હતા, સર્વના નેત્રમાંથી અશ્રુધારા વહેતી હતી ! ચાલતાં ચાલતાં પ્રતાપે એક વખત પાછું ફરી મ્હોટેથી કહ્યું: " મેવાડ ભૂમિ !

* આ પ્રસંગે એક પ્રાચીન હિંદી કવિએ એક હૃદય વિદારક કાવ્ય બનાવ્યું છે. તેમાંનાં થોડાંક ચરણ અત્ર આપવામાં આવે છે—

" જન્મભૂમિ મેવાડ મમ, કરો ક્ષમા સબ ચૂક,
" છાડત તોકો હોત હૈ, હૃદય હજારો ટૂક.
" રાજ ગયો, અરૂ ધન ગયો, ગયો સબૈ વિનસાય,
" હાય માનહૂ ચલિ બસ્યો, નીચ પ્રતાપ વિહાય.
" ઋણ ચુકાય નહિ જાત યહ, હાય ! અધમ પરતાપ !
" પૈ માતા તુવ કારને, લહો અધિક સન્તાપ.
" માન હીન જીવન વૃથા, અસ મન માંહિ વિચાર.
" તોહિં તજત હૈ માતુ વર, સંકટ સમય મંઝાર.
" વીર પ્રસવિની ભૂમિ મૈં, અન્તિમ કરત પ્રનામ,
" હા ન કિયો પરતાપ યહ, કામ કછુક અભિરામ.
" ભારી સ્વર્ગહુ સે રહી, જન્મભૂમિ મેવાર,
" હાય તાહિ પરતાપ યહ, તજત લજત શત વાર !
* * * *
" હે મેવાર ચિરકાલ હિત, તજત પ્રતાપ ગંવાર,
" વિનવિ કેવલ હૈ યહી, ક્ષમિયો ચૂક હજાર.
" જન્મભૂમિ ભારત સરિસ, રહ્યો ન મેરો કોય,
" તાહિ તજત પરતાપ અબ, હા નિર્મોહી હોય !
" હે ભારત તેરે લિયે, સહિહોં દુ:ખ અનેક,
" કબહું શત્રુન નાશિકે, પૂરિહોં આપુન ટેક.

મ્હારા છેલ્લા પ્રણામ સ્વિકારજે! જન્મભૂમિ જનની માતા, આ અધમ પ્રતાપે ત્હારે માટે કંઇ પણ કર્યું નથી! ત્હને તો ગુમાવી દીધી પણ તે સાથે બાપા રાવલનો ઉજ્જવળ યશ પણ ધૂળમાં મેળવી દીધો! અરેરે! વીર બાપા રાવળની જે વિજય પતાકા એક દિવસ નીલ આકાશમાં ઉડતી હતી તે આજથી ચિરકાલને માટે નાશ પામી!"

સરદારોએ કહ્યું: "અન્નદાતા! હવે એ વાત યાદ કરવાથી શો લાભ? બનેલા બનાવ પર અફસોસ કર્યા કરવા કરતાં ભાવિ યશને પ્રાપ્ત કરવાના પ્રબળ પ્રયત્ન કરવા એમાંજ મનુષ્યનું મનુષ્યત્વ છે. મહારાજ! પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો અને મેવાડની ભૂમિને સ્વતંત્ર કરવાનો હૃદયમાં ઉત્સાહ રાખો એટલે બસ છે. એક ને એક દિવસ દૈવ અનુકૂળ થયા વિના નહિજ રહે! મહારાજ! આપ તો બુદ્ધિમાન છો. કોઇ સ્થિતિ સદૈવ એક સરખી રહી નથી! જગત્ પરિવર્તનશીલ છે. સર્વ વસ્તુમાં એક એક સમયે પરિવર્તન થતું રહે છે! આપણી આ સ્થિતિમાં પણ પરિવર્તન થશે એ નિશ્ચયજ સમજવું મહારાજ! ધૈર્ય રાખો અને માતૃભૂમિ પ્રત્યેની મોહ માયાનો ત્યાગ કરો!"

પ્રતાપે કહ્યું: "અરેરે! હવે મોહ માયા છોડવામાં બાકી શું રહ્યું છે? જે દિવસથી દિલ્લીશ્વરની અર્ધ ચંદ્રાકાર વિજય પતાકા ચિતોડના રાજ મેહેલ ઉપર ફરફરી રહી છે તે દિવસથીજ મોહમાયા છોડી દીધી છે! અઢળક લક્ષ્મિ હોય ત્યારેજ હવે તો સૈન્ય એકઠું કરી શકાય અને ત્યારેજ મેવાડની ભૂમિને સ્વતંત્ર કરવાનો યત્ન થાય."

પ્રતાપ ઘોડેસ્વાર થઇ આગળ અને ઘોડેસ્વાર થયેલા સરદારો પાછળ ચાલે છે. મેવાડનો સીમા પ્રાંત ઉલ્લંઘન કરી ગયા છે. સર્વ મનુષ્યના વિલાપનો પાર નથી! રાણાએ કહ્યું: "મ્હારી વિપત્તિમાં સહાયક થયેલા ભાઇઓ! તમે મ્હારી સાથે ઘણું કષ્ટ સહન કર્યું અને અંતે એવો દિવસ આવ્યો છે કે મ્હારા જેવા ભાગ્યહીન સાથે તમને પણ તમારી વહાલી જન્મભૂમિનો ત્યાગ કરવો પડયો. અહા! સત્ય છે. जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी!"

એક સરદાર: "અન્નદાતા! અમે જે કંઇ કરીએ છીએ તે શું અમારા કર્તવ્યથી વિશેષ છે મહારાજ? આપ આટલું આટલું કષ્ટ ઉઠાવો

છો તે શું આપને માટે ઉઠાવો છો ? જે જન્મભૂમિના રક્ષણને માટે આપ આટલું બધું કષ્ટ સહન કરો છો તે જન્ભૂમિને માટે અમારે આપનું અનુસરણ કરવું જોઇએ એ શું અમારૂં કર્તવ્ય નથી મહારાજ ?"

રાંણાઃ "પણ ભાઇ ! આ અધમ પ્રતાપથી જન્મભૂમિનું રક્ષણ થયું નહિ એજ અફસોસ થાય છે! હવે તો જન્મભૂમિને શત્રુઓના હાથમાં સોંપી ગુપ્ત નિવાસ કરવા પ્રદેશ જઇએ છીએ!"

સરદારઃ "તેમાં શું થયું પૃથ્વીનાથ! કોઇ એમ તો નહિ કહે કે રાણા પ્રતાપસિંહે સુખ ભોગવવા માટે પોતાની જન્મભૂમિ શત્રુઓને વેચી દીધી. પરમેશ્વરની અદ્‌ભૂત લીલા કોણ જાણી શકે છે! તૃણનો મેરૂ અને રાયનો રંક કરવાને તે મહા પ્રભુ સમર્થ છે. તેજ રંકને ક્ષણમાં રાય બનાવી શકે છે એ આપ નામદાર કેમ ભૂલો છો ? એજ મેવાડની પવિત્ર ભૂમિમાંથી શત્રુઓને ન્હસાડી થોડા વખતમાંજ પુનઃ આપ વીર બાપા રાવળના વંશની વિજય પતાકા ફરકાવી શકો તો તેમાં આશ્ચર્ય શું મહારાજ! તે સમયે કલંકિત પગલે તો મેવાડના રાજ સિંહાસન પર ચ્હડવાનું નથી?"

રાણાઃ "હા, એમાં સંદેહ નથી. આપણાં નેત્ર સમક્ષ માતૃભૂમિની દુર્દશા થતી જોવા કરતાં વિદેશમાં જઇ મરવું એજ ઉત્તમ છે. કારણ કેઃ

"મરનો ભલો વિદેશ મેં, જહાં ન અપુનો કોય,
"માટી ખાંય જનાવરાં, મહા મહોચ્છવ હોય."

સરદારઃ સત્ય છે મહારાજ,

"દુર દિન પડે રહીમ કહિ, દુર થલ જૈયે ભાગ,
"જૈસે જૈયત ધૂર પર, જબ ધર લાગત આગ."

"સાચી વાત કહો છો સરદાર. ચાલો ભાઇઓ ચાલો. હવે એ સ્થાનની મોહ માયા છોડો." નેત્રમાં આંસુ સહિત મહારાણાએ કહ્યું:

"જેહિ રક્ષ્યો ઇક્ષ્વાકુ સૌં, અબલૌં રવિકુલ રાજ,
"હાય અધમ પરતાપ તૂ, તજત તાહિ હૈ આજ.
"તજત તાહિ હૈ આજ, પ્રાણ સમ પ્યારી જોહિ,
"હે મેવાર સુખ સાર, કૃપા કરી ક્ષમિયો મોહી.

" રહો સદા કરી ભાર, કાજ આયો તુમ્હારે કેહિ,
" બિદા દીજિયો હમેં, ભાર હલકાય આજુ જેહિ."

૭

સર્વેના નેત્રમાંથી આંસુ વહેતાં હતાં. તેઓ માતૃભૂમિની દિશામાં પાછળ પાછળ જોતા ઘોડા હંકારતા હતા. એટલામાં વેગળેથી કોઈ બે મનુષ્યો ઘોડેસ્વાર થઈ ઝપાટાબંધ આવતા જણાયા. તેઓ ઉંચા હાથ કરી રાણાજીને અને તેમની સાથેના ઘોડેસ્વારોને થોભવા કહેતા હોય એમ જણાયું. થોડી વારમાં તે બન્ને રાણાજીની પાસે આવી પહોંચ્યા. મહારાણાએ જોયું કે એક મંત્રિ ભામાશાહ અને તેની સાથેનો બીજો પુરૂષ રાજપૂત સૈનિક છે.

ભામાશાહ ઘોડા પરથી નીચે ઉતરી મહારાણાને વારંવાર સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યો. તેને હાંફ ચઢી ગઈ હતી. થોડી વાર થોભ્યા પછી ભામાશાહે કહ્યું: " મહારાજ, મેવાડ રાજમુકુટ, હિંદુના આશ્રયદાતા, થોભો! જરા થોભો! આ દાસની એક વિનતિ સાંભળો! ભામાશાહને એકલા મૂકી ના જશો મહારાજ!"

એમ કહી ભામાશાહે પ્રતાપસિંહના ઘોડાની લગામ પકડી લીધી.

રાણાએ કહ્યું: " ભામાશાહ! છે શું? આમ ગભરાયલા કેમ જણાઓ છો? શી આફત છે? શું સંકટ છે? શાંત જીવે વાત કરો."

ભામાશાહ છાતીએ હાથ રાખી શ્વાસ લેતો લેતો પ્રતાપસિંહની પાસે આવ્યો. સર્વે ઘોડા ઉપરથી નીચે ઉતરી એક વૃક્ષ નીચે બેઠા. ભામાશાહે રાણાના ચરણમાં માથુ મૂકી રડી દીધું. રાણાએ ભામાશાહને બેઠો કરી છાતી સાથે દબાવતાં કહ્યું: " મંત્રિવર! તમે આવા ધીર વીર થઇને અધિર કેમ થઈ ગયા? છે શું? ખુલાસાથી વાત કરો."

ભામાશાહે નેત્ર લુછતાં કહ્યું: " મહારાણાજી! મ્હારી અધીરાઇનું કારણ પૂછો છો?

"ધિક સેવક જો સ્વામિ કાજ તજિ જીવન ધારૈ,
ધિક જીવન જો જીવન હિત જિય નાહિં બિચારૈ.
ધિક શરીર જો નિજ કર્ત્તવ્ય વિમુખ બચૈ,
ધિક ધન જો તજિ સ્વામિ કાજ સ્વારથ હિત સંચૈ.

ધિક દેશ શત્રુ ફિરતહ્ન યહ ભામા જીવત નહિં લજત,
જેહિ અછત વીર પરતાપ વર અસહાયક દેસહિં તજત.

રાણાજીઃ "પરન્તુ મંત્રીજી! એમાં તમારો શો દોષ? તમે તો તમારી ફરજ બજાવી છે."

ભામાશાહઃ "અન્નદાતા! આપ શું કહો છો? પરમસ્વાર્થી ભામાશાહે આપને માટે શું કર્યું છે? આપના અન્નથી પાલન થયેલું આ શરીર દેશમાં સુખ ભોગવે અને આપ જંગલે જંગલ ભટકી અન્ન જળ અને વસ્ત્ર માટે અપાર સંકટ વેઠો? સ્વતંત્રતાના રક્ષણને માટે અને આર્ય ભૂમિ નિષ્કલંકિત રાખવા માટે મેવાડાધિપતિ મહારાણા પ્રતાપસિંહ દેશ ત્યાગી થાય અને ભામાશાહ પોતાની જન્મભૂમિમાં નિવાસ કરી સ્વર્ગ સમાન સુખ ભોગવે! જે મહારાણાના ચરણની રજને પ્રતાપે ભામાશાહ મંત્રિ પદનું માન ભોગવે અને સર્વત્ર તેની પ્રશંસા થાય તે ભામાશાહ પોતાના અન્નદાતાને દ્રવ્ય વગર દુઃખ પામતા જોઇ શકે ખરો? તે ભામાશાહ, રાણાજીને દ્રવ્ય વગર દેશોદ્ધારના કાર્યથી વંચિત થતા જોઇ શકે ખરો! તે ભામાશાહ રાણાજીને પ્રાણથી અધિક જનની જન્મભૂમિનો ત્યાગ કરી મરૂભૂમિનું શરણ લેતાં જોઇ શકે ખરો? તે ભામાશાહ ધનવાન કહેવાય અને પોતાના અન્નદાતાને ધનહીન કહેવડાવે ખરો મહારાજ? એ ભામાશાહ, આપના જેવા ઉપકારક સ્વામીની સેવા ત્યજી વિદેશ, વિજાતિ, આર્ય ધર્મને કલંકિત કરનાર મોગલ રાજાની પ્રજા થઇ દેશમાં સુખપૂર્વક નિવાસ કરી શકે ખરો? મહારાજ! ધિઃક્કાર છે એવા ધન ઉપર અને ધિક્કાર છે એવા જીવન પર!"

રાણાજીઃ "પણ ભામાશાહ, તેને તમે શું કરો? એ તો ભાગ્યમાં લખ્યું હોય તે થયાંજ કરે છે. તમારી શું ઇચ્છા છે?"

ભામાશાહઃ "ધર્માવતાર! આજે મ્હારી એક પ્રાર્થના છે તે સ્વિકારી આ અધમના જીવનને અને તેની સાત પહેડીને કૃતાર્થ કરશો."

રાણાજીઃ "પ્રતાપસિંહે કોઇ દિવસ તમારી પ્રાર્થના અગ્રાહ્ય કરી છે ભામાશાહ!"

ભામાશાહ: " અન્નદાતા ! એક વખત મેવાડ તરફ ઘોડાની લગામ ફેરવો ! આ દાસની પાસે પચીસ લાખ રૂપિયાની પૂંજી છે તે સર્વ રાજ્યની કમાણી છે. હું તે સર્વસ્વ આપ નામદારને સમર્પણ કરૂં છું. તે દ્રવ્ય વડે આપ નામદાર પુનઃ લશ્કર એકઠું કરો, અને મોગલો સ્હામુ યુદ્ધ મચાવો. એ યુદ્ધમાં યશ મળ્યો તો ઠીક છે નહિ તો પછી જ્યાં સ્વામી ત્યાં સેવક, જ્યાં રાજા ત્યાં પ્રજા, જ્યાં આપ ત્યાં આ દાસ. "

એ સાંભળી રાણાજીએ સરદારોના સ્હામુ જોયું, ભામાશાહે પુનઃ કહ્યું: "મહારાજ ! મેવાડ પતિ ! આર્ય ધર્મોદ્ધારક ! આર્ય કુલતિલક ! આપ શા વિચાર કરો છો ? મ્હારા પૂર્વજોએ મેવાડપતિની સેવા કરી છે, અને હું પણ તેમજ કરૂં છું. મેવાડના રાજ્યમાંથી અમે ધન સમ્પત્તિ મેળવી છે તે કંઇ અમારા એકલાના ઉપભોગ માટે નથી. સમય આવે જેની ધન સમ્પત્તિ છે તેને પુનઃ અર્પણ કરવી એજ અમારો ધર્મ છે. એ ધન સમ્પત્તિને અમે અમારી માનતાજ નથી. અમે તો માત્ર તેને સાચવી રાખનાર દ્વારપાળજ છીએ ! પ્રભો ! જેના ચરણના પ્રતાપથી એ ધન એકઠું કરી આટલા વર્ષથી ભામાશાહ સર્વત્ર શ્રીમાન કહેવાય છે તેજ ચરણમાં એ ધન સમર્પણ કરવાથી હું અને મ્હારી સાતે પહેડી કૃતાર્થ થઇશું. મ્હારૂં આ કાર્ય જોઈ મ્હારા પૂર્વજો સ્વર્ગમાં રહીને પણ આનંદ પામશે. મહારાણાજી ! મ્હારાં અહો ભાગ્ય કે મ્હારૂં ધન દેશ ઉદ્ધારના પવિત્ર કાર્યમાં વ્યય થશે ! મ્હારાં અહો ભાગ્ય કે એ ધન વડે દેશ બંધુઓને હમેશની શાંતિ મળશે. અને એથી પણ વિશેષ અહો ભાગ્ય કે એ ધન વડે મેવાડની ભૂમિ શત્રુઓના તાબામાં જઇ પરતંત્ર થતી બચી જશે ! મહારાજ ! પરતંત્રતાથી થતું અપમાન હું સારી પેઠે જાણું છું ! સ્વતંત્રતાનાં સુખની પણ મ્હને સારી પેઠે માહિતી મળી છે ! મેવાડના વીર પુરૂષોને શત્રુ રાજાઓ પાસે પાપી પેટનો ખાડો પૂરવા માટે નોકરીની ભિક્ષા માંગવી પડે અને વિજાતીય રાજાઓ આપણી પવિત્ર આર્ય લલનાઓનાં પતિવ્રત ભ્રષ્ટ કરે એ ક્યા દેશ ભક્ત મનુષ્યથી સહન થાય ? મહારાજ ! મ્હારી સર્વ સમ્પત્તિ ગ્રહણ કરી મ્હને કૃતાર્થ કરો !"

ભામાશાહ વણિક હતો. એક વણિકમાં આવી ઉદારતા અને આવેશ

દેશપ્રેમ જોઈ સર્વના મુખમાંથી "ધન્ય ધન્ય" ના અવાજો નિકળ્યા સર્વનાં મુખ ઉપર હાસ્યની છટા જણાઇ. રાજબારોટ કવિએ કહ્યું: "ધન્ય મંત્રિવર ધન્ય છે ત્હમને ! ધન્ય છે તમારી ઉદારતાને ! ધન્ય છે તમારી ધન સમ્પત્તિને ! ધન્ય છે ત્હમારા પૂર્વજોને ! આવે અણિને પસંગે ત્હમે જે ઉદારતા બતાવી છે તેનું મૂલ્ય નથી ! મંત્રિજી, મેવાડના ઉદ્ધારનું પવિત્ર કાર્ય કરવા આપે ખરેખરી ઉદારતા દર્શાવી છે ! શાહજીઃ—

"જેહિ ધનહિત સંસાર બન્યો બૌરો સો ડોલે,
જેહિ હિત બેચત લોગ ધર્મ અપુનો અનમોલે.
જો અનર્થ કો મૂલ સૂલ હિય મેં ઉપજાવે,
પિતા, પુત્ર, પતિ, પત્નિ, અનુજ સૈં અનુજ છોડાવે.
સો સાત પુરૂષ સંચિત ધનહિં તૃણ સમાન તુમ તજત હો,
ધન્ય સ્વામિ–ભક્ત મંત્રીવર તાહૂ પૈ તુમ લજત હો !

આ સમયે પાછળથી રાજપૂત અને ભીલોનું એક મ્હોટું ટોળું આવી પહોંચ્યું. તેમણે બે હાથ જોડી મહારાણાને કહ્યું: "સ્વામી ! અમને છોડી આપ કયાં ચાલ્યા જાઓ છો ? મહારાજ, પુનઃ એક વખત મેવાડ પધારો અને અમે સર્વ રણભૂમિમાં કપાઈ મરીએ ત્યારે આપ ગમે ત્યાં ચાલ્યા જજો. માતૃભૂમિને ખાતર અમને હજુ એક વખત યુદ્ધ કરવા દો. મહારાજ ! અમારી નસેનસમાં મેવાડનું વીર રક્ત ઉછળી રહ્યું છે તેને યુદ્ધમાં જઈ શાંત કરવા દો."

મહારાણાને એક તરફથી ભામાશાહનું પુષ્કળ ધન પ્રાપ્ત થયું હતું. એ ધન વડે પચીશ હજાર સૈનિકોનું બાર વર્ષ પર્યંત રક્ષણ થાય એમ હતું. બીજી તરફથી યુદ્ધ કરનાર યોદ્ધાઓએ આવી ઉત્સાહ પ્રેર્યો હતો. મહારાણાની આશા અને ઉત્સાહમાં હવે વૃદ્ધિ થઈ. તેમણે સર્વને કહ્યું: "શાંત થાઓ ! શાંત થાઓ ! આપણા મંત્રિવર ભામાશાહના દેશપ્રેમથી ત્હમારી ઇચ્છા અને આશા પરિપૂર્ણ થશે. મુખ્ય ધનની જરૂર હતી તે ભામાશાહે અર્પણ કર્યું છે. તમે શરીર અર્પણ કરવા તૈયાર છો. હવે વિશેષ કશું જોઇતુ નથી."

સર્વે જુસ્સાબંધ ઉભા થયા અને "જય. મહારાણાની જય." "જય, માતૃભૂમિની જય." "જય ભામાશાહની જય." એવા ગગનભેદી પોકાર કરતા મેવાડ તરફ પાછા વળ્યા.

૮

દેશભક્ત ભામાશાહના ધનવડે સૈનિકો અને ઉપયોગની સામગ્રીનો સંગ્રહ કરવામાં આવ્યો. મહારાણા પાસેના સરદારોએ ચારે તરફ ફરી વળી લશ્કર એકઠું કર્યું. જોતજોતામાં કીડીઓની હાર પેઠે રાજપૂત અને ભીલ સિપાહીઓ એકઠા થયા.† રાજપૂતોની નસેનસમાં પુનઃ ઉષ્ણ રક્ત વહેવા લાગ્યું અને પોતાની માતૃભૂમિને છિનવી બેઠા હતા તેમની સાથે ઘોર સંગ્રામ કરવા તત્પર થઇ રહ્યા. મહારાણાએ યુદ્ધ માટે ઘોડા, અને શસ્ત્ર વગેરે એટલી ત્વરાથી તૈયાર કરાવ્યું કે બાદશાહને તેની કંઈ પણ ખબર પડી નહિ.

શેહેનશાહ અને તેમના સર્વ અમલદારો જાણતા હતા કે મહારાણાએ મેવાડનો ત્યાગ કરી અન્યત્ર ગમન કર્યું છે. એટલે હવે તેમને રાજપૂતોની બ્હીક રહી નહોતી. મોગલોને તો એટલુંજ જોઇતું હતું. તેથી તેમણે પ્રતાપસિંહ પાછળ વિશેષ લક્ષ્ય આપ્યું નહોતું.

મહારાણાએ સૈન્ય તૈયાર કર્યા પછી પ્રથમજ મેવાડની ઉત્તર દિશામાં આવેલા દેવીર નામક સ્થાન તરફ પ્રયાણ કર્યું. ત્યાં મોગલ સેનાપતિ શાહબાજખાં સૈન્ય સહિત છાવણી નાંખી પડયો હતો. નજીકમાં રાજપૂતોનું સૈન્ય નહિ હોવાથી સ્હેલાઇથી મેવાડ હસ્તગત કરવાની તે કલ્પના કરતો હતો. પ્રતાપ રાણો સૈન્ય સહિત, આરાવલીની તલેટીમાંથી તીરની પેઠે છૂટી નજીક આવે છે તેની સેનાપતિને ખબર નહોતી. એકાએક એક દિવસ રાજપૂત યોદ્ધાઓએ તેના ઉપર જુસ્સાભેર હુમલો કર્યો. એક તરફ અકસ્માત હુમલાની સ્હામે થવા તેનું સૈન્ય તૈયાર નહોતું. ત્યારે બીજી તરફથી રાજપૂતો, બાહુમાં અતિશય બળ અને હૃદયમાં અતિશય ઉત્સાહ ધારણ કરીને

---

† રાણાજીને આ સમયે શેહેનશાહ અકબરના દરબારમાંથી કવિવર પૃથ્વીરાજનો એક પત્ર મળ્યો હતો તેથી પણ તેમનો ઉત્સાહ વધ્યો હતો. એ સંબંધી સર્વ વૃત્તાંત અમારા તરફથી ચાલુ વર્ષમાં પ્રસિદ્ધ થનાર "પ્રતાપસિંહ" નામક નવલકથામાં જોવામાં આવશે. લેખક.

તેમની છાતીપર જઇ ઉભા હતા ! બન્ને વચ્ચે ભીષણ યુદ્ધ જામ્યું, પરંતુ તેમાં મોગલોનો પરાજય થયો ! શાહાબાજનું ઘણું લશ્કર રાજપૂતોની તીક્ષ્ણ તલવાર વડે કપાઇ ગયું અને કેટલાક સિપાહીઓ ન્હાસી ગયા !

દેવીરના યુદ્ધમાં રાજપૂતોનો જે વિજય થયો તેનું ફળ તેમને ઘણું ઉત્તમ મળ્યું. એ યુદ્ધમાં મળેલા જય લાભે રાજપૂતાનાના ભવિષ્યના ઉદયનું દ્વાર ઉઘાડી આપ્યું. એ યુધ્ધે રાજપૂતોની ભાગ્યલક્ષ્મીને પુનઃ આમંત્રણ કર્યું. આજે રાજપૂતોનો ભાગ્ય પ્રવાહ પાછો વળ્યો. વેગમાં વહેતી નદીના જળ પર્વતના શરીર સાથે અથડાતાં ચૂરેચૂરા થઈ પાછા પડે છે તેમ છતાં તે જળમાં જેમ બળની વૃદ્ધિ થાય છે તેમ મોગલ જેવી પ્રબળ શક્તિ દ્વારા વારંવાર પરાજય પામતા રાજપૂત સૈન્યમાં બળની વૃદ્ધિજ થઇ હતી ! દૈવની ઇચ્છાથી તેમના વેગને અટકાવનાર પ્રચંડ પત્થર સમૂળ ઉખડી ગયો ! અને તેમ થવાથી નદીનો અટકી રહેલો પ્રવાહ જેમ અનેકગણા જોરથી વહે છે તેમ દેવીરના પવિત્ર ક્ષેત્રમાં ચિર શત્રુ મોગલોનો પરાજય કરી રાજપૂતોએ સમસ્ત રાજપૂતાનામાં ધસવા માંડયું. હલદીઘાટના યુદ્ધમાં પરાજય મળ્યા પછી રાજપૂત સૈન્ય જેમ વારંવાર પરાજય પામતું હતું તેમ દેવીરના યુદ્ધમાં જય મળ્યા પછી રાજપૂત સૈન્યને વારંવાર જય મળવા લાગ્યો. હલદીઘાટમાં સંધ્યા થઇ હતી પણ દેવીરમાં પ્રભાત થયું ! સૂર્યવંશીય રાજપૂતોનો ગૌરવ સૂર્ય સત્વર ભાગ્ય–ગગનમાં ઉદય પામ્યો.

મોગલ સૈન્ય ત્રાહ ત્રાહ પોકારી ગયું. જ્યાં ત્યાં રાજપૂતોની તીક્ષ્ણ તલવાર ફરવા લાગી અને મોગલ સૈન્યને ઘાસ પેઠે કાપવા લાગી. દેવીર લીધા પછી કમળમેર ગઢ જીતી લીધો. ત્યાંના સેનાપતિ અબ્દુલ્લાએ, પોતાના સૈન્ય સહિત રાજપૂત સૈન્ય સાથે અતિ વીરતાપૂર્વક યુદ્ધ કર્યું પરંતુ અંતે તે મરાયો. થોડા દિવસમાંજ પ્રતાપસિંહે મોગલો પાસેથી બત્રીસગઢ ખાલી કરાવ્યા. ત્યાં મોગલોએ અતિ વીરતા દર્શાવી રાણાજી સાથે યુદ્ધ કર્યું હતું પણ પ્રચંડ રણોન્મત્ત રાજપૂત યોદ્ધાઓ સ્હામુ તેમનું કંઈ ચાલ્યું નહિ ! સંવત ૧૬૪૩ માં ચિતોડ અને માંડલગઢ શિવાય સમસ્ત રાજપૂતાના મહારાણા પ્રતાપસિંહના તાબામાં આવ્યું, અને મહારાણાએ ઉદય-

પૂરમાં પુનઃ ગાદી સ્થાપન કરી. નિરાશ થયલા હૃદયમાં પુનઃ આશા–સૂર્યનો પ્રકાશ થયો. ગુમાવેલી માતૃભૂમિને પુનઃ પ્રાપ્ત કરી. રાણાજીને અને સ્વદેશ-વત્સલ રાજપૂત જાતિને અપૂર્વ આનંદ થયો.

આ સમાચાર શેહેનશાહ અકબરને મળતાં તેના હૃદયમાં જે દુઃખ થયું તેનું વર્ણન કરી શકાય તેમ નથી ! તેણે હવે મેવાડ જીતવાના આશા છોડી દીધી. દિલ્લીપતિ અકબરશાહ જેવા પ્રબળ અને દૂરદર્શી બાદશાહે પ્રતાપસિંહ દ્વારા પોતાના મુખ્ય સેનાપતિયો માર્યા જવાની વાત સાંભળી તેમ છતાં તે ચુપજ રહ્યા. તેમણે જોયું કેઃ પ્રતાપરાણાને ધન અને જનની મદદ મળી છે. રાજપૂતોમાં નવું રક્ત–નવું જીવન આવ્યું છે. હવે તેઓની સાથે યુદ્ધ કરવામાં વખતે દિલ્લીનું સિંહાસન પણ ગુમાવવું પડશે !

૯

ઉદયપૂરમાં મોગલ સૈન્ય હતું તેનો પરાજય કરી મહારાણા પ્રતાપસિંહે ત્યાં મેવાડની ગાદી સ્થાપી. ભામાશાહના દ્રવ્ય વડે મેવાડનાં સર્વ સ્થાનો જીતવા છતાં પ્રતાપની જન્મભૂમિ, પ્રતાપની પિતૃભૂમિ ચિતોડપર જય મેળવવાની શક્તિ રહી નહિ ! જે દ્રવ્ય બચ્યું હતું તે મોગલો સાથે ભવિષ્યમાં યુદ્ધ કરવા માટે સુરક્ષિત રાખી મહારાણા પ્રતાપે ઉદયપૂર પ્રાપ્ત કરીનેજ સંતોષ માન્યો તોપણ જન્મભૂમિ ચિતોડ ઉપરની મોહ–મમતા ઓછી થઈ નહોતી.* ઉદયપુરમાં રાજગાદી સ્થાપી અને સર્વત્ર આનંદ ઉત્સવ થયો. મહારાણાએ પોતાના સરદારો અને બંધુ વર્ગને નવીન જાગી-રોમાંથી સંતુષ્ટ કર્યા. ભામાશાહને સર્વથી ઉચ્ચ પદવી મળી અને તેના

* તેમણે પ્રતિજ્ઞા કરી હતી કેઃ જ્યાં સુધી ચિતોડ જીતાય નહિ ત્યાંસુધી હું દાઢી મુચ્છ મુંડાવીશ નહિ, પલંગ ઉપર શયન કરીશ નહિ અને સોનારૂપાના પાત્રમાં ભોજન કરીશ નહિ. સ્વારીમાં ચઢતી વખતે લશકરની પાછળ ડંકો વાગશે. રાણાજીએ જીવન પર્યંત તે વ્રત વિશુદ્ધ રીતે પાળ્યું હતું. તેમના વંશજ ઉદયપૂરના રાવ હજુ પણ ભોજન કરતાં પાત્ર નીચે વૃક્ષ પલ્લવ (પાંદડું) મૂકે છે અને પલંગ ઉપર સૂવા છતાં પથારી નીચે થોડાંક તૃણ (ઘાસ) પાથરે છે. દાઢી મૂછ મુંડાવતાં નથી, અને સ્વારી ચઢે છે તે સમયે ડંકો સૌથી પાછળ રહે છે. એ સિસોદિયાનો ટેક ! લેખક.

વંશજોને ચિરકાલને માટે મંત્રી પદ આપ્યું. ભામાશાહની દેશભક્તિ—રાજભક્તિ જોઇ મહારાણા અતિ પ્રસન્ન થયા હતા. તેમણે ભર સભામાં તેની પ્રશંસા કરતાં કહ્યું કેઃ "જો ભામાશાહે આ વખત ધનની મદદ ના કરી હોત તો મેવાડનો ઉદ્ધાર થાત નહિ અને આ પ્રતાપ સિન્ધ તરફ ચાલ્યો ગયો હોત. મ્હારા વ્હાલા સરદારો ! આજથી ભામાશાહના વંશજોજ "મેવાડના ઉદ્ધાર કર્ત્તા" કહેવાશે. ભામાશાહ જેવી અટલ દેશભક્તિ અને દ્રઢ રાજભક્તિ સર્વનાં અંતઃકરણમાં કોતરાઈ રહેવી જોઇએ. અને રાજ્ય પર બારિક પ્રસંગ આવે તે વખતે શ્રીમંત જનોએ ભામાશાહની પેઠે ધનની મદદ કરવી જોઇએ. ભામાશાહની પેઠે જેઓએ જનની જન્મભૂમિને માટે પોતાનું શરીર તૃણવત્ ગણી યુદ્ધમાં પ્રાણ સમર્પણ કર્યાં છે તેમને પણ હું અનેક ધન્યવાદ આપું છું. મ્હારા દેશ બંધુઓ ! જગદીશ્વરની કૃપાથી અને તમારા ઉદ્યોગથી આપણે આજનો શુભ દિવસ જોઇ શકયા છીએ, અને આપણી વ્હાલી માતૃભૂમિનાં દર્શન કરી શકયા છીએ. સ્વતંત્રતાનું રક્ષણ કરવા આપણા પૂર્વ પૂર્વજોએ ભયંકર રણસંગ્રામ કરી પોતાનાં અમૂલ્ય જીવન વિસર્જન કર્યાં હતાં તેજ સ્વતંત્રતા આજે આપણે જગદીશ્વરની કૃપાથી પુનઃ પ્રાપ્ત કરી શકયા છીએ, એથી વિશેષ આનંદની વાત શું હોય ! વહાલા સરદારો અને રાજપૂત બંધુઓ ! મ્હારો એજ ઉપદેશ છે કે સંસારમાં જીવવું તો ગૌરવ સહિત જીવવું. ગૌરવહીન જીવવું એ જીવવા છતાં મરવા બરાબરજ છે. મરણ તો દરેકને માટે નિર્માણ થયું છે. જીવ છે તે સર્વ એક દિવસ મરવાનાજ છે. મહાબાહુ અર્જુનનો અનુકરણીય સિદ્ધાંત એજ હતો કેઃ " आयुरक्षाति मर्माणि आयुरत्नं प्रयच्छति। अर्जुनस्य प्रतिज्ञे द्वे न दैन्यं न पलायनम् ॥ "

રાણાજીનું એ સંભાષણ સાંભળી રાજ કવિયે તેમની પ્રશંસા કરી. રાણાજીએ ઉત્તર આપતાં કહ્યું: "રાજકવિ ! મ્હેં કશું કર્યું નથી. હું તો નિમિત્ત માત્ર છું. સર્વ રાજપૂત અને ભીલ સરદારોએ સહાયતા ના કરી હોત તો હુ એકલો શું કરી શકત ! પ્રજાને આધારે રાજા અને રાજાને આધારે પ્રજા. એમ પરસ્પર બંધુભાવ ચાલ્યો આવે છે. રાજાએ પ્રજાને સંતાનવત્ માનવી જોઇએ અને પ્રજાએ રાજાને પિતાવત્ માનવો જોઇએ

તોજ બન્નેમાં નિર્મળ સ્નેહ ભાવ રહે છે, અને વાત્સલ્ય વધે છે. અહા ! ઝાલા માનસિંહે મ્હારે લીધે શું નથી કર્યું ? તેમણે પોતાનું શરીર વિસર્જન કર્યું અને મ્હને બચાવી લીધો એ કાર્ય કંઇ જેવું તેવું કહી શકાશે ? હું તેમને માટે જે કરૂં તે ઓછું છે. તમારા પૂર્વજ કવિ ચંદે દેશને માટે પ્રાણ સમર્પણ કર્યા છે તે કોનાથી અજાણ્યું છે. જ્યાં સુધી પૃથ્વી રહેશે ત્યાં સુધી એ મહાપુરૂષોનો વિમળ યશ સર્વત્ર ગવાતો રહેશે. મ્હારા વહાલા ચેતક ઘોડાએ મ્હને અનેક યુદ્ધમાં યશ અપાવ્યો છે. એણે પશુ થઇને મ્હારા બંધુનું કાર્ય કર્યું છે. તેની ચતુરાઇનાં હું જેટલાં વખાણ કરૂં તેટલાં ઓછાં છે. જ્યાં ચેતકને પંચત્વ પ્રાપ્ત થયું છે ત્યાં એક ઉત્તમ સમાધી મંદિર બનાવવાની કોષાધ્યક્ષને આજ્ઞા ફરમાવું છું. પ્રજાને પણ મ્હારી આજ્ઞા છે કે ચેતકના મરણને દિવસે પ્રતિ વર્ષે ત્યાં મેળો ભરવો. હું પોતે મેળામાં આવ્યા કરીશ. કવિરાજ ! ભામાશાહને એક સનંદ લખી આપો કેઃ ભામાશાહના વંશમાં એક પણ મનુષ્ય જીવિત હોય ત્યાં સુધી મ્હારા વંશજોએ મંત્રિપદ તેનેજ આપવું. હું તેમને પ્રથમ પંક્તિના સરદારો ગણી પગમાં સોનાના લંગર, પાઘડી પર મંડિલ, અને મ્યાનામાં બેસવાનું માન આપું છું. તેમની એ પ્રતિષ્ઠા હમેશાં જળવાઇ રહે એવા યત્ન કરવાનું મ્હારા વંશજોને ફરમાવું છું. ભામાશાહે જે દેશ સેવા બજાવી છે તેના બદલામાં એ રાજ-માન ઓછું છે.” રાણાએ યુવરાજ અમરસિંહને કહ્યું: “ વત્સ ! મ્હેં ધર્મ અને દેશના રક્ષણ માટે જે જે કષ્ટ સહન કર્યા છે તે તમે ત્હમારાં નેત્રોવડે જોયાં છે. આ સર્વ યાદ રાખજો. મ્હારા મૃત્યુ પછી ભોગવિલાસમાં પડી તમારા પિતાનું નામ ડુબાવશો નહિ. પ્રતાપની કીર્તિ પર કાળું કલંક લગાડશો નહિ, અને મ્હારા આત્માને ક્લેશ આપશો નહિ ! વત્સ ! તમે મ્હારી સાથે અપાર સંકટ સહન કર્યા છે. મ્હેં જે સહન કર્યું છે તે શાને માટે ? માત્ર માતૃભૂમિને સ્વતંત્ર રાખવા માટે ! માત્ર જનનિ જન્મભૂમિને સ્વર્ગથી અધિક ગણી તેની સેવા કરવા માટે ! યાદ રાખજો કેઃ-

“ જબ લૌં જગ મેં માન, તબહિં લૌં પ્રાન ધારિયે,
જબ લૌં તન મેં પ્રાન ન તબ લૌં ધર્મ છોડિયે.
જબ લૌં રાખે ધર્મ તબહિં લૌં કિરતિ પાવૈ,
જબ લૌં કિરતિ લહે જન્મ સ્વારથ કહલાવૈ.

હે વત્સ સદા નિજ વંશકી મરજાદા નિરવાહીયો,
યા તુચ્છ જગત સુખકારને, જનિ કુલ નામ હંસાઇયો.

કુમાર અમરસિંહે મસ્તક નમાવી પિતાના ઉપદેશને માથે ચ્હડાવ્યો. રાણાએ કહ્યું: " સરદારો ! સર્વને મ્હારો એજ ઉપદેશ છે કે: જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી જન્મભૂમિ માતાને માન આપવું. " સરદારોએ મસ્તક નમાવી રાણાજીનો ઉપદેશ માથે ચ્હડાવતાં કહ્યું: " મહારાણાજી ! આપનો ઉપદેશ અમે શિરમાન્ય કરીએ છીએ. "

એક ભાટે ઉંચે શબ્દે લલકારીને કહ્યું:

" જબ લોં અચલ સુમેરૂ વિરાજત, જબ લોં સિંધુ ગંભીર,
તબ લોં હે **પ્રતાપ** તુવ કીરતિ, ગાવેં સબ જગ વીર.

સર્વ સરદારોએ, ગગન ભેદી ગર્જના કરતાં કહ્યું: " રાણાજી ! અમારી પણ એજ પ્રભુ પ્રાર્થના છે. મેવાડની જય ! મવાડની અપૂર્વ શોભા મહારાણા પ્રતાપસિંહની જય ! "

પ્રતાપસિંહના હૃદયમાં અત્યારે જે આનંદ પ્રવાહ વહેતો હતો તેનું વર્ણન કરવા આ ક્ષુદ્ર લેખિનીમાં સામર્થ્ય નથી. મહારાણાએ કહ્યું: " વીર સરદારો ! મેવાડની જય ગર્જના કરવા સાથે મેવાડના ઉદ્ધાર કર્ત્તા ભામાશાહની જય ગર્જના કરો તોજ મ્હને આનંદ થશે. " સરદારોએ તરતજ રાણાજીની આજ્ઞા પાલન કરી. " **મેવાડના ઉદ્ધાર કર્ત્તા ભામાશાહની જય** " નો શબ્દ ધ્વનિ કરી દરબાર ગૃહ ગજાવી મૂક્યું. અને તેજ શબ્દ ધ્વનિ દરબાર ગૃહમાંથી વાયુ દ્વારા બહાર નિકળી નીલ આકાશમાં થઇને દિગ દિગાન્તમાં વ્યાપી ગયો. સંસારમાં જન્મ ધારણ કરી અનેક મનુષ્યો ઉપર ઉપકાર કરે છે એવા પુરૂષોને ધન્ય છે ! આટલાં બધાં વર્ષ વીતવા છતાં મંત્રિવર ભામાશાહની કીર્તિ સર્વત્ર પ્રસરી રહી છે. જાણે વાયુ દેવતા હજુ પણ અમારા કાનમાં આવીને કહે છે કે: "**ભામાશાહની જય !** " " **મેવાડના ઉદ્ધાર કર્તાની જય !** " ધન્ય વણિક ભામાશાહ ! ધન્ય ત્હારૂં ધન અને ધન્ય ત્હારૂં જીવન !

પ્રથમ ભાગ સમાપ્ત.

साहित्य सत्कार.

"સસ્તી વાર્તામાળા"ના બદલામાં તથા અભિપ્રાયાર્થે નીચલાં માસિક પત્રો, વર્તમાનપત્રો, તથા પુસ્તકો મળ્યાં છે જે ઉપકાર સહિત સ્વિકારવામાં આવે છે.

પુસ્તકો:—

૧. **સોમનાથનું શિવલિંગ**—ચીકણા કાગળ, જાડું સુશોભિત પૂઠું. પૃષ્ઠ ૨૩૨. મૂલ્ય ૧-૪-૦ પણ "**પ્રજાબંધુ**" ના ગ્રાહકોને ૧૯૧૩ ની ભેટ. (ઐતિહાસિક નવલકથા) લેખક રા. રા. ચુનિલાલ વર્ધમાન શાહ. પ્રકાશક-"**પ્રજાબંધુ**" ઑફિસ-અમદાવાદ.

૨. **ગૂજરાતી ગઝલિસ્તાન**—ચીકણા કાગળ, પાકું સુંદર પૂઠું, પૃષ્ઠ ૨૮૮ મૂલ્ય રૂ. ૧-૪-૦ (રફ કાગળની આવૃત્તિના ૦-૧૨-૦) ઉત્તમ ગઝલોનો સંગ્રહ. લેખક રા. રા. જગન્નાથ દામોદર ત્રિપાઠી. (**सागर**) મુ. **ચિત્રાલ.** તા. પાદરા જી. વડોદરા.

૩. **વિદ્યાચંદ્ર અને સુમતિ**—ચીકણા કાગળ, પાકું સુંદર પૂઠું, પૃષ્ઠ ૩૧૮. મૂલ્ય રૂ. ૧-૦-૦ (કન્યાવિક્રય, બાળલગ્ન, અને વૃદ્ધ લગ્નના વિષય ઉપર હૃદય ગ્રાહી નવલકથા-બાર સુંદર ચિત્રો સહિત.) લેખક સાધુ ચરિત શ્રીયુત શિવજી દેવસિંહ. પ્રકાશક-મેસર્સ મેઘજી હીરજીની કું. જૈન બુકસેલર્સ પાયધુની નં. ૫૬૬. મુંબઇ.

૪. **બાલા**—ચીકણા કાગળ, સાદુ પૂઠું, પૃષ્ઠ ૩૪૪ "**સુંદરી સુબોધ**"નાં ગ્રાહકોને ૧૯૧૩ ના ભેટ (આદર્શ ગૃહિણીનું જીવન કેવું હોવું જોઇએ એ ઉદ્દેશને લક્ષને લખવામાં આવેલી ઉત્તમ નવલકથા) લેખક અને પ્રકાશક-રા. રા. રામમોહનરાય જ. દેસાઇ. તંત્રી—"સુંદરી સુબોધ" અમદાવાદ. (મૂલ્ય રૂા. ૧-૪-૦).

૫. **પાગલ હરનાથ**—ભાગ ૧ લો. (મહાત્માશ્રીની છબિ સાથે) ચીકણા કાગળ, સાદુ પૂંઠું, પૃષ્ઠ ૧૨૭. મૂલ્ય ૦-૮-૦ (મહારાજ શ્રીએ પોતાના શિષ્યને લખેલા ભક્તિ પૂર્ણ પત્રો.)

૬. **રામકૃષ્ણ સુધાસિંધુ**—ખંડ ૧–(શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવનાં કથામૃત) રફ કાગળ, સાદું પૂંઠું, પૃષ્ઠ ૭૮ મૂલ્ય ૦–૩–૦ પરમહંસ દેવનાં વાંચવા અને મનન કરવા લાયક આધ્યાત્મિક કથામૃતનું ભાષાંતર. (આવાં પુસ્તકો સંપૂર્ણ બહાર પડવાં જોઇએ.)

૭. **શ્રી કૃષ્ણ ચૈતન્ય**—ભાગ ૧ લો. ગ્લેઝ કાગળ, પૃષ્ઠ ૪૦૦ મજબુત પૂઠું, મૂલ્ય રૂ. ૧–૦–૦ (વૈષ્ણવ બંધુઓએ વાંચવા લાયક.)

(**નં. ૫–૬–૭ નાં** ત્રણે પુસ્તકો તેંના લેખક અને પ્રકાશક રા. રા. નર્મદાશંકર બાલાશંકર ઠે. ગ્રંથ મુક્તાવલિ ઑફીસ–શાહપોર–સુરત. એ સ્થળેથી મળશે.)

૮. **બ્રાહ્મણ કર્તવ્ય**–ચીકણા કાગળ, જાડુ પૂઠું, પૃષ્ટ ૧૨૬, મૂલ્ય ૦–૬–૦. (બ્રાહ્મણોએ વાંચવા લાયક.) લેખક રા. રા. ત્રિકમલાલ નારાયણશંકર દવે. પ્રકાશક, ઉદિચ્ય મિત્રમંડળ–અમદાવાદ.

૯. **વિકૃત બુદ્ધિનો વિવાહ**–ચીકણા કાગળ, પૃષ્ઠ ૮૨, જાડું મજબત પૂંઠુ. (હાસ્ય રસયુક્ત પ્રહસન) લેખક અને પ્રકાશક રા. રા. જીવનલાલ અમરશી મ્હેતા. મેનેજર પ્રિન્ટિંગ અને બુકસ એજન્સી ઠે. પિરમશાના રોજા પાસે—અમદાવાદ.

૧૦. **ભવિષ્યવેત્તા**—ચીકણા કાગળ, પૃષ્ઠ ૨૮૪, પાકું પૂઠું, મૂલ્ય રૂ. ૨.

૧૧. **વૈદ યાને વૈદક**–ચીકણા કાગળ, સાદું પૂઠું, પૃષ્ઠ ૧૬૮, મૂલ્ય ૦–૧૨–૦ (નં. ૧૦–૧૧ નાં પુસ્તકો તેના લેખક અને પ્રકાશક રા. રા. જેઠાલાલ દેવશંકર દવે. "ભાગ્યોદય" ઑફીસ અમદાવાદ–એ સ્થળેથી મળશે.)

૧૨. **લોહાણાજ્ઞાતિની ઉત્પત્તિ અને તેનો ઇતિહાસ**–ચીકણા કાગળ, પાકું સુશોભિત પૂંઠું, પૃષ્ઠ ૨૮૩ (લોહાણા બંધુઓએ અવસ્ય વાંચવા લાયક.) લેખક રા. રા. ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કુર. પ્રકાશક રા. રા. બાપુભાઈ કે. પરિખ. તંત્રી "**લુહાણા સમાચાર**"–અમદાવાદ.

૧૩. **છાલો પાલો મરી મસાલો**—ભાગ ૧ લો. ચીકણા કાગળ, પૃષ્ઠ ૧૮૨, સાદુ પૂઠું, મૂલ્ય ૦–૧૨–૦ કેટલાક ઘરગથુ વૈદક ઇલાજો. સંગ્રહ કરી છપાવનાર ડી. પી. માદનની કુંપની–અંગ્રેજી દવા વેચનાર—સુરત.

૧૪. **જૈન સુબોધ ભક્તિમાળા**—ચીકણા કાગળ, પૃષ્ઠ ૮૬, મૂલ્ય ૦–૪–૦ પ્રકાશક રા. રા. ત્રિભોવનદાસ રૂગનાથદાસ શાહ. અમદાવાદ.

૧૫. **દિલખુશ દીવાળી અથવા સપરમે દહાડે સબરસ!** ચીકણા

કાગળ, જાડું મજબુત પૂઠું, પૃષ્ઠ ૨૮. મૂલ્ય—અમૂલ્ય ! લેખક અને પ્રકાશક રા. રા. મહાશંકર લલ્લુભાઈ ભટ્ટ—માલેક અને મેનેજર—ગુજરાત સમાચાર પ્રેસ–લાડબા દેવી નજીક. વડોદરા.

૧૬. **શાંતિ કુંજની સુંદરી**—ભાગ ૧ લો. ચીકણા કાગળ, પાકુ પૂંઠું પૃષ્ઠ ૧૧૧—મૂલ્ય ૦–૪–૦ લેખક અને પ્રકાશક—રા. રા. ઉદયચંદ લાલચંદ શાહ. અમદાવાદ.

૧૭. **ટુંકી વાર્તાઓ**—ચીકણા કાગળ, પૃષ્ઠ ૩૨૦. જાડું મજબુત પુંઠું, લેખક રા. રા. રત્નસિંહ દીપસિંહ પરમાર. પ્રકાશક–સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય (વિવિધ ગ્રંથમાળાનું પુસ્તક ૩૪–૩૫–૩૬.)

(સસ્તા સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી અગાઉ અમને કેટલાંક પુસ્તકો મળ્યાં છે. જેની પહોંચ હવે પછી પ્રકટ કરવામાં આવશે.)

૧૮. **નિર્દોષ હેમકળા** (સચિત્ર) ચીકણા કાગળ, પૃષ્ઠ ૨૨૫ જાડું મજબુત પૂઠું. મૂલ્ય રૂ. ૧–૮–૦ લેખક રા. રા. ચમનલાલ છોટાલાલ દેસાઇ (સુધારાની તરફેણમાં લખાયેલી સામાજીક નવલકથા.) પ્રકાશક મેસર્સ ચુનીલાલ ખેલશંકરની કુંપની. મુંબઈ.

૧૯. **"સુંદરી સુબોધ"નો ખાસ અંક**—સચિત્ર ચીકણા કાગળ, પૃષ્ઠ ૨૦૦, (સ્ત્રી લેખકોનો ખાસ અંક.) (આદર્શ ગૃહિણી થવા ઇચ્છનાર બ્હેનોએ અવશ્ય વાંચવા લાયક.) તંત્રી રા. રા. રાયમોહનરાય જ. દેસાઇ. સુંદરી સુબોધ કાર્યાલય. અમદાવાદ.

૨૦ **" ગુજરાતી પંચ "નો ખાસ અંક**—સચિત્ર ચીકણા કાગળ, પૃષ્ઠ ૧૩૮. " ગુજરાતી પંચ "નાં ગ્રાહકોને દિવાળીપર ભેટ (સાહિત્યના પૂજકો માટે વાંચવા લાયક. વાર્તાઓ, કાવ્યો અને અન્ય નિબંધોનો સંગ્રહ) છૂટક મૂલ્ય રૂ. ૧–૦–૦ (ગુજરાતી પંચનું વાર્ષિક લવાજમ રૂ. ૧–૮–૦ પોસ્ટેજ ૦–૧૩–૦ ભરનારને વર્ષમાં બે ભેટનાં પુસ્તકો ઉપરાંત આ અંક ભેટ મળે છે.) અધિપતિ રા. રા. સોમાલાલ મંગળદાસ શાહ. અમદાવાદ.

૨૧. **" ભરૂચ સમાચાર "નો પતેતીનો ખાસ અંક**—સુંદર સચિત્ર પૃષ્ઠ ૮૦ " ભરૂચ સમાચાર "ના ગ્રાહકોને પતેતી પર ભેટ. વાંચવા લાયક લેખો, કાવ્યો અને છબીઓનો સંગ્રહ. (ભરૂચ સમાચારનું વાર્ષિક મૂલ્ય રૂ. ૨–૦–૦ પોસ્ટેજ ૦–૧૩–૦ જુદું) અધિપતિ શેઠ જહાંગીરશાહ અરદેસરજી ગાંધી. ફતેપોર બજાર સ્ટોપ–ભરૂચ.

માસિક પત્રોઃ—૧-સુંદરી સુબોધ, ૨-વૈદ્યકલ્પતરૂ, ૩-વાર્તા વારિધિ, ૪-ભાગ્યોદય, ૫-બ્રહ્મનાદ, ૬-સનાતન ધર્મની ગર્જનાઓ, ૭-મહાજ્યોતિ, ૮-ધન્વન્તરિ, અમદાવાદ. ૧-સત્સંગ-સુરત. ૧-પ્રભાત-સચિત્ર-મુંબઇ. ૨ नवयुग (મરાઠી-સુંદર ચિત્રો સહિત) મુંબઇ. ૧-चित्रमय जगत-સચિત્ર-પૂના. ૧-प्रभा-(હિંદી સચિત્ર) ખંડવા. ૧-વિવેચક-લાછરસ-(જી. નાંદોદ.) क्षत्रियामित्र. હિંદી. બનારસ. ૧—ભક્ત-સચિત્ર-અમદાવાદ. (અભિપ્રાય હવે પછી.)

અઠવાડિક પત્રોઃ—૧-ગુજરાતી પંચ. ૨-પ્રજાબંધુ. રાજ્યમિત્ર. અમદાવાદ. ૧ વડોદરા વર્તમાન—વડોદરા.

ફક્ત આઠ આનામાં.

ગોસ્વામી શ્રી દેવકીનંદનાચાર્યજી મહારાજનું

સચિત્ર જીવન ચરિત્ર.

પાકુ પુઠું. ઉંચા ગ્લેજ કાગળ. આચાર્યશ્રીના ફોટા તથા પ્રમાણુ સહીત કલ્પવૃક્ષ સાથે. સુપર રૉયલ ૧૬ પેજી પૃષ્ટ ૧૦૦ ઉપરાંત. પોષ્ટેજ માફ.

“ વૈષ્ણુવ ધર્મ પ્રકાશ ” માસિક પત્ર. વાર્ષિક લવાજમ પોષ્ટેજ સાથે માત્ર સવા રૂપિયો. દર સાલ ૩ ભેટ અપાય છે.

ગોસ્વામી બાળકોના સુંદર ફોટા ૫૦ પ્રતના આઠ આના. સામટી પ્રત લેનારને કીફાયત ભાવે મળશે. અમારી પાસે ઘણા બાળકોના ફોટાના બ્લૉક તૈયાર છે.

પુષ્ટિ માર્ગીય કોઇ પણ પુસ્તક અમારે ત્યાં રોકડી કિંમતે યા વિ. પી. થી સસ્તા ભાવે મળશે. લખોઃ

મેનેજર વૈષ્ણુવ ધર્મ પ્રકાશ.
પોષ્ટ રૂપાલ મહીકાંઠા—તળોદ થઇને. બી. બી. રેલવે.

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ.

દાનવીર સજ્જનો, અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો!! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ!! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ બસો દાનમાં મળશે, તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખ્તી કરાવી ઓફીસમાં ચોંઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે? જરૂર મળશે. દયા લાવી લખો:—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

સસ્તી વાર્તામાળાના ગ્રાહકોને ખાસ સસ્તો લાભ.

૧. પંજાબની રાણી—આ ઐતિહાસિક નવલ કથા લૉર્ડ ડેલહૌસીના વખતની છે.

એક વખત આખા હિંદુસ્થાનને ધ્રુજાવનાર, પંજાબના શીખ રાજા રણજીતસિંહના રાજમાં કેવી રીતે ફાટફુટ થઈ, તથા બાળ રાજા ધુલિપસિંહની માતાના સમયમાં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ પંજાબમાં કેવી રીતે પગપેસારો કર્યો, તથા તે રાજ કેવી રીતે નષ્ટ થયું, તે વગેરે વાંચતાં વખતે શૂર, વખતે દયા, વખતે પ્રેમ, અને વખતે આંસુની ધારાઓ ચાલી જાય છે. અવશ્ય વાંચો. પાકું પૂંઠું, સોનેરી નામ, ચિકણા કાગળ, (કિં. ૧-૮-૦) હાલ અડધી કીંમત ૧૨ આના. પોષ્ટેજ ૦-૧-૬.

૨. પતિવ્રતા બેગમ—(લુત્ફુન્નિસા) મુસલમાની ભાષામાં ઘણાં નોવેલ પ્રગટ

થયાં છે, પણ આ ઐતિહાસિક નવલ કથા તે સર્વ પુસ્તકમાં ઉત્તમ છે એમ કહેવાની અમે હિમ્મત કરીએ છીએ. અને તે દરેકે દરેક હિંદુ તથા મુસલમાન ભાઇઓએ વાંચવી જ જોઇએ. એમાં બંગાળાના છેલ્લા મહાન નવાબ સિરાજુદ્દોલાની માનીતી બેગમનું રસથી ભરેલું વર્ણન સરળ ભાષામાં લખ્યું છે. પ્રેમની પ્રત્યક્ષ સાક્ષી આ પુસ્તક પૂરે છે. પ્રેમનો આબેહુબ અને અદ્ભૂત ચિતાર વાંચવો હોય તો આ પુસ્તક વાંચો. ચિકણા કાગળ, સોનેરી નામો, પાકું પૂંઠું, કિંમત (રૂ. ૧-૮-૦) હાલ ૦-૧૨-૦ પોષ્ટેજ ૦-૧-૬.

૩. દેવી અન્નપૂર્ણા—અથવા સાત્વિક જીવનનો મહામંત્ર—આ સાંસારિક નવ-

લકથા દરેક સ્ત્રી પુરૂષે કિંવા યુવાન નર નારીએ જરૂર વાંચવી જોઇએ. ગુજરાતી ભાષામાં ઘણાં નૉવેલો બહાર પડયાં છે પણ આ નવલકથા વાંચકના હૃદયને જીંદગીના સાર્થક તરફ લક્ષ જાય છે, અને જીવન મુક્ત બનાવી દે છે. સંસારના ધર્મોમાં રહીનેજ માણુસ અપૂર્વ સુખ મેળવે અને પરલોકમાં મોક્ષ ધામ મેળવે તોજ તેનું જીવન સાર્થક થયલું ગણાય છે. આ નવલકથામાં તેજ શિક્ષા ભરી છે. જુવાન માણસો જો આ નવલકથા વાંચીને સંસારમાં પ્રવેશ કરશે તો તેઓ પોતાના સંસારને સોનાનો બનાવી મૂકશે.

વિલાયતમાં આવાં નવલકથાનાં પુસ્તકોની લાખો કોપીઓ વેચાઇ જાય છે. પૃષ્ઠ લગભગ ૨૭૫, ચીકણા કાગળ, પાકું સુંદર પુંઠું, સોનેરી નામો સાથે કીંમત (રૂા. ૧-૪-૦) હાલ ૦-૧૨-૦ પોષ્ટેજ ૦-૧-૬.

૪. માલવિકા અગ્નિમિત્ર—ધન્ય છે આપણા સંસ્કૃત કવિ કાલીદાસને!

આ મનોહર નવલકથા તેમના સંસ્કૃત ગ્રંથ ઉપરથી લખાઇ છે. પ્રેમનું જો કોઇ પણ અદ્ભૂત વર્ણન કરી શકયું હોય તો તે મહા કવિ કાલિદાસજ છે. તમારે તમારા તે પ્રાચીન પ્રેમી કવિની પ્રસાદી ચાખવી હોય અને પ્રેમનાં ગુપ્ત તત્વો જાણવાં હોય તો આ નવલકથા વાંચો. ચિકણા કાગળ. પાકું પુંઠું સોનેરી નામ (રૂા. ૧-૪-૦) હાલ ૦-૧૦-૦ પોષ્ટેજ ૦-૧-૬.

૫. કુંવારી કન્યા—હિંદુ ઘર સંસારનો મનોવેધક ચિતાર બતાવનારી આ એક ચિત્તાકર્ષક નવ-

લકથા છે. એના લખનાર કવિરાજશ્રી ભવાનીશંકર નરસિંહરામે જૂદાં જૂદાં સાંસારિક ચિત્રો લખવામાં ખરેખરી ચાતુરી વાપરી છે. એક વખત વાંચ-વાથી ખર્ચેલા પૈસાનું સાર્થક થશે. કીંમત (૦-૧૦-૦) હાલ ૦—૬—૦ પોષ્ટેજ ૦-૧-૦.

૬. રામેશ્વરની મહા યાત્રા—(છપાય છે. તાકીદે બહાર પડશે.) સુંદર

૧૦-૧૨ છબીઓ સહિત. આ તીર્થયાત્રાનું પુસ્તક ધર્માભિમાની હિંદુ માત્રે ખરીદવું જોઇએ. મદ્રાસ તરફના તમામ તીર્થમાં જેઓ સ્નાન, દાન, ધર્મ કરવા જઇ શકતા નથી, તેમને ઘેર બેઠાં આ પુસ્તક એક ચિત્તે વાંચવાથી અને માનસિક ધ્યાન કરવાથી તે તે તીર્થોમાં જવા જેટલું પુણ્ય મળે છે. એમાં મદ્રાસ ઇલાકાનાં તથા રામેશ્વરનાં દરેક તીર્થોનું સંપૂર્ણ પૌરાણિક ઇતિ-હાસિક ઉપાખ્યાન સાથેનું વર્ણન આપવામાં આવ્યું છે. દક્ષિણનાં ચમત્કા-રક તીર્થોની ઉત્પત્તિ અજાયબીમાં ગરક કરી નાંખે છે અને હિંદુ ધર્મનું ઉંડું રહસ્ય સમજાવી આપે છે. વળી આ પુસ્તકમાં તીર્થોની જાણવા જેવી ખાસ ઉત્પત્તિ આપવા ઉપરાંત તેને લગતી છબીઓ છે અને વળી દક્ષિણમાં વેપારવણજ કરનારા શ્રીમંતો માટે પણ માહિતી આપેલી છે. યાત્રાએ જના-રાઓને ક્યાં કેવી સગવડ છે તથા ક્યાં કેવી મુશીબત છે તે પણ બતાવી

ૐ

ઘરની હવા ચોખ્ખી રાખનાર ઉત્તમ ચીજ શું છે ?

અંબર, કસ્તુરીની પ્રસિદ્ધી પામેલી મ્હૈસુરની સુગંધી

ઉર્વશી અગરબત્તીઓ.

આ ઉર્વશી અગરબત્તીઓ દરેક સદ્‌ગૃહસ્થ રાખીને ખરાબ હવાને દુર કરો અને આરોગ્યતા મેળવો એજ અમારી ભલામણ છે.

નંબર.	અગરબત્તીની જાત.	તોલા ૧નો ભાવ.	તોલા ૨૪ ના શેર ૧નો ભાવ.
૧	ગુલાબી કસ્તુરીની	૦–૮–૦	૧૦–૦–૦
૨	,, અંબરની	૦–૬–૦	૮–૦–૦
૩	ગુલાબી.	૦–૪–૦	૫–૦–૦
૪	અગરની.	૦–૨–૦	૨–૦–૦
૫	જવાદની કાળી	૦–૫–૦	૬–૪–૦
૬	મતાબની ,,	૦–૩–૦	૪–૦–૦
૭	પુન્નગની ,,	૦–૩–૦	૩–૪–૦
૮	અગરબત્તી ,,	૦–૨–૦	૧-૧૦-૦
૯	અગરબત્તી હલકી કાળી	૦–૧–૦	૧–૦–૦
૧૦	ચંદનની પીળી નંગ ૧૦૦ ના		૦–૮–૦
૧૧	અંબરની ઘણી ઝીણી કાળી નંગ ૧૦૦ ના		૧–૮–૦

આ અગરબત્તીઓ બીજી કોઇ પણ અગરબત્તીને ટક્કર મારે તેવી ઉત્તમ છે. એમાં ઉંચી જાતના મસાલા વપરાય છે. દરેક ગૃહસ્થે પોતાનાં દેવસ્થાનમાં અને ટેબલપર વાપરવા લાયક છે. દરેક સ્થળે એજન્ટો જોઇએ છે. કમીશન માટે પત્ર વ્યવહાર કરવો.

આર. વી. પંડિત એન્ડ કું.

નં. ૬ બંદર સ્ટ્રીટ–જયોર્જ ટાઉન–મદ્રાસ.

ઘર માંહેની નઠારી હવા દુર કરી ચોખ્ખી હવા મેળવવાનું
સાધન શું છે?

ઉર્વશી સુગંધી ધુપની ભુકી.

આ **સુગંધી ભુકી** ઘણાખરા સદ્‌ગૃહસ્થોમાં (ષટ્કર્મ) પુજા કરતી વખતે વપરાય છે. એમાં મોટા ગુણ તો એજ સમાયલો છે કે જો દેવતાની અંદર ફક્ત એકજ ચપટી ભરીને નાંખી હોય તો ધુમાડો ઉત્પન્ન થઈ દુર્ગંધને દુર કરી આખા ઘરમાં દરેક જગ્યાએ સુગંધી આપે છે તેમ બીજો ગુણ એ છે જે જો સ્નાન કરી રહ્યા પછી માથાના વાળને ધુપના સુગંધી ધુમાડાનું સેવન કરાવવાથી શરદી પણ દુર થાય છે અને માથાના વાળને સુગંધી આપે છે. માટે દરેક સદ્‌ગૃહસ્થને આ અમારી **ઉર્વશી સુગંધી ધુપની ભુકી** એકવાર મંગાવી વાપરી ખાત્રી કરવા ભલામણ કરવામાં આવેછે.

કીંમત મોટી ડબી ૧ના રૂ. ૨) નાની ડબી ૧ના રૂ. ૧).

આયુર્વેદિક શાસ્ત્ર પ્રમાણે બનાવેલું-તદ્દન વિશુદ્ધ

આરોગ્યવર્ધક જીવન.

આ જીવન શુદ્ધ વનસ્પતિમાંથી બનાવેલું છે. ખાવામાં અત્યંત સ્વાદીષ્ટ અને મધુર છે. શરીરના તમામ રોગોને દુર કરી અત્યંત કાન્તિ આપે છે. લોહીને સુધારી મગજ શક્તિને તેજસ્વી બનાવે છે. ગરમીના તમામ રોગને દુર કરી પૂર્ણ આરોગ્યતા આપે છે. બાળક જુવાન અને વૃદ્ધ તમામને ખાવા લાયક છે. જ્ઞાનતંતુઓને ખીલવી યાદ શક્તિને વધારે છે અને અખુટ કૌવતને આપવા માટે અકસીર ઇલાજ છે.

કીમત ડબી ૧ ના રૂ. ૧-૮-૦.

વિશેષ સૂચના—

આરોગ્યવર્ધક ઔષધાલયમાં તમામ જાતનાં ચૂર્ણો, ગુટીકાઓ, અવલેહો, આસવ, અરિષ્ટ તથા શુદ્ધ સાચા મોતીનો શ્યામ તથા સફેદ સુરમો તેમજ તમામ જાતની ભસ્મો, તેલો તથા બાલ કાઢવાનો સાબુ, સુગંધી તપખીર તેમજ અનેક ઔષધી જથાબંધ અમારે ત્યાં મળે છે.

દરેક ઔષધનું પેકીંગ ચાર્જ તથા વી. પી. પોરટેજ જુદુ.

નીચલાં પુસ્તકોમાંથી તમારૂં દીલપસંદ પુસ્તક મગાવવાનું ને મળવાનું જ.

તમને કવિતાનો શોખ હોય, તમને વાર્તાનો શોખ હોય, તમને નિબંધનો શોખ હોય તો નીચેનાં પુસ્તકો વાંચોઃ—

સંસારસુખ સાધન—ખાસ ઇનામ આપી લખાવેલાં આ પુસ્તકમાં સરળ અસરકારક અને મધુર ભાષામાં લખેલા ૩૬ નિબંધો છે. આ પુસ્તક કોઇ પણ કોમનાં, ઉમરનાં કે સ્થીતિનાં માણસોને એક સરખું ઉપયોગી છે. વર્તમાનપત્રો અને વિદ્વાનોએ ઉત્તમ અભિપ્રાયો દર્શાવ્યા છે; ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ સારૂં ઉત્તેજન આપ્યું છે. અને વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ ઇનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કર્યું છે. બીજી આવૃત્તિ પણ ખપી જવા આવી છે. કિંમત આઠ આના.

વિનોદ વાટિકા—(ભાગ ૧ લો તથા ૨ જો.)—રા. વિદ્યાવિલાસીએ લખેલી વાર્તાઓનો સંગ્રહ છે. પ્રેમ, રાજ્ય ખટપટ, લગ્ન, પરદેશગમન પ્રાચીન શૌર્ય, ધર્મ ઇત્યાદિ અનેક સાંસારીક બનાવોનાં આબેહુબ ચીત્રો એ વાર્તાઓમાં લેખકે ચિતર્યાં છે. ડેમી સોળ ફેર્મ્સનું દળદાર પુસ્તક, અને સુંદર કપડાનું બાઇન્ડીંગ. કિંમત દોઢ રૂપીઓ.

જ્ઞાનોત્તેજક કાવ્યસંગ્રહ.

આ પુસ્તક "જ્ઞાનોતેજક" પત્રમાં છ વર્ષ પર્યંત પ્રગટ થયેલાં જુદા જુદા વિષયપરનાં સંખ્યાબંધ કાવ્યો અને સંગિતોનો સંગ્રહ છે. સંસારિક, ધાર્મિક, નૈસર્ગિક અને બીજા પ્રસ્તાવિક વિષયોપરનાં ઉંચા પ્રકારનાં રસપૂર્ણ કાવ્યોનું પ્રદર્શન છે; ઉંચા ગ્લેઝ કાગળનાં સુંદર કપડાનાં પુઠાં સાથેનાં લગભગ ૨૫૦ પાનાના આ પુસ્તકની કિંમત માત્ર રૂા. ૧। સવા રૂપીઓ.

ચમનલાલ છોટાલાલ દેસાઇ.

ગીરગામ–બેકરોડ–ખોતેની વાડી; મુંબઇ.

વીરનાં સ્મરણ.

([illegible])

૧

જે રંગ બીના કેસરી રઘુવીર શૂરા સુભટો !
જે દેવી એકે ઉછરી અજવાળી માડી કૂખ જો !
જે પિતૃઋણથી છૂટીઃ ગગને દર્શ દે વિદ્યુત ક્યાં !
ધન્ય! આત્મબન્ધુ! રાજવી! એ રાજપૂત અમ પૂર્વજો ! જે.

૨

[illegible] [illegible] [illegible] બની જાતિનાં વ્રત પાળવા !
પરવા ન કો, [illegible] [illegible] : [illegible] જે જય માળના !
"મ્હારી ભૂમિ–મ્હારી પ્રજા" એ [illegible] [illegible] આ[illegible]
તાપે તપી પોતે, સ્વ આ સન્તાનને છાયા કરી ! જે.

૩

પરિધાન જેણે સ્વાંગ કીધાં અંગ વિષે ધર્મનાં !
"મ્હારી ફરજ"નો મંત્ર ના વિસ્મૃત થતા કદિ સ્વપ્નમાં !
ટેક, દૃઢતા, [illegible] ને પરમાર્થ જેના પૂલકે !
શોણિત જેનું વીર રસથી મિશ્ર તાજું [illegible] ! જે.

૪

રણ યજ્ઞમાં આગા[illegible] [illegible] પ્રગટાવી [illegible] [illegible] !
જેણે કરી યાહોમ [illegible] [illegible] આહૂતિયો !
જે ચક્ર સુદર્શન સમા દેશાન્તરો ડોલાવતા !
એ [illegible] રૂપ [illegible] રાજપૂત વીર! શિર નમે તમને સદા [illegible]

ઉમાદત્ર.
તા. ૨૧–૧૦–૧૩.

કેશવ હ. શેઠ.